BAOU
Education for All

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

બી. એ. / બી. એ. ઓનર્સ - ઈતિહાસ

HISM-309

HISMJ-401

ભારતનો ઇતિહાસ

(ઈ.સ. ૧૮૧૮ થી ૧૯૯૪ સુધી)



સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOU*ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય
કુલપતિશ્રી,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ.

સંપાદન

પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય	*નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*
ડૉ. સોનલ ચૌધરી	*આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

વિષય સમિતિ

ડૉ. સોનલ ચૌધરી	*આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*
પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા	*પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*
ડૉ. લલિત પટેલ	*પ્રિન્સિપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કૉલેજ,પાટણ*

પરામર્શન (વિષય)

ડૉ.પંકજ શ્રીમાળી	*એસોસિયટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, જી.એલ.એસ.કૉલેજ, અમદાવાદ*
પ્રો.ડૉ.અનસૂયા ચોથાણી	*પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ , સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ*
પ્રો.ડૉ. મુંજાલ ભીમડાદકર	*પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ , ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ*

લેખન

ડૉ.ચંદુભાઈ સી. ચૌધરી	*એસોસિયટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ,જે.એફ.વાડિયા મહિલા અને એન.કે. જોટા કોમર્સ કૉલેજ, સુરત*
ડૉ. દીપક પટેલ	*ઈતિહાસ વિભાગ ,જી.ડી.મોદી આર્ટ્સ કૉલેજ, પાલનપુર*
ડૉ . પ્રફુલ્લા બ્રહ્મભટ્ટ	*પ્રિન્સિપાલ, મહિલા આર્ટસ કૉલેજ, ધનસુરા,*
ડૉ.મોતીભાઈ દેવું	*એસોસિયટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા*
ડૉ.દિલીપ કતારીયા	*આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, એમ.એસ. યુનિવર્સીટી, બરોડા*
ડૉ. ધર્મેશ પરમાર	*આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ,પડધરી*
ડૉ.અશોક વાઘેલા	*આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ,અમીરગઢ*

પરામર્શન (ભાષા)

પ્રિ.ઘનશ્યામ ગઢવી	*નિવૃત્ત પ્રિન્સિપાલ, શ્રીમતી આંનદીબેન ચૌધરી મહિલા આર્ટસ કૉલેજ, મહેસાણા*
ડૉ.લીનાબેન સ્વાદિયા	*એસોસીએટ પ્રોફેસર,શ્રી પી.કે. ચૌધરી મહિલા કૉલેજ,ગાંધીનગર*

પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

સંવર્ધિત આવૃત્તિ -2026

ISBN : 978-93-5598-482-2

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ./બી.એ.ઓનર્સ-ઈતિહાસ

HISM -309

HISMJ-401

ભારતનો ઇતિહાસ (ઈ.સ. ૧૮૧૮ થી ૧૯૬૪ સુધી)

પેપર 9

એકમ : 1 **01**

ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું શાસન તથા લોર્ડ વિલિયમ બેન્ટિક અને તેના સુધારા

એકમ : 2 **28**

પ્રથમ અફઘાન વિગ્રહ અને સિંધ સાથેનું જોડાણ

એકમ : 3 **38**

મહારાજા રણજિતસિંહ અને તેમની સિદ્ધિઓ

એકમ : 4 **55**

લોર્ડ ડેલહાઉસીની ખાલસાનીતિ અને તેના સુધારા

એકમ : 5 **74**

ઈ.સ.1857નો સંગ્રામ–તેના કારણો અને પરિણામો

એકમ : 6 **99**

ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનકાળ દરમિયાન ભારતની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ

એકમ : 7 **114**

ઈ.સ. 1818 થી 1857 દરમિયાન ભારતમાં શિક્ષણનો વિકાસ

એકમ : 8 **125**
લોર્ડ લિટન અને લોર્ડ રિપનની સિદ્ધિઓ

એકમ : 9 **138**
19મી સદીની સામાજિક અને ધાર્મિક ચળવળો

એકમ : 10 **149**
હિન્દી રાષ્ટ્રીય મહાસભાનો ઈતિહાસ (1885-1905)

એકમ : 11 **169**
લોર્ડ કર્ઝનની આંતરિક નીતિ

એકમ : 12 **179**
ભારતની રાષ્ટ્રીય ચળવળો

એકમ : 13 **198**
ગાંધીયુગ દરમિયાન ભારતીય રાષ્ટ્રિય અને ક્રાંતિકારી ચળવળો (ઈ.સ.1920-1947)

એકમ : 14 **250**
આઝાદ હિંદ ફોજ અને સુભાષચંદ્ર બોઝ

એકમ : 15 **268**
દેશી રાજ્યોનું વિલીનીકરણ અને સરદાર

એકમ : 16 **288**
ઈ.સ. 1947 થી 1964 સુધીના ભારતની આર્થિક પ્રગતિઃ આયોજન પંચ અને પંચવર્ષીય યોજનાઓ

એકમ : 17 **308**
સ્વતંત્ર ભારતની વિદેશનીતિ, તેની લાક્ષણિકતાઓ અને બિનજોડાણવાદની નીતિ

પાઠયક્રમ પરિચય

તૃતીય વર્ષ બી.એ.ના ઇતિહાસ વિષયના વિદ્યાર્થીઓને પેપર-૯માં ભારતનો ઇતિહાસ (ઈ.સ.૧૮૧૮ થી ૧૯૬૪ સુધી) નો અભ્યાસ કરવાનો છે.

ભારતના ભવ્ય વારસા અને સમૃદ્ધિની જાહોજલાલીથી પ્રેરાઈને વિદેશીઓનું સતત ભારતમાં આગમન થતું રહ્યું છે, કોઈ આક્રમણકારી તરીકે, પ્રવાસી તરીકે તો કોઈ વ્યાપારી તરીકે ભારતમાં અંગ્રેજોનું આગમન વ્યાપારી તરીકે જ થયું હતું. પરંતુ સમય જતા વ્યાપારીઓ શાસનકર્તા બની ભારતમાં રાજ કરવા લાગ્યા.

ભારતના ઇતિહાસના આ અભ્યાસક્રમમાં ભારતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું શાસન તથા આ સમય દરમ્યાન ભારતની સામાજીક અને આર્થિક સ્થિતિનો અભ્યાસ કરી શકાશે. પ્રથમ અફઘાન વિગ્રહ અને સિંધ સાથેનું જોડાણ તથા મહારાજા રણજીતસિંહ વિશે જાણી શકાશે. લોર્ડ વિલયમ બેન્ટિક લોર્ડ ડેલહાઉસી, લોર્ડ લિટન, લોર્ડ રિપન અને લોર્ડ કર્ઝન એ કરેલ સુધારા અને કામગીરી વિશે અહીં માહિતગાર કરવાનો પ્રયત્ન કરેલ છે. ભારતીયો દ્વારા ગુલામીની બેડીઓ માંથી મુક્ત થવા માટે અલગ-અલગ સમયે અલગ-અલગ તબક્કામાં થયેલ સ્વતંત્ર સંગ્રામ, ક્રાંતિકારી અને રાષ્ટ્રીય ચળવળો વિશે અહી માહિતગાર કરવામાં આવેલ છે.

હિંદમાં સીમા-ચિહ્નરૂપ બનેલ ૧૯મી સદીની સામાજિક અને ધાર્મિક ચળવળો વિશે અહીં વાત કરવામાં આવી છે. સુભાષચંદ્ર બોઝ અને અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલના અમૂલ્ય પ્રદાન, આ સમયનું શિક્ષણ, હિંદી રાષ્ટ્રીય મહાસભા, પંચવર્ષીય યોજના અને સ્વતંત્ર ભારતની વિદેશનીતિને આવરી લઈ આ પાઠ્યક્રમને ખૂબ રસપ્રદ બનાવવામાં આવેલ છે.

આ પાઠ્યક્રમ આપના વિકાસની સાથે શૈક્ષણિક અને વૈચારિક વિકાસમાં સહયોગી બની રહે તેવી શુભેચ્છાઓ.

એકમ : 1

ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું શાસન તથા લોર્ડ વિલિયમ બેન્ટિક અને તેના સુધારા

:: રૂપરેખા::

1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 વિષયપ્રવેશ

1.3 ભારતમાં યુરોપીય પ્રજાઓનું આગમન

1.3.1 નવા જળમાર્ગની શોધ

1.3.2 ફિરંગીઓનું આગમન અને તેમની પ્રવૃત્તિઓ

1.3.3 ડચ લોકો અને તેમની પ્રવૃત્તિઓ

1.3.4 અંગ્રેજોનું આગમન અને સંસ્થાનોની સ્થાપના

1.3.5 ફ્રેન્ચોનું આગમન અને વેપારી મથકો

1.4 અંગ્રેજ–ફ્રેન્ચ–સ્પર્ધા – ફ્રેન્ચોનો પરાજય અને અંગ્રેજોનો વિજય

1.4.1 બ્રિટિશ સત્તાના વિસ્તરણનાં સાધનો

1.4.2 ભારતમાં બ્રિટિશ સત્તાની સ્થાપના કેવી રીતે થઈ ? લોર્ડ ક્લાઈવે તેમાં શો ભાગ ભજવ્યો ?

1.5 પ્લાસીની લડાઈ (ઈ.સ.1757) ભારતમાં બ્રિટિશ સત્તાનો પાયો

1.6 બક્સરની લડાઈ (1764) – બ્રિટિશ સત્તાનો પ્રારંભ

1.7 દ્વિમુખી શાસન પદ્ધતિ

1.7.1 વોરન હેસ્ટિંગ્સના ગેરજવાબી કાર્યો

1.8 વિલિયમ બેન્ટિકનો શાસનકાળ

1.9 વિલિયમ બેન્ટિકના આર્થિક સુધારા

1.9.1 પગાર તથા ભાડાં–ભથ્થામાં ઘટાડો

1.9.2 વધારાની જગ્યાઓ તથા ફરતી અદાલતો નાબૂદ કરી

1.9.3 અફીણના વેપાર પર અંકુશ

1.10 વિલિયમ બેન્ટિકના વહીવટી સુધારા

1.10.1 નોકરીઓમાં હિંદીઓની નિમણૂક

1.11 વિલિયમ બેન્ટિકના સામાજિક સુધારા

1.11.1 સતી પ્રથાની નાબૂદી

1.11.2 દીકરીઓને દૂધપીતી કરવાના રિવાજ પર પ્રતિબંધ

1.11.3 માનવ–બલિની પ્રથા પર પ્રતિબંધ

1.11.4 ગુલામી–પ્રથા નાબૂદ કરી

1.11.5 ઠગ લોકોનો નાશ કર્યો

1.11.6ધર્મ–પરિવર્તનની છૂટ

1.11.7 પ્રેસ–પ્રકાશનની સ્વતંત્રતા

1.12 વિલિયમ બેન્ટિકના કેળવણી વિષયક સુધારાઓ

1.12.1 અંગ્રેજી કેળવણીની શરૂઆત

1.13 વિલિયમ બેન્ટિકના સાર્વજનિક સુધારા

1.14 વિલિયમ બેન્ટિકના સુધારાઓનું મૂલ્યાંકન

1.14.1 વિલિયમ બેન્ટિકની પરદેશનીતિ

1.14.2 વિલિયમ બેન્ટિકના સુધારા

1.15 સારાંશ

1.16 તમારી પ્રગતિ ચકાસો

1.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી આપ નીચેની બાબતો વિશે જાણી શકશો.

1. ભારતમાં યુરોપીય પ્રજાઓનું આગમન અને તેમનાં વેપારી મથકો–સ્પર્ધાઓ,
2. ડચ લોકો અને તેની પ્રવૃત્તિઓ વિશે જાણકારી,
3. ફિરંગીઓનું આગમન અને તેમની પ્રવૃતિઓ વિશે જાણકારી,
4. અંગ્રેજોનું આગમન અને ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના ઈ.સ. 1600
5. બંગાળમાં અંગ્રેજ સત્તાની સ્થાપના–પ્લાસીનું યુદ્ધ(1757)
6. વોરન હેસ્ટિંગ્સ દ્વારા બ્રિટિશ સત્તાનું સંરક્ષણ
7. વિલિયમ બેન્ટિક અને તેના સુધારા
8. ભારતમાં પાશ્ચાત્ય કેળવણીનો પ્રારંભ અને તેની અસરો.

1.1 પ્રસ્તાવના :

પ્રાચીન સમયથી પશ્ચિમના કેટલાક દેશોમાં ભારતના મરીમસાલા, તેજાના, મલમલ, રેશમી કાપડ, ગળી તેમજ બીજી અનેક કિંમતી ચીજોની ભારે માંગ હતી. એલેક્ઝાંડિયા અને કોસ્ટેન્ટિનોપલ જેવાં કેન્દ્રો મારફતે પશ્ચિમ અને પૂર્વના દેશો વચ્ચેનો

વેપાર ઈરાની આખાત અને રાતા સમુદ્રના જળમાર્ગે તેમજ મધ્ય એશિયાના જમીન માર્ગે ચાલતો. ઈ.સ. 1453માં તુર્ક મુસ્લિમોએ ખ્રિસ્તીઓના તાબા હેઠળનું કોન્સ્ટેન્ટિનોપલ જીતી લીધું. આથી, યુરોપના લોકોને ભારત આવવા માટે નવો જળમાર્ગ શોધવાની જરૂર પડી.

ઈ.સ. 1498માં પોર્ટુગલના સાહસિક નાવિક વાસ્કો–દ–ગામાએ ભારત તરફનો નવો જળમાર્ગ શોધ્યો. એ પછી યુરોપીય પ્રજા ક્રમશઃ ભારતમાં વેપાર કરવા આવી. ભારતમાં ફિરંગીઓનો અને વલંદાઓનો સમૃદ્ધ વેપાર જોઈને ઈંગ્લેન્ડના કેટલાક વેપારીઓએ ભારત અને પૂર્વના દેશો સાથે વેપાર કરવા માટે ઈ.સ. 600 માં ઈસ્ટ ઈન્ડિયા કંપની સ્થાપના કરી. આ વેપારી પેઢીના અંગ્રેજ વેપારીઓએ ભારતમાં આવીને પોતાનાં વેપારી મથકો(કોઠીઓ) સ્થાપ્યાં.

ભારતમાં ચેન્નાઈ, કોલકાતા અને મુંબઈ એ ત્રણ મોટા શહેરોનો વિકાસ અંગ્રેજોને આભારી છે. અંગ્રેજોએ રક્ષણના બહાને કોલકાતાની પોતાની કોઠીની ફરતે કિલ્લેબંધી કરી. બંગાળના નવાબ સિરાજ–ઉદ્–દૌલાએ એ કિલ્લેબંધી તોડી નાંખી. અંગ્રેજોએ કલાઈવના નેતૃત્વ હેઠળ ઈ.સ.1757માં પ્લાસીના યુદ્ધમાં નવાબ સિરાજ–ઉદ્–દૌલાને હરાવ્યો. આ યુદ્ધના પરિણામે ભારતમાં અંગ્રેજ સત્તાનો પાયો નંખાયો.

ઈ.સ.1764માં બકસરના યુદ્ધમાં વિજેતા બનેલા અંગ્રેજોને બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં જમીન મહેસુલ ઉઘરાવવાની સત્તા (દીવાની સત્તા) મળી. વહીવટની જવાબદારી નવાબને શિરે રહી, જયારે મહેસૂલ ઉઘરાવવાની સત્તા અંગ્રેજોએ સંભાળી, દ્વિમુખી શાસન પદ્ધતિને પરિણામે આ ત્રણે પ્રાંતોના લોકોની આર્થિક દુર્દશા થઈ.લોર્ડ હેસ્ટિંગ્સે મરાઠાઓ અને હૈદરઅલી જેવા કંપનીના પ્રબળ દુશ્મનો સામે અંગ્રેજ સત્તાનું સંરક્ષણ કર્યું.

‘હિંદના સુખસંતોષ પર જ બ્રિટનની મહાનતાનો આધારે છે’– એ બેન્ટિકની નીતિનું પાયાનું સૂત્ર હતું. બેન્ટિક હિંદની પ્રજાનો સાચો મિત્ર હતો. તેણે હિંદીઓને સમાન અધિકારો તથા તથા સરકારમાં ગૌરવપ્રદ હિસ્સો આપવા માટેની તમામ શકયાતાઓ ઊભી કરી. બેન્ટિક તેના સુધારાઓ માટે જાણીતો છે. સુધારોઓ પાછળ તેનો હેતુ હિંદની પ્રજાનું કલ્યાણ કરવું, વહીવટી ખર્ચમાં કસકસર કરવી તથા હિંદમાં શાંતિ જાળવવાનો હતો. તેણે પગાર તથા ભાડાભથ્થામાં ઘટાડો કર્યો. વધારાની જગ્યાઓ તથા ફરતી અદાલતો બંધ કરાવી, અફીણના વેપાર પર અંકુશ મૂકયો, ઉ. પ્રદેશમાં જમીન સુધારણા કરી. મહેસૂલ નીતિ નક્કી કરી. તેણે નોકરીઓમાં હિંદીઓની ભરતી કરી, ફરતી કોર્ટ પ્રથા બંધ કરી, ન્યાય તંત્રમાં કરકસર કરી, અલ્હાબાદમાં સદર દીવાની અદાલતની સ્થાપના કરી. ગુનેગારોને કોરડા મારવાની પ્રથા બંધ કરી.

સામાજિક સુધારા કરીને બેન્ટિકે અમર કીર્તિ પ્રાપ્ત કરી. તેણે સતીપ્રથા જેવી અમાનુષી પ્રથા નાબૂદ કરી. તેમાં રામમોહનરોયનો ખૂબ સાથ મળ્યો. તેણે દીકરીઓને દૂધ પીતી કરવાનો રિવાજ અટકાવ્યો. માનવ બલિ પ્રથા પર પ્રતિબંધ મૂકયો. ગુલામી પ્રથા નાબૂદ કરી. ઠગ લોકોનો નાશ કર્યો. તેણે ધર્મ પરિવર્તનની છૂટ આપી. તેણે પ્રેસ પ્રકાશનને સ્વતંત્રતા આપી. બેન્ટિકે ભારતમાં પાશ્ચાત્ય કેળવણી દાખલ કરી. ભારત અર્વાચીન યુગમાં દાખલ થયું. સિંચાઈ યોજનાઓ અમલમાં મૂકી. વેપાર–વાણિજયનો વિકાસ કર્યો. પાશ્ચાત્ય શિક્ષણની હિંદીઓની દષ્ટિ મર્યાદા વિસ્તૃત બની. રાજકીય સંસ્થાઓ માટે ચાહના પેદા કરી નવયુવાનોમાં રાષ્ટ્રીય ભાવના પેદા થઈ.

1.2 વિષયપ્રવેશ :

ભારતમાં અંગ્રેજોનું આગમન અન્ય વિદેશીઓની જેમ આક્રમણકાર તરીકે નહિ પરંતુ વ્યાપારી તરીકે થયું હતું. તેને કારણે ભારતના લોકોને ખ્યાલમાં પણ ન આવે તે રીતે તેમની ઉપર બ્રિટિશ આધિપત્ય સ્થપાઈ ગયું, અને પાછળથી જયારે લોકોને જાણ થઈ ત્યારે તેનો પ્રતિકાર કરવાનું તેમને માટે ઘણું મોડું થઈ ગયું હતું. ઈ.સ. 1600માં લંડનમાં માત્ર વેપાર કરવા માટે જ સ્થપાયેલી **'ઈસ્ટ ઈન્ડિયા કંપની'** ભારતમાં લગભગ 150 વર્ષ સુધી એક વ્યાપારી કંપની તરીકે જ રહી હતી, પરંતુ તે પછીનાં લગભગ 100 વર્ષોમાં આ જ વેપારી પેઢીઓ ભારતમાં શાસનકર્તા બનીને આખરે પોતાની બ્રિટિશ સરકારને **'ભારતનું વિશાળ સામ્રાજય'** ભેટ ધર્યું ! એક વ્યાપારી પેઢીના આ રીતના શાસનમાં થયેલા પરિવર્તનને અંગ્રેજ ઈતિહાસકાર **રામ્સે મૂરે** 'આશ્ચર્યજનક' અને ' દુનિયાના ઈતિહાસમાં અજોડ' ગણ્યું છે. આમ છતાં આ પરિવર્તન એકાએક નહિ, પરંતુ ધીમે ધીમે આવ્યું હતું, અને તેને માટે **ભારતની 18મી સદીની ડહોળાયેલી રાજકીય પરિસ્થિતિ મહદ્અંશે જવાબદાર હતી.**

1.3 ભારતમાં યુરોપીય પ્રજાઓનું આગમન :

પ્રાચીન કાળથી ભારતનો સંપર્ક પશ્ચિમના દેશો સાથે રહ્યો હતો. મધ્ય યુગમાં ભારત સમૃદ્ધ દેશ ગણાતો હોવાના લીધે યુરોપના લોકો તેને સમૃદ્ધ ભૂમિ તરીકે ઓળખતા હતા. વળી, ભારતના મરીમસાલા, તેજાના, મલમલ, રેશમી કાપડ, ગળી તેમજ અનેક કીમતી ચીજોની યુરોપમાં ખૂબ જ માંગ હતી. **એલેક્ઝાન્ડ્રિયા** અને **કોન્સ્ટેન્ટિનોપલ** વેપારનાં મુખ્ય કેન્દ્રો હતાં. **વેનિસ અને જીનોઆના વેપારીઓ ભારતમાંથી સસ્તી કિંમતે માલ ખરીદી યુરોપમાં મોંઘી કિંમતે વેચી ખૂબ જ નફો મેળવતા.** આ કારણથી યુરોપીય પ્રજાઓના મનમાં ભારતમાં આવીને વેપાર કરી ખૂબ ધન કમાવાની લાલસા જાગી. '' સોનું, કીર્તિ અને ધર્મપ્રચાર માટે યુરોપના સાહસિકો ભૌગોલિક શોધખોળો તરફ વળ્યા.'' **(હેઝ, મુ, વેલેન્ડ)**

1.3.1 નવા જળમાર્ગની શોધ :

ભારત પહોંચવા માટે ઈરાની અખાત અને રાતા સમુદ્રનો જળમાર્ગ તથા મધ્ય એશિયાનો જમીનમાર્ગ ખૂબ ખર્ચાળ અને વધુ સમય લેનાર હતા. વળી, તેમાં માલની સલામતી પણ ન હતી. નવજાગૃતિને લીધે નવા જળમાર્ગો શોધવાની પ્રવૃત્તિ શરૂ થઈ હતી. **ઈ.સ. 1453માં તુર્કોએ ખ્રિસ્તીઓના તાબા હેઠળનું કોન્સ્ટેન્ટિનોપલ જીતી લીધું, જે યુરોપ અને એશિયાના વેપારી માર્ગનું મુખ્ય પ્રવેશદ્વાર હતું.** યુરોપના લોકો માટે આ જમીનમાર્ગ બંધ થતાં યુરોપના વેપારને મોટો ફટકો પડયો. યુરોપના લોકોને ભારતની ચીજવસ્તુઓ ખાસ કરીને તેજાના વિના ચાલે તેમ ન હતું. આથી તેમને નવો જળમાર્ગ શોધવાની જરૂરિયાત ઊભી થઈ.

સ્પેનની મદદથી **કોલંબસે** ઈટાલીના જીનિવા બંદરેથી નીકળી ભારતનો જળમાર્ગ શોધવા પ્રયત્ન કર્યો. પરંતુ તેણે ભારતને બદલે **અમેરિકા ખંડ**ના કિનારાનો પ્રદેશ શોધી કાઢયો. ત્યાર બાદ પોર્ટુગલના **બાર્થોલોમ્યુ ડાએઝે** આવો પ્રયત્ન કર્યો, પરંતુ તેને આફ્રિકાના દક્ષિણ છેડે આવેલી ભૂશિર પાસેથી પાછા વળવું પડયું. છતાં આ સ્થળેથી પૂર્વ તરફનો જળમાર્ગ જરૂર શોધી શકાશે એવી આશા જાગી. માટે તે ભૂશિરને **'સારી આશાની ભૂશિર' 'કેપ ઓફ ગુડ હોપ'** એવું નામ અપાયું.

1.3.2 ફિરંગીઓનું આગમન અને તેમની પ્રવૃત્તિઓ :

બાર્થોલોમ્યુ ડાએઝે શોધેલા કેપમાર્ગનો ઉપયોગ કરીને **''વાસ્કો–દ–ગામા''** નામનો પોર્ટુગીઝ (ફિરંગી) ખલાસી, ભારત આવવા નીકળ્યો, કેપમાર્ગ આગળ વધીને તે પૂર્વ આફ્રિકાના મોઝામ્બિક બંદરે પહોંચ્યો. અહીંથી એક ભારતીય ખલાસીની મદદથી હિંદી મહાસાગર ઓળંગીને તે ભારતના કાલીકટ બંદરે પહોંચ્યો. (૨૭મી મે. ઈ.સ. ૧૪૯૮). યુરોપ માટે ભારત આવવાનો માર્ગ ખુલ્લો થયો.

ઈસુની 7મી સદીથી દરિયાઈ વેપાર–વાણિજ્ય પર આરબોનો પ્રભાવ રહ્યો હતો. જ્યારે કાલીકટ રાજા **ઝામોરિને** ઉદારતા દાખવીને ફિરંગીઓને વેપાર માટેની પરવાનગી આપી ત્યારે તેમણે તેનો વિરોધ કર્યો. ઈ.સ. 1501માં વાસ્કો–દ–ગામા બીજી વાર વહાણો અને નાનું લશ્કર લઈને ભારત આવ્યો. તેણે કાલીકટ ઉપરાંત કોચીન અને કાનાનોરમાં પણ વેપારી કોઠીઓ સ્થાપી, પરંતુ તેમની ગેરવર્તણૂક અને આરબોના વિરોધને લીધે ઝામોરીને ફિરંગી કોઠી પર આક્રમણ કર્યું. તેનો પરાજય થતાં ફિરંતીઓને વધારે અધિકારો આપવા પડયા. આ સમયે કાલીકટ અને કોચીનના રાજાઓ વચ્ચે જે દુશ્મનાવટ હતી તેનો ફિરંગીઓએ ગેરલાભ ઉઠાવ્યો. પોર્ટુગલની સરકારને ભારત અને પૂર્વના વેપારમાં ઘણો ફાયદો થયો. તેણે ભારતની કોઠીઓની વ્યવસ્થા માટે 'આલ્મેડા'ને પહેલા ગવર્નર તરીકે મોકલ્યો. તેણે સારો વહીવટ પ્રસ્થાપિત કર્યો. તે નૌકાદળના વિકાસનો આગ્રહી હતો. 1509માં તેનું અવસાન થતાં આલ્ફાન્ઝો આલ્બુકર્કને ગવર્નર તરીકે મોકલવામાં આવ્યા. તેણે ફિરંગી નૌકા સેનાનો વિકાસ કર્યો. ઈ.સ. 1510માં તેણે, બીજાપુર પાસેથી ગોવા જીતી લીધું અને ત્યાં કિલ્લો બાંધ્યો. ગોવા ફિરંગીઓનું વડું મથક બન્યું. તેણે દૂર પૂર્વમાં મલક્કા કબજે કર્યું અને શ્રીલંકામાં કોઠીની સ્થાપના કરી. આલ્બુકર્કે, ગુજરાતના સુલતાન પાસેથી દીવ અને ઈરાનના શાહ પાસેથી ઈરાની અખાતમાં ઓર્મુઝ બંદર જીત્યા. તે વિજેતા હોવા ઉપરાંત એક સારો વહીવટકર્તા પણ હતા. તેણે ફિરંગી અધિકારીઓની નિમણૂંકો કરી અને મદદ કરવા હિંદુ કારકુનો રાખ્યા. પરંતુ તે ધર્માંધ હતો અને સ્થાનિક પ્રજા પર તેણે અમાનુષી ધાર્મિક જુલમો કર્યા. ફિરંગીઓની સ્થિતિ મજબૂત કરવા તેણે તેમને હિન્દુ સ્ત્રીઓ સાથે લગ્ન કરવા ઉત્તેજન આપ્યું. **આલ્બુકર્કને** ભારતમાં ફિરંગી સત્તાનો પાયો નાંખનાર કહેવામાં આવે છે. આલ્બુકર્ક પછી પણ ફિરંગી સત્તાનો વિકાસ ભારતમાં ચાલુ રહ્યો. તેમણે **દમણ, વસઈ, સાલસેટ, મુંબઈ, સેંટ થોમસ** (મદ્રાસ પાસે) તેમજ **હુગલી** વગેરેમાં વસાહતોની સ્થાપના કરી. **ફિરંગીઓ ભારતમાં 16મી સદી દરમિયાન એકમાત્ર વિદેશી પ્રજા તરીકે રહ્યા હતા, પરંતુ પછી તેમનું પતન થયું હતું. (ડૉ. ધારૈયા)**

પતન : ફિરંગીઓનું પતન કેટલાંક કારણોસર થયું :

1. પોર્ટુગલ એક નાનકડું રાજય હતું. **આલ્બુકર્ક** પછી કોઈ કુશળ વહીવટકર્તા આવ્યો નહિ.
2. ફિરંગીઓનો વહીવટ શિથિલ, અપ્રમાણિક અને લાંચરુશ્વતથી ભરપૂર હતો.
3. પોર્ટુગલ પર સ્પેને વિજય મેળવ્યો હતો અને તે આશ્રિત રાજય બન્યું હતું.
4. પ્રારંભમાં ફિરંગીઓને મુઘલો અને મરાઠાઓ સાથે સંઘર્ષ કરવો પડયો અને પછી વલંદાઓ, ફ્રેન્ચો અને અંગ્રેજોનો સામનો કરવો પડયો. ભારતમાં તેઓ સૌપ્રથમ 1498માં આવ્યા અને છેલ્લા વિદાય થયા. **ભારત સરકારે 1962માં *દિવ*, દમણ અને ગોવા કબજે કરતાં તેઓ સૌથી છેલ્લે વિદાય થયા.**

1.3.3 ડચ લોકો અને તેમની પ્રવૃત્તિઓ

ફિરંગીઓ પછી, યુરોપથી હોલેન્ડની ડચ પ્રજા ભારતમાં આવી જેને આપણે ' વલંદા' કહીએ છીએ. તેમનો મુખ્ય હેતુ **તેજાનાના વેપાર** હસ્તગત કરવાનો હોઈ ભારતમાં સત્તા માટે તેમણે ખાસ પ્રયત્ન કર્યો નહોતો. તે અગાઉ તેમણે જાવાના **' એમ્બોય'**ના તથા **જાકાર્તા, મલાક્કા** અને **સુમાત્રામાં** કોઠીઓની સ્થાપના કરી હતી. તેમની પાસે શકિતશાળી નૌકાકાફલો હતો. 1580 પછી તેમણે ફિરંગી વહાણોને લૂંટવાની શરૂઆત કરી હતી. 1640માં મલાક્કામાંથી અને 1645માં શ્રીલંકામાંથી તેમણે ફિરંગીઓને હાંકી કાઢયા હતા. તેમણે ભારતમાં નાગાપટ્ટમ (મદ્રાસ પાસે), ચિન્સુરા (બંગાળા) તથા સુરત, પટણા, બાલાસોર, કોચીન વગેરેમાં કોઠીઓની સ્થાપના કરી હતી. અંગ્રેજો સામે તેમનો પરાજય થતાં, તેમણે ભારતનાં મથકો ગુમાવ્યાં. ડચ પ્રજા ઉપરાંત **ડેન્માર્કની ડેનિશ પ્રજા** પણ ભારતમાં આવી હતી. તેમણે **સીરામપુરમાં** કોઠીની સ્થાપના કરી હતી, પરંતુ અહીંથી તે આગળ પ્રગતિ કરી શકેલ નહિ.

1.3.4 અંગ્રેજોનું આગમન અને સંસ્થાનોની સ્થાપના

ફિરંગીઓ, વલંદાઓ અને ડેનિશ લોકોને ભારત અને પૂર્વ સાથે વ્યાપાર કરીને લખલૂંટ ધનપ્રાપ્તિ કરતાં જોઈને ઈંગ્લેન્ડના વેપારીઓની પણ દાઢ સળવળી. ડિસેમ્બર 1599માં લંડનમાં તેમણે ભારત અને પૂર્વના દેશો સાથે વેપાર કરવા **'ઈસ્ટ ઈન્ડિયા કંપની'**ની સ્થાપના કરી. **ઈંગ્લેન્ડની રાણી ઈલિઝાબેથે 1600માં તેને ભારત અને પૂર્વના દેશો સાથે વેપાર કરવાનો ઈજારો આપ્યો. 'કેપ્ટન હોકિન્સ'**ની નેતાગીરી હેઠળ પ્રથમ અંગ્રેજ વહાણ **સુરત** બંદરે લાંગર્યું. પરંતુ ફિરંગીઓના વિરોધને કારણે અંગ્રેજોને પ્રથમ કોઠી સ્થાપવાની પરવાનગી મળી નહિ, પણ ફિરંગીઓનો અંગ્રેજો દ્વારા પરાજય થતાં અંગ્રેજોને મુઘલ બાદશાહ જહાંગીરના ફરમાન દ્વારા કોઠી સ્થાપવાની રજા પ્રાપ્ત થઈ. અંગ્રેજ એલચી **સર ટોમસ રોએ** જહાંગીર પાસેથી નોંધપાત્ર અધિકારો પ્રાપ્ત કર્યા. સુરત ઉપરાંત અમદાવાદ, ભરૂચ અને આગ્રામાં પણ અંગ્રેજોએ કોઠીઓની સ્થાપના કરી. ઈંગ્લેન્ડના રાજાને પહેરામણીમાં મળેલા મુંબઈ બેટને કંપનીએ વાર્ષિક માત્ર 10 પાઉન્ડના નજીવા ભાડે રાખીને તેનો એક મોટા શહેર અને પ્રાકૃતિક બંદર તરીકે વિકાસ કર્યો. 1687 સુધીમાં તો મુંબઈ કંપનીનું વડું મથક અને પશ્ચિમ કિનારાનું મુખ્ય બંદર બન્યું. એ જ રીતે પૂર્વકિનારે તેમણે માછલીપટ્ટમમાં કોઠીની સ્થાપના કરી, અને ૧૬૩૯માં **ફોર્ટ સેંટ જયોર્જની** સ્થાપના કરીને ત્યાં કિલ્લેબંધીવાળી કોઠી પણ બનાવી. વખત જતાં તેની આસપાસ આજનું મદ્રાસ શહેર વસ્યું. જે કંપનીના પૂર્વકિનારાનું વડું મથક બન્યું. અંગ્રેજોએ હરિહરપુરા, બાલાસોર અને હુગલીમાં પણ વેપારી કોઠીઓ સ્થાપી.

મુઘલસત્તા નિર્બળ બની છે એમ માની લઈને, અંગ્રેજોએ 1680 પછી વધુ લાભ મેળવવા પગપેસારો કર્યો. પરંતુ ઔરંગઝેબના હુકમથી તેમની વસાહતો કબજે કરવામાં આવી. 17,000 પાઉન્ડનો દંડ ભરીને અંગ્રેજોએ એ વસાહતો પાછી મેળવી હતી અને સારી વર્તણૂંક રાખવાનું વચન આપ્યું હતું. એ જ ઔરંગઝેબની પરવાનગીથી 1690માં આજના કલકત્તામાં તેમણે કોઠીની સ્થાપના કરીને, 6 વર્ષ પછી તેની કિલ્લેબંધી કરી અને તેને **'ફોર્ટ વિલિયમ'** નામ આપ્યું. આગળ જતાં ત્યાં આજનું કલકત્તા વિકાસ પામ્યું. **આમ, અંગ્રેજોએ ભારતને ત્રણ નવાં શહેરો મુંબઈ, મદ્રાસ અને કલકત્તા આપ્યાં. (ડૉ. ઘારૈયા)**

'વિલિયમ હેમિલ્ટન' નામના કંપનીના એક સર્જને મુઘલ બાદશાહ ફરુખશિખરનો રોગ મટાડયો તેથી તેણે કંપનીને ત્રણ ફરમાનોની ભેટ આપી. (૧૭૧૧). આ ફરમાનો દ્વારા અંગ્રેજો બંગાળામાં પગપેસારો કરી શકયા. ફ્રેન્ચો સામે આખરી વિજય મેળવી શકયા અને તેમની સત્તાનો ઉદય કરી શકયા.

1.3.5 ફ્રેન્ચોનું આગમન અને વેપારી મથકો

ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ વચ્ચે સૈકાઓથી ચાલી આવતી સ્પર્ધા અને સંઘર્ષના સંબંધો હતા તેથી ઈંગ્લેન્ડમાં ઈસ્ટ ઈન્ડિયા કંપની તો તેના વિરોધી શત્રુ, ફ્રાન્સે પણ કોલ્બર્ટ નામના પ્રધાનની પ્રેરણાથી ઈ.સ. 1664માં **'ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડિયા'** કંપનીની સ્થાપના કરી. ફ્રાન્સના પ્રતિનિધિ 'કેરોને' 1668માં ઔરંગઝેબની પરવાનગીથી વેપારી કોઠીની સ્થાપના કરી. ગોળકોંડાના સુલતાન પાસેથી રજા મેળવીને તેણે **મછલીપટ્ટમમાં** કોઠી બનાવી. તેના પછી આવેલા ગવર્નર **'ફ્રાંસિસ માર્ટિને'** મદ્રાસ પાસેના એક નાનકડા ગામને વિકસાવીને ત્યાં **'પોંડિચેરી'** વસાવ્યું. જે પાછળથી ભારતમાંની ફ્રેન્ચ વસાહતોનું વડું મથક બન્યું. 1691માં ફ્રેન્ચોએ કલકત્તા પાસે **ચંદ્રનગર** નામની વસાહત સ્થાપી. આમ, 17માં સૈકાના અંત સુધીમાં ભારતમાં જે મહત્ત્વની જગ્યાઓ પર અંગ્રેજોનાં મથકો હતાં, તેની નજીકમાં જ ફ્રેન્ચોએ મથકો બનાવીને યુરોપની સ્પર્ધા ભારત સુધી લંબાવી દીધી. બંને વચ્ચેની સ્પર્ધામાં ફ્રેન્ચોએ સુરત અને મછલીપટ્ટમ ગુમાવ્યાં. તેમણે 1725માં પશ્ચિમ કિનારે **'માહે'** અને પૂર્વ કિનારે 1739માં **'કારીકલ'** મેળવીને એ ખોટ પૂરી કરી.

1.4 અંગ્રેજ–ફ્રેન્ચ–સ્પર્ધા – ફ્રેન્ચોનો પરાજય અને અંગ્રેજોનો વિજય :

યુરોપને પગલે ભારતમાં પણ અંગ્રેજ ફ્રેન્ચ સ્પર્ધા અનિવાર્ય બની. તેનું મૂર્તસ્વરૂપ હતું. **ત્રણ કર્ણાટક વિગ્રહો** (1746-1763). તેને માટે મુખ્યત્વે બે બાબતો જવાબદાર હતી. યુરોપ અને અમેરિકામાં ચાલતી અંગ્રેજ–ફ્રેન્ચ સ્પર્ધાના કર્ણાટક વિગ્રહો એક ભાગરૂપ હતા. બીજું, ભારતમાં ઔરંગઝેબના અવસાન (1707) પછી પ્રાંતિક સૂબાઓ અને તાબેદાર રાજયો સ્વતંત્ર બન્યા હતાં. તેમની વચ્ચેના નાનામોટા ઝઘડાઓનું તે વિદેશી પ્રજાઓ ફ્રેન્ચો અને અંગ્રેજોની મદદ લેતા. હરીફ ઉમેદવારોને મદદ કરીને આ બંનેએ એકબીજાનો કાંટો કાઢવાનો પ્રયત્ન કર્યો તેથી આ વિગ્રહો થયા.

પહેલો કર્ણાટક વિગ્રહ જે યુરોપના ઓસ્ટ્રિયાના ગાદી વારસાના વિગ્રહને લીધે થયો, તેના દ્વારા એ પુરવાર થયું કે પૂર્વનું બિનકેળવાયેલ અને અવ્યવસ્થિત મોટું લશ્કર પણ યુરોપના નાના છતાં કેળવાયેલ અને નવાં શસ્ત્રોથી સજજ લશ્કરના હસ્તે પરાજિત થયું, દ્વિતીય કર્ણાટક વિગ્રહ વખતે અંગ્રેજોએ હૈદ્રાબાદના નિઝામ તરીકે નાસિરજંગ અને કર્ણાટક માટે અન્વરૂદીનને તો ફ્રેન્ચોએ તેમના ફરીફ મુઝફફરજંગ અને ચંદાસાહેબને સાથ આપ્યો. પ્રારંભમાં ફ્રેન્ચ ગવર્નર 'દુપ્લે'ના ઉમેદવારોનો વિજય થયો. અંગ્રેજ કંપનીના આવા કપરી કસોટીના સમયે, કલાઈવે ઈલાજ બતાવ્યો. અન્વરૂદીનનો પુત્ર, મહંમદઅલી ત્રિચિનાપલ્લીમાં ઘેરાઈ ગયો હતો. કલાઈવે કર્ણાટકની રાજધાની આર્કટ પર હુમલો કરીને તેનો કબજો લીધો. આથી મહંમદઅલીનો છુટકારો થયો. કલાઈવે ચંદા સાહેબ અને તેના પુત્રને હરાવ્યા. મહંમદઅલી કર્ણાટકનો નવાબ બન્યો. ગુસ્સે ભરાયેલી ફ્રેન્ચ સરકારે દુપ્લેને પાછો બોલાવી દીધો. યુશોપમાં **''સપ્તવાર્ષિક વિગ્રહ''** શરૂ થતાં ભારતમાં **ત્રીજો કર્ણાટક વિગ્રહ** શરૂ થયો. ફ્રેન્ચ ગવર્નરે અંગ્રેજોને બધાં મથકો પરથી હાંકી કાઢવા ફ્રેન્ચ અફસર લાલીને ઉત્તર સરકારમાંથી બોલાવી લેવાની ભયંકર ભૂલ કરી. બંને મળીને પણ અંગ્રેજોનાં મથકો લઈ શકયા નહિ, ઊલટું તેમણે પોંડીચેરી અને ઉત્તર સરકાર પણ ગુમાવ્યાં. તેમનો ઉમેદવાર હૈદ્રાબાદનો નિઝામ પણ અંગ્રેજોના પક્ષે ભળી ગયો.ઈંગ્લેન્ડના નૌકાકાફલાએ ફ્રેન્ચ નૌકાકાફલાને છિન્નભિન્ન કરીને ફ્રેન્ચોને મળતી મદદ અટકાવી. અંગ્રેજ સેનાપતિ 'કર્નલ આયર કૂટે' જાન્યુઆરી, ૧૭૬૦માં **'' વાંદીવાસની લડાઈ''**માં ફ્રેન્ચોને સખત પરાજય આપ્યો. આ લડાઈ ભારતના ભાગ્ય નિર્માણ કરતી લડાઈઓમાં મહત્ત્વનું સીમાચિહ્ન છે. કારણ કે તેમાં પરાજય મળતાં ફ્રેન્ચોની ભારતમાં સામ્રાજય સ્થાપવાની મહેચ્છા નષ્ટ થઈ. તેમની પાસે પોંડીચેરી, માહે,

યેનામ અને કારીકલ એમ ચાર મથકો રહ્યાં. **આમ, અંગ્રેજ ફ્રેન્ચ સ્પર્ધામાં છેવટે અંગ્રેજો સ્વજયી બન્યા અને ભારતમાં સત્તા સ્થાપવાનો તેમનો માર્ગ મોકળો થયો.**

1.4.1 બ્રિટિશ સત્તાના વિસ્તરણનાં સાધનો

પ્લાસીની લડાઈથી બરાબર 100 વર્ષ બાદ, ભારતમાં બ્રિટિશ સત્તા અને તેમનું સામ્રાજય ચરમ સીમાએ પહોંચ્યા હતાં. બ્રિટિશ સત્તાની સ્થાપના અને વિસ્તરણ માટે અંગ્રેજોએ યુદ્ધો અને **ફૂટનીતિ** અપનાવી હતી. આપણા દેશી રાજાઓ શૂરવીર અને બહાદુર હતા પરંતુ તેમનામાં સંપ અને એકતા ન હતી. અંગ્રેજ શાસકોએ **'ભાગલા પાડો અને રાજ કરો'**ની નીતિ અપનાવી દેશી રાજાઓને હરાવ્યા. શરૂઆતમાં વેપારી મથકો મેળવવા ભેટ–સોગાદો આપવામાં આવતી. મથકો મેળવ્યા પછી કાયદાઓનો ભંગ કરી છૂપી રીતે જકાતચોરી અને બેઈમાની થતી. વળી, દેશી રાજાઓના વારસા વિગ્રહોમાં વિના કારણ ઝંપલાવી અનેક લાભો મેળવતા. દા.ત. બંગાળા અને કર્ણાટક વિગ્રહો કેટલીકવાર દેશી રાજાઓને સત્તાનું પ્રલોભન આપી ફોડી નાંખવામાં આવતા. દા.ત. પ્લાસીના યુદ્ધમાં લોર્ડ કલાઈવે સેનાપતિ મીરજાફરને નવાબ બનાવવાની લાલચ આપી ફોડી નાખ્યો હતો. પરિણામે તે પ્લાસીના ચાલુ યુદ્ધે ખસી ગયો અને અંગ્રેજોનો વિજય થયો. ત્યાર બાદ કરોડો રૂપિયાના ફાયદા ઉઠાવ્યા હતા. કેટલીક વાર દબાણ લાવીને દેશી રાજાઓને પક્ષમાં લેવામાં આવતા. લોર્ડ વેલેસ્લીએ નિઝામ પર દબાણ લાવીને તેને સહાયકારી યોજનામાં જોડી દીધો હતો. રાજયોમાં આંતરિક કુસંપ કરાવીને દેશી રાજયોની તાકાત માપી લેવાની અને તક મળતાં હુમલાઓ થતા. દા.ત. શીખો અને સિંધ. કેટલીક વાર મીઠાંમીઠાં વચનો આપીને ઘુસણખોરી કરવામાં આવતી. આ રીતે હિંદના જ પૈસે અને તેના જ માણસો અને સાધનો વડે અંગ્રેજોએ પોતાનું શાસન જમાવ્યું. તે માટે અંગ્રેજોએ સામ, દામ, દંડ અને ભેદ નીતિ અપનાવી હતી. **(ડૉ. ધારૈયા)**

1.4.2 ભારતમાં બ્રિટિશ સત્તાની સ્થાપના કેવી રીતે થઈ ? લોર્ડ કલાઈવે તેમાં શો ભાગ ભજવ્યો ?

1. કર્ણાટક વિગ્રહોમાં ફ્રેન્ચોને હરાવી ભારતમાં એકમાત્ર સત્તા તરીકે અંગ્રેજો જ રહ્યા હતા. ભારતમાં બ્રિટિશ સત્તાની સ્થાપનાનો પ્રારંભ દક્ષિણમાંથી નહિ પરંતુ બંગાળામાંથી થવાનો હતો.
2. મુઘલ સત્તા નિર્બળ બનતાં, 1740માં બંગાળાનો સૂબો **અલીવર્દીખાન** સ્વતંત્ર થયો. તે પ્રબળ શાસક અને કુશળ વહીવટકર્તા પુરવાર થયો. તેને પુત્ર ન હોવાથી તેના અવસાન (1756) પછી મુશ્કેલીઓ ઊભી થઈ. ગોદી માટેની તકરારમાં **સિરાજ–ઉદ્–દૌલા** વિજયી બન્યો. તે અલીવર્દીખાન જેટલો જ શકિતશાળી હતો, પરંતુ અપરિપકવ અને ઉતાવળિયો હતો.
3. આ વખતે **ત્રીજો કર્ણાટક વિગ્રહ** ચાલતો હોવાથી અંગ્રેજોએ નવાબની પરવાનગી વિના જ કલકત્તાનો કિલ્લો સમરાવવાની શરૂઆત કરી. નવાબે કાસીમ બજારની કોઠી કબજે કરી અને કલકત્તા પર આક્રમણ કર્યું. અંગ્રેજો કલકત્તા છોડી નાસી ગયા. આ વખતે કુખ્યાત કાળી કોટડી (બ્લેક હોલ)નો પ્રસંગ બન્યો હોવાનું કહેવાય છે. તેના સમાચાર મળતાં કલાઈવ અને વોટસનને મદ્રાસથી મોકલવામાં આવ્યા. તેમણે કલકત્તા પાછું મેળવ્યું પરંતુ નવાબ સાથેની લડાઈનું કોઈ ખાસ પરિણામ ન આવ્યું.

1.5 પ્લાસીની લડાઈ (ઈ.સ.1757) ભારતમાં બ્રિટિશ સત્તાનો પાયો :

નવાબના મોટા લશ્કર મોટા લશ્કરનો સામનો નહીં કરી શકે એમ ખાતરી થતાં કલાઈવે કાવતરાખોરીનો આશરો લીધો. તેમાં પાંચ કાવતરાખોરો હતા. નવાબનો સેનાપતિ **મીરજાફર** મરહુમ નવાબનો જમાઈ, **રાયદુર્લભ** – નવાબનો ખજાનચી, **જગત શેઠ** – કલકત્તાનો ધનિક બેકર, **અમીચંદ** અને **કલાઈવ.** અમીચંદે પોતાને 30 લાખ રૂપિયા આપવાની કલમ ઉમેરવા આગ્રહ કર્યો. નહિ તો તે કાવતરાનો પર્દાફાશ કરી દેશે એવી ધમકી આપી. કલાઈવે બે રંગના દસ્તાવેજ પત્રો તૈયાર કરાવ્યા. એક બનાવટી દસ્તાવેજ પર એ શરત લખી અને પોતાની સહી કરી. બીજા અસલ દસ્તાવેજમાં રકમનો ઉલ્લેખ કર્યો નહિ. વોટ્સને એવા દસ્તાવેજ પર સહી કરવાની ના પાડી તેથી કલાઈવે તેની બનાવટી સહી કરી. **23મી જૂન, 1757ને રોજ ''પ્લાસીની લડાઈ''** થઈ. એ લડાઈ નહોતી. માત્ર 'ઝપાઝપી' હતી. નવાબના નાનકડા ફ્રેંચ લશ્કરે લડાઈ કરી, પરંતુ નક્કી કર્યા મુજબ **મીરજાફર** લશ્કર લઈને જતો રહ્યો. નવાબ નાઠો, પકડાયો અને માર્યો ગયો.

પરિણામો : પ્લાસીની લડાઈમાં અંગ્રેજોને પક્ષે 23 મરાયા અને 49 ઘાયલ થયા, જયારે નવાબના પક્ષે 500 મરાયા અને એટલા જ ઘાયલ થયા. આમ તે 'છમકલું' જ કહેવાય. છતાં ભારતનું ભાગ્ય નિર્માણ કરતી મહત્ત્વની લડાઈઓમાં તેનું ઘણું મહત્ત્વ છે. **તેથી ભારતમાં બ્રિટિશ સત્તાનો પાયો નંખાયો.** આભારવશ થયેલા નવા નવાબ મીરજાફરે અંગ્રેજોને પુષ્કળ રકમ આપી તથા ચોવીસ પરગણાના પ્રદેશની ભેટ આપી. ભારતના નકશા પર અંગ્રેજોનો પ્રદેશ દર્શાવતું સૌ પ્રથમ લાલ ટપકું પડયું, જેણે પાછળથી વિસ્તાર પામીને સમગ્ર ભારતને લાલ રંગે રંગી નાંખ્યું. **(પંડિત સુંદરલાલ)**

1.6 બકસરની લડાઈ (1764) – બ્રિટિશ સત્તાનો પ્રારંભ :

બંગાળાનો નવાબ **મીરજાફર** અંગ્રેજોના સંપૂર્ણ અંકુશ નીચે હતો. તેની લાચારી અને નિર્બળતાને અંગ્રેજો જાણી ગયા હતા. ત્યાં સત્તાપલટો કરીને કંપની માટે વધુ અધિકારો અને ખાસ કરીને પોતાને માટે વધારે નાણાં ભેટો જોઈતી હતી તેથી તેમણે મીરજાફરને પદભ્રષ્ટ કર્યો અને તેના જમાઈ **મીરકાસીમ**ને બંગાળનો નવાબ બનાવ્યો.

તેણે કંપનીને **બર્દવાન, મીદનાપોર** અને **ચિંતાગોંગ**ના પ્રદેશો આપ્યા અને કાઉન્સિલના સભ્યોને મોટી રકમની ભેટ આપી. આમ છતાં, મીરકાસીમ મક્કમ મનનો પુરવાર થયો અને તે અંગ્રેજોને હાથે કઠપૂતળી બનવા તૈયાર ન થયો. પોતાની પ્રજાની ફરિયાદો સાંભળીને તેણે ભારતના વેપારીઓ પાસેથી પણ જકાત–વેરા લેવાનું માંડી વાળ્યું. જકાત નહિ ભરવાનો ઈજારો ભોગવતા અંગ્રેજો છંછેડાયા. તેમણે મીરકાસીમ સાથે યુદ્ધ કર્યું.

મીરકાસીમ હાર્યો અને અવધના નવાબને શરણે થયો. એ વખતે, અવધમાં મુઘલ સમ્રાટ **શાહઆલમ** બીજો ત્યાંની મુલાકાતે આવ્યો હતો. ત્રણેયની સંયુકત સેનાએ, અંગ્રેજો સામે **'બકસર'** મુકામે યુદ્ધ કર્યું. (ઓકટોબર, 1764). તેમાં અંગ્રેજોનો વિજય થયો.

બકસરની લડાઈનું મહત્ત્વ એ છે કે તેના પછી અંગ્રેજોને **બંગાળા, બિહાર** અને **ઓરિસ્સામાં** મહેસૂલ ઉઘરાવવાની **'દીવાની'** સત્તા મળી. અંગ્રેજો બંગાળાના કાયદેસરના માલિકો બન્યાં. નવા નવાબ નજીમુદ્દૌલા પાસે તો નામ માત્રની સત્તા હતી. અંગ્રેજોએ મુઘલ સમ્રાટને પણ હરાવ્યો હતો. તેથી જ કહેવામાં આવે છે કે, બકસરની લડાઈ પછી, લોર્ડ કલાઈવે ભારતમાં બ્રિટિશ સત્તાનો પ્રારંભ કર્યો હતો.

1.7 દ્વિમુખી શાસન પદ્ધતિ :

દ્વિમુખી શાસન પદ્ધતિ એટલે એક જ રાજયમાં બે માલિકોનું શાસન – બકસરની લડાઈ અને તેના પછીની સંધિ દ્વારા કંપનીને કલાઈવે જે **દીવાની સત્તા** અપાવી હતી તેમાંથી આની શરૂઆત થઈ. તેમાં વહીવટ અને પ્રજા કલ્યાણની જવાબદારી નવાબની હતી, જયારે મહેસૂલ ઉઘરાવવાની સત્તા કંપની પાસે હતી. પરંતુ જવાબદારી કોઈ નહિ, જયારે નવાબ પાસે જવાબદારી હતી, પણ સત્તા કોઈ નહિ, કારણ કે સાચી સત્તા તો કંપની પાસે હતી.

પરિણામ સ્વરૂપ પ્રજાની દાદ–ફરિયાદ સાંભળનાર કોઈ નહોતું. તેનાથી ત્રણેય પ્રાંતોમાં અરાજકતા અને અવ્યવસ્થા ફેલાઈ. કંપનીના અધિકારીઓએ બેફામ લૂંટ ચલાવી. ખેતી, વ્યાપાર અને ઉદ્યોગોને ભારે નુકશાન થયું. એક વખતનું સમૃદ્ધ બંગાળા, ગરીબીની ગર્તામાં હોમાઈ ગયું. **વોરેન હેસ્ટિંગ્સે આ અન્યાયી પ્રથાને રદ કરી.**

રાબર્ટ કલાઈવ પછી વોરન હેસ્ટિંગ્સ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો બંગાળ ખાતેનો ગવર્નર નિમાયો. રોબર્ટ કલાઈવ **'અંગ્રેજ સત્તાનો સ્થાપક'** ગણાયો તેમ વોરન હેસ્ટિંગ્સ **' અંગ્રેજ સત્તાનો રક્ષણકર્તા'** ગણાયો. કારણ કે તે આવ્યો ત્યારે કંપની માટે અનેક આફતો ઊભી થઈ હતી. ઈ.સ. 1761માં પાણીપતના ત્રીજા યુદ્ધને કારણે મરાઠાઓની સત્તા નબળી પડી. પરંતુ થોડા જ સમયમાં તેમણે ફરી માથું ઊંચકયું. મરાઠાઓએ છેક દિલ્હી સુધી પોતાનો પ્રભાવ જમાવ્યો. બીજી બાજુ મૈસૂરમાં **હૈદરઅલી** જેવો બળવાન દુશ્મન અંગ્રેજો સામે ઊભો થયો હતો.

1. વોરને હેસ્ટિંગ્સે (1773-84). **મરાઠાઓ** અને **હૈદરઅલી** જેવા કંપનીના પ્રબળ દુશ્મનો સામે અંગ્રેજ સત્તાનું સંરક્ષણ કર્યું. મુંબઈના ગવર્નરે, પેશ્વા નારાયણરાવનું ખૂન કરાવનાર રાઘોબાને આશરો આપ્યો. તેથી મરાઠા સરદારો – **નાના ફડનવીસ, સિંધિયા, હોલકર, ભોંસલે** વગેરેએ અંગ્રેજો સામે યુદ્ધ જાહેર કર્યું. **તે પ્રથમ મરાઠા વિગ્રહ** (1775-82) તરીકે ઓળખાય છે. બરાબર એ જ સમયે, **હૈદરઅલીએ** મરાઠાઓને સાથ આપીને, બીજો મૈસૂર વિગ્રહ (1780-84) શરૂ કર્યો. ૧૭૭૩ના નિયામક ધારાથી વોરન હેસ્ટિંગ્સ ગવર્નર જનરલ પણ બન્યો હતો. તેણે કુનેહથી મહાદજી સિંધિયાને મનાવી લીધો અને તેના દ્વારા, પૂનામાં 1782માં ''સાલબાઈની સંધિ'' કરી. તેનાથી 20 વર્ષ સુધી અંગ્રેજો અને મરાઠાઓ વચ્ચે મૈત્રી રહી. તે દરમ્યાન અંગ્રેજોએ, પોતાની સત્તાનું વિસ્તરણ કર્યું. હેસ્ટિંગ્સની રાજ રમત અને કુનેહ અંગ્રેજ સત્તાને હેમખેમ રાખી.

2. હૈદરઅલીએ એક અદના સિપાહીમાંથી આપબળે આગળ વધીને **મૈસૂરમાં** સત્તા સ્થાપી હતી. તેણે મરાઠાઓ, નિઝામ અને કર્ણાટકના પ્રદેશોમાંથી પોતાની સત્તાનો વિકાસ કર્યો હતો. તેના વીજળિક વિજયોથી મરાઠાઓ, નિઝામ અને અંગ્રેજો ચોંકી ઊઠયા. તેમણે મળીને હૈદરઅલી સામે યુદ્ધ કરેલું. તેને પ્રથમ મૈસૂર વિગ્રહ (1767-69) કહે છે. તેમાં શરૂમાં અંગ્રેજો વિજયી થયા, પરંતુ હૈદરઅલીએ પછીથી હિંમત કરીને અંગ્રેજોનો પરાજય કર્યો અને માર્ચ, 1769માં તો તે મદ્રાસથી માત્ર છ માઈલ જ દૂર હતો. તેથી અંગ્રેજોને તેની સાથે સંધિ કરવી પડી. બન્નેએ એકબીજાના પ્રદેશો અને કેદીઓ પાછા સોંપ્યા અને અંગ્રેજોએ અન્યનું આક્રમણ થાય તો મદદ કરવાનું વચન આપ્યું. તે વચન અંગ્રેજોએ પાળ્યું નહિ તેથી, હૈદરઅલીએ મરાઠાઓને સાથ આપીને બીજો મૈસૂર વિગ્રહ (1780-84) શરૂ કર્યો. વોરન હેસ્ટિંગ્સે મરાઠાઓને મનાવી લીધા. હૈદરઅલી સામે યુદ્ધ શરૂ કર્યું. તેમાં એકબીજા

પક્ષે વિજય–પરાજય થતા રહ્યા. વચ્ચ. હૈદરઅલીનું અવસાન થયું તો પણ તેના પુત્ર ટીપુ સુલતાને યુદ્ધ ચાલુ રાખ્યું. તેમાં પણ એકબીજા પક્ષે જય–પરાજય થતા રહ્યા. છેવટે, 1784માં જે સંધિ થઈ, તે મુજબ બન્નેએ ફરીથી એકબીજાના પ્રદેશો પાછા સોંપ્યા અને કેદીઓને મુકત કર્યા. **(ડૉ. ધારૈયા)**

1.7.1 વોરન હેસ્ટિંગ્સના ગેરજવાબી કાર્યો :

1. વોરન હેસ્ટિંગ્સે કેટલાંક અન્યાયી અને ગેરવાજબી કૃત્યો પણ કર્યા હતાં. હૈદરઅલી સાથેના યુદ્ધને કારણે તેને પૈસાની ઘણી જરૂર પડી તે મેળવવા તેણે અન્યાયી પગલાં લીધાં હતાં. અયોધ્યાના નવાબે વોરન હેસ્ટિંગ્સને જણાવ્યું કે, જો **રોહિલખંડ** જીતવા લશ્કરી મદદ આપો તો યુદ્ધ ખર્ચ ઉપરાંત 40 લાખ રૂપિયા આપીશ. આથી હેસ્ટિંગ્સે સેના મોકલી. રોહિલખંડ જીતી લેવાયું. નવાબના માણસોએ નિર્દોષ લોકો પર ત્રાસ ગુજાર્યો. રોહિલા પ્રત્યેની હેસ્ટિંગ્સની નીતિનો ઘણો વિરોધ થયો.

2. બનારસનો રાજા ચૈતસિંહ કંપનીનો આશ્રિત હતો, તેથી કંપનીને મહેસૂલ ભરતો હતો. પરંતુ વોરન હેસ્ટિંગ્સે માંગણી વધાર્યા કરી. ચૈતસિંહ તે આપી ન શકયો ત્યારે વોરન હેસ્ટિંગ્સે બનાસ જઈ તેના મહેલને ઘેરી લીધો. ચૈતસિંહને બચાવવા તેના નોકરોએ પોતાની પાઘડીએ બાંધી લાંબું દોરડું કર્યું અને તે દ્વારા મહેલની પાછલી બારીએથી ચૈતસિંહને ઉતારી બીજે સ્થળે પહોંચાડયો. **હેસ્ટિંગ્સનો ચૈતસિંહ સાથેનલ વ્યાહાર કઠોર, અન્યાયી અને આપખુદ હતો.**

3. હેસ્ટિંગ્સનો **અયોધ્યાની બેગમો** સાથેનો વ્યવહાર પણ અયોગ્ય હતો. અયોધ્યા નવાબ પાસેથી પણ કંપની ઘણા રૂપિયા માંગતી હતી. નવાબે વોરન હેસ્ટિંગ્સને કહ્યું કે, તેની માતા અને નાની પાસે જાગીર અને ખજાનો છે, તે મળે તો હું ધન આપી શકું. નવાબ પોતે માતા અને નાની વિરુદ્ધ પગલાં લેતા અચકાતો હતો. પરંતુ વોરન હેસ્ટિંગ્સે તેને લાચાર બનાવ્યો. બેગમોના મહેલોને અંગ્રેજ સેનાએ ઘેરી લીધા. બેગમોને કહેવામાં આવ્યું કે, તમે કેદી છો અને તમારી પાસે જે કંઈ દાગીના–સોનું–ચાંદી વગેરે હોય તે સોંપી દો. બેગમોએ ના પાડી ત્યારે તેમને ભૂખી રાખવામાં આવી અને નોકરો પર ત્રાસ ગુજરાવામાં આવ્યો. તેથી આખરે બેગમોએ તિજોરી સોંપી દીધી. **(ડૉ. ધારૈયા)**

4. વોરન હેસ્ટિંગ્સે બંગાળાના **નંદકુમાર** નામના એક શકિતશાળી અને અગ્રણી રાજપુરુષ સાથે સંઘર્ષ થયો. નંદકુમારે હેસ્ટિંગ્સ પર લાંચ–રુશ્વત સહિત ઘણા આક્ષેપો મૂકયા હતા. વોરન હેસ્ટિંગ્સે તેને ગિરફતાર કર્યો, અદાલતમાં કામ ચલાવી ફાંસી અપાવી.

વોરન હેસ્ટિંગ્સનાં આવા બધા પગલાંની ખૂબ ટીકા થઈ. તે ઈંગ્લેન્ડ પછો ફર્યો ત્યારે તેના પર કેસ ચલાવવામાં આવ્યો આખરે તેની દેશ સેવાને ધ્યાનમાં લઈ નિર્દોષ જાહેર કરવામાં આવ્યો. આમ કેટલાંક ગેરવાજબી કાર્યોને લીધે વોરન હેસ્ટિંગ્સ વિવાદસ્પદ વ્યકિત બન્યો. છતાં તેણે ભારતમાં બ્રિટિશ સામ્રાજયને સુદઢ બનાવી, અંગ્રેજોની ઊગતી સત્તાનું સંરક્ષણ કર્યું. **(ડૉ. ધારૈયા)**

1.8 વિલિયમ બેન્ટિકનો શાસનકાળ :

લોર્ડ વિલિયમ બેન્ટિક ઈ.સ. 1828માં હિંદના ગવર્નર જનરલ તરીકે આવ્યો. તે સ્વભાવે સરળ, પ્રગતિશીલ અને ઉદાર હતો. અર્વાચીન ભારતના ઈતિહાસમાં તેના શાસનકાળ સુધારાઓ માટે યાદગાર છે. તે માનતો હતો કે, હિંદનું કલ્યાણ કરવાની બ્રિટિશ સરકારની મુખ્ય ફરજ છે. તેના આગમનથી ભારતમાં તમામ ક્ષેત્રે એક નવા યુગનો ઉદય થયો.

બેન્ટિક ગવર્નર જનરલ બન્યો તે સમયે ઈંગ્લેન્ડમાં ઉદારમતવાદી અને માનવતાવાદી સુધારાઓનાં આંદોલનો ચાલતા હતા. તેની અસર બેન્ટિક પર પણ પડી હતી. પરિણામે બેન્ટિકના આગમનથી ભારતમાં તમામ ક્ષેત્રે એક નવા યુગનો ઉદય થયો.

પી.ઈ.રોબર્ટ્સ નામના ઈતિહાસકારના મતે, બેન્ટિકના સુધારાઓ પાછળ ત્રણ ધ્યેયો હતા : (1) હિંદની પ્રજાનું કલ્યાણ કરવું (2) વહીવટી ખર્ચમાં કરકસર કરવી (3) હિંદમાં શાંતિ જાળવવી.

''હિંદના સુખ–સંતોષ પર જ બ્રિટનની મહાનતાનો આધાર છે.'' એ બેન્ટિકની નીતિનું પાયાનું સૂત્ર હતું. બેન્ટિક ખરેખર ઉદારમતવાદી હતો અને પ્રજાનું કલ્યાણ તેના હૃદયમાં વસેલું હતું. ''બેન્ટિક હિંદની પ્રજાનો સાચો મિત્ર હતો, જેણે હિંદીઓને સમાન અધિકારો તથા સરકારમાં ગૌરવપ્રદ હિસ્સો આપવા માટેની તમામ શકયતાઓ ઊભી કરી.'' **(ડી.સી.બોલ્જર)**

1.9 વિલિયમ બેન્ટિકના આર્થિક સુધારા :

પ્રથમ બ્રહ્મી વિગ્રહને કારણે ઈસ્ટ ઈન્ડિયા કંપનીની નાણાકીય સ્થિતિ કફોડી બની હતી. તેમજ નવા ચાર્ટરના અમલને કારણે કંપનીનો વેપાર માટેનો ઈજારો નાબૂદ કરવામાં આવ્યો હતો. પરિણામે કંપનીની આવકમાં ખૂબ ઘટાડો થયો હતો. આથી કરકસર, ખર્ચમાં ઘટાડો અને મહેસૂલી આવકમાં વધારો એ બેન્ટિકની આર્થિક નીતિનાં ત્રણ મહત્ત્વનાં સૂત્રો થઈ પડયા.

1.9.1 પગાર તથા ભાડાં–ભથ્થામાં ઘટાડો :

બેન્ટિકે સૈનિકોની સંખ્યામાં ઘટાડો કર્યો. સૈનિકો તેમજ વહીવટી કર્મચારીઓને અપાતાં ભાડા–ભથ્થાની રકમમાં ઘટાડો કર્યો. અત્યાર સુધી કંપનીના લશ્કરી અફસરોને પગાર ઉપરાંત ભથ્થાઓ મળતા હતા. યુદ્ધ સમયે આ ભથ્થા બમણાં થઈ જતાં હતા. બેન્ટિકે આમાં સુધારો કર્યો. કલકત્તાથી 400 માઈલના વિસ્તારમાં આવેલ લશ્કરી અમલદારોના ભથ્થાની રકમ અડધી કરી નાંખવામાં આવી. તેના આ સુધારાથી કંપનીને વાર્ષિક 20 હજાર રૂપિયાની બચત થઈ.

1.9.2 વધારાની જગ્યાઓ તથા ફરતી અદાલતો નાબૂદ કરી :

બેન્ટિકે મુલ્કી અને લશ્કરી તંત્રમાં કાપકૂપ કરીને વધારાની જગ્યાઓ નાબૂદ કરી. લોર્ડ કોર્નવોલિસે સ્થાપેલી ફરતી અદાલતો નાબૂદ કરીને ખર્ચ ઘટાડયો. તમામ વહીવટી અમલદારોને અપાતા ઊંચા પગારોમાં ઘટાડો કર્યો.

1.9.3 અફીણના વેપાર પર અંકુશ :

કંપનીની આવકમાં વધારો કરવા બેન્ટિકે અફીણના વેપારમાં થતી હરીફાઈ પર અંકુશ મૂકયો. માળવામાં ઉત્પન્ન થતું અફીણ કરાંચીને બદલે મુંબઈ બંદરેથી નિકાસ થાય

એમ નક્કી કર્યું. અફીણના વેપારીઓ માટે પરવાના (લાઈસન્સ) લેવાનું ફરજીયાત બનાવ્યું. આથી કંપનીને ખૂબ આર્થિક ફાયદા થયા.

બેન્ટિકે ઉત્તર પ્રદેશમાં જમીન સુધારણા તથા નવી મહેસૂલ પદ્ધતિ દાખલ કરીને મહેસૂલ બાબતમાં નિશ્ચિતતા આણી.

કેટલાંક કુટુંબોને ઘણા જૂના સમયથી રાજાઓ તરફથી જમીનો દાનમાં મળી હતી. આ જમીનો પર મહેસૂલ લેવામાં આવતું ન હતું. બેન્ટિકે આવી જમીનો લઈ લેવાનો નિશ્ચય કર્યો. આ માટે તેણે એવો હુકમ કાઢયો કે આવી જમીનોના માલિકોએ તેમના અધિકારપત્રો સરકારને દર્શાવવા. મોટા ભાગના લોકો વર્ષો પહેલાં મળેલી જમીનમાં કોઈ જાતનાં પ્રમાણપત્રો રજૂ કરી શકયા નહીં. પરિણામે તેમની જમીનો સરકારે લઈ લીધી. તેના આ પગલાંથી લોકોમાં અસંતોષ ફેલાયો. પરંતુ સરકારની આવકમાં વાર્ષિક 30 લાખનો વધારો થયો. બેન્ટિકે સિંધના અમીરો સાથે અને પંજાબના રાજા રણજીતસિંહ સાથે વેપારી સંધિઓ કરી, સરકારનો વેપાર વધાર્યો. વેપાર વિકસતાં કંપનીની આવકમાં વૃદ્ધિ થઈ.

1.10 વિલિયમ બેન્ટિકના વહીવટી સુધારા :

માર્શમેને વિલિયમ બેન્ટિકની સરકારના સમયને પ્રગતિનો યુગ ગણાવી બ્રિટિશ ભારતના ઈતિહાસમાં ભારે આશ્વાસનરૂપ ગણાવ્યો છે. બેન્ટિકે મુલકી વહીવટીતંત્રમાં વિલંબ, ખર્ચ અને અનિશ્ચિતતાનાં ત્રણ મોટાં દૂષણો નાબૂદ કરવા પગલાં લીધા અને ન્યાયતંત્રની કાયાપલટ કરી.

1.10.1 નોકરીઓમાં હિંદીઓની નિમણૂંક :

વહીવટી ખર્ચમાં કરકસર કરવા બેન્ટિકે સરકારી નોકરીઓમાં હિંદીઓને દાખલ કરવાની નીતિ અપનાવી. ઉચ્ચ હોદ્દાઓ પર માત્ર યુરોપિયનોની જ નિમણૂક થતી. આથી શિક્ષિત હિંદીઓમાં ખૂબ જ અસંતોષ પ્રવર્તતો હતો. વળી, અંગ્રેજ અધિકારીઓને ઊંચો પગાર આપવો પડતો હતો. બેન્ટિક એવું માનતો હતો કે હિંદીઓમાં પણ વહીવટીતંત્ર ચલાવવાની આવડત છે. આથી તેણે સૌ પ્રથમ ન્યાયતંત્રના ઉચ્ચ હોદ્દાઓ પર હિંદીઓ નીમવા માંડયા. આનાથી બેન્ટિકની સરકારને આર્થિક લાભ થતો હતો જ, કેમ કે અંગ્રેજોની તુલનામાં હિંદીઓને ઓછું વેતન આપવું પડતું હતું. તેણે આગ્રા પ્રાંત માટે અલ્હાબાદમાં એક મહેસૂલી પંચની સ્થાપના કરી.

લોર્ડ કોર્નવોલિસે ફરતી કોર્ટ–પ્રથા દાખલ કરી હતી. આથી ન્યાય આપવામાં ખૂબ વિલંબ થતો હતો. પરિણામે ગુનેગારોનો કેસ ચાલતો નહીં અને તેને મહિનાઓ સુધી જેલમાં સબડવું પડતું. ન્યાયાધીશો વર્ષનો મોટોભાગ આરામ જ કરતા હતા. વહીવટમાં કાર્યક્ષમતા લાવવા બેન્ટિકે ફરતી અદાલતો નાબૂદ કરી અને તેને બદલે બંગાળના વીસ વિભાગો પાડી દરેક વિભાગ પર એક એક કમિશનરની નિમણૂંક કરી. તેને મેજિસ્ટ્રેટના અદાલતી ચુકાદા પર અપીલ સાંભળવાની સત્તા આપવામાં આવી. સામ્રાજયનો વિસ્તાર વધ્યો હોવાથી તેણે આગ્રામાં સુપ્રીમ કોર્ટની સ્થાપના કરી. આ રીતે બેન્ટિકે ન્યાયતંત્રને કરકસરયુકત અને કાર્યક્ષમ બનાવ્યું.

અદાલતોમાં હવે અદાલતી ભાષાને બદલે ન્યાય માંગનારાઓને તેમની ફારસી ભાષામાં રજૂઆત કરવાની છૂટ આપવામાં આવી. આનાથી ન્યાયતંત્રની તેમની કાર્યવાહી ખૂબ સરળ બની.

બેન્ટિકે ઈ.સ. 1832માં અલ્હાબાદમાં સદર દીવાની અદાલત તથા સદર નિઝામી અદાલતની સ્થાપના કરી. બેન્ટિકે ગુનેગારોને કોરડાઓ (ચાબખાઓ)

ફટકારવાની પ્રથા સદંતર નાબૂદ કરી. યુરોપિયન ન્યાયાધીશોને કેસોનો ઝડપી નિકાલ કરવામાં પ્રતિષ્ઠિત હિંદીઓની સહાય મળે તે માટે બેન્ટિકે ઈ.સ. 1832માં બંગાળમાં જયુરી પદ્ધતિ દાખલ કરી. પરિણામે યુરોપિયન ન્યાયધીશોને કોઈપણ કેસ હિંદીઓની બનેલી જયુરીને સોંપવાની સત્તા આપવામાં આવી. જયુરીએ આ બાબતમાં તપાસ કરીને સમગ્ર અહેવાલ ન્યાયાધીશોને આપવાનો રહેતો.

1.11 વિલિયમ બેન્ટિકના સામાજિક સુધારા :

સમાજકલ્યાણ અને કેળવણીને લગતા સુધારા કરીને લોર્ડ વિલિયમ બેન્ટિકે અમલ કીર્તિ પ્રાપ્ત કરી છે. બેન્ટિકના સામાજિક સુધારાઓમાં સતી પ્રથા નાબૂદી અને ઠગોના ઉપદ્રવનો નાશ નોંધપાત્ર છે.

1.11.1 સતી પ્રથાની નાબૂદી :

હિંદુ સમાજમાં ઉચ્ચ જાતિઓમાં સદીઓથી સતી પ્રથાનો અમાનુષી અને ક્રૂર રિવાજ પ્રચલિત હતો. સ્ત્રી પોતાના મૃત પતિ સાથે બળી મરે તે એક વિશિષ્ટ હક્ક અને માન ગણવામાં આવતા. આ ઘાતકી અને અમાનુષી પ્રથા સામે વિરોધો થતા અને તેની નાબૂદી માટે હિલચાલ થતી પણ કંઈ પરિણામ આવતું નહીં અને અને એ પ્રથા ચાલુ રહેતી. બંગાળમાં આ પ્રથા વધુ પ્રચલિત હતી. અનેક રાજાઓએ આ રિવાજને નાબૂદ કરવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ રૂઢિચુસ્તતાને લીધે આવા પ્રયત્નોને ધર્મમાં દખલગીરીરૂપ ગણવામાં આવતા. વિલિયમ બેન્ટિકે સતી પ્રથાના અનિષ્ટો જોયાં, પછી તેણે અધિકારીઓ સાથે તે રિવાજ નાબૂદ કરીએ તો શાં શાં પરિણામો આવે તેની ચર્ચા કરી. **ડૉ. હોરેસ વિલ્સને** જણાવ્યું કે એ પ્રથાની નાબૂદીથી હિંદીઓની લાગણી દુભારે અને ધર્મમાં કરેલી દખલ ગણાશે. **સર વિલિયમ મેકનોટન** જેવા સુધારાવાદીઓએ આ પ્રથાની નાબૂદી માટે જોરપૂર્વક હિમાયત કરી. સદ્‌ભાગ્યે તેને બંગાળના પ્રતિષ્ઠિત આગેવાનો **રાજા રામમોહનરાય** અને **દ્વારકાનાથ ટાગોર**નો પણ ટેકો મળ્યો. આ આગેવાનોએ બેન્ટિકને હિંદુશાસ્ત્રોના આધાર પર સાબિત કરી બતાવ્યું કે સતી પ્રથાનો રિવાજ શાસ્ત્રોની આજ્ઞા વિરુદ્ધ છે. રાજા રામમોહનરાય કહેતા કે, **''સતીપ્રથા એ વાસ્તવિક અર્થમાં ખૂન જ છે. વહેલામાં વહેલી તકે તેના પર પ્રતિબંધ મૂકવો જોઈએ.''** રાજા રામમોહનરાયની આગેવાની નીચે હિંદુ સુધારકો એની સામે ઘણાં વર્ષોથી ચળવળ ચલાવી રહ્યા હતા. આથી બેન્ટિકને સમાજ–સુધારાનું આવું ક્રાંતિકારી પગલું નહિ ભરવા સમજાવ્યું અને તેનાં ભયસ્થાનો પણ બતાવ્યા. પરંતુ તે બધાને બેન્ટિકે જવાબ આપ્યો કે, ''ડહાપણ અને સ્વાર્થ મને આમ કરતાં રોકી શકે છે, પરંતુ માનવતાનો સાદ મને તેમ કરવા પ્રેરી રહ્યો છે અને એ ઘડીએ હું મારા વર્તમાન કે ભાવિ લાભોને વેગળા મૂકી દઉં છું... મને ચોક્કસ ખાતરી થઈ છે કે મારી આ પવિત્ર ફરજમાંથી હું ચૂકું તો હું અસંખ્ય ખૂનોનો ભાગીદાર બનું. એક દિવસની પણ ઢીલ આ ભયાનક ગુનાની યાદીમાં અસંખ્ય શિકારોને નોંધતી જાય છે. સરકારની એ પવિત્ર ફરજ છે કે માનવતાનું આ કલંક તે ભૂંસે. **(પી.ઈ.રોબર્ટ્સ)** આવી ઉદાત્ત ભાવના અને નૈતિક હિંમત રાખી બેન્ટિકે ઈ.સ. ૧૮૨૯માં સતી પ્રથાને ગુનાહિત અને શિક્ષાત્મક કાર્ય ગણાવતો ધારો બહાર પાડયો. હવે, સતી થવું કે તેમ કરવામાં મદદ કરવી તે ભયંકર ગુનો ગણવામાં આવ્યો અને તેમ કરવામા જવાબદાર વ્યકિત માટે મોતની સજા નક્કી થઈ. શરૂઆતમાં આ કાયદો બંગાળને લાગુ પાડયો. આની સામે બંગાળના હજારો સનાતની હિંદેઓએ ઉગ્ર વિરોધ કરી પ્રીવી – કાઉન્સિલ સુધી અપીલ કરી, પરંતુ ત્યાં તેને નકારી કાઢવામાં આવી. તે પછી મદ્રાસ અને મુંબઈ ઈલાકામાં પણ આ કાયદો લાગુ પાડવામાં આવ્યો. થોડાં જ વર્ષોમાં હિંદમાંથી

આશ્ચર્યજનક ઝડપે આ અમાનુષી પ્રથા નાબૂદ થઈ. **ડી.સી.બોલ્જરે** સતી પ્રથાની નાબૂદીને **''બેન્ટિકની સરકારનાં એક યાદગાર કાર્ય તરીકે બિરદાવ્યું છે.''**

1.11.2 દીકરીઓને દૂધપીતી કરવાના રિવાજ પર પ્રતિબંધ :

બેન્ટિકે રાજપૂત જ્ઞાતિમાં દીકરીઓને ''દૂધપીતી'' કરવાનો જે રિવાજ હતો તેના પર પ્રતિબંધ મૂકતો કાયદો ઘડયો. રાજપૂત જ્ઞાતિમાં કન્યાઓ ઘણી વખત અપમાન અને ઝઘડાનું કારણ બનતી. આથી મા–બાપ દીકરી જન્મે કે તુરંત દૂધના તપેલામાં ડૂબાડી મારી નાંખતા. રાજપૂતાના, પંજાબ, માળવા, કચ્છ, કાઠિયાવાડ વગેરે ઘણી જગ્યાએ આ રિવાજ પ્રચલિત હતો. બેન્ટિકે આ કલંકિત પ્રથાને દૂર કરવા **''બંગાળ રેગ્યુલેશન એકટ''** ઘડીને આ રિવાજ દૂર કરવા માટે સખત પગલાં લીધા છતાં આ કાર્ય રાજપૂતોના રાણીવાસમાં ઓઝલ પડદા પાછળ થતું હોઈ આ રિવાજ નાબૂદ થતાં ઘણી વાર લાગી.

1.11.3 માનવ–બલિની પ્રથા પર પ્રતિબંધ :

પછાત અને આદિવાસી જાતિઓ પોતાના દેવદેવીઓને પ્રસન્ન કરવા અને કૃપા મેળવવા માનવોના બલિદાનો આપતા. દક્ષિણ ભારતની પછાત અને જંગલી જાતિઓમાં તથા ઓરિસ્સાના ગોંડ લોકોમાં આ પ્રથા પ્રચલિત હતી. બેન્ટિકે આ પ્રથાને દૂર કરવા પણ સક્રિય પ્રયત્નો કર્યા.

1.11.4 ગુલામી–પ્રથા નાબૂદ કરી :

અત્યંત ગરીબાઈમાં સબડતા લોકો ભૂખમરાથી બચવા કે દેવું ચૂકવવા પોતાના બાળકોને, સ્ત્રીઓને અથવા તો પોતાની જાતને વેચી દેતા હતા. બેન્ટિકે આ પંથાને દૂર કરવા માટે ઈ.સ. 1832માં ''ગુલામી પ્રથાની નાબૂદી'' માટેનો કાયદો પસાર કર્યો.

1.11.5 ઠગ લોકોનો નાશ કર્યો :

18મી સદીમાં મુઘલ શહેનશાહનું પતન થતાં ઉત્તર ભારતમાં રાજકીય અવ્યવસ્થા ઊભી થઈ. આથી ઠગ લોકોનો ઉપદ્રવ ખૂબ વધી પડયો હતો. ઠગ લોકો કાલી માતાના ભકતો હતા. તેઓ એમ માનતા કે મનુષ્યનો ભોગ આપવાથી કાલી માતા પ્રસન્ન થાય છે. આથી તેઓ રસ્તામાં કે ઘોરી માર્ગોએ એકલદોકલ જતા નિર્દોષ તથા ભોળા પ્રવાસીઓ સાથે માર્ગમાં જોડાતા અને એકાએક પ્રવાસીના ગળે દોરડી કે પાઘડીનો ફાંસો નાંખી તેને સખત બનાવી મારી નાંખતા અને તેની પાસેથી બધું લૂંટી લેતા. ત્યાર બાો પોતાનો ગેનો છુપાવવા તેઓ મૃત દેહોને અમુક જગ્યાઓએ દાટી દેતા. બેન્ટિકનાં શાસનકાળમાં આ ઠગોનો ત્રાસ ખૂબ વધી પડયો હતો. ઉત્તર ભારતમાં અને મધ્ય ભારતમાં તેનું સંગઠન જબરજસ્ત બની ગયું હતું. બેન્ટિકે આ સમાજ વિરોધી તત્ત્વોને ડામવાનું કાર્ય **કર્નલ સ્લીમેન** અને **સ્મિથ** નામના અધિકારીઓને સોંપ્યું. તેમને તમામ સત્તા અને શસ્ત્રો આપવામાં આવ્યા. સૌ પ્રથમ કર્નલ સ્લીમેને ઠગ લોકોની સંપૂર્ણ માહિતી મેળવી, તેમનાં છૂપા સ્થાનોનો પત્તો લગાવ્યો. લગભગ 3,000 ઠગોને પકડવામાં આવ્યા. બસો ઠગોને કેદની સજા કરવામાં આવી. કેટલાંકને ફાંસીની સજા કરવામાં આવી. કેટલાંકને પુનઃવસવાટ માટે જમીનો આપવામાં આવી અને તેમનાં બાળકો માટે જબલપુરમાં એક ઔદ્યોગિક શાળા પણ ખોલવામાં આવી. આમ, ઠગોને સુધારી, શિક્ષણ આપીને બેન્ટિક સરકારે નવજીવન બક્ષ્યું. આમ, બેન્ટિકે ઠગ લોકોનો સંપૂર્ણ નાશ કરીને ભારતમાં શાંતિ અને સલામતીની સ્થાપના કરી. **(ડૉ. ધારૈયા)**

1.11.6 ધર્મ–પરિવર્તનની છૂટ :

હિંદુ ધર્મ પ્રમાણે કોઈપણ વ્યકિત અન્ય ધર્મ અંગિકાર કરે તો તેને પિતાની મિલકતમાંથી હિસ્સો મળી શકે નહીં. આથી લોકો ધર્મ પરિવર્તન કરતાં અચકાતા હતા. બેન્ટિકે હિંદુ ધર્મના આ રૂઢિગત બંધનને દૂર કરવા અને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા કાયદો કર્યો કે ''કોઈપણ હિંદુ કે મુસલમાન ધર્મનો અનુયાયી ખ્રિસ્તી થવા માંગતો હશે તો તેને વારસાગત મિલકતથી વંચિત કરી શકાશે નહીં.'' ધર્મના ક્ષેત્રે બેન્ટિકનો આ હસ્તક્ષેપ ભલે ઉદાર કહેવાય પરંતુ પરોક્ષ રીતે બેન્ટિકે ખ્રિસ્તી ધર્મના પ્રચારને વેગ આપ્યો, જે હિંદુ ધર્મ માટે ઘાતક કહી શકાય.

1.11.7 પ્રેસ–પ્રકાશનની સ્વતંત્રતા :

બેન્ટિક પ્રગતિશીલ વિચારસરણી ધરાવનાર અને નાગરિક સ્વાતંત્ર્યનો પ્રબળ સમર્થક હતો. તેથી તે કહેતો હતો કે સરકારની કોઈપણ ખોટી બાબતોની ટીકા કે વિવેચન કરવામાં કશો જ વાંધો હોવો જોઈએ નહીં. આથી તેણે ઈ.સ. ૧૮૩૫માં પ્રેસ પ્રકાશનો ઉપરના તમામ અંકુશો દૂર કર્યા. સરકારી કર્મચારીઓને પોતાના વિચારો વર્તમાનપત્રોમાં પ્રકટ કરવાની પૂરતી સ્વતંત્રતા આપવામાં આવી.

1.12 વિલિયમ બેન્ટિકના કેળવણી વિષયક સુધારાઓ :

1.12.1 અંગ્રેજી કેળવણીની શરૂઆત :

ઈ.સ. 1813માં ઈંગ્લેન્ડની પાર્લમેન્ટ કંપનીને આદેશ આપ્યો હતો કે, તેણે દર વર્ષે એક લાખ રૂપિયા હિંદમાં કેળવણી, કલા અન. સંસ્કૃતિને ઉત્તેજન આપવા માટે વાપરવા. વીસ વર્ષ થઈ ગયા છતાં કંપનીએ કેળવણી અંગે એક પણ પાઈ વાપરી ન હતી, તેથી કેળવણી માટે વીસ લાખ રૂપિયા એકઠા થયેલાં હતા. બેન્ટિકે આ રકમનો ઉપયોગ કરી હિંદમાં અંગ્રેજી કેળવણી દાખલ કરી.

ભારતમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી રહે કે દેશી ભાષા રહે તેનો ઐતિહાસિક નિર્ણય બેન્ટિકના સમયમાં લેવામાં આવ્યો. આ પ્રશ્ન પર ભારે વિવાદ સર્જાયો. **ડૉ. વિલ્સન** અને **ડૉ. ભાંડારકર** જેવા વિદ્વાનો સંસ્કૃત અને ફારસી સાહિત્યને ઉત્તેજન આપવાના મતના હતા. તેઓ માનતા કે હિંદી લોકોને તેમની પ્રાચીન પ્રણાલિકા અનુસાર પ્રાદેશિક ભાષામાં શિક્ષણ આપવું જોઈએ. તેઓ **પૌર્વાત્ય મતવાદીઓ** (orientalists) કહેવાતા. જયારે **સર ચાર્લ્સ ટ્રેવેલિયન લોર્ડ મેકોલે, રાજા રામમોહનરાય** જેવા અગ્રણીઓ પાશ્ચાત્ય શિક્ષણથી સમાજમાં વર્તમાન અનિષ્ટો દૂર કરી શકાશે તથા હિંદીઓને સરકારી નોકરીમાં જોડાવાની તક મળી રહેશે તેવી તેમની માન્યતા હતી. વિલિયમ બેન્ટિક પણ અંગ્રેજી કેળવણી તથા પાશ્ચાત્ય જ્ઞાન વિજ્ઞાન દાખલ કરવાના મતનો હતો. બેન્ટિકે આ વિવદાસ્પદ પ્રશ્નનું સમગ્ર અવલોકન કરવા ઈ.સ. 1835માં **લોર્ડ ટી.બી. મેકોલે**ના પ્રમુખપણા નીચે એક પંચ નીમ્યું. આ પંચે પોતાના અહેવાલમાં હિંદની દેશી કેળવણીની પદ્ધતિને તિરસ્કારી કાઢી અને અંગ્રેજી કેળવણીને ઉત્તેજન આપવાની હિમાયત કરી. બેન્ટિકે આ અહેવાલ સ્વીકાર્યો અને **7મી માર્ચ, 1835માં ઠરાવ પસાર કરી હિંદની પ્રજાને અંગ્રેજી ભાષા દ્વારા સરકારી ધોરણે કેળવણી આપવાનું નક્કી કર્યું.** બેન્ટિકનાં પગલાંને રાજા રામમોહનરાય જેવા સમાજ સુધારકોએ ટેકો આપ્યો. હિંદીઓને અંગ્રેજી ભાષા દ્વારા શિક્ષણ આપવાની નીતિના પરિણામે અંગ્રેજી ભાષા હિંદની જનતાની ભાષા બની. આથી હિંદીઓ બૌદ્ધિક ગુલામીમાં સપડાયા પરંતુ આનાથી હિંદનો શિક્ષિત વર્ગ, બર્ક, મિલ, બેન્થામ જેવા પ્રસિદ્ધ અંગ્રેજી સાહિત્યકારોનાં લખાણોથી પરિચિત થયો. આ લખાણો તેમનામાં રાષ્ટ્રીય જાગૃતિ અને સ્વાતંત્ર્યની ઝંખના પેદા કરી. **પંડિત નહેરુ**ના મતે, ''

અંગ્રેજી કેળવણીએ હિંદીઓની દષ્ટિમર્યાદા વિસ્તૃત કરી. અંગ્રેજી સાહિત્ય તેમજ રાજકીય સંસ્થાઓ માટે ચાહના પેદા કરી, હિંદી જીવનની કેટલીક બાજુઓ તેમજ રૂઢિઓ સામે વિરોધની લાગણી ઉત્પન્ન કરી અને રાજકીય સુધારાઓ માટે ઉત્તરોત્તર વધતી જતી માંગણી પેદા કરી.'' ખુદ મેકોલેને પણ અંગ્રેજી કેળવણીના આવા પરિણામો આવશે તેનો ખ્યાલ ન હતો. આથી ''પાશ્ચાત્ય શિક્ષણ પદ્ધતિ હિંદમાં દાખલ કરીને બેન્ટિક અને મેકોલેએ અંગ્રેજી રાજયને ફાંસી આપવાના હુકમ પર હસ્તાક્ષર કર્યા કરેવાય.'' **(પ્રા. દીવાકર)**

હિંદના વિદ્યાર્થીઓને મેડિસીન (દવાઓ)ના પાશ્ચાત્ય સિદ્ધાંતનું શિક્ષણ આપવા બેન્ટિકે ઈ.સ. 1835માં કલકત્તામાં મેડીકલ કોલેજની શરૂઆત કરી. બેન્ટિકે રૂડકીમાં એક સિવિલ એન્જિનિયરિંગ કોલેજની પણ સ્થાપના કરી.

1.13 વિલિયમ બેન્ટિકના સાર્વજનિક સુધારા :

હિંદની પ્રજાના કલ્યાણ માટે તેણે કેટલીક સિંચાઈની યોજનાઓ પૂર્ણ કરી, વાયવ્ય સરહદ પ્રાંતમાં નહેરો ખોદાવી. ઈ.સ. 1836માં અપર ગંગા નહેરની શરૂઆત કરી. વેપાર–વાણિજયના વિકાસ માટે તેણે અનેક વિશાળ રસ્તા બંધાવ્યા. કલકત્તાથી દિલ્હી સુધીનો ''ગ્રાન્ટ ટ્રન્ક રોડ'' તેના સમયમાં પૂર્ણ થયો. મુંબઈથી આગ્રા સુધીનો એવો જ માર્ગ બાંધવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું. દરિયાઈ વેપારને ઉત્તેજન આપવા બેન્ટિકે ઈંગ્લેન્ડ અને હિંદ વચ્ચે રાતા સમુદ્ર મારફત સ્ટીમ લોચ વ્યવહારને ઉત્તેજન આપ્યું. આથી ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચેનું અંતર ઘટયું.

1.14 વિલિયમ બેન્ટિકના સુધારાઓનું મૂલ્યાંકન :

લોર્ડ વિલિયમ બેન્ટિકના શાસનની દરેક ઈતિહાસકારે પ્રશંસા કરી છે. ભારે મુશ્કેલીઓ ભર્યા અને ખર્ચાળ યુદ્ધોવાળા એ સમય વચ્ચે તેનું સાત વર્ષનું શાસન શાંતિ અને વિરામ સમય જેવું પુરવાર થયું. તેથી જ લાંબા સમયથી કરવા યોગ્ય સુધારા કદાચ તેના સમયમાં શકય બન્યા. બેન્ટિકે કરેલા વિવિધ સુધારાઓને ધ્યાનમાં રાખી **રમેશચંદ્ર દત્તે** તેના શાસનને ''શાંતિ, ખર્ચમાં કાપકૂપ અને સુધારાના યુગ'' તરીકે ઓળખાવ્યું છે. હિંદના કુરિવાજો દૂર કરવામાં તેણે બતાવેલી હિંમત ખરેખર પ્રશંસનીય છે. તેણે ભારત ઉપર દીર્ઘદષ્ટિપૂર્વક, બુદ્ધિપૂર્વક અને ઉદારતાથી રાજય કર્યું. તેની કીર્તિ શાંતિને કારણે હતી, યુદ્ધને કારણે નહીં. **ડૉ. ઈશ્વરીપ્રસાદે** યોગ્ય જ કહ્યું છે કે, ——Bentinck's glories were the glories of peace." તેના સુધારાઓ દ્વારા પાશ્ચાત્ય ધોરણે હિંદની પ્રગતિનો માર્ગ ખુલ્લો થયો.

શાસિતો પ્રત્યે શાસકોની શી ફરજો છે તેનું ભાન કંપનીને કરાવનાર સૌ પ્રથમ બેન્ટિક હતો. ''હિંદની પ્રજાના સુખ સંતોષ પર જ બ્રિટિશ સત્તા ટકી રહેશે.'' એ બેન્ટિકે હિંદની પ્રજાની જે સેવા બજાવી તેની યાદગીરીમાં કલકત્તામાં એક પ્રતિમા મૂકવામાં આવી છે. તેના પર લોર્ડ મેકોલેએ તેની સિદ્ધિઓની સમાલોચના કરતાં લખ્યું છે કે, ''આ પ્રતિમા વિલિયમ કેવિનડિશના માનમાં સ્થપાઈ છે, જેણે સાત વર્ષના ગાળામાં શ્રેષ્ઠ બુદ્ધિશીલતા, સચ્ચાઈ અને ઉદાર ભાવનાથી ભારતનો વહીવટ કર્યો. મોટા સામ્રાજયનો વડો હોવા છતાં વ્યકિતગત નાગરિકપણું, સાદાઈ અને વિવેક કદી છોડયાં નહીં. પ્રાચીન ઢબના આપખુદ શાસનમાં બ્રિટિશ સ્વાતંત્ર્યની ભાવાનાનું સિંચન કર્યું અને એ કદી ભૂલ્યો ા હતો કે સરકારનું અંતિમ ધ્યેય શાસિત લોકોનું કલ્યાણ કરવાનું છે.'' બેન્ટિકના વહીવટીતંત્રની સફળતા અંગે વિરોધી ખ્યાલો પણ જોવા મળે છે.

ગ્રેનવીલ નામનો ઈતિહાસ બેન્ટિક વિશે પોતાનો અભિપ્રાય આપતા લખે છે કે, '' બેન્ટિક એક એવી વ્યકિત છે, જેના જીવનની સફળતા, તેની પ્રતિભા કરતા ખરેખર મહાન છે. તે સ્વભાવે સરળ, લોકપ્રિય અને પોતાની માન્યતાઓમાં ઉદાર તથા અતિથિપરાયણ રહ્યો છે.''

વિલિયમ બેન્ટિકનો સારો એવો પરિચય ધરાવનાર **એચ.ટી. પ્રિન્સેપ** જણાવે છે કે, '' બેન્ટિક પરિવર્તનનો ચાહક હતો અને પ્રવર્તમાન પ્રત્યેક સંસ્થાઓ અથવા તો રીતરિવાજોની અંદર હસ્તક્ષેપ કરવા માટે હરહંમેશ ઉત્સુક રહેતો. તેના કેટલાંક પરિવર્તનો ખરેખર લાભદાયી હતા.''

સમગ્રપણે જોઈએ તો બેન્ટિકનો શાસનકાળ 'એંગ્લો–ઈન્ડિયન ઈતિહાસનો એક ફળદાયી શકવર્તી બનાવ હતો'' તેમ જરૂર કહી શકાય.

1.14.1 વિલિયમ બેન્ટિકની પરદેશનીતિ :

બેન્ટિકને તેની પરદેશ નીતિમાં પણ સારી એવી સફળતા મળી હતી. બેન્ટિકના સમયમાં રશિયા, ઈરાન અને અફઘાનિસ્તાન તરફ ઝડપથી પ્રાદેશિક વિસ્તાર કરી રહ્યું હતું. આથી બ્રિટિશ સરકાર ખૂબ જ ચિંતાતુર હતી. આથી બેન્ટિકે ભારતની ઉત્તર પશ્ચિમ સરહદ ઉપર સુરક્ષા સ્થાપવા પગલાં ભર્યા. તેણે પંજાબના રાજા રણજીતસિંહ અને સિંધના અમીરો સાથે મૈત્રીભર્યા સંબંધો સ્થાપ્યા.

1. **પંજાબના રણજીતસિંહ સાથે મિત્રાચારી :** ઈ.સ. 1809માં ગવર્નર જનરલ મિન્ટોએ રણજીતસિહ સાથે મૈત્રી પૂર્ણ સંધિ કરી હતી. બેન્ટિકના સમયમાં રશિયા પૂર્વ તરફ ઝડપથી સામ્રાજય વિસ્તાર કરી રહ્યું હતું. આથી બેન્ટિકે રણજીતસિંહ સાથેના કંપનીના જૂના સંબંધોને દઢ કરવા પ્રયત્નો શરૂ કર્યા. ઈ.સ. 1831માં રૂપર નામના સ્થળે દરબાર ભરી ત્યાં રણજીતસિંહનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું અને મૈત્રીના કરાર તાજા કરવામાં આવ્યા. આ સંધિથી અંગ્રેજોને સિંધુ નદીને પેલે પાર વ્યાપાર કરવાની છૂટ મળી.

2. **સિંધના અમીરો સાથે સંધિ :** સિંધ પ્રદેશ વેપાર અને સંરક્ષણની દષ્ટિએ ખૂબ જ ઉપયોગી હતો. કંપની સરકારે ઈ.સ. 1809 અને 1820માં સિંધ સાથે મિત્રાચારીના કરારો કર્યા હતા. રણજીતસિંહની નજર સિંધ પર હતી. આથી બેન્ટિકે સિંધના અમીરોને પોતાના પક્ષમાં લેવાના પ્રયાસો કર્યા. બેન્ટિકે કર્નલ **પોટિંજરને** સિંધના અમીરો સાથે વાટાઘાટો કરવા મોકલ્યો. તેણે 1832માં સિંધના અમીરો સાથે સંધિ કરી. સિંધના જળમાર્ગો અને જમીનમાર્ગો અંગ્રેજ વેપારીઓ માટે ખુલ્લા થયા. આ સંધિથી અંગ્રેજોએ સિંધને રણજીતસિંહ કે અફઘાનિસ્તાન સામે રક્ષણ કરવાની બાંયધરી આપી. પરંતુ આથી રણજીતસિંહના મનમાં અંગ્રેજો માટે ખૂબ અવિશ્વાસ પેદા થયો. આ રીતે પંજાબ અને સિંધને મિત્ર બનાવીને બેન્ટિકે ભારતની વાયવ્ય સરહદને સુરક્ષિત બનાવી.

1.14.2 વિલિયમ બેન્ટિકના સુધારા :

અર્વાચીન ભારતના ઈતિહાસમાં બેન્ટિકનો શાસનકાળ તેના સુધારાઓ માટે જાણીતો છે. બેન્ટિક સ્વભાવે સરળ, ઉદાર અને પ્રગતિશીલ વિચારસરણી ધરાવનાર હતો. હિંદનું કલ્યાણ કરવાની બ્રિટિશ સરકારની મુખ્ય ફરજ છે તેવું માનતો હતો. આથી તેણે હિંદીઓને સમાન અધિકારો તથા સરકારમાં ગૌરવપ્રદ હિસ્સો આપવાની તમામ શકયતાઓ ઊભી કરી.

ઈસ્ટ ઈન્ડિયા કંપનીની નાણાંકીય સ્થિતિને સદ્ધર બનાવવા બેન્ટિકે ખર્ચમાં કરકસર કરી અને આવકના નવાં સાધનો ઊભા કર્યા. તેણે સૈનિકોની સંખ્યામાં ઘટાડો કર્યો. સૈનિકો તેમજ વહીવટી કર્મચારીઓને અપાતા ભાડા ભથ્થામાં કાપ મૂકયો. કલકત્તાથી 400 માઈલના વિસ્તારમાં આવેલ લશ્કરી અમલદારોના ભથ્થાની રકમ અડધી કરી નાંખી. લોર્ડ કોનસ્વોલિસે શરૂ કરેલ ફરતી અદાલતો નાબૂદ કરીને ખર્ચ ઘટાડયો. વહીવટી અમલદારોના ઊંચા પગારમાં ઘટાડો કર્યો. કંપનીની આવકમાં ચ્રવધારો કરવા અફીણના વેપાર પર અંકુશ મૂકયો અને વેપારીઓ માટે પરવાના પદ્ધતિ દાખલ કરી. ઉત્તર પ્રદેશમાં નવી મહેસૂલી પદ્ધતિ દાખલ કરી, મહેસૂલની આવક નિશ્ચિત કરી. કેટલીક મહેસૂલ મુકત જમીનો લઈ લેવામાં આવી. બેન્ટિકે સિંધના અમીરો સાથે સંધિ કરીને કંપનીનો વેપાર વધાર્યો. આ બધા પગલાંથી ઈસ્ટ ઈન્ડિયા કંપનીની આવકમાં ખૂબ જ વધારો થયો.

વહીવટી ખર્ચમાં કરકસર કરવા બેન્ટિકે હિંદીઓને નોકરીમાં દાખલ કરવાની નવી પ્રથા અપનાવી. બેન્ટિક માનતો હતો કે હિંદીઓમાં પણ વહીવટીતંત્ર ચલાવવાની આવડત છે. આથી તેણે ન્યાયતંત્રના ઉચ્ચ હોદ્દાઓ પર હિંદીઓને નીમ્યા. ન્યાયમાં થતા અક્ષમ્ય વિલંબને રોકવા તેણે ફરતી અદાલતો નાબૂદ કરી. બંગાળના વીસ વિભાગો પાડી દરેક વિભાગ પર એક એક કમિશનરની નિમણૂંક કરીને તેમને મેજીસ્ટ્રેટની અદાલતના ચુકાદા પર અપીલ સાંભળવાની સત્તા આપવામાં આવી. તેણે આગ્રામાં સુપ્રિમ કોર્ટની સ્થાપના કરી. ન્યાયતંત્રનું કાર્ય સરળ બનાવવા તેણે ફારસી ભાષાને બદલે પ્રાદેશિક ભાષા દાખલ કરી. અલ્હાબાદમાં સદર–દીવાની અને સદર–નિઝામી અદાલતો શરૂ કરી. બેન્ટિકે ગુનેગારોને કોરડા મારવાની પ્રથા નાબૂદ કરી.

સમાજકલ્યાણ અને કેળવણીને લગતા સુધારા કરીને બેન્ટિકે અમર કીર્તિ પ્રાપ્ત કરી છે. હિંદમાં સામાજિક સુધારાઓ હિંમતપૂર્વક દાખલ કરનાર તે સૌથી પહેલો ગવર્નર જનરલ હતો. તેણે ઈ.સ. 1829માં સતી થવાની ક્રૂર અને ઘાતકી પ્રથાને નાબૂદ કરતો કાયદો પસાર કર્યો. તે માટે જવાબદાર વ્યકિતઓને મોતની સજા ફટકારવામાં આવી. પરિણામે થોડાં જ વર્ષોમાં હિંદમાંથી આશ્ચર્યજનક ઝડપે આ અમાનુષી પ્રથા નાબૂદ થઈ. **ડી.સી. બોલ્જર** નામના લેખકે સતી પ્રથાની નાબૂદીને ''બેન્ટિકની સરકારના એક યાદગાર કાર્ય તરીકે બિરદાવ્યું છે.'' તેવી જ રીતે રાજપૂત સમાજમાં દીકરીઓને દૂધ પીતી કરવાનો રિવાજ હતો. તે પણ બેન્ટિકે નાબૂદ કર્યો. પછાત અને આદિવાસી જાતિઓ દેવ–દેવીઓને ખુશ કરવા માવોનાં બલિદાનો આપતા. બેન્ટિકે આ પ્રથાને દૂર કરવા પણ પ્રયત્નો કર્યા. બેન્ટિકે હિંદમાંથી ગુલામી પ્રથાને પણ નાબૂદ કરી. બેન્ટિકે ઉત્તર અને મધ્ય ભારતમાં ફેલાયેલા ઠગોના ઉપદ્રવને પણ નાબૂદ કર્યા. ઠગોનો નાશ કરીને તેણે ભારતમાં શાંતિ અને સલામતી સ્થાપી. બેન્ટિકે ધર્મપરિવર્તન કરનારને પૈતૃક મિલકતના વારસામાં કોઈ વાંધો ન આવે તેવો કાયદો ઘડી હિંદમાં ખ્રિસ્તી ધર્મના પ્રચારને વેગ આપ્યો. બેન્ટિકે પ્રેસ–પ્રકાશનો ઉપરના તમામ અંકુશો દૂર કર્યા અને દરેકને પોતાના વિચારો પ્રગટ કરવાની સ્વતંત્રતા આપી.

હિંદમાં અંગ્રેજી કેળવણીની શરૂઆત એ બેન્ટિકની સરકારની સૌથી મોટી સિદ્ધિ હતી. લોર્ડ મેકોલેની મદદથી તેણે 1835માં હિંદમાં અંગ્રેજી શિક્ષણ દાખલ કર્યું. તેના આ પગલાંને હિંદના સમાજ સુધારકોએ પણ બિરદાવ્યું. અંગ્રેજી શિક્ષણે ભારતમાં રાષ્ટ્રવાદ જાગ્રત કર્યો અને સ્વાતંત્ર્યની ઝંખના પેદા કરી. તેનાથી કંપની સરકારને હિંદી કારકુનો મળતા થયા. બેન્ટિકે કલકત્તામાં સૌ પ્રથમ મેડીકલ કોલેજની સ્થાપના કરી. તેણે રૂડકીમાં એન્જિનિયરિંગ કોલેજ પણ સ્થાપી. આમ જનતાના કલ્યાણ માટે બેન્ટિકે કેટલીક

સિંચાઈની યોજનાઓ પણ અમલમાં મૂકી. વેપાર–વાણિજયના વિકાસ માટે રસ્તાઓ બનાવ્યા અને રિપેર કરાવ્યા. તેણે દરિયાઈ વેપારને પણ ઉત્તેજન આપ્યું.

આમ, વિલિયમ બેન્ટિકે સાત વર્ષ સુધી દીર્ઘદષ્ટિપૂર્વક, બુદ્ધિપૂર્વક અને ઉદારતાથી રાજય કર્યું. તેણે પોતાના સુધારાઓ દ્વારા પાશ્ચાત્ય ધોરણે હિંદની પ્રગતિનો માર્ગ ખૂલ્લો કર્યો. આમ, '' બેન્ટિકનો શાસનકાળ એંગ્લો–ઇન્ડિયન ઈતિહાસનો સૌથી વધુ ફળદાયી બનાવ હતો'' એમ જરૂર કહી શકાય.

1.15 સારાંશ :

ભારતના મરીમસાલા, તેજાના, મલમલ, રેશમી કાપડ, ગળી તેમજ બીજી અનેક કિંમતી ચીજોની પશ્ચિમના દેશોમાં ભારે માંગ હતી. જથી એલેક્ઝાંડિયા અને કોસ્ટેન્ટિનોપલ જેવાં કેન્દ્રો મારફતે પશ્ચિમ અને પૂર્વના દેશો વચ્ચેનો વેપાર ઈરાની આખાત અને રાતા સમુદ્રના જળમાર્ગે તેમજ મધ્ય એશિયાના જમીન માર્ગે કરવામાં આવતો. જેથી ઈ.સ. 1453માં તુર્ક મુસ્લિમોએ ખ્રિસ્તીઓના તાબા હેઠળનું કોન્સ્ટેન્ટિનોપલ જીતી યુરોપના લોકોને ભારત આવવા માટે નવો જળમાર્ગ શોધવાની જરૂર પડતા ઈ.સ. 1498માં પોર્ટુગલના સાહસિક નાવિક વાસ્કો–દ–ગામાએ ભારત તરફનો નવો જળમાર્ગ શોધ્યો. જેથી યુરોપીય પ્રજા ક્રમશઃ ભારતમાં વેપાર કરવા લાગ્યા.

અંગ્રેજોએ રક્ષણના બહાને કોલકાતાની પોતાની કોઠીની ફરતે કિલ્લેબંધી કરી. બંગાળના નવાબ સિરાજ–ઉદ્–દૌલાએ એ કિલ્લેબંધી તોડી નાંખી. અંગ્રેજોએ કલાઈવના નેતૃત્વ હેઠળ ઈ.સ.1757માં પ્લાસીના યુદ્ધમાં નવાબ સિરાજ–ઉદ્–દૌલાને હરાવ્યો. આ યુદ્ધના પરિણામે ભારતમાં અંગ્રેજ સત્તાનો પાયો નંખાયો. ઈ.સ.1764માં બકસરના યુદ્ધમાં વિજેતા બનેલા અંગ્રેજોને બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં જમીન મહેસુલ ઉઘરાવવાની સત્તા (દીવાની સત્તા) મળી. વહીવટની જવાબદારી નવાબને શિરે રહી, જયારે મહેસૂલ ઉઘરાવવાની સત્તા અંગ્રેજોએ સંભાળી, દ્વિમુખી શાસન પદ્ધતિને પરિણામે આ ત્રણે પ્રાંતોના લોકોની આર્થિક દુર્દશા થઈ. લોર્ડ હેસ્ટિંગ્સે મરાઠાઓ અને હૈદરઅલી જેવા કંપનીના પ્રબળ દુશ્મનો સામે અંગ્રેજ સત્તાનું સંરક્ષણ કર્યું.

'હિંદના સુખસંતોષ પર જ બ્રિટનની મહાનતાનો આધારે છે'– એ બેન્ટિકની નીતિનું પાયાનું સૂત્ર હતું. બેન્ટિક હિંદની પ્રજાનો સાચો મિત્ર હતો. તેણે હિંદીઓને સમાન અધિકારો તથા તથા સરકારમાં ગૌરવપ્રદ હિસ્સો આપવા માટેની તમામ શકયાતાઓ ઊભી કરી. તેણે પગાર તથા ભાડાભથ્થામાં ઘટાડો કર્યો. વધારાની જગ્યાઓ તથા ફરતી અદાલતો બંધ કરાવી, અફીણના વેપાર પર અંકુશ મૂકયો, ઉ. પ્રદેશમાં જમીન સુધારણા કરી. મહેસૂલ નીતિ નક્કી કરી. તેણે નોકરીઓમાં હિંદીઓની ભરતી કરી, ફરતી કોર્ટ પ્રથા બંધ કરી, ન્યાય તંત્રમાં કરકસર કરી, અલ્હાબાદમાં સદર દીવાની અદાલતની સ્થાપના કરી. ગુનેગારોને કોરડા મારવાની પ્રથા બંધ કરી. સામાજિક સુધારા કરીને બેન્ટિકે અમર કીર્તિ પ્રાપ્ત કરી. તેણે સતીપ્રથા જેવી અમાનુષી પ્રથા નાબૂદ કરી. તેમાં રામમોહનરોયનો ખૂબ સાથ મળ્યો. તેણે દીકરીઓને દૂધ પીતી કરવાનો રિવાજ અટકાવ્યો. માનવ બલિ પ્રથા પર પ્રતિબંધ મૂકયો. ગુલામી પ્રથા નાબૂદ કરી. ઠગ લોકોનો નાશ કર્યો. તેણે ધર્મ પરિવર્તનની છૂટ આપી. તેણે પ્રેસ પ્રકાશનને સ્વતંત્રતા આપી. બેન્ટિકે ભારતમાં પાશ્ચાત્ય કેળવણી દાખલ કરી. ભારત અર્વાચીન યુગમાં દાખલ થયું. સિંચાઈ યોજનાઓ અમલમાં મૂકી. વેપાર–વાણિજયનો વિકાસ કર્યો. પાશ્ચાત્ય શિક્ષણની હિંદીઓની દષ્ટિ મર્યાદા વિસ્તૃત બની. રાજકીય સંસ્થાઓ માટે ચાહના પેદા કરી નવયુવાનોમાં રાષ્ટ્રીય ભાવના પેદા થઈ.

1.16 તમારી પ્રગતિ ચકાસો :

(1) ટૂંકા પ્રશ્નોના જવાબ આપો.

1. ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના ક્યારે થઈ ?

2. તુર્કોએ ખ્રિસ્તીઓના તાબા હેઠળનું કોન્સ્ટેન્ટિનોપલ કઈ સાલમાં જીતી લીધું ?

3. યુરોપ અને એશિયાના વેપારીઓના વેપારનું મુખ્ય પ્રવેશદ્વાર ક્યું છે ?

4. ફિરંગીઓના પતનના કારણો જણાવો ?

(1) ફિરંગીઓએ ભારતમાં જોરજુલમથી ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા પ્રયત્ન કર્યો. તેઓ વેપારની સાથે ચાંચિયાગીરી પણ કરતા હતા.

(2) આલ્બુકર્ક પછી કોઈ કુશળ વહીવટીકર્તા આવ્યો નહિ. ફિરંગીઓનો વહીવટ શિથિલ, અપ્રમાણિક અને લાંચરુશ્વતથી ભરપૂર હતો.

(3) શરૂઆતમાં ફિરંગીઓને મુઘલો અને મરાઠાઓ સાથે સંઘર્ષ કરવો પડયો અને પછી વલંદાઓ, ફ્રેન્ચો અને અંગ્રેજોનો સામનો કરવો પડયો.

5. ભારત સરકારે દીવ, દમણ અને ગોવાનો કબજો કયા વર્ષમાં મેળવ્યો ?

6. ભારતમાં અંગ્રેજ સત્તાનો સ્થાપક કોણે કહેવામાં આવે છે ?

7. કઈ કઈ યુરોપીય પ્રજાઓ ભારતમાં વેપાર કરવા આવી ? તેમનાં મુખ્ય કેન્દ્રો (મથકો) જણાવો.

8. ભારતમાં ફિરંગીઓનું પતન શાથી થયું ?

અથવા

ફિરંગીઓ ભારતમાં સત્તા સ્થાપવામાં શાથી નિષ્ફળ ગયા ?

9. ભારતમાં અંગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચે શાથી સંઘર્ષ થયો ? તેના શાં પરિણામ આવ્યાં ?

અથવા

અંગ્રેજ–ફ્રેન્ચ સ્પર્ધામાં અંગ્રેજોનો કેવી રીતે વિજય થયો ?

10. પ્લાસીનું યુદ્ધ કયારે, કોના કોના વચ્ચે થયું ? તેનું શું પરિણામ આવ્યું ?

અથવા

પ્લાસીની લડાઈમાં કલાઈવે કેવી રીતે વિજય મેળવ્યો ?

11. બકસરની લડાઈ કયારે, કોની કોની વચ્ચે થઈ ? તેનાથી અંગ્રેજોને શો લાભ થયો ?

12. દ્વિમુખી શાસનપદ્ધતિ એટલે શું ? તે કોણે અને કયાં દાખલ કરી હતી ? તેના શાં પરિણામો આવ્યાં ?

અથવા

ટૂંકનોંધ લખો : દ્વિમુખી શાસનપદ્ધતિના મુખ્ય લક્ષણો અને તેનાં પરિણામો દર્શાવો.

13. કાયમી જમાબંધીનાં મુખ્ય લક્ષણો જણાવી, તેની અસરોની ચર્ચા કરો.

અથવા

કાયમી જમાબંધીના ફાયદા–ગેરફાયદાઓ વર્ણવો.

14. લોર્ડ વિલિયમ બેન્ટિકનો શાસનકાળ શા માટે યાદગાર ગણાય છે ?

અથવા

વિલિયમ બેન્ટિકના સુધારાઓ જણાવો.

_____
_____
_____

15. લોર્ડ કલાઈવે ભારતમાં અંગ્રેજ સત્તાનો પાયો કેવી રીતે નાખ્યો ?

_____
_____
_____

16. વોરન હસ્ટિંગ્સે ઊગતી જતી અંગ્રેજ સત્તાને કેવી રીતે બચાવી લીધી ?

_____
_____
_____

17. લોર્ડ કોર્નવોલિસને 'કંપનીના વહીવટી તંત્રનું લોખંડી માળખું રચનાર' કહેવામાં આવે છે, શાથી ?

_____
_____
_____

18. લોર્ડ કોર્નવોલિસે કાયમી જમાબંધી શા માટે દાખલ કરી ?

_____
_____
_____

19. કાયમી જમાબંધી ખેડૂતો માટે શાથી શાપરૂપ નીવડી ?

અથવા

કાયમી જમાબંધીએ ખેડૂતોને કેવી રીતે પાયમાલ કર્યો ?

_____
_____
_____

20. લોર્ડ વેલેસ્લીએ સહાયકારી સંધિ યોજના શા માટે અમલમાં મૂકી ?

_____
_____
_____

21. લોર્ડ વેલેસ્લીને અંગ્રેજ સત્તાનો 'દ્વિતીય સ્થાપક' શા માટે કહેવામાં આવે છે ?

_____
_____
_____

22. હિંદ શા માટે લોર્ડ મેકોલેને યાદ કરે છે ?

_____
_____
_____

(2) નીચેના પ્રશ્નો સવિસ્તારથી ચર્ચો.

1. ભારતમાં કઈકઈ યુરોપિય પ્રજાઓ વેપાર કરવા માટે આવી ? તેમની પ્રવૃત્તિઓનો સંક્ષિપ્ત ઈતિહાસ જણાવો.

_____
_____
_____
_____
_____

2. ભારતમાં બ્રિટિશ સત્તાની સ્થાપના કેવી રીતે થઈ ? કોણે તેનું સંરક્ષણ કર્યું.

_____
_____
_____
_____
_____

3. કયાં સાધનો દ્વારા ભારતમાં બ્રિટિશ સત્તાની સ્થાપના થઈ ? કેવી રીતે ? દષ્ટાંતો આપી સમજાવો.

_____
_____
_____
_____
_____

4. બ્રિટિશ સત્તાની સ્થાપનામાં લોર્ડ કલાઈવે ભજવેલો ભાગ જણાવો. વોરન હેસ્ટિગ્સે કેવી રીતે તેનું સંરક્ષણ કર્યું.

_____
_____
_____
_____
_____

5. બ્રિટિશ સત્તાનું સંરક્ષણ કોણે કર્યું ? કેવી રીતે ?

_____
_____
_____
_____
_____

6. બ્રિટિશ સત્તાના સંરક્ષણ માટે વોરન હેસ્ટિંગ્સે શું શું કર્યું ?

_____
_____
_____
_____
_____

7. લોર્ડ વિલિયમ બેન્ટિકની કારકિર્દી અને સિદ્ધિઓ વર્ણવો.

અથવા

વિલિયમ બેન્ટિકના સામાજિક, આર્થિક, વહીવટી અને શૈક્ષણિક સુધારાઓનું મૂલ્યાંકન કરો.

અથવા

લોર્ડ વિલિયમ બેન્ટિકની સમયની મહત્ત્વની ઘટનાઓ અને પ્રગતિનો ખ્યાલ આપો.

_____
_____
_____
_____
_____

8. ટૂંકનોંધ લખો :

1. વિલિયમ બેન્ટિકની પરદેશ નીતિ

_____
_____
_____
_____
_____

2. વિલિયમ બેન્ટિકના સુધારા

_____
_____
_____
_____
_____

ચાવી રૂપ શબ્દોઃ

મલમલ એક જાતનું બારીક મુલાયમ કાપડ તેની સાડી માચીસ અને વીટીમાંથી પસાર થઈ જાતું.

રાતા સમુદ્ર વિદેશી પ્રજા હિન્દુસ્તાન સાથે વેપાર કરવા માટે જે દરયાઈ માર્ગનો ઉપયોગ કરતા તે.

કોઠી વેપાર કરવા માટેનું મથક(ઓફીસ) કોન્સ્ટેન્ટિનોપલ–એશિયાના વેપાર માટેનું પ્રવેશદ્વાર

સંદર્ભ સૂચિ:

1. Asharaf K.M. and others : Rebellion 1857: A symposium Edited by P.C.Joshi. New Delhi, 1957.
2. Barry, Theodore and others : Sources of Indian Tradition, Compiled Second Issue, Delhi, 1993.
3. Basu, B.D. : The Rise of the Christian Power in India, Calcutta, 1933.
4. Basu, B.D. : History of Education in India under the rule of the East India Company, Calcutta, 1935.
5. Beveridge, H. : A Comprehensive History of India, 3 Vols, London, 1862.

ગુજરાતી :-

1. જાવડેકર, શ.દ. (આચાર્ય) : આધુનિક ભારત, અનુવાદ 5>. 7>. દેશપાંડે, અમદાવાદ, 1946
2. દત્ત રમેશચંદ્ર : દોઢ સદીનો આર્થિક અતિહાસ, સંક્ષેપકાર, વિ.મ.કોઠારી, અમદાવાદ, 1963
3. પોપ્યુલર : અર્વાચીન ભારતનો ઈતિહાસ, સુરત, 2005-06
4. પરીખ આરાજી : ભારતનો ઈતિહાસ 1818-1885, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
5. પટેલ મંગુભાઈ : ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ- 1973
6. જયચંદ વિદ્યાશંકર : ભારતીય ઈતિહાસની વિકાસ રેખા, પોપ્યુલર પ્રકાશન-સુરત, 1956
7. ધારૈયા રમણલાલ ક. : આધુનિક ભારતનો ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 2011

हिन्दी :-

1) सरकार सुमित :- आधुनिक भारत १८८५-१९४७ , राजकमान प्रकाशन, नई दिल्ली, पटना.

2) रामगोपाल : भारतीय स्वतंत्रता संग्राम का इतिहास, भारत जुल सेंटर, लखनव-१९९६.
3) नागोरी एस. एल. : भारतका राष्ट्रीय आन्दोलन जयपुर; १९८८
4) शर्मा कालूराम, व्यास प्रकास : आधुनिक भारत का राजनैतिक आर्थिक एवं सामाजिक इतिहास, भाग-2,पंचशील प्रकाशन, जयपुर – २००४.
5) बिपिन चन्द्र : आधुनिक भारत का इतिहास, ओरियंग ब्लेकर-वोन, नइ दिल्ली – २०११.
6) गजरानी शिव : आधुनिक भारत का इतिहास – १७१७-१८१८
7) पसथी आर. के., भंडारी दीपा : आधुनिक भारत का इतिहास, अर्जुन पालिशिंग हाउस, नइ दिल्ली- २००९

એકમ : 2

પ્રથમ અફઘાન વિગ્રહ અને સિંધ સાથેનું જોડાણ

:: રૂપરેખા::

2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 સિંધ વિજયની પૂર્વભૂમિકા (લોર્ડ ઓકલેન્ડની નીતિ)

2.3 સિંધ ખાલસા કરવાના કારણો, પરિબળો સંજોગો

2.4 એલનબરોની નીતિ

2.5 યુદ્ધના બનાવો

2.6 લોર્ડ એલનબરોની (અંગ્રેજોની) સિંધ પ્રત્યેની નીતિની આલોચના – મૂલ્યાંકન

2.7 સારાંશ

2.8 તમારી પ્રગતિ ચકાસો

2.9 ચાવિરૂપ શબ્દો

2.10 સંદર્ભગ્રંથો

2.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી આપ નીચેની બાબતો વિશે જાણી શકશો.

(૧) લોર્ડ એલનબરો અને સિંધ વિજય
(૨) અંગ્રેજોની સિંધ નીતિની આલોચના
(૩) સિંધ ખાલસા કરવાના કારણો,પરિબળો અને સંજોગો.
(૪) પ્રથમ અફઘાન વિગ્રહ તરફ દોરી જનારા પરિબળો અને પ્રસંગો.

2.1 પ્રસ્તાવના :

અંગ્રેજોના સિંધ પરના વિજયને 'અફઘાન તોફાનનું આખરી સ્વરૂપ' કહેવામાં આવે છે. અંગ્રેજો સિંધ જીતી લેવા માંગતા હતા. અંગ્રેજોની લાલચુ નજર સિંધના ખજાના પર હતી. સિંધુ નદી વ્યાપારી અને લશ્કરી દષ્ટિએ મહત્ત્વની છે. રણજિતસિંહનો વિસ્તારવાદ અટકાવવા સિંધ લેવું જરૂરી હતું. ઈરાન અને રશિયાના આક્રમણ સામે સિંધ બફર સ્ટેટ બની શકે તેમ હતું. અફઘાન યુદ્ધ વખતે સિંધ મારફતે લશ્કર રવાના કર્યું હતું. અંગ્રેજો કાબૂલમાં મળેલ પરાજયનું કલંક ભૂંસવા માંગતા હતા. લોર્ડ એલનબરો મુસલમાનોને ધીક્કારતો હતો.

લોર્ડ ઓકલેન્ડે સિંધને અપમાનજનક સંધિ સ્વીકારવાની ફરજ પાડી. સિંધને અંગ્રેજ સામ્રાજયમાં ભેળવી દીધું. આ અન્યાયની પરાકષ્ટા હતી. સિંધ પર અપમાનજનક સંધિ લાદવામાં આવી. તેમાંથી સિંધના અમીરોની સ્વતંત્રતા છિનવાઈ જતી હતી.

અંગ્રેજોએ ઈમામગઢના કિલ્લા પર આક્રમણ કર્યું અને તેને જીતી લીધો. નેપિયરે સિંધમાં અનેક અત્યાચારો કર્યા. સિંધ સાથે અંગ્રેજોએ યુદ્ધ કર્યું. સિંધના અમીરો હારી ગયા. જનરલ નેપિયરને સિંધનો ગવર્નર જનરલ બનાવવામાં આવ્યો. ચારે બાજુ દગાબાજી અને લૂંટફાટ શરૂ થઈ. મહેલો અને જનાનખાનાં પણ લૂંટાયા.

સિંધ પ્રત્યે અંગ્રેજોની નીતિ આંતરરાષ્ટ્રીય કાયદાના જાહેર ભંગ સમાન હતી. આ નીતિનો નૈતિક બચાવ થઈ શકે તેમ નથી. તે માનવાપૂર્ણ નાલાયકીનો નમૂનો હતો. સિંધ પર આક્રમણ કરવાનું કારણ ઈરાદાપૂર્વક ઊભું કરવામાં આવ્યું હતું. આ નીતિ અંગ્રેજોના સામ્રાજયવાદનું પરિણામ હતી. અફઘાન યુદ્ધમાં મળેલા પરાજયનું કલંક ભૂંસવા અંગ્રેજોએ સિંધ પર આક્રમણ કર્યું હતું. એલનબરોનું આ કાર્ય 'અપરાધપૂર્ણ મૂર્ખતા' હતું – એલનબરોની આ નીતિની સાર્વજનિક નિંદા કરવામાં આવી છે.

2.2 સિંધ વિજયની પૂર્વભૂમિકા (લોર્ડ ઓકલેન્ડની નીતિ) :

લોર્ડ ઓકલેન્ડે સૈન્યને કૂચ કરવાનો આદેશ આપ્યો અને સિંધના અમીરોને ફકત સૂચના મોકલી દીધી કે ''અંગ્રેજ સેનાને તેમના દેશમાં થઈ અફઘાનિસ્તાન જવા દો. કંપનીના વહાણો માટે બળતણ તથા રસ્તામાં સેના માટેની રસદનો પ્રબંધ કરો. રસ્તામાં આવતા ખાસ કિલ્લાઓ કંપનીને હવાલે કરી દો.'' 1832ની સંધિ પ્રમાણે સિંધમાંથી શસ્ત્ર કે સૈન્ય લઈ જવા ઉપર પ્રતિબંધ મૂકતી કલમ હતી, તે બાબતમાં ઓકલેન્ડે લખી જણાવ્યું કે જયાં સુધી વર્તમાન કટોકટી ચાલે ત્યાં સુધી સંધિની પેલી પ્રતિબંધવાળી કલમોનો અમલ મોકૂફ ગણવો. સંધિની શરતોને પોતાના રસવાર્થ ખાતર મોકૂફ રાખવી એ કેટલે અંશે ન્યાયી ગણાય ? સિંધના અમીરોના ક્રોધાગ્નિમાં ત્યારે ઘી હોમાયું, જયારે અંગ્રેજોદએ તેમની પાસે શાહશુજાની ખંડણી પેટે એક મોટી રકમની માંગણી કરી. શાહશુજા નાસી ગયો હોવાથી સિંધના અમીરો તેને ખંડણી ભરતા ન હતા તેમજ ઈ.સ. 1833માં શાહશુજાએ પણ તેમને આ જવાબદારીમાંથી મુકિત આપી હતી. માટે શાહશુજાને નામે મધ્યસ્થી કરી મોટી રકમની માંગણી કરી. તે આપવા અમીરો તૈયાર થયા નહિ, ત્યારે બ્રિટિશ રેસિડેન્ટે કહ્યું હતું કે ''આ મુશ્કેલીના ઉપાય વિશે હું પોતે વિચારી શકતો નથી.'' ત્યારે ઓકલેન્ડે અમીરોને ચેતવણી આપી કે ''બ્રિટિશ સરકાર તેમનો સર્વનાશ કરવાની તાકાત ધરાવે છે અને જરૂર પડશે તો તેમ પણ કરશે.'' અંતે અમીરોએ આત્મસમર્પણ કર્યું અને તેમને 21 લાખ રૂપિયા રોકડા આપવા પડયા. છતાં સેનાપતિ સર જોન કીનએ સિંધની રાજધાની તરફ આગળ વધવાની ધમકી આપી, પરિણામે સિંધના અમીરોને વિવશ થઈ અંગ્રેજો સાથે 1839માં એક નવી સંધિ કરવી પડી. તે સંધિ અનુસાર સિંધના કોઈ એક ભાગમાં બ્રિટિશ સૈન્ય રાખવામાં આવશે અને તેના ખર્ચ પેટે દર વર્ષે ત્રણ લાખ રૂપિયા કંપનીને આપવા એમ નક્કી થયું હતું. આમ, સિંધ હવે કાયદેસર રીતે અંગ્રેજ સંરક્ષણ હેઠળ મૂકવામાં આવ્યું. આ સંધિ પુનઃસંશોધિત કરીને સિંધના અમીરો પાસે સહી કરાવવા મોકલતા તેમણે વિરોધ કર્યો અને સવિનય પ્રાથમિક સરાહના કરી તેમજ અંતે ગોઠણ ટેકવી દીધા. **(ડૉ. ધારૈયા)**

2.3 સિંધ ખાલસા કરવાના કારણો, પરિબળો સંજોગો :

સિંધ જીતી લેવા માટેની અંગ્રેજોની તીવ્ર ઇચ્છા હતી. તેના કારણો નીચે પ્રમાણે છેઃ

- સિંધના અમીરોનો ખજાનો સોનું, ચાંદી અને ઝવેરાતથી છલકાય છે એમ તેમને ખબર પડી ગઈ હતી. અંગ્રેજોની 'લાલચુ નજર' સિંધના ખજાના ઉપર હતી. માટે તે મેળવવા સિંધ જીતવું જરૂરી હતું.

- સિંધની ભૌગોલિક સ્થિતિ તેને રાજકીય રીતે ખૂબ મહત્ત્વ અપાવે છે. ત્યાંથી જરૂર પડે તો સિંધુ નદી મારફત વાયવ્ય દિશામાં સહેલાઈથી લશ્કર મોકલી શકાય. એટલે સિંધુ નદી વ્યાપારી અને લશ્કરી દૃષ્ટિએ મહત્ત્વની છે. એલેકઝાન્ડર બર્ન્સે પણ પોતાની સફર પછી એવું મંતવ્ય દર્શાવ્યું હતું.
- રણજીતસિંહના વિસ્તારવાદના ભયને ટાળવા પણ સિંધ લેવું જરૂરી હતું, કારણ કે નહિ તો રણજીતસિંહ તે જીતી લેવા પ્રયત્નશીલ હતો જ.
- ઈરાન અને રશિયાના આક્રમણના ભય સામે સિંધ ''બફર સ્ટેટ'' બની શકે તેમ હતું અને તે જીતીને પોતાનું ભારતીય સામ્રાજય સુરક્ષિત બનાવી શકાય.
- અફઘાન યુદ્ધ વખતે ''લશ્કરી આક્રમણ કરવાના સ્થળ તરીકે સિંધનો જ ઉપયોગ મહત્ત્વનો હતો તે સિવાય અફઘાન યુદ્ધ સમયે તે પ્રદેશ લશ્કરને પુરવઠા પ્રદાન કરનાર કેન્દ્ર તરીકે પણ ખૂબ કામ આવ્યો હતો.
- સિંધ જીતવાનું એક ખૂબ જ અગત્યનું કારણ એ હતું કે અંગ્રેજો આ પ્રદેશ જીતીને કાબૂલમાં મળેલ પરાજયનું કલંક ધોઈ નાંખવા માંગતા હતા. **એલ્ફિન્સ્ટન** તેના વિશે કહે છે કે, ''અફઘાનિસ્તાન પછી આ પ્રસંગ બન્યો હોવાથી એની સર્વ સાધારણતઃ મન ઉપર એવી છાપ પડે છે જાણે કોઈ બળવાન વ્યકિતને શેરીમાં ઠોકર મારવામાં આવે અને તેનો બદલો લેવા માટે તે ઘરે જઈને પોતાની પત્નીને મારે... આ અફઘાન તોફાનની અંતિમ કડી હતી.''

  એલ્ફિન્સ્ટનની ઉપરોકત વાતનું સમર્થન **જોન કાયે** આ રીતે કરે છે : સિંધના અમીરોને આ રીતે દંડવાનું મુખ્ય કારણ તો એ હતું કે હજી હમણાં જ અફઘાનોએ એગ્રેજોને હરાવ્યા હતા. રાજનૈતિક યાત્રાને આ તબક્કે અંગ્રેજો પણ કોઈ ને કોઈ જાતિને પીટી શકે છે, એ આખી દુનિયાને બતાવવાની ખાસ જરૂર હતી. એ માટે સિંધના અમીરોને દંડવાનું નક્કી કરવામાં આવ્યું.
- એક કારણ એમ પણ આપવામાં આવે છે કે એલનબરો મુસલમાનોને ધિક્કારતો હતો, તેમના ઉપર તેને વિશ્વાસ નહોતો.

2.4 એલનબરોની નીતિ :

લોર્ડ ઓકલેન્ડે સિંધને અપમાનજનક સંધિ કરવા માટે વિવશ કર્યું. તેના પછી ઈ.સ. 1842માં લોર્ડ એલનબરો ગવર્નર જનરલ પદે આવ્યો. તેણે તો સંધિને અંગ્રેજી સામ્રાજયમાં ભેળવી જ દીધું. આ અન્યાયની પરાકાષ્ટા હતી. પ્રથમ અફઘાન યુદ્ધ સમયે સિંધ અંગ્રેજી સેનાનો અખાડો બની ગયું હતું અને સિંધ તો અફઘાનિસ્તાન ઉપરના આક્રમણના સ્થળ તરીકે કામ આવ્યું હતું. આ સમયે અમીરોની સેનાએ ધાર્યું હોત તો અંગ્રેજ સેનાને નિર્મૂળ કરી શકત, છતાં તેમ ન કરતાં તેઓએ ઉદાર વલણ અપનાવી અંગ્રેજોને મદદ કરી હતી. પરંતુ તેમની મદદ તેમના માટે અભિશાપ પુરવાર થઈ, કારણ કે અંગ્રેજોએ તેમની મદદના બદલામાં તેમને ઈનામ આપવાને બદલે તેમના ઉપર આરોપ મૂકયો કે તેઓ અંગ્રેજોની વિરુદ્ધ ષડયંત્ર કરી રહ્યા છે. એલનબરો કોઈ પણ બહાનું શોધી કાઢી સિંધ મેળવવા માંગતો હતો. પોતાના કાર્યને વેગવંતુ બનાવવા માટે સૌ પ્રથમ તો તેણે હૈદ્રાબાદના રેસિડેન્ટ મેજર આઉટરામની જગ્યાએ **ચાર્લ્સ નેપિયરને** લશ્કરી અને રાજકીય વિભાગના સર્વેચ્ચ નિયામક તરીકે નીમ્યો.

ચાર્લ્સ નેપિયર બુદ્ધિશાળી સેનાપતિ હતો, તેનામાં સાહસ અને સાવધતાના ગુણો હતા, તો સાથે સાથે તે ગરમ મિજાજનો અને જિદ્દી સ્વભાવનો હતો. તે સિંધને બનતી ત્વરાએ બ્રિટિશ સામ્રાજયમાં ભેળવવા માંગતો હતો. તે પોતાની ડાયરીમાં લખે છે કે ''આપણને સિંધ કબજે કરવાનો કોઈ અધિકાર નથી, છતાં આપણે તેમ કરીશું અને **તે એક ખૂબ જ લાભદાયક ઉપયોગી અને માનવતાપૂર્ણ નાલાયકીનો નમૂનો હશે.**'' આ નાલાયકી પાર પાડવા માટે તેને ફકત બહાનાની જ જરૂર હતી. તેણે જાહેર કર્યું કે અમીરો ઉપર મૂકવામાં આવેલા આરોપો સાચા છે. તેણે ખૈરપુરના ઉત્તરાધિકારીના પ્રશ્નમાં પણ દખલગીરી કરી હતી. તેમને 20 જાન્યુઆરી, 1843 સુધીમાં નવી સંધિ સ્વીકારવા કહ્યું. આ સંધિની મુખ્ય શરતો આ પ્રમાણે હતી :

1. અમીરોએ અંગ્રેજોને પોતાનો અમુક પ્રદેશ આપવો જેથી અંગ્રેજી સેનાનું ખર્ચ નીકળે.
2. સિંધુ નદીમાં આવ–જા કરનાર અંગ્રેજ વહાણોને તેમણે બળતણ પૂરું પાડવું.
3. અમીરો પોતાના નામના સિક્કા ન ચલાવે પણ અંગ્રેજી સિક્કાના ચલણને સ્વીકારવું.

2.5 યુદ્ધના બનાવો :

ઉપરોકત શરતોવાળી સંધિથી સિંધના અમીરોની સ્વતંત્રતા સંપૂર્ણપણે છીનવાઈ જતી હતી. માટે અમીરોના વિચાર જાણ્યા વિના જ અને સંધિનો સ્વીકાર થાય તે પહેલાં જ તેણે **ઈમાનગઢના** કિલ્લાને આક્રમણ કરીને જીતી લીધો. આમ, બ્રિટિશ ન્યાયનું નગ્ન નૃત્ય સિંધની ધરતી ઉપર શરૂ થયું. આ દરમ્યાન ખૈરપુર તો સંધિ સ્વીકારવા તૈયાર થઈ ગયું હતું. પરંતુ સિંધના ઉપરના ભાગના બે અમીરો મોડા પડતા તેમને હૈદ્રાબાદ જવા કહ્યું. તે પોતે આઉટરામના ના કહેવા છતાં હૈદ્રાબાદ તરફ કૂચ કરવા લાગ્યો. ''નેપિયરે સંધિ સાથે એવી વર્તણૂંક કરી કે જાણે એ બ્રિટિશ ભારતનો ગવર્નર જનરલ ના હોય ! જાણે તેમાં કોઈ ને કોઈ પણ પ્રકારનો વાંધો લેવાનો અધિકાર નથી.''

નેપિયરના અત્યાચારી કાર્યોથી સિંધના બલૂચી સરદારોની ધીરજનો અંત આવ્યો. તેમણે ૧૫ ફેબ્રુઆરી, 1843ના રોજ હૈદ્રાબાદમાં આવી બ્રિટિશ રેસિડેન્સી ઉપર આક્રમણ કરી દીધું. બ્રિટિશ રેસિડેન્ટને પણ સ્ટીમરમાં જઈને પોતાના પ્રાણ બચાવવા પડયા અને યુદ્ધ શરૂ થઈ ગયું.

નેપિયર તો આવી કોઈ તકની શોધમાં જ હતો. હૈદ્રાબાદથી થોડે દૂર આવેલ **મિયાણી** નામના સ્થાન ઉપર યુદ્ધ ખેલાયું. બલૂચીઓની ૨૨ હજારની સેના નેપિયરની બાર બંદૂક અન 2800ની સેના સામે હારી ગઈ. આ પરાજય બાદ અમુક અમીરોએ આત્મ સમર્પણ કરી દીધું. પરંતુ 'મીરપુરના સિંહ' શેર મહંમદે ડાબો નાના સ્થળે અંગ્રેજો સાથે ભયાનક યુદ્ધ ખેલ્યું, પરંતુ તે પરાજિત થયો. શેર મહંમદને સિંધની બહાર કાઢી મૂકવામાં આવ્યો. ત્યાર પછી પણ અનેક વિજયો લોર્ડ નેપિયરે મેળવ્યા. નેપિયરને તેના વિજયોને માટે પૂછવામાં આવતાં તેણે એક જ શબ્દમાં જવાબ આપ્યો હતો – એટલે કે (sind) sinned. આ શબ્દનો અર્થ થાય છે ''મેં પાપ કર્યું છે.'' પરંતુ નેપિયરનું તાત્પર્ય હતું, '' મેં સિંધ જીત્યું છે.'' ત્યાર બાદ ઓગસ્ટ, 1843માં સિંધને બ્રિટિશ સામ્રાજયમાં ભેળવી દેવાયું. ગમે તો હોય સિંધની સ્વતંત્રતાનો અંત આવી ગયો, તથા અંગ્રેજી માલની ખપત માટે મોટું વિશાળ બજાર અને ઈંગ્લેન્ડના પુત્રોની આજીવિકા માટેનું નવું ક્ષેત્ર તૈયાર થઈ ગયું. આમ, આ ખૂની નાટકનો અંત આવ્યો. મોટા મોટા સિંધી અમલદારોની જગ્યાએ અંગ્રેજ અમલદારો નીમવામાં આવ્યા. જનરલ નેપિયરને સિંધનો પ્રથમ ગવર્નર બનાવવામાં આવ્યો. ચારે બાજુ દગાબાજી અને લૂંટફાટ શરૂ થઈ ગઈ. મહેલો અને

જનાનખાના પણ લૂંટાયા. જનાનખાનાની સ્ત્રીઓની ઝવેરાત, સોનું, ચાંદી, કિંમતી વાસણો, કપડાં જે મળ્યું તે બધું લૂંટી લીધું. નેપિયરને ઈનામરૂપે 70 હજાર પાઉન્ડ મળ્યા, જયારે આઉટરામને ૩ હજાર પાઉન્ડ મળેલા, જે તેણે પોતાની પાસે ન રાખતા વિવિધ સંસ્થાઓને વહેંચી દીધા. **(ડૉ. ધારૈયા)**

2.6 લોર્ડ એલનબરોની (અંગ્રેજોની) સિંધ પ્રત્યેની નીતિની આલોચના – મૂલ્યાંકન :

2.6.1 સિંધ પ્રત્યેની અંગ્રેજની નીતિ આંતરરાષ્ટ્રીય કાયદાના જાહેર ભંગ સમાન હતી. 1838માં અંગ્રેજો પોતાના સ્વાર્થ ખાતર (અફઘાનિસ્તાન કબજે કરવા માટે) જૂની સંધિની શરતોનો ભંગ કરીને સિંધમાંથી અંગ્રેજ લશ્કર લઈ ગયા, એટલું નહિ પરંતુ તેમની પાસેથી એક મોટી રકમ પડાવવી તે નૈતિક રીતે અન્યાયી હતું.

2.6.2 આ નીતિનો **નૈતિક રીતે બચાવ થઈ શકે તેમ નથી,** કારણ કે સિંધના અમીરોએ સિંધની શરતોનું શ્રદ્ધાપૂર્વક પાલન કરવું તેમજ પ્રથમ અફઘાન–યુદ્ધ દરમ્યાન પણ વફાદાર રહ્યા હતા. આમ, અમીરોની મિત્રતા અને વફાદારીની કદર કરવાને બદલે ચાર્લ્સ નેપિયરે તેમના ઉપર વિશ્વાસઘાત કરવાનો આરોપ મૂક્યો અને આ આરોપની ઈમાનદારીથી તપાસ પણ તેણે કરી નહિ અને અમીરો ઉપર આક્રમણ કરી દીધું, કારણ કે તે કોઈપણ રીતે આક્રમણ કરવાનું બહાનું જ શોધતો હતો. તેણે પોત પોતાની ડાયરીમાં લખ્યું હતું તે પ્રમાણે ''સિંધ કબજે કરવાનો આપણને કોઈ અધિકાર નથી છતાં આપણે તેમ કરીશું અને તે ખૂબ જ લાભદાયક, ઉપયોગી અને **માનવતાપૂર્ણ નાલાયકીનો નમૂનો** હશે.'' ખરેખર તે તેમની નાલાયકીનો નમૂનો જ હતો !

2.6.3 સિંધ ઉપર આમણ કરવાનું કારણ ઈરાદાપૂર્વક ઊભું કરવામાં આવ્યું હતું અને તેથી તેમની સિંધ પ્રત્યેની નીતિ નૈતિક રીતે અક્ષમ્ય હતી. આ નીતિ તેમના આક્રમક સામ્રાજયવાદનું પરિણામ હતું. સિંધના પ્રશ્નોના અનુભવી અને જાણકાર **જનરલ આઉટરામે** પણ નેપિયરને કહ્યું હતું કે, ''હું તમારી નીતિથી કંટાળી ગયો છે. તમારી નીતિ સૌથી શ્રેષ્ઠ છે તેમ નહીં કહું પરંતુ સૌથી ટૂંકી તો છે જ, તલવારની નીતિ ! ઓહ, આ તલવાર તમે કોઈ સારા કામ માટે ખેંચી હોત તો ?'' જનરલ આઉટરામે સિંધ વિજયના ઈનામરૂપે પોતાને મળેલા 3,000 પાઉન્ડ રકમ પોતે ન રાખતાં સામાજિક સંસ્થાઓને આપી દીધી હતી. તે રકતરંજિત દ્રવ્ય સ્વીકારવા તૈયાર ન હતો.

2.6.4 અંગ્રેજોએ જે રીતે સિંધનો પ્રદેશ મેળવ્યો હતો તે સર્વથા નિંદનીય હતો. ભારતમાં અંગ્રેજોએ અનેક કાળાં કૃત્યો કર્યા હતા તેમાં સિંધ ઉપર અધિકાર કરવો તે અન્યાયપૂર્ણ હતું. સ્વાર્થ સાધવા માટે અંગ્રેજોએ સારા–નરસાનો વિચાર કર્યો જ નહિ અને નિદોર્ષ અમીરો ઉપર અનેક ખોટા અને તથ્ય વિનાના આરોપો મૂકીને 'વરુ અને ઘેટા'ની કહેવત સિદ્ધ કરી બતાવી.

2.6.5 એમ કહેવામાં આવે છે કે 4 ("The conquest of Sindh was not merely a sequence but a consequence of the Afghan war.") સિંધ ઉપર આક્રમણ કરવાનું કોઈ કારણ ન હતું, પરંતુ અફઘાન યુદ્ધમાં મળેલા પરાજયના કલંકને દૂર કરવા માટે તેઓ સિંધ વિજય મેળવી પોતાની ખોવાયેલી પ્રતિષ્ઠા પુનઃ સ્થાપિત કરવા માંગતા હતા. **એલિફન્સ્ટન** કહે છે કે, ''અફઘાનિસ્તાન

પછી આ પ્રસંગ બનતાં તેની સર્વસાધારણના મન ઉપર એવી છાપ પડી કે જાણે કોઈ બળવાન વ્યકિતને શેરીમાં ઠોકર મારવામાં આવી હોય અને તે પછી તે ઘરે જઈને પોતાની પત્નીને મારે ! આ અફઘાન તોફાનની આખરી કડી હતી.'' **ઈન્સ** આ બંને પ્રસંગોની તુલના કરતાં કહે છે કે ''જો અફઘાન યુદ્ધ અમારા ભારતના ઈતિહાસમાં સૌથી વધુ ભયજનક છે તો સિંધનો બનાવ નૈતિક દષ્ટિએ તેનાથી વધુ અક્ષમ્ય છે.''

2.6.6 સિંધનો સંપૂર્ણ હત્યાકાંડ 19મી સદીના અંગ્રેજોના ઈતિહાસનો સૌથી ઓછો પ્રતિષ્ઠાપૂર્વક પ્રસંગ છે. આ સમયે જ 1832ની સંધિનો ભંગ કરવામાં આવ્યો હતો. સૈન્યશકિતના દબાણ હેઠળ નવી શરતો ઠોકી બેસાડવામાં આવી અને અંતે યુદ્ધને દોષપૂર્ણ રીતે ઉત્તેજન આપવામાં આવ્યું હતું. વર્તમાનકાળમાં આવા કામો કદાચ ફાસીવાદી કહેવાયા હોત. **(ડૉ. મજુમદાર)**

2.6.7 સિંધના પ્રશ્નોથી વધુ પરિચિત એવો **સર હેનરી પોટિંજર** (જે પાછળથી મદ્રાસનો ગવર્નર નિમાયો હતો) તે લખે છે કે, ''મારા મત પ્રમાણે આપણે ભલે ગમે તેવી દલીલો કરીએ પણ સિંધના અમીરોની સાથેના આપણા વ્યવહારથી જે કલંક આપણા ઈમાનદારી અને આબરુ ઉપર લાગ્યું છે તે કોઈ રીતે ધોઈ શકાય તેમ નથી.'' અમીરોએ જયારે સંધિ ઉપર સહી કરી દીધી હતી અથવા કરવાની તૈયારીમાં હતા ત્યારે નેપિયરે લશ્કરી પગલાં લીધા તે નૈતિક રીતે અક્ષમ્ય તો છે જ.

2.6.8 **એશલી** એલનબરોના કાર્યને **'અપરાધપૂર્ણ મૂર્ખતા'** કહે છે, તો જેમ્સ આઉટરામ તેને 'Positive robbery' કહે છે, કારણ કે સિંધના રાજયો સંધિનું બરાબર પાલન કરતા હતા છતાં તેમની સ્વતંત્રતા છીનવી લઈ સિંધને બ્રિટિશ સામ્રાજયમાં ભેળવવું એ ખુલ્લી લૂંટ જ કહી શકાય.

2.6.9 તેમની સિંધ પ્રત્યેની દબાણ નીતિ અને અન્યાયપૂર્ણ હતી. એક સર્વસામાન્ય મત પ્રચલિત છે કે ઓકલેન્ડ, એલનબરો અને નેપિયરના કાર્યોએ ભારતના તેમના સંપૂર્ણ શાસનના ઈતિહાસમાં અંગ્રેજ શાસનતંત્ર ઉપર એક કાળો ડાઘો મૂકયો છે.

2.6.10 **રેમ્સે મૂર** લખે છે કે, ''ભારતમાં અંગ્રેજોએ મેળવેલા પ્રદેશોમાં સિંધ જ એક એવો પ્રદેશ છે જેને તત્કાલીન પરિસ્થિતિઓમાં સામ્રાજયમાં ભેળવવાની જરૂરિયાત ન હતો. માટે તેને આક્રમણનું કૃત્ય કહી શકાય.''

2.6.11ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ડિરેકટરોએ પણ સિંધને બ્રિટિશ સામ્રાજયમાં ભેળવવાની નીતિની નિંદા કરી હતી. પરંતુ કંપનીએ આ પરિસ્થિતિને દૂર કરવા કોઈ પગલાં લીધા નહિ.

2.6.12 ઈંગ્લેન્ડના વડાપ્રધાન **ગ્લેડસ્ટને** કહ્યું હતું કે, ''The policy of annexing sind was shorter then that of giving it up altogether.''

2.6.13 કમ્બ્રિજ હિસ્ટ્રી સંપાદક **ડેડોવેલ** લખે છે કે, ''સિંધ વિજયમાં એલનબરોની નીતિની સાર્વજનિક નિંદા કરવામાં આવી છે.'' **(ડૉ. ઘારૈયા)**

2.7 સારાંશ :

અંગ્રેજોના સિંધ પરના વિજયને 'અફઘાન તોફાનનું આખરી સ્વરૂપ' કહેવામાં આવે છે. અંગ્રેજો સિંધ જીતી લેવા માંગતા હતા. અંગ્રેજોની લાલચુ નજર સિંધના ખજાના પર હતી. સિંધુ નદી વ્યાપારી અને લશ્કરી દષ્ટિએ મહત્ત્વની છે. રણજિતસિંહનો વિસ્તારવાદ અટકાવવા સિંધ લેવું જરૂરી હતું. અંગ્રેજો કાબૂલમાં મળેલ પરાજયનું કલંક ભૂંસવા માંગતા હતા. લોર્ડ એલનબરો મુસલમાનોને ધીક્કારતો હતો. લોર્ડ ઓકલેન્ડે સિંધને અપમાનજનક સંધિ સ્વીકારવાની ફરજ પાડી. સિંધને અંગ્રેજ સામ્રાજયમાં ભેળવી દીધું. આ અન્યાયની પરાકષ્ટા હતી. સિંધ પર અપમાનજનક સંધિ લાદવામાં આવી. સિંધ સાથે અંગ્રેજોએ યુદ્ધ કર્યું. સિંધના અમીરો હારી ગયા. જનરલ નેપિયરને સિંધનો ગવર્નર જનરલ બનાવવામાં આવ્યો. ચારે બાજુ દગાબાજી અને લૂંટફાટ શરૂ થઈ. મહેલો અને જનાતખાનાં પણ લૂંટાયા.

સિંધ પ્રત્યે અંગ્રેજોની નીતિ આંતરરાષ્ટ્રીય કાયદાના જાહેર ભંગ સમાન હતી. આ નીતિનો નૈતિક બચાવ થઈ શકે તેમ નથી. તે માનવાપૂર્ણ નાલાયકીનો નમૂનો હતો. સિંધ પર આક્રમણ કરવાનું કારણ ઈરાદાપૂર્વક ઊભું કરવામાં આવ્યું હતું. આ નીતિ અંગ્રેજોના સામ્રાજયવાદનું પરિણામ હતી. અફઘાન યુદ્ધમાં મળેલા પરાજયનું કલંક ભૂંસવા અંગ્રેજોએ સિંધ પર આક્રમણ કર્યું હતું. એલનબરોનું આ કાર્ય 'અપરાધપૂર્ણ મૂર્ખતા' નું હતું – એલનબરોની આ નીતિની સાર્વજનિક નિંદા કરવામાં આવી છે.

2.8 તમારી પ્રગતિ ચકાસો :

1. હેતુલક્ષી પ્રશ્નો

1. અંગ્રેજોએ સિંધ પર શાથી આક્રમણ કર્યું.

   અથવા

   અંગ્રેજોએ સિંધ પર શાથી વિજય મેળવ્યો ?

   _____
   _____
   _____

2. લોર્ડ એલનબરોની સિંધ નીતિ કેવી હતી ?

   _____
   _____
   _____

3. લોર્ડ ઓકલેન્ડે સિંધને અપમાનજનક સંધિ કરવા વિર્વશ કર્યું તેના પછી ઈ.સ.1842 માં ગર્વનર જનરલનું પદ કોણે સોંપવામાં આવે છે ?

   _____
   _____
   _____

4. અફઘાનો ઉપર વિજય મેળવાનો મુખ્ય ઉદ્દેશ શો હતો ?

   _____
   _____
   _____

5. અફઘાન વિગ્રહ વખતે સિંધનો ગર્વનર જનરલ કોણ હતો ?

_____
_____
_____

(૨) પ્રશ્નો સવિસ્તાર સમજાવો.

(!) અંગ્રેજોએ સિંધને શાથી ખાલસા કર્યું ? અંગ્રેજોની સિંધનીતિની આલોચના કરો.

અથવા

જો સંજોગોમાં સિંધ ખાલસા કરવામાં આવ્યું, તેમનો તલસ્પર્શી ખ્યાલ આપો.

અથવા

લોર્ડ એલનબરોની સિંધ પ્રત્યેની નીતિની આલોચના કરો.

અથવા

'સિંધ ખાલસા કરવું તે... નાલાયકીનો, ખૂબ જ લાભદાયક, ઉપયોગી અને મહત્ત્વપૂર્ણ નાલાયકીનો નમૂનો હશે'' – ચાર્લ્સ નેપિયરના આ વિધાન સાથે કેટલે અંશે સંમત થઈ શકાય તેમ છે ?

ક2) સિંધ ખાલસા કરવાના કારણો, પરિબળો અને સંજોગો જણાવો.

_____
_____
_____
_____
_____
_____
_____
_____

(3) સિંધ પર આક્રમ અ તલવારનીતિ ?

_____
_____
_____
_____
_____
_____
_____
_____

(4) સિંધ પર આક્રમ પાછળ (બ્રિટિશ માનસિકતા) સ્પષ્ટ કરો.

_____
_____
_____
_____
_____
_____
_____
_____

ચાવીરૂપ શબ્દોઃ

બ્રિટીશરેસીડન્ટ	અંગ્રેજ અધિકારી
શ્રેધાગ્નિ	ખૂબ ગુસ્સો
આત્મ સમર્પણ	શરણાગતિ
અપરાધપૂર્ણ મૂર્ખતા	Positive Robbery
ફૂટનીતિ	વ્યુહાત્મક યોજના દ્વારા હરાવવું
બફરસ્ટેટ	બે દુશ્મન વ્યૂહાત્મક વચ્ચેનું રાજય

સંદર્ભ સૂચિઃ

1. Chaudhari, S.B. : Civil Rebellion in the Indian Mutinies: 1858-59, Culcutta, 1957.
2. Chhabra, G.S. : Advanced study in the Histroy of Modern India, 3 Vols, New Delhi, 1971.
3. Chudgar, P.L. : Indian Princes under British Protection, London, 1929.
4. Desai, A.R. : Social Background of Indian Nationalism, Bombay, 1948.
5. Dubois, Abee J.A. : Hindu Manners, Customs and Ceremonies, Oxford, 1953.

ગુજરાતી :-

1. જાવડેકર, શ.દ. (આચાર્ય) : આધુનિક ભારત, અનુવાદ 5/7 દેશપાંડે, અમદાવાદ, 1946
2. દત્ત રમેશચંદ્ર : દોઢ સદીનો આર્થિક અતિહાસ, સંક્ષેપકાર, વિ.મ.કોઠારી, અમદાવાદ, 1963
3. પોપ્યુલર : અર્વાચીન ભારતનો ઈતિહાસ, સુરત, 2005-06
4. પરીખ આરાજી : ભારતનો ઈતિહાસ 1818-1885, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
5. પટેલ મંગુભાઈ : ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ- 1973
6. જયચંદ વિદ્યાશંકર : ભારતીય ઈતિહાસની વિકાસ રેખા, પોપ્યુલર પ્રકાશન- સુરત, 1956
7. ધારૈયા રમણલાલ ક. : આધુનિક ભારતનો ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 2011

हिन्दी :-

1. सरकार सुमित :- आधुनिक भारत १८८५-१९४७ , राजकमान प्रकाशन, नई दिल्ली, पटना.
2. रामगोपाल : भारतीय स्वतंत्रता संग्राम का इतिहास, भारत जुल सेंटर, लखनव-१९९६.
3. नागोरी एस. एल. : भारतका राष्ट्रीय आन्दोलन जयपुर; १९८८
4. शर्मा कालूराम, व्यास प्रकास : आधुनिक भारत का राजनैतिक आर्थिक एवं सामाजिक इतिहास, भाग-2,पंचशील प्रकाशन, जयपुर – २००४.
5. बिपिन चन्द्र : आधुनिक भारत का इतिहास, ओरियंग ब्लेकर-वोन, नइ दिल्ली – २०११.
6. गजरानी शिव : आधुनिक भारत का इतिहास – १७१७-१८१८
7. पसथी आर. के., भंडारी दीपा : आधुनिक भारत का इतिहास, अर्जुन पालिशिंग हाउस, नइ दिल्ली- २००९

એકમ : 3

મહારાજા રણજિતસિંહ અને તેમની સિદ્ધિઓ

:: રૂપરેખા::

3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 રણજીતસિંહના અવસાન પછી અંગ્રેજ–શીખ સંબંધો – *પ્રથમ* શીખ વિગ્રહની પૂર્વભૂમિકા

3.2.1 પંજાબમાં અવ્યવસ્થા

3.2.2 અંગ્રેજ સરકારની પંજાબને ઘેરી લેવાની મેલી મુરાદ

3.2.3 અંગ્રેજોની લશ્કરી તૈયારીઓ – યુદ્ધ માનસ

3.3 પ્રથમ શીખ–વિગ્રહના પ્રસંગો – બનાવો

3.3.1 પ્રથમ શીખ–વિગ્રહ ભારતના ઈતિહાસમાં વીરતા તેમજ ષડ્યંત્ર માટે ઉલ્લેખનીય છે.

3.3.2 મુદકીનું યુદ્ધ

3.3.3 ફિરોજશાહનું યુદ્ધ

3.3.4 અલીવાલનું યુદ્ધ

3.3.5 સોબરાવનું યુદ્ધ

3.4 પ્રથમ શીખ–વિગ્રહનાં પરિણામો – અસરો

3.4.1 લાહોરની સંધિ (1846)

3.4.2 ભૈરોંવાલની સંધિ

3.4.2.1 પૂર્વભૂમિકા

3.4.2.2 દ્વિતીય શીખ–વિગ્રહના કરાણો(ઈ.સ.1848-49) પરિબળો

3.5 દ્વિતીય શીખ–વિગ્રહના પ્રસંગો – બનાવો – શીખોએ બતાવેલી વીરતા

3.6 દ્વિતીય શીખ–વિગ્રહના પરિણામો – અસરો

3.7 અંગ્રેજોની શીખ નીતિનું મૂલ્યાંકન

3.8 મહારાજા રણજીતસિંહ

3.8.1 રાજયવહીવટ

3.8.2 લશ્કરી શાસન

3.8.3 મૂલ્યાંકન

3.9 સારાંશ

3.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી આપ નીચેની બાબતો વિશે જાણી શકશો.

1. પ્રથમ અંગ્રેજ–શીખ વિગ્રહ
2. દ્વિતીય અંગ્રેજ–શીખ વિગ્રહ– પંજાબ ખાલસા
3. અંગ્રેજ શીખ સંબંધોની જાણકારી.
4. રાજા રણજિતસિંહની કારકિર્તની સિદ્ધિઓ.
5. અંગ્રેજોની શીખ પ્રત્યેની નીતિનું આલેખન.

3.1 પ્રસ્તાવના :

રણજિતસિંહના મૃત્યુ સમયે શીખો સત્તાના શિખરે હતા. પછી તે શિખર ધડાકા સાથે તૂટી પડયું અને શીખ સત્તા ઝનૂની જવાળાઓમાં અદશ્ય થઈ. લોર્ડ હાર્ડિજના શાસનકાળનો સૌથી મહત્ત્વપૂર્ણ બનાવ છે. પ્રથમ શીખ–વિગ્રહ–ઈ.સ.૧૮૪૫. રણજિતસિંહના મૃત્યુ બાદ પંજાબમાં અવ્યવસ્થા સત્તાની સાઠમારીમાં લશ્કર પ્રબળ બ્રિટિશ સત્તા સાથે અથડામણ થઈ તે પ્રથમ શીખ વિગ્રહ તરીકે ઓળખાય છે.

પ્રથમ શીખ વિગ્રહનાં કારણો : પંજાબમાં અવ્યવસ્થા– ઉત્તરાધિકારીના પ્રશ્ને ખૂનામરકી અને કાવતરાં – દીવાન લાલસિંહ સ્વાર્થ, દેશદ્રોહ અને વિશ્વાસઘાતની મૂર્તિ સમાન હતો– ખાલસા લશ્કરને આક્રમણ કરવાનું ઉત્તેજન, અંગ્રેજોનો સામ્રાજયવાદી લાલચુ ડોળો પંજાબ ઉપર હતો. અંગ્રેજ સરકારની પંજાબની ઘેરી લેવાની નીતિ હતી– અંગ્રેજોની લશ્કરી તૈયારીઓ ખૂબ – શીખ પ્રજા બહાદુર અને યુદ્ધપ્રિય– નેતાઓનો વિશ્વાસઘાત. પ્રથમ શીખ વિગ્રહની મુખ્ય ચાર લડાઈઓ થઈઃ મુડકી, ફિરોજશાહ, અલીવાલ અને સોબરાવની હતી. મુદકીના યુદ્ધમાં શીખો હાર્યા. ફિરોજશાહના યુદ્ધમાં શીખોનો બહાદુરી બતાવી પણ નેતાઓના વિશ્વાસઘાત આગળ વ્યર્થ ગઈ. પ્રથમ શીખ વિગ્રહ ૫૫ દિવસ ચાલ્યો. શીખ સૈન્ય હાર્યું. શીખોને લાહોરની સંધિ(૧૮૪૬)સ્વીકારવી પડી. ત્યારબાદ ભૈરાંવાલની સંધિ થઈ. લાહોર અને ભૈરાંવાલની સંધિથી શીખો અસંતુષ્ટ– અંગ્રેજોની આંતરિક દખલ ખૂબ વધી–પરિણામે ૧૮૪૮માં બીજો શીખ વિગ્રહ ખેલાયો–શીખોએ ગુમાવેલી પ્રતિષ્ઠા પાછી મેળવવા માંગતા હતા. તેમણે હિંમત ગુમાવી ન હતી. ઊંચા હોદ્દાઓ પર અંગ્રેજો–જમીનદારી અને મહેસૂલી પદ્ધતિમાં ફેરફાર, લશ્કરમાં છટણી– મુલતાનનો બળવો–બીજા શીખ વિગ્રહના બનાવો : રામનગરનું યુદ્ધ, ચિલિયાનવાલાનું યુદ્ધ, મુલતનનું યુદ્ધ અને ગુજરાતનું યુદ્ધ.

શીખો સંપૂર્ણપણે પરાજિત થયા. લોર્ડ ડેલહાઉસીએ પંજાબ ખાલસા કર્યું. જમીનદારોની જાગીરો ઝૂંટવી લેવામાં આવી–અંગ્રેજાનું આ કાર્ય સિદ્ધાંતવિહીન અને અન્યાયી હતું. તે ભયંકર વિશ્વાસઘાત સમાન હતું. ખરેખર તે પંજાબની લૂંટ જ હતી.

3.2 રણજીતસિંહના અવસાન પછી અંગ્રેજ–શીખ સંબંધો – *પ્રથમ* શીખ વિગ્રહની પૂર્વભૂમિકા :

3.2.1 પંજાબમાં અવ્યવસ્થા :

મહારાજા રણજીતસિંહ પોતાના લોહી અને પરસેવાથી પ્રબળ શીખ સત્તાની સ્થાપના કરી હતી. તે તેના મૃત્યુ પછી પત્તાના મહેલની જેમ ભાંગી પડી.શીખ સરદાર રણજીતસિંહના અવસાન સમયે શીખો સત્તાના સર્વોચ્ચ સ્થાને હતા.પછી આ સર્વોચ્ચ શિખર ધડાકા સાથે તૂટી પડયું અને શીખ સત્તા ધરમૂળમાંથી નાબૂદ થઈ ગઈ. **(જે.એમ.ગોર્ડન)** ઈ.સ. 1839માં જયારે તે મૃત્યુ પામ્યો ત્યારે શીખોની સૈન્યશકિત પોતાના સર્વોચ્ચ શિખરે હતી. પરંતુ આ શકિત એક જ વ્યકિતના પરિશ્રમનું ફળ હોવાથી તેના મૃત્યુની સાથે જ એકતાનું સ્થાન પારસ્પરિક કલહ, ઈર્ષ્યા અને રોષે લીધું અને યોગ્ય ઉત્તરાધિકારીના અભાવે તેનું રાજય ધરાશાયી થઈ ગયું. જનરલ **જે.એમ ગોર્ડન** લખે છે તે પ્રમાણે 'હવે તેની પ્રચંડ જવાળાઓ મંદ પડવા લાગી હતી' માટે રણજીતસિંહે જીવનપર્યંત અંગ્રેજો સાથે મિત્રતા નિભાવી પરંતુ તેના અવસાનની સાથે જ જાણે આ સત્તાની મિત્રતા પણ લુપ્ત થઈ ગઈ.

રણજીતસિંહના મૃત્યુ પછી ઉત્તરાધિકારના પ્રશ્ને પંજાબમાં અનેક ખૂન થયાં અને એક પછી એક ઘણી વ્યકિતઓ વારસદાર બની. ષડ્યંત્ર, ખૂન અને વિદ્રોહનું વાતાવરણ સર્જાયું અને પરિણામે રાજા અને તેના વજીરોનાં પણ ખૂન થવા લાગ્યા. આવી ગેરવ્યવસ્થાની પરિસ્થિતિમાં ખાલસા–લશ્કર રાજયમાં 'સર્વેસર્વા' બની ગયું અને સરકાર પણ નિર્બળ પડી ગઈ હોવાથી હવે લશ્કર ઉપર નિયંત્રણ રાખી શકે તેમ ન હતી. આ સમયે શીખ લશ્કરના હોથમાં જ સાચી સત્તા હતી. છતાં તે લશ્કરને યોગ્ય દોરવણી આપીને શાસન સંચાલન કરી શકે તેવો 'ક્રોમવેલ' ન હતો. ઉત્તરાધિકારીના ઝઘડામાં અંતે રણજીતસિંહના સૌથી નાના પુત્ર દિલીપસિંહને પાંચ વર્ષની ઉંમરે ગાદીએ બેસાડવામાં આવ્યો અને બાલરાજાના સંરક્ષક તરીકે રાજમાતા ઝિંદનને નીમવામાં આવી. રાજા લાલસિંહને રાજયનો દીવાન બનાવવામાં આવ્યો. કહેવાય છે કે તે રાજમાતા ઝિંદનનો પ્રેમપાત્ર હતો. **પંડિત સુંદરલાલજી** તેને 'સ્વાર્થ', 'દેશદ્રોહ' અને ' વિશ્વાસઘાતની મૂર્તિ' કહે છે. આવી વ્યવસ્થામાં પણ લશ્કર તો સરમુખત્યારશાહી સત્તા ભાગવતું હતું. આ સમયે શીખ સૈન્યની 89,000ની સંખ્યામાંથી 54,000નું તો નિયમિત પાયદળ હતું અને તેમની પાસે 500 તોપો પણ હતી ! જેમ અગ્નિ સારો સેવક છે પરંતુ નિષ્ઠુર સ્વામી પણ છે, તેવી જ રીતે સેનાનું પણ છે. જો સેના ઉપર નિયંત્રણ રાખવામાં ન આવે તો તે સ્વામી બની બેસે છે માટે આ રાજકીય અવ્યવસ્થા અને લશ્કરની નેતાગીરીમાંથી બચવાનો એક જ ઉપાય હતો લશ્કર ઉપર નિયંત્રણ રાખો અને તેમ ન બને તો તેને વિખેરી નાંખો અથવા તેની શકિતઓને યુદ્ધ તરફ વાળી દો. લશ્કરને વિખેરવાની તો કોઈની તાકાત નહોતી તેથી તેમણે બીજો રસ્તો (યુદ્ધ તરફ વાળવાનો) જે સ્વીકારવાનો રહ્યો. **(ડૉ. સ્મિથ)** લશ્કરને યુદ્ધ તરફ વાળવામાં તત્કાલીન શાસકોનો પણ સ્વાર્થ હતો. તે એ રીતે કે જો સેના જીત મેળવે તો તેમને રાજય વિસ્તારની તક મળતી હતી અને જો હાર મેળવે તો પણ શાસકોને લાભ હતો, કારણ કે તો લશ્કર નિર્બળ બને અને તેથી તેમને વહીવટ કરવામાં સ્વતંત્રતા મળે માટે પંજાબના શાસકોએ જ ખાલસા

સૈન્યને સતલજ પાર કરી અંગ્રેજો ઉપર આક્રમણ કરવાનું પ્રોત્સાહન આપ્યું. **(ડૉ. ધારૈયા)**

3.2.2 અંગ્રેજ સરકારની પંજાબને ઘેરી લેવાની મેલી મુરાદ : અંગ્રેજોનો સામ્રાજયવાદી લાલચુ ડોળો પંજાબ ઉપર પણ હતો. ઈ.સ. ક્ષટડઠમાં રણજીતસિંહ સાથે થયેલી અમૃતસરની સંધિ પ્રમાણે પંજાબને પૂર્વમાં વધતું તેમણે અટકાવ્યું હતું. અંગ્રેજોએ 1835માં ફિરોજપુર બળજબરીથી લઈને તેને એક લશ્કરી છાવણી તરીકે વિકસાવ્યું હતું. તો 1836માં અંગ્રેજોએ રણજીતસિંહને શિકારપુરમાંથી લશ્કર પાછું બોલાવવાની ફરજ પાડી હતી. તે પહેલાં પણ ઈ.સ.1831માં જયારે રણજીતસિંહે સિંધના ભાગલા પાડવા માટે લોર્ડ બેન્ટિકને કહ્યું ત્યારે તેણ ઈન્કાર કર્યો હતો અને સિંધને ખાલસા કરવામાં આવ્યું હતું. તે સિવાય પ્રથમ અફઘાન યુદ્ધ વખતે રણજીતસિંહે અંગ્રેજ સૈન્ય પોતાના પ્રદેશમાંથી જવાનો ઈન્કાર કરતાં અંગ્રેજોને સમજાયું હતું કે પંજાબ લશ્કરી દષ્ટિએ મહત્ત્વનો પ્રદેશ છે અને તે જીતી લેવામાં આવે તો તેમના ભારતના સામ્રાજયને કુદરતી ભૌગોલિક સીમાઓ સાંપડે. પંજાબની પૂર્વમાં ફિરોજપુર અને લુધિયાણામાં તેમણે અડ્ડા જમાવ્યા હતા અને પશ્ચિમમાં સિંધ લઈ લીધું હતું. હવે, અંગ્રેજો પંજાબને બ્રિટિશ સામ્રાજયમાં ભેળવવાની પેરવીમાં હતા, તો બીજી બાજુ શીખ સત્તા પોતાની સ્વતંત્રતા ટકાવી રાખવા કટિબદ્ધ બની હતી.

3.2.3 અંગ્રેજોની લશ્કરી તૈયારીઓ – યુદ્ધ માનસ :

લોર્ડ હાર્ડિંજ ઈ.સ. 1844માં જયારે ભારતનો ગવર્નર જનરલ બનીને આવ્યો ત્યારે રણજીતસિંહનું મૃત્યુ થઈ ગયું હતું અને પંજાબમાં અવ્યવસ્થા ફેલાઈ ગઈ હતી. આ પરિસ્થિતિનો લાભ લેવા માટે લોર્ડ હાર્ડિંજે શીખોની સામે યુદ્ધ કરવા માટેની તૈયારીઓ શરૂ કરી દીધી. અંગ્રેજોએ મુંબઈમાં હોડીઓનું બાંધકામ શરૂ કર્યું. આ હોડીઓ દ્વારા તેઓ સતલજ નદી પાર કરવાના હતા. ઈ.સ. ક્ષટડઠની અમૃતસરની સંધિનો ભંગ કરીને તેમણે સતલજ તરફ લશ્કર મોકલવાનું શરૂ કર્યું હતું. 1836માં સતલજના કિનારાના પ્રદેશમાં અંગ્રેજોનું 2,500નું લશ્કર હતું તે 1843માં 14,000નું કરાયું. તે સિવાય અંબાલા, લુધિયાણા અને ફિરોજપુરમાં પણ મોટી સંખ્યામાં સૈન્ય એકત્ર કરાયું હતું. અંગ્રેજોની આવા પ્રકારની લશ્કરી તૈયારીઓએ શીખોને વધુ શંકાશીલ બનાવ્યા અને તેમણે પણ બચાવ માટે યુદ્ધની તૈયારી કરવી જરૂરી માની. આ યુદ્ધ–માનસ અંતે યુદ્ધ તરફ દોરી ગયું. **(ડૉ. ધારૈયા)**

શીખ પ્રજા ખૂબ જ બહાદુર અને યુદ્ધપ્રિય પ્રજા છે. રણજીતસિંહના કુશળ સંચાલન હેઠળ તેમને કદી પરાજય મળ્યો નહોતો. તેમણે અફઘાનોને પણ ઘણી વાર હરાવ્યા હતા, તે જ અફઘાનોએ જયારે અંગ્રેજોને હરાવ્યા (પ્રથમ અફઘાન–યુદ્ધમાં) ત્યારે તેમને પ્રોત્સાહન મળ્યું અને એ પુરવાર થયું કે અંગ્રેજો અજેય નથી, માટે હવે શીખ લોકોને અંગ્રેજો સાથે યુદ્ધ કરી પોતાનું ભાગ્ય અજમાવવાની પ્રેરણા મળી.

અંગ્રેજો એક પછી એક પ્રદેશ અંગ્રેજી સામ્રાજયમાં ભેળવતા જતા હતા. શીખો એમ માનતા થયા હતા કે એક સમય એવો પણ આવશે જયારે તેઓ પંજાબને જીતવા પ્રયત્ન કરશે. ઈ.સ. 1844માં જયારે કોઈપણ જાતના કારણ વિના સિંધ ઉપર આક્રમણ કરી અંગ્રેજોએ તેને પોતાના સામ્રાજયમાં ભેળવી દીધું ત્યારે શીખોને સમજાવા લાગ્યું હતું કે પંજાબને જીતવા તેઓ પ્રયત્ન કરશે, કારણ કે પંજાબ ઉપર અધિકાર કર્યા વિના સિંધ ઉપર નિયંત્રણ રાખવું મુશ્કેલ હતું માટે પંજાબે યુદ્ધમાં સામનો કરવાની તૈયારી કરી દીધી હતી.

લુધિયાણામાં મિ. કલાર્કની મેજર બ્રોડફૂટની અંગ્રેજ દૂત તરીકે નિમણૂક થયા પછી મેજર બ્રોડફૂટે જાહેર કર્યું કે 'સતલજની બાજુનાં રાજયો જે મહારાજા દિલીપસિંહના છે તે હવે બ્રિટિશ સરકારના સંરક્ષણ હેઠળ લાવવામાં આવે છે.' આ જાહેરનામાને અપમાન માનવામાં આવ્યું અને શીખો વચ્ચેનું યુદ્ધ અનિવાર્ય બની ગયું.

રાજમાતા ઝિંદને પણ શીખ લશ્કરને ઉશ્કેરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેણે ખાલસા લશ્કરમાં એક પ્રકારનો યુદ્ધ–વા ઊભો કર્યો હતો અને તેથી તેઓ યુદ્ધ કરવા તત્પર હતા.

અંગ્રેજો પણ શીખ સાથે યુદ્ધ કરવા માંગતા હતા. પરંતુ તેઓ પ્રથમ ઘા કરવા ઈચ્છતા નહોતા, માટે જયારે શીખ લશ્કરે લાહોરથી કૂચ કરીને સતલજ પાર કરી (1844), ત્યારે બ્રિટિશ લશ્કરને સામનો કરવાની ફરજ પડી અને પરિણામે જે યુદ્ધ ખેલાયું તે પ્રથમ શીખ–વિગ્રહ તરીકે ઓળખાય છે.

3.3 પ્રથમ શીખ–વિગ્રહના પ્રસંગો – બનાવો :

3.3.1 પ્રથમ શીખ–વિગ્રહ ભારતના ઈતિહાસમાં વીરતા તેમજ ષડ્યંત્ર માટે ઉલ્લેખનીય છે.

શીખ સૈન્ય સાહસ અને શૌર્યમાં અંગ્રેજો કરતાં કોઈપણ રીતે ઊતરતું ન હતું, તે છતાં તેમનો પરાજય થયો, તેનું કારણ તેમના નેતાઓનો વિશ્વાસઘાત અને સ્વાર્થલોલુપતા હતી, નહિ કે બહાદુરીનો અભાવ. પંજાબના જ લોકોએ પોતાના પ્રદેશના લોકોનો દ્રોહ કર્યો હતો. લાલસિંહ અને તેજસિંહને શીખ સૈન્યના પરાજય કરતાં તેમનો વિજય વધુ ભયજનક લાગતો હતો. તેમાં લાલસિંહે તો ફિરોજપુરના અંગ્રેજ કેપ્ટન નિકોલસન સાથે સંધિ કરી લીધી હતી. તેથી જયારે સતલજ પાર કરીને શીખ–સેના ફિરોજપુરમાં પ્રવેશી ત્યારે તેણે ધાર્યું હોત તો અંગ્રેજોની 7,000ની સેનાને વિખેરી શકી હોત. પરંતુ લાલસિંહે તેમ કરવાની આજ્ઞા ન આપી. સતલજ પાર કર્યા પછી પ્રથમ શીખ–વિગ્રહની મુખ્ય ચાર લડાઈઓ **મુદકી, ફિરોજશાહ, અલીવાલ** અને **સોબરાવ** ની હતી.

3.3.2 મુદકીનું યુદ્ધ :

ફિરોજપુરથી 20 માઈલ દૂર આવેલ મુદકી નામક સ્થાનમાં 18 ડિસેમ્બર, 1845ના રોજ શીખો અને અંગ્રેજો વચ્ચે પ્રથમ લડાઈ થઈ. બ્રિટિશ સેનાનું નેતૃત્વ સેનાપતિ સર હ્યુ ગફ કરી રહ્યો હતો અને શીખ સેનાનું નેતૃત્વ લાલસિંહના હાથમાં હતું. મુદકીમાં બંને વચ્ચે ઘમાસાણ યુદ્ધ થયું. અંગ્રેજ લેખકો લખે છે કે પ્રચંડ વીરતાથી શીખોએ બ્રિટિશ સેનાનો સામનો કર્યો અને અંગ્રેજોને જે ભારે નુકશાન સહન કરવું પડયું તે જોતાં જો શીખ સેનામાં વિશ્વાસઘાત ન થયો હોત તો મુદકીના એ ઐતિહાસિક મેદાનમાંથી અંગ્રેજી સેનાનો એક પણ સિપાહી જીવતો બચવા પામત નહીં ! પણ **લાલસિંહ** અને **તેજસિંહ**ના પ્રતાપે સિપાહીઓને બંદૂકમાં ભરવાના છરાની જગ્યાએ સરસવ અને દારૂની જગ્યાએ રંગેલો લોટ કોથળાઓમાં ભરીને પૂરો પાડવામાં આવ્યો હતો. આ પરિસ્થિતિમાં મુદકીમાં અંગ્રેજોને વિજય મળે એમાં આશ્ચર્ય નથી. **ડૉ. ઈશ્વરીપ્રસાદ** લખે છે કે, '' **શીખોના પ્રબળ પરાક્રમ આગળ અંગ્રેજી સેના ટકી ન શકી અને તે ભાગજાની તૈયારીમાં હતી ત્યારે જ લાલસિંહ અંગ્રેજોના પક્ષે ભળી ગયો.**'' પરિણામે શીખો હાર્યા અને જીતેલી બાજી મૂકી દેવી પડી. શીખોએ 17 તોપો ગુમાવી ત્યારે અંગ્રેજોનું નુકસાન વધારે હતું. તેમના 872 સૈનિકો મરી ગયા કે ઘાયલ થયા.

3.3.3 ફિરોજશાહનું યુદ્ધ :

વિજેતા બ્રિટિશ સૈન્ય મુદકીથી ફિરોજશાહ તરફ આગળ વધ્યું. ત્યાં લાલસિંહની આગેવાની હેઠળ ૩૫ હજારનું શીખ સૈન્ય ખાઈઓ ખોદીને તૈયાર હતું. તેમણે અંગ્રેજોનો ભયંકર પ્રતિકાર કર્યો અને ભયંકર તોપમારો કરીને એક પછી એક લશ્કરી ટુકડીને પાછળ હટવા ફરજ પાડી. અંગ્રેજોની સામે ગંભીર ભય ઊભો થયો. અંગ્રેજ સેનાપતિ **સર હ્યુ ગફ** લખે છે કે, ''તે ભયંકર રાત્રિમાં (21 ડિસેમ્બર, 1845) અમે અત્યંત ગંભીર સ્થિતિમાં હતા પહંતુ લાલસિંહ અને તેજસિંહની અધકચરી દેશભક્તિ અંગ્રેજો માટે સહાયક નીવડી. અન્યથા **'બ્રિટિશ–ભારતના ઈતિહાસમાં સૌથી ભયંકર યુદ્ધ'**માં અંગ્રેજોને સફળતા મળવી મુશ્કેલ હતી.'' આ યુદ્ધમાં ગવર્નર જનરલ હાર્ડિંજ પોતે સેનાની સાથે હતો. તે પણ એટલો બધો ગભરાઈ ઊઠયો કે તે દિવસે રાત્રે જ તેણે અંગ્રેજ અમલદારો એથી પણ વિશેષ ગભરાયેલા હતા. જો બધી શીખ સેના આ વખતે આગળ વધી હોત તો અંગ્રેજોનો પત્તો ન ખાત. ઈતિહાસ લેખક **વિલિયમ એડ્વર્ડઝ** લખે છે કે, 'જો શીખ સેના રાત્રે આગળ વધી હોત તો તેનું પરિણામ અમારે માટે બેશર અત્યંત ઘાતક નીવડ્યુ હોત, બંદૂકો માટેનો દારૂગોળો લગભગ ખલાસ થવા આવ્યો હતો.' આ યુદ્ધમાં અંગ્રેજ સેનાના 103 અમલદારો સહિત 694 માણસો મરાયા અને 1,721 ઘાયલ થયા. શીખોએ આઠ હજાર જેટલા માણસો અને 73 તોપો ગુમાવી.

3.3.4 અલીવાલનું યુદ્ધ :

ફિરોજશાહના યુદ્ધ પછી એક મહિના માટે કોઈ લડાઈ ન થઈ, કારણ કે ખાલસા સેના સેનાપતિ વિનાની હતી. જયારે અંગ્રેજો તેમની વીરતાથી ભયભીત હતા, તેમજ નવા શસ્ત્ર–પુરવઠાની રાહ જોતા હતા. ત્યારબાદ 28 જાન્યુઆરી, 1864ના અલીવાલ મુકામે યુદ્ધ થયું, જેમાં અંગ્રેજોએ શીખોની 67 તોપો કબજે કરી અને શીખ સેનાને સતલજને પેલે પાર નસાડી મૂકી.

3.3.5 સોબરાવનું યુદ્ધ :

અંતે સોબરાવમાં નિર્ણાયક યુદ્ધ લડાયું (10મી ફેબ્રુઆરી, 1846). સોબરાવ સતલજને કિનારે આવેલું એક ગામ હતું. ત્યાં શીખોએ શકિતશાળી સૈન્યની જમાવટ કરી હતી. પીછેહઠ કરવાની જરૂર પડે તો તેમણે હોડીઓનો પુલ પણ બનાવ્યો હતો. આ યુદ્ધ ભારતીય ઈતિહાસનું મહત્ત્વપૂર્ણ યુદ્ધ ગણાય છે. અહીં **શીખ સૈન્યની બહાદુરી તેમના નેતાઓના વિશ્વાસઘાત આગળ વ્યર્થ સાબિત થઈ.** ''સોબરાવના મેદાનમાં વિશ્વાસઘાતી નેતાઓએ શીખ સેનાને એવે સ્થળે પહોંચાડી કે જયાંથી તેઓ નદી પાર ન કરી શકે. આ બધું કેવી રીતે કરવામાં આવ્યું તે કનિંગહામે પોતાના પુસ્તકમાં વિસ્તારપૂર્વક લખ્યું છે. ત્યાં અંગ્રેજી સેનાએ તેમને બંને બાજુએ ઘેરીને હુમલો કર્યો છતાં એક પણ શીખ સિપાહી વિદેશીઓને શરણે ન થયો. નિર્દય નેતાઓએ પોતાની આ વીર સેનાનો નાશ કરવાના ઈરાદાથી તોપખાના સહિત આખી સેનાને નદીમાં આગળ ધપાવી અને ત્યાં પોતાની નજર સામે અંગ્રેજ સેનાને હાથે તેનો વધ કરાવ્યો. એટલે સુધી કે નદી શબોથી ભરાઈ ગઈ અને નદીનું પાણી લાલ રંગે રંગાયું ! આ પ્રકારે સોબરાવ ના મેદાનમાં દેશદ્રોહી લાલસિંહે, તેજસિંહ અને ગુલાબસિંહે, રણજીતસિંહે સ્થાપેલું સામ્રાજય, પંજાબની સ્વાધીનતા તથા શૂરવીર તેમજ અજેય શીખકોમ ત્રણેનું ખૂન કરાવ્યું.'' આમ શીખ સૈન્યનો સંપૂર્ણ પરાજય થયો અને અંગ્રેજોએ ભારતમાં પોતાનો સામનો કરવાવાળા ''સૌથી બહાદુર અને કાયમી શત્રુ''ને હરાવ્યા. આ યુદ્ધમાં શીખોએ 10 હજાર માણસો ગુમાવ્યા, તો અંગ્રેજોના પક્ષે 320 મર્યા અને 2,083 ઘાયલ થયા.

આમ, પ્રથમ શીખ વિગ્રહ કુલ ૫૫ દિવસ ચાલ્યો અને તેમાં ચાર ભયંકર અને નિર્ણાયક યુદ્ધો લડાયા. શીખ સૈન્ય હાર્યું છતાં તેઓ ઉચ્ચ કોટિનું યુદ્ધ કૌશલ્ય ધરાવે છે

તેમ સાબિત થયું. અંગ્રેજો સેનાપતિ વિનાના કે સર્વોચ્ચ નિયંત્રણ કરનાર મસ્તિસ્ક વિનાની એક શ્રેષ્ઠ સૈન્ય સામે લડયા. અંગ્રેજોના વિજયને ઈંગ્લેન્ડમાં વધાવી લેવામાં આવ્યો અને ગવર્નર જનરલ હાર્ડિંજ તથા સરસેનાપતિ હ્યુ ગફને ઈનામ સ્વરૂપે અમીર (peer) બનાવવામાં આવ્યા. સામાન્ય સૈનિકોનું પણ સન્માન કરવામાં આવ્યું. **(પંડિત સુંદરલાલ)**

સોબરાવ ના યુદ્ધમાં નિર્ણાયક વિજય મેળવી અંગ્રેજોએ લાહોર તરફ કૂચ કરી અને 9 માર્ચ, 1846ના રોજ શીખ પ્રજાએ લાહોરની સંધિ સ્વીકારી.

3.4 પ્રથમ શીખ–વિગ્રહનાં પરિણામો – અસરો :

3.4.1 લાહોરની સંધિ (1846) :

શીખોનો સંપૂર્ણ પરાજય થયો હોવા છતાં લોર્ડ હાર્ડિંજે પંજાબને ખાલસા કર્યું નહિ, કારણ કે રણજીતસિંહ અંગ્રેજોનો મહાન મિત્ર હતો અને તે 'વૃદ્ધ અને વિશ્વાસુ મિત્ર' માટે તેમને માન હતું. બીજું હાર્ડિંજ તે પ્રદેશને કબજે કરીને રાખી શકશે કે કેમ તે બાબત તેને શંકા હતી. માટે તેણે વચલો માર્ગ ગ્રહણ કર્યો. એટલે કે પંજાબની સંપૂર્ણ સ્વતંત્રતા તો છીનવી ન લીધી પણ તે માથું ઊંચકી ન શકે તેવી તકેદારી રાખી. તે દષ્ટિને ધ્યાનમાં રાખીને જ લાહોરની સંધિ ઘડાઈ હતી, તે મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે હતી :

1. અંગ્રેજોને સિસ–સતલજ, જલંધર, દોઆબ (સતલજ અને બિયાસ વચ્ચેનો પ્રદેશ) અને હજારાનો પ્રદેશ આપ્યો.
2. દિલીપસિંહને પંજાબના મહારાજા તરીકે માન્ય કર્યો. રાણી ઝિંદનને તેની સંરક્ષિકા તથા લાલસિંહને વડાપ્રધાન બનાવવામાં આવ્યો. (લાલસિંહના વિશ્વાસઘાતનું શું આ ઈનામ ન હતું ?)
3. હેનરી લોરેન્સને લાહોરમાં બ્રિટિશ રેસિડેન્ટ નીમવામાં આવ્યો.
4. શીખ–સૈન્યમાં ઘટાડો કરીને 20 હજારનું પાયદળ અને ૧૨ હજારનુ અશ્વદળ કરી નાંખવામાં આવ્યું.
5. અંગ્રેજ લશ્કરને પંજાબમાં મુકતપણે ફરવાની પરવાનગી મળી.
6. લાહોર દરબાર કોઈપણ અમેરિકન કે યુરોપિયનને ઈસ્ટ ઈન્ડિયા કંપની પરવાનગી વિના નોકરી રાખી શકશે નહીં.
7. દિલીપસિંહના રક્ષણ માટે તથા સંધિની શરતોના પાલનની ખાતરી માટે અંગ્રેજ લશ્કરે 1846ના અંત સુધી લાહોરમાં રહેશે.
8. શીખ રાજયના આંતરિક શાસનમાં અંગ્રેજો કોઈપણ જાતની દખલગીરી નહીં કરે એવું ગવર્નર જનરલે વચન આપ્યું.
9. શાખ રાજયે યુદ્ધદંડ તરીકે 15 લાખ પાઉન્ડ અથવા કાશ્મીરનો પ્રદેશ અને ૫ લાખ પાઉન્ડ આપવા. પંજાબે કાશ્મીરનો પ્રદેશ અને ૫ લાખ પાઉન્ડ આપવાનું સ્વીકાર્યું. અંગ્રેજોએ કાશ્મીરનો આ પ્રદેશ ડોગરા સરદાર ગુલાબસિંહને વેચી દીધો. ગુલાબસિંહે પ્રથમ શીખ વિગ્રહમાં અંગ્રેજોને કરેલી સહાયતાનો આ પુરસ્કાર જ હતો! આ સમયથી જ જમ્મુ કાશ્મીરના નવા રાજયનો ઉદય થાય છે. પંજાબના લોકો જમ્મુના ડોગરા રાજા ગુલાબસિંહના વિશ્વાસઘાતથી ખૂબ નારાજ થયા હતા. તેથી તેઓ જમ્મુ શહેરનું નામ લેવામાં પણ અપશુકન ગણે છે અને તેથી તેને 'બડા શહેર' તરીકે જ સંબોધે છે. **(પંડિત સુંદરલાલજી)**

3.4.2 ભૈરોંવાલની સંધિ :

ડોગરા સરદારો અને શીખ સરદારો વચ્ચે જૂની દુશ્મનાવટ હતી તેથી જયારે કાશ્મીરનો પ્રદેશ ગુલાબસિંહને સોંપાયો ત્યારે રાણી ઝિંદન અને દીવાન લાલસિંહ પણ તેના વિરોધી હતા. તેમના પ્રોત્સાહનથી કાશ્મીરના ગવર્નર ઈમામુદ્દીન ગુલાબસિંહને કાશ્મીર આપવાનો ઈન્કાર કર્યો. પરિણામે અંગ્રેજોએ એક મોટું સૈન્ય મોકલી કાશ્મીર ગુલાબસિંહને અપાવ્યું. રાણી ઝિંદન અને લાલસિંહનો હાથ આ વિદ્રોહ પાછળ હતો એમ તપાસને અંતે ખબર પડતાં તેમને તેમના હોદ્દા ઉપરથી બરતરફ કરવામાં આવ્યા. લાલસિંહને બનારસ મોકલી દેવાયો. ત્યાર પછી ડિસેમ્બર, ૧૮૪૬માં ભૈરોંવાલની સંધિ કરવામાં આવી. તેની મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે હતી :

1. પંજાબમાં શાસન ચલાવવા માટે અંગ્રેજોના મળતિયા એવા આઠ શકિતશાળી શીખ સરદારોનું બનેલું એક સંરક્ષક મંડળ નીમવામાં આવ્યું. તે મંડળના અધ્યક્ષ તરીકે બ્રિટિશ રેસિડેન્ટ સર હેનરી લોરેન્સને નીમવામાં આવ્યો. આમ, પંજાબની વાસ્તવિક સત્તા અંગ્રેજોના હાથમાં આવી ગઈ.
2. દિલીપસિંહની સુરક્ષા માટે અને દેશમાં વ્યવસ્થા સ્થાપવા માટે એક બ્રિટિશ લશ્કર લાહોરમાં રખાશે, જેના ખર્ચ પેટે વાર્ષિક ૨૨ લાખ રૂપિયા પંજાબે કંપનીને આપવા. આ વ્યવસ્થા દિલીપસિંહ પુખ્ત વયનો થઈ જાય (ઈ.સ. 1854 સુધી) ત્યાં સુધી અથવા ગવર્નર જનરલની ઈચ્છાપર્યંત ચાલુ રહેશે.
3. ગવર્નર જનરલ જરૂરત પડે તો પંજાબનો કોઈ પણ કિલ્લો લઈ શકે અને તેને બ્રિટિશ સૈન્યના કબજા હેઠળ મૂકી શકે.

આ સંધિને લીધે લશ્કરી અને વહીવટી બંને દષ્ટિએ પંજાબ ઉપર અંગ્રેજોએ આધિપત્ય સ્થાપ્યું અને તેઓ જ હકીકતમાં સાચા શાસક બન્યા. 1848માં લોર્ડ હાર્ડિંજ અને સર હેનરસ લોરેન્સ સ્વદેશ પાછા ફર્યા અને લોર્ડ ડેલહાઉસી નવો ગવર્નર જનરલ બનીને ભારતમાં આવ્યો.

3.4.2.1 પૂર્વભૂમિકા :

લાહોર અને ભૈરોંવાલની સંધિથી શીખો સંતુષ્ટ ન હતા. તેમાં વળી આ સંધિઓ પછી પંજાબની આંતરિક વ્યવસ્થામાં પણ અંગ્રેજોએ ધીમે ધીમે અધિકાર મેળવવા શરૂ કર્યા. રાજયના ઊંચા હોદ્દાઓ ઉપર અંગ્રેજોની નિમણૂક, જનમત વિરુદ્ધ શાસન વ્યવસ્થામાં પરિવર્તન, સૈનિકોના વેતન અને ભથ્થામાં કાપ વગેરે પ્રશ્નોએ શીખોના અસંતોષમાં વૃદ્ધિ કરી અને પરિણામે બંને વચ્ચે 1848માં વિગ્રહ ખેલાયો તેને જ દ્વિતીય શીખ–વિગ્રહ તરીકે ઓળખવામાં આવે છે.

3.4.2.2 દ્વિતીય શીખ–વિગ્રહના કારણો (ઈ.સ. 1848-49) – પરિબળો :

1. શીખો પોતાની ગુમાવેલી સ્વતંત્રતા પાછી મેળવવા ઈચ્છતા હતા. અંગ્રેજોથી હારી ગયા છતાં તેમણે હિંમત ગુમાવી ન હતી. **તેઓ દઢપણે માનતા હતા કે તેમના પરાજયનું કારણ તેમની નિર્બળતા નહિ પરંતુ તેમના નેતાઓનો વિશ્વાસઘાત હતો.** તેમણે પોતે તો હૃદયથી હાર સ્વીકારી જ ન હતી, કારણ કે હજુ તેમને પોતાની શકિતમાં વિશ્વાસ હતો.
2. પંજાબનાં આંતરિક પ્રશ્નોમાં દખલગીરી કરવાને લીધે પ્રજામાં અસંતોષ ફેલાઈ ગયો હતો. ત્યાંના અંગ્રેજ રેસિડેન્ટ સર હેનરી લોરેન્સે પંજાબના સામાજિક જીવનમાં પરિવર્તન લાવવા માટે સતીપ્રથા તથા બાળહત્યા પર પ્રતિબંધ મૂકેલો. તેના આ પગલાંથી લોકો નારાજ થઈ ગયા હતા, કારણ કે એ પગલાંને તેમણે ' પોતાની સ્વતંત્રતા ઉપર તરાપ' સમાન માની લીધું !

3. પંજાબમાં બધા ઊંચા હોદ્દાઓ ઉપર અંગ્રેજોની નિમણૂક કરવાને લીધે જાણે આ હોદ્દાઓ ઉપર અંગ્રેજોનો ઈજારો હોય તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ હતી. સંરક્ષણ મંડળ sRe-gency Councilfનો અધ્યક્ષ હેનરી લોરેન્સ અન્ય સભ્યોને પૂછયા વિના પોતાની મરજી પ્રમાણે જ વર્તતો, અંગ્રેજો પણ શીખ પ્રજાને પરાજિત પ્રજા માનીને તેમના પ્રત્યે સારી વર્તણૂક રાખતા ન હતા. તેથી પોતાના હક્ક પાછા મેળવવા લોકોએ શકિત કે બળનો પ્રયોગ કરવો જરૂરી માન્યો.
4. જમીનદારી અને મહેસૂલી પદ્ધતિમાં કરેલ ફેરફારને લીધે જનમત અંગ્રેજોની વિરુદ્ધ ગયો અને આ આંતરિક હસ્તક્ષેપે બળતા અગ્નિમાં ઘી હોમવાનું કામ કર્યું.
5. શીખ સૈનિકો પણ અસંતુષ્ટ હતા, કારણ કે લાહોરની સંધિ પ્રમાણે સેનામાં કમી કરીને 20 હજારનું પાયદળ અને દસ હજારનું અશ્વદળ રાખવાનું નક્કી થયું હતું. આમ અનેક સૈનિકો બેકાર બન્યા હતા. વળી, જે સેનામાં હતા તેમનાં પગાર અને ભથ્થામાં પણ કાપ મુકાયો હતો. આ પગારકાપને તેમણે પોતાનું અપમાન ગણ્યું અને અસંતુષ્ટ ખાલસા સૈન્યે પણ તક મળે ત્યારે પોતાના અપમાનનો બદલો લેવાનો વિચાર કર્યો હતો. **(ડૉ. ઘારૈયા)**
6. રાજા લાલસિંહ અને રાજમાતા ઝિંદન પ્રત્યે અંગ્રેજોએ જે પ્રકારની વર્તણૂંક દાખવી તેનાથી શાખ પ્રજા ક્રોધે ભરાઈ હતી. લાલસિંહને કાશ્મીરના બળવા માટે જવાબદાર ગણી તેને બનારસ મોકલી દેવાયો હતો, તો રાજમાતા ઝિંદનને પણ એવા જ કારણસર સંરક્ષક મંડળમાંથી બરતરફ કરીને પકડી લેવામાં આવી હતી. ત્યાંથી ચુનાર અને પછી અયોધ્યા મોકલી દેવામાં આવી. આ 'રાષ્ટ્રીય અપમાન'નો બદલો લેવા માટે શીખ પ્રજા કટિબદ્ધ થઈ. રાજમાતા ઝિંદન પણ અસંતોષના અગ્નિમાં બળી રહી હતી અને અંગ્રેજોને ફરી પંજાબમાંથી કાઢવા ઈચ્છતી હતી.
7. આવી રીતે ઉપરોકત કારણોએ એક બીજા શીખ–વિગ્રહ માટેની પૂર્વભૂમિકા તૈયાર કરી હતી. હવે તો ફકત બહાનાની જ જરૂર હતી. મુલતાનના બળવાએ એ બહાનું પૂરું પાડયું અને ચીનગારી ચંપાઈ જતા બીજું શીખ યુદ્ધ ફાટી નીકળ્યું. માટે મુલતાનનો બળવો એ આ યુદ્ધનું તાત્કાલિક કારણ ગણી શકાય.

8. **તાત્કાલિક કારણ – મુલતાનનો બળવો :**

1. મુલતાન પંજાબનો એક ભાગ હતો. ત્યાંના ગવર્નર સાવંતમલનું ઈ.સ. 1844માં મૃત્યુ થતાં તેનો પુત્ર મૂળરાજ ત્યાંનો ગવર્નર બન્યો હતો. લાહોરની સરકારે મૂળરાજને હિસાબ કરવા કહ્યું તથા ત્યાંની પ્રણાલિકા પ્રમાણે ઉત્તરાધિકાર મેળવવા બદલ દસ લાખ પાઉન્ડની માંગણી કરી. આ રકમ ખૂબ મોટી હોવાથી મૂળરાજ તે ભરી શકે તેમ ન હતો. તે રકમ ઘટાડીને 1 લાખ 80 હજાર પાઉન્ડની કરી દેવાઈ હતી. પરંતુ મૂળરાજે ક્રોધિત થઈને રાજીનામું આપી દીધું. લાહોરની અંગ્રેજ સત્તાએ તે સ્વીકારીને તેની જગ્યાએ ખાનસિંહને નીમ્યો અને કાર્યભાર સંભાળી લેવા માટે બે અંગ્રેજ અમલદારો (એગન્યુ અને એન્ડસન)ને તેની સાથે મોકલવામાં આવ્યા. મુલતાન પહોંચતા આ અમલદારોનું ખૂન થયું. અને મૂળરાજે ખુલ્લો બળવો જાહેર કર્યો (1848).
2. આ સમયે લોર્ડ હાર્ડિંજના સ્થાને **લોર્ડ ડેલહાઉસી** ભારતમાં ગવર્નર જનરલ બનીને આવ્યો હતો. તેણે સર સેનાપતિ હ્યુ ગફની 'થોભો અને જુઓ' (Wait and see)ની નીતિ અપનાવી અને બળવાને તરત શમાવી ન દેતાં ફેલાવી દીધો, કારણ કે તેવી સ્થિતિમાં સંપૂર્ણ પંજાબમાં બળવો ફેલાઈ જવાના બહાના

હેઠળ આક્રમણ કરી શકાય. તે દરમ્યાન બ્રિટિશ સેનાપતિ એબોટે હજારામાં જઈને અફઘાન સૈન્યને શીખ સત્તાનો વિરોધ કરવા ઉશ્કેર્યું. તેથી હજારાનો ગવર્નર છતરસિંહ નારાજ થયો અને તેથી તેનો પુત્ર શેરસિંહ પોતાના લશ્કર સાથે મૂળરાજની સાથે બળવામાં જોડાયો. આમ, મુલતાનનો સ્થાનિક બળવો ડેલહાઉસીની 'થોભો અને જુઓ'ની નીતિના લીધે હજારા સુધી પહોંચ્યો.

3. આવી પરિસ્થિતિમાં રાજમાતા **ઝિંદન** ઉપર એવો આરોપ મૂકવામાં આવ્યો કે બળવામાં તેનો હાથ છે, તેથી તેને કેદ કરીને બનારસ મોકલી દેવામાં આવી. '' સમસ્ત પંજાબ અને ખાસ કરીને શીખ જાતિ ઝિંદનને પોતાની રાજમાતા સમજતી હતી. વિધવા મહારાણીને થયેલા આ અન્યાયથી આખી શીખ જાતિ સળગી ઊઠી. પરિણામે ખાલસા સૈન્ય ક્રોધે ભરાયું અને તે પણ હજારાના સરદાર શેરસિંહના પગલે આ બળવામાં જોડાયું. એ જ સમયે અફઘાનિસ્તાન શાસક દોસ્ત મહંમદે પણ પેશાવર મેળવવાની શરતે શીખોને લશ્કરી મદદ આપવાનું વચન આપ્યું. આમ, ડેલહાઉસીની 'થોભો અને જુઓ'ની નીતિને લીધે મુલતાનનો બળવો સ્થાનિક મટી સંપૂર્ણ પંજાબમાં ફેલાઈ ગયો ત્યારે ઓકટોબર, 1848માં લોર્ડ ડેલહાઉસીએ જાહેર કર્યું કે ''અગાઉના અનુભવો અને તેના પદાર્થપાઠોની અવગણના કરીને શીખ રાષ્ટ્રે યુદ્ધ માટે લલકાર કર્યો છે. તો સદ્‌ગૃહસ્થો હું ગંભીરતાપૂર્વક ઘોષણા કરું છું કે તેમને આ (યુદ્ધ) મળશે અને વેર સાથે મળશે.'' આવી રીતે મુલતાનના બળવાએ તાત્કાલિક કારણ પૂરું પાડયું અને દ્વિતીય શીખ યુદ્ધનો પ્રારંભ થયો. **(ડૉ. ધારૈયા)**

3.5 દ્વિતીય શીખ–વિગ્રહના પ્રસંગો – બનાવો – શીખોએ બતાવેલી વીરતા :

દ્વિતીય શીખ–વિગ્રહ દરમ્યાન મુખ્ય ચાર યુદ્ધ લડાયાં હતા : (1) રામનગરનું યુદ્ધ, (2) ચિલિયાનવાલાનું યુદ્ધ, (3) મુલતાનનું યુદ્ધ અને (4) ગુજરાતનું યુદ્ધ.

લોર્ડ ડેલહાઉસીની ઓકટોબર 1848ની યુદ્ધની જાહેરાત બાદ લોર્ડ ગફે ૨૬ નવેમ્બરના રોજ બ્રિટિશ સૈન્ય સાથે રાવી નદી પાર કરી. સૌ પ્રથમ લડાઈ ૨૨ નવેમ્બરના દિવસે રામનગર મુકામે થઈ. પરંતુ તેમાં કોઈ પરિણામ આવ્યું નહીં. ત્યાંથી આગળ વધીને અંગ્રેજ સૈન્ય જાન્યુઆરી, 1849ના રોજ જેલમના કાંઠે ચિલિયાનવાલાં મુકામે લડાઈ કરી. શીખોનું ૩૦ હજારનું સૈન્ય અહીં ખાઈઓમાં વ્યૂહ ગોઠવીને બેઠું હતું. આ યુદ્ધને ''Evening battle fought by brave old man in passion~~ કહેવામાં આવે છે. આ યુદ્ધમાં શીખોએ દાખવેલી વીરતા અને યુદ્ધકૌશલ્યનાં અનેક અંગ્રેજ લેખકોએ પણ વખાણ કર્યા છે. **''ચિલિયાનવાલાંનો વિજય એ શીખ જાતિનો હિંદુસ્તાનની ભૂમિ ઉપરનો અંતિમ વિજય હતો.'' (પંડિત સુંદરલાલ)** આ યુદ્ધમાં શીખોએ બાર તોપો ગુમાવી જ્યારે અંગ્રેજોએ ચાર ગુમાવી અને અંગ્રેજોના 2,357 સૈનિકો અને 87 અમલદારો મરાયા કે ઘાયલ થયા. તેના અમુક અશ્વદળે પીછેહઠ કરી તો તેની પાયદળની ત્રણ રેજિમેંટોના વાવટા છીનવી લેવાયા. આવી રીતે યુદ્ધમાં અંગ્રેજોને નામોશીભરી હાર મળી. આ યુદ્ધના ભયંકર નુકસાનને લીધે લંડનમાં જનમત એટલો બધો જાગ્રત થઈ ગયો કે નેપિયરને ગફનું સ્થાન લેવા માટે મોકલવામાં આવ્યો. જો કે નેપિયર આવી પહોંચે તે પહેલાં જ ગફે ગુજરાતના અંતિમ યુદ્ધમાં નિર્ણાયક વિજય મેળવી લીધો હતો.

ચિલિયનાવાલાંની સફળતા બાદ શીખ લોકોને મુલતાનના યુદ્ધમાં પરાજય મળતાં મોટો ફટકો પડયો. મહાન સફળતા પછી એક અઠવાડિયા બાદ જ મળેલા આ પરાજયથી શીખ શકિતને મોટો ધક્કો લાગ્યો. અંગ્રેજોએ મુલતાનનો કિલ્લો ઘેરી લઈને જીતી લીધો

અને મૂળરાજ ઉપર સૈનિક અદાલતમાં કામ ચલાવી તેને વિદેશ મોકલી દેવામાં આવ્યો અને વિદેશમાં જ તે મૃત્યુ પામ્યો.

ત્યાર પછી **ગુજરાતનું નિર્ણાયક યુદ્ધ** (21 ફેબ્રુઆરી, 1849) લડાયું. અંગ્રેજોએ આ યુદ્ધમાં તોપખાનાનો જો વધુ ઉપયોગ કરેલ હોવાથી આ યુદ્ધને **'તોપોનું યુદ્ધ'** પણ કહેવામાં આવે છે. શીખ સૈનિકો બહાદુરીથી લડયા પરંતુ કુશળ અને યોગ્ય નેતાગીરીના અભાવે તેમાં તેમને પરાજય મળ્યો. **માલસેન** કહે છે કે ''શીખ જે રીતે લડયા તેનાથી વધુ સારી રીતે કોઈ બીજું સૈન્ય ન લડી શકત. સાથે જ બીજી કોઈ સેના તેના જેટલી ખરાબ રીતે સંચાલિત પણ ન હોઈ શકે.'' ડેલહાઉસીએ પોતે આ યુદ્ધને ''ભારતમાં બ્રિટિશ યુદ્ધકળાના ઈતિહાસનું સૌથી વધુ સ્મરણીય યુદ્ધ'' કહ્યું છે. સરદાર શેરસિંહ અને છતરસિંહે આ યુદ્ધને અંતે આત્મસમર્પણ કરી દીધું અને દોસ્ત મહંમદનું અફઘાન સૈન્ય કાબુલ તરફ કાઢી મૂકવામાં આવ્યું. શીખોનો પૂર્ણ પરાજય થયો અને ''ગુજરાતના મેદાનમાં જ પંજાબની સ્વાધીનતા અને શીખોની રાજસત્તા બંનેનો અંત આવ્યો.'' ૧૨મી માર્ચ, 1849ના રીજ શીખોએ શરણાગતિ સ્વીકારી ત્યારે એક વૃદ્ધ સૈનિકે ઉદ્‌ગાર કાઢેલો કે **''આજ રણજીતસિંહ મર ગયે !'' (ડી. ધારૈયા).**

કોઈ માણસ ઈચ્છિત ઊંચાઈએ પહોંચ્યા પછી જેમ નિસરણીને ધક્કો મારી દે છે, તેમ અંગ્રેજોએ પણ ગુજરાતના યુદ્ધ પછી પંજાબની બંધારણીય સરકાર વિખેરી નાંખી. ગવર્નર જનરલ ડેલહાઉસીએ 30મી માર્ચ, 1849ના રોજ એક ઘોષણા દ્વારા પંજાબને ખાલસા કરાયું. સગીર વયના મહારાજા દિલીપસિહનું રાજય છીનવીને તેને અંગ્રેજી રાજયમાં ભેળવી દેવું એ એક મહાન રાજનૈતિક અન્યાય હતો પરંતુ પાશ્ચાત્ય રાજનીતિમાં આ જાતના અન્યાયના વિચારને કોઈ સ્થાન ન હતું. ઈ.સ. 1809માં અંગ્રેજોએ રણજીતસિંહ સાથે અમૃતસરની સંધિ કરી હતી. ત્યાર બાદ પ્રથમ શીખ–વિગ્રહના અંતે પંજાબને રેસિડેન્ટ લોરેન્સના માર્ગદર્શન હેઠળ મૂકવામાં આવ્યું અને છેલ્લે ડેલહાઉસીના સમયમાં તેને બ્રિટિશ સામ્રાજયમાં ભેળવી દેવાયું. ''આમ, અંગ્રેજોએ મિત્રતાની નીતિ અજમાવી, માર્ગદર્શનની નીતિ અપનાવી અને અજમાવી અને છેવટે રહી એકમાત્ર જોડાણની નીતિ.'' પંજાબ બ્રિટિશ ભારતમાં ભળતાં પેશાવરથી કન્યાકુમારી સુધીનો પ્રદેશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના પ્રત્યક્ષ કે પરોક્ષ આધિપત્ય હેઠળ આવ્યો. **(કેમ્બ્રિજ હિસ્ટ્રી ઓફ ઈન્ડિયા)**

3.6 દ્વિતીય શીખ–વિગ્રહના પરિણામો – અસરો :

1. શીખો સંપૂર્ણપણે પરાજિત થયા. પ્રથમ શીખ–યુદ્ધ પછી શીખ સૈન્યે હિંમત ગુમાવી ન હતી, પરંતુ દ્વિતીય શીખ–વિગ્રહ પછી તેમની વિરોધ કરવાની શકિતનો સંપૂર્ણ નાશ થઈ ગયો હતો. હવે, અંગ્રેજોનો સામનો કરીને સફળતા મેળવવાની કોઈ આશા ન રહી.
2. ખાલસા સૈન્ય વિખેરી નાંખવામાં આવ્યું. લશ્કર પાસેથી તેમજ પ્રજા પાસેથી પણ શસ્ત્રો ઝૂંટવી લેવામાં આવ્યા. ટૂંકમાં, સંપૂર્ણ **શીખ પ્રજાને શસ્ત્રહીન બનાવી દેવામાં આવી.**
3. જમીનદારોની જાગીરો ઝૂંટવી લેવામાં આવી. હજારાની જાગીર લઈ લેવામાં આવી તથા અન્ય સરદારોને પણ યોગ્ય સજા કરવામાં આવી.
4. પંજાબનો પ્રદેશ બ્રિટિશ સામ્રાજયમાં ભેળવી દેવાયો. તેથી પેશાવરથી કન્યાકુમારી સુધીનો પ્રદેશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના પ્રત્યક્ષ કે પરોક્ષ કબજા હેઠળ

આવ્યો અને ઉત્તરમાં કંપનીના સામ્રાજયને કુદરતી ભૌગોલિક સીમાઓ પ્રાપ્ત થઈ.

5. દિલીપસિંહનો પંજાબ ઉપર રાજય કરવાનો હક્ક છીનવી લેવામાં આવ્યો. તેની 'મહારાજા'ની ઉપાધિ છીનવી લઈને 'રાજકુમાર'ની ઉપાધિ આપવામાં આવી. તેને વાર્ષિક 50 હજારનું પાઉન્ડનું પેન્શન આપવાનું નક્કી થયું. તે ઈંગ્લેન્ડમાં રાજમાતા ઝિંદનની સાથે જઈને વસ્યો. તેની માતા ઝિંદન લંડનમાં મૃત્યુ પામી તો તે પેરિસમાં (1893)માં મૃત્યુ પામ્યો.
6. મુલતાનના ગવર્નર મૂળરાજ ઉપર લશ્કરી અદાલતમાં કામ ચલાવવામાં આવ્યું. અદાલતે તેને એગન્યૂ અને એન્ડરસનના ખૂન માટે અપરાધી ઠરાવીને મૃત્યુદંડની સજા ફરમાવી જે પછી આજન્મ કારાવાસની સજામાં ફેરવી નાંખવામાં આવી હતી.
7. કોહિનૂરનો પ્રસિદ્ધ હીરો અંગ્રેજોને મળ્યો.
8. પંજાબના શાસનકાર્ય માટેનું ૩ સભ્યોનું બનેલું એક બોર્ડ બનાવવામાં આવ્યું. બોર્ડના અધ્યક્ષપદે હેનરી લોરેન્સ હતો. અન્ય સભ્યોમાં તેનો ભાઈ જોન લોરેન્સ અને મેન્સેલ હતા.

3.7 અંગ્રેજોની શીખ નીતિનું મૂલ્યાંકન :

1. આવી રીત પારસ્પરિક કલહ, ઈર્ષ્યા, દ્વેષ અને યોગ્ય નેતૃત્વના અભાવે રણજીતસિંહનું શકિતશાળી પંજાબ બ્રિટિશ સામ્રાજયવાદના ચરણ ચૂમવા લાગ્યું. પંજાબ મરી ચૂકયું હતું અને હવે તેની કમર ઉપર બ્રિટિશ સામ્રાજય અટ્ટહાસ્ય કરી રહ્યું હતું. અંગ્રેજી સામ્રાજયની સીમા અફઘાનિસ્તાન સુધી પહોંચી ચૂકી હતી. આવી રીતે રણજીસિંહના મૃત્યુ પછીના દસ વર્ષના ગાળામાં જ (1839-49) પંજાબનો પ્રદેશ બ્રિટિશ સામ્રાજયમાં ભેળવી તેના આ કાર્યને ' સિદ્ધાંતવિહીન અને અન્યાયી' કહે છે તો **હેનરી લોરેન્સ** તેને 'પંજાબની લૂંટ' કહે છે. મેજર **ઈવાન્સ બેલ** તેને 'ભયંકર વિશ્વાસઘાત' કહે છે.

2. પંજાબને બ્રિટિશ સામ્રાજયમાં જોડી દીધા બાદ સર હેનરી લોરેન્સના અધ્યક્ષપદ હેઠળના વહીવટી મંડળે પંજાબમાં વ્યવસ્થા અને સુધારાનો કાર્યક્રમ અમલી બનાવ્યો. સૌ પ્રથમ શીખ સેનાને વિખેરી નાંખીને તથા પ્રજાને શસ્ત્રહીન બનાવી પછી એક દેશી સેનાનું સંગઠન ઊભું કરવામાં આવ્યું. તે સંગઠનના અધ્યક્ષ તરીકે અંગ્રેજની નિમણૂક કરાઈ. તેમાં જાસૂસ વિભાગ પણ ખોલવામાં આવ્યો.ગામડામાં ચોકીદારોની વ્યવસ્થા ઊભી કરવામાં આવી. ન્યાય વિભાગનું પણ સંગઠન કરવામાં આવ્યું. શીખ સમાજમાં પ્રવર્તતા દોષ અને કુરિવાજો દૂર કરવાનો પ્રયત્ન કરાયો. ગુલામી અને ઠગોની પ્રથા ઉપર પ્રતિબંધો મૂકવામાં આવ્યા. સડકો, પુલો, નહેરો જેવાં જાહેર હિતનાં બાંધકામો પણ હાથ ધરવામાં આવ્યા. જમીન–મહેસૂલ ઘટાડવામાં આવ્યું. શીખોને રાજયમાં નોકરી આપવામાં આવી. આ રીતે પ્રજા શાંતિમય તથા સુખી જીવન જીવી શકે તેવા તેણે સક્રિય પ્રયાસો હાથ ધર્યા.
3. આ સર્વે સુધારાઓનું પરિણામ એ આવ્યું કે, અલ્પ સમયમાંજ પંજાબમાં ન્યાય અને શાંતિની સ્થાપના થઈ. પ્રજાએ પણ આ વ્યવસ્થાથી સંતોષ અનુભવ્યો અને તેઓ બ્રિટિશ સામ્રાજયના 'સ્વામીભકત' બની ગયા, તે હવે પછીના બનાવો ઉપરથી સાબિત થાય છે, જેમ કે દ્વિતીય બર્મા–વિગ્રહ (1852) અને 1857ના

બળવામાં શીખોએ વફાદારીપૂર્વક અંગ્રેજોને સાથ આપ્યો, છતાં અંગેજોએ શીખોની માતૃભૂમિ પંજાબને કૃતઘ્ની બની ખાલસા કર્યું. **(ડૉ. ધારૈયા)**

3.8 મહારાજા રણજીતસિંહ :

રણજીતસિહનો જન્મ ઈ.સ. 1780માં થયો હતો. ઈ.સ. 1802માં તેને ' રાજા'નો ખિતાબ મળ્યો હતો. તેણે અમૃતસર જીતી લીધું હતું. તેણે શીખ ટુકડીઓને પોતાના અંકુશ નીચે આણી હતી. જયોર્જ બાર્લોની તટસ્થનીતિનો લાભ લઈ તેણે પ્રાદેશિક વિસ્તાર કર્યો હતો. તેણે અંગ્રેજો સાથે સારા સંબંધો વિકસાવ્યા હતા. અંગ્રેજો અને રણજીતસિંહ વચ્ચે અમૃતસરની સંધિ થઈ હતી. રણજીતસિંહ જીવ્યો ત્યાં સુધી તેણે તેનું પાલન કર્યું, કમનસીબે અંગ્રેજોએ તેનું પાલન કર્યું નહીં

3.8.1 રાજયવહીવટ :

રણજીતસિંહની શાસનવ્યવસ્થા મોટે ભાગે મુઘલ શાસનવ્યવસ્થા પર ઘડાયેલી હતી. તેણે અંગ્રેજ તંત્રના બહુ ઓછા તત્વો ગ્રહણ કર્યા હતા. રણજીતસિંહને માત્ર લશ્કરી પદ્ધતિ પર રચાયેલું રાજય યોગ્ય લાગ્યું નહીં. તેને પદ્ધતિસરના વહીવટીતંત્રની જરૂર લાગી. તેણે આ માટે જુદા જુદા ખાતાઓ શરૂ કર્યા. તેણે પોતાના જમીનદારો અને સામંતો મારફત ખંડણી તથા નજરાણાની રકમ મેળવી. ઝાબતી એટલે કે બંડખોર તત્વોના કરવામાં આવેલા દંડ દ્વારા પણ તેણે ઠીક રકમ મેળવી. આબકારી એટલે કે કેફી ચીજોના ઈજારા દ્વારા પણ તેણે રાજયની આવક વધારી. આ રીતના જુદા જુદા કરવેરા મારફત તેણે નાણાં તથા મહેસૂલી તંત્રને વ્યવસ્થિત કર્યું. કરવેરાનું પ્રમાણ વિવિધ હતું, પરંતુ તે આકરું ન હતું. જમીન પર મહેસૂલ પણ નિશ્ચિત કરીને તેણે ખેતીવાડીને ઉત્તેજન આપ્યું. તાલુકા અધિકારીઓ દ્વારા મહેસૂલ ઉઘરાવાતું અને તે તાલુકાની તિજોરીમાં જમા થતું. કરવેરા ઘણી વખત કડક રીતે ઉઘરાવાતા હતા. મહેસૂલ અને નાણાંતંત્ર ઉપરાંત નોંધણી ખાતું, મહેસૂલ ખાતું, વ્યાપાર રોજગાર ખાતું વગેરે પણ શરૂ કરવામાં આવ્યા. રાજયના વ્યવસ્થિત વિભાગો પાડવામાં આવ્યા. દરેક પર યોગ્ય અધિકારીઓ નીમવામાં આવ્યા. તેઓ રણજીતસિંહની સીધી દેખરેખ હેઠળ હતા. રણજીતસિંહ વહીવટ પર ઘણી કડક દેખરેખ રાખતો હતો. રાજયના સૂબા (પ્રાંત), પરગણા (જિલ્લા) તથા તાલુકામાં વિભાગ પાડવામાં આવ્યા હતા. તેમાં અનુક્રમે નિઝામ (ગવર્નર) તથા કારદાર (કલેકટર) મુખ્ય અધિકારીઓ હતા. કારદાર–કલેકટર, ખજાનચી, ન્યાયાધીશ, પોલીસ અધિકારી, જકાત અમલદાર વગેરેની ફરજો બજાવતો હતો. તે લોકોના સીધા સંપર્કમાં આવતો. રણજીતસિંહે દીવાની તથા ફોજદારી અદાલતો પણ સ્થાપી. મુઘલ પદ્ધતિ પર રાજયવહીવટ તથા ન્યાયતંત્રની રચના કરી. જો કે તેનું ન્યાયતંત્ર તથા શાસન અંગ્રેજો તથા મુઘલો જેટલું વ્યવસ્થિત ન હતું પરંતુ મરાઠા તંત્ર કરતાં તે વધારે વિકસિત હતું.

3.8.2 લશ્કરી શાસન :

રણજીતસિંહની લશ્કરી વ્યવસ્થા ખૂબ પદ્ધતિસરની હતી, તેણે અંગ્રેજોની લશ્કરી વ્યવસ્થા છૂપી રીતે નિહાળી તેનાથી તે પ્રભાવિત થયો. તે ભૂમિકા પર તેણે લશ્કરનું આયોજન કર્યું. તેના નિયમિત લશ્કરના તેણે (1) પાયદળ, (2) હયદળ, (3) તોપદળ એવા વિભાગો પાડયા. લશ્કરી ભરતીના ચોક્કસ નિયમો નક્કી કર્યા. શેરશાહની માફક તે પોતે જ લશ્કરમાં ભરતી કરતો. પગારધોરણ, ભથ્થાં વગેરેના નિયમો તેણે નક્કી કર્યા. તે હંમેશા પોતાના લશ્કરને સક્રિય રાખતો, તેને યોગ્ય તાલીમ આપતો. તેનું ખાલસા

લશ્કર વિખ્યાત હતું. તેની મદદથી તેણે અનેક વિજયો મેળવ્યા. લશ્કર તેમજ વહીવટ પ્રત્યે ઘણો સજાગ હતો.

3.8.3 મૂલ્યાંકન :

રણજીતસિંહ સુંદર ન હતો. તેનું શારીરિક વ્યકિતત્વ પણ ન હતું. તેની એક આંખ ખામી ભરેલી હતી. શીતળાનાં ચાઠાંથી તેનું શરીર બેડોળ થયેલું હતું પરંતુ તે પ્રભાવશાળી હતો. તે ધાર્મિક રીતે સહિષ્ણુ હતો. તે સારો સૈનિક, સેનાની અને સંગઠનકર્તા હતો. તેને અફીણ, દારૂ અને નાચનારીઓનો શોખ હતો. પરંતુ અન્ય રીતે તેનો વર્તાવ સદ્‌ગૃહસ્થ નેવો હતો. તે મનુષ્યપારખુ હતો. શીખ રાજયો અને લોકો પર તેનો મોટો પ્રભાવ હતો. તેણે શીખોને એકતા આપી તેનું ચારિત્ર્ય હલકી કોટિનું હતું. તેનો જનાનો મોટો હતો. તે લોભી પણ હતો. છતાંય રાજયકર્તા તરીકે તેના યુગમાં આગેવાન ગણી શકાય તેવો હતો. તે ખાસ ભણ્યો ન હતો, પરંતુ તેની બુદ્ધિ ઘણી તીવ્ર હતી. તેણે નાનકડી જાગીરને મહાન રાજયમાં પલટી નાંખી. તે **શિવાજીના જેવા સૈનિક, સેનાની અને રાજયકર્તાના ગુણો ધરાવતો હતો.** તેના રાજયમાં શિવાજીના રાજયની માફક કોઈપણ પ્રકારના સામાજિક, ધાર્મિક કે અન્ય ભેદભાવોને સ્થાન ન હતું. વેરવિખેર થયેલાં શીખ રાજયોને તેણે એકત્રિત કર્યા જેનાથી તેના મરણ બાદ પણ લગભગ અડધી સદી સુધી શીખ સત્તા ટકી રહી. શ્રી ચોપરાના મત મુજબ, રણજીતસિંહને શીખ સત્તાના અંતિમ પતન માટે જવાબદાર ગણી શકાય. તેણે જમીનદારોને હસ્તક વધારે સત્તાઓ મૂકી. તેઓએ પછીથી નિર્બળ રાજયકર્તાના સમયમાં તેનો દુરુપયોગ કર્યો. તેણે સ્થાપિત હિતોને વધારે પડતું ઉત્તેજન આપીને પ્રજાનાં હિતોને ગૌણ ગણ્યાં છતાંય તેનાં સમકાલીન રાજયો કરતાં તેનું રાજય વધારે વ્યવસ્થિત અને સમૃદ્ધ હતું. **'પંજાબના સિંહ'નું તેને મળેલું ઉપનામ તેની સિદ્ધિઓને અનુરૂપ છે. (ડા. ધારૈયા)**

3.9 સારાંશ :

લોર્ડ હાર્ડિજના શાસનકાળનો સૌથી મહત્ત્વપૂર્ણ બનાવ છે. પ્રથમ શીખ–વિગ્રહ– ઈ.સ.1845. રણજિતસિંહના મૃત્યુ બાદ પંજાબમાં અવ્યવસ્થા સત્તાની સાઠમારીમાં લશ્કર પ્રબળ બ્રિટિશ સત્તા સાથે અથડામણ થઈ તે પ્રથમ શીખ વિગ્રહ તરીકે ઓળખાય છે. પ્રથમ શીખ વિગ્રહની મુખ્ય ચાર લડાઈઓ થઈઃ મુડકી, ફિરોજશાહ, અલીવાલ અને સોબરાંવની હતી. મુદકીના યુદ્ધમાં શીખો હાર્યા. ફિરોજશાહના યુદ્ધમાં શીખોનો બહાદુરી બતાવી પણ નેતાઓના વિશ્વાસઘાત આગળ વ્યર્થ ગઈ. પ્રથમ શીખ વિગ્રહ 55 દિવસ ચાલ્યો. શીખ સૈન્ય હાર્યું. શીખોને લાહોરની સંધિ(1846)સ્વીકારવી પડી. ત્યારબાદ ભૈરાંવાલની સંધિ થઈ. લાહોર અને ભૈરાંવાલની સંધિથી શીખો અસંતુષ્ટ– અંગ્રેજોની આંતરિક દખલ ખૂબ વધી–પરિણામે 1848માં બીજો શીખ વિગ્રહ ખેલાયો–શીખોએ ગુમાવેલી પ્રતિષ્ઠા પાછી મેળવવા માંગતા હતા. તેમણે હિંમત ગુમાવી ન હતી. ઊંચા હોદ્દાઓ પર અંગ્રેજો–જમીનદારી અને મહેસૂલી પદ્ધતિમાં ફેરફાર, લશ્કરમાં છટણી–મુલતાનનો બળવો–બીજા શીખ વિગ્રહના બનાવો : રામનગરનું યુદ્ધ, ચિલિયાનવાલાનું યુદ્ધ, મુલતનનું યુદ્ધ અને ગુજરાતનું યુદ્ધ. શીખો સંપૂર્ણપણે પરાજિત થયા. લોર્ડ ડેલહાઉસીએ પંજાબ ખાલસા કર્યું. જમીનદારોની જાગીરો ઝૂંટવી લેવામાં આવી– અંગ્રેજાનું આ કાર્ય સિદ્ધાંતવિહીન અને અન્યાયી હતું. તે ભયંકર વિશ્વાસઘાત સમાન હતું. ખરેખર તે પંજાબની લૂંટ જ હતી.

3.10 તમારી પ્રગતિ ચકાસો :

હેતુલક્ષી પ્રશ્નો

1. કોના સમયમાં પ્રથમ–શીખ વિગ્રહ થયો ? તેનું શું પરિણામ આવ્યું ?

   _____
   _____

2. પ્રથમ શીખ વિગ્રહનાં મુખ્ય પ્રસંગો કયા કયા હતા ?

   _____
   _____

3. પ્રથમ શીખ વિગ્રહમાં હારી જવાથી શીખોને કઈ સંધિ સ્વીકારવી પડી ?

   _____
   _____

4. દ્વિતીય શીખ વિગ્રહનું શું પરિણામ આવ્યું ?
5. _____
   _____

પ્રશ્નોના સવિસ્તાર ચર્ચા કરો.

1. ઈ.સ.1839 થી 1857 દરમ્યાન અંગ્રેજોના શીખો સાથેના સંબંધોનું પરીક્ષણ કરો.

   અથવા

   પ્રથમ શીખ વિગ્રહનાં કારણો, બનાવો અને પરિણામો જણાવો.

   અથવા

   ભારતમાં અંગ્રેજ–શીખ સંબંધોની માહિતી આપો.

   અથવા

   ઈ.સ.1839માં મહારાજા રણજિતસિંહના અવસાન પછી અંગ્રેજ–શીખ સંબધોની માહિતી આપો.
2. બીજો શીખ–વિગ્રહ શાથી થયો ? તેના શાં પરિણામો આવ્યા ?

   અથવા

   બીજો શીખ–વિગ્રહમાં શીખોએ બતાવેલી વીરતાનું વર્ણન કરો. શીખો શાથી હારી ગયા ? તેનાં શાં પરિણામો આવ્યા ?

   અથવા

   મહારાજા રણજિતસિંહના અવસાન પછીના અંગ્રેજ–શીખ સંબંધોની આલોચના કરો.
3. ટૂંકનોંધ લખો : મહારાજ રણજિતસિંહ

ચાવીરૂપ શબ્દોઃ

અવ્યવસ્થા	અરાજકતા અંધાધૂધી
ઉત્તરાધિકારી	ભવિષ્યનો વારસદાર
સામ્રાજયવાદી	એક વિકસિત દેશ બીજા અલ્પ વિકસિત દેશને ગુલામ બનાવી વેપારી મથક સ્થાપે.
સિદ્ધાંત વિહિન	અન્યાયી વિશ્વાસઘાતી પગલું
પારસ્પારિક કલહ	વારસા વિગ્રહ
ષડયંત્ર	ગેરરીતિ અપનાવવી, અન્યાય કરવો
ખાલસા	બળજબરીથી રાજય પડાવી લેવું
વિદ્રોહ	બળવો
દેશદ્રોહ	રાષ્ટ્ર વિરોધી કાર્ય
રિરેન્સી કાઉન્સિલ	સંરક્ષણ મંડળ
ઉપાધિ	પદવી, હોદ્દો
અટ્ટહાસ્ય	ખડખડાટ હાસ્ય

સંદર્ભ સૂચિ:

1. Duff, Dr. A. : The Indian Rebellion (It causes and results in a series of letters) Second Edition, London, 1858.
2. Government of Bombay: Source Material for the History of Freedom Movement in India, Vol,1. 1818-1886, Bombay,1957.
3. Griffin, L.H. : Rankit Singh, Oxford, 1957.
4. Heimsath, K.H.: Indian Nationalism and Hindu Social Reform, Bombay, 1964.
5. Lambrick, H.T.: Sind: A General Indroduction, 2nd Edition, Karachi, 1976.

ગુજરાતી :-

1. જાવડેકર, શ.દ. (આચાર્ય) : આધુનિક ભારત, અનુવાદ ડા. ગા. દેશપાંડે, અમદાવાદ, 1946
2. દત્ત રમેશચંદ્ર : દોઢ સદીનો આર્થિક અતિહાસ, સંક્ષેપકાર, વિ.મ.કોઠારી, અમદાવાદ, 1963
3. પોપ્યુલર : અર્વાચીન ભારતનો ઈતિહાસ, સુરત, 2005-06.
4. પરીખ આરાજી : ભારતનો ઈતિહાસ 1818-1885, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
5. પટેલ મંગુભાઈ : ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ- 1973.
6. જયચંદ વિદ્યાશંકર : ભારતીય ઈતિહાસની વિકાસ રેખા, પોપ્યુલર પ્રકાશન- સુરત, 1956
7. ધારૈયા રમણલાલ ક. : આધુનિક ભારતનો ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 2011.

8. શાહ, આર.સી. અને અન્ય.(2018-19). ભારતનો ઈતિહાસ. સુરતઃ પોપ્યુલર પ્રકાશન.

हिन्दी :-

1. सरकार सुमित :- आधुनिक भारत १८८५-१९४७ , राजकमान प्रकाशन, नई दिल्ली, पटना.
2. रामगोपाल : भारतीय स्वतंत्रता संग्राम का इतिहास, भारत जुल सेंटर, लखनव-१९९६.
3. नागोरी एस. एल. : भारतका राष्ट्रीय आन्दोलन जयपुर; १९८८
4. शर्मा कालूराम, व्यास प्रकास : आधुनिक भारत का राजनैतिक आर्थिक एवं सामाजिक इतिहास, भाग-2,पंचशील प्रकाशन, जयपुर – २००४.
5. बिपिन चन्द्र : आधुनिक भारत का इतिहास, ओरियंग ब्लेकर-वोन, नइ दिल्ली – २०११.
6. गजरानी शिव : आधुनिक भारत का इतिहास – १७१७-१८१८
7. पसथी आर. के., भंडारी दीपा : आधुनिक भारत का इतिहास, अर्जुन पालिशिंग हाउस, नइ दिल्ली- २००९

એકમ : 4 લોર્ડ ડેલહાઉસીની ખાલસાનીતિ અને તેના સુધારા

:: રૂપરેખા::

4.0 ઉદ્દેશો

4.1 પ્રસ્તાવના

4.2 પૂર્વભૂમિકા

4.3 રાજય અપહરણ સિદ્ધાંત – ખાલસાનીતિ Doctrine of Lapsef

4.3.1 અર્થ અને સમજૂતી

4.3.2 ખાલસાનીતિના હેતુઓ

4.3.3 ખાલસાનીતિનો અમલ

4.3.3.1 યુદ્ધ દ્વારા ખાલસા કરેલાં રાજયો

4.3.3.2 કાયદેસરના વારસાના અભાવે અથવા દત્તકપુત્રની મનાઈ કરીને

4.3.3.3 ગેરવ્યવસ્થાના બહાના હેઠળ

4.3.3.4 દેશી રાજાઓના બિરુદો અને વર્ષાસનોની નાબૂદી

4.3.3.5 દેવા પેટે કરજની ઉઘરાણી કરીને

4.4 ખાલસાનીતિનાં પરિણામો – અસરો અથવા 1857ના બળવા માટે આ નીતિ કેટલે અંશે જવાબદાર હતી ?

4.5 ડેલહાઉસીનાં વિવિધ સુધારાઓ

4.5.1 વહીવટી સુધારા

4.5.2 આર્થિક સુધારા

4.5.3 ખેતીવિષયક સુધારા

4.5.4 સામાજિક સુધારા

4.5.5 લશ્કરી સુધારા

4.5.6 કેળવણી વિષયક સુધારા – સર ચાર્લ્સ વુડનો ખરીતો

4.6 હિંદમાં બ્રિટિશ સામ્રાજયનો વિસ્તાર કરવા તેણે નીચેના માર્ગો અપનાવ્યા

4.7 હિંદનું આધુનિકીકરણ કરવા ડેલહાઉસીએ કરેલા પ્રયત્નો

4.8 ડેલહાઉસીનું મૂલ્યાંકન–ઈતિહાસમાં સ્થાન

4.9 સારાંશ

4.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી આપ નીચેની બાબતો વિશે જાણી શકશો.

1. લોર્ડ ડેલહાઉસીની ખાલસાનીતિ
2. લોર્ડ ડેલહાઉસીના પ્રગતિશીલ સુધારા
3. 1857ના બળવા માટે જવાબદારી
4. હિંદમાં બ્રિટીશ સામ્રાજયનો વિસ્તાર કરવા ડેલહાઉસીએ અપનાવેલ નીતિ.
5. હિંદનું આધુનિકરણ કરવા ડેલહાઉસી કરેલ પ્રયત્ન.
6. ડેલહાઉસીનું ઈતિહાસમાં સ્થાન(મૂલ્યાંકન)

4.1 પ્રસ્તાવના :

ગવર્નર જનરલ ડેલહાઉસીએ જીત, જપ્તી અને ખાલસાની નીતિ દ્વારા ભારતનાં અનેક દેશી રાજયોને કંપની સરકારના પ્રદેશો સાથે જોડી દઈ, અંગ્રેજ સામ્રાજયનો ખૂબ વિસ્તાર કર્યો. તેણે અનેક સુધારાઓ કર્યા હોવાથી તે સુધારાવાદી ગવર્નર તરીકે પણ ઓળખાય છે. ડેલહાઉસીની ખાલસા નીતિના મુખ્ય ત્રણ હેતુઓ હતાઃ પ્રદેશ લાલસા, બ્રિટિશ સામ્રાજયની સરહદોની સુરક્ષા અને વ્યાપારી ફાયદા તેણે ખાલસાનીતિનો અમલ પાંચ રીતે કર્યું. 1) યુદ્ધ દ્વારા વિજય મેળવીને પંજાબ, નીચલું બર્મા તથા સિક્કિમનો પ્રદેશ મેળવ્યો. ૨)દત્તક પુત્રની મનાઈ કરીને તેણે સતારા, નાગપુર, ઝાંસી, સંબલપુર, ઉદેપુર. 3) ગેરવ્યવસ્થાના બહાનાર નીચે તેણે અવધ ખાલસા કર્યું જે મોટી ભૂલ હતી.4) દેશી રાજાઓનાં બિરુદો અને સાલિયાણાં નાબૂદ કર્યા. દા.ત.,નાના સાહેબનું વર્ષાસન.૫)દેવા પેટે કરજની ઉઘરાણી કરીને, નિઝામ પાસે વરાડનો પ્રદેશ.

ખાલસાનીતિએ વ્યાપક અસંતોષ જન્માવ્યો. પરિણામે 1857નો બળવો થયો. ડેલહાઉસીના અમલ દરમ્યાન અનેક પ્રદેશો ખાલસા થયા અને અનેક પ્રાચીન રાજવંશો ઊથલી પડયા. બ્રિટિશ હિંદનો નકશો પલટી નાંખ્યો. ડેલહાઉસીની ખાલસાનીતિ ક્રૂર, આક્રમક અને લાગણીહીન હતી. તેથી બળવો ઝડપી થયો. ડેલહાઉસીએ ભારતમાં પ્રગતિશીલ અને આધુનિક સુધારા કર્યા. તેથી તેને 'આધુનિક ભારતનો સર્જક' કહેવામાં આવે છે. તેણે વહીવટમાં કરકસર કરી. તેણે રેલવે, તાર અને ટપાલની શરૂઆત કરી. તેણે જાહેર બાંધકામ ખાત (P.W.D.)શરૂ કર્યું. તેણે આર્થિક સુધારા કરી દેશની આર્થિક સ્થિતિ સુધારી. તેણે ખેતવિષયક સુધારા કરી ખેતી સમૃદ્ધ બનાવી. ડેલહાઉસીએ હિંદુ વિધવાને પુનર્લગ્ન કરવા માટેનો કાયદો કર્યો. તેણે ઉત્તરપ્રદેશમાં ઠગોનો ઉપદ્રવ નાબૂદ કર્યો. ધર્મ અંગીકાર કરવાની છૂટ આપી. લશ્કરમાં પણ અનેક સુધારા દાખલ કરી, લશ્કરને આધુનિક બનાવ્યું. શિક્ષણમાં સુધારા માટે ચાર્લ્સવુડનો ખરીતો પસાર કર્યો અને મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં યુનિવર્સિટીની સ્થાપના કરી. તેણે સ્ત્રી કેળવણીને ઉત્તેજન આપ્યું.

4.2 પૂર્વભૂમિકા :

19મી સદીના આરંભમાં લોર્ડ વેલેસ્લીએ અંગ્રેજોનું આધિપત્ય સ્થાપવાનું કાર્ય કર્યું. તે સાથે ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સાર્વભૌમ સત્તાનો વિકાસ પણ શરૂ થયો. તેણે બ્રિટિશ ભારતનું સંગઠન એવા પાયા પર કર્યું કે તે ઈ.સ. 1848 સુધી તેના પર ટકી રહ્યું. દેશમાં મુઘલ–મરાઠાની આધીન સત્તાવાળી ઈમારત ક્રમશઃ તૂટતી ગઈ. લોર્ડ હસ્ટ્રિંગ્સે કરારો દ્વારા ભારતના નવા સ્વરૂપનું ઘડતર કરી તેને સંગઠિત બનાવ્યું.તેનું કાર્ય ગવર્નર

જનરલ ડેલહાઉસીએ પૂરું કર્યું. ડેલહાઉસીને ''ભારતમાં અંગ્રેજોના શાસનના બીજા મંદિરના ઘડવૈયા'' તરીકે **સર વિલિયમ વિલ્સન હંટરે** બિરદાવ્યો છે અને તેના કાર્યની **વિજય, સંગઠન** અને **વિકાસ** એવા ત્રણ શબ્દોની સમીક્ષા કરી છે. ડેલહાઉસીના આઠ વર્ષના શાસનને 'છેલ્લા મહાન તબક્કા તરીકે જ નહીં પણ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અદ્‌ભુત ઈતિહાસના સીમાચિહ્ન તરીકે પણ ઓળખવામાં આવ્યું છે.

ગવર્નર જનરલ લોર્ડ હાર્ડિંજની જગ્યાએ લોર્ડ ડેલહાઉસી ભારતમાં આવ્યો ત્યારે તેની વય ૩૬ વર્ષની હતી. તે આપખુદ, અમીરશાહી અને ચુસ્ત શાહીવાહી પ્રકૃતિનો હતો. તેણે બ્રિટિશ સાર્વભૌમત્વને તેની સર્વોચ્ચ પરાકાષ્ટાએ સ્થાપ્યું અને બ્રિટિશ સામ્રાજયનું સંગઠન કર્યું. તેનો આઠ વર્ષનો સમય દરેક ક્ષેત્રમાં મહત્ત્વના બનાવોથી ભરપૂર બન્યો. તે દઢપણે માનતો હતો કે સંસ્કૃતિને ઉત્તેજન આપવું એટલે પાશ્ચાત્ય સુધારાઓને ઉત્તેજન આપવું. **(ડૉ. રમેશકાંત પરીખ)**

ડેલહાઉસીનું મુખ્ય ધ્યેય ભારતમાં બ્રિટિશ સામ્રાજય ફેલાવવાનું હતું. આ માટે તેણે **રાજય અપહરણ સિદ્ધાંત–ખાલસાનીતિ** અપનાવી. **''આ માટે તેણે અનેક યુદ્ધો કર્યા, ષડ્‌યંત્રો કર્યા અને મોટે ભાગે અનીતિપૂર્ણ સાધનોનો ઉપયોગ કર્યો. પરિણામે દેશમાં ચારે બાજુ અસંતોષ ફેલાઈ ગયો, જેણે 1857ની ક્રાંતિને (વિપ્લવને) જન્મ આપ્યો.'' (ડૉ. ઈશ્વરીપ્રસાદ)**

4.3 રાજય અપહરણ સિદ્ધાંત – ખાલસાનીતિ (Doctrine of Lapse) :

4.3.1 અર્થ અને સમજૂતી :

ડેલહાઉસીનું નામ ઘણાં દેશી રાજયોની બાબતમાં ખાલસા સિદ્ધાંત લાગુ કરનાર તરીકે નામાંકિત બન્યું છે. હકીકતમાં તે આ સિદ્ધાંતનો સર્જક ન હતો. મુઘલો અને પેશ્વાઓના સમયમાં પણ આ નીતિ થોડા જુદાં સ્વરૂપે પ્રચલિત હતી. લોર્ડ વિલિયમ બેન્ટિકે પણ ખાલસાનીતિનો ઉપયોગ કરીને **માંડવી, કોલાબા** અને **સુરત** જેવાં રાજયોને બ્રિટિશ સામ્રાજય સાથે જોડી દીધા હતા.**ડેલહાઉસીના સમયમાં ખાલસાનીતિનો સિદ્ધાંત તેની પરાકાષ્ટાએ પહોંચ્યો.** તેણે આ નીતિને ઝનૂનભેર અમલમાં મૂકી. કમનસીબે ડેલહાઉસીના શાસનકાળ દરમ્યાન અનેક તાબેદાર રાજાઓ અપુત્ર મૃત્યુ પામ્યા અને તેણે એ તક ઝડપી લઈ બધાં રાજયોને ખાલસા કર્યા. આમ, ડેલહાઉસીએ જોડાણના સિદ્ધાંતને કડક નિયમ સમાન બનાવી દીધો. **પંડિત સુંદરલાલે** નોંધ્યું છે કે, ''લોર્ડ ડેલહાઉસી પછી જો ઈ.સ. 1857માં બળવો ન થયો હોત તો સંભવ છે કે ભારતની એકપણ હિંદુ કે મુસલમાન રિયાસત બચવા ન પામત. રાજવીઓના આ દત્તક પુત્ર લેવાના અધિકારને હિંદુશાસ્ત્રોએ માન્ય કર્યો હતો પરંતુ તેની સામે લોર્ડ ડેલહાઉસી એવી દલીલ કરતો કે દત્તક લેવામાં આવેલ વારસદારને રાજાની ખાનગી મિલકત મેળવવાનો અધિકાર છે, નહીં કે રાજગાદી મેળવવાનો. તેનો સંપૂર્ણ અધિકાર તો સાર્વભૌમ સરકારનો છે. પોતાની આ નીતિના બચાવમાં લોર્ડ ડેલહાઉસીએ જાહેર કર્યું હતું કે 'પાખંડી રાજવંશો' અને ' કૃત્રિમ મધ્યસ્થ સત્તાઓએ' હિંદની પ્રજાના દુઃખદર્દો વધાર્યા છે. આમ છતાં લોર્ડ ડેલહાઉસીની ખાલસાનીતિ તેની સામ્રાજયવાદી નીતિની દ્યોતક હતી તેની ના પાડી શકાય નહીં. **(ડૉ. ઘારૈયા)**

4.3.2 ખાલસાનીતિના હેતુઓ :

લોર્ડ ડેલહાઉસીની ખાલસાનીતિના મુખ્ય ત્રણ હેતુઓ હતા : ૧. પ્રદેશ ખાલસા, ૨.બ્રિટિશ સામ્રાજયની સરહદોની સુરક્ષા અને ૩. વ્યાપારી ફાયદા પોતાના આ ઉદ્દેશોને સિદ્ધ કરવા તેણે યુદ્ધ કર્યા અને શાંતિમય ઉપાયો પણ અપનાવ્યા. યુદ્ધ દ્વારા તેણે પંજાબ

અને પેગુ (બર્મા)ના પ્રદેશો મેળવ્યા. તો દત્તક લેવાની મનાઈ કરીને અનેક દેશી રાજયો પર તરાપ મારી. એ બંને ઉપાયો જયાં નકામા નીવડયા ત્યાં 'શાસનમાં ગેરવ્યવસ્થા'નું બહાનું શોધીને 'શાસિત પ્રજાની ભલાઈ' કરવાનાં બમણાં ફૂંકીને તેણે પ્રદેશો મેળવ્યા.

4.3.3 ખાલસાનીતિનો અમલ :

ડેલહાઉસીએ પાંચ પ્રકારે ખાલસાનીતિનો સિદ્ધાંત અમલમાં મૂકયો :

1. યુદ્ધ દ્વારા વિજયો મેળવીને
2. કાયદેસરના વારસાના અભાવે – દત્તક પુત્રની મનાઈ કરીને
3. ગેરવ્યવસ્થાના બહાના હેઠળ
4. દેશી રાજાઓના સાલિયાણાં અને ખિતાબોની નાબૂદી કરીને
5. દેવા પેટે કરજની ઉઘરાણી કરીને

4.3.3.1 યુદ્ધ દ્વારા ખાલસા કરેલાં રાજયો :

- ડેલહાઉસીના સમયમાં બીજો શીખ વિગ્રહ થયો. મુલતાનનો બળવો એ બીજા શીખ વિગ્રહનું તાત્કાલિક કારણ હતું. મૂળરાજે કરેલા બળવા સામે લોર્ડ ડેલહાઉસીએ ''થોભો અને રાહ જુઓ''ની નીતિ અપનાવી. આથી, બળવો સમગ્ર પંજાબમાં ફેલાઈ ગયો. લોર્ડ ડેલહાઉસીએ યુદ્ધ શરૂ કરવા માટે શીખ સરદારોએ જવાબદાર ગણ્યા.ઈ.સ. 1848માં બીજો શીખ વિગ્રહ થયો. આ વિગ્રહમાં કુલ ચાર યુદ્ધો થયા. આ યુદ્ધોમાં શીખોએ ખૂબ બહાદુરી બતાવી પણ તેમના અયોગ્ય અને સ્વાર્થી નેતાઓના વિશ્વાસઘાતને લીધે શીખો હારી ગયા અને તેમને શરણાગતિ સ્વીકારવી પડી. લોર્ડ ડેલહાઉસીએ જરા પણ શરમ રાખ્યા વગર પંજાબ ખાલસા કર્યું અને બ્રિટિશ સામ્રાજય સાથે જોડી દીધું. લોર્ડ ડેલહાઉસીની પંજાબ ખાલસા કરવાની નીતિની ખૂબ ટીકા થઈ છે. ટ્રોડર આ કાર્યને ''સિદ્ધાંતવિહીન અને અન્યાયી'' કહે છે, તો હેનરી લોરેન્સ તેને '' પંજાબની લૂંટ'' કહે છે. મેજર ઈવાન્સ બેલ તેને''ભયંકર વિશ્વાસઘાત'' ગણે છે.
- ઈ.સ. 1826માં લોર્ડ એમ્હર્સ્ટના સમયમાં અંગ્રેજોને બ્રહ્મદેશ સાથે પ્રથમ યુદ્ધ થયું હતું. અંગ્રેજોએ બર્મીઓને હરાવી યાંદાબુનીની સંધિ કરવાની ફરજ પાડી હતી. આ સંધિ પછી અંગ્રેજોએ બર્માના દક્ષિણ કિનારે અને રંગુનમાં વસવાટ કર્યો હતો. અંગ્રેજ વેપારીઓ તરફ રંગુનના ગવર્નરનું વર્તન ઉચિત ન હતું. કેટલાંક કારણોથી બર્માના રાજાએ બે અંગ્રેજ કપ્તાનોને મોટી રકમનો દંડ કર્યો હતો. તેમણે લોર્ડ ડેલહાઉસીને બર્મીઓ વિરુદ્ધ ફરિયાદ કરી. ડેલહાઉસી બર્મા સાથે યુદ્ધ કરવાનાં બહાનાં જ શોધતો હતો. બર્માના રાજા પર અનેક દોષોનું આરોપણ કરવામાં આવ્યું અને યુદ્ધ જાહેર કરવામાં આવ્યું. આ યુદ્ધમાં બર્માના રાજાની હાર થઈ. અંગ્રેજોએ પેગુ પ્રાંત ખાલસા કર્યો. બર્માના યુદ્ધનાં કારણો તદ્દન સામાન્ય હતાં. અંગ્રેજ ઉદારમતવાદી રાજપુરુષો ડેલહાઉસીનાં આ પગલાંને 'ગંભીર દુષ્કૃત્ય' તરીકે ઓળખાવે છે. **આર્નોલ્ડ ટોયેન્બી** બર્માના આ બીજા યુદ્ધને અન્યાયની પરિસીમા ગણાવે છે. **પ્રોફેસર આર્ચબોલ્ડ** પણ બર્મી વિગ્રહને ડેલહાઉસીનું અન્યાયી કૃત્ય કહી વખોડી કાઢે છે.
- નેપાળ ને ભૂતાન વચ્ચે સિક્કીમનો પ્રદેશ આવેલો છે. સિક્કીમના રાજાએ કોઈ ગુનાસર બે અંગ્રેજ ડૉકટર્સ કેદ કર્યા હતા. આથી, લોર્ડ ડેલહાઉસી ગુસ્સે ભરાયો

અને સિક્કીમનો દાર્જિલિંગનો પ્રદેશ ખાલસા કરી, બ્રિટિશ સામ્રાજય સાથે ભેળવી દીધો.

આમ, વિજયો મેળવીને લોર્ડ ડેલહાઉસીએ પંજાબ, પેગુપ્રાંત (બ્રહ્મદેશ) અને દાર્જિલિંગના પ્રદેશો મેળવ્યા. (ડા. ધારૈયા)

4.3.3.2 કાયદેસરના વારસાના અભાવે અથવા દત્તકપુત્રની મનાઈ કરીને :

ડેલહાઉસીનું મુખ્ય ધ્યેય દેશી રાજાઓના દત્તક પુત્ર લેવાના અધિકાર પર તરાપ મારી બ્રિટિશ પ્રદેશો વધારવાનું હતું. તેણે સ્વતંત્ર, મિત્ર, આશ્રિત કે તાબેદાર રાજય વચ્ચે કોઈ તફાવત રાખ્યો ન હતો. આ નીતિ અનુસાર લોર્ડ ડેલહાઉસીએ **સતારા** (1848), **જેતપુર** તથા **સંબલપુર** (1849), **બાઘત** (1850), **ઉદેપુર** (1852), **ઝાંસી** (1853) અને **નાગપુર** (1954)નાં રાજયોને ખાલસા કર્યા અને કંપનીનાં સામ્રાજયમાં જોડી દીધાં.

સતારા : પેશ્વાઓનાં પતન પછી સતારાની ગાદી પર લોર્ડ હેસ્ટિંગ્સે શિવાજીના વંશના પ્રતાપસિંહને નીમ્યો હતો. તેના બિનકુશળ વહીવટને કારણે તને ગાદી પરથી ઉઠાડી મૂકીને અંગ્રેજોએ તેના ભાઈ અપ્પા સાહેબની નિમણૂંક કરી. અપ્પા સાહેબ ઈ.સ. 1848માં બિનવારસ મૃત્યુ પામ્યા. ડેલહાઉસીએ તેના દત્તકપુત્રને માન્ય કર્યો નહીં અને સતારા રાજય ખાલસા કરવામાં આવ્યું. આર્નોલ્ડ ટોયેન્બીના મત મુજબ, ''સતારા એક કિમતી પણ ગેરકાયદેસર રીતે લેવાયેલું ઈનામ હતું.'' સતારા અંગ્રેજોનું આશ્રિત રાજય હતું. અંગ્રેજોએ તેની સાથે સમાનતાના ધોરણે સંધિ કરી હતી. આ બધું ધ્યાનમાં રાખ્યા વગર દત્તક પુત્ર હક્ક દાવાનો અસ્વીકાર કરવામાં આવ્યો અને સતારા રાજયને ખાલસા કરવામાં આવ્યું.

નાગપુર : ઈ.સ. 1818માં પેશ્વા બાજીરાવ બીજાને અંગ્રેજોએ હરાવ્યો હતો પરંતુ નાગપુરને ખાલસા કર્યું ન હતું. રઘુજી ભોંસલેને ગાદી પર બેસાડયો હતો. રઘુજી ભોંસલે ઈ.સ. 1853માં બિનવારસ મૃત્યુ પામ્યો. તેના દત્તક પુત્રને મંજૂરી આપવામાં આવી નહીં અને ડેલહાઉસીએ નાગપુરને ખાલસા કર્યું. નાગપુરનો પ્રદેશ રૂનાં ઉત્પાદન માટે શ્રેષ્ઠ હતો. તેથી ડેલહાઉસીએ ઉચિત કે અનુચિતની પરવા કર્યા વિના નાગપુર ખાલસા કરી દીધું. ત્યાર પછી તેણે રાજમહેલનાં ફર્નિચર તથા ઝવેરાતોનું જાહેર લિલામ કર્યું. રાજમહેલના હાથી, ઘોડા અને બળદ–માંસના ભાવે વેચવામાં આવ્યા. આવાં અવિચારી પગલાંથી નાગપુરની પ્રજા અંગ્રેજોની સામે સમસમી ઊઠી. **કેઈ** નામના ઈતિહાસકારે આ બનાવને ''રાજમહેલની લૂંટ'' કહીને વખોડી કાઢયો છે. રાજમહેલની આ લૂંટ વિશે પી.ઈ. રોબર્ટ્સ લખે છે કે, ''રાજકુટુંબનાં ઝવેરાત અને સામાનની હરાજી કરવી એ એવું કાર્ય હતું કે જેનો ઘણો જ ખરાબ પ્રભાવ પડયો અને એક ભૂંડી ભૂલ હતી અને એવી હતી જેને ટાળી શકાય તેમ હતી.''

ઝાંસી : ઝાંસીનો રાજા ગંગાધરરાવ અપુત્ર અવસાન પામ્યો. તેણે આનંદરાવને પોતાના દત્તક તરીકે લીધો હતો. ઈ.સ. 1817માં લોર્ડ હેસ્ટિંગ્સની સાથે રાજયે કરેલ સંધિ મુજબ ઝાંસીના રાજાને પોતાનો વારસ પસંદ કરવાનો અધિકાર મળેલો હતો. ગંગાધરરાવે હિન્દુ ધર્મ પ્રમાણે દત્તકવિધિ પણ કરેલો અને તે પ્રસંગે અંગ્રેજ અમલદારોએ હાજરી પણ આપેલી. પરંતુ લોર્ડ ડેલહાઉસીએ ઝાંસીના રાજાના દત્તક પુત્રને માન્ય કર્યો નહીં અને ઝાંસીનું રાજય ખાલાસા કર્યું. ઝાંસીની વિધવા રાણી લક્ષ્મીબાઈએ તે માટે સચોટ રજૂઆત કરી પણ વ્યર્થ ગઈ. આ અનીતિ અને અપમાનનો બદલો તલવારથી લેવા તેણે 1857ના બળવામાં ભાગ લીધો. તેણે પ્રતિજ્ઞા લીધી હી કે ''ડા. ઈશ્વરીપ્રસાદે ડેલહાઉસીના આ કાર્યને 'અનીતિપૂર્ણ' ગણાવ્યું છે.

સંબલપુર અને જૈતપુર : સંબલપુર ઓરિસ્સામાં આવેલું નાનકડું રાજય હતું. તેનો રાજા નારાયણસિંહ અપુત્ર મૃત્યુ પામતાં, ડેલહાઉસીએ કોઈપણ હક્કદાવો નામંજૂર કરીને સંબલપુર ખાલસા કર્યું. જૈતપુર બુંદેલખંડમાં આવેલું એક નાનું રાજય હતું. તેના રાજાનું પણ અપુત્ર અવસાન થતાં ડેલહાઉસીએ તે રાજયને ખાલસા કર્યું.

બાઘત અને ઉદેપુર : બાઘતનું રાજય પંજાબના પહાડી વિસ્તારોમાં આવેલું હતું. ઈ.સ. 1850માં તેનો રાજવી અપુત્ર મરણ પામતાં ડેલહાઉસીએ આ પ્રદેશને બ્રિટિશ સામ્રાજય સાથે ભેળવી દીધો.

ઉદેપુર : મધ્યપ્રદેશમાં આવેલું એક નાનકડું રાજય હતું. ઈ.સ. 1952માં તેના રાજાનું અપુત્ર અવસાન થતાં ડેલહાઉસીએ તેને પણ ખાલસા કર્યું. તે જ રીતે ખાનદેશમાં બુદાવલને ખાલસા કર્યું.

4.3.3.3 ગેરવ્યવસ્થાના બહાના હેઠળ :

લોર્ડ ડેલહાઉસી કોઈપણ રીતે બ્રિટિશ સામ્રાજયનો વિસ્તાર કરવા માંગતો હતો. તેથી જયાં ખાલસાનીતિ કામ ન આવે ત્યાં તેણે નવી રીત અજમાવી જે દેશી રાજયમાં અંધાધૂંધી અને ગેરવહીવટ હોય તે રાજયને ખાલસા કરવું અને આ રીતે તે રાજયની પ્રજાને ત્રાસ અને જુલમથી બચાવવી. તેની આ નવી રીતનો ભોગ અવધ (અયોધ્યા) બન્યું. તે કંપનીનું સૌથી જૂનું અને વફાદાર મિત્ર હતું.

અવધ સાથે કંપનીના સંબંધો છેક 1765થી બંધાયેલા હતા. ઈ.સ. 1801માં સંધિ મુજબ અયોધ્યાને રક્ષિત રાજય ગણવામાં આવ્યું હતું. આમ છતાંયે નવાબના આંતરિક વહીવટમાં અંગ્રેજોને કોઈપણ પ્રકારની દરમ્યાનગીરી કરવાનો હક્ક ન હતો. નવાબના ખરાબ વહીવટને કારણે અયોધ્યામાં અંધાધૂંધી ફેલાઈ હતી. નવાબો એશઆરામ અને નાચ–ગાનની મહેફિલોમાં મશગૂલ રહેતા. આથી, જાગીરદારો અને અધિકારીઓ પ્રજા પર ત્રાસ અને જુલમ ગુજારતા. સૌ પ્રથમ લોર્ડ વિલિયમ બેન્ટિકે નવાબને વહીવટમાં સુધારો કરવા ચેતવણી આપી હતી. ત્યાર બાદ લોર્ડ ઓકલેન્ડે અને લોર્ડ હાર્ડિંજે પણ નવાબને વહીવટમાં સુધારો કરવાની ચીમકીઓ આપી હતી. અયોધ્યાના અંગ્રેજ રેસિડન્ટ **કર્નલ સ્લીમેને** તથા **મેજર આઉટરામે** પણ અયોધ્યા પર પ્રવર્તતી ગેરવ્યવસ્થાની સખત ઝાટકણી કાઢી હતી. **કર્નલ સ્લીમેન** ખાલસાનીતિનો વિરોધી હોવા છતાં તેણે ડેલહાઉસીને અયોધ્યાનો વહીવટ સંભાળી લેવા હિમાયત કરી, પરિણામે કંપનીના ડિરેકટરોએ ડેલહાઉસીને અયોધ્યા ખાલસા કરવાનો હુકમ કર્યો. લોર્ડ ડેલહાઉસીની ઈચ્છા અયોધ્યાને ખાલસા કરવાની ન હતી. તે અયોધ્યાના નવાબને નામના રાજા તરીકે ચાલુ રાખીને વહીવટીતંત્ર સંભાળી લેવા માંગતો હતો. આ માટે તેણે કંપનીને લખ્યું પરંતુ કંપનીના ડિરેકટર્સએ તેની આ વાત માની નહીં. પરિણામે લોર્ડ ડેલહાઉસીએ ઈ.સ. 1856માં અયોધ્યાને ખાલસા કર્યું અને બ્રિટિશ સામ્રાજય સાથે જોડી દીધું. અવધને ખાલસા કરવાની આખી પ્રક્રિયા શાહીવાદી હતી. અવધને ખાલસા કરવું એ ''આંતરરાષ્ટ્રીય કાયદા દ્વારા પણ યોગ્ય પુરવાર થતું નથી.'' ઈતિહાસગાર પી.ઈ. રોબર્ટ્સ તેને 'રાષ્ટ્રીય વિશ્વાસનું પ્રચંડ ઉલ્લંઘન' કહે છે. કર્નલ સ્લીમેને લોર્ડ ડેલહાઉસીને ચેતવણી આપી હતી કે, ''અવધને અંગ્રેજ રાજયમાં ભેળવવું એ એક રાજનૈતિક ભૂલ છે. આ રાજયને ભેળવવાથી અંગ્રેજોને આવાં દસ રાજયો જેટલી કિંમત ચૂકવવી પડશે અને અંતે તે સિપાહીઓના વિદ્રોહરૂપે પ્રગટ થશે.'' તેની આ ભવિષ્યવાણી બીજા જ વર્ષે સાચી પડી. અવધના રાજાઓ, તાલુકાદારો અને પ્રજાએ બળવા વખતે એ અપમાનનો સંપૂર્ણ બદલો લીધો.

4.3.3.4 દેશી રાજાઓના બિરેદો અને વર્ષાસનોની નાબૂદી :

હવે, ડેલહાઉસીની ઈચ્છા નામમાત્રની સત્તા ધરાવતા અને સંપૂર્ણ પતન પામી ચૂકેલા રાજવીઓના વર્ષાસનો અને બિરુદોને નાબૂદ કરવાની હતી. આ માટે તેણે જાહેર કર્યું કે, ''ખિતાબ અને પેન્શન વ્યકિતગત હોય છે. તેથી એક રાજા મૃત્યુ પામે તો તેના વારસદારને તે મળશે જ એમ ન કહી શકાય. તે બંધ પણ કરી શકાય છે.'' આ નીતિ મુજબ તેણે કર્ણાટક અને તાંજોર ખાલસા કર્યું. તેને મળતું પેન્શન બંધ કરીને કર્ણાટકને બ્રિટિશ સામ્રાજયમાં જોડી દેવામાં આવ્યું. તેવી જ રીતે ઈ.સ. ૧૮૫૫માં તાંજોરનો રાજા અપુત્ર અવસાન પામ્યો. તેના અવસાન બાદ કોઈ વારસદાર ન હોવાથી ડેલહાઉસીએ વાર્ષિક પેન્શન આપવાનું બંધ કર્યું અને તેની જાગીર જપ્ત કરવામાં આવી. તાંજોરની ગાદી નાબૂદ કરવામાં આવી.

લોર્ડ ડેલહાઉસીની આવી નીતિનો પ્રથમ શિકાર ભૂતપૂર્વ પેશ્વા બાજીરાવ બીજાનો દત્તકપુત્ર નાનાસાહેબ બન્યો. ડેલહાઉસીએ તેને વર્ષાસન આપવાની ના પાડી દીધી. આ અન્યાયનો બદલો નાનાસાહેબે અને તેના સાથીદાર તાત્યાટોએ 1857ના બળવામાં અસરકારક ભાગ ભજવીને લીધો. તેવી જ રીતે લોર્ડ ડેલહાઉસીએ જાહેર કર્યું કે, ''છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુરશાહ બીજાનાં અવસાન પછી શાહી કુટુંબે રાજમહેલ છોડીને ચાલ્યા જવું.''

4.3.3.5 દેવા પેટે કરજની ઉઘરાણી કરીને :

નિઝામના રાજયમાં અંગ્રેજોએ એક મોટી સેના રાખી હતી, કારણ કે તેણે સહાયકારી સૈયી યોજના સ્વીકારી હતી. સેનાનો બધો ખર્ચ નિઝામે આપવાનો હતો. નિઝામની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી તેના પર કંપનીનું દેવું ૭ લાખ ૮૦ હજાર પાઉન્ડનું ચડી ગયું હતું. છેવટે ડેલહાઉસીએ આ દેવા પેટે વરાડનો પ્રદેશ લઈ લીધો. અંગ્રેજોને કપાસનો સમૃદ્ધ પ્રદેશ મળી ગયો.

4.4 ખાલસાનીતિનાં પરિણામો – અસરો અથવા 1857ના બળવા માટે આ નીતિ કેટલે અંશે જવાબદાર હતી ?

- ઈતિહાસકાર રોબર્ટ્સના મતે, ''અન્યાયીપણે કરેલા મોટા પ્રદેશ જોડાણો દાખલ કરેલા નવીન ફેરફારો અને સુધારાને વિપ્લવના મુખ્ય કારણ તરીકે ગણવામાં આવતા હતા.'' ભારતના લોકોની ભાવના અને સંવેદનાઓને તેણે કઠોરતાપૂર્વક કચડી નાંખ્યા હતા. દેશી રાજયોને બ્રિટિશ સામ્રાજય સાથે જોડી દેવા તે ખૂબ ઉતાવળો થયો હતો. તેના કાર્યોથી એવી છાપ ઊભી થઈ કે તેના શાસનમાં કોઈપણ રાજાનો પ્રદેશ સુરક્ષિત નથી. કોઈપણ દેશી રાજા પોતાને સલામત માનતો ન હતો. **ગ્રોવર** અને **શેઠી** નામના લેખકોના મતે, ''રાજય કે પ્રદેશને ખાલસા કરવાની પ્રક્રિયા એટલી બધી ઝડપથી થતી હતી કે ડેલહાઉસીએ કરેલા કાર્યો પર તેની વિપરીત અસરો ક્રમશઃ પડતી ગઈ.'' ખાલસા સિદ્ધાંતોનો અમલ કરવામાં લોકોના રિવાજો અને દુઃખોની તેણે ભારે ઉપેક્ષા કરી હતી. તેની ખાલસાનીતિ આક્રમક અને લાગણીહીન હતી. **કર્નલ સ્લીમેને** તેની નીતિમાં સમાયેલાં ભયસ્થાનો તરફ તેને સમયસર ચેતવ્યો હતો. અયોધ્યા ખાલસા કરતી વખતે ડેલહાઉસી સામે લાલબત્તી ધરી હતી અને જણાવ્યું હતું કે, ''
બ્રિટિશ સત્તાને આવા એક નહીં પણ દસ રાજયો જેટલી કિંમત ચૂકવવી પડશે અને તે નીતિ સિપાહીઓના બળવામાં પરિણમશે.'' આ ભવિષ્યવાણી બીજે જ વર્ષે સાચી પડી.

- હિંદ ધર્મશાસ્ત્રો મુજબ રાજાને જો કાયદેસરનો વારસ ન હોય તો તે દત્તક લઈ શકે છે. ડેલહાઉસીએ દેશી રાજાઓના આ દત્તક પુત્ર લેવાના અધિકારને માન્ય ન કરીને તેમનાં રાજયો ખાલસા કર્યા. ડેલહાઉસીની આ નીતિ ખરેખર અન્યાયી હતી. આ રીતે તેણે પરાપૂર્વથી ચાલ્યા આવતા હિંદુ રીતરિવાજોને ઠોકર મારી. આથી, હિંદુઓમાં અસંતોષ વ્યાપ્યો, પરિણામે ૧૮૫૭ના બળવામાં જે તે રાજયોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો.
- ડેલહાઉસીએ ગેરવ્યવસ્થાના બહાને અનેક દેશી રાજયોને કંપનીના સામ્રાજયમાં ભેળવી દીધાં. પરિણામે દેશી રાજાઓ, સરદારો અને નવાબોમાં અસંતોષની આગ ભભૂકી ઊઠી. જે રાજયો બચી ગયા હતા તેમને પણ ડર પેઠો કે હવે તેમનું રાજય પણ સુરક્ષિત રહેવાનું નથી. આથી, તેઓ પોતાની સલામતી માટે શંકા સેવવા લાગ્યા અને અંગ્રેજો વિરુદ્ધ છૂપાં કાવતરામાં જોડાયા.
- પેન્શનો અને ખિતાબો નાબૂદ થતાં દેશી રાજાઓમાં અસંતોષ ફેલાયો. નાનાસાહેબ પેશ્વાને અપાતું વર્ષાસન ડેલહાઉસીએ બંધ કર્યું. તેથી તે અંગ્રેજોનો કટ્ટર શત્રુ બની ગયો. 1857ના બળવામાં તેણે નેતાગીરી લીધી. તેવી જ રીતે તાંજોર અને કર્ણાટકના નવાબનાં પેન્શનો બંધ થતાં તે નીતિ પણ કમનસીબ સાબિત થઈ.

- **ડૉ. સ્મિથે** ડેલહાઉસીને ભારતમાં વિકટ લશ્કરી પરિસ્થિતિ મૂકી જવા બદલ જવાબદાર ગણ્યો છે. દિલ્હીમાં વિપુલ પ્રમાણમાં સંઘરવામાં આવેલ દારૂગોળાનું રક્ષણ કરવા કોઈ સાવચેતીભર્યા પગલાં તેણે લીધાં ન હતા. એ દારૂગોળાનો જથ્થો હિંદી લશ્કરના તાબામાં હતો. અલ્હાબાદનું મહત્ત્વનું વ્યૂહાત્મક સ્થાન પણ રક્ષણ વગરનું હતું. દરેક જગ્યાએ લશ્કરી ટુકડીઓની વહેંચણી અવ્યવસ્થિત અને અસમાન હતી. બ્રિટિશ દળોના પૂરતા અભાવે હિંદી લશ્કરો ઘણી રીતે લાભદાયી સ્થિતિમાં હતા.
- **ડૉ. ઈશ્વરીપ્રસાદે** યોગ્ય જ કહ્યું છે કે ડેલહાઉસીના અમલ દરમ્યાન, ''અનેક પ્રદેશો ખાલસા થયા અને અનેક પ્રાચીન રાજવંશો ઊથલી પડયા.'' આમ, આ નીતિનો વ્યવહારમાં ઉપયોગ કરીને ડેલહાઉસીએ બ્રિટિશ હિંદનો નકશો પલટી નાંખ્યો. પરંતુ આ માટે તેણે અજમાવેલા ઉપાયો અને માર્ગો એટલા બધા આપખુદ અને લાગણીહીન હતા કે તેનાથી દેશી રાજાઓ અને તેમની પ્રજાઓ ચોંકી ઊઠી. દેશી રાજયોને ખાલસા કરવાની તેની આ નીતિ ક્રૂર, આક્રમક અને લાગણીહીન હતી. પરિણામે બીજે જે વર્ષે અંગ્રેજો વિરુદ્ધ હિંદમાં બળવો ફાટી નીકળ્યો. આ અંગે **ડૉ. ઈશ્વરીપ્રસાદે** યોગ્ય જ નોંધ્યું છે કે, ''બળવો તો થવાનો જ હતો, પરંતુ ડેલહાઉસીએ ખાલસાનીતિ દ્વારા તેને ગતિ આપી ઝડપી બનાવ્યો.'' ડેલહાઉસીએ ભારત પર રાજય ન કર્યું હોય તો પણ બળવો તો થવાનો જ હતો, કારણ કે તે માટેની પૂર્વભૂમિકા તો કયારનીય સર્જા ચૂકી હતી.

પરંતુ ડેલહાઉસીને 1857ના બળવા માટે સંપૂર્ણ જવાબદાર ન ગણાવી શકાય, કારણ કે અવધના પ્રશ્ને તેણે કંપનીના સંચાલકોને લખ્યું હતું કે, અવધના નવાબને નામમાત્રનો શાસક બનાવી દેવો જોઈએ. પરંતુ કંપનીના સંચાલકોએ જ અવધને ખાલસા કરવાની આજ્ઞા આપી હતી. આ ઉપરાંત લશ્કરમાં યુરોપિયન સૈનિકોનું પ્રમાણ વધારવાનું પણ તેણે કંપનીને લખ્યું હતું. વળી, તેના પ્રગતિશીલ સુધારાઓને પણ બળવા માટે જવાબદાર ગણવામાં આવે છે, પરંતુ આ માટે તો હિંદની પ્રજાની અજ્ઞાનતા, રૂઢિચુસ્તતા અને ધર્મપ્રિયતા ખરેખર જવાબદાર હતી. આ સુધારાઓ તેણે ક્રમેક્રમે દાખલ કર્યા હોત તો કદાચ લોકો ટેવાઈ જાત, પરંતુ આ સુધારાનો કાર્યક્રમ પણ તેણે ઝડપથી અમલમાં મૂકયો. તેથી ભારતની રૂઢિચુસ્ત પ્રજા માનવા લાગી કે અંગ્રેજોનો હેતુ લોકોને

ખ્રિસ્તી બનાવવાનો છે. ડેલહાઉસીએ કરેલાં પ્રદેશ જોડાણો અને સ્થાનભ્રષ્ટ કરેલા રાજાઓના કારણે પરિસ્થિતિ બગડતી ગઈ હતી એમ જરૂર કહી શકાય. તેણે ઘણી ઝડપથી અને મર્યાદાબહાર આ બધું કર્યું હતું. તેની નિર્દય અને અન્યાયી નીતિથી પ્રવર્તતો અસંતોષ વધુ ઉગ્ર બન્યો. પરિણામે લક્ષ્મીબાઈ, નાનાસાહેબ પેશ્વા વગેરેએ બળવાની આગેવાની લીધી. ડેલહાઉસીએ પોતાના કાર્યની સાથે સાથે લોકોને વિશ્વાસમાં લીધા હોત અને ભારતીય લોકોમાં તેના કાર્યો વિશે ફેલાયેલી ગેરસમજ અને વહેમને દૂર કરવાનું કાર્ય કર્યું હોત તો પરિણામ જુદું જ આવ્યું હોત. તેનું સમગ્ર કાર્ય કદાચ પ્રશંસાપાત્ર પણ બનત. સમગ્રપણે વિચાર કરતાં લાગે છે કે 1857ના વિપ્લવ માટે ડેલહાઉસી અંશતઃ જવાબદાર તો હતો જ.

ડેલહાઉસીએ મહાજોડાણવાદી તરીકે જેવી પ્રતિભા ઊભી કરી તેવી રીતે આંતરિક વહીવટમાં સંખ્યાબંધ સતત સુધારા અને રચનાત્મક કાર્ય કરીને કુશળ વહીવટદાર તરીકે નામના મેળવી. લોર્ડ ડેલહાઉસીનો આઠ વર્ષનો શાસનકાળ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ઈતિહાસમાં અતિ મહત્ત્વનો છે. તે ઉત્તમ વહીવટકર્તા હતો. તેણે હિંદમાં અનેક સુધારાઓ દાખલ કરી હિંદની રોનક બદલી નાંખી. સરકારનું એક પણ એવું ખાતું ન હતું, જેમાં ડેલહાઉસીએ સુધારો ન કર્યો હોય ! **સર રિચાર્ડ ટેમ્પલે** તેનાં વખાણ કરતાં યોગ્ય જ કહ્યું છે કે, ''હિંદમાં વહીવટ કરવા માટે આવેલા ઉત્તમ ગવર્નર જનરલોમાંથી કોઈપણ વહીવટકર્તા તરીકે' ડેલહાઉસીથી ચઢિયાતો ન હતો અને ભાગ્યે જ કોઈ તેની બરોબરી કરી શક.'' ભારતને આધુનિક બનાવવા માટે તેણે કરેલા સુધારા ખરેખર ખૂબ પ્રશંસાપાત્ર છે. જો કે આ સુધારાઓ પાછળ પણ આર્થિક લાભો મેળવવાની મનોદશા તો કામ કરતી જ હતી. **(ડૉ. ધારૈયા)**

4.5 ડેલહાઉસીનાં વિવિધ સુધારાઓ :

4.5.1 વહીવટી સુધારા :

લોર્ડ ડેલહાઉસી ઉત્તમ વહીવટકર્તા હતો. તેણે વહીવટીતંત્રમાં કરકસર કરી તેને કાર્યક્ષમ બનાવ્યો.

- ગવર્નર જનરલને તેની વિશાળ જવાબદારીઓમાંથી મુક્ત રાખવા લેફ્ટેનન્ટ ગવર્નરનો હોદ્દો ઊભો કરી બંગાળને તેના હસ્તક મૂક્યું. નવા મેળવાયેલા પ્રદેશો માટે કેન્દ્રીકરણની 'નોન રેગ્યુલેશન'ની પદ્ધતિ દાખલ કરી. તેમાં એ પ્રદેશનો વહીવટ કમિશનરના હાથમાં મુકાયો. એ કમિશનર સીધી રીતે ગવર્નર જનરલને જવાબદાર હતો.
- **રેલવે, તાર અને ટપાલની શરૂઆત કરી :** ડેલહાઉસીએ રેલવે, તાર અને ટપાલ યોજના દાખલ કરીને હિંદને આધુનિકતાના પથ પર મૂકી દીધું. તેના સમયમાં સૌ પ્રથમ ઈ.સ. 1853માં મુંબઈથી થાણા સુધી રેલવેલાઈન નાંખવામાં આવી. ત્યાર પછી કલકત્તાથી રાણીગંજની રેલવેલાઈન ખૂલ્લી મૂકવામાં આવી. જો કે આમાં હિંદની પ્રગતિ કરતાં ઈંગ્લેન્ડની આર્થિક જરૂરિયાતોનો વધુ ખ્યાલ રાખવામાં આવ્યો હતો. આથી અંગ્રેજ મૂડીપતિઓને લાભ થયો. સૈનિકોની તથા વસ્તુઓની હેરફેર રેલવેથી ઝડપી બની. ભારતને એક બનાવવામાં રેલવે ખૂબ ઉપયોગી બની. રેલવેએ ભારતના જૂના આર્થિક, સામાજિક માળખાને તોડી નાંખ્યું.

  તે જ રીતે ડેલહાઉસીએ **તાર યોજના** પણ શરૂ કરી. તેના સમયમાં મુંબઈથી મદ્રાસ અને કલકત્તાથી પેશાવર વચ્ચે લગભગ 4,000 માઈલનાં તારનાં

દોરડાં નંખાઈ ગયા. આથી દેશનો સંદેશાવ્યવહાર ઝડપી બન્યો અને લોકોમાં પરસ્પર સંપર્ક વધ્યો. 1857ના બળવા વખતે લશ્કરની ઝડપી હેરફેર માટે અને ઝડપી સંદેશાઓ માટે અંગ્રેજોને આ રેલવે અને તાર યોજના આશીર્વાદરૂપ નીવડયાં. ક્રાંતિકારીઓ હંમેશા એમ કહેતા કે, ''આ શાપિત દોરે અમને રૂંધી નાંખ્યા. **(પી.ઈ. રોબર્ટ્સ)**

આધુનિક ટપાલ પદ્ધતિનો મુખ્ય પાયો ડેલહાઉસીએ નાંખ્યો. ૧૮૫૪માં 'પોસ્ટ ઓફિસ એકટ' પસાર કરવામાં આવ્યો. રેલવે શરૂ થતાં ટપાલ વ્યવસ્થા ઝડપી અને સસ્તી બની. આથી તેણે બધા જ પ્રદેશો માટે અડધા તોલા વજનના કાગળનો દર અડધો આનો તથા પોસ્ટકાર્ડનો દર ૧ પૈસો ઠરાવ્યો. આખા દેશમાં કુલ 750 પોસ્ટ ઓફિસો શરૂ કરવામાં આવી. તેના પર નિયંત્રણ માટે આશીર્વાદરૂપ નીવડી અને સરકારને આવકનું એક મોટું સાધન મળ્યું. **ડૉ. ઈશ્વરીપ્રસાદ**ના મતે, ''તેના પોસ્ટવિષયક સુધારાએ તેના શાસનકાળની એક સૌથી ચિરસ્થાયી સિદ્ધિ હતી.'' **પ્રો. એસ.આર.શર્મા** ડેલહાઉસીનેરેલવે, તાર અનેટપાલ યોજનાનો પિતા કહે છે.

રેલવે, તાર અને ટપાલ યોજનાથી ભારતના એક ખૂણે વસતો ભારતવાસી બીજા ખૂણામાં વસતા તેના બંધુની સાથે સંપર્કમાં આવી શકયો.

- **જાહેર બાંધકામ ખાતું (P.W.D.) શરૂ કર્યું :** લોર્ડ ડેલહાઉસીએ દરેક પ્રાંતમાં અલગ જાહેર બાંધકામ ખાતું શરૂ કર્યું. પહેલાં આ ખાતુંલશ્કરી બોર્ડના હાથમાં હતું. તેથી જાહેર જનતાના કાર્યો પર ધ્યાન અપાતું નહી. ડેલહાઉસીએ આ ખાતું લશ્કરી બોર્ડ પાસેથી લઈ લીધું અને અલગ પાડયું. આ ખાતાએ હવે રસ્તાઓ, નહેરો, પુલો બાંધ્યા : (1) ઢાકાથી આરકાન, (2) હિંદથી તિબેટ અને (3) કલકત્તાથી પેશાવર. આમ, લગભગ 2,000 માઈલના નવા રસ્તા બંધાવી તેણે પ્રજાકલ્યાણનું ઉમદા કાર્ય કર્યું.

  આ ખાતાને જોઈતા ઈજનેરો મળી રહે તે માટે ડેલહાઉસીએ રૂડકીમાં ઈજનેરી કોલેજની પણ સ્થાપના કરી.
- ડેલહાઉસીએ હિંદનાં પ્રાચીન સ્મારકોની જાળવણી માટે એક વ્યવસ્થિત વિભાગની રચના કરી. આ ખાતાએ ઘણાં જૂના સ્મારકોને બચાવી લીધાં.

4.5.2 આર્થિક સુધારા :

- લોર્ડ ડેલહાઉસીએ અંગ્રેજ વેપારીઓને ફાયદો થાય તે માટે ''મુકત વેપારની નીતિ'' અપનાવી તેમજ હિંદના બધા જ દરિયાઈ બંદરો જકાત મુકત કર્યા. પરિણામે હિંદનો બધો જ દરિયાઈ વેપાર અંગ્રેજ ધનિકોના હાથમાં આવ્યો. આથી હિંદનું આર્થિક શોષણ વધ્યું. ભારતના દરિયાઈ વેપાર પર અંગ્રેજ મૂડીવાદીઓએ અંકુશ જમાવ્યો.
- તેણે વેપાર માટે કેટલીક સગવડો ઊભી કરી. આ માટે તેણે ત્રણ ધોરી માર્ગો બંધાવ્યા.કરાંચી, મુંબલ, કલકત્તા અને રંગૂન બંદરલને સુધારી તેમને બારમાસી બંદર બનાવવામાં આવ્યા. બંદર પરની દીવાદાંડીઓ અને બારાં સુધારવામાં આવ્યા અને નવાં બાંધવામાં આવ્યા તેમજ મોટી નદીઓમાં સ્ટીમરો આવ–જા કરી શકે તેવો પ્રબંધ કર્યો. હુગલી નદી પર કલકત્તા–હાવરા પુલ ડેલહાઉસીએ તૈયાર કરાવ્યો.

4.5.3 ખેતીવિષયક સુધારા :

ડેલહાઉસીએ ખેતીને ઉત્તેજન આપવા નીચેના પગલાં લીધા :

- તેણે 18,000 માઈલની નહેરો ખોદાવી. અપર બડી દોઆબ નહેર, અપર ગેન્ઝીસ નહેર, કાવેરી નહેર અને ગોદાવરી ડેમ તેના સમયમાં તૈયાર થયા. તેના સમયમાં 15 લાખ એકર જમીનમાં નહેરો દ્વારા સિંચાઈ થતી હતી.
- પંજાબની ખેતી સુધારવા માટે યુરોપમાંથી બિયારણ મંગાવવામાં આવ્યું.
- પંજાબમાં "Agricultural and Horticultural Society" (ખેતીવાડી અને બાગવિજ્ઞાન સભા) સ્થાપવામાં આવી. સરકારે આ સોસાયટીને ઉદાર હાથે મદદ કરી.
- ઊનનું ઉત્પાદન વધારવા પ્રોત્સાહન આપવામાં આવ્યું.
- જંગલોની જાળવણી માટેનાં પગલાં લેવમાં આવ્યા. તે માટે અધિકારીઓની નિમણૂક કરવામાં આવી. પંજાબના મેદાનમાં ફળના છોડ રોપવાનું નક્કી કરવામાં આવ્યું.
- તેણે કોલસો અને લોખંડના પ્રદેશોનું સંશોધન કરવા પ્રયાસો કર્યા.

4.5.4 સામાજિક સુધારા :

હિંદની પ્રજાના કલ્યાણ માટે તેણે કેટલાંમ સુધારાઓ કર્યા :

- ઈ.સ. 1856માં હિન્દુ વિધવાને પુનઃલગ્ન કરવાનો હક્ક આપતો કાયદો પસાર કર્યો.
- કોઈક કોઈક જગ્યાએ સતીપ્રથા હજુ હયાતી ધરાવતી હતી તેને નાબૂદ કરવામાં આવી.
- ઠગોના ઉપદ્રવને પણ બિલકુલ નાબૂદ કરવામાં આવ્યો.
- કોઈપણ વ્યકિત બીજો ધર્મ અંગીકાર કરે તો તેના વારસા હક્કને વાંધો ન આવે એવો કાયદો તેણે પસાર કર્યો. આ રીતે ડેલહાઉસીએ પરોક્ષ રીતે ખ્રિસ્તી ધર્મના પ્રચારને વેગ આપ્યો. તેના આ કાયદાથી હિંદીઓ નારાજ થયા.

4.5.5 લશ્કરી સુધારા :

ડેલહાઉસીએ લશ્કરની કાર્યક્ષમતામાં વધારો કરવા પગલાં લીધાં જેવા કે –

- તોપખાનું કલકત્તાથી ખસેડીને મિરત લઈ જવામાં આવ્યું. લશ્કરી થાણા ધીમે ધીમે સિમલા ખસેડવામાં આવ્યા.
- હિંદી લશ્કરમાં ગુરખાઓને દાખલ કરવા ઉત્તેજન આપવામાં આવ્યું.
- પંજાબમાં એક અનિયમિત નવું લશ્કર તૈયાર કરવામાં આવ્યું.
- તેણે હિંદના લશ્કરમાં યુરોપિયન સૈનિકોનું પ્રમાણ વધારવા ઈંગ્લેન્ડની સરકાર પાસે માંગણી કરી.

4.5.6 કેળવણી વિષયક સુધારા – સર ચાર્લ્સ વુડનો ખરીતો :

ડેલહાઉસીના સૌથી મહત્ત્વના સુધારા કેળવણી અંગેના છે. બેન્ટિકના સમયમાં અંગ્રેજી શિક્ષણ ભારતમાં શરૂ થયું હતું પણ કંપની સરકાર ત્યાર પછી યુદ્ધોમાં પડી ગઈ તેથી અંગ્રેજી શિક્ષણનો વિકાસ અટકી ગયો હતો. આ દિશામાં આગળ વધવાની ભલામણ કરવા ઈંગ્લેન્ડની પાર્લમેન્ટે સર ચાર્લ્સ વુડના પ્રમુખપણા નીચે એક સમિતિ નીમી. આ સમિતિએ સુધારાઓની ભલામણ કરતો એક ખરીતો મોકલ્યો (1854). જેનીમુખ્ય ભલામણો નીચે પ્રમાણે હતી :

- હિંદમાં કેળવણીનો વિકાસ કરવા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ કેળવણીનો વિકાસ કરવા શાળાઓ અને કોલેજો સ્થાપવી.

- શાળા અને કોલેજોમાં અભ્યાસ કરતા લાયક અને તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ આપવી, જેથી તેઓ અભ્યાસમાં આગળ વધે.
- ખાનગી સંસ્થાઓ, મંડળો કે વ્યકિતઓ શાળા કે કૉલેજ શરૂ કરે તો સરકારે તેમને ગ્રાન્ટ આપવી.
- શાળાનાં નીચલાં ધોરણોમાં માતૃભાષામાં શિક્ષણ આપવું.
- શાળા તથા કોલેજોમાં અપાતાં શિક્ષણની પરીક્ષાઓ લેવા માટે દરેક પ્રાંતમાં યુનિવર્સિટીઓની સ્થાપના કરવી. તેનું બંધારણ અને કાર્યપદ્ધતિ લંડન યુનિવર્સિટી જેવી રાખવી.
- સ્ત્રી–કેળવણીને ઉત્તેજન આપવું.
- શિક્ષકોને તાલીમ આપવા માટે તાલીમ સંસ્થાઓ ખોલવી.
- દરેક પ્રાંતમાં અલગ કેળવણી ખાતાની સ્થાપના કરવી અને તેના હાથ નીચે ઈન્સ્પેકટરો અને મદદનીશ ઈન્સ્પેકટરો નીમવા.

આમાં હિંદની સમગ્ર શિક્ષણ પદ્ધતિનું માળખું આપી દેવામાં આવ્યું હતું. આથી ઈતિહાસકારો, **''ચાર્લ્સ વુડના ખરીતાને હિંદનો શૈક્ષણિક મેગ્નાકાર્ટા''** કહે છે.

સદ્‌ભાગ્યે ડેલહાઉસી ખૂબ ઉત્સાહી હતો. તે આ ભલામણો સાથે સંમત હતો, તેથી તેણે તે તમામ ભલામણોનો સ્વીકાર કર્યો અને તેનો ઝડપી અમલ પણ કર્યો. ઠેર ઠેર શાળાઓ અને કૉલેજીસ શરૂ કરવામાં આવી. આથી **રામ્સે મુર** ડેલહાઉસીને "Initiator of the Indian Universities" તરીકે ઓળખાવે છે. તેણે રૂડકીમાં સૌ પ્રથમ ઈજનેરી કોલેજ પણ સ્થાપી. આથી **ડૉ. વિન્સેન્ટ સ્મિથ** ડેલહાઉસીને ''હિંદમાં ટેક્‌નીકલ કેળવણીના પિતા'' તરીકે બિરદાવે છે. ઉપરોકત સુધારાઓ કરીને ડેલહાઉસીએ ખરેખર હિંદને આધુનિક બનાવવા પ્રયત્ન કર્યો.

લોર્ડ ડેલહાઉસીના સુધારાઓનું મૂલ્યાંકન : આમ, ડેલહાઉસીએ દરેક ક્ષેત્રમાં સુધારાઓ કરી હિંદની રોનક બદલી નાંખી. આજે જે પ્રગતિ અને રાજકીય એકતા આપણે અનુભવી રહ્યા છીએ તેનો પાયો નાંખનાર ડેલહાઉસી હતો. અર્વાચીન હિંદની શરૂઆત તેના સમયથી થઈ તેમ કહી શકાય. **થોમ્સન** અને **ગેરેટ** નામના ઈતિહાસ લેખકોએ કહ્યું છે કે, ''He laid practically all the foundations of Mordern India.'' (આધુનિક ભારતનો પાયો નાંખનાર ખરેખર તે હતો). એટલે જ **સર વિલિયમ હંટરે** તેને **'' આધુનિબ હિંદના ઘડવૈયા''** તરીકે નવાજયો છે.

''તેણે શરૂ કરેલ રેલવે, તાર અને ટપાલ યોજનાઓને હિંદનું આધુનિકીકરણ કરવામાં અને પ્રજામાં એકતા લાવવામાં કીમતી ફાળો આપ્યો છે.'' **(પ્રો. એસ.આર.શર્મા)** સર ચાર્લ્સ વુડનો ખરીતો હિંદની ભાવિ કેળવણી માટે પાયારૂપ બન્યો.

તેણે હિંદના વેરવિખેર અને પછાત રહેલાં દેશી રાજયોનું જોડાણ કર્યું અને તેનો પાશ્ચાત્ય ઢબના પ્રગતિશીલ સુધારાઓ દાખલ કરી વિકાસ કર્યો. પરિણામે વેલેસ્લીના સમયનું સ્થિર હિંદ પ્રગતિશીલ બન્યું. **(હંટર)**

ડેલહાઉસીએ દાખલ કરેલા સુધારા સારા હતા, પરંતુ હિંદની અજ્ઞાન, વહેમી અને રૂઢિચુસ્ત પ્રજા તેના આ સુધારા પાછળનો શુભ આશય સમજી શકી નહીં. અસંતોષીઓએ પ્રજાના આ વહેમને વારંવાર દઢ કર્યો. પરિણામે ૧૮૫૭ના બળવાને આડકતરું પ્રોત્સાહન મળ્યું તેમ છતાં આપણે રામ્સે મુરના વિચારો સાથે સંમત થઈશું કે, ' 'આધુનિક ભારતનાં વિશિષ્ટ લક્ષણોનું નિર્માણ કરવામાં, બળવો કે ત્યાર પછીની બંધારણીય વ્યવસ્થા કરતાં ડેલહાઉસીનાં કાર્યોએ વધુ પ્રભાવ પાડયો છે.'' માટે જ તેને '' **આધુનિક ભારતનો નિર્માતા–સર્જક ઘડવૈયો''** કહેવામાં આવે છે. **(ડૉ. ઘારૈયા)**

લોર્ડ ડેલહાઉસી સામ્રાજયવાદી ગવર્નર જનરલ હતો. તેનું મુખ્ય ધ્યેય હિંદમાં બ્રિટિશ સામ્રાજયવાદ ફેલાવવાનો હતો. માટે તેણે ખાલસાનીતિનો વધુ પડતો ઉપયોગ કર્યો. **ડા. ઈશ્વરીપ્રસાદના** મતે, તેના અમલ દરમ્યાન ''અનેક પ્રદેશો ખાલસા થયા. પ્રાચીન રાજવંશો ઊથલી પડયા અને પરિણામે આધુનિક હિંદનો પ્રાદુર્ભાવ થયો.'' તે ઉત્તમ વહીવટકર્તા પણ હતો. તેણે હિંદમા ઘણા પ્રગતિશીલ સુધારા કર્યા. 'તેણે વેલેસ્લીના સમયના સ્થિર હિંદને સુધારાઓ દ્વારા પ્રગતિશીલ હિંદમાં ફેરવી નાંખ્યું. **(હંટર)**

4.6 હિંદમાં બ્રિટિશ સામ્રાજયનો વિસ્તાર કરવા તેણે નીચેના માર્ગો અપનાવ્યા :

- સાર્વભૌમ સત્તા પ્રત્યે બિનવફાદારીના બહાને યુદ્ધો કરીને તેણે પંજાબ અને બ્રહ્મદેશનો પેગુ પ્રાંત તથા દાર્જિલિંગના પ્રદેશો મેળવ્યા.
- દત્તક પુત્રની મનાઈ કરીને તેણે સતારા, નાગપુર, ઝાંસી, સંબલપુર, જેતપુર, બાઘટ અને ઉદેપુરનાં દેશી રાજયોને ખાલસા કર્યા અને તેને બ્રિટિશ સામ્રાજય સાથે જોડી દીધાં.
- ગેરવ્યવસ્થાના બહાને તેણે અયોધ્યાને ખાલસા કર્યું.
- ખિતાબ–સાલિયાણાં નાબૂદ કરીને તેણે પેશ્વાઈનો અને કર્ણાટકની નવાબીનો અંત આણ્યો.

ડેલહાઉસીએ ખાલસાનીતિનો અમલ ઝનૂનભેર કર્યો અને બ્રિટિશ હિંદનો નકશો બદલી નાંખ્યો. તેની ખાલસાનીતિ બેધારી તલવાર જેવી હતી, જેનો ઉપયોગ તેણે વિજયો મેળવીને કર્યો અને શાંતિમાં પણ કર્યો. પરંતુ આ માટે તેણે અજમાવેલા માર્ગો એટલા બધા આપખુદ અને લાગણીહીન હતા કે તેનાથી દેશી રાજાઓ અને પ્રજા ચોંકી ઊઠી. આ નીતિનો અમલ કરતી વખતે તેણે માનવતા, બ્રિટિશ પ્રજાનું ગૌરવ અને પ્રતિષ્ઠા તથા આંતરરાષ્ટ્રીય કાનૂનને ગીરો મૂકવાની ધૃષ્ટતા બતાવી હતી.

લોર્ડ ડેલહાઉસીની પંજાબ ખાલસા કરવાની નીતિની ખૂબ ટીકા થઈ છે. **ટ્રોડર** તેના આ કાર્યને **''સિદ્ધાંતવિહીન અને અન્યાયી''** કહે છે. **હેનરી લોરેન્સ તેને '' પંજાબની લૂંટ''** કહે છે. **મેજર ઈવાન્સ બેલ** તેને **''ભયંકર વિશ્વાસઘાત''** ગણે છે. તેવી જ રીતે ડેલહાઉસીનું પેગુ પ્રાંત ખાલસા કરવાનું પગલું પણ અયોગ્ય હતું. બર્મા સાથેના યુદ્ધનાં કારણો તદ્દન નજીવા હતા. અંગ્રેજ રાજપુરુષો ડેલહાઉસીના આ પગલાંને '' **ગંભીર દુષ્કૃત્ય''** ગણે છે. **આર્નોલ્ડ ટોયેન્બી** બર્માના બીજા યુદ્ધને અન્યાયની પરિસીમા ગણે છે.

હિંદુ ધર્મશાસ્ત્રો મુજબ રાજાને જો કાયદેસરનો વારસ ન હોય તો તે દત્તક લઈ શકે છે. ડેલહાઉસીએ દેશી રાજાઓના આ અધિકારને માન્ય રાખ્યો નહિ અને તેમમનાં રાજયો ખાલસા કર્યા. આ રીતે તેણે પરાપૂર્વથી ચાલ્યા આવતા હિંદુ રીતરિવાજોને ઠોકર મારી. સતારા અંગ્રેજોનું આશ્રિત રાજય હતું, છતાં વારસદારના અભાવે ડેલહાઉસીએ સતારા ખાલસા કર્યું. તેવી જ રીતે નાગપુરને પણ ખાલસા કર્યું. **કેઈ** નામના ઈતિહાસકારે આને ''રાજમહેલની લૂંટ'' કહીને વખોડી કાઢી છે. તેવી જ રીતે લોર્ડ હેસ્ટિંગ્સ સાથે થયેલી સમજૂતી પ્રમાણે ઝાંસીને પોતાનો વારસદાર પસંદ કરવાનો અધિકાર મળેલો હતો, છતાં ડેલહાઉસીએ ઝાંસીનું રાજય ખાલસા કર્યું. આ અપમાનનો બદલો લેવા ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ 1857ના બળવામાં ભાગ લીધો અને પ્રતિજ્ઞા લીધી કે**ડા. ઈશ્વરપ્રસાદે** ડેલહાઉસીના આ કાર્યને 'અનીતિપૂર્ણ' ગણાવ્યું છે. તેવી જ રીતે અવધને ખાલસા કરવું એ પણ આંતરરાષ્ટ્રીય કાયદા દ્વારા ઉચિત પુરવાર થતું નથી. ઈતિહાસકાર રોબર્ટ્સ અવધના આ બનાવને રાષ્ટ્રીય વિશ્વાસનું પ્રચંડ ઉલલંઘન ગણે છે. કર્નલ સ્લીમેને લોર્ડ ડેલહાઉસીને ચેતવણી આપી હતી કે, ''અવધને અંગ્રેજ રાજયમાં જોડી દેવું એ એક

રાજનૈતિક ભૂલ છે. આ રાજયને ભેળવવાથી અંગ્રેજોને આવા દસ રાજયો જેટલી કિંમત ચૂકવવી પડશે અને અંતે સિપાહીઓના વિદ્રોહરૂપે તે પ્રગટ શશે.'' આ ભવિષ્યવાણી બીજે જ વર્ષે સાચી પડી. અવધે પોતાના અપમાનનો બદલો બળવા વખતે બરાબર લીધો. ડેલહાઉસીએ પૂનાની પેશ્વાઈ પણ નાબૂદ કરી અને નાનાસાહેબ પેશ્વાને વર્ષાસન આપવાની પણ ના પાડી દીધી. આ અન્યાયનો બદલો લેવા નાનાસાહેબ પેશ્વાએ અને તેમના સાથીદાર તાત્યાટોપે 857ના બળવાની નેતાગીરી લીધી. તેવી જ રીતે ડેલહાઉસીએ છેલ્લા મુઘલ બાદશાહ બહાદુરશાહ બીજાના અવસાન પછી શાહી કુટુંબને રાજમહેલ છોડી ચાલ્યા જવાની સૂચના આપી. આનો ખૂબ જ ખરાબ પ્રભાવ પડયો.

આમ, ડેલહાઉસીના અમલ દરમ્યાન અનેક પ્રદેશો ખાલસા થયા, પ્રાચીન રાજવંશો ઊથલી પડયા અને આધુનિક હિંદનો પ્રાદુર્ભાવ થયો. **(ડૉ. ઈશ્વરીપ્રસાદ).** વેરવિખેર અને છૂટાંછવાયાં દેશી રાજયોને જોડીને તેણે હિંદમાં રાજકીય એકતા સ્થાપી. કેટલાંય દેશી રાજયોની પ્રજા ત્રાસ અને જુલમ ભોગવતી હતી તેને પરોક્ષ રીતે ડેલહાઉસીએ મુકત કરી. ડેલહાઉસી કહેતો કે, ''પાખંડી રાજવંશો'' અને ''કૃત્રિમ મધ્યસ્થ સત્તાઓએ'' હિંદની પ્રજાના દુ:ખદર્દો વધાર્યા છે. આવા રાજયોને ખાલસા કરીને પરોક્ષ રીતે તેણે હિંદની સેવા કરી, તેથી ડેલહાઉસીની તરફેણ કરનારા તેને ''મુકિતદાતા'' કહે છે. તો કેટલાંક તેને **'પૂર્વનો અબ્રાહમ લિંકન'** કહે છે. આમ, ખાલસાનીતિનો ઉપયોગ કરીને તેણે બ્રિટિશ હિંદનો નકશો પલટી નાંખ્યો. પરંતુ આ માટે તેણે અજમાવેલા ઉપાયો એટલા બધા ક્રૂર અને લાગણીહીન હતા કે તેનાથી દેશી રાજાઓ અને તેની પ્રજા ચોંકી ઊઠી અને વ્યાપક અસંતોષ ફેલાયો. પરિણામે બીજે જ વર્ષે હિંદમાં અંગ્રેજો વિરુદ્ધ બળવો ફાટી નીકળ્યો.

4.7 હિંદનું આધુનિકીકરણ કરવા ડેલહાઉસીએ કરેલા પ્રયત્નો :

ડેલહાઉસીએ માત્ર પ્રદેશો જ પ્રાપ્ત કર્યા નથી. પ્રાપ્ત કરેલા પ્રદેશોમાં પ્રગતિશીલ સુધારાઓ દાખલ કરીને તેણે હિંદને આધુનિક બનાવ્યું. સરકારના દરેક ખાતાને તેના સુધારાનો સ્પર્શ થયો. સર રિચાર્ડ ટેમ્પલે યોગ્ય જ કહ્યું છે કે, ''હિંદમાં વહીવટ કરવા આવેલા ગવર્નર જનરલોમાં 'વહીવટકર્તા' તરીકે ડેલહાઉસીથી કોઈ ચઢિયાતો ન હતો અને ભાગ્યે જ કોઈ તેની બરોબરી કરી શકે.' તેણે વેલેસ્લીના સમયના સ્થિર હિંદને સુધારાઓ દ્વારા પ્રગતિશીલ બનાવ્યું. જો કે આ સુધારાઓ પાછળ પણ તેની સામ્રાજયવાદી અને આર્થિક લાભો મેળવવાની મનોદશા તો કામ કરતી જ હતી.

ટૂંકમાં, આજે આપણે જે રાજકીય એકતા, સંગઠન અને પ્રગતિ જોઈ રહ્યા છીએ તેને માટેની શરૂઆત કરનાર લોર્ડ ડેલહાઉસી હતો. તેણે હિંદના વેરવિખેર અને પછાત રહેલા પાંદેશિક ટુકડાઓનું (દેશી રાજયોનું) સંકલન કર્યું અને તેમાં પાશ્ચાત્ય ઢબના પ્રગતિશીલ સુધારાઓ દાખલ કરી તેનો વિકાસ સાધવા પ્રયત્ન કર્યો. આઝાદી પછી દેશી રાજયોને ભારતસંઘમાં ભેળવીને એકતા સાધવાનું ભગીરથ કાર્ય જે સરદાર વલ્લભભાઈ પટેલે કર્યું, તેવું જ કાર્ય લોર્ડ ડેલહાઉસીએ અંગ્રેજ અમલ દરમ્યાન કર્યું. આવા પ્રદેશોમાં વિવિધલક્ષી સુધારાઓ કરીને તેણે આધુનિક ભારતનું નિર્માણ કર્યું. તેથી **ડૉ. સ્મિથ** તેને Apostle of Westernized India (પાશ્ચાત્ય હિંદનો મહાન સંત) કહે છે. વી.ડી. મહાજન તેને ''પૂર્વનો અબ્રાહમ લિંકન'' ગણે છે. રામ્સે મુર તેના વિશે લખે છે કે, '' આધુનિક ભારતના ક્ષણોનું નિર્માણ કરવામાં, બળવો કે ત્યાર પછીની બંધારણીય વ્યવસ્થા કરતાં ડેલહાઉસીના કાર્યોએ વધુ પ્રભાવ પાડયો છે.'' માટે જે તેને આધુનિક ભારતનો ઘડવૈયો કહેવામાં આવે છે. **પર્સીવલ સ્પિયરે** તેને અંજલિ આપતા કહ્યું છે કે, ''

તે સર્વદષ્ટિ આધુનિક ભારતનો ઘડવૈયો હતો, કારણ કે દેશ માટે દૂરગામી સ્વપ્ન સેવનાર તરીકે જ નહીં પણ આધુનિકતા અને પાશ્ચાત્યીકરણવાળા ભારતનું વાસ્તવદર્શી ચિત્ર નજરે જોનાર તરીકે બધામાં તે પહેલો હતો.'' **(ડૉ. ઘારૈયા)**

4.8 ડેલહાઉસીનું મૂલ્યાંકન – ઈતિહાસમાં સ્થાન :

ડેલહાઉસીના સમયના તેના જ તાબાંના કેટલાંક અધિકારીઓ અને બીજાઓએ તેના અતિશયોકિતભર્યા વખાણ કર્યા છે. તો કેટલાકં તેની ટીકા પણ કરી છે. આ સમયના એક અધિકારી **સર રીચર્ડ ટેમ્પલે** કહ્યું હતું કે, **''ઈંગ્લેન્ડે ભારતના શાસન માટે મોકલેલી તેજસ્વી વ્યકિતઓમાં શાહીવાદી શાસનકર્તા તરીકે તેનાથી કોઈ આગળ વધ્યું ન હતું અને ભાગ્યે જ કોઈ તેની સમકક્ષ હતું.''** ગવર્નર જનરલોની આગલી હરોળમાં ડેલહાઉસીનું સ્થાન સ્વીકારી લેતાં એ ન ભૂલવું જોઈએ કે તેના શાસનમાં લેવાયેલાં ઘણાં પગલાંથી લોકો ઉશ્કેરાયા હતા અને એવી છાપ ઊભી થઈ હતી કે અંગ્રેજોની ન્યાયબુદ્ધિમાં વિકૃતિ આવી ગઈ છે. ડેલહાઉસી પોતાની શકિતઓની સીમાથી અજાણ હતો એવું જણાતું હતું તેનામાં ખામીઓ હોય એ સ્વાભાવિક હતું પરંતુ અન્ય કોઈ વ્યકિત કાર્ય કરે તેનાથી પણ વધુ કાર્ય કરવા જતાં તેની આદેશાત્મક ઈચ્છાનો અમલ કરવા સિવાય તેના અધિકારીઓને બીજું કંઈ પણ કરવા જેવું રહ્યું ન હતું. આરંભમાં જણાવ્યા પ્રમાણે, **સર વિલિયમ વિલ્સન હંટરે ડેલહાઉસીના કાર્યને ''વિજય, સંગઠન અને વિકાસ'' એવા ત્રણ શબ્દોમાં બિરદાવ્યું છે.** ડેલહાઉસીએ કરેલાં જોડાણોને લીધે આધુનિક ભારતનો નકશો તૈયાર થયો હતો તેનો ઈન્કાર થઈ શકે તેમ નથી. પંજાબનું જોડાણ કરવાથી ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું સામ્રાજય વાયવ્ય સરહદોની ટેકરીઓ સુધી વિસ્તર્યું. સિક્કીમ પ્રદેશના જોડાણથી ભારતની સરહદો તિબેટ અને ચીનના સામ્રાજયની સરહદો સુધીના કાંઠા પર વિસ્તાર થયો. આમ, ડેલહાઉસીનું નામ પૂર્વમાં બ્રિટિશ શાહીવાદના મહાન ઘડવૈયા તરીકે ઈતિહાસમાં યાદગાર રહેશે.(ડૉ.રમેશકાંત પરીખ)

ડેલહાઉસીએ બ્રિટિશ ભારતના વહીવટીતંત્રના મુખ્ય પાયા નાંખ્યા હતા એનો સ્વીકાર કરવો જોઈએ. તે યુદ્ધના સંચાલનમાં જેટલો બાહોશ હતો તે કરતાં શાંતિ સ્થાપવામાં વધુ કુનેહશકિત ધરાવતો હતો. કોઈ પ્રદેશ, પ્રાંત કે રાજયનું જોડાણ કર્યા બાદ તે તરત જ વહીવટીતંત્રના માળખાની રચના ઝીણવટપૂર્વક કરતો. તેના કાર્યમાં મનસ્વીપણું હતું તેની અવગણના થઈ શકે નહીં. તે ધગશવાળો અને દઢ નિર્ણયશકિતવાળો હતો એવું ભલે માનવામાં આવે પણ તેનામાં સહાનુભૂતિવાળી લાગણીનો અને જે પ્રજા પર તેનાં પગલાંની અસર થવાની હતી તેની ઈચ્છાનો અને એ પ્રજા તેનાં પગલાંને કેવી રીતે આવકારશે તે સમજવાની શકિતનો અભાવ હતો એવું જરૂર કહી શકાય. આમ છતાં **પર્સીવલ સ્પિયરે** તેને અંજલિ આપતા કહ્યું છે કે, **''તે સર્વ દષ્ટિએ આધુનિક ભારતનો ઘડવૈયો હતો, કારણ કે દેશ માટે દુરગામી સ્વપ્ન સેવનાર તરીકે જ નહિ પણ આધુનિકતા અને પાશ્ચાત્યીકરણવાળા ભારતનું વાસ્તવદર્શી ચિત્ર નજરે જોનાર તરીકે બધામાં તે પહેલો હતો.''(ડૉ.પરીખ)**

આમ, ભારતમાં લોર્ડ કલાઈવે બ્રિટિશ સત્તાનો પાખો નાંખ્યો, વોરન હેસ્ટિંગ્સે તેને સંરક્ષણ કર્યું. લોર્ડ કોનવોલિસે તેના વહીવટીતંત્રના માળખાને દઢ બનાવી તેને સ્થિરતા આપી. લોર્ડ વેલેસ્લીએ સહાયકારી યોજના દ્વારા દેશી રાજયોને બ્રિટિશ કંપનીની સાર્વભૌમ સત્તા હેઠળ લાવીને તેને બિનહરીફ અને ભારતની એકમાત્ર સત્તા બનાવી. લોર્ડ હેસ્ટિંગ્સે, લોર્ડ વેલેસ્લીનું અધુરું કાર્ય પૂરું કરીને, બ્રિટિશ સત્તાને ભારતમાં ' સર્વોપરી'બનાવી, જયારે લોર્ડ ડેલહાઉસીએ ખાલસા નીતિનો અમલ કરીને અનેક રાજયોને ખાલસા કર્યા અને બ્રિટિશ કંપનીની સત્તાને 'ચરમસીમા'એ પહોંચાડી. આમ,

પ્લાસીની લડાઈથી બરાબર સો વર્ષે ભારતમાં અંગ્રેજોની સત્તા અને તેમનું સામ્રાજય ચરમસીમાએ પહોંચ્યું.

4.9 સારાંશ

ગવર્નર જનરલ ડેલહાઉસીએ જીત, જપ્તી અને ખાલસાની નીતિ દ્વારા ભારતનાં અનેક દેશી રાજયોને કંપની સરકારના પ્રદેશો સાથે જોડી દઈ, અંગ્રેજ સામ્રાજયનો ખૂબ વિસ્તાર કર્યો. તેણે અનેક સુધારાઓ કર્યા હોવાથી તે સુધારાવાદી ગવર્નર તરીકે પણ ઓળખાય છે. ડેલહાઉસીની ખાલસા નીતિ પ્રદેશ લાલસા, બ્રિટિશ સામ્રાજયની સરહદોની સુરક્ષા અને વ્યાપારી ફાયદા કરવા માટે કરવામાં આવેલી. ખાલસાનીતિએ વ્યાપક અસંતોષ જન્માવ્યો. પરિણામે 1857નો બળવો થયો. ડેલહાઉસીના અમલ દરમ્યાન અનેક પ્રદેશો ખાલસા થયા અને અનેક પ્રાચીન રાજવંશો ઊથલી પડયા. બ્રિટિશ હિંદનો નકશો પલટી નાંખ્યો. ડેલહાઉસીની ખાલસાનીતિ ક્રૂર, આક્રમક અને લાગણીહીન હતી. તેથી બળવો ઝડપી થયો. ડેલહાઉસીએ ભારતમાં પ્રગતિશીલ અને આધુનિક સુધારા કર્યા. તેથી તેને 'આધુનિક ભારતનો સર્જક' કહેવામાં આવે છે. તેણે વહીવટમાં કરકસર કરી. તેણે રેલવે, તાર અને ટપાલની શરૂઆત કરી. તેણે જાહેર બાંધકામ ખાતુ (P.W.D.)શરૂ કર્યું. તેણે આર્થિક સુધારા કરી દેશની આર્થિક સ્થિતિ સુધારી. તેણે ખેતવિષયક સુધારા કરી ખેતી સમૃદ્ધ બનાવી. ડેલહાઉસીએ હિંદુ વિધવાને પુનર્લગ્ન કરવા માટેનો કાયદો કર્યો. તેણે ઉત્તરપ્રદેશમાં ઠગોનો ઉપદ્રવ નાબૂદ કર્યો. ધર્મ અંગીકાર કરવાની છૂટ આપી. લશ્કરમાં પણ અનેક સુધારા દાખલ કરી, લશ્કરને આધુનિક બનાવ્યું. શિક્ષણમાં સુધારા માટે ચાલ્સેવુડ ખરીતો પસાર કર્યો અને મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં યુનિવર્સિટીની સ્થાપના કરી. તેણે સ્ત્રી કેળવણીને ઉત્તેજન આપ્યું.

4.10 તમારી પ્રગતિ ચકાસો

હેતુલક્ષી પ્રશ્નો

1. હિંદમાં બ્રિટિશ સામ્રાજયનો વિસ્તાર કરવા ડેલહાઉસીએ કઈ નીતિ અપનાવી ? તેના મુખ્ય ધ્યેયો જણાવો.

   _____
   _____
   _____

2. લોર્ડ ડેલહાઉસીએ ખાલસા નીતિનો અમલ કઈ કઈ રીતે કર્યો ?

   _____
   _____
   _____

3. દત્તક પુત્રની મનાઈ કરીને ડેલહાઉસીએ કયાં કયાં રાજયો ખાલસા કર્યો ?

   _____
   _____
   _____

4. ડેલહાઉસીને 'આધુનિક ભારતનો ઘડવૈયો' શા માટે કહેવામાં આવે છે ?

_____
_____
_____

5. સર ચાર્લ્સવુડના ખરીતાને હિંદનો 'શૈક્ષણિક મેગ્નાકાર્ટા' શા માટે કહેવામાં આવે છે?

_____
_____
_____

6. કાયદેસરના વારસાના અભાવે અથવા દત્તક પુત્રની મનાઈ કરીને ડેલહાઉસીએ કયા કયા રાજયોને ખાલસા કર્યા ?

_____
_____
_____

પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.

1. ભારતમાં અંગ્રેજ સત્તા વિસ્તારવા ડેલહાઉસીએ અપનાવે નીતિરીતિની સમીક્ષા કરો

અથવા

લોર્ડ ડેલહાઉસીની ખાલસાનીતિ સમજાવો. 1857ના ઉત્થાન માટે તે કયાં સુધી જવાબદાર હતી?

અથવા

લોર્ડ ડેલહાઉસીની રાજય અપહરણનીતિ વિસ્તારથી સમજાવો. તેનાં શાં પરિણામો આવ્યાં ?

અથવા

લોર્ડ ડેલહાઉસીની દેશી રાજયો પ્રત્યેની નીતિ સમજાવો. તેનાં શાં પરિણામો આવ્યા?

2. 'આધુનિક ભારતના ઘડવૈયા' તરીકે લોર્ડ ડેલહાઉસીની કામગીરીની સમીક્ષા કરો.

અથવા

લોર્ડ ડેલહાઉસીના સુધારાઓ વિષે નોંધ લખો. તેને ''આધુનિક ભારતનો સર્જક'' ગણવો કયાં સુધી યોગ્ય છે ?

અથવા

લોર્ડ ડેલહાઉસીના સુધારા વર્ણવી, ભારતના ઈતિહાસમાં તેનું સ્થાન નિર્ણિત કરો.

3. હિંદના એકીકરણ અને આધુનિકીકરણ માટેની લોર્ડ ડેલહાઉસીની પ્રવૃત્તિઓ વર્ણવો.

અથવા

લોર્ડ ડેલહાઉસીનું એક મહાન વહીવટકર્તા અને મુત્સદ્દી શાસક તરીકે મૂલ્યાંકન કરો.

અથવા

હિંદના ગવર્નર જનરલ તરીકે લોર્ડ ડેલહાઉસીની સિદ્ધિઓનું મૂલ્યાંકન કરો.

ચાવીરૂપ શબ્દોઃ

સાલીયાણા	વર્ષના અંતે રાજાઓને આપવામાં આવતી રકમ ખર્ચ પેટે
P.W.D.	જાહેર બાંધકામ
ખરીતો	ધારો, કાયદો
ખાલસા નીતિ	રાજય અપરણ
દત્તક	જે રાજાનો પુત્ર ન હોય અને વારસદાર જાહેર કરે તેને દત્તક પુત્ર કહેતા
પાખંડી રાજવંશ	અન્યાયી કુર રાજાઓ
લિલામ	હરાજી
પેન્શન	વાર્ષિક મદદ રાજાઓને આપવામાં આવતો આર્થિક ખર્ચ
રૂઢિચુસ્તા	પ્રાચીન જુની માન્યતા, અજ્ઞાનતા
નોન રેગ્યુલેશન	આ પદ્ધતિ પ્રમાણે એ પ્રદેશનો વહીવટ કમિશનર કરતો
નાર યોજના	ટેલિફોનની વ્યવસ્થા
A Postale of Westernized India	પ્રાશ્ચત્યહિન્દ મહાન સંત

સંદર્ભ સૂચિઃ

1. Lee-Warner, Sir William : The Native states of India, London, 1910.
2. Pannikar, K.M. : Introducation to the study of the Relations of India states with the Government of India, London, 1927.
3. Philips, C.H. : The correspondence of Lord William Bentink: 1828-35. 2 Vols. Editied, Oxford, 1977.
4. Raghuvamshi, V.P.S.: Indian Nationalist Movement and Thought, Agra, 1959.
5. Majumdar, J.K.: Rammohan Roy and Progressive Movements in India(1775-1875)

ગુજરાતી :-

1. જાવડેકર, શ.દ. (આચાર્ય) : આધુનિક ભારત, અનુવાદ ડા. ગા. દેશપાંડે, અમદાવાદ, 1946
2. દત્ત રમેશચંદ્ર : દોઢ સદીનો આર્થિક અતિહાસ, સંક્ષેપકાર, વિ.મ.કોઠારી, અમદાવાદ, 1963
3. પોપ્યુલર : અર્વાચીન ભારતનો ઈતિહાસ, સુરત, 2005-06
4. પરીખ આરાજી : ભારતનો ઈતિહાસ 1818-1885, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
5. પટેલ મંગુભાઈ : ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ- 1973.
6. જયચંદ વિદ્યાશંકર : ભારતીય ઈતિહાસની વિકાસ રેખા, પોપ્યુલર પ્રકાશન-સુરત, 1956

7. ધારૈયા રમણલાલ ક. : આધુનિક ભારતનો ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 2011.

हिन्दी :-

1. सरकार सुमित :- आधुनिक भारत १८८५-१९४७ , राजकमान प्रकाशन, नई दिल्ली, पटना.
2. रामगोपाल : भारतीय स्वतंत्रता संग्राम का इतिहास, भारत जुल सेंटर, लखनव-१९९६.
3. नागोरी एस. एल. : भारतका राष्ट्रीय आन्दोलन जयपुर; १९८८
4. शर्मा कालूराम, व्यास प्रकास : आधुनिक भारत का राजनैतिक आर्थिक एवं सामाजिक इतिहास, भाग-2,पंचशील प्रकाशन, जयपुर – २००४.
5. बिपिन चन्द्र : आधुनिक भारत का इतिहास, ओरियंग ब्लेकर-वोन, नइ दिल्ली – २०११.
6. गजरानी शिव : आधुनिक भारत का इतिहास – १७१७-१८१८
7. पसथी आर. के., भंडारी दीपा : आधुनिक भारत का इतिहास, अर्जुन पालिशिंग हाउस, नइ दिल्ली- २००९

એકમ : 5

ઈ.સ.1857નો સંગ્રામ–તેના કારણો અને પરિણામો

:: રૂપરેખા::

5.1 ઉદ્દેશો

5.2 પ્રસ્તાવના

5.3 વિષય પ્રવેશ

5.3.1 શરૂઆતના બળવા

5.4 પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ – 1857

5.4.1 બળવાનાં કારણો

5.4.2 વિસ્તાર અને તીવ્રતા

5.4.3 પરાજય

5.5 1857ના ઉત્થાનમાં–વિપ્લવનાં, બળવાનાં કારણો, પરિબળો, સંજોગો બતાવો

5.5.1 રાજકીય અન્યાયો

5.5.2 વહીવટી ભેદભાવ

5.5.3 આર્થિક દુર્દશા – આર્થિક શોષણ

5.5.4 સામાજિક અને ધાર્મિક નીતિ (કારણો)

5.4.5 લશ્કરી અસંતોષ

5.4.6 અન્ય કારણો

5.4.7 ચરબીવાળા કારતૂસો–બળવાનું તાત્કાલિક કારણ

5.5 વિપ્લવનાં મુખ્ય કેન્દ્રો, બનાવો અને તેના આગેવાનો

5.6 વિપ્લવનો અંત અને બ્રિટિશ સત્તાની પુનઃ સ્થાપના

5.7 1857ના વિપ્લવની નિષ્ફળતાનાં કારણો

5.7.1 યોગ્ય નેતાગીરીનો અભાવ

5.7.2 વિપ્લવકારીમાં સામાન્ય ધ્યેય અને રાષ્ટ્રીય ભાવનાનો અભાવ

5.7.3 પૂરતાં શસ્ત્રો તથા સાધનોનો અભાવ

5.7.4 રાજાઓની તટસ્થતા, અંગ્રેજોને સહાય

5.7.5 શિક્ષિતોના સાથ અને સહકારનો અભાવ

5.7.6 શીખો અને ગુરખાઓ અંગ્રેજોના પક્ષે

5.7.7 વિપ્લવની વહેલી શરૂઆત

5.7.8 અંગ્રેજોની ચઢિયાતી લશ્કરી તથા દરિયાઈ તાકાત

5.7.9 વિપ્લવનો મર્યાદિત વ્યાપ

5.8 વિપ્લવનાં પરિણામો–મહત્ત્વ

5.8.1 કંપનીના શાસનનો અંત

5.8.2 વહીવટી ફેરફાર અને બંધારણીય પ્રગતિ

5.8.3 આર્થિક નીતિમાં પલટો

5.8.4 સામાજિક નીતમાં ફેરફાર

5.8.5 ધાર્મિક નીતિમાં ફેરફાર

5.9 1857ના વિપ્લવના મુખ્યમથકો

5.10 રાણી લક્ષ્મીબાઈ

5.11 તાત્યાટોપે

5.12 સારાંશ

5.1 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી આપ નીચેની બાબતો વિશે જાણી શકશો.

1. 1857ના ઉત્થાનનાં કારણો, બનાવો અને પરિણામો
2. 1857ના ઉત્થાનું સ્વરૂપ–બળવો કે સ્વતંત્રતા સંગ્રામ
3. 1857ના વિપ્લવ માટે જવાબદાર પરિબળો અને ડેલહાઉસીની ખાલસાનીતિ કેટલે અંશે જવાબદાર હતી.
4. 1857ના વિપ્લવ તરફ દોરી ગયેલા સંજોગો અને બનાવોની વિસ્તૃત માહિતી.
5. 1857ના બળવામાં કોણે કોણે અગત્યનો ભાગ ભજવેલ તેની વિસ્તૃત માહિતી.
6. 1857ના વિપ્લવના નિષ્ફળતાના કારણોની વિસ્તૃત ચર્ચા.

5.2 પ્રસ્તાવના :

1857માં ભારતના જુદાજુદા વર્ગોએ અંગ્રેજ સત્તાને ઉખાડી ફેંકી દેવા માટે એક થઈ સ્વતંત્રતાનો પ્રથમ સંગ્રામ–વિગ્રહ કર્યો. આ સંગ્રામની થોડીક નબળાઈઓને કારણે અંગ્રેજોએ આ વિદ્રોહને દબાવી દીધો. 1857ના સંગ્રામની સૌ પ્રથમ શરૂઆત મેરઠમાં લશ્કરના ભારતીય સિપાહીઓએ કરી. અંગ્રેજ સરકાર દ્વારા રાજકીય અન્યાયો, ભારતના જુદાજુદા વર્ગોની આર્થિક પાયમાલી, સામાજિક વ્યવસ્થાની અવગણના, હિંદુ ધર્મમાં દરમ્યાનગીરી, હિંદી સિપાહીઓનો અસંતોષ વગેરે1857ના સંગ્રામનાં મુખ્ય કારણો હતા. ભારતીય સૈનિકોનો અસંતોષ એ1857ના સંગ્રામનું સૌથી મહત્ત્વનું કારણ હતું. 1857ના સંગ્રામમાં અવધના નવાબની બેગમ હજરત મહાલે, કાનપુરના પેશ્વા

નાનાસાહેબે, જગદીશપુરના રાજા કુવરસિંહે, મુઘલ બાદશાહ બહાદુરશાહે, તાત્યાટોપેએ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ તેમજ જમીનદારોએ, ખેડૂતોએ, કારીગરોએ અને હિંદી સૈનિકોએ મહત્ત્વનો ભાગ લીધો હતો. બરાકપુરની લશ્કરી છાવણીનો સૈનિક મંગલ પાંડે1857ના સંગ્રામનો પ્રથમ શહીદ બન્યો.સરકારે સમાજસુધારાની નીતિનો ત્યાગ કર્યો. સરકારે કોમી ભેદભાવને ઉત્તેજન આપ્યું. સરકારે ધાર્મિક ક્ષેત્રે તટસ્થાની નીતિ અપનાવી. લશ્કરી તંત્રનું પુનઃ સંગઠન કરવામાં આવ્યું. હિંદી સૈનિકોના પગાર, ભથ્થાં, સગવડો વધારવામાં આવ્યા. 1857નો સંગ્રામ નિષ્ફળ ગયો. તે માટે કેન્દ્રીય સંગઠનો અભાવ, વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહારનાં સાધનોનો અભાવ, ભારતમાં એકસાથે શરૂ ન થયો, બળવો માત્ર ઉત્તર ભારતમાં જ વધુ ફેલાયો, સંગ્રામને શિક્ષિતોનો ટેકો ન મળ્યો, શીખો અને ગુરખાઓ સંગ્રામમાં જોડાયા નહીં તથા અંગ્રેજોની ચડિયાતી સૈન્યશકિત જવાબદાર હતી.

5.3 વિષય પ્રવેશ :

ઈ.સ. 1757માં પ્લાસીની લડાઈ બાદ અંગ્રેજોએ સૌ પ્રથમ વાર બંગાળમાં કેટલોક પ્રદેશ મેળવ્યો. તે પછીનાં 100 વર્ષમાં ભારતે કમશઃ પોતાની સ્વતંત્રતા ગુમાવી અને અંગ્રેજો વધુને વધુ પ્રદેશો કબજે કરતા ગયા. ઈ.સ. 1857 સુધીમાં લગભગ સમસ્ત ભારત અંગ્રેજોના કબજ હેઠળ આવી ગયું.

આમ છતાં આ પ્રકિયા અંગ્રેજો માટે સરળ ન હતી. દેશના વિવિધ વિસ્તારના લોકોએ અંગ્રેજોની સામે વખતોવખત બળવા કરીને તેમનો સામનો કર્યો હતો.

5.3.1 શરૂઆતના બળવાઃ

1. ઈ.સ. 1817-18માં પશ્ચિમ ઘાટના ખાનદેશમાં.
2. 1824માં બરાકપુરમાં સિપાહીઓમાં.
3. 1825 અને 1837માં અનુક્રમે બાગબાણ અને ધારના ભીલ લોકોના બળવા થયા હતા.
4. ગુજરાતના કોમી લોકોએ અને સહાનપુરના ગુર્જર લોકોએ અંગ્રેજો સામે બળવા કર્યા હતા.
5. ઓરિસ્સામાં ખોદ જાતિનું બંડ ૧૮૪૬માં શરૂ થયું તે ૧૮૫૫ સુધી ચાલુ રહ્યું હતું.
6. બંગાળામાં ફરાઈઝીઓ આશરે ૩૦ વર્ષ સુધી અંગ્રેજો સામે લડતા રહ્યા હતા.
7. રાયબરેલીના સૈયદ અહમદે કરેલું વહાલીબંદ દાયકાઓ સુધી ચાલ્યું હતું.
8. બિહારના સંથાલ લોકોએ પણ બળવા કર્યા હતા. કેટલાક રાજાઓએ પણ અંગ્રેજ સરકારનો પ્રતિકાર કર્યો હતો.

ખેડૂતો અને આદિવાસીઓએ અંગ્રેજોના શાસન સામે બળવા કર્યા હતા. 1850ના અરસામાં ઓરિસ્સામાં કેટલીક આદિવાસી ચળવળો થઈ હતી. ઈ.સ. 1855-57માં સંથાલ લોકોનો બળવો થયો હતો. હિંદી સિપાહીઓએ પણ કેટલાક બળવા કર્યા હતા.

આ બધા બળવા ભારતમાં બ્રિટિશ શાસન સામે જનતામાં વધી રહેલા અસંતોષના દ્યોતક હતા. તેમ છતાં નવાઈની વાત એ હતી કે અંગ્રેજો આ અસંતોષથી કયાં તો અજાણ હતા અથવા તો તે પ્રત્યે લાપરવા હતા ! તેમણે પ્રજાના અસંતોષને દૂર કરવા પ્રયત્નો ન કર્યા, અંગ્રેજોકાળનો પ્રવાહ પારખી ન શકયા ! અગમની એંધાણી ઓળખી ન શકયા ! તેથી ફલોરા એ સ્ટીલ નામનો અંગ્રેજ લેખક 'અંગ્રેજોના અજાણપણા' ને જ 1857ના 'બળવા'નું સૌથી મોટું કારણ ગણે છે. તેમને એ ખ્યાલ જ ન

હતો કે, કેવા ધીખતા માનવ–જવાળામુખીના મથાળે તેઓ મોજથી આરામ કરી રહ્યા છે ! છતાં આ જવાળામુખીની ભંયકરતા સમજુ માણસોને તો સમજાઈ ગઈ હતી. કર્નલ સ્વીમેને લોર્ડ ડેલહાઉસીને ખાલસા નીતના ખતરાઓ સ્પષ્ટપણે સમજાવ્યા હતા. થોમસ મનરોએ તો 20 વર્ષ પહેલા ચેતવણી આપી હતી કે આપણા દેશના લશ્કરમાં સ્વાતંત્ર્યનો પવન ફૂંકાવાનો શરૂ થયો છે. ડેલહાઉસી પછી ગવર્નર જનરલ તરીકે આવનાર કેનિંગને ' તોફાન આવી રહ્યું છે' તેની આગાહી મળી ગઈ હતી.

અને છતાં અંગ્રેજો આ તોફાનથી અજાણ હતા. ખરેખર 1857ના 'બળવા'ના મુખ્ય કારણરૂપ આ અસંતોષ જ હતો. સામાન્ય જનતાનો તથા રાજાઓનો, જમીનદારોનો અને લશ્કરનો. અલબત્ત, દરેક વર્ગ માટે આ 'અસંતોષ' નાં કારણો જુદાંજુદાં હતાં તથા અસંતોષની માત્રા પણ વધતી–ઓછી હતી.

અંગ્રેજોના અમલ દરમ્યાન નાના મોટા વિરોધો તો પહેલાં થયાં હતા, પરંતુ 1857માં ભારતના જુદાજુદા વર્ગો અંગ્રેજી સત્તાને ઉખેડી ફેંકી દેવા માટે એક થઈ પ્રયાસો કર્યા. એટલા જ માટે તેને સ્વતંત્રતાનો પ્રથમ સંગ્રામ–વિગ્રહ કહેવામાં આવે છે. પરંતુ આ સંગ્રામની થોડી નબળાઈઓને કારણે અંગ્રેજોએ આ વિદ્રોહને દબાવી દીધો. જયાં સુધી સ્વતંત્રતા મેળવવાનો પ્રશ્ન હતો ત્યાં સુધી આ સંઘર્ષ ચાલુ રહ્યો. આથી, એક નવા આંદોલનની પ્રેરણા મળી. બુદ્ધિશાળી વર્ગ પહેલા બ્રિટિશ શાસનની પરોપકારિતામાં વિશ્વાસ કર્યો હતો, તેઓ હવે અંગ્રેજોના અત્યાચારોનો વિરોધ કરવા લાગ્યા. રાજકીય સંગઠન બનાવવામાં આવ્યા અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે સ્વતંત્રતા સંગ્રામને આગળ ધપાવવા મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

5.4 પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ – 1857

1857નો બળવો આપણા દેશની સ્વતંત્રતા માટેનો પ્રથમ બળવા તરીકે ઓળખાય છે. આમાં લાખો લોકો સૈનિકો, કારીગરો અને ખેડૂતોએ પરદેશી શાસનને જડમૂળથી ઉખાડી ફેંકી દેવા ભેગા મળીને પ્રયત્ન કર્યો હતો. આ આંદોલન કંઈ ઓચિંતુ બન્યું ન હતું. આશરે એક સદીથી અંગ્રેજોની અને સામ્રાજયવાદી શોષણ વિરુદ્ધ અસંતોષનું એ પરિણામ હતું. ભારત પર અધિકાર જમાવ્યા પછી અંગ્રેજો લાંબી પ્રકિયા મારફતે અર્થવ્યવસ્થા અને સમાજને પોતાને આધીન કર્યો હતો. આ પ્રકિયાને લોકોને જનઆંદોલન દ્વારા અંગ્રેજો વિરુદ્ધ રસ્તો બતાવ્યો હતો. અંગ્રેજી સત્તાને આ પ્રકારે પદભ્રષ્ટ રાજાઓ, અસંતુષ્ટ જમીનદારો અને પોલગારો(દક્ષિણ ભારતના જમીનદાર સૈનિકો) તથા અંગ્રેજોએ જીતી લીધેલાં રાજયોના ભૂતપૂર્વ અધિકારીઓ મારફતે આ પ્રતિકાર થયો હતો. આ વિદ્રોહનો મોટો ભાગ આર્થિક રીતે પાયમાલ થેલા ખેડૂતો, કારીગરો અને નોકરીમાંથી છૂટા થયેલા સૈનિકોનો હતો. 1760 ના દસકામાં બંગાળ અને બિહારમાં સંન્યાસી અને ગુઆર વિદ્રોહો થયા હતા. આ સમય એવો હતો કે દેશના કોઈ ભાગમાં બળવો ન થયો હોય એવું કોઈ વર્ષ ભાગ્યે જ પસાર થતું. 1763 થી 1856 સુધી ચાળીસથી વધુ બળવા થયા. ઉપરાંત આ સમયગાળા દરમ્યાન નાના નાના હજારો બળવા થયા. આમ છતાં આ બળવાની સંખ્યા ઘણી હોવા છતાં તેમના કારણો અને પરિણામ સ્થાનિક હતા અને સમયની દષ્ટિએ પણ તે જુદા જુદા સમયે થતા હતા. ૧૮૫૭ના બળવામાં દેશના ઘણા ભાગોમાંથી લાખો વ્યકિતઓએ ભાગ લઈ અંગ્રેજી હકૂમત સામે એક થઈ મુકાબલો કર્યો અને વિદ્રોહ કર્યો.

5.4.1 બળવાનાં કારણો :

- મે 10, 1857ના રોજ કંપનીના હિંદી સૈનિકોએ મેરઠમાં બળવાની શરૂઆત કરી. તેમણે તેમના યુરોપિયન અધિકારોઓને મારી નાંખ્યા, દિલ્હી જવા રવાના થયા અને લાલ કિલ્લામાં પેસીને વૃદ્ધ અને અધિકારોથી વંચિત મુઘલ સમ્રાટ બહાદુરશાહ બીજાને ભારતના બાદશાહ તરીકે જાહેર કર્યા. કંપનીના સિપાહીઓને તેમના અંગ્રેજ અધિકારીઓ સામે બહુ જ ફરિયાદ હતી. તેમાં નોકરીના પછાતપણાને લઈને ધાર્મિક હસ્તક્ષેપ અને જ્ઞાતિ ઘમંડ સામેલ હતું. આ ફરિયાદો અંગ્રેજોના શાસનના વિરુદ્ધ અસંતોષનું કારણ હતું. ખરેખર તો આ સિપાહીઓ ભારતીય સમાજના અંગરૂપ હતા. તેઓ સૈનિકોના પોશાકમાં રહેલા ખેડૂત હતા. તેમનામાં ભારતીય સમાજના બીજા વર્ગોની આશાઓ, ઈચ્છાઓ, નિરાશા અને અસંતોષ પ્રગટ થતાં હતાં. સિપાહીઓનો આ બળવો ભારતના એકત્રિત અસંતોષનું પરિણામ હતું. બળવાનું સૌથી મોટું કારણ પરંપરાગત ભારતનું આર્થિક વેરવિખેરપણું, અંગ્રેજી શાસનની અર્થવ્યવસ્થાને આધીન હોવાનું અને દેશનું આર્થિક શોષણ હતું. જમીન મહેસૂલની માંગ વધારવાની નીતિને કારણે મોટી સંખ્યામાં ખેડૂતોની જમીન વ્યાપારીઓ અને મહાજનોએ પચાવી પાડી હતી. વારસાગત હસ્તકળાનો નાશ થવાથી હજારો કારીગરો ગરીબ અને બરબાદ થઈ ગયા હતા. 1770 થી 1857 દરમ્યાન બાર મોટા અને અનેક નાના દષ્કાળ પડયા. આને કારણે ખેડૂતો અને કારીગરોની આર્થિક સ્થિતિ ખરાબ થઈ ગઈ.(ડા. ધારૈયા)
- હજારો જમીનદારો અને પોલગરોએ પણ પોતાની જમીન અને મહેસૂલ બંને ગુમાવ્યા હતા. નાનાં દેશી રાજયોએ પણ પોતાનાં રાજયો ગુમાવ્યા હતા. ઘણા ભારતીય રાજાઓને ઈસ્ટ ઈન્ડિયા કંપનીની દખલગીરી પસંદ ન હતી. ઉપરાંત આ રાજાઓ, સેનાપતિઓ, કુલીનો અને જમીનદારો ઉપર આશ્રિત ભારતના પારંપરિક વિદ્વાનો જેવા કે પૂજારી(બ્રાહ્મણો) વગેરેએ તેમનું સંરક્ષણ ગુમાવ્યું હતું અને તેઓ ગરીબાઈમાં ધકેલાઈ ગયા.
- બળવાનું મુખ્ય કારણ અંગ્રેજો હતા. શાસન વિદેશી હતું. આ જમીન ઉપર અંગ્રેજો હંમેશા પરદેશી રહ્યા, તેમણે તેને પોતાની ન માની. સ્વતંત્રતા હરી લેનાર વિદેશીઓની આજ્ઞા પાળવાનું ભારતીયોને અપમાનજનક લાગતું હતું.

5.4.2 વિસ્તાર અને તીવ્રતા:

1857નો બળવો ભારતમાં વાવાઝોડાની જેમ પ્રસરી ગયો. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના મોટા ભાગના ભારતીય સૈનિકોએ બળવો પોકાર્યો. ઉત્તર ભારતના જુદાજુદા સૈનિક બળવામાં તેઓ ભળી ગયા હતા. એક માન્યતા પ્રમાણે અંગ્રેજોની સામે લડતા અવધના એક લાખ પચાસ હજાર લોકો મૃત્યુ પામ્યા, એમાંથી એક લાખ નાગરિકો હતા. અવધ, રોહિત ખંડ, દોઆબ, બુંદેલખંડ, મધ્ય ભારત, બિહારનો એક મોટો હિસ્સો અને ઉત્તર પંજાબમાં પણ અસંતોષ પ્રસરી ગયો હતો. રાજસ્થાનમાં નજીબાબાદ, નિમચ અને કોટામાં બળવો થયો. હોલ્હાપુરમાં પણ સિપાહીઓએ બળવામાં ભાગ લીધો હતો. આ વિસ્તારના ઘણાં બધાં દેશી રજવાડાં અંગ્રેજો પ્રત્યે વફાદાર બની રહ્યાં. પરંતુ સૈનિકો અને લોકોએ ક્રાંતિકારીઓને સાથ આપ્યો અને તેમની સામે લડવાનો ઈન્કાર કર્યો. 1858માં લંડન ટાઈમ્સના ખબરપત્રી ડબલ્યુ. એચ.રસેલે (W.H. Russel)ભારતની મુલાકાત લીધી અને લખ્યું : ''કોઈપણ સમયે અંગ્રેજોની ગાડી સામે કોઈ મિત્રતાપૂર્વક નજર નાંખતું નથી અને આ તેમની આંખોની

ભાષા હતી. તેમાં કોઈ શંકા ન હતી. આને કોઈ કેવી રીતે ખોટું સમજી શકે ? મેં ફકત આ પરથી તારણ કાઢયું કે ઘણી વાર લોકો અમારી જાતિથી જરાય ડરતા ન હતા અને બધા લોકો અમારી જાતિનો તિરસ્કાર કરે છે''.

યુદ્ધ કરતાં રાણી લક્ષ્મીબાઈ

હિંદુ મુસ્લિમ એકતાથી બળવાને ખાસ બળ મળ્યું. સિપાહીઓ અને પ્રજાની સાથો સાથ નેતાઓના સ્તર પર પણ હિંદુ અને મુસલમાન વચ્ચે પૂરો સહકાર હતો. બળવાખોરોમાં ઘણા સાહસિક અને બુદ્ધિમાન નેતાઓ મળી આવ્યા. તેમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, તાત્યા ટોપે, અવધની બેગમ હજરત મહાલ, કુંવર સિંહ, બરેલીના ખાન બહાદુર ફૈજાબાદના મૌલવી અહમદ ઉલ્લા અને બરકતખાન વગેરે બળવાખોરો થઈ ગયા. ઉપરાંત સિપાહી અને લોકોને પણ કોઈપણ સ્વાર્થ વગર નિષ્ઠાપૂર્વક અને અપૂર્વ સાહસ સાથે લડાઈ લડયા.

5.4.3 પરાજય :

છેવટે અંગ્રેજોના સામ્રાજયવાદે તેની શકિત મારફતે બળવાખોરોને કૂરતાપૂર્વક કચડી નાંખ્યા. તેને માટે ઘણાં કારણો જવાબદાર હતાં. પોતાની પૂરતી પહોંચ હોવા છતાં બળવાનો ભારતના સમાજના તમામ વર્ગો સુધી ફેલાવો થયો ન હતો. બંગાળ, દક્ષિણ ભારત અને પંજાબના ઘણા બધા ભાગો તેનાથી અળગા રહ્યા હતા, કારણ કે આ ભાગો અંગ્રેજો સામે લાંબા સમયથી બળવા કરતા ખરેખર પહેલેથી જ થાકી ગયા હતા. હિંદના ઘણાં બધાં રાજયોના વડાઓ અને મોટા જમીનદારો પરદેશી શાસકો પ્રત્યે વફાદાર બની રહ્યા. આ પ્રમાણે ગ્વાલિયરના સિંધિયા, ઈન્દોરના હોલકર, હૈદ્રાબાદના નિઝામ, જોધપુરના રાજા, રાજપૂતાનાનાં ઘણાં બધાં રાજયો, ભોપાલના નવાબ, પતિયાલાના અને કાશ્મીરના રાજાઓ, નેપાળના રાજા અને એવા ઘણા બધા રાજાઓ અને સેનાપતિઓએ અંગ્રેજોને બળવાખોરોનું દમન કરવામાં સક્રિય સહયોગ આપ્યો.

લભગગ બધા વેપારીઓએ અને નાણાં ધીરનારાઓએ કયાં તો અંગ્રેજોને સાથ આપ્યો કયાં તો બળવાખોરોને સાથ આપવાનો ઈન્કાર કર્યો. આધુનિક સાક્ષર વર્ગે પણ બળવાને સાથ ન આપ્યો. બળવાખોરોના નેતા પૂરી શૂરવીરતા સાથે લડયા પણ લડાઈનું વ્યવસ્થિત સંચાલન ન કરી શકયા કે ન એમના સંઘર્ષમાંથી સંયુકત નેતાગીરી જન્મી. તેથી ઊલટું તેઓ સતત નાની નાની બાબતો પર લડતા રહ્યા. બળવાખોરોને સારાં અને પૂરતા પ્રમાણમાં હથિયારો ન મળ્યાં. તેથી તેમને ભાલા અને તલવારથી લડવું પડયું. તેમનું સંગઠન નબળું હતું. સિપાહીઓ શૂરા હતા. પણ તેમનામાં લશ્કરી શિસ્તનો અભાવ હતો.

ઝાંસીની લશ્કરી ટુકડી

ઉપરાંત અંગ્રેજી શાસનના વસાહતવાદની આધુનિકતાની સમજણનો ક્રાંતિકારીઓમાં અભાવ હતો. તેનું સ્થાન લઈ શકે તેવા સમાજ અને રાજય અંગે પણ સ્પષ્ટ સમજનો તેમનામાં અભાવ હતો. તેઓ અંગ્રેજોના અમલને ધિક્કારતા હતા અને આ વિદેશી શાસકો આવ્યા તે પહેલાંની અર્થવ્યવસ્થા, રાજકીય અને સામાજિક સંબંધોને ફરી સ્થાપિત કરવા માટે એકમત હતા. પરંતુ સ્વતંત્ર ભારતની રાજકીય અથવા સામાજિક–આર્થિક રચના અંગે કોઈ સિદ્ધાંત ઊપસી આવ્યો ન હતો. કદાચ આમ બનવું સ્વાભાવિક હતું કારણ કે સમગ્ર ભારતની સંયુકત ચેતના અને હેતુ અંગે હજી વિકાસ થવાનો બાકી હતો. જો આ બળવો થોડાં વર્ષો ટકી રહ્યો હોત તો એક આધુનિક સમજ અને રાષ્ટ્રીય ચેતનાનો વિકાસ થયો હોત. જો કે પાછળથી તે થયો પરંતુ ક્રાંતિકારીઓને

એટલો સમય પણ ન મળ્યો. તેમનો બળવો 1858ના અંત સુધીમાં કચડી નાંખવામાં આવ્યો.

1857નો વિપ્લવ, બ્રિટિશ શાસનમાંથી ભારતીય પ્રજાને મુકત કરાવવાના સંઘર્ષનું એક તેજસ્વી પ્રકરણ છે. તેણે બ્રિટિશ સામ્રાજયના પાયાને હચમચાવી નાંખ્યા અને કેટલીક વાર તો એવું અનુભવવા મળ્યું કે જાણે ભારતમાંથી બ્રિટિશ સામ્રાજયનો કાયમને માટે અંત આવી જશે ! જો કે સંગ્રામની શરૂઆત 'સિપાહીઓના બળવા' તરીકે થઈ હતી પરંતુ તરત જ ઉત્તર ભારતના ઘણા વિસ્તારોના નાગરિકો ઉપર અને ખેડૂતો ઉપર તેણે પ્રભાવ પાડયો. આ વિદ્રોહ એટલો વ્યાપક હતો કે સમકાલીન કેટલાક નિરીક્ષકોએ તેને 'રાષ્ટ્રીય સંગ્રામ' તરીકે ઓળખાવ્યો. ફિરંગીઓ (અંગ્રેજો) પ્રત્યે પ્રજાનો ધિક્કાર એટલો બધો તીવ્ર અને કડવો હતો કે બ્રિટિશ પત્રકાર ડબલ્યુ એચ. રસેલને નાછૂટકે લખવું પડયું: ''ગોરા લોકોની ગાડી તરફ કોઈ મૈત્રીભરી નજર સરખી નાંખતું નથી.... બધા તેમને નફરતથી જુએ છે''.

ભારતમાંના બ્રિટિશ સંસ્થાનવાદ અને સામ્રાજયવાદની કેટલીક અન્યાયી નીતિરીતિઓએ 1857ના બળવાને જન્મ આપ્યો.

5.5 1857ના ઉત્થાનમાં–વિપ્લવનાં, બળવાનાં કારણો, પરિબળો, સંજોગો બતાવો:

5.5.1 રાજકીય અન્યાયો :

- 1757ના પ્લાસીના યુદ્ધમાં વિજય મેળવી અંગ્રેજોએ ભારતમાં રાજસત્તા સ્થાપી. બંગાળ, બિહાર તથા ઓરિસ્સાની દીવાની સત્તા મળતાં ભારતમાં કંપનીના શાસનની શરૂઆત થઈ. કંપનીનો મુખ્ય હેતુ ભારત પર સંપૂર્ણ આધિપત્ય સ્થાપીને ભારતને ભોગે ઈંગ્લેન્ડને સમૃદ્ધ કરવાનો હતો. આથી, તેણે વિસ્તારવાદની નીતિ અપનાવી અને વોરન હેસ્ટિંગ્સથી માંડીને લોર્ડ ડેલહાઉસી સુધીના અંગ્રેજ હાકેમોએ અન્યાયી વિગ્રહો, કુટિલ ભેદનીતિ તથા અયોગ્ય જોડાણ નીતિનો અમલ કરીને ભારતના મોટાભાગના રાજાઓને કંપનીને આધીન બનાવ્યા.
- વેલેસ્લીની સહાયકારી યોજનાએ ભારતનાં ઘણાખરાં રાજયોને કંપનીને આધીન બનાવી દીધાં. હિંદની આગળ પડતી સત્તાઓ–રાણી લક્ષ્મીબાઈનું ઝાંસી, શીખ સત્તાનું પંજાબ, મુખ્ય મુસ્લિમ સત્તાનું અવધ, મરાઠા સંઘનું આગળ પડતું રાજય નાગપુર તથા છત્રપતિ શિવાજીની યાદ આપતું સતારા ખાલસા નીતિના સપાટામાં આવી ગયા હતા. ઉપરાંત તેણે ઈનામ કમિશન નીમી ઘણા જમીનદારોની જમીનો જપ્ત કરી હતી. આમ, ડેલહાઉસીની ખાલસા નીતિએ રાજાઓ, જમીનદારો તથા લોકોના અસંતોષને પરાકાષ્ટાએ પહોંચાડયો. પોતાને થયેલા અન્યાયોને કારણે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, અયોધ્યાની બેગમ હઝરતમહલ, બિહારના જાગીરદાર કુંવરસિંહ તથા નાનાસાહેબ પેશ્વા અને તેમના દૂત તાત્યા ટોપેએ વિપ્લવમાં આગેવાની લીધી. ડેલહાઉસીએ મુઘલ બાદશાહને મળતું વર્ષાસન બંધ કર્યું અને સિક્કામાંથી તેનું નામ રદ કર્યું. આથી, ભારતના મુસ્લિમો નારાજ થયા અને મુઘલ સમ્રાટ બહાદુરશાહે દિલ્હીના વિપ્લવની નેતાગીરી લીધી. આમ, વિપ્લવમાં રાજાના આગેવાનીભર્યા ભાગને લીધે અમુક ઈતિહાસકારો વિપ્લવનું સ્વરૂપ મોટેભાગે લશ્કરી તથા રાજકીય હોવાનું માને છે. (ડા. ઘારૈયા)

5.5.2 વહીવટી ભેદભાવ :

ભારતમાં અંગ્રેજોએ સ્થાપેલી વહીવટી વ્યવસ્થા લોકોભિમુખ ન હતી. તે તેની સૌથી મોટી ખામી હતી. વહીવટના તમામ ઊંચા હોદ્દાઓ પર અંગ્રેજોની નિયુકિત થતી. માત્ર નીચલી કક્ષાનાં સ્થાનો પર જ ભારતીયોનની નિમણૂંક થતી. તે સમયના ભારતની આશરે 15 કરોડની વસ્તીમાંથી ફકત 3 થી 4 હજાર ભારતીયોને નીચલી કક્ષાની નોકરીઓ આપવામાં આવી હતી. અંગ્રેજોએ ખાલસા કરેલાં રાજયોમાં મહત્ત્વાકાંક્ષી અને બુદ્ધિશાળી વહીવટીદારોનો વર્ગ હતો, પણ અંગ્રેજોએ તેમની સેવાઓનો ઉપયોગ કર્યો નહિ, કારણ કે, ભારતના લોકોમાં વહીવટી પ્રતિભા હોય તેમ અંગ્રેજો માનવા તૈયાર ન હતા. પરિણામે આવા મહત્ત્વાકાંક્ષી લોકોનો અસંતોષ તેમણે વહોરી લીધો. વળી, અંગ્રેજોની કડક મહેસૂલી નીત, સામાન્ય તથા ગરીબ વર્ગ પર નંખાયેલા ભારે કરવેરા, ખર્ચાળ ન્યાયપદ્ધતિ, શિથિલ અને લાંચરુશવતખોર વહીવટ વગેરેએ પણ લોકોના અસંતોષમાં વધારો કર્યો, જેનાથી 1857ના વિપ્લવની ભૂમિકા સર્જાઈ. વળી, અંગ્રેજ અમલદારોનું હિંદી કર્મચારીઓ પ્રત્યેનું વલણ ઘણું તોછડું હતું. વધારામાં અંગ્રેજી રાજભાષા બનતાં હિંદીઓની મુશ્કેલી વધી. લશ્કરી સેવાઓમાં પણ હિંદીઓને નીચલી કક્ષાની જ જગ્યાઓ અપાતાં લાયક હિંદીઓમાં આના વિપરીત પ્રત્યાઘાતો પડયા.કંપની સરકારે દાખલ કરેલી નવી ન્યાયપદ્ધતિ ઘણી ખર્ચાળ, ન્યાયને ઢીલમાં નાખનારી તથા લાંચરુશવખોર હતી. આથી પણ હિંદીઓમાં અંગ્રેજ શાસન પ્રત્યે અસંતોષ વધ્યો.

5.5.3 આર્થિક દુર્દશા – આર્થિક શોષણ :

કંપની સરકારની ખેતી, ઉદ્યોગ તથા વેપાર વિષયક નીતિએ ભારતના ખેડૂતો, જમીનદારો, કારીગરો તથા વેપારીઓને પાયમાલ કર્યા હતા. કોર્નવોલિસની કાયમી જમાબંધી તથા મનરોની રૈયતવારી પદ્ધતિ અને તે મારફત લેવાતા આકરા મહેસૂલી દરોએ ખેતી અને જમીનદારોની પાયમાલી સર્જી. ખેડૂતો શાહુકારોના દેવાદાર બન્યા અને જમીનદારો જમીનવિહોણા થયા. ઉત્તરપ્રદેશ તથા અયોધ્યામાં આવા જમીનદારોની સંખ્યા વધારે હોવાથી તેમણે ત્યાંના વિપ્લવમાં આગળ પડતો ભાગ ભજવ્યો. બંગાળમાં કંપનીની સત્તાની સ્થાપના થઈ ત્યારથી જ ગ્રામોદ્યોગ, હસ્ત કલાકારીગરીના ઉદ્યોગો અને વિદેશ વ્યાપાર મૃતઃપાય થઈ ગયા હતા. અંગ્રેજોએ ભારતને કાચો માલ પ્રાપ્ત કરવાનું ક્ષેત્ર તથા તૈયાર માલ વેચવાનું બજાર બનાવી દીધું હતું. તેથી ભારતની અઢળક ધનસંપત્તિ બહુધા ઈંગ્લેન્ડમાં ઘસડાઈ જતી હતી અને હિંદનો ખેડૂત તથા કારીગર વર્ગ ભાંગી પડયો હતો. વળી, ઈંગ્લેન્ડથી ભારત આવતા કાપડ અને માલ ઉપર સરકાર નજીવી જકાત લેતી, જયારે ભારતથી ઈંગ્લેન્ડ જતા કાપડ અને માલ ઉપર સરકાર 70 થી 80 ટકા જેટલી ભારે જકાત લેતી. આથી, ઈંગ્લેન્ડનો માલ ભારતમાં સસ્તો પડવા લાગ્યો, જયારે ભારતમાં ઉત્પન્ન થતો માલ ભારતમાં જ મોંઘો પડવા લાગ્યો. આથી ભારતના ઉદ્યોગ–ધંધાઓ પડી ભાંગ્યા. વેપાર અને ઉદ્યોગોના કેન્દ્ર સમાન ઢાકા, મુર્શિદાબાદ, સુરત, મુદરા વગેરે શહેરો બરબાદ થઈ ગયા. ખેતી અને હસ્ત ઉદ્યોગ પાયમાલ થયા અને ગામડાંની સ્વાવલંબી અર્થવ્યવસ્થાનો પાયો તૂટી ગયો. સરકારે જીવન જરૂરિયાતની ચીજો પરનો જકાતવેરો પણ ત્રણથી સાત ગણો કર્યો. આથી ગરીબવર્ગ તેમજ નાનો વેપારી વર્ગ પાયમાલ થઈ ગયો. 19મી સદીના પૂર્વાર્ધમાં ભારતમાં વિકસેલ ગળી તથા કોફીના ઉદ્યોગોની માલિકી અંગ્રેજોને હસ્તક હતી અને તેઓ તેમના કારીગરો અને ખેડૂતોનું ભારે શોષણ કરતા 1801 થી 1857 સુધીમાં ભારતમાં અનેક નાના મોટા દુષ્કાળો પડયા. તેના પરિણામે અસંખ્ય લોકો મૃત્યુ પામ્યા. આ બધાં કારણોએ 1857નો વિપ્લવ સર્જવામાં અને ફેલાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ રીતે વિપ્લવનું સ્વરૂપ મહદંશે આર્થિક પણ કહી શકાય.(ડા.ધારૈયા)

5.5.4 સામાજિક અને ધાર્મિક નીતિ (કારણો):

અંગ્રેજ શાસકોએ એક પછી એક દાખલ કરેલા સમાજ સુધારાને ભારતનો રૂઢિચસ્ત સમાજ ભય અને શંકાની નજરે જોતો હતો. સતીપ્રથા પર પ્રતિબંધ તથા વિધવા–વિવાહની છૂટ આપતા કાયદા રૂઢિચુસ્ત લોકોને ભારતની સમાજ વ્યવસ્થા તથા ધર્મભાવનાનું ઉચ્છેદન કરનારા લાગ્યા. વળી, રેલવે, તાર, ટપાલ વગેરેનો આવકારપાત્ર અમલથી રૂઢિચુસ્ત ભારતીયોમાં એવી શંકા જાગી કે આવા ઝડપી વાહન વ્યવહારનો અમલ ભારતમાં ખ્રિસ્તી ધર્મના ફેલાવા માટે કરવામાં આવ્યો છે. વળી, 1850ના કાયદાએ ખ્રિસ્તી થઈ ગયેલ હિંદુ કે મુસ્લિમને તેના પિતા કે વાલીની મિલ્કતમાં હિસ્સો મેળવવા માટે હક્કદાર ઠેરવ્યો, જ્યારે પરંપરાગત નિયમ પ્રમાણે ધર્માન્તર કરેલ વ્યકિતને વારસાહક મળતો નહિ. આથી, હિંદુ તથા મુસ્લિમોને સરકારની ધાર્મિક નીતિ પ્રત્યેની શંકા વધારે દઢ થઈ. વળી, રૂઢિચુસ્ત હિંદુઓ માનતા હતા કે અંગ્રેજ શાળાઓ લોકોને ખ્રિસ્તી ધર્મમાં વટલાવવા માટે શરૂ કરવામાં આવી છે. ઈ.સ. 1850માં બંગાળાના સિરહાનપુરમાં શરૂ કરવામાં આવેલી સરકારી ઈસ્પિતાલમાં નવજાત કે લિંગના ભેદ વગર સૌને દવા લેવાની ફરજ પડાતી. પરદાનશીન બાનુઓને પણ આમાંથી મુકિત આપવામાં આવી નહીં. વળી, વૈદ્યોને દવા આપવાની મનાઈ કરવામાં આવી. આથી, હિંદુ–મુસ્લિમ નારાજ થયા. ઈ.સ. 1855 ના સરકારી કાયદા મુજબ રેલવેમાં મુસાફરી કરતા મુસાફરો વચ્ચેના ભેદભાવ નાબૂદ કરવામાં આવ્યા. આથી, અસ્પૃશ્યો પણ હિંદુઓ સાથે બેસી મુસાફરી કરી શકતા. રૂઢિચુસ્ત વર્ગ આથી વધારે અસંતોષી બન્યો. આગ્રાના મેજિસ્ટ્રેના આદેશ પ્રમાણે દરેક હિંદીએ સામે મળતા અંગ્રેજોને સલામ કરવાની હતી. સલામ નહિ કરનાર શિક્ષાને પાત્ર ગણાતો. પછીથી આવા હુકમો અન્ય પ્રાંતોમાં પણ કરવામાં આવ્યા હતા. આમાં ભારતીયોને પોતાનું અપમાન થતું લાગ્યું. કારાગૃહમાં કેદી જાતે પોતાની રસોઈ બનાવી શકતો. નવા નિયમ પ્રમાણે તમામ હિંદુ કેદીઓને માટે એક જ રસોડું રાખવામાં આવ્યું. આથી, ભારતીયોને એવી છાપ પડી કે કંપની નાતજાતના ભેદભાવ નાબૂદ કરીને તેમને ખ્રિસ્તી બનાવવા માંગે છે. વળી, અંગ્રેજોનું હિંદીઓ પ્રત્યેનું વર્તન પણ તિરસ્કારયુકત અને અપમાનજનક હતું. આ બધાની સંયુકત અસર હિંદના અજ્ઞાન, અબુધ છતાં પ્રાણ કરતાં પણ ધર્મને વહાલો ગણતા જનસમુદાય પર પડી, જેણે તેમના દિલમાં અંગ્રેજો પ્રત્યે રોષ અને નફરતની લાગણી જન્માવી. આમ, એક રીતે વિપ્લવનું સ્વરૂપ અંશતઃ સામાજિક–ધાર્મિક પણ કહી શકાય. (ડા.ધારૈયા)

ખ્રિસ્તી ધર્મનો પ્રચાર અને ધર્માન્તરની પ્રવૃત્તિઓ : ભારતમાં અંગ્રેજી શિક્ષણ આપતી ઘણી શાળાઓ સ્થાપાઈ હતી. તેમાં ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ ફરજિયાત હતું. તેઓ શાળાઓમાં ખ્રિસ્તી ધર્મનો ખુલ્લો પ્રચાર કરતા તેમજ હિંદુ દેવદેવીઓની નિંદા કરતા. કંપની સરકાર ખ્રિસ્તી ધર્મના પ્રચારને ઉત્તેજન આપતી. શાળાઓ ઉપરાંત કારાગૃહો, સરકારી કાર્યાલયો, લશ્કરી મથકો વગેરેમાં પણ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરાતો તથા ફરજિયાત ધર્માન્તરની પ્રવૃત્તિઓ પણ કરાતી. સર સૈયદ અહમદ આવી પ્રવૃત્તિઓને વિપ્લવનું અગત્યનું પરિબળ માને છે.

5.4.5 લશ્કરી અસંતોષ :

હિંદી સિપાહીઓના અસંતોષે 1857નો વિપ્લવ સર્જવામાં તથા તેને વેગ આપવામાં સૌથી વિશેષ ફાળો આપ્યો હતો. તે સમયે ભારતીય લશ્કરના સૈનિકો તથા અધિકારીઓ મળીને કુલ 3,15,520 ની સંખ્યા હતી. તેમાં આશરે 51,306 અંગ્રેજો હતા, બાકીના હિંદીઓ હતા. સંખ્યાની દષ્ટિએ લશ્કરમાં ભારતીય સૈનિકો તથા અંગ્રેજ સૈનિકોનું પ્રમાણ લગભગ 7:1 નું હતું. વળી, આકરી લશ્કરી સેવાઓ હિંદીઓએ

બજાવતી પડતી, છતાં હિંદી સૈનિકોના પગાર, ભથ્થાં વગેરેના પ્રમાણમાં ઘણાં ઓછા હતા. વિશેષ સેવા બજાવવા બદલ કે યુદ્ધ દરમ્યાન ભારતીય સૈનિકને જે દૈનિક ભથ્થું અપાતું તેના કરતાં અંગ્રેજ સૈનિકને અપાતું દૈનિક ભથ્થું ત્રણથી ચાર ગણું વધારે હતું. જે પાછળથી દેશમાં જ સેવા બજાવવાની હોય તો બંધ કરી દેવામાં આવ્યું. વળી, 25-30 વર્ષની વફાદરીપૂર્વકની સેવા બદલ ભારતીય સૈનિક વધારેમાં વધારે સૂબેદારની કક્ષાએ પહોંચી શકતા જેનો માસિક પગાર રૂા.60 થી 70 હતો. જયારે અંગ્રેજ સૈનિક લશ્કરના કોઈપણ ઉચ્ચ હોદ્દા સુધી બઢતી મેળવી શકતો. આમ, બંનેની આવક અને તકોમાં ઘણો મોટો તફાવત હતો. વિશેષમાં અંગ્રેજ અધિકારીઓનું હિંદી સૈનિકો પ્રત્યેનું વર્તન ઘણું તુમાખીભર્યું અને તોછડું હતું. ''કંપની સરકાર માટે તેમણે લોહી રેડીને મોટું સામ્રાજય મેળવી આપ્યું હતું. તેના બદલામાં અંગ્રેજોએ તેમને ભૂખમરો, પાયમાલી તથા સૌને ભ્રષ્ટ કરવાના પ્રયાસો સિવાય કશું આપ્યું નહી''.(ડા.મજમુદાર)

વળી, લોર્ડ કેનિંગના સમયમાં ભારતીય સૈનિકોને હિંદ કે હિંદ બહાર લશ્કરી સેવા માટે મોકલી શકાય. તે અંગેના પસાર થયેલા કાયદાએ ભારતીય સૈનિકોમાં અસંતોષ ફેલાવ્યો, કારણ કે તેમની માન્યતા મુજબ સમુદ્ર પાર કરવાથી તેમનો ધર્મ નષ્ટ થયેલો ગણાય. આમ, ઊભા થયેલા લશ્કરી અસંતોષે હિંદી સૈનિકોને વિપ્લવ પ્રતિ પ્રેર્યા આ રીતે આ વિપ્લવ સૈનિકોએ શરૂ કર્યો હોવાથી અમુક ઈતિહાસકારો તેને 'સિપાહીઓનો બળવો' ગણે છે. (ડા. સુરેન્દ્રનાથ સેન)

5.4.6 અન્ય કારણો :

- પ્લાસીના યુદ્ધને સો વર્ષ પૂરાં થયાં હતાં. એવી આગાહી કરવામાં આવી હતી કે, ભારતમાં કંપનીનું રાજય સો વર્ષ સુધી ટકવાનું છે અને તે મુદત પૂરી થતાં તે નષ્ટ પામશે. 1857ના મે માસમાં સો વર્ષ પૂરાં થતાં હતાં. આ માન્યતાએ 1857ના વિપ્લવકારીઓને પ્રેરણા આપી.
- વળી, આ સમયમાં ઈટાલી, ગ્રીસ, બેલ્જિયમ વગેરે દેશોમાં સ્વાધીનતા માટેની લડતો થઈ, જેમાંથી પણ હિંદીઓએ પ્રેરણા મેળવી.

5.4.7 ચરબીવાળાં કારતૂસો–બળવાનું તાત્કાલિક કારણ :

ઈતિહાસકાર રોબર્ટ્સ લખે છે કે, ''ઘૂંધવાઈ રહેલા અસંતોષના વાતાવરણમાં ચરબીવાળાં કારતૂસો દાખલ કરવાની ભયંકર ભૂલથી ઉગ્ર અને વિનાશકારી અગ્નિ પ્રજવળી ઊઠયો''. ભારતીય લશ્કરમાં દાખલ કરાયેલી નવી એનફિલ રાઈફલની કારતૂસો મોઢેથી ખોલવાની હતી. આ સમયે સિપાહીઓમાં એવી અફવા ઊડી કે, કારતૂસોની બનાવટમાં ગાય તથા ડુક્કરની ચરબીનો ઉપયોગ થયેલો હતો. હિંદુઓ માટે ગાય અને મુસ્લિમો માટે ડુક્કરના પ્રાણીઓના માંસના સ્પર્શ વર્જ્ય ગણાતો. તેને બદલે તેને મોઢામાં મૂકવાનો પ્રસંગ આવતા તેઓ અકળાઈ ઊઠયા. અંગ્રેજોએ ભારતીયોને ધર્મભ્રષ્ટ કરવા માટે ઈરાદાપૂર્વક આમ કર્યું હતું તેવી તેમની દઢ માન્યતા બંધાઈ. તેથી હિંદી સિપાહીઓએ તે કારતૂસો વાપરવાનો ઈન્કાર કરતાં વિપ્લવની શરૂઆત થઈ.

5.5 વિપ્લવનાં મુખ્ય કેન્દ્રો, બનાવો અને તેના આગેવાનો :

- પહેલો બનાવ બંગાળની બરાકપુર છાવણીમાં બન્યો. ત્યાં સિપાહીઓની ૧૯મી પલટને ચરબીવાળાં કારતૂસો વાપરવાનો ઈન્કાર કર્યો. તેથી ૨૯ મી માર્ચ, 1857ને રવિવારના રોજ 19મી પલટનને અંગ્રેજ અફસરોએ વિખરાઈ જવાનો હુકમ આપ્યો કે તરત જ 34મી પલટનનો સિપાહી મંગળ પાંડે ભરી બંદૂકે

આગળ ધસી આવ્યો. પોતાની ગિરફતારીનો હુકમ આપનાર અંગ્રેજ અફસરોને તેણે ગોળીથી ઘાયલ કર્યા. તેથી મંગળ પાંડેની ધરપકડ કરી, 8 મી એપ્રિલના રોજ તેને ફાંસી આપવામાં આવી. આમ, 1857ના વિપ્લવનો પ્રથમ શહિદ બન્યો.

- વિપ્લવની ખરી શરૂઆત મેરઠમાં 10 મી મે, 1857ના રોજ થઈ. મેરઠના 85 સિપાહીઓને નવી કારતૂસોને સ્પર્શ કરવાનો ઈન્કાર કર્યો. તેથી તેમને કોર્ટ માર્શલથી 10 વરસની કેદ સજા ફટકારવામાં આવી. આથી, મેરઠના અન્ય સિપાહીઓએ ઉશ્કેરાઈ બળવો કર્યો. તેમણે પોતાના 85 ભાઈઓને મુકત કર્યા. આની સાથે બીજા અપરાધી કેદીઓને પણ છોડી મૂકવામાં આવ્યા. તેઓએ અંગ્રેજ અફસરોની હત્યા કરી. ત્યાંથી બળવાખોર સિપાહીઓએ દિલ્હી તરફ કૂચ કરી. તેઓએ દિલ્હી જીતી લીધું અને મુઘલ બાદશાહ બીજાને ભારતનો શહેનશાહ જાહેર કર્યો. આમ, દિલ્હી વિપ્લવનું મુખ્ય કેન્દ્ર બન્યું. આ પછી વિપ્લવ કાનપુર, લખનૌ, પટના, ઝાંસી તથા ભારતના અન્ય ભાગોમાં ફેલાયો.
- કાનપુરમાં વિપ્લવનું સંચાલન નાનાસાહેબ પેશ્વા કરી રહ્યા હતા. જયારે લખનૌમાં પદભ્રષ્ટ નવાબની બેગમ હજરત મહાલને બળવાખોરોને કુનેહપૂર્વક ઉત્તેજન આપ્યું. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, તેના લશ્કર તથા તેની સ્ત્રી લશ્કરી ટુકડીએ આશરે 15 દિવસ સુધી હ્યુરોઝના નેતૃત્વ નીચેની મોટી અંગ્રેજ સેનાને વીરતાભરી લડત આપી. તેણીએ કાલ્પી, ગ્વાલિયર અને અન્ય સ્થળોએ અંગ્રેજોને શૌર્યભરી લડતો આપીને છેવટે લડતાં લડતાં પોતાના પ્રાણની આહુતિ આપી. બિહારમાં જગદીશપુરના જાગીરદાર કુંવરસિંહે બળવાનું સફળતાપૂર્વક સંચાલન કરી. વીજળિક આક્રમણથી અંગ્રેજ સેનાને હંફાવી હતી. બરેલીનાં બહાદુરખાન મુખ્ય નેતા હતો.
- ઉત્તર ભારતમાં બનારસ, અલ્હાબાદ, ફૈઝાબાદ, આગ્રા વગેરે 1857ના વિપ્લવનાં ગૌણ કેન્દ્રો હતાં. રાજપૂતાના(રાજસ્થાન) માં નીમચ, નસીરાબાદ, સાલુ વગેરે વિપ્લવનાં મહત્ત્વનાં કેન્દ્રો હતાં. મધ્યપ્રદેશમાં ગ્વાલિયર, ઈન્દોર, મ્હાવ, મંદસોર અને ધાર વિપ્લવના મુખ્ય કેન્દ્રો હતાં. જયારે ગુજરાતમાં અમદાવાદ, ગોધરા, પાટણ, ખેરાલુ, ખેડા, દ્વારકા, ઓખા વગેરેએ વિપ્લવમાં સક્રિય ભાગ લીધો હતો. મહારાષ્ટ્રમાં સતારા, કોલ્હાપુર, બેલગામ, જોરાપુર, સાવંતપંડી અને નારગુંડ વિપ્લવનાં મુખ્ય મથકો હતાં. પરંતુ કાશ્મીર, પંજાબ, સિંધ, આસામ, બંગાળ અને મોટા ભાગના દક્ષિણ ભારતના પ્રદેશો વિપ્લવ વખતે શાંત રહ્યા હતા. વિપ્લવનાં ઉપરોકત કેન્દ્રમાં લોકોએ સારો એવો ભાગ લીધો હતો. એટલે 1857ને માત્ર સિપાહીઓનો બળવો કહેવાનું યોગ્ય નથી.
- ગુજરાતે પણ 1857ના વિપ્લવમાં ગણનાપાત્ર હિસ્સો આપ્યો હતો. મધ્ય ગુજરાતમાં અમદાવાદ, પંચમહાલમાં ગોધરા અને દાહોદ, ખેડા જિલ્લામાં આણંદ, ઉત્તર ગુજરાતમાં પાટણ અને વીજાપુર, દક્ષિણ ગુજરાતમાં ભરૂચ, નાંદોદ(રાજપીપળા), સૌરાષ્ટ્રમાં ઓખા વગેરે વિપ્લવનાં મુખ્ય કેન્દ્રો હતાં. ઉત્તર ભારતમાં જૂન 1858 સુધીમાં વિપ્લવની આગ ઠરી જતાં તાત્યાટોપેએ ગુજરાત તથા મહારાષ્ટ્રમાં પ્રવેશીને ત્યાં વિપ્લવનાં પરિબળોને સંગઠિત કરવાનો નિર્ણય કર્યો. તાત્યાટોપેએ અંગ્રેજ લશ્કરોને અવારનવાર થાય આપીને નવેમ્બર, 1858માં લશ્કર સાથે નર્મદા ઓળંગીને ગુજરાતમાં પ્રવેશ કર્યો. છોટાઉદેપુર પાસે તાત્યાટોપે અને અંગ્રેજ સેના વચ્ચે થયેલી ભારે લડાઈમાં તાત્યા હારી ગયો છતાં તાત્યા ટોપેએ આગળ વધીને પંચમહાલનો ઘણો પ્રદેશ કબજે કર્યો. તેણે

પંચમહાલના મુખ્ય શહેરો ગોધરા, દાહોદ, ઝાલોદ વગેરે કબજે કરીને નવું લશ્કર ઊભું કરીને ૧૫ દિવસ સુધી પંચમહાલમાં તરખાટ મચાવ્યો. પંચમહાલ અને ખેડા જિલ્લાના ઠાકારોએ તેને સારો સાથ આપ્યો, પરંતુ ગાયકવાડે તેને સાથ આપવાની ના પાડીને તેની સામે લશ્કર મોકલ્યું. અંગ્રેજો અને ગાયકવાડનાં સંયુકત લશ્કરો સામે તાત્યાટોપે ટકી નહીં શકતા તે મોકલ્યું. અંગ્રેજો અને ગાયકવાડનાં સંયુકત લશ્કરો સામે તાત્યાટોપે ટકી નહીં શકતા તે ગુજરાત બહાર નાસી ગયો. પેરોનના જંગલમાં માનસિંહના અતિથિ તરીકે તે રહ્યા. માનસિંહે તેને દગાથી અંગ્રેજોને સોંપી દીધો હોવાનું કહેવાય છે. તેને સીપ્રી પાસે ફાંસી આપવામાં આવી એવું અંગ્રેજ અહેવાલો કહે છે. ગુજરાતમાં વિપ્લવકારીઓને જાગીરદારો તથા સામાન્ય લોકોનો પણ સાથ મળ્યો હતો. એટલે તેનું સ્વરૂપ લોકોભિમુખ હતું. અન્ય પ્રદેશોની માફક ગુજરાતમાં પણ વિપ્લવની નેતાગીરી નિર્બળ હતી. તેમાં યોગ્ય આયોજન તથા સંગઠનની ખામી હતી. વળી, બળવા છૂટાછવાયા અને મોડા થયા તથા તેમાં એકરૂપતાનો અભાવ હતો. મોટા રાજા મહારાજાઓ અંગ્રેજોના પક્ષે હતા.

5.6 વિપ્લવનો અંત અને બ્રિટિશ સત્તાની પુનઃ સ્થાપનાઃ

કંપનીને પોતાના સરકાર તરફથી મોટી લશ્કરી સહાય મળતાં તથા ભારતના શીખ અને ગુરખા સૈનિકોની મદદથી 18 માસમાં ડિસેમ્બર, ૧૮૫૮ સુધીમાં મોટા ભાગના પ્રદેશો પાછા મેળવી લીધા. તાત્યાટોપેએ એકલે હાથે નાનકડા સૈન્ય વડે વિશાળ અંગ્રેજ સેનાનો આશરે છ મહિના સુધી બહાદુરીપૂર્વક સામનો કર્યો અને અંતે તેને દગાથી પકડીને ફાંસી આપવામાં આવી હોવાનું કહેવાય છે. પરંતુ તે નાસીને ગુજરાતમાં વસ્યા હોવાની તથા દક્ષિણ ગુજરાતમાં નવસારીમાં પોતાના અંતિમ દિવસો ગાળ્યા હોવાની માન્યતા પ્રચલિત છે. બહાદુરશાહ બીજાને તેની બેગમ ઝિન્નતમહાલ સાથે રંગૂનમાં કેદ કરવામાં આવ્યા, જયાં 87 વર્ષ તેમનું અવસાન થયું. જયારે બેગમ હજરત મહાલે પોતાનું બાકીનું જીવન નેપાળના રાણાની આશ્રિત તરીકે ખટમંડુમાં વિતાવ્યું. એમ માનવામાં આવે છે કે નાનાસાહેબ પોતાના જીવનનાં અંતિમ વર્ષથી ગુજરાતમાં શિહોરગામે ગાળ્યા હતા. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અંગ્રેજો સામે લડતાં લડતાં શહાદતને વરી. તે બળવાના બધા જ નેતાઓમાં સૌથી બહાદુર અને પ્રતિભાશાળી નેતા હતા. કુંવરસિંહનું મૃત્યુ અંગ્રેજો સામે લડતાં લડતાં થયેલા જીવલેણ ઘાથી થયું. અન્ય નેતાઓ જેવા કે મૌલવી અહમદશાહ, રાણા વેણી માધવ, નરપતસીંગ, રાજકુમાર ભાસ્કરરાવ વગેરે અંગ્રેજો સામે લડતાં લડતાં શહીદ થયા.(ડા.ધારૈયા)

5.7 1857ના વિપ્લવની નિષ્ફળતાનાં કારણો :

1857ના વિપ્લવમાં અંગ્રેજોની સફળતા અને વિપ્લવકારીઓની નિષ્ફળતા માટે અનેક કારણોને જવાબદાર ગણી શકાય. તેના ચોક્કસ સ્વરૂપ તથા ધ્યેયોનો અભાવ પણ નિષ્ફળતાનું મહત્ત્વનું કારણ હતું.

5.7.1 યોગ્ય નેતાગીરીનો અભાવ :

વિપ્લવની નિષ્ફળતાનું મહત્ત્વનું કારણ કેન્દ્રવર્તી સંગઠન તથા સર્વોપરી સેનાની પદનો અભાવ કહી શકાય. ભારતમાં વિપ્લવ જુદાંજુદાં સ્થળોએ જુદાજુદા સમયે થયો અને તેમાં એકેય સર્વમાન્ય નેતા ન હતો. મુઘલ સમ્રાટ બહાદુરશાહ નામનો જ નેતા હતો,

જયારે અંગ્રેજોના પક્ષે ગર્વનર જનરલ કનિંગ તથા સર સેનાપતિ કોલિન કેમ્પબેલન જેવા બાહોશ અધિકારીઓ હતા.

વિપ્લવકારીઓને પક્ષે નાનાસાહેબ, તાત્યાટોપે, રાણી લક્ષ્મીબાઈ, મૌલવી અહમદશાહ, કુંવરસિંહ તથા બહાદુરશાહ જેવા વીર નેતાઓ હોવા છતાંય વિપ્લવ નિષ્ફળ ગયો, કારણ કે તેમનામાં વીરતા હતી, પરંતુ કુશળતા ન હતી. તેઓ અંગ્રેજોનાં મથકો તેમજ કિલ્લાઓ કબજે કરતા, પરંતુ તે સાચવવા માટેની યોગ્ય વ્યવસ્થા કરતા નહીં. નજીવા વિજયની મિજબાની કરવામાં પણ તેઓ કિંમતી સમય વેડફતા.

5.7.2 વિપ્લવકારીમાં સામાન્ય ધ્યેય અને રાષ્ટ્રીય ભાવનાનો અભાવ :

પંડિત જવાહરલાલ નહેરુએ નોંધ્યું છે તેમ, વિપ્લવકારીઓનું કોઈ સામાન્ય ધ્યેય ન હતું. બહાદુરશાહને સમ્રાટપદ તથા નાનાસાહેબને પેશ્વાપદ ફરી મેળવવું હતું. રાણી લક્ષ્મીબાઈને ઝાંસી તથા બેગમ હઝરતમહલને અયોધ્યા પુનઃપ્રાપ્ત કરાવવાની ઈચ્છા હતી, જયારે કુંવરસિંહને પોતાની જાગીર ફરી મેળવવાની આકાંક્ષા હતી. આમ, નેતાઓમાં એક સામાન્ય ધ્યેય ન હતું. વળી, તેમનામાં પ્રાદેશિક ભાવના પોતાની જાગીર ફરી મેળવવાની આકાંક્ષા હતી. આમ, નેતાઓમાં એક સામાન્ય ધ્યેય ન હતું. વળી, તેમનામાં પ્રાદેશિક ભાવના હતી પણ રાષ્ટ્રીય ભાવનાનો અભાવ હતો. વિપ્લવકારીઓ મુઘલ રાજયની પુનઃસ્થાપના કરવા માંગતા હતા, જેની સામે શીખો તેમજ શિક્ષિત વર્ગને અણગમો હતો. તેઓ મધ્યયુગી આપખુદશાહી પુનઃસ્થાપના માંગતા ન હતા.

5.7.3 પૂરતાં શસ્ત્રો તથા સાધનોનો અભાવ :

અંગ્રેજોની તુલનામાં વિપ્લવકારીઓ પાસેનાં શસ્ત્રો તથા સાધનો પુરાણાં અને અપૂરતાં હતા. વિપ્લવકારીઓને શસ્ત્રોની પડતી ખોટ જલ્દી પૂરાતી નહિ, જયારે અંગ્રેજો જલ્દીથી નવાં શસ્ત્રો તથા સાધનો મેળવી શકતા. વળી, વિપ્લવકારીઓમાં મોટા ભાગના અપૂરતી તાલીમવાળા હતા, જયારે અંગ્રેજોના સૈનિકો તાલીમબદ્ધ હતા.

5.7.4 રાજાઓની તટસ્થતા, અંગ્રેજોને સહાય :

ભારતના મોટા ભાગના રાજાઓ વિપ્લવથી અલિપ્ત રહ્યા એટલું જ નહિ, તેઓમાંના કેટલાકે અંગ્રેજોને વિપ્લવકારીઓની સામે સહાય પણ કરી. હૈદ્રાબાદના નિઝામ, ગુજરાતના ગાયકવાડ, જયપુર, જોધપુર, મેવાડ વગેરેના રાજપૂત રાજાઓ,ઈન્દોરના હોળકર, ગ્વાલિયરના શિંદે વગેરે વિપ્લવથી અળગા રહ્યા અને જરૂર પડયે તેઓએ અંગ્રેજ લશ્કરોને લશ્કરી મદદ પણ આપી.

5.7.5 શિક્ષિતોના સાથ અને સહકારનો અભાવ :

મોટાભાગના શિક્ષિતો તેમજ બુદ્ધિજીવીઓ વિપ્લવમાં જોડાયા ન હતા, કારણ કે તેઓ એમ માનતા કે વિપ્લવ પુરાણી રાજાશાહી ફરી સ્થાપવા માંગે છે. આથી, તેઓએ તેને સાથ આપ્યો નહીં. બીજી બાજુ અંગ્રેજોએ ભારતમાં સ્થાપેલી શાંતિ અને સલામતી તથા બંધારણીય વ્યવસ્થાથી તેઓ આકર્ષાયા હતા. તેમને અંગ્રેજો નવાયુગના પ્રતીક લાગ્યા, તેથી તેઓ તટસ્થ રહ્યા.

5.7.6 શીખો અને ગુરખાઓ અંગ્રેજોના પક્ષે :

વિપ્લવને નિષ્ફળ બનાવવામાં તથા અંગ્રેજ સરકારને વિજય અપાવવામાં શીખ તથા ગુરખા સૈનિકાએ નોંધપાત્ર ફાળો આપ્યો. તેઓ શરૂઆતથી અંત સુધી અંગ્રેજોને પક્ષે રહીને લડયા અને નાની મોટી લડાઈઓમાં તેને વિજય અપાવ્યો. ભારતીય ઈતિહાસની એ કમનસીબ ઘટના ગણાય કે એક વખતના પોતાના શત્રુઓ શીખો તેમજ

ગુરખાઓને અંગ્રેજો પોતાના પક્ષે રાખી શકયા, જયારે વિપ્લવકારીઓ તેમને સાથે રાખવામાં નિષ્ફળ ગયા.

5.7.7 વિપ્લવની વહેલી શરૂઆત :

વિપ્લવની તારીખ 31 મી મે, 1857ની નક્કી કરવામાં આવી હતી, પરંતુ તેના બદલે બળવો લભભગ બે મહિના પહેલા મંગળ પાંડેના હાથે અણધારી રીતે શરૂ થયો, જેથી અંગ્રેજો સાવચેત બની ગયા. અંગ્રેજ ઈતિહાસકાર માલેસર નોંધે છે તેમ, જો વિપ્લવ સમસ્ત ભારતમાં એકીસાથે થયો હોત તો કદાચ ભારતમાં અંગ્રેજ સત્તા ટકી શકી ન હોત.

5.7.8 અંગ્રેજોની ચઢિયાતી લશ્કરી તથા દરિયાઈ તાકાત :

ગુણવત્તાની દષ્ટિએ અંગ્રેજોના અશ્વદળ, તોપદળ તથા પાયદળ વિપ્લવકારીઓનાં આવાં દળો કરતાં ઘણાં ચડિયાતાં હતા. અંગ્રેજોની દરિયાઈ શકિત અપૂર્વ હતી. જેથી બળવા સમયે તેઓ તાત્કાલિક લશ્કર ચીનથી ભારત દરિયાઈ માર્ગે મોકલી શકયા, જેણે બળવાને નિષ્ફળ બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

5.7.9 વિપ્લવનો મર્યાદિત વ્યાપ :

વિપ્લવનો વ્યાપ–ફેલાવો પ્રમાણમાં મર્યાદિત હતો. બહુધા હાલના ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ પૂરતો વિપ્લવ મર્યાદિત હતો, જયારે દેશના અન્ય ભાગોમાં બળવાઓ પ્રમાણમાં મોડા થયા જેથી અંગ્રેજો બળવાને દબાવી શકયા. જયારે કાશ્મીર, પંજાબ, સિંધ, બંગાળ, આસામ અને દક્ષિણ ભારતના પ્રદેશો લગભગ બળવાથી અલિપ્ત જ રહ્યા.

વિપ્લવકારીઓ અંગ્રેજોને સંદેશાવ્યવહાર, વાહન વ્યવહાર તેમજ રેલવે વ્યવહારથી વંચિત કરી શકયા નહીં. જેથી અંગ્રેજો જયાં જયાં બળવો થયો ત્યાં તાત્કાલિક લશ્કરી કુમક મોકલી શકયા, જેથી બળવાને અંગ્રેજો નિષ્ફળ બનાવી શકયા.

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અને તાત્યાટોપેને બાદ કરતાં બળવાખોરો પાસે સફળ નેતાગીરી ન હતી. જયારે અંગ્રેજોના પક્ષે લોરેન્સ ભાઈઓ, આઉટરામ, હેવલોક, નીલ, નિકોલ્સન, રોઝ, કેમ્પબેલ વગેરે અનુભવી અને શકિતશાળી સેનાપતિઓ હતા, જેમણે બળવાને નિષ્ફળ બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

5.8 વિપ્લવનાં પરિણામો–મહત્ત્વ :

આ વિપ્લવના સ્વરૂપ વિષે ઈતિહાસકારોમાં ભારે મતભેદો પ્રવર્તે છે, પરંતુ ભારતીય ઈતિહાસ પર અંગ્રેજ શાસકોની નીતિ–રીતિ પર અને ભારતની જનતાની ભાવિ પ્રવૃત્તિઓ પર તેણે જે રીતે અસર કરી છે તે જોતાં તેનું મુલ્ય સહેજ પણ ઓછું આંકી શકાય નહીં.

5.8.1 કંપનીના શાસનનો અંત :

વિપ્લવને કારણે ભારત ઉપરથી કંપનીના શાસનના ત્યારથી આવ્યો. 'બ્રિટિશ તાજે'– અંગ્રેજ સરકારે પોતાનું શાસન સીધી રીતે સંભાળી લીધું. બ્રિટિશ સરકારને તેમની રાજકીય, વહીવટી, લશ્કરી, આર્થિક, સામાજિક અને ધાર્મિક નીતિમાં ભારે ફેરફારો કરવાની ફરજ પડી. આપખુદ શાસનનો યુગ પૂરો થયો અને બંધારણીય શાસનનો યુગ શરૂ થયો. નવેમ્બર, 1858માં બહાર પાડવામાં આવેલા મહારાણી વિકટોરિયાના ઢંઢેરામાં આ ફેરફારની ઝાંખી કરાવવામાં આવી.

5.8.2 વહીવટી ફેરફાર અને બંધારણીય પ્રગતિ :

આ વિપ્લવને પરિણામે અંગ્રેજોએ દેશી રાજયો ખાલસા કરવાની નીતિનો ત્યાગ કર્યો અને દેશી રાજાઓને તેમનો માન–મરતબો તથા વારસા હક્ક અને દત્તક અધિકાર જેવા તેમના હક્કો જાળવી રાખવાની ખાતરી આપવામાં આવી. તેમને આંતરિક બાબતમાં સ્વતંત્રતા આપવાની બાંયધરી આપી. આને પરિણામે દેશી રાજયો અંગ્રેજોને વફાદર બન્યાં.

1857ના વિપ્લવ બાદ અંગ્રેજ સરકારે હિંદીઓની ઊંચા હોદ્દા પર લાયકાતના ધોરણે નીમવાની પ્રથા શરૂ કરી. 1857ના વિપ્લવને પરિણામે અંગ્રેજ સરકાર આપખુદ મટીને બંધારણીય બની.

વિપ્લવ બાદ તરત જ લશ્કરની પુનઃરચના કરવામાં આવી તથા તેમાં ગોરા સિપાહીઓનું પ્રમાણ ક્રમે ક્રમે વધારતા જઈને, દેશી સિપાહીઓનું પ્રમાણ ઘટાડવામાં આવ્યું. ઉચ્ચ વર્ગના હિંદીઓને થોડા સમય સુધી લશ્કરમાં લેવામાં આવ્યા નહીં. શીખ, ગુરખા, પઠાણ, રાજપૂત વગેરેની ભરતી વિશેષ કરવામાં આવી. દેશી સિપાહીઓ પાસેથી દારૂગોળો લઈ લેવામાં આવ્યો અને દરેક ટુકડીને તેના મૂળ વતનથી દૂરના સ્થળે કામગીરી સોંપવામાં આવી.

5.8.3 આર્થિક નીતિમાં પલટો :

વિપ્લવથી અંગ્રેજ સરકારની આર્થિક નીતિમાં પણ પરિવર્તન આવ્યું. કેટલાક ભારતીય ઉદ્યોગો જેવા કે લોખંડ, કાપડ વગેરેને પ્રોત્સાહન આપવામાં આવ્યું. જો કે સરકારની આર્થિક નીતિ હિંદ અને હિંદીઓને ભોગે ઈંગ્લેન્ડને અને અંગ્રેજોને ફાયદો કરવાની હતી, તેની સાથે કારીગર વર્ગ અને આમજનતાનું આર્થિક શોષણ વધ્યું, પરંતુ રેલવે, રસ્તાઓ, સંદેશા, વાહનવ્યવહાર વગેરેનો વિકાસ કરવામાં આવ્યો.

5.8.4 સામાજિક નીતમાં ફેરફાર :

1857ના વિપ્લવ બાદ સરકારની સામાજિક અને ધાર્મિક નીતિમાં પણ મૂળગત ફેરફારો થયા. વિપ્લવ બાદ અંગ્રેજ સરકારે હિંદમાં 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ અપનાવી. સરકારે સતત કોમવાદને ઉત્તેજન આપવાની નીતિ અમલમાં મૂકી. સામાજિક ક્ષેત્રે પણ સરકારે પ્રગતિશીલ નીતિને બદલે રૂઢિચુસ્ત નીતિ ધારણ કરી. આમાં રૂઢિગત તત્ત્વોનો સાથ મેળવી સરકાર પ્રગતિશીલ બળોને રોકવા માંગતી હતી.

5.8.5 ધાર્મિક નીતિમાં ફેરફાર :

વિપ્લવ બાદ બ્રિટિશ સરકારે પોતાની ધાર્મિક નીતિમાં પણ મોટા ફેરફારો કર્યા. તેણે ધાર્મિક રીતે તટસ્થ નીતિ અપનાવી અને ખ્રિસ્તી પાદરીઓ તથા તેમની ધાર્મિક લાગણી ન દુભાય તેની તકેદારી રાખવામાં આવી, જેથી ધર્મગુરૂઓ અને રૂઢિચુસ્ત વર્ગનો તેમને ટેકો મળી રહે.

1857ના વિપ્લવ બાદ હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે ભેદભાવ પાડવાની નીતિ અમલમાં મૂકાઈ. વિપ્લવમાં મુસ્લિમો ખૂબ સક્રિય બન્યા હતા. તેથી અંગ્રેજ સરકારે વિપ્લવ બાદ શરૂઆતમાં મુસ્લિમો કરતાં હિંદુઓને સરકારી નોકરીઓમાં તથા અન્ય બાબતોમાં વધારે મહત્ત્વ આપવા માંડયું. પરંતુ તે પછી સર સૈયાદ અહમદ જેવા મુસ્લિમ નેતાઓને પાંખમાં લઈને તેમણે મુસ્લિમોને વધારે મહત્ત્વ આપવા માંડયું. આમ, ૧૮૫૭ પછીની અંગ્રેજ નીતિને કારણે દેશમાં કોમી–વૈમનસ્યનાં બીજ રોપાયાં.

1857ના વિપ્લવની નિષ્ફળતાથી ભારતનો વિલીન થતો મધ્યયુગ સમાપ્ત થયો અને નૂતનયુગનાં પગરણ મંડાયા. બ્રિટિશ સરકારના સીધા શાસન હેઠળ નૂતન

રાષ્ટ્રવાદના ઉદ્‌ભવ અને વિકાસને વેગ મળ્યો. તેને પરિણામે ભારતમાં ગાંધીયુગની શરૂઆત થઈ અને ભારત 1947માં આઝાદી મેળવી શકયું.

આમ, 1857નો વિપ્લવ નિષ્ફળ ગયો તો પણ તેણે દેશ–વિદેશોમાં ઘેરી અસર કરી. તેને વિદેશી સત્તા સામેનો પ્રથમ પડકાર, સૈનિકોનો વિપ્લવ, બળવો કે પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ એમ જુદાંજુદાં નામ આપવામાં આવ્યા છે. તેમાં મતભેદ હોય તો પણ એટલું નિશ્ચિત છે કે તેના નેતાઓ અને સૈનિકોને અપ્રતિમ બલિદાનનું ઉદાહરણ રાષ્ટ્ર સમક્ષ ખડું કર્યું તથા તેણે દેશના પછીના સ્વાતંત્ર્ય સંગ્રામોને પ્રેરણા આપી, જેને પરિણામે ભારત છેવટે સ્વાધીન બન્યું.

પ્રો.એલ.મુકરજીના મતે, ''1857ના બળવાથી અંગ્રેજો અને હિંદીઓના મનમાં એકબીજા પ્રત્યે હંમેશા ભય અને આવિશ્વાસની લાગણી જ રહી''. ખરેખર હિંદમાં બ્રિટિશ શાસનને બળવા કરતાં પણ બળવાની સ્મૃતિએ કદાચ વધારે હાનિ પહોંચાડી છે. (ડૉ. મજુમદાર)

5.9 1857ના વિપ્લવના મુખ્યમથકો :

1857ના વિપ્લવનાં મુખ્ય મથકો નીચે પ્રમાણે હતાં :

1. ઉત્તર ભારતમાં મેરઠ, દિલ્હી, બરેલી(રોહિલખંડ), આગ્રા, કાનપુર, લખનૌ, ફૈઝાબાદ, બનારસ, અલાહાબાદ, આઝમગઢ તથા ગોરખપુર.
2. બિહારમાં અયોધ્યા, પટણા,જગદીશપુર વગેરે.
3. રજપૂતાનામાં (રાજસ્થાન)અજમેર, આબુ, નસીરાબાદ વગેરે.
4. મધ્ય ભારતમાં ગ્વાલિયર, ઈંદોર, ઝાંસી, મંદસૌર, ધાર વગેરે.
5. ગુજરાતમાં અમદાવાદ, આણંદ, વડોદરા, ગોધરા, દાહોદ, પાટણ, ખેરાલુ, વિજાપુર, ભિલોડા, મૂંડેરી, ભરૂચ, નાંદોદ(રાજપીપળા) વગેરે.
6. સૌરાષ્ટ્રમાં ઓખા, દ્વારકા વગેરે.
7. દખ્ખણમાં સતારા, કોલ્હાપુર, જોરાપુર, સાવંતવાડી, નારગુંડ, ધારવાડ.

5.10 રાણી લક્ષ્મીબાઈ :

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ વિપ્લવના બાહોશ નેતાઓમાંની એક હતી. તેણે અંગ્રેજોની સામે લડવા સ્ત્રીઓની એક લશ્કરી ટુકડી ઊભી કરી હતી. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, તેના લશ્કર તથા તેની સ્ત્રી લશ્કરી ટુકડીઓએ આશરે ૧૫ દિવસ સુધી હ્યુરોઝના નેતૃત્વ નીચેની મોટી અંગ્રેજ સેનાને વીરતાભરી લડત આપી, ઝાંસીનો બચાવ કર્યો, પણ અંતે ઝાંસી પડયું ત્યાર પછી રાણીએ કાલ્પી અને ગ્વાલિયર પાસેના યુદ્ધોમાં આગેવાનીભર્યો ભાગ ભજવ્યો. છેવટે અંગ્રેજ ટુકડી સાથે લડતાં લડતાં તેણે પોતાના પ્રાણની આહુતિ આપી.

5.11 તાત્યાટોપે

તે નાનાસાહેબ પેશવાનો બહાદુર સાથીદાર હતો. નાનાસાહેબને થયેલા અપમાનનો બદલો લેવા તે 1857ના વિપ્લવમાં જોડાયો હતો. કાનપુરની લડાઈમાં તેમણે નાનાસાહેબ સાથે અંગ્રેજોનો મુકાબલો કર્યો હતો. તાત્યાટોપેએ ગ્વાલિયરના પરાજય પછી મધ્યપ્રદેશ, રજપૂતાના અને ગુજરાતમાં વિપ્લવનો ધ્વજ ફરકતો રાખવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેઓ એકલા પડી ગયા અને વિજયી બ્રિટિશ તાકાત સામે લાચાર બની ગયા.

તાત્યાટોપેએ ગુજરાત તથા મહારાષ્ટ્રમાં પ્રવેશીને ત્યાં વિપ્લવનાં પરિબળોને સંગઠિત કર્યા. તાત્યાટોપેએ અંગ્રેજ લશ્કરોને અવારનવાર થાય આપીને નવેમ્બર, 1858માં લશ્કર સાથે નર્મદા ઓળંગીને ગુજરાતમાં પ્રવેશ કર્યો. છોટાઉદેપુર પાસે તાત્યાટોપે અને અંગ્રેજ સેનાની પાર્ક વચ્ચે થયેલી ભારે લડાઈમાં તાત્યા પરાજિત થયો, છતાં તાત્યાટોપેએ આગળ વધીને પંચમહાલનો ઘણો પ્રદેશ કબજે કર્યો. તેણે પંચમહાલનાં મુખ્ય શહેરો ગોધરા, દાહોદ, ઝાલોદ વગેરે કબજે કરીને, નવું લશ્કર ઊભું કરીને ૧૫ દિવસ સુધી પંચમહાલમાં તરખાટ મહાવ્યો. પંચમહાલ તથા ખેડા જિલ્લાના ઠાકોરોએ તેને સારો સાથ આપ્યો, પરંતુ ગાયકવાડે તેને સાથ આપ્યો નહિ, પરિણામે તાત્યાટોપે અંગ્રેજોની સામે ટકી શકયો નહિ.

વિપ્લવ બાદ ભારતમાં નૂતન યુગનો પ્રારંભ થયો. બ્રિટિશ સરકારના સીધા શાસન હેઠળ નૂતન રાષ્ટ્રવાદનો ઉદય અને વિકાસ થયો અને તેને પરિણામે ગાંધીયુગની શરૂઆત થઈ અને ભારત ઈ.સ 1947માં આઝાદ થયું.

5.12 સારાંશ :

1857ના બળવાની પરિણામોની સમીક્ષા કરતાં ડા. ઈશ્વરીપ્રસાદે લખ્યું છે કે, ''બળવાઓ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનનો અંત આણ્યો. તેણે રાજયોને ખાલસા કરવાની નીતિનો અંત આણ્યો. તેણે દરેકના દત્તક લેવાના અધિકારીનો સ્વીકાર કરાવ્યો. તેણે અંગ્રેજો અને હિંદીઓ વચ્ચે જાતીય દ્વેષ વધાર્યા અને તેણે એવી સામગ્રી પૂરી પાડી કે જેમાંથી સ્વાતંત્ર્યની લડતનાં પરિબળોનો ઉદય થયો''.

હિંદના ઈતિહાસમાં 1857નો વિપ્લવ એક યાદગાર બનાવ છે. અનેક ઈતિહાસકારોએ–ભારતીય તેમજ વિદેશી– આ બનાવને સમજાવવા થોકબંધ પુસ્તકો લખ્યાં છે, છતાં હજુ પણ આ મુદ્દો ચર્ચાસ્પદ છે. આ વિષેના વાદવિવાદનો અંત નથી. આમ, 1857ના વિપ્લવના સ્વરૂપ વિષે સમકાલીન તથા અનુકાલીન લેખકોમાં ભિન્ન ભિન્ન મત પ્રવર્તે છે. કેટલાકને મતે તે માત્ર 'લશ્કરી બળવો' હતો તો અમુકના મતે તે ' ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય' હતો. અંગ્રેજ લેખકો તેમજ ભારતીય લેખકોમાં ૧૮૫૭ના બળવાના સ્વરૂપ વિષે વિચારભેદ જોવા મળે છે. વિપ્લવના સમકાલીન લેખકોમાં પણ તેના ઉદ્ભવનાં કારણો તથા સ્વરૂપ વિષે મતભેદો હતા.

સર જહોન લોરેન્સ, માર્શમેન, સર જહોન સીલી વગેરે તે સમયના અંગ્રેજ અધિકારીઓ અને અંગ્રેજ ઈતિહાસકારોઓને માત્ર 'સિપાહીઓનો બળવો' જ માનતા હતા. જયારે તે સમયના ઈગ્લેન્ડના ખ્યાતનામ રાજપુરુષ ડિઝરાયેલી અને ન્યાયાધીશ મેકાર્થીએ આ બળવાને કંપની સરકાર સામેના રાષ્ટ્રીય અને ધાર્મિક બળવા તરીકે ઉલ્લેખ કર્યો હતો. અલબત્ત, બળવાનું સ્વરૂપ રાજકીય વિશેષ હતું અને ધાર્મિક સ્વરૂપ ગૌણ હતું.

આધુનિક ઈતિહાસવિદ્ ડા. આર.સી.મજુમદારના મત મુજબ તે મોટા ભાગે સિપાહીઓનો બળવો હતો. જેમાં પછીથી લોકોએ થોડો સાથ આપ્યો. જો કે તેમનું આ વિધાન તદ્દન સાચું નથી. કેટલાક ભાગોમાં બળવાને મોટા પાયા પર આમ જનતાનો સાથ સાંપડયો હતો. વીર સાવરકરે પોતાના પુસ્તકમાં વિપ્લવને પહેલ વહેલો 'ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ' ગણ્યો. ત્યારથી ભારતના મોટા ભાગના રાષ્ટ્રીય ઈતિહાસકારો, વિવેચકો તથા રાજનીતિજ્ઞોએ 1857ના વિપ્લવને 'રાષ્ટ્રીય સ્વાતંત્ર્યસંગ્રામ' તરીકે ઓળખાવ્યો છે. ડા.સુરેન્દ્રનાથ સેને પોતાના પુસ્તક '1857'માં નોંધ્યું છે કે, 'જે વિપ્લવનો ધાર્મિક યુદ્ધ તરીકે પ્રારંભ થયો, તેનો સ્વાતંત્ર્ય સંગ્રામ તરીકે અંત આવ્યો'. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડા. રાજેન્દ્રપ્રસાદે યોગ્ય જ કહ્યું છે કે,''વિપ્લવનો વ્યાપ અને તેનું સંગઠન જોતાં તેને માત્ર સિપાહીઓનો બળવો કહી શકાય નહીં, પરંતુ તે વિદેશી

સત્તા સામેનો લોકોનો પડકાર હતો''. પંડિત જવાહરલાલ નહેરુએ પણ વિપ્લવનું વિદેશી સત્તા સાથેના લોકોના બંડ તરીકે વિવરણ કરેલું છે. ડા.રાધાકૃષ્ણનના મત મુજબ, '' 1857ના વિપ્લવ અને તેના નેતાઓમાં અમુક ઊણપો હોવા છતાંયે તેના આગેવાનોએ બતાવેલી વીરતા અને બલિદાન ભાવિ રાષ્ટ્રીય આંદોલનોને માટે પ્રેરણારૂપ હતા''.

માત્રસિપાહીઓનો બળવો નહી :

સમકાલીન હિંદી લેખકો વિપ્લવને સિપાહીઓનો બળવો કહે છે, પરંતુ તેને માત્ર સિપાહીઓ દ્વારા જ શરૂ થયો હતો અને સિપાહીઓએ તેમાં મુખ્ય ભાગ ભજવ્યો હતો.બહાદુરશાહ, નાનાસાહેબ, રાણી લક્ષ્મીબાઈ વગેરે વિપ્લવના આગેવાનોને તો તેમાં પાછળથી જોડાવાની ફરજ પડી હતી. છતાં પણ સામાન્ય જનતાએ તેમાં સારો એવો ભાગ ભજવ્યો હતો. ખાસ કરીને લખનૌ બરેલી જગદીશપુર, પાટણ, ગોધરા વગેરેના બનાવોમાં લોકોનો હિસ્સો નોંધપાત્ર હતો. વળી, બળવાના નેતાઓ લશ્કરી સેનાનીઓને બદલે રાજા–મહારાજાઓ કે લોકનેતાઓ હતા. વળી, આ વિપ્લવમાં હિંદુ–મુસ્લિમ એકતા અપૂર્વ હતી. મુસ્લિમ નવાબોએ હિંદુ સલાહકારો અને હિંદુ રાજાઓએ મુસ્લિમ મંત્રીઓ રાખ્યા હતા. આ ઉપરથી ફલિત થાય છે કે, વિપ્લવને માત્ર સિપાહીઓનો બળવો કહેવો યથાર્થ નથી.

રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામ કહેવાય ? :

1857ના વિપ્લવને રાષ્ટ્રીય સ્વાધીનતા પ્રાપ્ત કરવા માટેનો 'પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ' કહેવો તે પણ અતિશયોકિતભર્યું ગણાશે. આ વિપ્લવ મધ્યયુગી રાજય, સમાજ તથા ધર્મવ્યવસ્થા પુનઃ સ્થાપિત કરવા માંગતો હતો. તેમાં કેન્દ્રીય સંગઠન કે આયોજનનો અભાવ હતો. તેનું કોઈપણ એક નિશ્ચિત કે ઉદાત્ત ધ્યેય ન હતું. તેનો વ્યાપ ઘણો મર્યાદિત હતો. આશરે ચાર કરોડની વસ્તીમાંથી માંડ લાખ જેટલા લોકોએ બળવામાં ભાગ લીધો હતો. તેમાંના ઘણાખરા નેતાઓ અંગત હેતુ સિદ્ધ કરવા બળવામાં જોડાયા હતા. વિપ્લવકારી નેતાઓમાં કોઈ સામાન્ય આદર્શ કે રાષ્ટ્રીય ભાવનાનો અભાવ હતો. તેમાં લૂંટફાટ અને ખૂનરેજીનું પ્રમાણ વધારે હતું. કોઈની પાસે વિપ્લવ પછીનું ભાવિ ચિત્ર ન હતું. કમળ તથા રોટીના પ્રતિક વિષે પણ ભારે મતભેદો છે. વિપ્લવની તારીખ તથા તેના આયોજન પરત્વે પણ નિશ્ચિતતા નથી. આ બધાં કારણોને લીધે તેને ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ કહેવો યથાર્થ નથી.

મહાન ઉત્થાન :

1857નો બનાવ એ ન હતો 'સિપાહીઓનો બળવો' કે ન હતો 'સ્વાતંત્ર્ય સંગ્રામ', પરંતુ તે 'રાષ્ટ્રીય ઉત્થાનનું પ્રથમ સોપાન' હતો. આ વિપ્લવને સિપાહીઓના બળવા કરતાં કંઈક વિશેષ અને સ્વાધીનતાના સંગ્રામ કરતાં કંઈક નિમ્ન ઘટના તરીકે ઘટાવી શકાય. આમ છતાં હિંદમાં અંગ્રેજ સત્તાને સિપાહીઓ તથા લોકો તરફથી મળેલો આ પહેલો મોટો પડકાર હતો, તેમ કહી શકાય. આ 'લોકપડકાર'ની શરૂઆત લશ્કરના સિપાહીઓએ કરી હતી. એ વખતે કદાચ તેમના મનમાં રાષ્ટ્રપ્રેમ વિષેનો ખ્યાલ સ્પષ્ટપણે ન પણ સંભવી શકે, પરંતુ પોતાની જ ભૂમિ પર અંગ્રેજો દ્વારા સહેવા પડતાં અપમાનો, અંગ્રેજ માલિકોનું તુમાખીભર્યું વર્તન, જોહુકમી, અત્યાચાર અને તેમના અમાનવીય વ્યવહારોએ તેમને ગુલામીનો અહેસાસ કરાવ્યો, જેથી તેઓએ પોતાના પરદેશી માલિકોની તલવારને માલિકો સામે જ ઉગામી હશે. એ દષ્ટિએ ને 'બ્રિટિશ

સામ્રાજયવાદને ભારતનો પ્રથમ પડકાર' ગણાવી શકાય, જેણે ભાવિ સ્વાતંત્ર્ય સંગ્રામોને પ્રેરણા આપી.

1857ની સાલમાં રાષ્ટ્ર અને રાષ્ટ્રવાદનો આધુનિક ખ્યાલ વિકસ્યો ન હતો. એ સમયે વિવિધ પ્રદેશોમાં વસતા વિવિધ વર્ગોના લોકોને એકસૂત્રે બાંધી આપનારું મહત્ત્વનું પરિબળ ધર્મ હતું. એ દ્વારા જ લોકોમાં ભાવાત્મક એકતાનું સર્જન થયું હોય એ બનવાજોગ છે.

વળી, વિપ્લવવાદી નેતાઓ પણ રાષ્ટ્રીય ન હતા. ખુદ મોગલ બાદશાહ બહાદુરશાહ રાષ્ટ્રીય નેતા ન હતા. તેણે બળવાખોરોને ખરા દિલથી બળવાખોરોને સાથ આપ્યો ન હતો. શરૂઆતમાં ઝાંસીની રાણીએ બળવામાં ભાગ લીધો ન હતો. અયોધ્યાના તાલુકદારો અને જમીનદારોએ પોતાનાં નવાબનાં હિતો જાળવવા બળવામાં ઝંપલાવ્યું હતું. બળવાખોરોને સામાન્ય પ્રજાનો એકસરખો ટેકો પણ મળ્યો ન હતો. માત્ર અયોધ્યા અને રોહિલખંડમાં જ બળવો પૂરજોશમાં હતો. તો પછી આ આંદોલનને 'રાષ્ટ્રીય ઉત્થાન'નું 'પ્રથમ સોપાન' કેવી રીતે કહી શકાય ?

'સત્તાવન'ના આ બનાવમાં પૂર્વયોજના, પૂરતી સંકલના તથા સંગઠનનો અભાવ કે ઊણપ હતી, પરંતુ તે કંઈ હિંદી પ્રજાની ભાવના બાબતમાં શંકા કે સવાલ પેદા ન કરી શકે, તે અંગ્રેજોને હાંકી કાઢવા માંગતી હતી, એ ભાવ બતાવતાં ત્યારનાં અનેક જાહેરનામાં મોજૂદ છે. 'લંડન ટાઈમ્સ'નો ખાસ પ્રતિનિધિ સર વિલિયમ હોવર્ડ રસેલ 1857ના બનાવ વખતે હિંદમાં હાજર હતો. તેણે લખ્યું હતું કે, ''એ એવું યુદ્ધ હતું જેમાં લોકો ધર્મને કોમના નામે વેર વાળવા અને પોતાની આશાઓ પૂર્ણ કરવાને કટિબદ્ધ થયા હતા. એ યુદ્ધમાં આખા રાષ્ટ્રે પોતાના પરની પરદેશી ઘૂંસરી ફગાવી દેવાનો અને તેને બદલે દેશી રાજયોની પૂર્ણ સત્તા અને ધર્મોનો પૂર્ણ અધિકાર ફરી સ્થાપવાનો સંકલ્પ કર્યો હતો''.

આધુનિક ઈતિહાસ વિવેચક ડા. મજુમદારની આ મહાન બનાવ વિષેની નોંધ માનનીય લેખાશે. ''1857નો વિપ્લવ હિંદમાં બ્રિટિશ શાસન સામે વિશાળ પાયા ઉપરના પ્રથમ મહાન અને પ્રત્યક્ષ પડકાર તરીકે હિંદના ઈતિહાસમાં રમણીય બનશે. અડધી સદી બાદ બ્રિટિશ હકૂમતમાંથી હિંદને મુકત બનાવવા જે સાચી લાગણીપૂર્વક રાષ્ટ્રીય ચળવળ થઈ તેને પ્રોત્સાહન આપનાર એ બળવો હતો. 1857ની સ્મૃતિએ ભાવિ ચળવળને જાળવી રાખી. તેમાં લડનાર માણસોને હિંમત આપી, લડવા માટે ઐતિહાસિક પાયો પૂરો પાડયો અને તેને નૈતિક બળ આપ્યું. હિંદમાં બ્રિટિશ શાસનને બળવા કરતાં પણ કદાચ બળવાની સ્મૃતિએ વધુ નુકસાન કર્યું''.

1857ના બળવાના સ્વરૂપ અંગેની ચર્ચાના અંતે એટલું કહી શકાય કે, ''આ વિપ્લવ સિપાહીઓના બળવા કરતાં કંઈક વિશેષ હોત અને સ્વાતંત્ર્ય સંગ્રામ કે રાષ્ટ્રીય આંદોલન કરતાં ઘણી ખામીઓવાળો હતો'' તેને આધુનિક અર્થમાં સ્વાતંત્ર્ય સંગ્રામ ન કહી શકાય. ખરેખર તે હિંદમાં બ્રિટિશ શાસન સામે વિશાળ પાયા પરનો 'પ્રથમ મહાન પડકાર' હતો. 1857ના વિપ્લવે હિંદીઓનું ખમીર બનાવ્યું. તેને સ્વતંત્રતા માટેના રાષ્ટ્રીય સંગ્રામની કૂચ તરફના 'પ્રથમ સોપાન' તરીકે ગણાવી શકાય, જેણે મહાત્મા ગાંધીજીના નેતૃત્વ નીચે રાષ્ટ્રીય સ્વરૂપ પકડયું અને આખરે ૧૯૪૭માં હિંદના સ્વાતંત્ર્યમાં પરિણમ્યો.

5.10 1757 થી 1857 (વિપ્લવ) સુધી (100 વર્ષના કાલખંડના વિવિધ ગર્વનરો)

નામ	કાર્યકાળ	ખાસ નોંધ
1. ગવર્નર રોબર્ટ કલાઈવ	(1763-64) (1765-67)	(પ્લાસી અને બકસરનું યુદ્ધ દ્વિમુખી શાસન)
2. ગર્વનર જનરલ વોરન હેસ્ટિંગ્સ	(1772-85)	(અનેક સુધારાઓ)
3. ગર્વનર જનરલ લોર્ડ કોર્નવોલિસ	(1788-93)	(કોર્નવોલિસ કોડ સામ્રાજય વિસ્તાર અને સુધારાઓ)
4. ગવર્નર જનરલ સર જોન શોર	(1793-98)	(તટસ્થ નીતિ અહમદશાહ અબ્દાલીના પૌત્ર જમાનશાહનું આક્રમણ)
5. ગર્વનર જનરલ કોલી વેલેસ્લી	(1798-1805)	સહાયકારી યોજના દ્વારા સામ્રાજય વિસ્તાર
6. ગવર્નર જનરલ જયોર્જ બાલો	(1805-07)	(અંગ્રેજો દ્વારા બેંગ્લોરમાં સૈનિક વિદ્રોહ)
7. ગર્વનર જનરલ લોર્ડ મિન્ટો	(1807-13)	(શીખ સરદાર રણજિતસિંહ સાથે અમૃતસરની સંધિ)
8. ગવર્નર જનરલ લોર્ડ હેસ્ટિંગ્સ	(1813-23)	(અંગ્રેજ–નેપાળ યુદ્ધ, અંગ્રેજ–મરાઠા યુદ્ધ)
9. ગવર્નર જનરલ લોર્ડ એમ્હર્સ્ટ	(1823-28)	(પ્રથમ અંગ્રેજ–બ્રહ્મી વિગ્રહ)
10. ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટિક	(1828-35)	(અનેક સુધારાઓ, અંગ્રેજી શિક્ષણ દાખલ)
11. ગવર્નર જનરલ સર ચાર્લ્સ મૈટકાફ	(1835-36)	(પ્રેસના પ્રતિબંધો દૂર કર્યા)
12. ગવર્નર જનરલ લોર્ડ એલનબરો	(1842-44)	(કાબુલ યુદ્ધમાં વિજય)
13. ગવર્નર જનરલ હાર્ડિજ	(1844-48)	(અંગ્રેજી શિક્ષણને મહત્ત્વ)
14. ગવર્નર જનરલ લોર્ડ ડેલહાઉસી 1857નો વિપ્લવ-Revolt	(1844-56) (1857)	(ખાલસા નીતિ, રેલવે, તાર–ટપાલનો પ્રણેતા) કંપનીના શાસનનો અંત
15. ગવર્નર જનરલ લોર્ડ કેનિંગ	(1856-62)	'તાજ'નું શાસન

5.11 તમારી પ્રગતિ ચકાસો :

હેતુલક્ષી પ્રશ્નો.

1. 1857ના વિપ્લવ કયાં કયાં ફેલાયો હતો?

2. 1857ના વિપ્લવમાં કોણે કોણે અગત્યનો ભાગ ભજવ્યો હતો ?

3. 1857ના વિપ્લવનું તાત્કાલિક પરિણામ શું આવ્યું ?

4. ગુજરાતમાં વિપ્લવનાં મુખ્ય કેન્દ્રો કયાં કયાં હતાં ?

5. 1857નો વિપ્લવ શાથી નિષ્ફળ ગયો હતો ?

6. 1857ના બળવાનાં પરિણામો–અસરો જણાવો.

7. મંગળ પાંડેને શા માટે ફાંસી આપવામાં આવી ?

8. ગુજરાતમાંથી બ્રિટિશ શાસનને નાબૂદ કરવાની યોજના કયારે અને કયાં કરવામાં આવી હતી ? તેના નેતાઓ કોણ કોણ હતા ?

9. ગુજરાતના કયા રાજાઓએ વિપ્લવને નિષ્ફળ બનાવવા અંગ્રેજોને સહાય કરી ?

_____
_____
_____

10. ભારતના કયા કયા રાજાઓએ 1857ના વિપ્લવમાં ભાગ ન લીધો ?

_____
_____
_____

11. 1857ના વિપ્લવનું પ્રતીક કયું હતું ?

_____
_____
_____

પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.

1. ઈ.સ. 1857ના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામની સંક્ષિપ્ત માહિતી આપો.

અથવા

ભારતમાં ડેલહાઉસીની વિદાય પછી કેવી પરિસ્થિતિ સર્જાઈ ?

2. ઈ.સ. 1857ના ઉત્થાનનાં કારણો વિસ્તારથી સમજાવો.

અથવા

કયા પરિબળો ૧૮૫૭ના વિપ્લવ માટે જવાબદાર હતા ? લોર્ડ ડેલહાઉસીની ખાલસા નીતિ કેટલે અંશે જવાબદાર હતી ?

અથવા

1857ના વિપ્લવ તરફ દોરી ગયેલા સંજોગો અને બનાવો વર્ણવો.

3. 1757ના વિપ્લવના મુખ્ય બનાવો વર્ણવો. તેમાં કોણે કોણે અગત્યનો ભાગ ભજવ્યો ?
4. 1857નો વિપ્લવ શા માટે નિષ્ફળ નીવડયો ?
5. 1857નો વિપ્લવનાં શા પરિણામો આવ્યા ? વિપ્લવનું મહત્ત્વ સ્પષ્ટ કરો.
6. 1857ના વિપ્લવના સ્વરૂપ વિષેના ભિન્ન ભિન્ન અભિપ્રાયો જણાવો.

અથવા

1857ના બળવાને તમે ‘પ્રથમ સ્વાતંત્ર્ય વિગ્રહ’ ગણશો ? કારણો આપો.

અથવા

1857ના બળવાને ‘સિપાહીઓનો બળવો’ કહેવો કેટલે અંશે ઉચિત છે ?

7. ટૂંકનોંધ લખો :

(1) 1857ના વિપ્લવનાં મુખ્ય મથકો

(2) રાણી લક્ષ્મીબાઈ

(3) તાત્યાટોપે

5.14 ચાવીરૂપ શબ્દો

પોલગારો	દક્ષિણ ભારતના જમીનદાર સૈનિકો
સંસ્થાનવાદ	વેપારી મથકો ઉભા કરવા અલ્પવિકસિત દેશોમાં
સામ્રાજયવાદ	વિકસિત દેશ ગરીબી અને અલ્પવિકસિત દેશોમાં આધિપત્ય જમાવે
કાયમી જમાબંધી	મહેસુલ પદ્ધતિ
રૈયતવારી	સામુહિક મહેસુલ પદ્ધતિ
ધર્માન્તર	ખરાબ પ્રવૃત્તિ, ધર્મનો પ્રસાર
વિપ્લવ	વિદ્રોહ, આંદોલન
પલટન	લશ્કરની ટૂંકડી

5.15 સંદર્ભ સૂચિ

1. Sen, Gupta K.K.: Recent Writings on the Revolt of 1857- A Survey: Indian council of Histrorical Research, New Delhi, 1975.
2. Singh, Khuswant : A Histroy of the Sikhs, 2 Vols, New Jersey, 1965.
3. Strachey, Sir J.: The Finances and Public Works of India, London, 1882.
4. Vakil, C.N.: Financial Development in Modern India(1860-1924), Bombay, 1925.

આ વિભાગના અભ્યાસ માટે કેટલાંક ઉપયોગી પુસ્તકો:

1. Asharaf K.M. and others : Rebellion 1857: A symposium Edited by P.C.Joshi. New Delhi, 1957.
2. Barry, Theodore and others : Sources of Indian Tradition, Compiled Second Issue, Delhi, 1993.
3. Basu, B.D. : The Rise of the Christian Power in India, Calcutta, 1933.
4. Basu, B.D. : History of Education in India under the rule of the East India Company, Calcutta, 1935.
5. Beveridge, H. : A Comprehensive History of India, 3 Vols, London, 1862.
6. Chaudhari, S.B. : Civil Rebellion in the Indian Mutinies: 1858-59, Culcutta, 1957.
7. Chhabra, G.S. : Advanced study in the Histroy of Modern India, 3 Vols, New Delhi, 1971.
8. Chudgar, P.L. : Indian Princes under British Protection, London, 1929.
9. Desai, A.R. : Social Background of Indian Nationalism, Bombay, 1948.
10. Dubois, Abee J.A. : Hindu Manners, Customs and Ceremonies, Oxford, 1953.
11. Duff, Dr. A. : The Indian Rebellion (It causes and results in a series of letters) Second Edition, London, 1858.
12. Government of Bombay: Source Material for the History of Freedom Movement in India, Vol,1. 1818-1886, Bombay,1957.
13. Griffin, L.H. : Rankit Singh, Oxford, 1957.
14. Heimsath, K.H.: Indian Nationalism and Hindu Social Reform, Bombay, 1964.
15. Lambrick, H.T.: Sind: A General Indroduction, 2nd Edition, Karachi, 1976.
16. Lee-Warner, Sir William : The Native states of India, London, 1910.
17. Pannikar, K.M. : Introducation to the study of the Relations of India states with the Government of India, London, 1927.
18. Philips, C.H. : The correspondence of Lord William Bentink: 1828-35. 2 Vols. Editied, Oxford, 1977.
19. Raghuvamshi, V.P.S.: Indian Nationalist Movement and Thought, Agra, 1959.

20. Majumdar, J.K.: Rammohan Roy and Progressive Movements in India(1775-1875)
21. Sen, Gupta K.K.: Recent Writings on the Revolt of 1857- A Survey: Indian council of Histrorical Research, New Delhi, 1975.
22. Singh, Khuswant : A Histroy of the Sikhs, 2 Vols, New Jersey, 1965.
23. Strachey, Sir J.: The Finances and Public Works of India, London, 1882.
24. Vakil, C.N.: Financial Development in Modern India(1860-1924), Bombay, 1925.
25. જાવડેકર, શ.દ.(આચાર્ય) : આધુનિક ભારત, અનુવાદ. પા.ગ. દેશપાંડે, અમદાવાદ, 1946.
26. દત્ત, રમેશચંદ્ર : દોઢ સદીનો આર્થિક ઈતિહાસ, સંક્ષેપકાર વિ.મ. કોઠારી, અમદાવાદ, 1963.
27. શાહ, આર.સી. અને અન્ય. (2018-19) ભારતનો ઈતિહાસ. સુરતઃ પોપ્યુલર પ્રકાશન.
28. પરીખ, આર.જી. (2011). ભારતનો ઈતિહાસ. અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
29. પટેલ મંગુભાઈ : ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ- 1973.

हिन्दी :-

1) सरकार सुमित :- आधुनिक भारत १८८५-१९४७ , राजकमान प्रकाशन, नई दिल्ली, पटना.
2) रामगोपाल : भारतीय स्वतंत्रता संग्राम का इतिहास, भारत जुल सेंटर, लखनव-१९९६.
3) नागोरी एस. एल. : भारतका राष्ट्रीय आन्दोलन जयपुर; १९८८
4) शर्मा कालूराम, व्यास प्रकास : आधुनिक भारत का राजनैतिक आर्थिक एवं सामाजिक इतिहास, भाग-2,पंचशील प्रकाशन, जयपुर – २००४.
5) बिपिन चन्द्र : आधुनिक भारत का इतिहास, ओरियंग ब्लेकर-वोन, नइ दिल्ली – २०११.
6) गजरानी शिव : आधुनिक भारत का इतिहास – १७१७-१८१८
7) पसथी आर. के., भंडारी दीपा : आधुनिक भारत का इतिहास, अर्जुन पालिशिंग हाउस, नइ दिल्ली- २००९

એકમ : 6

ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનકાળ દરમિયાન ભારતની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ

:: રૂપરેખા::

6.0 ઉદ્દેશો

6.1 પ્રસ્તાવના

6.2 ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનકાળ દરમિયાન ભારતની સામાજિક સ્થિતિ

- **6.2.1** સતીપ્રથા
- **6.2.2** બાળલગ્ન
- **6.2.3** દૂધપીતી કરવાનો રિવાજ (બાળહત્યા)
- **6.2.4** બહુપત્નીત્ત્વ
- **6.2.5** વિધવા પુર્નલગ્ન
- **6.2.6** લોહીનો વેપાર
- **6.2.7** ગુલામી પ્રથા
- **6.2.8** પડદા પ્રથા
- **6.2.9** સ્ત્રી શિક્ષણ

6.3 કંપની શાસનકાળ દરમિયાન ભારતની આર્થિક પરિસ્થિતિ

- **6.3.1** બંગાળમાં અંગ્રેજોએ ચલાવેલી લૂંટ
- **6.3.2** ભારતના વેપાર ઉદ્યોગને સખત ફટકો
- **6.3.3** વેપાર ઉદ્યોગપ્રધાનમાંથી ખેતીપ્રધાન દેશ
- **6.3.4** હિંદુસ્તાનની મૂડીમાંથી ઔદ્યોગિક ક્રાંતિ

6.4 સારાંશ

6.5 શબ્દાવલી

6.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

6.7 સંદર્ભ

6.0 *ઉદ્દેશો :*

આ એકમો આપણે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન કાળ દરમિયાન ભારતની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ અંગે શીખીશું. આ એકમ વાંચ્યા બાદ તમે જાણી શકશો કે,

- કંપની શાસનકાળ દરમિયાન ભારતની સામાજિક સ્થિતિ
- સામાજિક દૂષણોને દૂર કરવા અંગ્રેજ સરકારે લીધેલા પગલાં
- કંપનીના શાસનકાળ દરમિયાન ભારતની આર્થિક પરિસ્થિતિ
- ભારતના વેપાર ઉદ્યોગને ફટકો
- વેપાર ઉદ્યોગપ્રધાનમાંથી ખેતીપ્રધાન દેશ
- હિંદુસ્તાનની મૂડીમાંથી ઔદ્યોગિક ક્રાંતિ
- સારાંશ
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

6.1 *પ્રસ્તાવના :*

એક વેપારી પ્રજા તરીકે હિંદમાં અંગ્રેજોનું આગમન થયાપછી વેપારની પ્રવૃત્તિની સાથે સાથે અનુકૂળતા પ્રાપ્ત થતાં અંગ્રેજ ઈસ્ટ ઈન્ડિયા કંપની ભારતમાં પોતાની રાજકીય સત્તા સ્થાપવા માટે પ્રયત્નશીલ બની પરિણામ સ્વરૂપ ઈ.સ. 1757 નાં પ્લાસીનું નિર્ણાયક યુદ્ધ લડાયુ તેમાં અંગ્રેજોની જીત થઈ. આમ ભારતમાં અંગ્રેજી શાસનની સ્થાપના થઈ. ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સત્તાનો ઉત્તરોત્તર વિકાસ થયો. ભારતમાં તે સમયની સર્વોચ્ચ શક્તિશાળી મરાઠી સત્તાને હરાવી અંગ્રેજોની સત્તા સર્વોપરી બની. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનકાળ દરમિયાન ભારતીય સમાજમાં સતીપ્રથા, બાળલગ્ન, દીકરીને દૂધપીતી કરવાનો રિવાજ, બહુપત્નીત્વ, વિધવા પુર્નલગ્નની મનાઈ લોહીનો વેપાર, ગુલામી પ્રથા જેવા સામાજિક દૂષણો હતા; જ્યારે આર્થિકક્ષેત્રે ભારતના વેપાર ઉદ્યોગને પડેલ ફટકો, વેપાર ઉદ્યોગ પ્રધાનમાંથી ખેતીપ્રધાન દેશ, ભારતની મૂડીમાંથી ઔદ્યોગિક ક્રાંતિ. કંપની શાસનકાળ દરમિયાન ભારત આર્થિક રીતે પાયમાલ થઈ ચૂક્યુ હતું. અંગ્રેજોની આર્થિક શોષણ નીતિના કારણે જ ભારતમાં ગરીબી, બેકારી, બેરોજગારી વગેરે આર્થિક સમસ્યાઓ ઉભી થઈ હતી.

મુઘલયુગની જાહોજલાલી અને બ્રિટીશયુગીન પ્રગતિ વચ્ચે ભારતીય સમાજ પ્રગતિવિહિન અને અધોગતિના પંથે જઈ રહ્યો હોય તેમ જણાય છે.

6.2 *ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનકાળ દરમિયાન ભારતની સામાજિક સ્થિતિ :*

કોઈપણ વિજેતા પ્રજાએ પરાજિત પ્રજા પ્રત્યે રંગના આધારે ભેદભાવ અને તિરસ્કારની નીતિ એટલી હદ સુધી પહોંચાડી નથી. જેટલી અંગ્રેજોએ પહોંચાડી છે. ભારતમાં રહેતા અંગ્રેજોએ ૧૮મી સદીના અંતભાગથી ભારતીયોથી પોતાને અલગ રાખ્યા હતા. સામાજિક સ્તરે તેમનો ઉચ્ચ ભારતીયો સાથેનો સંપર્ક નહીવત હતો. આ સંપર્ક માત્ર ઘરના નોકર ચાકર તથા રસોઈયા પૂરતો મર્યાદિત હતો. તેઓ સામાન્ય રીતે

ભારતીયો પ્રત્યે અપમાનજનક વર્તાવ કરતા. આ સમયે ભારતીય સમાજ સંયુક્ત કુટુંબ વ્યવસ્થા અને જ્ઞાતિ પ્રથાના પાયા પર ટકેલો હતો. સમાજમાં ગતીશીલતાનો અભાવ હતો. પ્રણાલિકાગત ગ્રામ્ય સમાજ પોતાની આત્મ નિર્ભરતા ગુમાવી રહ્યો હતો. સમાજનું ઝડપથી પતન થઈ રહ્યુ હતુ. સ્ત્રીઓની દુર્દશા, જાતીય બંધનો, વિકૃત સાંપ્રદાયિક દ્રષ્ટિકોણ અને બીજા નાનામોટા અનેક સામાજિક દૂષણોથી પરિસ્થિતિ એટલી હદ સુધી બગડી જવા પામી હતી કે ખૂદ હિંદના લોકો પ્રવર્તમાન હિંદુ સમાજ પ્રત્યે ઘૃણા અને તિરસ્કારની નજરે જોવા લાગ્યા હતા. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનકાળ દરમિયાન ભારતીય સમાજમાં સતીપ્રથા,બાળલગ્ન, દૂધપીતી કરવાનો રિવાજ, બહુપત્નીત્વ, વિધવા પુર્નલગ્નની મનાઈ, લોહીનો વેપાર, ગુલામી પ્રથા, જેવા અનેક સામાજિક દૂષણો પ્રચલિત હતા.

ભારતમાં બ્રિટીશ સામ્રાજ્યની સ્થાપના થવાથી ભારતીય સમાજમાં રાજકીય દ્રષ્ટિએ જે પ્રભાવશાળી અને શક્તિશાળી ઉચ્ચવર્ગ હતો. તે દૂર થતાં સમાજમાં નવા નવા વર્ગો અને ખાસ કરીને નવો મધ્યમવર્ગ અસ્તિત્વમાં આવ્યો. બ્રિટીશ શાસનનો ભારતીય સમાજ પર પ્રભાવ પડતાં રૂઢીચુસ્તો પરંપરાગત પ્રણાલિકાઓ અને રૂઢીઓની પરવા ન કરતા નવી અંગ્રેજી કેળવણી પ્રાપ્ત કરેલા ઉદારમતવાહીઓએ ભારતીય સમાજમાં પ્રચલિત સામાજિક દૂષણોને નાબૂદ કરવા ઝુંબેશ ચલાવી તેના પરિણામે બ્રિટીશ સરકારે સમાજ સુધારકોને પ્રોત્સાહન આપ્યું. અંગ્રેજોએ પોતાની પ્રતિષ્ઠા અને જાતીય ઉચ્ચતા સિદ્ધ કરવા સામાજિક સુધારણાના ક્ષેત્રે કેટલાક કાયદાઓ પસાર કર્યા.

6.2.1 *સતીપ્રથા નાબુદીઃ*

ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનકાળ દરમિયાન ગવર્નર જનરલ વિલિયમ બેન્ટીકે કરેલા સામાજિક સુધારાઓમાં સતીપ્રથા નાબુદી નોંધપાત્ર છે. સદીઓથી ચાલી આવતી સતી પ્રથાની શરૂઆત ક્યારે થઈ હશે તે કહેવું મુશ્કેલ છે. પરંતુ સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે પ્રાચીન ભારતમાં રાજપૂત યુગથી આ પ્રથા ચાલી આવી હતી અને આ રિવાજ ઉચ્ચ જાતિઓમાં પ્રચલિત હતો. સ્ત્રી પોતાના મૃત્યુ પામેલા પતિ સાથે બળી મરે તે બનાવને સતી પ્રથા તરીકે ઓળખવામાં આવતો સમય જતાં સતી પ્રથાનો બનાવ પવિત્ર બન્યો અને તે ગુણવાન વિધવા માટે પવિત્રતાનું પ્રતીક બની ગયો. સ્ત્રી પોતાના પતિની ચિતા સાથે બળી મરતી તેને એક વિશિષ્ટ હક અને માન ગણવામાં આવતું. આ ઘાતકી અને અમાનુષી રિવાજ સામે વિરોધ થયો અને તેની નાબૂદી માટે પ્રયત્નો પણ થયા હતા. પરંતુ તેનુ કોઈ પરિણામ આવ્યુ ન હતું. આ પ્રથા વર્ષો સુધી ચાલુ રહી હતી.

મોગલોના સમયમાં મોગલ બાદશાહ અકબરે તના નાબૂદ કરવા પ્રયત્ન કર્યો હતો. ત્યાર બાદ મરાઠાઓના સમયમાં પોતાના પ્રદેશમાં આ પ્રથાને નાબૂદ કરવા પેશ્વાઓએ પગલા લીધા હતા તેમ છતાં સતી થવાની આ પ્રથા ચાલુ રહી હતી. આવી અસામાજિક પ્રથાને નાબૂદ કરવા બેન્ટીકે નિશ્ચય કર્યો. બીજી બાજુ અંગ્રેજોમાં કેટલાક સુધારાવાદીઓએ આ સતીપ્રથાની સંપૂર્ણ નાબૂદી માટે માગણી કરી આમ સુધારાવાદીઓની માગણીને ધ્યાનમાં લઈને બેન્ટીકે હિંમતપૂર્વક પોતાની જવાબદારી

સમજીને ડિસેમ્બર 1829માં સતીપ્રથાને ભયંકર ગુનો ગણાવ્યો આવ્યો અને આ પ્રથા અમલમાં મૂકનાર લોકોને ભારે દંડ તથા શિક્ષા કરવાની જોગવાઈ કરવામાં આવી. સતીપ્રથાનાબૂદીના આ કાર્યમાં બેન્ટીકને બંગાળના રાજારામ મોહનરાય અને દ્વારકાનાથ ટાગોર તરફથી ટેકો મળ્યો હતો; તેથી રૂઢીચુસ્ત લોકોને આ સતીપ્રથા ચાલુ રાખવામાં સફળતા મળી નહિં. વુલ્સીહેગના મતે, ''આ કંપની સરકાર દ્વારા ભારતની સામાજિક બાબતોમાં હસ્તક્ષેપ કરવાનું પ્રસંશનીય અને હિંમતભર્યું પગલું હતું.'' બેન્ટીકે ભારતના રૂઢીચુસ્ત લોકોના વિરોધની પરવા કર્યા વિના સતીપ્રથા જેવું હિંદુ સમાજનું દૂષણ નેસ્ત નાબૂદ કરવાની હિંમત દર્શાવી. તેવું ડૉ. આર.સી. મજૂબદાર જણાવે છે. બેન્ટીકે સતી પ્રથા ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો પસાર કરીને હિંદની ઘણી જ અબળાઓના જીવન બચાવી લીધા.

ગવર્નર જનરલ લાર્ડ વિલિયમ બેન્ટીકના સમયમાં બીજુ સમાજકલ્યાણનું કાર્ય હતુ. ઠગોના ઉપદ્રવનો નાશ કરવાનું દેશના કેટલાક ભાગોમાં ફાંસીદાર કે ઠગ નામથી ઓળખાતા લૂંટારાઓનો હત્યારાઓનો ત્રાસ હતો. કંપની સરકારે આ ઠગ લોકોનો નાશ કરવાના પ્રયત્નો કર્યા હતા. પરંતુ સફળતા મળી ન હતી. તેથી ગવર્નર જનરલ વિલિયમ બેન્ટીક ઠગોનો નાશ કરવાનું નક્કી કરવાનું કર્યું તે માટે કાયદોપસાર કરવામાં આવ્યો. જેમાં ઠગ બનવુ, ઠગાઈ કરવી ઠગોની ટોળીમાં રહેવું તેને ગુનો ગણવામાં આવ્યો. ગુન્હેગારોને જન્મ ટીપની સજા નક્કી કરવામાં આવી. સ્લીમેન અને અમલદારોએ ઠગોને પકડવાનું શરૂ કર્યું. પકડાયેલા ઠગો પાસેથી બીજા ઠગોની માહિતી મેળવવામાં આવી, 1829 થી 1835 સુધીના સમયમાં 200 થી વધુ ઠગો ને પકડવામાં આવ્યા. જેમને ફાંસી કે લાંબી કેદની સજાઓ કરવામાં આવી આમ થોડાક સમયમાં ઠગોનો ઉપદ્રવ લગભગ નાશ પામ્યો. ઠગોના બાળકોના શિક્ષણ માટે યોગ્ય વ્યવસ્થા કરી. ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટીકના આ કાર્ય થી સામાજિક અનિષ્ટનો અંત આવ્યો.

ઈ.સ. 1837માં ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટીકે ધાડાપાડુઓનો નાશ કરવાની સફળતાપૂર્વક કામગીરી કરીને મધ્ય ભારતના માર્ગો પ્રવાસીઓ અને વેપારીઓ માટે સુરક્ષિત બનાવ્યા હતા.

6.2.2 *બાળલગ્ન :*

ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનકાળ દરમિયાન ઉત્તર ભારત, મધ્ય ભારત, પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ ભારતમાં બાળલગ્નનું અનિષ્ટ વ્યાપક પ્રમાણમાં પ્રચલિત હતું. આ અનિષ્ટ રાજસ્થાન બંગાળ અને મહારાષ્ટ્રમાં વિશેષ પ્રચલિત હતું. મરાઠાઓના સમાજ જીવનમાં ધ્યાન ખેંચે તેવી બાબતોમાં ઘણી નાની વયની કન્યાઓ સાથેના લગ્ન હતા. ઘણા ખરા છત્રપતિઓ, પેશ્વાઓ, મરાઠી સરદારોએ મોટી ઉંમરે નાની કન્યાઓ સાથે લગ્ન કર્યાના અનેક ઉદાહરણો છે. પેશ્વા બાલાજી બાજીરાવે પોતાના મૃત્યુના માત્ર 6 મહિના પહેલાં જ એક નાની ઉંમરની કન્યા સાથે લગ્ન કરેલા. નાના ફડનવીસનું 58 વર્ષની ઉંમરે અવસાન થયુ ત્યારે તેની છેલ્લી પત્ની તરૂણ ઉંમરની હતી. આ સમયે ગુજરાતમાં નવલરામે 14 વર્ષની ઉંમરે 9 વર્ષની કન્યા સાથે બીજુ લગ્ન, ઈચ્છારામ દેસાઈ

13 વર્ષની કન્યા સાથે લગ્નગ્રંથિ થી જોડાયા હતા તો નર્મદનું પ્રથમ લગ્ન 12 વર્ષની ઉંમરે થયુ હતું.

રાજારામ મોહનરાય જેવા સમાજ સુધારકોએ બાળલગ્નનો ઉગ્ર વિરોધ કરીને જણાવ્યું કે, બાળલગ્નમાં ભવિષ્યના અનેક અનિષ્ટોનો સમાવેશ થાય છે. તેમણે આ બાબતે લેખો લખ્યા તેની વિરૂદ્ધ પ્રચાર કર્યો અને કાયદા દ્વારા તે નાબૂદ કરવા પ્રયાસો કર્યા.

6.2.3 *બાળહત્યા : (દૂધપીતી કરવાનો રિવાજ)*

બાળહત્યાનો ક્રૂર અને તિરસ્કાર ભર્યો રિવાજ વિશેષ કરીને બંગાળીઓ અને રજપૂતોમાં વિશેષ પ્રચલિત હતો. તેને દૂધપીતીના રિવાજ તરીકે ઓળખવામાં આવે છે. તુરતમાં જન્મેલી બાળકીઓને દૂધ પીવડાવવાનું બંધ કરીને કે દૂધ સાથે અફીણ જેવા કેફી પદાર્થ આપીને મારી નાખવામાં આવતી. બાળ હત્યાનું આ કાર્ય ઘણુ ગુપ્તતાથી કરવામાં આવતુ અને તે કેટલીક જાતિઓ પૂરતુ મર્યાદિત હોવાથી તે તરફ લોકોનું ધ્યાન ઓછું ખેંચાયું હતું. સતીની જેમ બાળહત્યા પાછળ કોઈ ધાર્મિક ટેકો કે આધાર ન હતો તેનો ઉદ્ભવ સામાજિક પ્રશ્નના તાત્કાલિક નિરાકરણની જરૂરિયાત માંથી થયો હતો. અમુક રાજપૂત જાતિઓમાં એક જ કૂળના કુટુંબો વચ્ચે આંતર લગ્નીય વ્યવહાર પર પ્રતિબંધ હોવાથી આ લગ્ન વખતે થતા ભારે અને અસહ્ય ખર્ચમાંથી ઉગરી જવા આ રિવાજ ચાલુ થયો. દિકરીનું લગ્ન કરવામાં નિષ્ફળ જનારને સમાજની બદનામી સહન કરવી પડતી અને તેણે ધર્મનું ઉલ્લંઘન કર્યાનું માનવામાં આવતું આવી મુશ્કેલીઓ આ રિવાજ માટે જવાબદાર હતી. આ રિવાજ વારણસી (બનારસ) પ્રાંતની રાજકુમાર અને રાજબંસી નામની બે રાજપૂત જાતિઓમાં; ગુજરાતમાં કચ્છ અને જાડેજા રાજપૂતોમાં, જયપુર અને જોધપુરના રાઠોડ રાજપૂતોમાં તથા જાટ અને મેવાતી જાતિઓમાં પ્રચલિત હતો. અંગ્રેજ સરકારના ધ્યાન પર આ બાબત આવતાં ઈ.સ. 1795માં બંગાળ નિયમન ધારા 21 અને ઈ.સ.1804માં નિયમન ધારા ૩ મુજબ બાળ હત્યાને ખૂનનો ગુનો ગણવામાં આવ્યો. તેમ છતાં આ અમાનવીય રિવાજ ચાલુ રહ્યો. ઘણા બ્રિટીશ અધિકારીઓ ડંકન, વોકર અને કેપ્ટન જેમ્સ મેક મૂર્ડોએ રાજવીઓ તથા લોકોને સમજાવટ દ્વારા આ ઘાતકી રિવાજ બંધ કરવા પ્રયાસો કર્યા. રાજકુમાર અને જાડેજાઓએ આ રિવાજ બંધ કરવા લેખિત ખાતરી આપી પણ તે પૂર્વવત ચાલુ રહ્યો. અંગ્રેજ સરકાર અને કોર્ટ ઑફ ડાયરેકટર્સે આ બાબતની ગંભીરતા નજરે જોઈ હતી. ગવર્નર જનરલ લોર્ડ હાર્ડિજે દેશના રાજ્યોમાં આ રિવાજ નાબૂદ કરવા પોતાના અધિકારમાં બનતા પ્રયાસો કર્યા. ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટીકે દૂધપીતી કરવાના રિવાજ ઉપર પ્રતિબંધ ફરમાવ્યો હતો. રાજ્યોમાં રહેતા અંગ્રેજ રાજકિય પ્રતિનિધિઓ, અધિકારીઓના સતત પ્રયાસો, પ્રચાર અટકાયતી પગલાં તથા પાશ્ચાત્ય શિક્ષણના ફેલાવાના કારણે આવેલી બૌદ્ધિક જાગૃતિથી 19મી સદીના ઉત્તરાર્ધમાં આ રિવાજ ધીમે ધીમે નાબૂદ થતો ગયો.

6.2.4 *બહુપત્નીત્વ : કુલીનવાદનો અંત :*

હિંદુ સમાજમાં બહુપત્નીત્વની પ્રથા એક મોટી સામાજિક સમસ્યા હતી. ખાસ કરીને બંગાળમાં આ સમસ્યા વિશેષ જટીલ બની. બંગાળમાં કુલીન નામથી ઓળખાતા કેટલાક ઉચ્ચ વર્ગોમાં આ પ્રથા પ્રચલિત હતી. મહારાષ્ટ્રમાં છત્રપતિઓ, પેશ્વાઓ, શ્રીમંતો, સરદારો વગેરેમાં બહુપત્નીત્વનો રિવાજ હતો. મલબાર કિનારાના પ્રદેશની નૈયરકોમમાં બહુપત્નીત્વનોરિવાજ પ્રચલિત હતો; જ્યારે મદુરાની તોલિયા જાતિના લોકોમાં ભાઈઓ, કાકાઓ, ભત્રીજાઓ, ભાણિયાઓ વચ્ચે સહિયારી પત્ની રાખવાની પ્રથા હતી. કંપની શાસન દરમિયાન ભારતમાં સ્ત્રીઓની દશા બહુપત્નીત્વના અનિષ્ટને કારણે કરુણ હતી.એક વ્યક્તિ સાથે પચાસ, સાઠ કે તેથી વધુ કન્યાઓને પરણાવવામાં આવતી કન્યાઓની વય 10 થી 60 વર્ષ સુધીની રહેતી. એક જ સમયે એક જ ધાર્મિક વિધિથી મૃત્યુપથારીએ પડેલા 80 વર્ષના વર સાથે સંખ્યાબંધ કન્યાઓને પરણાવી શકાતી પરણેલી કુલીન છોકરીઓને મોટે ભાગે પિતાને ઘરે જ રહેવું પડતું. કારણ કે બહુપત્નીત્વ વાળો પતિ બધાનું ભરણ પોષણ કરી શકતો નહીં. અનુકૂળ સમય આવતાં તે પોતાની પત્નીઓને મળવા માટે તેમના નામ અને સરનામા શોધીને જતો ! આવી સ્ત્રીઓની સ્થિતિ કેવી હશે કલ્પના કરવી જ રહી! આ પ્રથાની કરુણતા અને દુઃખદ સ્થિતિ પણ કેવી હતી ! ઈ.સ. 1855માં બર્દવાનના મહારાજાએ અમર્યાદિત બહુપત્નીત્વ પ્રથા, ખાસ કરીને બંગાળના કુલીનોમાં પ્રચલિત થયેલી આ પ્રથાને ડામવા માટે બ્રિટીશ હિંદની કાયદાકીય સમિતિને કાયદો ઘડવા અરજી કરી હતી. બંગાળના ઉપ ગવર્નર જે.પી. ગ્રાંટે આ અંગે કાયદા ઘડવાની ખાતરી આપી પરંતુ 1857ના વિપ્લવને કારણે તેમાં રૂકાવટ આવી. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને મહાદેવ ગોવિંદ રાનડે આ અનિષ્ટને દૂર કરવા માટે કાયદાની જરૂરિયાત પર ભાર મૂકતા હતા. ઈગ્લેન્ડ સ્થિત હિંદના મંત્રીએ આ દૂષણો વિરુદ્ધ કોઈપણ કાયદો નહીં ઘડવાનો નિર્ણય કર્યો. છેવટે અનેક દૂષણો માટે બન્યુ છે એ પ્રમાણે, સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પરિબળોના પ્રભાવથી આ અનિષ્ટ હિંદમાં લગભગ નાશ પામ્યુ.

- ***તમારી પ્રગતિ ચકાસો – 1***

1. સતીપ્રથા એક સામાજિક અનિષ્ટ હતુ. (100 શબ્દોમાં લખો.)

_____
_____
_____
_____
_____
_____

2. નીચેના વાક્યોમાં ખરાં (√) ખોટાં (×) ની નિશાની કરો.

- સતીપ્રથા નાબૂદી કાયદો 1829માં થયો હતો.
- નાના ફડણવીસનું અવસાન થયુ ત્યારે તેની છેલ્લી પત્ની 25 વર્ષની હતી.
- વિલિયમ બેન્ટીકે દૂધપીતી કરવાના રિવાજ પર પ્રતિબંધ મૂક્યો હતો.

- બહુપત્નીત્વની પ્રથા બંગાળમાં વિશેષ પ્રચલિત હતી.
- ઈ.સ. 1857માં બર્દવાનના મહારાજાએ બહુપત્નીત્વ પ્રથાની નાબુદી માટે સરકારને અરજી કરી હતી.

6.2.5 *વિધવા પુર્નલગ્ન નોકાયદો :*

હિંદુ સ્ત્રીઓની દયાજનક અને લાચાર પરિસ્થિતિમાં ઉતરોત્તર સુધારણા કરવામાં આવેલા કાયદાઓમાં વિધવા પુર્નલગ્નનો કાયદો એ દિશામાં એક બીજુ સીમા ચિન્હરૂપ કાર્ય બની રહ્યું. હિંદુ સમાજમાં પ્રચલિત બાળલગ્નોની પ્રથાને કારણે બાળ વિધવાઓનું પ્રમાણ ખૂબ વધી જવા પામ્યુ હતું. હિન્દુ કાયદાએ અને હિન્દુ શાસ્ત્રોએ અમુક ચોક્કસ સંજોગોમાં વિધવાઓને પુર્નલગ્ન કરવાની છૂટ આપી છે. ખાસ કરીને જેનો પતિ ગુમ થયો હોય, મૃત્યુ પામ્યો હોય, સન્યાસ લીધો હોય, જ્ઞાતિ બહાર મૂક્યો હોય, તેવી નિઃસંતાન વિધવાઓને બીજો પતિ કરવાની (પુર્નલગ્ન) છૂટ આપવામાં આવી છે. બીજા લગ્નથી થતા સંતાનોને કાયદેસરના વારસા તરીકે માન્ય કરવામાં આવ્યા છે. પરંતુ આ કાયદો અને રિવાજ ચાલુ રહી શક્યો નહીં, અને ખાસ કરીને ઉચ્ચ હિંદુ વર્ગોમાં વિધવા પુર્નલગ્ન પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો.

હિંદુ વિધવા પુર્નલગ્ન માટેનો પ્રયાસ, સિરાજ ઉદ્દૌલાના સમયમાં ઢાકાના એક નામાંકિત રાજપુરૂષ રાજવલ્લભે કર્યો હતો. પોતાની વિધવા પુત્રીના પુર્નલગ્ન માટે તેમણે પ્રયાસ કર્યો હતો. ધાર્મિક સમર્થન અને મંજૂરી હોવા છતાં હિંદુ સમાજમાં પ્રચલિત પ્રથાઓ અને રીતિ રીવાજો એટલા જડ અને પ્રભાવશાળી હતા કે રાજ વલ્લભના બધા પ્રયાસો નિષ્ફળ ગયા.પરંતુ પાશ્ચાત્ય શિક્ષણ અને બુદ્ધિવાદી ચેતનાથી આ સામાજિક દૂષણની સામે ભારે અણગમો પેદા થયો. સુધારાવાદી બ્રહ્મો સમાજ જેવી સંસ્થાઓએ વિધવા પુર્નલગ્નની પ્રથાને પ્રચલિત કરવાની શરૂઆત કરી. મહાદેવ ગોવિંદ રાનડે અને દયાનંદ સરસ્વતીએ વિધવા પુર્નલગ્નનું સમર્થન કર્યું. હિંદુ મહિલાઓએ સામાજિક દૂષણો દૂર થાય અને તેની સામે સુધારા લાવવા માટે અખબારોમાં પોતાના વિચારો સ્પષ્ટ કર્યા અને સુધારાઓની માગણી કરી. મુંબઈમાં વિધવાઓના પુર્નલગ્ન માટેની ચળવળની શરૂઆત થઈ અને ઈ.સ.1837ની આસપાસ આ અંગે કેટલીક પત્રિકાઓ અને બહાર પાડવામાં આવી.

વિધવા પુર્નલગ્નની બાબતમાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે ખૂબ જ મહત્વનું કાર્ય કર્યું. તેઓ કલકત્તાની સંસ્કૃત કોલેજના આચાર્ય અને સંસ્કૃતના મહાન પંડિત હતા. તેમણે વિધવા પુર્નલગ્નનું સમર્થન કરતા અનેક લેખો લખ્યા અને પત્રિકાઓ પ્રસિદ્ધ કરી. બ્રિટીશ હિંદની સરકાર ને 987 વ્યક્તિઓની સહિઓવાળી વિનંતી અરજી મોકલી. વિદ્યાસાગરની અરજી વિરુદ્ધ રૂઢિચુસ્ત હિંદુ લોકોએ 36783 વ્યક્તિઓની સહિઓવાળી અરજી સરકાર સમક્ષ રજૂ કરી. વિદ્યાસાગરની સામે ભારે વિરોધ વંટોળ સર્જાયો હતો. તેમનું જીવન પણ ભયમાં મુકાયુ હોવા છતાં તેમણે લોકોને અને સરકારને આ સમસ્યા પ્રત્યે જાગૃત કરવાનો પોતાનો પ્રયાસ છોડ્યો નહીં અને એમના પ્રયાસોથી જ છેવટે જુલાઈ 1856માં ગવર્નર જનરલ લોર્ડ ડેલહાઉસીની સરકારે હિંદુ વિધવા પુર્નલગ્નનો કાયદો

પસાર કર્યો. આ કાયદાથી વિધવા પુર્નલગ્નને કાયદેસરનું માનવામાં આવ્યું અને આ લગ્નથી થતા બાળકોને કાયદેસરના વારસદાર જાહેર કરવામાં આવ્યા.

કાયદાનું પીઠબળ મળ્યું હોવા છતાં હિંદુ વિધવાઓના પુર્નલગ્નમાં કોઈ ખાસ પ્રગતિ થઈ નહીં. બંગાળમાં પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે અને મુંબઈમાં પંડિત વિષ્ણુ શાસ્ત્રીએ આ કાયદાનો વ્યાપક પ્રચાર કર્યો. જેમ જેમ સ્ત્રી શિક્ષણનો ફેલાવો થતો ગયો તેમ સ્ત્રીઓમાં જાગૃતિ આવવા લાગી તેમ સ્ત્રીઓની સમસ્યાઓ ઉકેલવા માટે સામાજિક સંસ્થાઓમાં વધારો થયો. પરિણામે વિધવા પુર્નલગ્નની પ્રથા ધીમે ધીમે પ્રચલિત થવા લાગી.

6.2.6 *લોહીના વેપાર ઉપર પ્રતિબંધ :*

ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બૅન્ટીકનાશાસન કાળ દરમિયાન છોટામ નાગપુર, ખાનદેશ વગેરે જગ્યાએ ભીલ, સંથાલ ઓરીસ્સાની ગૌડ જાતિઓ વગેરે અત્યંત પછાત જાતિઓમાં સ્ત્રીઓને વેચવાનો લોહીનો વેપાર ચાલતો હતો. તે તેણે બંધ કરાવ્યો એટલું જ નહીં; પણ તેમને ખેડવા લાયક જમીન કાઢી આપી. તેમનામાં સંસ્કૃતિનો ફેલાવો કર્યો તથા તેમનામાં કેટલાક બહાદુર લોકોને મેજર આઉટરામની સરદારી નીચે લશ્કરી તાલીમ આપી. તેમને લશ્કરમાં લઈ લીધા.

6.2.7 *ગુલામી પ્રથા નાબૂદી :*

પ્રાચીન સમયથી ભારતમાં ગુલામો રાખવાની પ્રથા હતી પરંતુ ભારતમાં ગુલામો પ્રત્યેનો વર્તાવ માનવતા ભરેલો હતો. ભારતમાં ગુલામો પ્રત્યે કુટુંબના બાળકો જેવા વર્તાવ કરવામાં આવતો. અમુક સંજોગોમાં ગુલામો માટે સ્વતંત્ર જીવન ગુલામીના જીવન કરતાં વધારે સુખદાયી નિવડતુ ન હતું. ભારતમાં અંગ્રેજ ઉદ્યોગપતિઓ અને સતાધીશો ભારતીય ગુલામો પ્રત્યે ક્રુર વર્તન રાખતા હતા. ગુલામોના કપાળ ઉપર ઘગઘગતા લાલચોળ લોખંડના સળિયા વડે છાપ ઉપસાવવાની રીત અજાણી ન હતી. સમકાલીન અહેવાલો પ્રમાણે ભારતમાં યુરોપીયનોનો ગુલામો પ્રત્યે વહેવાર ઘાતકી હતો. ઘણીવાર તો સામાન્ય ગુના માટે તેમને ફટકા મારવામાં આવતા. અંગ્રેજ બાબુઓ પોતાના પુરૂષ ગુલામોને ચાબુક મારતી. ચાબખા મારવા માટે કલકત્તામાં એ પ્રકારનો ધંધો વિકસ્યો હતો. જેમા તેઓ એક આનામાં ચાબખો મારી આપતા હતા. ગુલામોએ જાતે પોતાના માલિક પાસેથી કેટલા ફટકા મારવાના છે. તેની નોંધ અને તે માટેની ફી લઈને તેઓની પાસે જવુ પડતું. નાસી જતા ગુલામો માટે એથી પણ વધારે ક્રુર સજા ફટકારવામાં આવતી હતી.

ભારતમાં ગુલામી પ્રથા નાબૂદ કરવા માટે જાન્યુઆરી 1823માં લેસ્ટર સ્ટેનપોલે ગોસેસ્ટરના ડયુકને લાગણીભરી અરજી કરી હતી. તેમણે ઉતર ભારતમાં ઘરગથ્થુ નોકરો અને વેશ્યાઓએ રાખેલા ગુલામોનો અને દક્ષિણ ભારતમાં ખેતીના કામમાં જોતરાયેલા ગુલામોનો ઉલ્લેખ કર્યો છે. એકલા કનારામાં જ 1600 જેટલા ગુલામો હતા. ગુલામોની ખરીદ કિંમતનો પણ તેણે ઉલ્લેખ કર્યો છે. છોકરાની કિંમત રૂ. ચાર થી રૂ. 15 સુધીની, સ્ત્રીની રૂ. 16 થી રૂ. 24 સુધીની અને પુરૂષ ગુલામની કિંમત રૂ. 24 થી 160 સુધીની હતી. એ પણ નોંધાયુ છે કે યુવાન છોકરીઓના મા-બાપ પોતાની પુત્રીઓને ગુલામો

તરીકે વેચી મારતા હતા. દેવાદારો અને જુગારીઓ પોતાની પત્નીઓને થોડી રકમના બદલામાં વેચી મારતા હતા. સમૃદ્ધ અને અમીર લોકો અને યુરોપીયનો સુદ્ધાં સ્ત્રી ગુલામોને રખાતો તરીકે રાખી લેતા હતા.નાની ઉંમરના બાળકો અને કેટલીકવાર પુખ્ત ઉંમરની વ્યક્તિઓને ઉપાડી જવા માટે ગુલામોનો વેપાર કરનારાઓએ કેટલીક ટોળકીઓને પણ કામે લગાડી હતી. ગુલામોનો નિયમિત વેપાર ચાલતો હતો અને તેમાં ભારતીય લોકો અને યુરોપિયનો સંડોવાયેલા હતા. ભારતમાં ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટીકે ઈ.સ. 1832માં કાયદો પસાર કરીને ગુલામી પ્રથા નાબૂદ કરી. ઈ.સ. 1833માં બ્રિટનમાં ગુલામી પ્રથા નાબૂદ કરવામાં આવી એ સમયે પસાર થયેલા ઈ.સ. 1833ના ચાર્ટર ધારાથી ગવર્નર જનરલને ભારતમાં ગુલામી પ્રથા જેમ બને તેમ જલદી થી સાવધાની પૂર્વક અને સરળતાથી નાબૂદ કરવા જણાવવામાં આવ્યું. ઈ.સ. 1843માં ગુલામી પ્રથાને ગેરકાયદેસર જાહેર કરવામાં આવી પણ ગુલામોના માલિકોને કોઈ વળતર આપવામાં ન આવ્યું. ઈ.સ. 1860માં ઈન્ડિયન પિનલ કોડ દ્વારા ગુલામો રાખવા કે તેનો વેપાર કરવાના કાર્યને અપરાધ જાહેર કરવામાં આવ્યો અને તે માટે કાયદામાં કડક સજાની જોગવાઈ કરવામાં આવી એ રીતે ભારતમાં ગુલામી પ્રથાનો અંત આવ્યો.

6.2.8 ***પડદા પ્રથા :***

પડદા પ્રથા એ મુસ્લિમ પ્રથા હતી અને છે. ભારતમાં મુસ્લિમોમાં આ પ્રથા પ્રચલિત છે. કદાચ મધ્ય યુગમાં હિંદુઓમાં તેનું ચલણ વધવા પામ્યુ હતું. ઉત્તર ભારતના ઉચ્ચ વર્ગના હિંદુઓમાં આ પ્રથા પ્રચલિત બની હતી. આ પ્રથા દખ્ખણમાં અને દક્ષિણ ભારતમાં પ્રચલિત ન હતી, કારણ કે મુસ્લિમોનો પ્રભાવ નહિવત હતો. સુધારાવાદી સંસ્થાઓ અને સંપ્રદાયોના પ્રયાસોને કારણે તેમજ પાશ્ચાત્ય શિક્ષણ અને સંસ્કૃતિના પ્રભાવને કારણે આ પ્રથા ધીમે ધીમે નાબૂદ થઈ રહી છે.

6.2.9 ***સ્ત્રી શિક્ષણ :***

સ્ત્રી શિક્ષણને હિંદુ ધર્મ શાસ્ત્રો વિરુદ્ધ માનવામાં આવતું. સ્ત્રીઓને શિક્ષણથી વંચિત રાખવીએ સામાજિક અનિષ્ટ હતું. નાની ઉંમરે લગ્ન થવાના કારણે અને સામાજિક વહેમ શિક્ષિત સ્ત્રી વિધવા બને છે તે કારણે સ્ત્રીઓને શિક્ષણ આપવામાં આવતું નહીં. અંગ્રેજી શિક્ષણ પામેલા હિંદુઓએ રૂઢીચુસ્ત લોકોના ભયંકર વિરોધનો સામનો કરીને પણ સ્ત્રી શિક્ષણનો ફેલાવવો કરી, સ્ત્રીઓને સ્પર્શતા સામાજિક દૂષણો દૂર કરવા પ્રયાસો કર્યા હતા. ઈ.સ. 1813ના ચાર્ટર ધારા પછી ભારતમાં ખ્રિસ્તી મિશનરીઓએ શિક્ષણની પ્રવૃત્તિઓ શરૂ કરી તેમાં સ્ત્રી શિક્ષણનો સમાવેશ કર્યો. હિંદુ સ્ત્રીઓના મનમાંથી વહેમો દૂર કરવા તેમણે વિચાર્યું અને કન્યા શાળા શરૂ કરી. બંગાળમાં સ્ત્રી શિક્ષણનો સમાવેશ કર્યો. હિંદુ સ્ત્રીઓના મનમાંથી વહેમો દૂર કરવા તેમણે વિચાર્યું અને કન્યા શાળા શરૂ કરી. બંગાળમાં સ્ત્રી શિક્ષણ માટે પ્રયાસ ઈ.સ. 1819માં કલકત્તા ફીમેલ જુવેનાઈલ સોસાયટીએ કર્યો અને છ વર્ષમાં 160 કન્યાઓને શિક્ષણ આપ્યું. ઈ.સ. 1834માં કલકત્તાની ત્રણ કન્યાશાળા સહિત બંગાળમાં કુલ પચાસ કન્યાશાળાઓ હતી. ઈંગ્લેન્ડથી ખાસ મોકલવામાં આવેલ શિક્ષિકા મીસ કૂકે (પાછળ થી શ્રીમતી વિલ્સન) બંગાળના સ્ત્રી શિક્ષણમાં નોંધપાત્ર કાર્ય કર્યુ. આ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કલકત્તામાં જે. ઈ. ડી. બિજૂન

નામના અંગ્રેજે ઈ.સ. 1849માં એક શાળા સ્થાપી એ પછી થઈ તેમણે સ્ત્રી શિક્ષણનો વિકાસ થાય તે માટે પ્રસંશનીય કાર્ય કર્યું બંગાળમાં સ્ત્રી શિક્ષણના હિમાયતી તરીકે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે આપેલી સેવાઓ નોંધપાત્ર છે. મહારાષ્ટ્રમાં સ્ત્રી શિક્ષણના પ્રચાર માટે જ્યોતિબા ફૂલેએ કરેલા પ્રયાસો અત્યંત સરાહનીય છે. ઈ.સ.1851 માં તેમની પત્નીની મદદથી પૂનામાં કન્યાશાળા સ્થાપી હતી. મુંબઈમાં અંગ્રેજી શિક્ષણ પામેલા યુવાનોએ ઈ.સ. 1851માં મુંબઈ અને પુનામાં કન્યા શાળાઓ શરૂ કરી. ઈ.સ. 1854ના ચાલ્સ વૂડના ખરીતાએ સ્ત્રી કેળવણીની અગત્યતા પર ભાર મૂક્યો. મુંબઈની એલ્ફીન્સ્ટન સંસ્થાના વિદ્યાર્થીઓએ સ્ટુડન્ટ લિટરરી એન્ડ સાયન્ટિફિક સોસાયટી સ્થાપી સ્ત્રી શિક્ષણને ઉત્તેજન આપવા માટે પ્રયાસો કર્યા. મુંબઈની પારસી કોમે સ્ત્રી શિક્ષણને આવકાર્યું. એફ.સી.બનાજીએ પોતાની પુત્રીને અંગ્રેજી શિક્ષણ લેવા મોકલતાં તેમનું અનુસરણ બીજાઓએ પણ કર્યું. આ કન્યાશાળાઓ અનુકૂળ વિસ્તારોમાં ખાનગી ઘરોમાં સવારના 7 થી 9 સુધી ચલાવવામાં આવતી. ઈ.સ. 1854 સુધીમાં સોસાયટી વેતન લેતા શિક્ષકો રોકીને 9 કન્યા શાળાઓ ચલાવાતી. મહારાષ્ટ્રમાં સુધારક ચળવળની શરૂઆત 19 મી સદીના પૂર્વાધમાં થઈ. આવા બુદ્ધિજીવી સુધારકોમાં બાલશાસ્ત્રી જાંભેકર, દાદોબા પાંડુરંગ, ભાસ્કર પાંડુરંગ, ગોપાલ હરિ દેશમુખ, વિષ્ણુ ભીખાજી ગોખલે વગેરે મુખ્ય હતા.

ગુજરાતમાં અમદાવાદમાં ઈ.સ. 1849માં શેઠ હઠીસીંગ કેશરી સિંગના કુટુંબની નાણાકીય મદદથી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ સ્ત્રીઓ માટે શાળા સ્થાપવાનો સૌ પ્રથમ પ્રયાસ કર્યો હતો. ઈ.સ.1850માં મગનભાઈ કરમચંદની નાણાકીય સહાયથી 2 કન્યાશાળાઓ શરૂ કરવામાં આવી. સમાજ સુધારક દુર્ગારામ મહેતાજીએ પણ આ ગાળા દરમિયાન સુરતમાં કન્યાશાળા ચલાવવાનો પ્રયત્ન કર્યો હતો જેમ જેમ સ્ત્રી શિક્ષણનો પ્રચાર થયો તેમ તેમ તેમનામાં સામાજિક દૂષણો પ્રત્યે સભાનતા આવી.

- ***તમારી પ્રગતિ ચકાસો – 2***

1. વિધવા પુર્નલગ્ન વિશે દસ લિટીમાં જણાવો.

_____
_____
_____
_____
_____
_____

2. નીચે આપેલી ખાલીજગ્યા પૂરો.

- વિધવા પુર્નલગ્ન માટે ઝુંબેશ ચલાવનાર સંસ્કૃતના પંડિત _____ હતા.
- વિધવા પુર્નલગ્નનો કાયદો _____ વર્ષે પસાર થયો.
- બેન્ટીકે ગુલામી પ્રથા નાબુદી ધારો _____ માં પસાર કર્યો.
- લોહીનો વેપાર નાબૂદ કરાવનાર ગવર્નર જનરલ _____ હતો.
- ઈ.સ. 1854ના _____ કાયદાએ સ્ત્રી કેળવણી પર ભાર મૂક્યો.

6.3 *કંપની શાસનકાળ દરમિયાન ભારતની આર્થિક પરિસ્થિતિ:*

ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન દરમિયાન ભારત આર્થિક રીતે પાયમાલ થઈ ચૂક્યુ હતું : કંપનીના શાસનકાળ દરમિયાન ભારત બ્રિટીશ સમ્રાજ્ય માટે કાચો માલ પેદા કરનારો તથા તે સામ્રાજ્યનો પાકા માલ વેચનાર માટે બજારની ગરજ સારનાર એક દેશ બની ગયો હતો. બ્રિટીશરોની આર્થિક શોષણ નીતિના કારણે જ ભારતમાં ગરીબી, બેકારી, બેરોજગારી વગેરે આર્થિક સમસ્યાઓ ઉભી થઈ. ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટીકના કથન મુજબ કંપનીના સમય દરમિયાન ભારતીય વેપાર રોજગારની જે દુર્દશા થઈ તેનો ઈતિહાસમાં જોટો મેળવવો મુશ્કેલ છે તેવું પંડિત નહેરુ તેમના મારું હિંદ દર્શન નામના પુસ્તકમાં નોંધે છે.

6.3.1 *બંગાળમાં અંગ્રેજોએ ચલાવેલી લૂંટ :*

ઈ.સ. 1765માં કંપનીએ બંગાળ,બિહાર તથા ઓરીસ્સાની દીવાની સત્તા પ્રાપ્ત કરી,તે અરસામાં જે બંગાળમાંથી તેના યુરોપીયન વ્યાપારી હરિફો દૂર થયા હતા, તેથી બંગાળનો વ્યાપાર સંપૂર્ણ તેમના આધિપત્ય નીચે આવી આવી ગયો હતો. પરિણામે બંગાળમાં લૂંટારાની જેમ બેફામ લૂંટ ચલાવવાની તેની પ્રવૃત્તિઓમાં ખૂબ વધારો થયો. કંપનીની સહાયથી બંગાળના નવાબ પદે આવનાર મીરજાફર કે મીકાસિમ અંગ્રેજ વેપારીઓને રોકી શકે તેમ ન હતા. તેમને ખુદને જ ગાદીની કિંમત સેનામાં ચૂકવવી પડી હતી ! એવી ગણતરી કરવામાં આવી છે કે ઈ.સ. 1757 થી 1780 સુધીના ગાળામાં અંગ્રેજોએ માત્ર બંગાળમાંથી 60 કરોડ રૂપીયાનું સોનું ભેગુ કર્યુ હતું ! તે સમયના અંગ્રેજ વ્યાપારીઓની સોનાની ભૂખ વિશે ખુદ અંગ્રેજ ઈતિહાસકારો થોમસન અને ગેરેટ ટીકા કરતાંજણાવે છે કે, "અંગ્રેજોને સોનાનો જે લોભ લાગ્યો હતો તેનો જોટો કાર્ટેઝ અને પિજારોની સમયમાં સ્પેનવાસીઓની સોના માટેની ઘેલછા પાછી માળી શકે તેમ નથી ખાસ કરીને બંગાળના લોહીનું છેલ્લુ ટીંપુ ચુસાઈ જાય નહીં ત્યાં સુધી તેને ફરીથી શાંતિ મળવાની નહોતી."

6.3.2 *ભારતના વેપાર ઉદ્યોગને સખત ફટકો :*

ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વેપારીઓએ છેક ઈ.સ. 1656માં (શહેનશાહ શાહજહાંના સમયમાં) તે સમયે બંગાળના સૂબા શાહજાદા સૂજા પાસેથી વાર્ષિક રૂ. 3000 ના બદલામાં માલ પરની 2 ½ ટકા જકાત માફ કરાવી હતી. ત્યાર પછી ઈ.સ. 1717માં બાદશાહ ફરૂખશિયરે તેમને ફરી વખત આ રીતે વેપાર કરવાનો પરવાનો આપ્યો. તે માટે કંપનીના વેપારીઓને પાસપોર્ટ આપવામાં આવતા. આ દસ્તક એ શર્તે આપવામાં આવ્યા કે, બીજા કોઈ વ્યાપારી તેનો ઉપયોગ ન કરે, તથા સમુદ્ર માર્ગે લાવવામાં આવેલા માલની જકાત માફ કરવા માટે જ તેનો ઉપયોગ કરવો પરંતુ સમય જતાં કંપનીના નોકરો પોતાના ખાનગી વેપાર માટે પણ પાસપોર્ટનો ઉપયોગ કરવા લાગ્યા. પરિણામે બંગાળના નવાબને મોટી ખોટ સહન કરવી પડી. તેના કરતાં પણ વધારે હિંદના વેપારીઓને સહન કરવું પડ્યું કારણ કે હિંદના વેપારીઓને તેમના માલ ઉપર નવાબ જકાત લેતો જ્યારે કંપનીના વેપારીઓને જકાત ભરવી પડતી નહીં. બ્રિટીશ વેપારીઓ કેટલીક વખત નિર્દોષ ભારતીય વેપારીઓને અનેક રીતે હેરાન-પરેશાન કરતા હતા.

કંપનીના અધિકારીઓ સામે નવાબો લાચાર હતા. તેથી જ તેમના ત્રાસ અને અત્યાચારોએ માઝા મૂકી હતી. તેઓ ગરીબ વણકર કારીગરો પાસેથી સસ્તામાં કાપડ પૂરૂ પાડવાના કોન્ટ્રાક્ટો બળજબરીથી લખાવી લેતા. જો વણકરો કાપડ વણવાની ના પાડે તો તેમને ચાબુકના જોરે કાપડ વણવા ફરજ પાડતા. કહેવાય છે કે કેટલાક વણકરો એતો આ રીતે પોતાને કાપડ વણવાની ફરજ ન પડે તે માટે હાથના અંગૂઠા જ કાપી નાખ્યા હતા ! આમ કંપનીના નોકરોના અત્યાચારોના લીધે જ બંગાળનો સુતરાઉ અને રેશમી કાપડનો ઉદ્યોગ સંપૂર્ણ પણે નાશ પામ્યો.

તેમાં જે કંઈ અધુરુ હતુ તે ઈંગ્લેન્ડની પાર્લામેન્ટે પુરૂ કર્યું. આ સમયે ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિનો ઉદય થઈ ચૂક્યો હતો. સુતરાઉ કાપડની એક પછી એક મિલો શરૂ થતી ગઈ ત્યારે હિંદુસ્તાન માંથી કાપડની આયાત પર એક પછી એક કાયદા કરી બ્રિટીશ પાર્લામેન્ટે પ્રતિબંધ મૂક્યો, કંપનીએ હવે હિંદુસ્તાનમાંથી કાચુ રૂ લાવવાનું શરૂ કરી દીધુ આ રૂ માંથી મેન્ચેસ્ટર અને લિવરપુલની મિલોમાં કાપડ વણાઈ બહાર પાડવા લાગ્યું અને એ જ કાપડ ફરી હિંદુસ્તાની બજારોમાં વેચાય, તેવી વ્યવસ્થા કરવામાં આવી. તેના કારણે બંગાળનો રહ્યો સહ્યો કાપડ ઉદ્યોગ નાશ પામ્યો. કારીગરોના ધંધા રોજગાર નાશ પામવાથી તેઓ બેકાર બન્યા. ઈ.સ. 1834માં તે સમયના ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટીકે લખ્યુકે ''વેપાર રોજગારના ઈતિહાસમાં આવી દુર્દશાનો જોટો જડવો મુશ્કેલ છે : સુતરાઉ કાપડ વણનારા કારીગરોના હાડકાઓથી હિંદના મેદાનો સફેદ બની ગયા.''

6.3.3 *વેપાર ઉદ્યોગ પ્રધાનમાંથી ખેતીપ્રધાન દેશ*

આર્થિક રીતે પાયમાલ થયેલા ભારતના આ બેકાર કારીગરો રોજી રોટી મેળવવા ગામડામાં પાછા આવ્યા તેથી ગામડામાં ખેતી પરનું ભારણ વધી ગયું. કંપની શાસન દરમિયાન ખેતી પણ પાયમાલ થઈ ગઈ. જમીનના નાના નાના ટૂકડાઓ થઈ ગયા. સમૃદ્ધ ઉદ્યોગ પ્રધાન દેશ હવે ખેતી પ્રધાન દેશ બન્યો. ભારતના 70% લોકો ખેતી તરફ વળ્યા. ભારતનો અભણ ખેડૂત વરસાદ ઉપર આધાર રાખીને ખેતી કરવા લાગ્યો. આના કારણે ખેડૂતને વધારે સહન કરવાનું આવ્યું. આ રીતે ખેતીની પણ બરબાદી થઈ તેમાં બ્રિટીશરોનો સિંહ ફાળો હતો. બ્રિટીશ અમલદારો એ જમીનદારી અને રૈયતવારી પ્રથા દાખલ કરી હતી. જમીનદારી પદ્ધતિમાં સરકાર જમીનદારોને જમીન માલિકીના અધિકારો આપતી અને જમીનદારો મારફતે ખેડૂતો પાસેથી મહેસૂલ વસુલ કરતી હતી. રૈયતવારી પદ્ધતિમાં જમીનની માલિકી ખેડૂતોને આપવામાં આવી અને સરકારને ખેડૂતો પાસેથી સીધુ મહેસૂલ ઉઘરાવી લેતી. પ્રથમ જમીનદારી પદ્ધતિથી દેશમાં જમીનદારોનો નવો વર્ગ પેદા થયો. આ વર્ગના લોકોએ ખેડૂતોનું ભયંકર શોષણ કર્યું અને ખેડૂતોના સમગ્ર વર્ગને બરબાદ કર્યો. બીજુ રૈયતવારી પદ્ધતિમાં જમીન મહેસૂલનો દર ઘણો જ વધારે રાખવામાં આવ્યો હતો, તેથી ખેડૂતો પાયમાલ થયા. આ બંને પદ્ધતિમાં ખેડૂતના ભાગ્યમાં ગધ્ધા વૈતરું કરવાનું આવતુ હતું. તેથી સમગ્ર દેશની ખેતીને ભારે નુકશાન થયું. આ ઉપરાંત ખેડૂતો વધુને વધુ ગરીબ બનતા ગયા પરિણામે તેમની પાસે ખેતીના સાધનો, સારુ બિયારણ, ખાતર તથા સિંચાઈની વ્યવસ્થા માટે નાણાની તીવ્ર તંગી ઉભી થઈ. સાથે

સાથે બ્રિટીશ શાસન સમયે અવાર નવાર પડેલા દુષ્કાળો પુર કે બીજી કુદરતી આફતો એ ખેડૂતોને મુશ્કેલીમાં મૂકી દીધા ખેતીને પણ નુકશાન થયું. દેશનો ખેડૂત દેવાદાર બન્યો. ખેડૂત પોતાની જરૂરિયાતો પૂરી કરવા ગામના શાહુકારો પાસેથી ઊંચા વ્યાજે ધીરાણ મેળવવા લાગ્યો, ત્યાં પણ તેમનું ભયંકર આર્થિક શોષણ થવા લાગ્યું એક સમયનો ઉદ્યોગ પ્રધાન દેશ ખેતી પ્રધાન બનીને પાયમાલી તરફ વળ્યો.

6.3.4 *હિંદુસ્તાનની મૂડીમાંથી ઔદ્યોગિક ક્રાંતિ :*

પ્રખર અર્થશાસ્ત્રી દાદાભાઈ નવરોજીએ નોંધ્યુ છે કે, ''મહંમદ ગઝનવીએ 17 વખત ચડાઈ કરીને જેટલુ ધન લઈ ગયો તેટલુ જ ધન દર વર્ષે અંગ્રેજો લઈ જતા હતા'' 18 મી સદીના અંત ભાગમાં અંગ્રેજોએ જે કરોડો રૂપિયાની લૂંટ હિંદમાં ચલાવેલી તે નાણાથી જ ઈગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિને વેગ આપ્યો. બ્રુક એડમ્સ નામના એક અમેરીકન લેખકે આ મુદ્દા પર સુંદર પ્રકાશ પાડ્યો છે. તે લખે છે કે, ''ઈગ્લેન્ડમાં આવતા હિંદના નાણાના ઘોધે રાષ્ટ્રની રોકડી મૂડીમાં વધારો કરીને તેના શક્તિ સંચયમાં વધારો કર્યો, એટલુ જ નહીં તેની તરલતા અને ગતિ પણ સારી પેઠે વધારી'' ઈ.સ. 1760 થી 1780 સુધીના સમયગાળામાં ઈગ્લેન્ડમાં કાપડ વણાટના ઉદ્યોગમાં ક્રાંતિ લાવે તેવી શોધ થઈ હતી.આપણે જાણીએ છીએ તે મુજબ ઔદ્યોગિક ક્રાંતિની દરેક દેશમાં માઠી અસર પડી હતી. ઔદ્યોગિક ક્રાંતિના આક્રમણથી હિંદનું ઉદ્યોગોના રક્ષણ કરવા માટે બ્રિટીશરોએ કોઈ પગલા ભર્યા નહીં.

- ***તમારી પ્રગતિ ચકાસો – 3***

1. ભારતના વેપાર ઉદ્યોગને પડેલો ફટકો દસ લીટીમાં જવાબ લખો.

_____
_____
_____
_____
_____
_____
_____
_____
_____
_____

2. *નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.*

- ઈસ્ટ ઈન્ડિયા કંપની એ _____ વર્ષમાં બંગાળ, બિહાર, ઓરીસ્સાની દીવાની સત્તા મેળવી.
- વેપાર રોજગારના ઈતિહાસમાં આવી દુર્દશાનો જોટો જડવો મુશ્કેલ છે તે _____ ગવર્નર જનરલે લખ્યુ હતું.
- મારું હિંદ દર્શન નામનું પુસ્તક _____ લખ્યુ હતું.
- રૈયતવારી પદ્ધતિમાં જમીનની માલિકી _____ ને આપવામાં આવી.

- ઈ.સ 1760 થી 1780 ના સમયમાં ઈંગ્લેન્ડમાં _____ ઉદ્યોગમાં ક્રાંતિ લાવે તેવી શોધ થઈ હતી.

6.4 *સારાંશ :*

આ એકમ વાંચ્યા પછી તમે શીખ્યા ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનકાળ દરમિયાન ભારતની સામાજિક સ્થિતિ ઉપર્યુક્ત અભ્યાસપરથી જણાય છે કે ભારતીય સમાજમાં સ્ત્રીઓની દુર્દશા સતીપ્રથા, બાળલગ્ન, દૂધપીતી કરવાનો રિવાજ, બહુપત્નીત્વ, વિધવા પુર્નલગ્નની મનાઈ, લોહીનો વેપાર, ગુલામી પ્રથા, પડદા પ્રથા જેવા દૂષણો પ્રચલિત હતા. બ્રિટીશ શાસન દરમિયાન અંગ્રેજી શિક્ષણ અને પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવને કારણે ભારતીય પ્રજામાં જાગૃતિ આવી, તેમ તેમ આ દૂષણો નાબૂદ કરવાના પ્રયાસો થયા તે માટે કેટલાક કાયદાઓ પસાર થયા. સમાજ સુધારકોના અથાગ પ્રયત્નોથી સમાજમાં પ્રવર્તમાન દૂષણો, કુરિવાજો સદંતર નાબૂદ ના થઈ શક્યા પરંતુ તેમને શિથિલ અને નિર્બળ જરૂર બનાવી દેવાયા. આમ 19 મી સદીનો પૂર્વાધ હિંદમાં સામાજિક દૂષણોની નાબૂદીના ક્ષેત્રે સીમા ચિહ્નરૂપ બની રહ્યો.

કંપની શાસનકાળ દરમિયાન હિંદની આર્થિક પરિસ્થિતિનું વિવેચન કરતાં જરૂર કહી શકાય કે ભારતના વ્યાપાર ઉદ્યોગોનો વિનાશ તો બ્રિટીશરો એ કર્યો. બ્રિટીશરોની રાજનીતિના કારણે ભારત દરેક ક્ષેત્રોમાં નિર્બળ પડી ગયુ હતું. ભારતની ઘન સંપત્તિમાંથી જ તેઓ સમૃદ્ધ બન્યા હતા. તેમણે ભારતના ઉદ્યોગ ધંધાઓને પ્રોત્સાહન આપ્યું નહીં. પરિણામે ઉદ્યોગ ધંધાનું પતન થયું. સમૃદ્ધ ભારત ઉદ્યોગ પ્રધાનમાંથી ખેતી પ્રધાન બન્યુ. હિંદની દુર્દશા માટે અંગ્રેજો જવાબદાર હતા. અંગ્રેજોની આર્થિક શોષણનીતિના કારણે હિંદને ઘણુ નુકશાન થયું.

6.5 *શબ્દાવલી :*

સતી	વિધવા તેના મૃત પતિની ચિતા પર ચડીને બળી મરે તેવી પ્રથા, પતિ સાથે વિધવાનો પણ અગ્નિ સંસ્કાર થાય તેવી પ્રથા.
દૂધપીતી કરવાનો રિવાજ	નવજાત બાળકીની હત્યા
દસ્તક	બંગાળના નવાબો મારફત અંગ્રેજ કંપનીના અમલદારોને અપાયેલ વિશિષ્ઠ પરવાના અધિકાર
રૈયતવારી પ્રથા	સરકાર તરફથી ખેડૂતો પાસેથી વચેટીયા વગર વસૂલ કરાતા જમીન મહેસૂલની પ્રથા
જમીનદાર વર્ગ	ઉચ્ચ વર્ગમાં જન્મેલો અને ઊંચો સામાજિક મોભો ધરાવતો વર્ગ જેઓ પાસે જરૂર કરતાં વધારે જમીનની માલિકી હતી. દા.ત. જમીનદાર

6.6 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો* -1

1. જવાબ એક માટે ×.2.1
2. (1) √ (2) × (3) √ (4) √

***તમારી પ્રગતિ ચકાસોના જવાબો* – 2**

1. જવાબ 1 માટે ×.2.5
2. (1) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (2) 1856 (3) 1829
   (4) વિલિયમ બેન્ટીક (5) સર ચાર્લ્સવૂડનો ખરીતો

***તમારી પ્રગતિ ચકાસોના જવાબો* –3**

1. જવાબ (1) માટે ×.3.3
2. (1) 1765 (2) વિલિયમ બેન્ટીક (3) પંડિત જવાહરલાલ નહેરુ
   (4) ખેડૂત (5) કાપડ

6.7 *સંદર્ભ :*

1. ડૉ. રમેશકાંત ગો. પરીખ, ભારતનો ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1974
2. પ્રો. સુરેશભાઈ ચી. શેઠ, ભારતમાં સામાજિક અને ધાર્મિક ચળવળો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1990
3. મહેતા (ડૉ.) મકરંદ, સાંસ્થાનિક ભારતનો આર્થિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1985
4. ધારૈયા (ડૉ.) આર. કે. અર્વાચીન ભારતનો ઈતિહાસ, (બ્રિટીશ યુગ) સી. જમનાદાસની કંપની, અમદાવાદ 1995-96
5. દેસાઈ (ડૉ.) નીરા અ. ગુજરાતમાં ૧૯મી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1983
6. ઓઝા (ડૉ.) ઈશ્વરલાલ ગિ. અન્વીક્ષા, વિસનગર, 2000
7. મજુમદાર, राय चौधरी, दत्त, भारत का इतिहास - ३ मैकमिलन मद्रास ११७०
8. महाजन विद्याधर, महाजन सावित्री, ब्रिटिश कालीन भारत का इतिहास, एस चन्द्र एस कंपनी, दिल्ही, ११६८
9. कपूर गुरबकशशिंह भारतीयइतिहास की रुपरेखा, भाग - २ एस चन्द्रकंपनी दिल्ही, ११६२

એકમ : 7 ઈ.સ. 1818 થી 1857 દરમિયાન ભારતમાં શિક્ષણનો વિકાસ

:: રૂપરેખા::

7.0 *ઉદ્દેશ*

7.1 *પ્રસ્તાવના*

7.2 *સાંસ્થાનિક કેળવણી*

7.2.1 *ભારતમાં પ્રણાલિકાગત શિક્ષણ*

7.2.2 *ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અધિકારીઓમાં શિક્ષણની નીતિ અંગે વિવાદ*

7.2.3 *લોર્ડ વિલિયમ બેન્ટીક અને પાશ્ચાત્ય કેળવણી*

7.2.4 *થોમસ મેકોલોની પાશ્ચાત્ય શિક્ષણ માટેની ભલામણો*

7.3 *હલ્કાબંદી યોજના*

7.3.1 *લોર્ડ ડેલહાઉસી અને પાશ્ચાત્ય શિક્ષણ*

7.3.2 *સર ચાર્લ્સવૂડના ખરીતાની ભલામણો*

7.3.3 *બૌદ્ધિક જાગૃતિ*

7.4 *સારાંશ*

7.5 *શબ્દાવલી*

7.6 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

7.7 *સંદર્ભ*

7.0 ઉદ્દેશ :

આ એકમમાં આપણે ઈ.સ. 1818 થી 1857 દરમિયાન ભારતમાં શિક્ષણક્ષેત્રે થયેલો વિકાસ અંગે શીખીશું. આ એકમ વાંચ્યા બાદ તમે જાણી શકશો કે,

- 1818 થી 1857 દરમિયાન ભારતમાં શિક્ષણનો વિકાસ
- સાંસ્થાનિક કેળવણી
- ભારતમાં પ્રણાલિકાગત શિક્ષણ
- ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અધિકારીઓમાં શિક્ષણનીતિ અંગે વિવાદ
- લોર્ડ વિલિયમ બેન્ટીક અને શિક્ષણ માટેની ભલામણો

- હલ્કાબંદી યોજના
- લોર્ડ ડેલહાઉસી અને પાશ્ચાત્ય શિક્ષણ
- સર ચાર્લ્સવૂડના ખરીતાની ભલામણો
- બૌદ્ધિક જાગૃતિ

7.1 *પ્રસ્તાવના :*

ભારતમાં અંગ્રેજી શાસનની સ્થાપનાને પરિણામે ભારતીય પ્રજાના જીવનના અનેક ક્ષેત્રોમાં પરિવર્તન આવ્યા તેમાં સૌથી વધારે મહત્વનું પરિવર્તન શિક્ષણના ક્ષેત્રે આવેલુ હતું. ભારતના તત્કાલીન ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટીક અને ગવર્નર જનરલ લોર્ડ ડેલહાઉસી એ શિક્ષણના ક્ષેત્રે કરેલા સુધારાથી ભારતમાં શિક્ષણનો વિકાસ થયો.

7.2 *સાંસ્થાનિક કેળવણી :*

ભારતમાં અંગ્રેજોએ સંસ્થાનવાદી આધિપત્યને માનસિક સ્વીકૃતિ દ્વારા કાયમી બનાવવા અને આર્થિક હેતુઓને સિદ્ધ કરવા માટે ચોક્કસ પ્રકારની કેળવણી દાખલ કરવામાં આવી હતી. રાજકીય અને આર્થિક શાસનને દીર્ઘકાલીન બનાવવા માટે શિક્ષણ એક મહત્વનું સાધન હતું. આ કેળવણી દ્વારા એવી મૂલ્ય પ્રથા સર્જવાનો ખ્યાલ હતો કે જે દ્વારા અંગ્રેજ શાસનને માનસિક સ્વીકૃતિ આપવામાં આવે. અંગ્રેજ સરકારે તેની શિક્ષણનીતિ જાહેર કરી તે પહેલાં ખ્રિસ્તી મિશનરીઓએ અલ્પ પ્રમાણમાં નવા શિક્ષણની શરૂઆત કરી હતી. સાંસ્થાનિક શિક્ષણ સાંસ્કૃતિક પરિવર્તન લાવતુ હોય છે. નવા વિચારો વર્તમાન જ્ઞાનમાં વધારો કરતા હોય છે. નવા શિક્ષણનો લાભ લેનાર એક નાનો વર્ગ હોય છે. આ વર્ગનો ઉપયોગ શાસનને ટકાવવા અને વહીવટીતંત્રમાં નીચલા પદે નીતિનો અમલ કરાવવા માટે થતો હોય છે. પરંતુ બીજી બાજુ શાસિત દેશે અજાણતા પણ તેની આકરી કિંમત ચૂકવવી પડતી હોય છે. કારણ કે નવા શિક્ષણમાં પાશ્ચાત્ય મૂલ્યો સમાયેલાં હોવાથી વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સમાનતાના ખ્યાલ અંગે શિક્ષિત વર્ગ જાગૃત બને છે અને તે સાંસ્થાનિક શાસનને પડકાર આપવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે. શિક્ષણના વિકાસની ચર્ચા કરતાં પહેલા પ્રણાલિકાગત શિક્ષણની જાણકારી મેળવીશું.

7.2.1 *ભારતમાં પ્રણાલિકાગત શિક્ષણ :*

ભારતમાં બ્રિટીશ શાસનની સ્થાપના સમયે હિંદુઓને હોલ અને પાઠશાળામાં શિક્ષણ આપવામાં આવતુ હતું. જ્યારે મુસ્લિમોને મદરેસા અને મકતાબમાં શિક્ષણ આપવામાં આવતુ હતું. આ પ્રણાલિકાગત શિક્ષણ સંસ્થાઓમાં પ્રાથમિક શિક્ષણથી લઈને અરબી, ફારસી તથા સંસ્કૃતમાં ઉચ્ચ શિક્ષણ આપવામાં આવતુ હતું. આ પરંપરાગત શિક્ષણમાં વૈજ્ઞાનિક અને બિન સાંપ્રદાયિક અભિગમ જોવા મળતો ન હતો. ઉચ્ચ

શિક્ષણમાં ધર્મ શાસ્ત્રોના પ્રમાણને જ સ્વીકારવામાં આવતુ હતું. ઘણા હિંદુઓ ફારસી શાળામાં શિક્ષણ લેતા હતા.

તે સમયની મદરેસા અને પાઠશાળાઓ જમીનદાર કે સમૃદ્ધ માણસોના દાનમાંથી તેમજ ધાર્મિક સખાવતોથી ચાલતી હતી. ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમમાં સંસ્કૃત, અરબી કે ફારસી ભાષા પર ભાર મૂકવામાં આવતો હતો. આ ઉપરાંત વ્યાકરણ તત્ત્વજ્ઞાન, ન્યાય, વૈદિક શાસ્ત્ર,જ્યોતિષ વગેરેનો સમાવેશ થતો હતો. સંસ્કૃત ભાષાનું શિક્ષણ બ્રાહ્મણો પૂરતુ મર્યાદિત હતું. પરંતુ પ્રાથમિક શિક્ષણ લેનારો વર્ગ તે સિવાયની બીજી જ્ઞાતિઓમાંથી આવતો હતો. ગુજરાતમાં આવી પ્રાથમિક શાળાઓ 'ધૂળિયા શાળા' અથવા મહેતાજીની નિશાળ તરીકે ઓળખાતી હતી. આવી શાળાઓમાં અભ્યાસક્રમ મહેતાજી નક્કી કરતા અને વારે તહેવારે મહેતાજીને દક્ષિણા, અનાજ વગેરે આપવામાં આવતા.

ઈ.સ. 1858 પહેલાં ભારતમાં બ્રિટીશ શાસન દરમિયાન પ્રાથમિક કે ઉચ્ચ શિક્ષણમાં છોકરીઓનો સમાવેશ થતો ન હતો. તે સમયે ગોખણપટ્ટી પર વિશેષ ભાર મૂકવામાં આવતો. હસ્તલિખિત પ્રતોના ઉપયોગથી વિશેષજ્ઞાન અને માહિતી મેળવવામાં આવતી. આવા શિક્ષણમાં રાજ્યની ભૂમિકા સામાન્ય હતી. તેમ છતાં કેટલાક શાસકો ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓને મદદ કરતા હતા. ગામડાઓમાં પ્રાથમિક શિક્ષણ આપવામાં આવતુ. ગામડાઓની શાળાઓની સંખ્યા વિશેષ હતી. દરેક શાળાના કેન્દ્રોમાં શિક્ષક કે મહેતાજી રહેતા. ગામડાની આ શાળાઓમાં તે સમયે કચડાયેલ વર્ણ કે પછાત જાતિના છોકરાઓને સ્થાન ન હતું. મોટાભાગના વિદ્યાર્થીઓ ઉચ્ચ વર્ગમાંથી આવતા હતા. આ શિક્ષણમાં અક્ષરજ્ઞાન અને ગણિત મુખ્ય હતું.

ગામડાની શાળાઓમાં આપવામાં આવતુ પ્રાથમિક શિક્ષણ બિન સાંપ્રદાયિક હતુ. તેમાં વ્યવહારિક જ્ઞાન આપવામાં આવતુ. જ્યારે મંદિરના હોલ, પાઠશાળા કે મદરેસામાં આપવામાં આવતુ શિક્ષણ દૈનિક જીવનમાં ઉપયોગી ન હતુ તેમાં બૌદ્ધિક પૃચ્છાનો અભાવ જોવા મળે છે. અંગ્રેજ શાસકોએ આ શિક્ષણને કોઈ ખાસ મહત્વ આપ્યુ ન હતું અને તેના સ્થાને નવા પ્રકારનું શિક્ષણ દાખલ કર્યુ. તેને લીધે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસક વર્ગમાં વિવાદ જન્મ્યો.

7.2.2 *ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અધિકારીઓમાં શિક્ષણની નીતિ અંગે વિવાદઃ*

19 મી સદીની શરૂઆતમાં શિક્ષિત હિંદુઓમાં અંગ્રેજી શીખવાનું મહત્વ વધતુ ગયુ. તેઓ જેમ જેમ શિક્ષિત અંગ્રેજોના પરિચયમાં આવતા ગયા. તેમ તેમ તેઓ પોતાની વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિની અગત્ય સમજતા થયા. આવા પ્રગતિશીલ લોકોએ અંગ્રેજી શિક્ષણ અને પાશ્ચાત્ય કેળવણીની હિમાયત કરી બંગાળમાં કલકત્તા અને તેની નજીકમાં અંગ્રેજી શિક્ષણ આપવાના પ્રયાસો થયા. "કલકત્તા સ્કૂલ બૂક સોસાયટી" અને હિંદુ કોલેજ નામની બે અગત્યની સંસ્થાઓ શરૂ થઈ. પહેલી સંસ્થાનું કાર્ય શાળાપયોગી પાઠ્ય પુસ્તકો અંગ્રેજીમાં અને ભારતીય ભાષાઓમાં તૈયાર કરવાનું હતું. જ્યારે બીજી સંસ્થાનું કાર્ય બંગાળી હિંદુસ્તાની અને અંગ્રેજી ભાષાઓ અને જરૂર હોય તો ફારસી શીખવાનું તથા ગણિત, ઈતિહાસ, ભૂગોળ, ખગોળશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર વગેરે શીખવાનું હતું.

ઈ.સ.1818માં એરામપોરમાં ખ્રિસ્તી મિશનરીઓએ ''બાપ્ટિસ્ટ મિશન કોલેજ'' શરૂ કરી તેનો હેતુ યુવાન ખ્રિસ્તીઓને પ્રચારકની તાલીમ આપવાનો અને હિંદુઓ તથા મુસ્લિમોને અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપવાનો હતો. ખ્રિસ્તી મિશનરીઓએ ઘણી શાળાઓ સ્થાપી કેટલીક શાળાઓ ભારતીય અને યુરોપિયન લોકોએ શરૂ કરી. ડેવિડ હેર, રાજારામ મોહનરાય અને જી. એ. ટર્નબૂલે એક એક શાળા સ્થાપી હતી. નવી શાળાઓ શરૂ કરવામાં હિંદુ કોલેજના વિદ્યાર્થીઓએ મહત્વનો ભાગ ભજવ્યો હતો.

અંગ્રેજી શાસકોએ પોતાની વહિવટી સુગમતા માટે અંગ્રેજી શિક્ષણ દાખલ કર્યું અને ભારતીયો માત્ર કારકુની યોગ્યતા જ પ્રાપ્ત કરી શકે તેવા પ્રકારનો અભ્યાસક્રમ ઘડ્યો. પરંતુ આવા દ્રષ્ટિકોણને પુરતુ સમર્થન મળતુ નથી અંગ્રેજ સરકારે અંગ્રેજી શિક્ષણને ઉત્તેજન ન આપ્યુ તેમજ હિંદુ કોલેજની સ્થાપના થયા બાદ વીસ વર્ષ સુધી તેનું સંવર્ધન કરવામાં કોઈ જ ભાગ ભજવ્યો ન હતો. ઈ.સ. 1823 સુધી કંપની સરકારે કોઈ શિક્ષણ વિષયક નીતિ ઘડી ન હતી. રાજારામ મોહનરાયે ઈ.સ. 1823માં ગવર્નર જનરલ લોર્ડ એમ્હર્સ્ટને પત્ર લખી કલકત્તામાં સંસ્કૃત કોલેજ સ્થાપવા સામે પ્રબળ વિરોધ કર્યો. આધુનિક વૈજ્ઞાનિક કેળવણીની હિમાયત કરતાં તેમણે લખ્યુ કે અંગ્રેજ સરકારની નીતિ સંસ્કૃતિને ઉત્તેજન આપવાની હશે તો તે દેશને અંધારામાં રાખી મૂકવા માટેની હશે. તેમના વિરોધો તદ્દન નિષ્ફળ ન ગયા. સરકારે અંગ્રેજી અને દેશી ભાષાના શિક્ષણને ઉત્તેજન આપવાનું સ્વીકાર્યુ.

કલકત્તાની હિંદુકોલેજને પાશ્ચાત્ય માનવ વિદ્યાઓ અને વિજ્ઞાન શીખવવા અનુદાન આપવામાં આવ્યુ. કલકત્તા, દિલ્હી અને આગ્રામાં સરકારે કોલેજો શરૂ કરી તેમજ યુરોપીય વૈજ્ઞાનિક પુસ્તકોનું ભાષાંતર દેશી ભાષાઓમાં કરવા નાણાકીય જોગવાઈ કરી. ઈ.સ. 1823માં માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફીન્સ્ટન્ટને અંગ્રેજી શિક્ષણ અને યુરોપીય વિજ્ઞાનો શીખવવા શાળાઓ સ્થાપવા અનુરોધ કર્યો. અંગ્રેજી, ઈતિહાસ, ભૂગોળ અને વિજ્ઞાન શીખવવા માટે મુંબળમાં શાળા સ્થાપવા સૂચવ્યુ. તેના નામ પરથી પૂનામાં શાળા શરૂ કરવામાં આવી અને મુંબઈમાં એલ્ફીન્સ્ટન કોલેજ શરૂ કરી.

6.2.3 *લોર્ડ વિલિયમ બેન્ટીક અને પાશ્ચાત્ય કેળવણી :*

જેમ જેમ અંગ્રેજીનો અભ્યાસ વધતો ગયો તેમ તેમ અંગ્રેજી પુસ્તકો ઘણી સંખ્યામાં વેચવા લાગ્યા જ્યારે સંસ્કૃત અને અરબી પુસ્તકોની માંગ નહીવત હતી. અંગ્રેજી ભાષા શીખવાની જાહેર માંગના કારણે કલકત્તામાં ''કલકત્તા, મદરેસા, સંસ્કૃત કોલેજમાં તથા આગ્રા કોલેજમાં અંગ્રેજીના વર્ગો શરૂ કરવામાં આવ્યા.''

ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટીકના સમયમાં પ્રશ્ન ઉપસ્થિત થયો કે પાશ્ચાત્ય જ્ઞાન અંગ્રેજી ભાષા દ્વારા આપવું. ઈ.સ. 1823માં સરકારે ''જનરલ કમિટી ઓફ પબ્લિક ઈન્સ્ટ્રકશન'' નામની દસ સભ્યોની સમિતિ રચી હતી. શિક્ષણ માટે સરકારે આ સમિતિને જે નાણાકીય ભંડોળ ફાજલ પાડીને આપ્યુ તે આ સમયની શિક્ષણની માંગને પહોંચી વળવા માટે અપૂરતુ હતું. એટલુ જ નહી, અંગ્રેજી શિક્ષણ માટે ઘણુ જ ઓછુ હતું. કલકત્તાની અરેબિક કોલેજમાં અંગ્રેજીને ફરજિયાત વિષય બનાવવો કે કેમ તે મુદ્દા પર આ

સમિતિમાં ભારે ચર્ચા થઈ. આ ચર્ચાએ મોટા વિવાદની ભૂમિકા પૂરી પાડી આ સમિતિમાં બે પક્ષો પડી ગયા એક પક્ષે ભારતના પ્રાચીન સાહિત્યનું મહત્વ જોઈ પ્રાચ્ય વિદ્યાઓને વિકસાવવા હિમાયત કરી તેના આગેવાનો એચ.ટી. પ્રિન્સીપ હતા તેમનો પક્ષ પ્રાચ્ય વિદ્યાવાદીઓ તરીકે ઓળખાયો (Orienta lists) જ્યારે બીજો પક્ષ અંગ્રેજી દ્વારા યુરોપીય સાહિત્ય અને વિજ્ઞાનનું શિક્ષણ આપવામાં માનતો હતો તે અંગ્રેજીવાદીઓ (Anglicists) તરીકે ઓળખાયો. આ બંને પક્ષો વચ્ચે વિવાદ સર્જાયો. આવા સંજોગોમાં સરકારે સમિતિને વિનંતી કરી કે તે આગ્રા કોલેજ માટે શિક્ષણ પદ્ધતિ તૈયાર કરી આપે. એ પ્રશ્ને પણ આ સમિતિ કોઈ ચોક્કસ નિર્ણય પર ન આવી શકી. આ સમયે લોર્ડ મેકોલે ભારતમાં આવ્યો તેની નિમણૂક ગવર્નર જનરલની કાઉન્સિલના કાયદા સભ્ય તરીકે થયેલી હતી. તેને આ ઉપર્યુક્ત સમિતિનો પ્રમુખ નિમવામાં આવ્યો. તેની સમક્ષ સમિતિના બંને પક્ષોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા. પણ જ્યાં સુધી સરકાર શિક્ષણના માધ્યમનો આખરી નિર્ણય ન કરે ત્યાં સુધી સમિતિની કાર્યવાહીમાં ભાગ લેવાનો મેકોલોએ ઈન્કાર કર્યો. ગવર્નર જનરલ વિલિયમ બેન્ટીકે બંને પક્ષોના દ્રષ્ટિબિંદુઓને ધ્યાનમાં રાખીને કાયદા સભ્ય તરીકે પોતાના મંતવ્યો રજૂ કરવા મેકોલોને આદેશ આપ્યો. તેમાં તેને સમગ્ર દેશ માટે શિક્ષણનીતિ કેવી હોવી જોઈએ તે માટે નહિં પરંતુ મર્યાદિત રકમ દસ લાખ જે દર વર્ષે ફાળવવામાં આવતી હતી તેનો વધુ સારો ઉપયોગ કઈ રીતે થઈ શકે તે માટે અને પ્રાચ્ય વિદ્યા શિક્ષણને ઉત્તેજન આપવા સિવાય પ્રસ્તુત રકમનો અન્ય વિદ્યાઓ માટે ઉપયોગ કરવામાં કોઈ બાધ આવે છે કે કેમ તે જણાવવા અને તેની સ્પષ્ટતા કરવા કહ્યુ તેના પરથી મેકોલાએ ૨ ફેબ્રુઆરી 1835માં શિક્ષણ બાબતે કરેલી ભલામણો હિંદના કેળવણીના ઈતિહાસમાં સીમા ચિહ્નરૂપ બની ગઈ.

6.2.4 *થોમસ મેકોલોની પાશ્ચાત્ય શિક્ષણ માટેની ભલામણો :*

મેકોલોએ હિંદના શિક્ષણ માટે કરેલી ભલામણમાં જણાવ્યુ કે પૌર્વાત્ય વિદ્યા પાશ્ચાત્ય શિક્ષણની સ્પર્ધા ન જ કરી શકે, તેણે એમ પણ લખ્યુ કે, ''અરબી, ફારસી કે સંસ્કૃત ભાષામાં લખાયેલુ અરબસ્તાન કે ભારતનું સાહિત્ય એક છાજલી જેટલા સારા યુરોપિય પુસ્તકોથી વિશેષ નથી,'' મેકોલોની દ્રષ્ટિએ સરકારની શિક્ષણ અંગેની નીતિ માત્ર અંગ્રેજી ભાષાના માધ્યમ દ્વારા જ પાશ્ચાત્ય શિક્ષણનો ભારતમાં ફેલાવો કરવાની હોવી જોઈએ. ઉપયોગીતા વાદી વિચારસરણીના મહત્વનો પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો તેની દ્રષ્ટિએ ભારતમાં પરિવર્તન લાવવા માટે માત્ર શિક્ષણનીતિનો અમલ પૂરતો ન હતો, નવા શિક્ષણ દ્વારા ભારતમાં નવા સાંસ્કૃતિક મૂલ્યો અને જ્ઞાનનો પ્રચાર થઈ શકે. મેકોલોએ જણાવ્યુ કે, ''જો માનવજાતના કોઈપણ ભાગમાં આપણે પ્રાપ્ત કરેલ સ્વતંત્રતા અને સભ્યતાનું પ્રસારણ કરતાં અચકાતા હોઈએ તો આપણી સ્વતંત્રતા અને સભ્યતાનો કશો જ અર્થ રહેતો નથી. પાશ્ચાત્ય ઢબની કેળવણી થી મધ્યકાલીન વહેમોમાંથી લોકો મુક્ત થશે, જવાબદારીના રૂઢિગત ખ્યાલોમાંથી બુદ્ધિજીવીઓ મુક્ત થશે અને સમાજના નવા નેતાઓ તરીકે આ વિશાળ પરિવર્તનના સાથીદારો બની દેશમાં અંગ્રેજી શાસનને મજબૂત બનાવવા મદદ કરી શકશે.

મેકોલોએ રજૂ કરેલી ભલામણોને બેન્ટીકની સરકારે 7 માર્ચ 1835ના રોજ સ્વીકારી લીધી. તેમાં જણાવ્યુ કે અંગ્રેજ સરકારનો હેતુ ભારતના લોકોમાં યુરોપીય સાહિત્ય અને વિજ્ઞાનની રૂચિ કેળવવાનો છે. શિક્ષણ માટે ફાળવવામાં આવતા બધા નાણાનો ઉપયોગ ફક્ત અંગ્રેજી માટે વધુ સારી રીતે કરવામાં આવશે. પ્રાચ્ય વિદ્યાનું શિક્ષણ આપતી શાળા કે કોલેજો બંધ કરવામાં નહીં આવે તેના વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમમાં નાણાકીય સહાય આપવાનું બંધ કરવામાં આવશે તેમજ પ્રાચ્ય વિદ્યાને લાગતા ગ્રંથોના પ્રકાશન માટે નાણાનો ઉપયોગ કરવામાં નહીં આવે. અંગ્રેજી ભાષાના માધ્યમ દ્વારા અંગ્રેજી સાહિત્ય અને વિજ્ઞાનનું જ્ઞાન દેશના લોકોને આપવામાં આવે તે માટે નાણાનો ઉપયોગ હવે પછી કરવાનો રહેશે. આમ બેન્ટીકના સુધારાથી ભારતમાં અંગ્રેજી શિક્ષણને વધારે ઉત્તેજન મળ્યુ. બંગાળમાં તેની અસર તરત જ દેખાઈ અને બીજા પ્રાંતોને પણ તે ક્રમશઃ જણાઈ. ગવર્નર જનરલના બીજા એક ઠરાવથી સરકારી નોકરી મેળવવા અંગ્રેજીનું જ્ઞાન આવશ્યક બનાવવામાં આવ્યુ. એનાથી પણ અંગ્રેજી શિક્ષણને વધારે ઉત્તેજન મળ્યુ.

મેકોલોની ભલામણ અનુસાર હિંદની પ્રાથમિક શાળાઓમાં પ્રાદેશિક ભાષામાં શિક્ષણ આપવું. કમિટીએ કલકત્તામાં એક મુસ્લિમ કોલેજ શરૂ કરવાની ભલામણ કરી હતી. બેન્ટીકના સમયમાં બનારસમાં એક હિંદુ કોલેજ ચાલતી હતી તેની સાથે સાથે કલકત્તામાં મુસ્લિમ કોલેજ શરૂ થઈ. આ બંને કોલેજોને બેન્ટીક સરકાર તરફથી મદદ આપવામાં આવતી હતી. થોડાક સમયમાં કલકત્તામાં એક બીજી નવી કોલેજ સ્થાપવાનું સૂચન ઈગ્લેન્ડની સરકારે કર્યુ તેથી હિંદુ કોલેજ પણ કલકત્તામાં શરૂ કરવામાં આવી. રાજા રામમોહનરાય જેવા સમાજ સુધારકો ભારતમાં પાશ્ચાત્ય શિક્ષણનો ફેલાવો થાય તેના હિમાયતી હતા. પાશ્ચાત્ય શિક્ષણના ફેલાવાથી હિંદુમાંથી અનિષ્ટો નાબૂદ કરી શકાશે તથા હિંદુઓને સરકારી નોકરીઓમાં જોડાવાની તક મળશે તેવી તેમની માન્યતા હતી. કલકત્તામાં કેટલાક શ્રીમંત પ્રતિષ્ઠિત લોકોએ સરકારનું ધ્યાન દોર્યું અને કહ્યું કે અંગ્રેજી ભાષાના માધ્યમ દ્વારા યુરોપીય જ્ઞાનનું શિક્ષણ આપવુ ખૂબ જ જરૂરી છે તેઓએ પણ અંગ્રેજીને ભાષાના શિક્ષણનો આગ્રહ કર્યો બેન્ટીકની સરકારે મેકોલોએ શિક્ષણ અંગે કરેલી ભલામણોનો અમલ કરવા હિંદમાં અંગ્રેજી માધ્યમનું શિક્ષણ આપવા ઠરાવ કર્યો. તેમાં તેણે જાહેર કર્યુ કે સરકારનો હેતુ દેશના લોકોમાં સાહિત્ય અને વિજ્ઞાનનું શિક્ષણ વધારવાનો છે. અંગ્રેજી ભાષાના શિક્ષણ વડે તે હિંદની શાળાઓ અને કોલેજોમાં અંગ્રેજી માધ્યમથી શિક્ષણ આપવાની શરૂઆત થઈ.

લોર્ડ હાર્ડિજે 10 ઓક્ટોબર 1844માં જાહેર કર્યુ કે જાહેર (સરકારી) નોકરીઓ માટે એવા ઉમેદવારોને અગ્રતાક્રમે પસંદગી આપવામાં આવશે કે જેમણે અંગ્રેજી શિક્ષણ માટે સ્થાપેલી ખાસ સંસ્થાઓમાં શિક્ષણ મેળવ્યુ હોય અને તેમાં તેમણે સારી લાયકાત મેળવી હોય. ઈ.સ.1953માં આગ્રામાં સેન્ટ જહોન કોલેજ તથા મછલી પટ્ટમ અને નાગપુરમાં પણ મિશનરી કોલેજ શરૂ થઈ. બંગાળ સરકારની કાઉન્સિલના વહીવટ નીચે શાળાઓની સંખ્યા 1843માં h8ની હતી તે 1855માં 151 થઈ. 1845માં કલકત્તામાં

યુનિવર્સિટી સ્થાપવાની દરખાસ્ત શિક્ષણ સમિતિએ રજૂ કરી પણ ઈંગ્લેન્ડની સરકારે તેના તરફ કોઈ ધ્યાન ન આપ્યુ. 1854 પહેલાં મુંબઈ, મદ્રાસમાં મોટા ભાગે સરકારના ટેકાથી અંગ્રેજી શિક્ષણનો ઠીક ઠીક પ્રચાર થયો પણ તે બંગાળમાં નોંધપાત્ર હતો.

7.3 *હલ્કાબંદી યોજના :*

ઈ.સ.1848-53માં હલ્કાબંદી શિક્ષણ પ્રસાર યોજના શરૂ કરવામાં આવી. આયોજના અનુસાર દરેક પાંચ ગામ વચ્ચે એક સંયુક્ત શાળા શરૂ કરવાનું નક્કી કર્યુ. ઈ.સ. 1852 સુધી આ યોજના 8 જિલ્લાઓમાં પૂરી થઈ. આ સમયે ગવર્નર જનરલ લોર્ડ ડેલહાઉસીએ રૂરકીમાં એક ઈજનેરી કોલેજની સ્થાપના કરી.

કંપની સરકારની નીતિ ભારતમાં અંગ્રેજી શિક્ષણના ફેલાવાની હતી અને થોડાક સમયમાં સરકાર દ્વારા ઢાકા, પટણા, બનારસ, અલ્હાબાદ, આગ્રા, દિલ્હી, બરેલી વગેરે શહેરોમાં અંગ્રેજી કેળવણીની સંસ્થાઓ શરૂ કરવામાં આવી.

7.3.1 *લોર્ડ ડેલહાઉસી અને પાશ્ચાત્ય શિક્ષણ :*

ગવર્નર જનરલ લોર્ડ ડેલહાઉસીના શાસન દરમિયાન ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ચાર્ટરની મુદત 1853માં પૂરી થતાં અગાઉ ભારતમાં અંગ્રેજી શિક્ષણ આપતી સંસ્થાઓનો નોંધપાત્ર વિકાસ થયો કંપની સરકારની મુદત વધારતી વખતે શિક્ષણ વિષય પર ગંભીર વિચારણા કરવામાં આવી દેશભરમાં ઠેર ઠેર લોક સમુદાયને શિક્ષણ આપી શકાય તે હેતુથી ત્યાં દેશી ભાષાઓની શાળાઓ સ્થાપવા ડેલહાઉસીએ વિશેષ રસ બતાવ્યો અને તેની હિમાયત કરી તેની પ્રેરણાથી બંગાળ, મુંબઈ અને પંજાબ સરકારો એ દેશી ભાષાના શિક્ષણને વિકસાવવા પ્રયાસો કર્યા. શિક્ષણ વિષયક બાબતમાં તપાસ કરવા બ્રિટીસ સંસદે નીમેલી ''સંસદીય સમિતિએ'' ટ્રવેલિયન અને ડફ જેવા અનુભવી શિક્ષણ શાસ્ત્રીઓના નિવેદનો લીધા હતા. ઈ.સ. 1854માં કંપની સરકારે ભારતમાં શિક્ષણ આપવા અંગે ઘણુ અગત્યનું પગલુ ભર્યુ. બોર્ડ ઓફ કંટ્રોલના પ્રમુખ સર ચાલ્સવૂડે એ સંબંધમાં કેળવણી વિષયક ખરીતો ઘડ્યો અને તે કોર્ટ ઓફ ડાયરેક્ટર્સ મારફત ભારતમાં ગવર્નર જનરલ પર મોકલવામાં આવ્યો. ''પ્રાથમિક થી યુનિવર્સિટી સુધી શિક્ષણની યોગ્ય અને સ્પષ્ટ પદ્ધતિ ઘડી કાઢવા'' ભારતની સરકારને જણાવ્યુ. આધુનિક ભારતમાં શિક્ષણના ઈતિહાસમાં સીમા ચિહ્ન બનેલા આ શૈક્ષણિક ખરીતાને ''ભારતમાં અંગ્રેજી શિક્ષણના મેગ્ના કાર્ટા'' તરીકે વર્ણવામાં આવ્યો છે. દેશમાં એ પછીના સમયમાં શિક્ષણ પદ્ધતિમાં થયેલા સુધારા અને વિકાસનો તે મુખ્ય આધાર બની રહ્યો.

7.3.2 *સર ચાર્લ્સવૂડના ખરીતાની ભલામણો :*

અંગ્રેજી તેમજ દેશી ભાષાના શિક્ષણમાં સુધારણા કરવા અને તેનો વધારે પ્રચાર કરવા સરકારને કહેવામાં આવ્યુ. એ હેતુઓ સિદ્ધ કરવા માટે કેટલાક પગલાં સૂચવવામાં આવ્યા.

- શિક્ષણના વહીવટ માટે અલગ ખાતાની સ્થાપના કરવી.

- પ્રત્યેક પ્રાંતોમાં અલગ શિક્ષણ વિભાગ શરૂ કરવો.
- પ્રાંતોના મુખ્ય શહેરોમાં યુનિવર્સિટીઓ ની સ્થાપના કરવી.
- યુનિવર્સિટીઓની દેખરેખ નીચે કોલેજો શરૂ કરવી.
- શાળાઓની તમામ શ્રેણીઓ માટે શિક્ષક તાલીમ સંસ્થાઓ સ્થાપવી.
- સરકારી માધ્યમિક શાળાઓ અને કોલેજો જે ચાલુ છે તેનો નિભાવ કરવો અને જરૂર પડે તો તેની સંખ્યા વધારવી.
- નવી શાળાઓ સ્થાપવી, પ્રાદેશિક કે અન્ય પ્રકારનું પ્રારંભિક શિક્ષણ આપનાર દેશી શાળાઓ ઉપર વિશેષ ધ્યાન આપવું.
- શિક્ષણ સંસ્થાઓને અનુદાન સહાય આપવાની પદ્ધતિ દાખલ કરવી.
- અનુદાન આપવાની પદ્ધતિ પૂર્ણ રીતે ધાર્મિક તટસ્થતાનો સિદ્ધાંત પર આધારીત હોવી જોઈએ.
- નીચલી શાળાઓને ઉચ્ચ શાળાઓ સાથે તથા ઉચ્ચ શાળાઓને કોલેજો સુધી સાંકળવા માટે શિષ્યવૃત્તિ આપવા સંબંધી વિસ્તૃત પદ્ધતિ ઘડી કાઢવી જોઈએ.
- શિક્ષણની ઉચ્ચ શાખાઓમાં ભાષાનું માધ્યમ અંગ્રેજી રાખવુ અને નીચલી કક્ષાએ દેશી ભાષા રાખવી તેમજ જ્યાં માગણી હોય ત્યાં અંગ્રેજી શીખવવુ; પણ દેશની ભાષાઓને સ્થાને તેને મૂકવી નહીં.
- સ્ત્રી શિક્ષણ માટે વિશેષ સુવિધાઓને પ્રોત્સાહન આપવું.
- ઈ.સ.1857માં કલકત્તા, મુંબઈ, મદ્રાસમાં યુનિવર્સિટી શરૂ કરવામાં આવી.
- લોકોનો વિશાળ સમુદાય ઉપયોગી અને વ્યવહારુ જ્ઞાન પ્રાપ્ત કરી શકે તે માટે વ્યવસ્થા ઉભી કરવી.

સર ચાલ્સવૂડના ખરીતામાં નિર્દેશીત શિક્ષણ પદ્ધતિ અંગ્રેજી પદ્ધતિ પર આધારીત હતી. તે અનુસાર ભારતના મોટા પ્રાંતોમાં અલગ અલગ શિક્ષણ ખાતા શરૂ કરવામાં આવ્યા. ઈ.સ. 1856ના અંત સુધીમાં નવી પદ્ધતિ સંતોષકારક રીતે કામ કરતી થઈ ગઈ. દરેક પ્રાંતમાં કેળવણી નિરીક્ષક અને સહાયક કેળવણી નિરિક્ષકોની નિમણૂક કરવામાં આવી. દરેક શિક્ષણ ખાતાને જે તે પ્રાંતની સરકારના સીધા વહીવટ નીચે મુકવામાં આવ્યુ.આ પદ્ધતિ હેઠળ શિક્ષણ ખાતાનું સ્વરૂપ ઓછે વત્તે અંશે અમલદાર શાહી બની ગયુ. પ્રો. એચ. એચ. ડોડવેલ જણાવે છે કે એ ખાતાના ઉપરી અધિકારીઓ મૂળત્વે વહીવટદારો હોવાથી શિક્ષણ, વહીવટ અને રોજિંદી બાબત બની ગયુ. આજ સુધી ઓછે વત્તે અંશે આ પદ્ધતિ ચાલુ જોવા મળે છે.

ઈ.સ. 1857ના વિપ્લવ સમયે પણ કલકત્તા, મુંબઈ, મદ્રાસમાં યુનિવર્સિટી શરૂ કરવાનો કાયદો ઘડવામાં આવ્યો. આ યુનિવર્સિટીઓનું સંચાલન કુલપતિ તથા સભ્યો જે મુખ્યત્વે સરકારી અધિકારીઓ હતા. તેની બનેલી સેનેટ કરે તેમ ગોઠવવામાં આવ્યુ. મુંબઈ યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર મુંબઈ ઈલાકા અને પશ્ચિમ ભારતના રાજ્યોને આવરી લેતુ હતુ. પણ કલકત્તા યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર બંગાળ ઈલાકા ઉપરાંત ઉત્તર ભારત, મધ્યપ્રાંતો અને બ્રિટીશ બર્માને આવરી લેતુ હતુ. દરેક યુનિવર્સિટી કોલેજોને જોડાણ આપનાર અને

પરીક્ષા લેનાર (માધ્યમ) સંસ્થા બની ગઈ. રૂરકીમાં ઈજનેરી કોલેજની સ્થાપના કરવામાં આવી. આમ ભારતમાં ધંધાકીય શિક્ષણથી અલગ એવા ટેકનિકલ શિક્ષણના પિતા તરીકે ડેલહાઉસીનું નામ મોખરે છે.

ભારતમાં પાશ્ચાત્ય શિક્ષણના ફેલાવા માટે સરકારી નીતિને પૂરક એવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરનારાઓમાં ખ્રિસ્તી મિશનરીઓ અને કેટલીક વ્યક્તિઓનો ફાળો મહત્વનો છે. બંગાળમાં કેટલીક મહત્વની શિક્ષણ સંસ્થાની સ્થાપના ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા થઈ જ્યારે કેટલીક આગળ પડતી વ્યક્તિઓએ પણ પાશ્ચાત્ય શિક્ષણના ફેલાવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. કલકત્તામાં નવી શાળાઓની સ્થાપના માટે ''નેટીવ સ્કૂલ અને બૂક સોસાયટી''નો ફાળો મહત્વનો હતો. જે. ઈ. ડી. બેથ્થુન કન્યા કેળવણીનો હિમાયતી હતો. બંગાળીઓમાં કન્યા કેળવણીના પ્રણેતા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર હતા ધીરે ધીરે સ્થાનિક લોકોએ પણ શિક્ષણ સંસ્થાઓની સ્થાપના માટે સરકારને ટેકો આપ્યો હતો. એ જ રીતે મુંબઈ તથા મદ્રાસમાં મિશનરી શાળાઓ સ્થપાઈ. કલકત્તાની નેટીવ સ્કૂલ એન્ડ બૂક સોસાયટી તથા હિંદુ કોલેજની જેમ મુંબઈમાં ''નેટીવ એજ્યુકેશન સોસાયટી અને એલ્ફીન્સ્ટન ઈન્સ્ટીટ્યુટે નવા શિક્ષણના ફેલાવામાં મહત્વનો ભાગ ભજવ્યો.'' આમ 1818 થી 1857 સુધીના સમય દરમિયાન ભારતના મોટા ભાગની બ્રિટીશ પ્રાંતોમાં નવા શિક્ષણની શરૂઆત થઈ.

7.3.3 *બૌદ્ધિક જાગૃતિ :*

નવા શિક્ષણને પરિણામે જ્ઞાનની ક્ષિતિજો વધારે વ્યાપક બની. આ નવા શિક્ષણે બૌદ્ધિક તેમજ વૈજ્ઞાનિક અભિગમ પર ભાર મૂક્યો. આ શિક્ષણ સમાજના બધા વર્ગો માટે ખુલ્લુ હતું. તેમાં કોઈ જાતનો ભેદભાવ ન હતો. પ્રણાલિકાગત શિક્ષણ શાસ્ત્રોક્ત સામાજિક ઢાંચાને પોષક હતુ. છાપકલાના વિકાસથી છપાયેલા પુસ્તકો સહેલાઈથી પ્રાપ્ત થવા લાગ્યા તેથી આ નવુ શિક્ષણ બહોળા સમુદાય સુધી પહોંચ્યુ. આ નવા શિક્ષણમાં પશ્ચિમના ચિંતકોના વિચારોનો સમાવેશ થતાં તેનાથી પ્રભાવિત થયેલ શિક્ષિતવર્ગ બૌદ્ધિક દ્રષ્ટિકોણથી વર્તમાન પ્રણાલિકાગત સામાજિક મૂલ્યોને પડકારવા લાગ્યો. પ્રજામાં બૌદ્ધિક જાગૃતિ આવી.

- ***તમારી પ્રગતિ ચકાસો – 1***

1. બ્રિટીશશાસન પૂર્વેની પ્રણાલીકાગત શિક્ષણ પદ્ધતિનો ખ્યાલ 50 શબ્દોમાં આપો.

_____
_____
_____
_____
_____
_____

2. થોમસ મેકોલોએ શિક્ષણના વિકાસ માટે કેરલી ભલામણો 50 શબ્દોમાં લખો.

_____
_____
_____
_____
_____
_____

3. સર ચાલ્સવૂડના ખરીતાનું મહત્વ 100 શબ્દોમાં લખો.

_____
_____
_____
_____
_____
_____

2. *નીચે આપેલી ખાલીજગ્યાઓ યોગ્ય શબ્દોમાં મૂકી પૂરો.*

- પાશ્ચાત્ય શિક્ષણ દાખલ કરવાની ભલામણ મેકોલોએ _____ ગવર્નર જનરલના સમયે કરી હતી.
- સર ચાલ્સ વુડનો ખરીતો _____ વર્ષે બહાર પાડવામાં આવ્યો.
- રૂરકીમાં ઈજનેરી કોલેજ _____ ગવર્નર જનરલે શરૂ કરી.
- એલ્ફીન્સ્ટન ઈન્સ્ટીટ્યુટ _____ શહેરમાં સ્થપાઈ હતી.

7.4 *સારાંશ :*

આ એકમમાં આપણે જોયુ કે ભારતમાં કંપની સરકારે પ્રણાલિકાગત શિક્ષણના સ્થાને પાશ્ચાત્ય શિક્ષણ આપતી નવી પ્રથા દાખલ કરી. આ નવી પ્રથા દાખલ કરતાં પહેલા કંપનીના અધિકારીઓમાં વિવાદ ઉભો થયો હતો. પરંતુ ઈ.સ. 1835 થી અંગ્રેજી શિક્ષણનો પ્રસાર કરવાની નીતિ અપનાવી તેથી નવી શાળા કોલેજોની સ્થાપના થઈ. આ નવુ શિક્ષણ લેનાર વર્ગ નાનો હતો. તેમનામાં બૌદ્ધિક જાગૃતિ આવી. આ નવા શિક્ષણમાં પાશ્ચાત્ય વિજ્ઞાન તથા યંત્ર વિજ્ઞાનને શાળા કોલેજોમાં જોઈએ તેટલુ સ્થાન ન મળ્યુ. તેને બદલે નવા અભ્યાસક્રમમાં માત્ર સાહિત્ય, તત્વજ્ઞાન અને માનવ વિદ્યાઓને સ્થાન મળ્યુ. આ નવી શિક્ષણ પદ્ધતિની કેટલીક મર્યાદાઓ પણ હતી.ભારતનો મોટા ભાગનો સમાજ તેનાથી વંચિત હતો. નવો શિક્ષિત વર્ગ સામાન્ય લોકોથી અલગ પડી ગયો. આ નવા શિક્ષણે માત્ર કારકૂનો, વકીલો, શિક્ષકો પેદા કર્યા. આ અંગ્રેજી શિક્ષણનો હેતુ સાંસ્થાનિક શાસનને સુદ્રઢ બનાવવાનો રહ્યો હતો. આ શિક્ષણ વિશેષ કરીને શાસકોના હિતને મજબૂત બનાવતુ હતુ. ઈ.સ. 1818 તી 1857 દરમિયાન થોમસ મેકોલો અને સર ચાલ્સ વૂડે કરેલી ભલામણો હિંદના કેળવણીના વિકાસ માટે સીમા ચિન્હરૂપ બની રહી.

7.5 *શબ્દાવલી :*

- સાંસ્થાનિક શિક્ષણ : બ્રિટીશ શાસન વહીવટને અનુકૂળ પડે તેવુ પાશ્ચાત્ય શિક્ષણ
- હલ્કાબંદી યોજના : ગવર્નર જનરલ લોર્ડ ડેલહાઉસીના શાસન દરમિયાન શિક્ષણના વિકાસ માટે શરૂ કરેલી યોજના

7.6 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

તમારી પ્રગતિ ચકાસો –1 ના જવાબો.

- જવાબ 1 માટે ×3
- જવાબ 2માટે × 5.1
- જવાબ 3 માટે ×7.1
- ખાલીજગ્યાઓ (1) લોર્ડ વિલિયમ બેન્ટીક (2) 1854 (3) લોર્ડ ડેલહાઉસી
  (4) મુંબઈ

7.7 *સંદર્ભ :*

1. ડૉ. આર. કે. ધારૈયા, અર્વાચીન ભારતનો ઈતિહાસ, (બ્રિટીશ યુગ) સી. જમનાદાસની કંપની, અમદાવાદ, 1995-96
2. ડૉ. રમેશકાંત ગો. પરીખ, ભારતનો ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1974
3. ડૉ. નીરા દેસાઈ, ગુજરાતમાં 19 મી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1983
4. महाजन विद्याधर, महाजन सावित्री, ब्रिटिश कालीन भारत का इतिहास, एस चन्द्र एस कंपनी, दिल्ही, ११६८
5. छाबड़ा जी. एस. आधुनिक भारतीय इतिहास, स्टलिंग पब्लिशज, प्राइवेट लि. नई दिल्ही, ११८६
6. कपूर गुरूबख सिंह, भारतीय इतिहास की रुपरेखा, एस. चन्द्र एस कंपनी, दिल्ही, ११६२
7. मजुमदार, राय चौधरी, दत्त, भारत का बृहद इतिहास - ३, मेकमिलन, मद्रास, ११७०

એકમ : 8 લોર્ડ લિટનઅને લોર્ડ રિપનની સિદ્ધિઓ

:: રૂપરેખા::

8.0 ઉદ્દેશો

8.1 પ્રસ્તાવના

8.2 લોર્ડ લિટનની સિદ્ધિઓ

- **8.2.1** વ્યવસ્થિત દુષ્કાળ નીતિની શરૂઆત
- **8.2.2** નાણાકીય સુધારા
- **8.2.3** મુક્ત વેપાર નીતિ
- **8.2.4** મીઠા પરનો ઈજારો સરકાર હસ્તક
- **8.2.5** સનદી નોકરીઓ અંગેના સુધારા
- **8.2.6** ત્રણ અવિચારી કાર્યો
- **8.2.7** દિલ્હી દરબાર
- **8.2.8** હથિયાર બંધી ધારો
- **8.2.9** વર્નાક્યુલર પ્રેસ એક્ટ

8.3 લોર્ડ રિપનની સિદ્ધિઓ

- **8.3.1** નાણાકીય સુધારા
- **8.3.2** મહેસુલી સુધારા
- **8.3.3** નાણાકીય વિકેન્દ્રીકરણ
- **8.3.4** કેળવણી વિષયક સુધારા – હંટર કમિશન
- **8.3.5** ઉદારમતવાદી સુધારા
- **8.3.6** સામાજિક સુધારા
- **8.3.7** સ્થાનિક સ્વરાજ્ય અંગેના સુધારા
- **8.3.8** ન્યાય વિષયક સુધારા (ઈલ્બર્ટ બિલ)

8.4 સારાંશ

8.5 શબ્દાવલી

8.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

8.7 સંદર્ભ

8.0 *ઉદ્દેશો :*

આ એકમમાં આપણે ભારતના વાઈસરોય લોર્ડ લિટન અને લોર્ડ ***રિપન***ની સિદ્ધિઓ વિશે જાણીશું. આ એકમ વાંચ્યા બાદ તમે જાણી શકશો કે,

- લોર્ડ લિટનની સિદ્ધિઓ
- કાયમી દુષ્કાળ નીતિની શરૂઆત
- નાણાકીય સુધારા
- મુક્ત વેપારનીતિ
- મીઠા પરનો ઈજારો સરકાર હસ્તક
- સનદી નોકરી અંગેના સુધારા
- ત્રણ અવિચારી કાર્યો
- દિલ્હી દરબાર
- હથિયાર બંધી ધારો
- વર્નાક્યુલર પ્રેસ એક્ટ
- વાઈસરૉય લોર્ડ ***રિપન***ની સિદ્ધિઓ
- નાણાકીય સુધારા
- મહેસુલી સુધારા
- નાણાકીય વિકેન્દ્રીકરણ
- કેળવણી વિષયક સુધારા – હંટર કમિશન
- ઉદારમતવાદી સુધારા
- સામાજિક સુધારા
- સ્થાનિક સ્વ શાસન અંગેના સુધારા
- ન્યાય વિષયક સુધારા –ઈલ્બર્ટ બિલ

8.1 *પ્રસ્તાવના :*

ઈ.સ. 1858ની 1 લી નવેમ્બરે ઈસ્ટ ઈન્ડિયા કંપની પાસેથી બ્રિટીશ તાજે હિંદુસ્તાનનો વહીવટ સંભાળી લીધો ત્યાર થી લોર્ડ લિટન હિંદુસ્તાનનો ગવર્નર જનરલ વાઈસરૉય બન્યો. આ વાઈસરૉયની કામગીરી મુખ્યત્વે બળવા પછીના અશાંત વાતાવરણને શાંત કરવાની, શાંતિ સલામતી અને વ્યવસ્થાને ફરી વખત સ્થાપવામાં તથા કથળી ગયેલા નાણાતંત્રને સ્થિર કરવામાં રહી હતી. તે સમયે લોર્ડ નોર્થ બ્રુક પછી લોર્ડ લિટનેન ઈ.સ. 1876 થી 1880 દરમિયાન હિંદના વાઈસરૉય તરીકે ઈગ્લેન્ડની સરકારે મોકલ્યો ત્યારે અંગ્રેજ સરકારને ઈ.સ. 1857ના બળવાની કળ સારી વળી ગઈ હતી. અલબત્ત વાઈસરૉય સમક્ષ નાણાકીય નીતિના પ્રશ્નો, દુષ્કાળ નીતિ, સનદી નોકરીઓમાં હિન્દીઓને સામેલ કરવાનો પ્રશ્નો હતા. લોર્ડ લિટન પોતે સ્વભાવે તુમાખી ભરી અને સામ્રાજ્યવાદી મનોદશા ધરાવતો હતો. લોર્ડ લિટનની કામગીરી તેણે કરેલા સારા કે

નરસા સુધારાઓને કારણે તથા અફઘાનિસ્તાન પ્રત્યે જે સામ્રાજ્યવાદી નીતિ અપનાવી હતી તેને કારણે વધુ જાણીતી છે.

હિંદમાં શાસન કરવા આવેલા ગવર્નર જનરલો અને વાઈસરૉયમાં લોર્ડ રિપનનું શાસન એક અનોખી ભાત પાડે છે. ઈતિ.પી.ઈ રોબર્ટસનાં માટે રિપન ઈંગ્લેન્ડના ગ્લેડસ્ટન યુગનો ઉદારમતવાદી હતો. અને તેથી તેને શાંતિ, સ્વશાસન અને મુક્ત વ્યાપારમાં શ્રદ્ધા હતી. તેને હિંદની પ્રજા પ્રત્યે સહાનુભૂતિ હતી. હિંદની પ્રજા જાગૃત બને, સ્વ શાસન માટે ધીમે ધીમે લાયક બને તેમજ હિંદમાં જવાબદાર શાસન તંત્રનો વિકાસ થાય તે રિપનની નીતિનું મુખ્ય ધ્યેય હતું. આ ઉદ્દેશથી પ્રેરાઈને તેણે હિંદમાં ઘણા જ ઉપયોગી અંગે ઉદાર સુધારાઓ કર્યા અને હિંદની પ્રજાનો પ્રેમ સંપાદન કર્યો હતો.

8.2 *લોર્ડ લિટનની સિદ્ધિઓ :*

તેનું મૂળ નામ એડવર્ડ રોબર્ટ બુલવર લિટન હતુ. તા.8 નવેમ્બર ઈ.સ. 1831માં તેનો જન્મ થયોહતો. વાઈસરૉય લોર્ડ લિટને ઈ.સ. 1876 થી 1880 દરમિયાન કરેલા વિવિધ સુધારાઓ નીચે પ્રમાણે છે.

8.2.1 *વ્યવસ્થિત દુષ્કાળ નીતિની શરૂઆત*

વાઈસરૉય લોર્ડ લિટનની કારર્કિદીની શરૂઆત દુષ્કાળ થી થઈહતી. 1876 અને 1878ના બે વર્ષ દરમિયાન દક્ષિણ હિંદ, મદ્રાસ, મુંબઈ, હૈદરાબાદ, મૈસુર, પંજાબ અને મધ્ય હિંદના ઘણા પ્રદેશો દુષ્કાળના પંજામાં સપડાયા હતા. આમ તો તાજના શાસન કાળથી હિંદના કોઈના કોઈ ભાગોમાં દુષ્કાળો પડ્યા હતા; પરંતુ વાઈસરૉય લોર્ડ લિટનના સમયમાં પડેલા દુષ્કાળો ભયંકર હતા. સરકારે આ દુષ્કાળ વખતે 11 કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. તેમ છતાં બધા મળીને લગભગ 50 લાખ માણસો મૃત્યુ પામ્યા હતા. 20 લાખ એકર જમીન બિનખેડાણ રહી હતી અને સરકાર ને અઢી કરોડ રૂપિયાનું મહેસૂલ જતુ કરવું પડ્યુ હતું. આ ભયંકર નુકસાનને પરિણામે સરકારની કાયમી દુષ્કાળ નીતિનો પાયો નંખાયો સર રીચાર્ડ જહોન સ્ટ્રેચીના અધ્યક્ષ પદે દુષ્કાળ પંચની નિમણૂક કરવામાં આવી તેનો હેતુ દુષ્કાળના પ્રશ્નનો અભ્યાસ કરવાનો અને દુષ્કાળમાં રાહત આપવા માટેના નિયમો નક્કી કરવાનો હતો જેથી ભવિષ્યમાં સરકારને માર્ગદર્શક બની રહે. આ પંચે દુષ્કાળ દરમિયાન દુષ્કાળના પ્રશ્નોની વિસ્તૃત તપાસ કરી અને અનેક રાહતો માટેની ભલામણો કરી.

- સશક્ત લોકોને તેમનું આરોગ્ય જાળવી શકે તેવુ વેતન તેમની પાસેથી રાહત કાર્યો કરાવીને આપવુ તથા જે ગરીબ અને અશક્ત હોય તેમને મફત મદદ કરવી.
- દરેક પ્રાંતમાં દુષ્કાળ ભંડોળની રચના કરવી.
- સરકારે દર વર્ષે પોતાના બજેટમાં દોઢ કરોડ રૂપિયા દુષ્કાળ માટે અલગ રાખવા જેથી કરીને દુષ્કાળના સમયે રેલ્વે બાંધકામ સિંચાઈ વગેરેના કાર્યો કરી શકાય.
- દુષ્કાળ માટે બને ત્યાં સુધી પ્રાંતીય સરકારોએ ખર્ચ ઉપાડવું.

- કેન્દ્ર સરકારે માત્ર જરૂર પડે ત્યારે મદદ કરવી.

આમ લોર્ડ લિટન દુષ્કાળ નીતિના ઘડવૈયા તરીકે હિંદમાં જાણીતો બન્યો. તેણે ઘડેલી નીતિ પ્રમાણે દુષ્કાળ સમયે રાહતો આપવામાં આવી.

8.2.2 *નાણાકીય સુધારા :*

સર જહોન રીચાર્ડ સ્ટ્રેચીએ લિટનને નાણાકીય નીતિ ઘડવામાં મદદ કરી તેની સહાયથી જ લિટન નીચે પ્રમાણેના નાણાકીય સુધારાઓ કરી શક્યો.

8.2.3 *મુક્ત વેપાર નીતિ :*

વાઈસરૉય લોર્ડ લિટને તેની અગાઉના વાઈસરૉયની મુક્ત વેપારની નીતિને આગળ ધપાવી અને એ જ રીતે ખાંડ તથા બીજી 27 વસ્તુઓ પરની જકાત નાબૂદ કરી. જો કે તે બધી વસ્તુઓ પરની જકાત નાબૂદ કરવા માગતો હતો. પરંતુ દુષ્કાળ તથા અફઘાન વિગ્રહના કારણે જકાતની બધી આવક જતી કરવી પોષાય તેમ ન હતુ. અહીં એક વસ્તુ નોંધપાત્ર છે કે અગાઉ વાઈસરૉય કેનીંગના સમયથી જાડા કાપડ ઉપર ૫% જકાત હતી તે લિટને મુક્ત વેપારના નામે નાબૂદ કરી અને ઈગ્લેન્ડ કાપડ ઉદ્યોગને રાહત આપવાની તક ઝડપી લીધી એટલે તેની આ નીતિથી હિંદના ઉદ્યોગોને બદલે ઈગ્લેન્ડના ઉદ્યોગોને ભારે ફાયદો કર્યો. આમ તે હિંદની જનતામાં અળખામણો બન્યો.

8.2.4 *મીઠા પરનો ઈજારો સરકાર હસ્તક :*

લોર્ડ લિટનનો બીજો મહત્વનો તથા એટલો જ અળખામણો નાણાકીય સુધારો એ હતો કે તેણે દેશભરમાં મીઠુ ઉત્પાદન કરવાનો ઈજારો સરકાર હસ્તક લઈ લીધો. એ પહેલા જુદા જુદા પ્રાંતોમાં મીઠાના ભાવો જુદા જુદા હતા. તેને કારણે દેશી રાજ્યોમાંથી દાણચોરીનું મીઠુ આવતુ અટકાવવા માટે સરકારને 12000 માણસોનો કસ્ટમનો કાફલો પડતો હતો જોકે બોર્ડ નોર્થબ્રુક તથા લોર્ડ મેયોએ આ બાબતમાં સમજૂતી સાધવાનો દેશી રાજ્યો સાથે પ્રયત્ન કર્યો, પરંતુ તેમાં બહુ સફળતા મળી નહીં. હવે લોર્ડ લિટનની કાઉન્સિલના નાણા ખાતાના વડા સર જહોન સ્ટ્રેચીએ મીઠુ ઉત્પાદન કરવાનો ઈજારો બ્રિટીશ સરકાર હસ્તક લઈ લીધો. આને કારણે દાણચોરોને મળતો નફો બંધ થયો. સરકાર કસ્ટમના કર્મચારીઓનો કાફલો ઘટાડી શકી નહીં પરંતુ આનાથી હિંદુસ્તાનની રોજ બરોજની ચીજ વસ્તુ મોઘી પડી ગઈ. સરકારે સમગ્ર હિંદ માટે એક સરખા ભાવો બાંધ્યા. તેથી જે પ્રદેશમાં મીઠુ ઉત્પન્ન થતુ હતુ ત્યાંની પ્રજાને પહેલા કરતાં અત્યંત મોઘુ મીઠુ મળવા લાગ્યું. તેથી પણ લોકોના મનમાં સરકાર પ્રત્યે અસંતોષ ઊભો થયો. તેથી લિટન હિંદની જનતામાં અપ્રિય બન્યો.

8.2.5 *સનદી નોકરીઓ અંગેના સુધારા :*

લોર્ડ લિટનના સનદી નોકરીઓમાં હિંદીઓને દાખલ કરવાના વલણને ભાગ્યે જ સંતોષ કારક ગણાવી શકાય. ઉલટુ તેનાથી હિંદુસ્તાનના તેજસ્વી પ્રતિભાયુક્ત યુવાનોનો અસંતોષ તેણે વ્હોરી લીધો. ઈ.સ. 1853માં નક્કી કર્યા મુજબ સનદી નોકરીઓનાં દાખલ

થવા ઈચ્છનારે ઈંગ્લેન્ડમાં પરીક્ષા આપવી પડતી બીજુ એ પરીક્ષા ઈંગ્લેન્ડની યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ જ આપી શકતો એટલે તે સમયના હિંદના વાતાવરણમાં હિંદુસ્તાનનો કોઈપણ વિદ્યાર્થી નાની ઉંમરે ઈંગ્લેન્ડમાં જાય અને ત્યાંના વિદ્યાર્થીઓ સાથે હરિફાઈમાં ઉતરી ઊંચો નંબર લાવે તે ઘણુ મુશ્કેલ કાર્ય હતું. ઈ.સ. 1860માં આ પરીક્ષામાં બેસવા માટેની વય મર્યાદા 22 વર્ષની કરવામાં આવી. તે વય મર્યાદા 1866 માં 21 વર્ષની અને લિટનના સમયમાં 19 વર્ષની કરવામાં આવી. તેનો અર્થ એ થયો કે હિંદુસ્તાનના યુવાનો માટે પોતાના જ દેશમાં ઊંચા હોદ્દાની નોકરીઓના દ્વારા બંધ કરવામાં આવ્યા. આમ સનદી પરીક્ષાની વય મર્યાદા ઘટવાના કારણે પણ લિટન હિંદની જનતામાં અળખામણો બન્યો હતો.

વાઈસરૉય લોર્ડ લિટને આ પરિસ્થિતિ માંથી માર્ગ કાઢવા પ્રયત્ન કર્યો. તે માટે તેણે ઈન્ડિયન સિવિલ સર્વિસ (ICS) કરતાં સહેજ નીચી શ્રેણીની નોકરીઓની જગ્યા દાખલ કરી તે (SCS)સ્ટેચ્યુટરી સિવિલ સર્વિસ તરીકે જાણીતી થઈ તેમાં એવુ નક્કી કરવામાં આવ્યુ કે હિંદી સનદી નોકરીઓની કુલ 1/6 જગ્યાઓ ઉપર હિંદમાં જન્મેલા લોકોને નિમણૂક આપવી જો કે આ નિમણૂકની પ્રક્રિયા ઘણી જટીલ હતી. આ જગ્યાઓ ઉપર ઉમેદવારોની નિમણૂક માટે ICSની પરીક્ષા પાસ કરવાની જરૂર ન હતી, પરંતુ તેમના નામની ભલામણ પ્રાંતીય સરકાર દ્વારા થતી એ ભલામણને વાઈસરૉય અને હિંદી વજીરની મંજૂરી મળે તે પછી તેમની આ જગ્યાઓ ઉપર ૨ વર્ષ કામ ચલાઉ નિમણૂક થતી. તે પછી જ તેમની કાયમ નિમણૂક થતી.

જો કે આ સુધારા થી લિટને હિંદની ઉચ્ચ જગ્યાઓની નોકરીઓમાં સ્થાન પામવાની હિંદના યુવાનોની મહત્વાકાંક્ષાને સંતોષવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેને બહુ સફળતા મળી નહી; કારણ કે હિંદના તેજસ્વી યુવાનો આવા અધકચરા સમાધાન કરી વલણને માન્ય રાખે તેમ ન હતા. તેમને આ પ્રકારના હોદ્દાઓ સ્વીકારવામાં રસ પણ નહતો. ઉચ્ચ પ્રતીમા યુક્ત યુવાનોને બદલે નીચલી શ્રેણીમાંથી ઓછી શક્તિવાળા માણસો પ્રમોશન મેળવીને આ જગ્યાઓ ઉપર આવવા લાગ્યા. 8 વર્ષના પ્રયોગ પછી આ પ્રકારની સેવાઓ બંધ કરવામાં આવી. લિટને શિક્ષિત હિંદીઓની આકાંક્ષાઓને તિરસ્કકારથી જોવાનો પ્રયત્ન કર્યો હતો. આમ લોર્ડ લિટન દેશની પ્રજામાં અપ્રિય બન્યો.

8.2.6 *ત્રણ અવિચારી કાર્યો :*

ઉપરના સુધારાઓથી લિટનને યશને બદલે અપયશ વધારે મળ્યો હતો, તેનુ કારણ એ હતુ કે પોતાની તુમાખીભરી અને સામ્રાજયવાદી મનોદશાને કારણે પોતાના કાર્યોની હિંદની જનતા પર કેવી અસર થાય છે. તે સમજવા તૈયાર ન હતો, પરિણામે હિંદની જનતાની અપેક્ષાઓને સમજીને તેને સંતોષવાનો પ્રયત્ન કરવાને બદલે તેમના અસંતોષમાં વધારો થાય તેવા કાર્યો તેના હાથે થયા. તેવા કાર્યોમાં નીચેના ત્રણ કાર્યોએ લિટનને હિંદની જનતામાં અત્યંત અળખામણો બનાવી દીધો.

8.2.7 *દિલ્હી દરબાર :*

ઈ. સ. 1876માં બ્રિટીશ સંસદે 'ધી રૉયલ ટાઈટલ્સ ઍક્ટ' પસાર કર્યો તેનો હેતુ રાણી વિક્ટોરીયાને 'કૈસરેહિંદ' અથવા ''હિંદની સામ્રાજ્ઞી'' નું બિરૂદ અર્પણ કરવાનો હતો. રાણી વિક્ટોરીયાએ તેના શાસનના 40 વર્ષ પુરા કર્યા તેની ઉજવણી પ્રસંગને શાનદાર રીતે ઉજવવા માટે લોર્ડ લિટને 1877માં રાજા મહારાજાઓને બોલાવી દિલ્હીમાં ભવ્ય દરબાર ભર્યો તેમાં રાણી વિક્ટોરીયાને કૈસરે હિંદનો ખિતાબ આપ્યો. તે સમયે દેશમાં ભયંકર દુષ્કાળ ચાલી રહ્યો હતો ત્યારે લિટનની સરકારે આ દરબાર ભરવા પાછળ લખલૂટ ખર્ચ કર્યો. જો કે આ પ્રસંગે ભારતના લોકોમાં રાષ્ટ્રીય સ્વમાન ભંગની ભાવના જન્માવી અને ખરેખર તે દેશ માટે છૂપા આશીર્વાદ સમાન નીવડી. અખબારોએ તેના આ પગલાની કડક ટીકા કરી. તેની સરખામણી રોમન સમ્રાટ નીરો સાથે કરી કે જ્યારે રોમ ભડકે બળતુ હતુ ત્યારે નીરો સારંગી વગાડતો હતો.

8.2.8 *હથિયાર બંધી ધારો :*

એક જ વર્ષમાં લિટને બે કાયદાઓ પસાર કરી ભારતના લોકોની સ્વતંત્રતા નષ્ટ કરવા પ્રયત્ન કર્યો. ઈ.સ.1878માં તેણે હથિયાર બંધીધારો પસાર કરી સરકારની પરવાનગી વગર હથિયારો રાખવા; ધારણ કરવા કે તેના વેચાણ ઉપર પ્રતિબિંધ મૂક્યો અને તેને ફોજદારી ગુનો જાહેર કરવામાં આવ્યો. આ કાયદાનો ભંગ કરનારને ત્રણ વર્ષ સુધીની કે દંડની અથવા બંને તેમજ સજા કરવામાં આવતી તે માટેની માહિતી છુપાવવાનો પ્રયત્ન કરનારને સાત વર્ષની કે દંડ બંને સજા કરવાનું ઠરવવામાં આવ્યું. આ કાયદામાંથી યુરોપિયન લોકો, અંગ્રેજો અને અમુક કક્ષાના સરકારી અધિકારીઓને બાકાત રાખવામાં આવ્યા હતા. આ કાયદાથી જાતીય ઘૃણાના બીજ વવાયા તેમજ પરોક્ષ રીતે હિંદની રાષ્ટ્રીય ચળવળને વેગ મળ્યો.

8.2.9 *વર્નાક્યુલર પ્રેસ એક્ટ :*

વાઈસરૉય લિટને પોતાની સામ્રાજ્યવાદી મનોદશાને સંતોષવા માટે અફઘાનિસ્તાન પર યુદ્ધ લાદ્યુ હતું. તેના પરિણામે હિંદની તિજોરી પર ભયંકર ખર્ચ આવી પડ્યો તેથી દેશના નેતાઓ અને વર્તમાન પત્રોનું ગળુ રૂંધી નાખવા માટે વર્નાક્યુલર પ્રેસ ઍક્ટ પસાર કર્યો. આ કાયદા મુજબ કોઈપણ મુદ્રક કે પ્રકાશકને સરકારની નીતિ વિરૂદ્ધ અસંતોષ ફેલાવે તેવુ લખાણ લખવાની કે છાપવાની મનાઈ ફરમાવી. આ કાળો કાયદો માત્ર દેશી ભાષાના અખબારોને લાગુ પડતો હતો. આ અખબારોમાં બંગાળી, મરાઠી, પંજાબી, હિંદી વગેરેનો સમાવેશ થતો હતો ; જ્યારે અંગ્રેજી ભાષામાં પ્રગટ થતા અખબારો તેમાંથી સદંતર મુક્ત હતા. આ કારણે આ દેશના જાગૃત પ્રજાજનો લિટન વિરુદ્ધ ઉકળી ઉઠ્યા. લોર્ડ લિટલનું આ પગલુ પણ દેશની જનતામાં ટીકાપાત્ર બન્યું.

- ***તમારી પ્રગતિ ચકાસો – 1***

1. લોર્ડ લિટન દુષ્કાળ નીતિનો ઘડવૈયો હતો. દસ લીટીમાં જવાબ લખો.

_____
_____
_____
_____
_____
_____
_____
_____
_____

1. નીચેનામાંથી કયા વિધાનો સાચાં (√) કે ખોટાં (×) છે તે જણાવો.

- લોર્ડ લિટન સ્વભાવે તુમાખી અને સામ્રાજ્યવાદી મનોદશા ધરાવતો હતો.
- લોર્ડ લિટને દુષ્કાળ દરમિયાન રૂ. 20 કરોડનો ખર્ચ કર્યો હતો.
- લોર્ડ લિટનની કાઉન્સિલના નાણાખાતાના વડા પી. ઈ. રોબર્ટસ હતા.
- ICS ની પરીક્ષામાં બેસવાની વય મર્યાદા 1866માં 21 વર્ષની હતી.
- રાણી વિક્ટોરીયાને કૈસરે હિંદનો ખિતાબ આપવામાં આવ્યો.
- વાર્નાક્યુલર પ્રેસ એક્ટ એટલે હથિયાર બંધી ધારો.

8.3 *લોર્ડ રિપનની સિદ્ધિઓ :*

ભારતમાં શાસન કરવા આવેલા ગવર્નર જનરલોમાં લોર્ડ રિપનનું શાસન અનોખી ભાત પાડે છે. તે ઉદારમતવાદી હતો.તેણે ઈ.સ. 1880 થી 1884 સુધી હિંદના વાઈસરૉય તરીકે કામગીરી બજાવી. તે એક લોકપ્રિય વહીવટ કર્તા હતો. તેના જેટલુ સન્માન અને સ્નેહ હિંદીઓએ ભાગ્યે જ અન્ય કોઈ અંગ્રેજ વહીવટ કર્તાને આપ્યુ હશે. તેણે કરેલા ઉદાર ઉપયોગી અને માનતાવાદી સુધારાઓથી તેણે હિંદની પ્રજાનો પ્રેમ પ્રાપ્ત કર્યો હતો. ૨૪ ઓક્ટોબર 1827માં તેનો જન્મ થયો હતો તેનું બાળપણનું નામ જયોર્જ ફેડરીક સેમ્યુઅલ રોબિન્સન હતું. તે અનેક બાબતોમાં વિલિયમ બેન્ટીક જેવો હતો તેણે કરેલા વિવિધ સુધારાઓ નીચે મુજબ છે.

8.3.1 *નાણાકીય સુધારા :*

લોર્ડ રિપનના શાસનકાળ દરમિયાન દેશની નાણાકીય સ્થિતિ સદ્ધર બની ચૂકી હતી. તેણે લિટને વિકસાવેલી મુક્ત વેપારની નીતિને સંપૂર્ણ બનાવી. જેણે ઈગ્લેન્ડથી આયાત થતા કાપડ ઉપર 5% જકાત નાબૂદ કરી. આંતરિક વેપાર પરની માટા ભાગની વસ્તુઓ પર જકાતો દૂર કરવામાં આવી તેણે ઈ.સ.1882માં મીઠા પરની જકાત ઓછી કરીને સમગ્ર દેશમાં ૨ રૂપિયે મણના ભાવે મીઠુ મળી રહે તેવી વ્યવસ્થા કરી હતી.

8.3.2 *મહેસુલી સુધારા :*

રિપને હિંદના લોકોના કલ્યાણ માટે મહેસુલી સુધારા પણ કર્યા હતા; પરંતુ હિંદી વજીરના વિરોધને કારણે તેના મહેસુલી સુધારા સફળ થઈ શક્યા નહીં. તેણે કરેલી ભલામણો સ્વીકારાઈ હોત તો ખેડૂત વર્ગ સુખી થાત અને જમીન મહેસુલની માપણી, આકારણી જેવા પ્રશ્નો હંમેશને માટે ઉકેલાઈ જાત આમ જમીન મહેસુલના પ્રશ્ને રીપનને સફળતા ન મળી.

8.3.3 *નાણાકીય વિકેન્દ્રીકરણ :*

લોર્ડ મેયોએ શરૂ કરેલી મહેસુલી વિકેન્દ્રીકરણની નીતિને રિપને આગળ ધપાવી. પ્રાંતીય સરકારોને વિકાસ માટે અપાતી ગ્રાન્ટ તેણે બંધ કરી દીધી અને તેના બદલે સમગ્ર દેશની નાણાકીય આવકના સાધનોને ત્રણ વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યા.

- ***મધ્યસ્થ વિભાગ :***

  જકાત, પોસ્ટ , લીગ્રામ, રેલવે, અફીણ, ટંકશાળ, મીઠુ, લશ્કરી આવક, જમીન મહેસુલ વગેરેમાંથી મળતી આવક મધ્યસ્થ સરકારને મળે તેમાંથી સરકારે પોતાના ખર્ચને પહોંચી વળવાનું હતું.

- ***પ્રાંતીય વિભાગ :***

  પ્રાંતીય વિભાગના આવકના સાધનોમાં જેલ આરોગ્ય સેવાઓ, છાપકામ, માર્ગો, સામાન્ય વહીવટ વગેરેનો સમાવેશ થતો હતો. આ વિષયોની તમામ આવક પ્રાંતીય સરકારોને મળવાની હતી. તેમાંથી તેને પોતાના ખર્ચને પહોંચી વળવાનું હતું. તેમ છતાં પોતાની જરૂરીયાતોને પહોંચી વળવા નાણાં અપૂરતા જણાય તો કેન્દ્ર સરકાર પ્રાંતોની ખોટ ભરપાઈ કરતી.

- ***સંયુક્ત વિભાગ :***

  સંયુક્ત વિભાગોમાં મહેસુલી સાધનો જેમાં આબકારી જકાત, ટીકિટો, જંગલો, નોંધણી ફી વગેરેનો સમાવેશ થતો હતો.તેમાંથી મળતી આવક કેન્દ્ર અને પ્રાંતીય સરકારોએ સરખે ભાગે વહેંચવાની હતી. આ રીતે નાણાકીય વિકેન્દ્રીકરણ શરૂઆતના 5 વર્ષ માટે કરવામાં આવ્યુ હતું. તે સફળ જતાં તેની મુદ્દત ફરીથી લંબાવવામાં આવી. આ વ્યવસ્થાને આગળ ધપાવીને ભવિષ્યની પ્રાંતીય સ્વાયતતા માટેની ભૂમિકા સર્જાઈ.

8.3.4 *કેળવણી વિષયક સુધારા : – (હંટર કમિશન)*

લોર્ડ રિપનના ઉદારમતવાદી અને સુધારાવાદી માનસના દર્શન તેના કેળવણી વિષયક સુધારામાં જોવા મળે છે. ઈ.સ. 1854 ના સર ચાલ્સ વૂડના કેળવણી વિષયક ખરીતા અનુસાર હિંદમાં કેળવણીના ક્ષેત્રે કેટલી પ્રગતિ સાધવામાં આવી છે તેનો અભ્યાસ કરીને નવા સૂચનો કરવા માટે રિપનના સમયમાં 1882માં સર વિલિયમ વિલ્સન હંટરના અધ્યક્ષપદે 20 સભ્યોનું એક કમિશન નિમવામાં આવ્યું. આ કમિશને તપાસના અંતે એવી ભલામણો કરી કે.....

- પ્રાથમિક શિક્ષણના વ્યાપક ફેલાવા માટે પ્રાથમિક કેળવણીની જવાબદારી મ્યુનિસિપાલિટી અને જિલ્લા બોર્ડને સોંપવી.
- માધ્યમિક કેળવણીનો વહીવટ ખાનગી મંડળોને સોંપવો.

- કોલેજોને ગ્રાન્ટ આપવાની અને વિવિધ વિષયો શીખવવાની વ્યવસ્થા કરવી.
- સ્ત્રી શિક્ષણ માટે, ધંધાદારી શિક્ષણ માટે સ્કોલરશીપ આપવી.

આ બધા માટે નવા નિયમો ઘડવા વાઈસરૉય રિપને આ બધી ભલામણોને સ્વીકારી લીધી. ઈ.સ. 1854ના સર ચાલ્સવૂડના ખરીતા પછી હંટર કમિશનની ભલામણો હિંદના કેળવણીના ઈતિહાસમાં સીમા ચિન્હ રૂપ બની.

8.3.5 *ઉદારમતવાદી સુધારા:*

ઈ.સ.1878માં વાઈસરૉય લોર્ડ લિટને વાર્નાક્યુલર પ્રેસ ઍક્ટ પસાર કરી વર્તમાન પત્રોની સ્વતંત્રતા પર તરાપ મારી હતી. પરંતુ વાઈસરૉય રિપને આ કાયદામાં સુધારો કરી ઈ.સ.1882 માં દેશી ભાષાના અખબારોને ફરીથી સ્વાતંત્ર્ય આપ્યું. એટલુ જ નહીં સનદી સેવા ICS માટેની જાહેર પરીક્ષા ઈંગ્લેન્ડ અને હિંદ એમ બંને સ્થળોએ એકી સાથે લેવાય એવા પ્રયાસો રિપને કર્યા; પરંતુ આ પ્રયાસોમાં તેને સફળતા મળી નહીં. તેમ છતાં પરીક્ષામાં બેસવાની વયમર્યાદા જે લિટને ઘટાડીને 19 વર્ષ ની કરી હતી તે વધારીને 21 વર્ષની કરવામાં રિપનને સફળતા મળી.

8.3.6 *સામાજિક સુધારા :*

લોર્ડ રિપને હિંદની પ્રજાના કલ્યાણ માટે ઉંડો રસ લીધો હતો.આ બાબતમાં તેણે બે મહત્વના પગલા લીધા તેમાં બંગાળ અને અયોધ્યાની પ્રજાની સ્થિતિ સુધારવા માટે જમીનદારી પદ્ધતિને નાબૂદ કરવા માટે ટેનંસી એક્ટ તૈયાર કર્યો. તેને રિપનની સરકારે પસાર કર્યો. રિપને સાથે સાથે કારખાનાને લગતા મજૂર કલ્યાણના કાયદા કર્યા. તેના સમયમાં હિંદના કારખાનાઓમાં કામ કરતા મજૂરોના કલ્યાણ માટેનો પ્રથમ કાયદા મુજબ 7 થી 12વર્ષની ઉંમરના બાળકો પાસેથી કારખાનાઓમાં કામ ન લેવુ. તેમજ ભયજનક યંત્રોથી કારીગરોનું રક્ષણ થાય તે માટે આવા યંત્રોની ફરતે રક્ષણાત્મક વાડ બાંધવાનું કારખાનાના માલિકોને સૂચવવામાં આવ્યું. તેમજ આ જોગવાઈઓનો યોગ્ય અમલ થાય તે માટે ફેક્ટરી ઈન્સપેક્ટરોની નિમણૂક કરવામાં આવી. તેમજ આ કાયદાનો ભંગ કરનાર માલિકોને દંડ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

8.3.7 *સ્થાનિક સ્વરાજ્ય અંગેના સુધારા :*

વાઈસરૉય રિપનના સર્વ સુધારાઓમાં સ્થાનિક સ્વશાસન અંગેના સુધારા મહત્વના છે. તેણે હિંદમાં સ્થાનિક સ્વ-રાજની સંસ્થાઓના વિકાસ માટે નીચેના ઠરાવો પસાર કર્યા.

- ઈ.સ.1881નો ઠરાવ : આ ઠરાવમાં રિપનની સરકારે હિંદમાં પ્રાંતીય સરકારની સ્વશાસનની સાચી પ્રગતિ માટે સ્થાનિક સંસ્થાઓના આંતરિક વહીવટમાંથી સરકારે દૂર રહેવું. જિલ્લા સમિતિઓમાં બિનસરકારી સભ્યનું પ્રમાણ વધારે રાખવું. સ્થાનિક સંસ્થાઓને શક્ય તેટલી તમામ છૂટછાટો આપવી વગેરે બાબતોનો સમાવેશ થતો હતો.

જ્યારે 1882માં રિપનની સરકારે કરેલા ઠરાવની જોગવાઈઓ નીચે મુજબ છે.

- રિપનના શબ્દોમાં આ ઠરાવનો હેતુ વહીવટને સુધારવાનો નહીં પરંતુ હિંદના લોકોને રાજકીય તાલીમ આપવાનો હતો.
- હિંદના લોકો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વધારે રસ લેતા થાય તે માટે સરકારી હસ્તક્ષેપ ઘટાડીને બિનસરકારી સભ્યોમાં વધુ વિશ્વાસ મૂકવો જેથી સ્થાનિક સંસ્થાઓના કાર્યમાં વધુ કાર્યક્ષમતા આવે.
- સ્થાનિક સંસ્થાઓ ઉપર સરકારનું નિયંત્રણ આંતરિક નહીં પરંતુ બાહ્ય હોવું જોઈએ.
- નવા કરવેરા નાખતી વખતે સરકારની પૂર્વ સંમતિ મેળવવી.
- લોકલ બોર્ડના અધ્યક્ષપદે પ્રજાનો ચૂંટાયેલો પ્રતિનિધિ હોવો જોઈએ.
- પ્રાંતીય સરકારે સ્થાનિક કરવેરાની આકારણી અન ઉઘરાણીનો અધિકાર સ્થાનિક સરકારોને સોંપી દેવો જોઈએ જેથી તેઓ પોતાની ફરજોયોગ્ય રીતે નિભાવી શકે.

આમ આ ઠરાવથી રિપનને બ્રિટીશ હિંદમાં સૌ પ્રથમ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના પિતા તરીકે ઓળખવામાં આવે છે. આ ઠરાવ અંગે ખુદ રિપને અતિ નમ્રતાથી કહ્યુ હતુ કે, ''હું તો હિંદનું જે હતુ તેને પુનર્જન્મ આપી રહ્યો છું આપણે જેનો નાશ કર્યો હતો તે પ્રથાની રાખ પર આવુ નવસર્જન કરવા માગુ છું''

ડૉ. એસ. ગોપાલન નામનો વિદ્વાન તેના 1882ના ઠરાવને બ્રિટીશ ભારતના ઈતિહાસ સુપ્રસિદ્ધ દસ્તાવેજોમાંનો એક કહે છે.

પ્રો. વેંકટ રંગૈયા આ ઠરાવને સ્થાનિક સ્વરાજ્યના વિકાસના પાયારૂપ ગણાવે છે.

8.3.8 *ન્યાય વિષયક સુધારા :-(ઈલ્બર્ટ બિલ)*

ઈ.સ.1873ના ફોજદારી કાયદા અનુસાર એવુ ઠરાવવામાં આવ્યુ કે કોઈપણ હિંદી ન્યાયાધીશ કોઈપણ યુરોપિયન પર કામ ચલાવી શકશે નહીં. ન્યાયની બાબતમાં આ એકજાતની અસમાનતા હતી. તે અસમાનતા દૂર કરવા માટે રિપનના ટેકાથી તેની સરકારના કાયદા સભ્ય સર સી. પી. ઈલ્બર્ટે બિલ નામે ઓળખાતુ એક બિલ ધારાસભામાં 1883માં રજૂ કર્યું આ બિલ નો હેતુ હિંદી ન્યાયાધીશો પણ યુરોપિયનો પર કામ ચલાવી શકે તેવી જોગવાઈ કરવામાં આવી હતી. એટલે આ બિલનો હેતુ ન્યાયતંત્રની અસમાનતા દૂર કરવાનો હતો; પરંતુ આની સામે હિંદમાં વસતા યુરોપિયનોએ પ્રચંડ વિરોધ જગાવ્યો. તેમણે પોતાના અધિકારોના રક્ષણ માટે યુરોપિયન એસોશિયેશનની સ્થાપના કરી. ભારતમાં વસતા યુરોપિયન લોકોએ આ બિલના વિરુદ્ધમાં ઠેર ઠેર સભાઓ ભરવા માંડી અને ઠેર ઠેર રિપનનો વિરોધ કરવામાં આવ્યો આખરે આ પ્રચંડ વિરોધ સામે રિપનને નમતુ જોખવું પડ્યુ અને આ બિલમાં સુધારો કરવો પડ્યો આ બિલને તેના મૂળ સ્વરૂપમાં લાવવું પડ્યું.

યુરોપિયનોના વિરોધને કારણે ઈલ્બર્ટ બિલનો મૂળ આશય જ માર્યો ગયો. તેનું લોર્ડ રિપનને ખરેખર દુઃખ લાગ્યુ હતુ અને એટલે જ તેણે 1884નાં ડિસેમ્બરમાં પોતાના હોદ્દાથી રાજીનામુ આપ્યુ હતુ. હિંદીઓ માટે ઈલ્બર્ટ બિલનો પ્રસંગ એક બોધપાઠ બની ગયો. તેમાંથી લોકોને સમજાયુ કે સંગઠન તેમજ વ્યવસ્થિત વિરોધનું રાજકારણમાં કેટલુ

મહત્વ છે. હિંદમાં શાસન કરતી પરદેશી સત્તાની સામે વ્યવસ્થિત લડવા માટે કોઈ દેશ વ્યાપી શક્તિશાળી સંગઠનની જરૂર છે. તેના પરિણામે 2 વર્ષ પછી ઈ.સ. 1885માં હિંદી રાષ્ટ્રીય કાંગ્રેસ મહાસભાનો જન્મ થયો. ***તમારી પ્રગતિ ચકાસો – 2***

1. રિપનના કેળવણી વિષયક સુધારા 50 શબ્દોમાં જવાબ લખો.

_____
_____
_____
_____
_____

2. રિપનના સ્થાનિકસ્વરાજ્ય અંગેના સુધારા દસ લિટીમાં જવાબ લખો.

_____
_____
_____
_____
_____
_____

3. રિપનના ન્યાય વિષયક સુધારા દસ લિટીમાં જવાબ લખો.

_____
_____
_____
_____
_____
_____

4. નીચે આપેલા વિધાનો ખરાં (√) કે ખોટાં (×) તે જણાવો.

- રિપન ઈગ્લેન્ડના ગ્લેડ સ્ટન યુગનો ઉદારમતવાદી હતો.
- હંટર કમિશનની નિમણૂક 1885માં થઈ.
- રિપને વર્નાક્યુલર પ્રેસ એક્ટની નાબૂદી કરી.
- રિપનને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો પિતા કહેવામાં આવે છે.
- રિપને 1885માં ઈલ્બર્ટ બિલ પસાર કર્યું.

8.4 *સારાંશ :*

આ એકમમાં આપણે વાઈસરૉય લોર્ડ લિટન અને રિપનની સિદ્ધિઓની ચર્ચા કરી છે લિટન એક વહીવટકર્તા તરીકે સંપૂર્ણપણે ખર્ચાળ અને નિષ્ફળ પૂરવાર થયો હતો. દુષ્કાળ સમયે દરબાર ભરવો, મીઠા પરનો કર વધારવો. ઈગ્લેન્ડના જાડા કાપડ પરની 5% જકાત નાબૂદ કરવી. ઈગ્લેન્ડના વેપારીઓને લાભ આપવો, હથિયાર બંધી ધારો, વર્નાક્યુલર પ્રેસ ઍક્ટ તેમજ સનદી પરીક્ષામાં બેસવાની વય મર્યાદામાં ઘટાડો વગેરે તેના આંતરિક પગલાઓએ તેને દેશની જનતા માં અળખામણો બનાવ્યો તેની દમનકારી

નીતિએ ભારતના વિશાળ જનસમુદાયમાં અસંતોષ ઊભો કર્યો. તેના આવા કાર્યોથી હિંદના લોકોમાં રાષ્ટ્રીય એકતાની ભાવના વધુ દ્રઢ બની ડૉ. એસ. આર.શર્માના મતે ભારતના વાઈસરૉયમાં જે હોવુ જોઈએ તેનાથી ઉલટુ લોર્ડ લિટનમાં હતુ. તે શાસક તરીકે નિષ્ફળ પૂરવાર થયો હતો.

લોર્ડ રિપન ભારતના પ્રથમ વાઈસરૉય હતો કે, જેને ભારતીયોનો આટલો પ્રેમ અને વિશ્વાસ મળ્યો હોય; ઈલ્બર્ટ બિલના દુઃખદ બનાવ બાદ 1884 માં તે રાજીનામુ આપીનેચાલ્યો ગયો તેના વિદાય સમારંભમાં ભારતના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. અમૃતસર, કલકત્તા અને મુંબઈમાં લોકોએ તેનું ભવ્ય સન્માન કર્યું. ડૉ. એસ. ગોપાલન જણાવે છે કે રિપન ભારતીયો દ્વારા પૂજવામાં આવતો હતો. જ્યારે અંગ્રેજો તેનાથી નફરત કરતા હતા. તેણે ભારતીયોને અંગ્રેજોની માફક સમાન સ્તર પર લાવવા પ્રયાસ કર્યો હતો. નિઃસ્વાર્થપણે શૈક્ષણિક આર્થિક સુધારા કર્યા. સ્થાનિક સ્વશાસનનો વિકાસ કરી ભારતીયોને રાજકીય અને વહીવટી તાલીમ આપી અંગ્રેજ ઈતિહાસકારક પી.ઈ.રોબર્ટસ નોંધે છે કે, લોર્ડ રિપને (પોતાના કાર્યોથી) પોતાના દેશવાસીઓઓની સહાનુભૂતિ ગુમાવી દીધી હતી પરંતુ હિંદુસ્તાનના કરોડો લોકોની સહાનુભૂતિ મેળવી હતી. તેણે કરેલા વિવિધ સુધારાઓથી શાસક તરીકે સફળ પુરવાર થયો હતો. લોર્ડ ડફરીન અને લોર્ડ કર્ઝને પણ રિપનના કાર્યોની પ્રસંશા કરી હતી. તે હિંદની પ્રજાનો શુભેચ્છક અને સાચો મિત્ર હતો તેમાં કોઈ અતિશયોક્તિ નથી.

8.5 *શબ્દાવલી :*

- બ્રિટીશતાજ – ઈગ્લેન્ડનો રાજા અથવા રાણી
- તુમાખીભર્યુ – અત્યંત અભિમાની, ઉદ્ધત
- ઈજારો – અધિકાર
- આઈ.સી.એસ. – સ્ટેચ્યુટરી સિવિલ સર્વિસ
- હંટર કમિશન – રિપનના સમયમાં કેળવણીમાં સુધારા કરવા વિલિયમ હંટરના અધ્યક્ષપદે નિમાયેલુ પંચ
- ઈલ્બર્ટબિલ - કાયદાની અસમાનતા દૂર કરવા રિપનની સરકારની કાયદામંત્રી સર સી.પી.ઈલ્બર્ટે રજૂ કરેલુ બિલ

8.6 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો :*

તમારી પ્રગતિ ચકાસો – 1

- પ્રશ્ન-1નો જવાબ ×.2.1
- પ્રશ્ન-2નો જવાબ (1) √ (2) × (3) × (4) √ (5) √ (6) ×

તમારી પ્રગતિચકાસો – 2

- પ્રશ્ન-1નો જવાબ ×3.4
- પ્રશ્ન-2નો જવાબ × 3.7
- પ્રશ્ન-3નો જવાબ × 3.8

- ખરાં ખોટાના જવાબ : (1) √ (2) × (3) √ (4) √ (5) ×

8.7 *संदर्भ :*

1. ડૉ. રમેશકાંત ગો. પરીખ ભારતનો ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1974
2. ડૉ. ધારૈયા આર. કે, અર્વાચીનભારતનો ઈતિહાસ (બ્રિટીશયુગ) સી. જમનાદાસની કંપની, અમદાવાદ, 1995-96
3. त्यागी एम. एस., आधुनिकभारत, राधा पब्लिकेशन, दिल्ही, २०००
4. छाबड़ा जी, एस, आधुनिक भारतीय इतिहास, स्टलिंग पब्लिशज, प्राइवेट लि. नई दिल्ही, ११८६
5. महाजन विद्याधर, महाजन सावित्री, ब्रिटीशकालीन भारत का इतिहास, एस. चन्द्र एस कंपनी, दिल्ही, ११८६
6. कपूर गुरुख्श सिंह, भारतीय की रुपरेखा, एस. चन्द्र. एस कंपनी, दिल्ही,११६२

એકમ : 9 19મી સદીની સામાજિક અને ધાર્મિક ચળવળો

:: રૂપરેખા::

9.0 *ઉદ્દેશો*

9.1 *પ્રસ્તાવના*

9.2 *19મી સદીની સામાજિક અને ધાર્મિક ચળવળો*

9.2.1 *બ્રહ્મોસમાજ*

9.2.2 *દેવેન્દ્રનાથ ટાગોરના નેતૃત્વ નીચે બ્રહ્મોસમાજ*

9.2.3 *કેશવચંદ્ર સેનના નેતૃત્વ નીચે બ્રહ્મોસમાજ*

9.3 *પ્રાર્થના સમાજ*

9.4 *આર્યસમાજ*

9.4.1 *ધાર્મિક ક્ષેત્રે આર્યસમાજ*

9.4.2 *સામાજિક ક્ષેત્રે આર્યસમાજ*

9.5 *રામકૃષ્ણ મિશન*

9.6 *થિયોસોફીકલ સોસાયટી*

9.7 *મુસ્લિમ સમાજ અને સુધારણા*

9.8 *પારસી સમાજ અને સુધારણા*

9.9 *શીખ સમાજ અને સુધારણા*

9.10 *સારાંશ*

9.11 *શબ્દાવલી*

9.12 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

9.13 *સંદર્ભ*

9.0 ઉદ્દેશો :

આ એકમમાં આપણે 19 મી સદી દરમિયાન ભારતમાં થયેલી સામાજિક અને ધાર્મિક ચળવળો વિશે શીખીશું. આ એકમ વાંચ્યા બાદ તમે જાણી શકશો કે,

- 19મી સદીની સામાજિક અને ધાર્મિક ચળવળો

- બ્રહ્મોસમાજ
- દેવેન્દ્રનાથ ટાગોરના નેતૃત્વ નીચે બ્રહ્મોસમાજ
- કેશવચંદ્ર સેનના નેતૃત્વ નીચે બ્રહ્મોસમાજ
- પ્રાર્થના સમાજ
- આર્યસમાજ
- ધાર્મિક સુધારણા ક્ષેત્રે આર્યસમાજ
- રામકૃષ્ણ મિશન
- થિયો સોફીકલ સોસાયટી
- મુસ્લિમ સમાજ અને સુધારણા ચળવળ
- શીખ સમાજ અને સુધારણા ચળવળ
- પારસી સમાજ અને સુધારણા ચળવળ

9.1 *પ્રસ્તાવના :*

19મી સદી હિંદના ઈતિહાસમાં સિમા-ચિહ્નરૂપ બની. આ સદી દરમિયાન હિંદમાં સામાજિક અને ધાર્મિક ચળવળો થઈ. આ સામાજિક અને ધાર્મિક સુધારણાની ચળવળના દર્શન આપણને બ્રહ્મોસમાજ, પ્રાર્થના સમાજ, આર્યસમાજ, રામકૃષ્ણ મિશન, થિયોસોફીકલ સોસાયટી અને જેવી બીજી કેટલીક સંસ્થાઓમાં જોવા મળે છે. આ સમય દરમિયાન ડૉ. અક્ષયકુમાર દેસાઈ તેમના 'ભારતમાં રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકા' નામના ગ્રંથમાં લખે છે કે, સામાજિક ક્ષેત્રે સતિપ્રથાની નાબૂદી, સ્ત્રીઓ માટે સમાન હકો, બાળ લગ્નો સામે ઝુંબેશ, વિધવા પુર્નલગ્નને પ્રોત્સાહન,સામાજિક અને કાનૂની અસમાનતા સામે જેહાદ, ધાર્મિકક્ષેત્રે ધાર્મિક વહેમો, મૂર્તિપૂજા વગેરે સામે વિવિધ ચળવળો થઈ. આ ચળવળો કે આંદોલનો ભારતમાં સામાજિક અને ધાર્મિક ચળવળો તરીકે ઓળખાય છે. પાશ્ચાત્ય શિક્ષણના પરિણામે હિંદની પ્રજામાં જાગૃતિ આવી. આ ચળવળ સામાજિક અને ધાર્મિક અનિષ્ટો દૂર કરવા પરિણામે થઈ હિંદ ધીમે ધીમે નૂતન યુગમાં પ્રવેશ્યું.

9.2 *19મી સદીની સામાજિક અને ધાર્મિક ચળવળો :*

19 મી સદી દરમિયાન હિંદમાં અનેક સામાજિક અને ધાર્મિક દૂષણો પ્રચલિત હતા. અંગ્રેજી કેળવણી અને પાશ્ચાત્ય સંસ્કૃતિના સમાગમના કારણે હિંદની પ્રજા જાગૃત બની. રાજારામ મોહનરાય, કેશવચંદ્ર સેન, દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, એની બેસન્ટ, સરસૈયદ અહમદ, દાદાભાઈ નવરોજી જેવા સુધારકોએ ચળવળો શરૂ કરી તેના પરિણામે હિંદમાં સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે કરવા જેવા સુધારા શક્ય બન્યા અને અનિષ્ટોને દૂરકરવામાં ધીમે ધીમે સફળતા મળી.

9.2.1 *બ્રહ્મોસમાજ :*

મિ. જે. એમ. ફારકરના મતે 19 મી સદીના સામાજિક અને ધાર્મિક સુધારણા આંદોલન ચલાવનાર સંસ્થાઓમાં બ્રહ્મોસમાજ સૌથી અધિક પ્રભાવશાળી સંસ્થા હતી.

રાજારામ મોહનરાયે ઈ. સ. 1815માં સ્થાપેલી આત્મીય સભા પાછળ થી 1828 ની 20 મી ઓગસ્ટે બ્રહ્મોસમાજમાં પરિણામી, આમ બ્રહ્મોસમાજના આદ્ય સ્થાપક રાજારામ મોહનરાય હતા. બ્રહ્મોસમાજે એક જ ઈશ્વરની પૂજામાં શ્રદ્ધા રાખી હતી. બ્રહ્મોસમાજ મૂર્તિ પૂજાનો નિષેધ કરે છે. રાજારામ મોહનરાયના બ્રહ્મોસમાજ પર ઈસ્લામ ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને હિંદુ ધર્મના ઉપનિષદના તત્ત્વજ્ઞાનની ખૂબ જ અસર પડેલી જોવા મળે છે. તે વિશ્વ બંધુત્વ તથા સર્વ ધર્મ સમભાવમાં શ્રદ્ધા રાખતા હતા. બ્રહ્મોસમાજની પ્રાર્થના તથા ધર્મ ચર્ચામાં કોઈપણ જાતના ભેદભાવ સિવાય કોઈપણ માનવી ભાગ લઈ શકતો. બ્રહ્મોસમાજે સતીપ્રથા, બાળલગ્ન, પડદા પ્રથા જેવા કુરિવાજો સામે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. હિંદુ ધર્મ સમાજ તથા રાજકારણમાં સુધારાની ચળવળના પ્રથમ સોપાન રાજારામ મોહનરાય તથા બ્રહ્મોસમાજ હતા તેવુ ડૉ. ઝકરીયાઝ તેમના ગ્રંથમાં નોંધ છે. બ્રિટીશ સંસદે જેની સલાહ લીધી હોય તેવા ભારતીયોમાં એ પ્રથમ હતા. તેમની રાજકીય વિચારસરણી પર યુરોપના બેકન, હ્યુમ, બેન્થામ, બ્લેકસ્ટોન, મોન્ટેસ્ક જેવા વિચારકોનો પ્રભાવ પડ્યો હતો. તેમણે ભારતમાં આધુનિક યુગનો પાયો નાખ્યો આ માટે રવિન્દ્રનાથ ટાગોરે આપેલી અંજલિ ખૂબ ઉચિત છે. આ સૈકાના તે મહાન પથદર્શક છે. તેમને ભારતીય નવજાગૃતિના પિતા અને રાષ્ટ્રવાદના સંત તરીકે ઓળખવામાં આવે છે. તેમના અવસાન પછી બ્રહ્મોસમાજમાં નવો પ્રાણ પુરવાનું કામ દેવેન્દ્રનાથ ટાગોરે કર્યું.

9.2.2 *દેવેન્દ્રનાથ ટાગોરના નેતૃત્વ નીચે બ્રહ્મોસમાજ :*

ઈ. સ. 1843માં દેવેન્દ્રનાથ ટાગોર બ્રહ્મોસમાજમાં જોડાયા તેમણે વ્યવસ્થિત પ્રચાર માટે બંધારણ ઘડ્યુ અને સમાજના સભ્ય માટે પ્રતિજ્ઞા પત્ર તથા બ્રહ્મોપાસના નામની પ્રાર્થના દાખલ કરી. તેમણે ''તત્ત્વ બોધિની'' પત્રિકા નામનું માસિક શરૂ કર્યું અને તે દ્વારા સંસ્થાના સિદ્ધાંતોનો પ્રચાર પણ શરૂ કર્યો. ડૉ. આર. સી. મજુમદાર નોંધે છે કે, ''બ્રહ્મોસમાજમાં ધાર્મિક આંદોલન શરૂ કરનાર દેવેન્દ્રનાથ ટાગોર હતા. જ્યારે સામાજિક આંદોલન શરૂ કરનાર કેશવચંદ્ર સેન હતા.''

9.2.3 *કેશવચંદ્ર સેનના નેતૃત્વ નીચે બ્રહ્મોસમાજ :*

ઈ.સ. 1857માં કેશવચંદ્રસેન બ્રહ્મોસમાજમાં જોડાતા તેમની વાણી એન લોકપ્રિયતાના કારણે બ્રહ્મોસમાજનો ખૂબ પ્રચાર થયો. તેમણે પ્રાર્થનામાં ખ્રિસ્તીધર્મની લાગણીવશતા તથા સાચા હ્યદયના પશ્ચાતાપનો ઉમેરો કર્યો. કેશવચંદ્ર સેનના પ્રયત્નોને કારણે જ 1865 સુધીમાં બંગાળ, પંજાબ તથા મદ્રાસમાં કુલ 54 શાખાઓની સ્થાપના થઈ હતી. કેશવચંદ્ર સેને આંતરજ્ઞાતીય લગ્ન, વિધવા પુર્નલગ્ન, સ્ત્રીઓ માટે પડદાપ્રથાની નાબૂદી જેવા સામાજિક સુધારા માટે જોરશોર થી પ્રચાર કર્યો હતો.

કેશવચંદ્રસેને આદિ બ્રહ્મોસમાજ નામનો પોતાનો નવો બ્રહ્મોસમાજ સ્થાપ્યો. તેમણે ક્રાંતિકારી સુધારાની તરફેણ કરી હતી. તેમનો સમાજ બ્રાહ્મણવાદ અને વેદ વિરોધ હતો. સ્ત્રીઓને પણ આ સમાજમાં દાખલ કરવામાં આવી હતી. તેમના પ્રયત્નોના પરિણામે ઈ.સ. 1872માં હિંદ સરકારે બાળલગ્ન તથા બહુ પત્નીત્ત્વ પ્રથા ઉપર પ્રતિબંધ

મૂક્તો અને વિધવા વિવાહને કાયદેસર ગણવા કાયદાઓ પસાર કર્યા હતા. કેશવચંદ્ર સેનને એટલી બધી પ્રતિષ્ઠા મળી હતી કે અનુયાયીઓ તેમને ઈશ્વરનો અવતાર સમજવા લાગ્યા જો કે આ પ્રકારની વ્યક્તિગત પૂજાનો કેટલાક યુવાનોએ વિરોધ કર્યો જ્યારે કેશવચંદ્ર સેને પોતાની 14 વર્ષની દિકરીના લગ્ન કૂચ બિહારના મહારાજા સાથે કર્યા ત્યારે પ્રગતિશીલ યુવાનોએ કેશવચંદ્રસેનને બ્રહ્મો સમાજમાંથી પડતા મૂક્યા અને 1878માં બ્રહ્મ સમાજમાં બીજીવાર ભાગલા પડયા. સાધારણ બ્રહ્મોસમાજની સ્થાપના કરી. આ નવા સ્થપાયેલા બ્રહ્મોસમાજે સમાજ સુધારણાના ક્ષેત્રે ખાસ કરીને સ્ત્રીઓનો સામાજિક દરજ્જો સુધારવા, વિધવા વિવાહ, બહુપત્નીત્વ પ્રથાનો અંત પડદા પ્રથાની નાબૂદી, સ્ત્રીઓની ઉચ્ચ શિક્ષણ માટે વ્યવસ્થા વગેરેમાં ઘણો ફાળો છે. આ ઉપરાંત જ્ઞાતિવાદને દૂર કરવા, આંતરજ્ઞાતિય લગ્નો પ્રચલિત કરવા, આંતરજ્ઞાતિય ભોજનને ઉત્તેજન આપવામાં પણ તેણે ઘણા પ્રયત્નો કર્યા છે.

9.2.4 *પ્રાર્થના સમાજ :*

પ્રાર્થના સમાજની સ્થાપના ઈ.સ.1867માં આત્મારામ પાંડુરંગે કરીહતી, ત્યાર બાદ તેમાં ડૉ. ભાંડારકર, વી. એ. મોડક, એમ. એન. પરમાનંદ, બી. એ. વાઘેલ વગેરે જોડાયા હતા. તેમણે પ્રાર્થના સમાજને વધુ કાર્યશીલ બનાવ્યો હતો. આ સમાજના સિદ્ધાંતોમાં

- ધાર્મિકક્ષેત્રે – એકેશ્વર વાદ, મૂર્તિપૂજાનો વિરોદ્ધ પ્રાર્થના દ્વારા ઈશ્વરની સ્તુતિ વગેરે હતા. જ્યારે
- સામાજિક ક્ષેત્રે – વિધવા પુર્નલગ્ન, જ્ઞાતિ પ્રથાની નાબૂદી, સ્ત્રી કેવળણને પ્રોત્સાહન,બાળલગ્નની નાબૂદી વગેરે હતા.

પ્રાર્થના સમાજ ધાર્મિક્ષેત્રે એકેશ્વરવાદ અને મૂર્તિ વગરની પ્રાર્થનામાં માનતો હતો. આ સમાજ પ્રાર્થનામાં માનતો હોવા છતાં તેણે ભૌતિકબળની પ્રાપ્તિ માટે નહીં પરંતુ આધ્યાત્મિક ઉન્નતિ માટે પ્રાર્થના કરવી જોઈએ. એવો આગ્રહ રાખતો હતો. સામાજિક સુધારણા ક્ષેત્રે પ્રાર્થના કરવી જોઈએ એવો આગ્રહ રાખતો હતો. સામાજિક સુધારણા ક્ષેત્રે પ્રાર્થના સમાજનું મહત્વ ધાર્મિક સુધારા કરતા વધારે છે. તેથી તે ટૂંક સમયમાં સમાજ સુધારકોના આંદોલનની મુખ્ય સંસ્થા બની ગઈ.

વિધવા પુર્નલગ્ન, બાળલગ્ન નિષેધ, બહુપત્નીત્વ પ્રથા, આંતરજ્ઞાતીય લગ્નપ્રથા, આંતરજ્ઞાતીય ભોજન વગેરે સમાજમાં પ્રચલિત કરવા પ્રાર્થના સમાજે પ્રસંશનીય પ્રયત્નો કર્યા હતા. આ સમાજના આશ્રયે પંઢરપુરમાં એક અનાથાશ્રમ સ્થાપ્યો. આ ઉપરાંત આ સમાજ તરફથી રાત્રી શાળાઓ, વિધવા માટે રહેઠાણો, પછાત વર્ગોના ઉત્કર્ષ માટેની સંસ્થાઓ સ્થાપી. ન્યાયમૂર્તિ રાનડે અને ડૉ. ભાંડારકરના પ્રયત્નોથી પૂનામાં ડેક્કન એજ્યુકેશન સોસાયટી અને મુંબઈમાં વિધવા પુર્નલગ્ન મંડળની સ્થાપના કરી. પ્રાર્થના સમાજે પોતાના સિદ્ધાંતોનો પ્રચાર કરવા માટે ''સુબોધ પત્રિકા'' નામનું માસિક શરૂ કર્યુ. મુંબઈ, અમદાવાદ, પુના, સુરત, નવસારી, નડિયાદ, ખેડા, પેટલાદ વગેરે શહેરોમાં પ્રાર્થના સમાજની શાખાઓ સ્થપાઈ. સામાજિક અને ધાર્મિક સુધારાની ચળવળમાં

બ્રાહ્મોસમાજે જેવી કામગીરી બંગાળમાં કરી હતી તેવી જ કામગીરી પ્રાર્થના સમાજે મહારાષ્ટ્રમાં કરી હતી.

9.4 *આર્યસમાજ :*

આર્ય સમાજની સ્થાપના ઈ.સ. 1875ની 10મી એપ્રિલે મુંબઈમાં દયાનંદ સરસ્વતીએ કરી હતી.

9.4.1 *ધાર્મિક ક્ષેત્રે આર્યસમાજ :*

આર્યસમાજ મૂર્તિપૂજાનો વિરોધ અને એકેશ્વરવાદનો હિમાયતી હતો. આર્યસમાજના સ્થાપક સ્વામીદયાનંદ સરસ્વતીએ વૈદિક ધર્મનો પ્રચાર અને હિંદુ ધર્મની સુધારણામાં પોતાનો સમય ગાળ્યો. એમને હિંદુ ધર્મને ફરી પાછો શુદ્ધ વૈદિક બનાવવાની તમન્ના જાગી તેમણે ''વેદ તરફ પાછાવળો''નું સૂત્ર આપ્યુ. તેમણે વૈદિક ધર્મના પ્રચાર માટે પ્રાચીનઢબના ગુરૂકુળો સ્થાપ્યા. તેમાં વિદ્યાર્થીઓને વેદશાસ્ત્રનો અભ્યાસ કરાવવામાં આવતો. ત્યારબાદ તેમણે શુદ્ધિ આંદોલન શરૂ કર્યુ. આ આંદોલનનો મુખ્ય હેતુ વટલાયેલા હિંદુઓને ફરી પાછા હિંદુ બનાવવાનો હતો. તેમની પાસે અમુક ક્રિયાઓ કરાવી તેમને હિંદુ બનાવી દેવામાં આવતા.

9.4.2 *સામાજિક સુધારણાના ક્ષેત્રે આર્યસમાજ :*

આર્ય સમાજ બાળલગ્ન તથા બહુપત્નીત્વ પ્રથાનો વિરોધ કર્યો. વિધવા વિવાદ અને સ્ત્રી શિક્ષણનો પ્રચાર કર્યો. તેમજ જ્ઞાતિના બંધનોની જડતા સામે પોકાર ઉઠાવ્યો અને દરિયાપારની મુસાફરીને ઉત્તેજન આપ્યુ. આમ ધાર્મિક અને સામાજિકક્ષેત્રે આર્યસમાજનું કાર્ય તે સમાજના વિકાસશીલ તત્ત્વો હતા. ટૂંકમાં સ્વામી દયાનંદ સરસ્વતીના આર્યસમાજની પ્રવૃત્તિઓ વિશે આચાર્ય જાવડેકર જણાવે છે કે, આર્ય સમાજે હિંદુ સમાજને આક્રમણશીલ સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો અને મૂર્તિ પૂજા બાળલગ્ન, સ્ત્રીઓની ગુલામી જન્મજાત અસ્પૃશ્યતા વગેરે હિંદુ સમાજના ઘર કરી બેઠેલા દૂષણો પર તેમણે પ્રહારો કર્યા. સ્વામી દયાનંદ સરસ્વતીના મૃત્યુ પછી તેમનું કાર્ય તેમના શિષ્ય લાલા હંસરાજ, લાલા લજપતરાય, પંડિત ગુરૂદત્ત, સ્વામી શ્રદ્ધાનંદ વગેરેએ સંભાળી લીધુ. લાલ હંસરાજે ઈ.સ. 1886માં લાહોરમાં દયાનંદ એંગ્લો વૈદિક સ્કૂલ સ્થાપી જે પાછળ થી કોલેજમાં ફેરવાઈ તથા સ્વામી શ્રદ્ધાનંદે 1902માં હરિદ્વાર પાસે કાંગડી ગુરૂકુળ સ્થાપ્યું.

આ પાઠશાળાનો હેતુ જીવનમાં વેદ પ્રમાણેનો આદર્શ ફેલાવવાનો હતો. ટૂંકમાં આર્યસમાજની ચળવળે હિંદુઓમાં આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતા ગૌરવપૂર્વક જગાડ્યા. સ્વામી દયાનંદ કદાચ પ્રથમ ભારતીય હતા કે જેમણે સ્વદેશી તથા ભારત ભારતીયો માટેનો વિશ્વને સંદેશ આપ્યો તેમણે આર્યસમાજના સિદ્ધાંતોનો સત્યાર્થ પ્રકાશ નામના પુસ્તક દ્વારા પ્રચાર પ્રચાર કર્યો હતો. તેમણે હિંદુસ્તાનના સામાજિક, ધાર્મિક કે રાજકીય સુધારકોને જાણે નવી દિશા આપી હતી. દલિત વર્ગોની સ્થિતિ સુધારવા સુંદર કામ કર્યુ હતું. તેમજ હિંદીને રાષ્ટ્ર ભાષાનું સ્વરૂપ આપ્યુ હતું.

- ***તમારી પ્રગતિ ચકાસો – 1***

1. સામાજિક અને ધાર્મિક સુધારણા ક્ષેત્રે બ્રહ્મોસમાજનું પ્રદાન 100 શબ્દોમાં જવાબ લખો.

_____
_____
_____
_____
_____
_____
_____
_____

2. સામાજિક સુધારણા ક્ષેત્રે આર્યસમાજનું પ્રદાન 50 શબ્દોમાં જણાવો.

_____
_____
_____
_____
_____
_____
_____

3. નીચે આપેલી ખાલી જગ્યાએ યોગ્ય શબ્દો મૂકી પૂરી કરો.

- આત્મીય સભાની સ્થાપના _____ એ કરી હતી.
- આદિ બ્રહ્મોસમાજની સ્થાપના _____ એ કરી હતી.
- પ્રાર્થના સમાજે પોતાના સિદ્ધાંતોનો પ્રચાર કરવા માટે _____ નામનું માસિક શરૂ કર્યું.
- દયાનંદ સરસ્વતીએ _____ સમાજની સ્થાપના કરી હતી.
- હરિદ્વાર પાસે કાંગડી ગુરૂકુળની સ્થાપના _____ એ કરી હતી.

9.5 *રામકૃષ્ણ મિશન :*

રામકૃષ્ણ મિશનની સ્થાપના ઈ.સ. 1897માં બંગાળમાં બેલૂર ખાતે સ્વામી રામકૃષ્ણ પરમહંસના મહાન શિષ્ય સ્વામી વિવેકાનંદે કરી હતી. સ્વામી રામકૃષ્ણ કલકત્તા પાસે આપેલા દક્ષિણેશ્વરના મહાન સંત અને કાલિમાતાના પ્રખર ભક્ત હતા. સ્વામી વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્રનાથ હતું. તેમણે કલકત્તા યુનિવર્સિટીમાં સ્નાતકની પદવી પ્રથમ વર્ગમાં પસાર કરી હતી. તેમનું વ્યક્તિત્વ વિશિષ્ટ પ્રકારનું હતું. 1893માં શિકાગોમાં ભરાયેલી વિવિધ ધર્મોની પરિષદમાં તેમણે વેદાંત પર જોરદાર શૈલીમાં પ્રવચન આપી હિંદુ ધર્મની ઉચ્ચતાનું વિશ્વને ભાન કરાવ્યુ હતું. તેમના વ્યક્તિત્વથી આકર્ષાઈને યુવક યુવતીઓ તેમના શિષ્ય બન્યા હતા. પોતાના ગુરૂના નામ પરથી તેમણે આ મિશનની સ્થાપના કરી હતી. રામકૃષ્ણ મિશન સમાજ તથા ધર્મ સુધારણાનો માટો હિમાયતી હતો.

રામકૃષ્ણ મિશને મૂર્તિપૂજા તથા એકેશ્વરવાદને ટેકો આપ્યો હતો. આ મિશનની માન્યતા મુજબ ઈશ્વર એક જ છે. પરંતુ તેને મેળવવા માટેના માર્ગો વિવિધ છે. રામકૃષ્ણ

પરમહંસ માનતા હતા કે મૂર્તિ પૂજાએ ઈશ્વરની પ્રાપ્તિ માટેના મહત્વના સાધનરૂપ છે. તેઓ તમામ ધર્મને સાચા ગણતા હતા અને તેઓ મહાકાલીના ઉપાસક હતા.

ધાર્મિક સુધારાના ક્ષેત્રે રામકૃષ્ણ મિશને હિંદમાં ઠેર ઠેર શાળાઓ અને દવાખાના ખોલ્યા છે તથા દુષ્કાળ, પૂર કે ધરતીકંપ જેવી કુદરતી આફતો વખતે મિશનના કાર્યકર્તાઓ રાહત કાર્યો શરૂ કરીને સમાજ સેવાનું કામ કરે છે. વિવેકાનંદ માનતા કે યુદ્ધખોર માનસ ધરાવતા આધુનિક જગતને માત્ર ભારત આધ્યાત્મિક આદર્શો પુરા પાડીને બચાવી શકશે. રામકૃષ્ણ મિશન એ વ્યવહારિક સંસ્થા છે. તેનો આદર્શ બહુજન હિતાય અને બહુજન સુખાયાનો છે. રાષ્ટ્રીય ચેતના જગાવવામાં રામકૃષ્ણ મિશને મહત્વનો ભાગ ભજવ્યો છે.

9.6 *થિયોસોફીકલ સોસાયટી :*

થિયોસોફીકલ સોસાયટીએ આંતરરાષ્ટ્રીય સોસાયટી છે તેની સ્થાપના 1875 ની 7 મી સપ્ટેમ્બરે અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં થઈ હતી. તેના મુખ્ય સ્થાપકોમાં રશિયન મહિલા મેડમ બ્લેવટસ્કી અને કર્નલ આલ્કોટ હતા. તેઓ અમેરકન હતા. મેડમ બ્લેવટસ્કી ઈ.સ.1879માં હિંદમાં આવ્યા. 1882 માં મદ્રાસ પાસેના અડિયારમાં થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના કરી. 1893માં આઈરીશ મહિલા શ્રીમતી એની બેસન્ટના મતે થિયોસોફી શબ્દ મૂળ ગ્રીકમાંથી આવ્યો છે. ગ્રીક ભાષામાં થિયો એટલે ઈશ્વર અને સોફિયા એટલે જ્ઞાન શબ્દોમાંથી બનેલા થિયોસોફિનો અર્થ 'ઈશ્વર સંબંધી જ્ઞાન' એવો થાય છે. તેના આજે બદલાયેલા ઉદ્દેશોમાં મુખ્ય ત્રણ આપ્રમાણે છે. (1) વિશ્વ બંધુત્વ (2)વિશ્વના ધર્મોનું તુલનાત્મક અધ્યયન (3) ગૂઢ શક્તિની ખોજ

- ***થિયોસોફીકલ સોસાયટીની કામગીરી :***

એની બેસન્ટ માનતા હતા કે હિંદની સાચી પ્રગતિ હિંદુ ધર્મના પુનરુત્થાન દ્વારા થઈ શકશે એટલે આ સોસાયટી પ્રાચીન હિંદુધર્મના આધ્યાત્મિક મૂલ્યો તરફ દ્રષ્ટિપાત કરે છે. કોઈપણ જાતના નાના કે ધર્મના ભેદભાવ વગર વિશ્વ બંધુત્વનો આદર્શ સ્થાપવાના તેના પ્રયાસો પ્રસંશનીય છે. થિયોસોફીકલ સોસાયટીના ઉદ્દેશોનો ફેલાવો કરવા માટે શ્રીમતી એની બેસન્ટે બનારસમાં હિંદુ સ્કૂલની સ્થાપના કરી જે પાછળથી બનારસ હિંદુ યુનિવર્સિટીના રૂપમાં ફેરવાઈ. આજે પણ આ સોસાયટી, શાળાઓ, વાંચનાલયો, દવાખાના વગેરે સમાજ સેવાના કાર્યો પોતાની દેશવ્યાપી શાખાઓ દ્વારા કરે છે અને પોતાના સિદ્ધાંતોનો ફેલાવો કરવા માટે પ્રવચનો, ગ્રંથ પ્રકાશનો વગેરે પ્રવૃત્તિઓ કરે છે. આમ સામાજિક અને ધાર્મિક સુધારણાના ક્ષેત્રે થિયોસોફીકલ સોસાયટી એક મહત્વના અંગ તરીકે પુરવાર થઈ છે.

એની બેસન્ટે પોતાના એક ભાષણમાં કહ્યુ હતુ કે, વિશ્વના બધા ધર્મોનો 40 વર્ષ સુધી અભ્યાસ કર્યો પછી હું એવા નિષ્કર્ષ પર આવી છું કે હિંદુ ધર્મ જેવો બીજો કોઈ ધર્મ સંપૂર્ણ વૈજ્ઞાનિક, દાર્શનિક અને આધ્યાત્મિક લાગતો નથી.

એની બેસન્ટે ભારતીય સમાજમાં ફેલાયેલા બાળ વિવાહ, બાળકીને દૂધ પીતી કરવાની પ્રથા, કન્યા વિક્રય અને છૂત-અછૂત જેવા દૂષણોને પણ દૂર કરવા પ્રયત્નો કર્યા. વિધવા વિવાહને પ્રોત્સાહન આપ્યુ. આમ એક વિદેશી મહિલા હોવા છતાં એની બેસન્ટે ભારતની જે સેવા કરી તે પ્રસંશનીય છે.

9.7 *મુસ્લિમ સમાજ અને સુધારણા :*

19 મી સદી દરમિયાન હિંદના મુસ્લિમ સમાજમાં અંધ વિશ્વાસ અને પાખંડોની બોલબાલા વધી ગઈ હતી. પરિણામે મુસ્લિમ સમાજમાં ધાર્મિક અને સામાજિક કુરિવાજો દૂર કરવા માટે વહાબી આંદોલન, અલીગઢ આંદોલન અને અહમદી આંદોલન મુખ્ય હતા. આ આંદોલનોમાં ઈસ્લામના પવિત્રતા તથા એકતા પર ભાર મૂકવામાં આવ્યો છે. સરસૈયદ અહમદે મુસ્લિમોને પાશ્ચાત્ય કેળવણી પ્રાપ્ત કરવાની હાકલ કરી. સર સૈયદ અહમદના પ્રયત્નોથી અલીગઢમાં મુસ્લિમ કોલેજની સ્થાપના થઈ જે પાછળથી અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટી તરીકે ઓળખાઈ. સર સૈયદ અહમદે અંગ્રેજી સાહિત્ય અને વિજ્ઞાનના ગ્રંથોનું ઉર્દૂમાં ભાષાંતર કરી મુસ્લિમ સમાજને તેનો પરિચય આપ્યો. સર સૈયદ અહમદ સ્ત્રી કેળવણી તથા પડદા પ્રથા ત્યાગના હિમાયતી હતા. તેમના પ્રયાસોથી મુસ્લિમ સમાજમાં ઠેર ઠેર સુધારક સંસ્થાઓ સ્થપાઈ હતી. જેમણે સમાજ સેવાનું કામ આગળ ધપાવ્યુ હતું. તેમણે શરૂ કરેલા પોતાના અખબાર "તઝહિબ ઉલ અખલાક" માં પ્રગતિશીલ સામાજિક વિચારો રજૂ કર્યા. અહમદીયા ચળવળે મુસ્લિમો સામાજિક કાર્યના ક્ષેત્રમાં અને શિક્ષણના ફેલાવાના ક્ષેત્રમાં થોડુ પ્રસંસનીય કાર્ય કર્યુ હતું.

9.8 *પારસી સમાજ અને સુધારણા :*

અંગ્રેજી શિક્ષણ પામેલા કેટલાક પારસી યુવાનો એ પારસી ધર્મ અને સમાજમાં સુધારા કરવા માટે ઈ.સ.1851માં ધાર્મિક સુધારણા સંઘની સ્થાપના કરવામાં આવી. દાદાભાઈ નવરોજી આ સંસ્થાના અગ્રણી નેતા હતા. આ સંસ્થાએ એક મુખપત્ર શરૂ કરીને પારસી સુધારણા આંદોલનને વેગ આપ્યો. જ્યારે કે. આર. કામા અને બહેરામજી મલબારીએ સ્ત્રી ઉન્નતિની દિશામાં કાર્ય કર્યુ તેમણે બાળલગ્નનો વિરોધ કર્યો અને વિધવા પુર્નલગ્નની જોરદાર હિમાયત કરી તેમના પ્રયાસોથી હિંદ સરકારે 1891માં લગ્ન માટેની પુખ્તવયનો કાયદો પસાર કર્યો. પારસી સમાજે તેમના રાસ્ત ગોફતાર નામની મુખપત્રમાં સામાજિક, ધાર્મિક અનિષ્ટો દૂર કરવાના વિચારો રજૂ કર્યા અન્ય સમાજો કરતાં પારસી સમાજે ઝડપથી પશ્ચિમની સંસ્કૃતિ અને કેળવણીના નવા મૂલ્યો અપનાવી લીધા. ધાર્મિક અને સામાજિક સુધારાઓ કરીને પોતાના સમાજને દૂષણોથી મુક્ત કર્યા તેમજ ભારતને આધુનિકતા અને પ્રગતિના માર્ગે લઈ જવામાં પારસી સમાજે રચનાત્મક સહકારની ભૂમિકા પૂરી પાડી.

9.9 *શીખ સમાજ અને સુધારણા :*

19મી સદીના આ સુધારાના પ્રવાહે શીખસમાજ ઉપર અસર કરી હતી. મુખ્ય ખાલસા દિવાન નામની સંસ્થા દ્વારા શીખોના ગુરૂદ્વારાઓની યોગ્ય વ્યવસ્થા માટે શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક સમિતિની રચના કરવામાં આવી. જેને સરકારે માન્ય કરી અને ગુરૂદ્વારાનો બધો જ વહીવટ આ સમિતિને સોંપવામાં આવ્યો. સિંઘ સભાઓ નામે જાણીતી થયેલી શીખોની સ્થાનિક સંસ્થાઓએ શાળાઓ તથા કોલેજો શરૂ કરીને શીખોની કેળવણી માટે યોગ્ય પ્રબંધ કર્યો અને શીખ સમાજમાં સુધારા લાવવાના પ્રયાસો કર્યા.

- ***તમારી પ્રગતિ ચકાસો* - 2**

1. રામકૃષ્ણ મિશનની સામાજિક અને ધાર્મિક સુધારાની પ્રવૃત્તિ દસ લીટીમાં જણાવો.

_____
_____
_____
_____
_____
_____
_____

2. થિયોસોફીકલ સોસાયટીનું સામાજિક સુધારણા ક્ષેત્રે પ્રદાન જણાવો (50 શબ્દોમાં)

_____
_____
_____
_____
_____
_____

૩. મુસ્લિમોના કલ્યાણ માટે સર સૈયદ અહમદે કરેલા પ્રયાસો જણાવો. (50 શબ્દોમાં)

_____
_____
_____
_____
_____
_____
_____

3. *નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય શબ્દો મૂકી પૂરો.*

- 1897માં સ્વામી વિવેકાનંદે _____ સંસ્થાની સ્થાપના કરી.
- થિયોસોફીકલ સોસાયટીની સ્થાપના _____ વર્ષમાં થઈ હતી.
- અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટીની સ્થાપના _____ કરી હતી.
- રાશ્ત ગોફ્તાર નામનું મુખપત્ર _____ સમાજે શરૂ કર્યુ હતું.
- શીખોએ _____ નામની સંસ્થા દ્વારા ગુરૂદ્વારાઅને અમૃતસરમાં ખાલસા કોલેજ સ્થાપી.

9.10 ***સારાંશ :***

19 મી સદીની સામાજિક અને ધાર્મિક ચળવળોએ હિંદુ મુસ્લિમ, શીખ, પારસી વગેરે સમાજની રોનક બદલી નાખી અને હિંદના સામાજિક તેમજ ધાર્મિક જીવનમાં ભારે ક્રાંતિ લાવવાનું અગત્યનું કાર્ય કર્યું. પ્રજાએ સમાજમાં ધર્મના નામે ચાલતા ધતિંગો બંધ કરવાના પ્રયાસો કર્યા. ટૂંકમાં આચાર્ય જાવડેકર જણાવે છે કે, આર્યસમાજ, પ્રાર્થના સમાજ, રામકૃષ્ણ મિશન વગેરે સંસ્થાઓ એ માત્ર સામાજિક અને ધાર્મિક સુધારણા માટેના આંદોલનો કર્યા નથી પરંતુ તેઓએ ભારતના રાષ્ટ્રધર્મને જાગૃત કરવામાં પાયારૂપ કાર્ય કર્યું છે. આ આંદોલનો ખાસ કરીને ધાર્મિક અને સામાજિક હોવા છતાંયે તેમણે દેશાભિમાન અને દેશભક્તિ જગાડીને પ્રજામાં રાષ્ટ્રીય ચેતના વિકસીત કરી. 19 મી સદીની સુધારક ચળવળનો હેતુ દેશના લોકોની સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક, પરિસ્થિતિઓ અને તેમની ટેવોમાંથી મુક્ત કરવાનો રહ્યો હતો. તેમાં કેટલીક નબળાઈઓ પણ હતી. તેમ છતાં હિંદના આધુનિકીકરણનો કરેલો પ્રયાસ સરાહનીય હતો.

9.11 *શબ્દાવલી :*

એકેશ્વર વાદ	એકઈશ્વરમાં માન્યતા
જેહાદ	નાસ્તિકો સામે ધાર્મિક યુદ્ધ
પુનરુત્થાનવાદ	ભૂતકાળને પુર્નજીવિત અને ગૌરવાન્વિત કરવો.
દૂધ પીતી કરવાનો રિવાજ	નવજાત બાળકીની હત્યા
મૂર્તિ પૂજા	મૂર્તિ પૂજવાની પ્રથા
સતિ	વિધવા તેના મૃત પતિની ચિતા પર ચડીને બળી મરે તેવી પ્રથા. પતિ સાથે વિધવાનો પણ અગ્નિ સંસ્કાર થાય તેવી પ્રથા
સુધારણા	આધુનિકીકરણની પ્રક્રિયામાં મહત્વનું પગલુ
વિચારકો	અમુક પ્રકારની વિચારસરણીનો પ્રચાર કરવામાં રોકાયેલા હોય તેવા લોકો.
આત્મીય સભા	રાજારામ મોહનરાયે શરૂ કરેલી એકેશ્વરવાદની હિમાયતી ધાર્મિક સભા.
તત્ત્વબોધિની સભા	દેવેન્દ્રનાથ ટાગોરે ભારતની પ્રાચીન સંસ્કૃતિની સમજણ માટે સ્થાપેલી સંસ્થા

9.12 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો :*

તમારી પ્રગતિ ચકાસો – 1

- જવાબ 1 માટે ×.2.1, ×.2.2, ×.2.3
- જવાબ 2 માટે ×4.2

- ખાલીજગ્યાઓ

(1) રાજારામ મોહનરાય (2) કેશવચંદ્ર સેને (3) સુબોધ પત્રિકા

(4) આર્યસમાજ (5) સ્વામી શ્રદ્ધાનંદ

તમારી પ્રગતિ ચકાસો – 2

- જવાબ 1 માટે ×5
- જવાબ 2 માટે ×6
- જવાબ 3 માટે ×7
- ખાલીજગાઓ

(1) રામકૃષ્ણ મિશન (2) 1875 (3) સરસૈયદ અહમદ

(4) પારસી (5) મુખ્ય ખાલસા દીવાન

9.13 *संदर्भ :*

1. ડૉ. આર. કે. ધારૈયા, અર્વાચીન ભારતનો ઈતિહાસ (બ્રિટીશ યુગ) સી. જમનાદાસની કંપની, અમદાવાદ, 1995-96
2. ડૉ. રમેશકાંત ગો. પરીખ, ભારતનો ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1974
3. ડૉ. નીરા અ. દેસાઈ, ગુજરાતમાં ૧૯ મી સદીમા સામાજિક પરિવર્તનો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1983
4. छाबड़ा जी. एस. आधुनिक भारतीय इतिहास, स्टलिंग पब्लिशर्स, प्राइवेट लि., नई दिल्ही, ११८६
5. महाजन विद्याघर, महाजन सावित्री, ब्रिटिश कालीन भारत का इतिहास, एस चन्द्र एस कंपनी, दिल्ही, ११६८
6. कपूर गुरबखसिंह, भारतीय इतिहास की रुपरेखा, एस. चन्द्र एस कंपनी, दिल्ही, ११६२
7. मजुमदार, राय चौधरी दत्त, भारत का गृह्य इतिहास - ३ मेकमिलन मद्रास, ११७०

એકમ : 10 હિન્દી રાષ્ટ્રીય મહાસભાનો ઇતિહાસ (1885-1905)

:: રૂપરેખા::

10.0 ઉદ્દેશ

10.1 પ્રસ્તાવના

10.2 હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના માટેના પરિબળો.

10.3 હિન્દી રાષ્ટ્રીય મહાસભાની શરૂઆતની કામગીરી.

10.3.1 પ્રથમ અધિવેશન ((1885અને મહાસભા દ્વારા કરવામાં આવેલા ઠારવો.

10.3.2 બીજું અધિવેશન ((1886અને મહાસભા દ્વારા કરવામાં આવેલા ઠારવો.

10.3.3 ત્રીજું અધિવેશન ((1887અને મહાસભા દ્વારા કરવામાં આવેલા ઠારવો.

10.3.4 ચોથું અધિવેશન અલ્હાબાદ ખાતે અને તેમાં થયેલા ઠરાવો.

10.3.5 પાંચમું અધિવેશન- મુંબઈ ખાતે

10.3.6 છઠ્ઠું અધિવેશન (- (1890કલકત્તા ખાતે

10.4 મહાસભાના ઠરાવો- કામગીરીનું મૂલ્યાંકન

10.5 મહાસભાની સિદ્ધિઓ

10.6 ચાવી રૂપ શબ્દો

10.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

10.8 સંદર્ભગ્રંથો

10.0 ઉદ્દેશ :

- આ એકમથી આપ હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના અને સ્થાપના અંગેના પરિબળો
- હિન્દી રાષ્ટ્રીય મહાસભાની કામગીરી અને અધિવેશનો
- હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સિદ્ધિઓ વિષે માહિતી મેળવી શકશો.

10.1 *પ્રસ્તાવના :*

1857ના વિપ્લવ પછી ભારતમાં રાષ્ટ્રીય જાગૃતિના પરિબળો વિકાસ પામ્યાં.1857ના આ આંદોલનમાં પ્રગતિવાદી વિચારો ધરાવતા લોકો જોડાયા ન હતાં.હવે,આ પ્રગતિવાદી લોકોને આગળ આવવાનો અવકાશ મળ્યો. આ લોકોએ જનતાની સામાજિક અને ધાર્મિક સ્થિતિ સુધારવાના પ્રયાસો શરૂ કર્યા.પરિણામે દેશભરમાં સામાજિક –ધાર્મિક સુધારણાનાં આંદોલનો થયાં.સુધારણાના પરિણામે નવી ચેતના આવી. લોકોમાં નવી આશાઓ જાગી દેશના શિક્ષિત તથા બુદ્ધિશાળી લોકોમાં રાષ્ટ્રવાદની ભાવના ઉદય પામી.''ભારત આપણો દેશ છે અને આપણે સૌ ભારતીયો છીએ .''એવી રાષ્ટ્રીય એકતાની ભાવના લોકોમાં જાગ્રત થઈ. દેશના વિકાસ માટે આપણા દેશમાં આપણું રાજ્ય એટલે કે 'સ્વરાજ્ય 'હોવું જોઈએ, એવો વિચાર લોકોમાં ફેલાતો ગયો. આમ રાષ્ટ્રીય એકતાનો ખ્યાલ અને સ્વતંત્રતાના તથા સ્વશાસનની પ્રબળ ઈચ્છા.

***સેફટી વાલ્વ* (Safety Valve Theory) :-**

ઈ.સ.1883 ના ડીસેમ્બરમાં પ્રથમ ભારતીય રાષ્ટ્રીય કોન્ફરન્સ કલકતાથી બોલાવવામાં આવી. જેમાં ભારતના મોટામોટા નગરોના પ્રતિનિધિઓને બોલાવવામાં આવ્યા. તેના અધ્યક્ષ આનંદમોહન બોઝે આશા પ્રગટ કરી કે આ સંમલેન રાષ્ટ્રીય સંસદ (Nation Parliament) ગઠન પ્રથમ ચરણ બનશે. દ્વિતિય રાષ્ટ્રીય કોન્ફરન્સ કલકતામાં 1985 માં ક્રિસમસના સપ્તાહમાં આયોજીત કરવામાં આવી. જે ભારતીય રાષ્ટ્રીય મહાસભા તરીકે પછીથી પ્રચલીત થઈ. ડબલ્યુ.સી. બેનરજીના એ વિચારને / મતને લોકપ્રિય બનાવવામાં આવ્યો કે ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ અખિલ રાષ્ટ્રીય મહાસભા વાઈસરોય ડફરિનના મષ્તિષ્કની ઉપજ હતી. જે બનાવવા માટે એ.ઓ.હ્યુમને કહેવામાં આવ્યું હતું. તથા અન્ય સિવિલ સરવન્ટ સર જેમ્સ, સર વિલીયમ, વેડર બર્નર, જયોર્જ યુલે, ચાર્લ્સ બોડલેઝ પણ જોડાયા હતા.

ડફરીનનો વિચાર હતો કે એક એવી રાજનિતિક સંસ્થા હોવી જોઈએ જેના દ્વારા સરકાર જનતાની વાસ્તવિક ભાવનાઓ જાણી શકે.1857 વિપ્લવ જેવી ઘટનાઓથી એ બચી શકે. લાલા લજપતરાયનો અભિપ્રાય હતો કે આ સંસ્થા એટલે બની કે અંગ્રેજી રાજયની સેફટી વાલ્વના રૂપે કાર્ય કરી શકે. જેનો મુખ્ય ઉદેશ્ય સામાજ્યની રક્ષા જ નહી પરંતુ તેને વધારે સુદ્રઢ કરવાનો હતો. ભારતીયોની રાજનિતિક ફરીયાદો દુર કરવાનો એક ગૌણ વિષય હતો. બફર ઓર્ગેનાઈઝેશન તરીકે કામ કરે. લોર્ડ ડફરીન અથવા હ્યુમનો ઉદેશ ગમે તે હોય પરંતુ હ્યુમ એક ઉદારવાદી વ્યક્તિ હતા. તેમણે કલકતા યુનિવર્સિટીના સ્નાતકોને એક ખુલ્લો પત્ર લખ્યો. તેમણે લખ્યું કે

'' વિખરાયેલા વ્યક્તિઓ કેટલા પણ બુધ્ધમિાન તથા સરસ ઉદેશ્યવાળા કેમ ના હોય એકલા તો શક્તિહીન જ બની જાય છે. આવશ્યકતા છે સંગઠનની તેની કાર્યવાહી માટે એકેય નિશ્ચિત સ્પષ્ટ કાર્યપ્રણાલીની તેમણે ભારતીયો લોકોમાં બૌદ્ધિક, નૈતિક, સામાજિક તથા રાજનૈતિક પુનર્જન્મ માટે 50 સ્વયંસેવકોની માંગણી કરી. '' હ્યુમે અખિલ રાષ્ટ્રીય મહાસભા માટે સરકારી તથા બિનસરકારી વ્યક્તિઓની સહાયતા તથા સહાનુભુતી પ્રાપ્ત

કરી. આમ આ સંસ્થા ઇંગ્લેન્ડ તથા ભારતના સમ્મલિત મગજની ઉપજ હતી. અખિલ રાષ્ટ્રીય મહાસભા એના પ્રથમ તબકકામાં અંગ્રેજ સમર્થક રહી.

પરંતુ ત્યાર બાદ અખિલ રાષ્ટ્રીય મહાસભાની ધારા એકસરખી ના રહી. રાષ્ટ્રીય આંદોલનમાં તેની મહત્વની ભુમિકા રહી. જે તેના મહાન અધ્યક્ષો, પ્રમુખોના નામ પરથી ખ્યાલ આવે છે. જેમ કે દાદાભાઈ નવરોજજી, બદરુદ્દીન તૈયબજી, રમેશચંદ્ર દત્ત, આનંદમોહન બોઝ, ગોપાલકૃષ્ણ ગોખલે, મહાદેવ ગોવિંદ રાનડે, બાલ ગંગાધર તિલક, શિશિરકુમાર, મોતીલાલ નહેરુ, ગાંધીજી, મદનમોહન માલવીયા, સરદાર, જવાહરલાલ નહેરુ, દિનશા મહેતા વિગેરે.

10.2 *હિન્દી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ની સ્થાપના માટેના સંજોગો –પરિબળો :*

1. 19મી સદીના મધ્યભાગમાં રાષ્ટ્રીય ચેતના–જાગૃતિનો વિકાસ થયો હતો જ્ઞાનવિજ્ઞાન અને આધુનિક વિચારધારાઓના પરિચયમાં આવવાથી ભારતનો શિક્ષિતવર્ગ અનુભવવા લાગ્યો કે રાષ્ટ્રીય આકાંક્ષાઓપૂર્ણ કરવા માટે સંગઠન દ્વારા આંદોલન આવશ્યક છે. પરિણામે અનેક મંડળોની સ્થાપના થઈ હતી.''
2. લોર્ડ લિટનના કડક,પ્રત્યાઘાતી અને અન્યાયી કર્યો તથા ઈલ્બર્ટ બિલ સામેની અંગ્રેજોની અવિવેકી અને અન્યાયી ચળવળો મહાસભાની સ્થાપનાની પ્રતિક્રિયાને ઝડપી બનાવી ઈલ્બર્ટ બિલના પ્રસંગથી, હિંદીઓ વધારે સજાગ બન્યા. કલકત્તાના આલ્બર્ટ હોલમાં એક મોટી રાજકીય પરિષદ ભરવામાં આવી. તેમાં હિન્દીઓની એક રાષ્ટ્રીય સંસ્થા રચવા પર વિચારણા કરવામાં આવી.
3. રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના રાષ્ટ્રીય પરિષદની પરિપાટી પર થઈ અને તે રાષ્ટ્રીય પરિષદ જેવો જ કાર્યક્રમ અપનાવ્યો. કોંગ્રેસની સ્થાપનાનું મૂળ ગમે તેને કહીએ, પરંતુ એકવાત નક્કી છે કે તેની સ્થાપનાની પ્રેરણા આપનાર સર એલન ઓકટેવિયન હ્યુમ નામના એક અંગ્રેજ અમલદાર હતા. ભારતમાં પોતાની 32 વર્ષની સરકારી નોકરી દરમિયાન હ્યુમને જણાવ્યું કે, બિટ્રિશ સરકાર સામે ભારતના લોકોમાં ભારે અસંતોષ છે. હ્યુમને લાગ્યું કે, આપખુદને બદલે બંધારણીય સરકારની રચનાની તથા તેમાં હિન્દીઓને યોગ્ય અને પૂરતું સ્થાન આપવાની આ પરિસ્થિતિ નિવારી શકાય.
4. હ્યુમનો આશય ''ભારતમાં બિટ્રિશ રાજને નાબુદ કરવાનો ન હતો.હિંદને જવાબદાર રાજતંત્ર મળે તથા હિંદીઓ પોતાના પ્રશ્નો પોતે ઉકેલી શકે એટલી રાજકીય સૂઝ કેળવે તે હતો .

કોંગ્રેસની સ્થાપના

સર એલન હ્યુમની અપીલથી 'હિન્દ રાષ્ટ્રીય સંઘ 'ની સ્થાપના થઈ, જેણે મહાસભાનું પ્રથમ અધિવેશન બોલાવ્યું ઈ.સ.1885માં 28મી ડિસેમ્બરે,આ બેઠક મુંબઈમાં ગોકુળદાસ તેજપાલ સંસ્કૃત કૉલેજ માં મળી હતી. આ બેઠકમાં 72 મહાનુભાવોએ હાજરી આપી હતી, તેમા બંગાળના વ્યોમેશચંદ્ર બેનરજીને મળ્યું હતું. તેઓ બેરિસ્ટર હતા અને તેમને સમયમાં સૌથી આગળ પડતા કાયદાના ક્ષેત્રના તેજસ્વી વ્યક્તિ હતા. તેમણે કોગ્રેસના

ધ્યેય અને કાર્યક્રમ પર પ્રકાશ પડ્યો . હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના તથા હિંદના ઇતિહાસમાં એક ઉજ્જ્વળ પ્રકરણની શરૂઆત થઇ.

10.3 *હિન્દી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ની શરૂઆતની કામગીરી :*

10.3.1 *પ્રથમ અધિવેશન : અધિવેશનના પ્રમુખ વ્યોમેશચન્દ્ર બેનરજી હતા.* 28-December

મહાસભાએ આ અધિવેશનમાં કુલ નવ ઠરાવો કર્યા,જેમાં અનુક્રમે નીચે મુજબની માંગણીઓ સરકાર સમક્ષ રજૂ કરવામાં આવી:

1. હિંદના બંધારણની પુનઃતપાસ માટે એક શાહી કમિશન નીમવું અને તેમાં હિન્દીઓને પૂરતું પ્રતિનિધિત્વ આપવું.
2. હિન્દી વજીરની સમિતિને વહેલી તકે નાબૂદ કરવી.
3. હિંદની મધ્યસ્થ અને પ્રાંતીય ધારાસભાઓમાં ચૂંટાયેલા સભ્યોનું પ્રમાણ વધારવું. સરકારે આવક-જાવકના અંદાજપત્રો ધારાસભા સમક્ષ રજૂ કરવા તથા ધારાસભ્યોને પ્રશ્નો પૂછવાનો અધિકાર આપવો.
4. સનદી પરીક્ષા ઈંગ્લેન્ડ તથા હિંદમાં એકીસાથે લેવી તેમાં પાસ થનારને ઈંગ્લેન્ડમાં વધુ અભ્યાસ માટે સગવડ આપવી. સરકારે ઉપલી જગ્યાઓ લાયકાતના ધોરણે જાહેર પરીક્ષા દ્વારા જ ભરવી. સનદી નોકરીઓ માટેની ઉંમર 23 વર્ષ કરવી.

5. *વહીવટ અને લશ્કરી ખર્ચ ઘટાડવો.*

મહાસભાનું શરૂઆતનું સ્વરૂપ નમ્ર અને બ્રિટિશ સરકારને વફાદાર હતુ. મહાસભાની એકપણ માંગણીનોબ્રિટીશ સરકારે સ્વીકાર કર્યો નહિ. આમ છતાં મહાસભાના પ્રથમ અધિવેશને હિન્દીઓની રાજકીય જાગૃતિ ઝડપી બનાવી.

10.3.2 *બીજું અધિવેશનઃ*

મહાસભાનું બીજું અધિવેશન ઈ.સ.1886ની 28મી ડિસેમ્બરે કલકત્તા ખાતે મળ્યું.તેમાં કુલ 431 પ્રતિનિધિઓયે હાજરી આપી. આ અધિવેશનના પ્રમુખ તરીકે દાદાભાઈ નવરોજીને ચૂંટવામાં આવ્યા. સર એલન હ્યુમને મહામંત્રીપદ આપવામાં આવ્યું. તેમને તે પદ 1908 સુધી નિભાવ્યું. સુરેન્દ્રનાથ બેનરજી અને આનંદમોહન બોઝ રાષ્ટ્રીય પરિષદને સંકેલી લઇ મહાસભામાં જોડાયા. પરિણામે મહાસભાને સુરેન્દ્રનાથ બેનરજી જેવા પ્રખર રાજનીતિજ્ઞના નેતૃત્વનો લાભ મળ્યો.દેશની બધી જ પ્રાંતિક સંસ્થાઓએ મહાસભાને પોતાનો તેકો આપ્યો તથા પ્રતિનિધિઓ ચૂંટીને મોકલ્યા.આથી પ્રાંતિક તથા પ્રાદેશિક કક્ષાએ પણ કોંગ્રેસ સંગઠનની શરૂઆત થઇ. આ બેઠકમાં 33 મુસ્લિમ પ્રતિનિધિ પણ હાજર રહ્યા હતા. આ બેઠકમાં પ્રેક્ષકોને હાજર રહેવાની છૂટ આપવામાં આવી હતી. પરિણામે લોકો મહાસભાની કામગીરીમાં રસ લેતા થયા. મહાસભાના પ્રમુખ દાદાભાઈ નવરોજીએ મહાસભાના ઠરાવોનો અમલ કરવાનો ઈનકાર કરવા બદલ બ્રિટીશ સરકાર સામે દુખ વ્યક્ત કર્યું. સ્વાગત પ્રમુખ રાજેન્દ્રલાલ મિત્રે

જણાવ્યુકે પરદેશી સરકાર પાસેથી રાષ્ટ્રીય હિતોની આશા રાખવી નિરર્થક છે, માટે રાષ્ટ્રીય હિતોના સંવર્ધન માટે મહાસભાએ બળવાન બનવું જોઈએ. આ અધિવેશને કુલ 15 ઠરાવો કાર્ય જેમાં, સરકાર સમક્ષ નીચેની માંગણીઓ કરવામાં આવીઃ

1. મધ્યસ્થ અને પ્રાંતીય ધારાસભાઓનો વિસ્તાર કરીને તેમાં ચૂંટાયેલ સભ્યોની બહુમતી રાખવી.
2. પ્રાંતીય સ્વરાજ્યની સંસ્થાઓને પ્રાંતિક ધારાસભ્યો ચૂંટવાનો તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને પ્રાંતિક ધારાસભ્યો ચૂંટવાનો હક્ક આપવો.
3. સરકારી નોકરીઓમાં હિન્દીઓને વધારે પ્રમાણમાં સ્થાન આપવુંવગેરે .

આ અધિવેશનના ઠરાવોને અમલ કરવાની કોઈ તત્પરતા સરકારે દર્શાવી નહીં. વાઇસરોય ડફરિને આ ઠરાવ બાલિશ ગણાવ્યા છતાં તેને હિન્દી વજીરને ભારતીય બાબતોની સંખ્યા વધારવા અને તેમની ચૂંટણી કરવાનું સૂચવ્યું . આમ આ ભલામણે ઈ.સ.1892ના કાયદાની પ્રક્રિયા શરુ કરી.જે મહાસભા ઠરાવને આભારી કહી શકાય.

10.3.3 *ત્રીજું અધિવેશન :*

મહાસભાનું ત્રીજું અધિવેશન મદ્રાસમાં ઈ.સ.1887માં મળ્યું. તેમાં કુલ 607 પ્રતિનિધિઓએ હાજરી આપી. આ અધિવેશનના પ્રમુખ તરીકે જાણીતા મુસ્લિમ નેતા બદરુદ્દીન તૈયબજીને ચૂંટવામાં આવ્યા. તેમણે મુસ્લિમોને રાષ્ટ્રના હિત માટે મહાસભામાં જોડાવાની હિમાયત કરી. આ અધિવેશનમાં મહાસભાએ પહેલા બે અધિવેશનોના ઠરાવો ફરીથી દોહરાવ્યા. મહાસભાએ પોતાનું વ્યવસ્થિત બંધારણ ઘડવા માટે પ્રયાસ કર્યો, એ આ અધિવેશનની નોંધપાત્ર સિદ્ધિ હતી. આ અધિવેશનમાં હિંદમાં લશ્કરી કૉલેજો સ્થાપવા ,હિંદની ગરીબી ઓછી કરવી ઉદ્યોગોની સ્થાપના તથા ઔદ્યોગિક શિક્ષણનો વિકાસ કરવા તથા હિંદીઓ માટે અપમાનજનક એવો હથિયારબંધીનો કાયદો નાબૂદ કરવા ઠરાવો થયા.

મહાસભા પ્રત્યે બ્રિટિશ સરકારનું બદલાયેલું વલણ : -

મદ્રાસ અધિવેશન બાદ મહાસભા પ્રત્યે ઉપેક્ષા બતાવી હતી. આથી મહાસાભાઓના નેતાઓને સરકારની આવી નિષ્ક્રિય સહાનુભૂતિ નિરર્થક લાગી હતી.સર એલન હ્યુમે જણાવ્યું કે ,હિંદના લાખો અધભૂખ્યા લોકો માટે સરકાર કંઈ જ કરવા તૈયાર નથી અને તે લોકોને કોઈ પણ પ્રકારના રાજકીય હક્કો આપવા ઇચ્છતી ન હોય તો તેવી સરકાર સાથે પ્રજાને બંધારણીય આંદોલન ચલાવવાનો સંપૂર્ણ હક્ક છે. પરિણામે સરકાર રોષે ભરાઈ. સરકારી તંત્રે અધિવેશન નિષ્ફળ બનાવવા અનેક પ્રયત્ન કર્યા.

10.3.4 *ચોથું અધિવેશન :*

અલ્હાબાદ ખાતે મળેલા ચોથા અધિવેશનમાં 1248 પ્રતિનિધિઓએ હાજરી આપી. તેમાં 200 ઉપરાંત મુસ્લિમો હતા. આ અધિવેશનના પ્રમુખ તરીકે કલકત્તાના આગેવાન અંગ્રેજ વેપારી જ્યોર્જ મૂલને ચૂંટવામાં આવ્યા. તેમને સરકારી નીતિની કડક ટીકા કરવામાં આવી અને વાઇસરોય ડફરીનની નીતિની હાંસી ઉડાડી. મહામંત્રી હ્યુમે

જણાવ્યું કે મહાસભાનું સ્થાન લોકહદયમાં એટલું દ્રઢ થઈ ગયું છે,કે સરકાર તેની માંગણીઓની ઉપેક્ષા કરવાનું ચાલુ રાખ્યું તો તેને લોકલડતનો સામનો કરવો પડશે, એટલું જ નહિ પણ જો તે મહાસભાની વાજબી માંગણીઓ સંતોષશે નહિ, તો તેની પ્રાપ્તિ માટે મહાસભાને ગેરબંધારણીય કહી શકાય તેવા ક્રાંતિને માર્ગે જવાની ફરજ પડશે. મહાસભા ,અખબારો તથા શિક્ષિત લોકોએ સરકારને જાગ્રત કરવા ભારે પ્રયાસો કરવા પડશે. સાથોસાથ તેને જગાડવા લોકો પાસે બંધારણીય લડત સિવાય અન્ય કોઈ માર્ગ નથી.

અલ્હાબાદ અધિવેશનમાં કુલ 17 ઠરાવો થયા.તેમાં હિંદુ-મુસ્લિમ એકતાને પ્રોત્સાહન આપતો ઠરાવ નોધપાત્ર હતો .

10.4.5 *પાંચમું અધિવેશન :* -

મહાસભાનું પાંચમું અધિવેશન ઈ.સ.1889ના ડિસેમ્બર માસમાં મુંબઈમાં મળ્યું. તેમાં 1885 પ્રતિનિધિઓએ હાજરી આપી. ભારતના અંગ્રેજ મિત્ર વિલિયમ વેડનબર્નને પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા. ફિરોજશાહ મહેતાની સ્વાગત તરીકે વરણી થઈ. હિંદના પ્રશ્નોમાં રસ ધરાવતા સર ચાર્લ્સ બ્રેડ્લો નામના બ્રિટિશ સંસદ સભ્યે આ અધિવેશનમાં ખાસ મહેમાન તરીકે હાજરી આપી.ઇંગ્લેન્ડ પહોચ્યા બાદ બ્રેડ્લોએ હિંદની વાજબી માંગણીઓ સંતોષતો ધારો ઘડવાને લગતો ઠરાવ 1890તથા 1891માં આમસભામાં રજૂ કર્યો. જોકે તે ઠરાવ બહુમતીથી ઊડી ગયો.પરંતુ તેના ખરડાને આધારે સંસદે ઈ.સ.1892નો હિન્દી ધારાસભાનો કાયદો પસાર કર્યો.1892 નો હિન્દી ધારાસભાનો કાયદો રાજકીય ક્ષેત્રે ઉદાર રાષ્ટ્રવાદી કોંગ્રેસનો પ્રથમ વિજયસ્તંભ હતો.

1892 સુધીના અધિવેશનો :- મહાસભાનું છઠ્ઠું અધિવેશન કલકત્તા ખાતે 1890ના ડિસેમ્બર માસમાં ફિરોજશાહ મહેતાના પ્રમુખપદે મળ્યું.

મહાસભાનું સાતમું અધિવેશન ઈ.સ.1891ના ડિસેમ્બર માસમાં નાગપુરમાં અને આઠમું અધિવેશન અલ્હાબાદમાં મળ્યું. નાગપુર અધિવેશનમાં મહાસભાના ઠરાવોને સરકાર સમક્ષ વધુ મક્કમતાથી રજૂ કરવાનું તથા બંધારણીય ચળવળને વિસ્તૃત કરવાનું નક્કી કરવામાં આવ્યું. મહાસભાએ 1892 નો હિન્દી ધારાસભાને તેના બાર અધિવેશનમાં મધ્યસ્થ પ્રાંતીય ધારાસભાની પુનઃ રચનાને લગતા ઠરાવો રજૂ કર્યા ન હતા.

ધીમે ધીમે અંગ્રેજ સરકાર એ હકીકત જોઈ શકી હતી કે હિન્દી રાષ્ટ્રીય મહાસભા હિન્દી પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થા બનતી જાય છે અને ભવિષ્યમાં તે હિન્દી પ્રજાનું નેતૃત્વ લેશે. તેથી સરકારે ઈ.સ.1888 થી તેના પ્રત્યે ઓરમાયું વર્તન બતાવવા માંડ્યું. લોર્ડ ડફરિને મહાસભાની માંગણીઓને એક મોટા આંધળૂકિય કૂદકા સમાન ગણાવી.આમ છતાયે સરકારે અલ્હાબાદ અધિવેશનને નિષ્ફળ બનાવવા ઘણા પ્રયત્નો કર્યા.અલીગઢ કોલેજના અંગ્રેજ પ્રિન્સિપાલ મિ.બેકે મુસ્લિમો અને જમીનદારોને કોગ્રેસના અધિવેશનમાં ભાગ ન લેવા ઉશ્કેર્યા.

સરકારની આવી નીતિથી મહાસભાની લોકપ્રિયતા ઘટવાને બદલે વધતી ગઈ. મિ. હ્યુમે અલ્હાબાદ અધિવેશનમાં જણાવ્યું કે 'મહાસભા ,વર્તમાનપત્રો તથા શિક્ષિત વર્ગે

સરકારને જાગ્રત કરવાના આજસુધી ભારે પ્રયાસો કર્યા છે, છતાંય તેને જાગ્રત થવાનો ઈનકાર કર્યો છે,એટલે હવે તેને જગાડવા માટે લોકો પાસે બંધારણીય લડત સિવાય બીજો માર્ગ રહ્યો નથી.

10.4 *મહાસભાના ઠરાવો અને કામગીરીનું મૂલ્યાંકન –ઈ.સ.1885 થી 1905 સુધીની :*

1. ઈ.સ.1885માં સ્થપાયેલ હિન્દી રાષ્ટ્રીય મહાસભા- કોંગ્રેસનું નેતૃત્વ 1905 સુધી ઉદારવાદી-વિનીત નેતાઓના હાથમાં રહ્યું હતું.તેથી હિંદના રાષ્ટ્રીય આંદોલનના ઈતિહાસમાં 1885 થી 1905 નો સમય '' ઉદારપંથી કે વિનીત રાષ્ટ્રીય નેતાઓ (મોડરેટો)નો વર્ગ એવો હતો કે તેઓ હિંદીઓ હતા, પરંતુ અભિરુચિઓ, અભિપ્રાયો, નૈતિકતા અને બુધ્ધિમાં તેઓ અંગ્રેજો હતા.''તેઓ બ્રિટીશ સંવિધાનના હિમાયતી હતા.તેમજ અંગ્રેજોની ન્યાયબુદ્ધિમાં ભારે વિશ્વાસ હતો.ગોપાલકૃષ્ણ ગોખલે,દાદાભાઈ નવરોજી ,ફિરોજશાહ મહેતા,સુરેન્દ્રનાથ બેનરજી ,પંડિત મદનમોહન માલવિયા વગેરે આ યુગ ના ઉદારપંથી –વિનીત રાષ્ટ્રીય નેતાઓ હતા. તેઓ સરકારની નીતિઓનું સમર્થન કરતા.સરકારના ટેકા અને આશીર્વાદથી શરુ થયેલ હિન્દી રાષ્ટ્રીય મહાસભાએ 'વફાદાર સંસ્થા' તરીકે કામ કરવાનો આરંભ કર્યો.
2. ઉદારમતવાદીઓનું અંગ્રેજ સરકાર પ્રત્યેનું વલણ નરમ હતું.તેઓ બ્રિટિશ ''તાજ ''પ્રત્યેની વફાદારીમાં માનતા હતા. સરકાર સમક્ષની માંગણીઓ પ્રાર્થના કે વિનંતીરૂપે હતી,પડકારરૂપે નહિ.
3. ઉદારમતવાદી નેતાઓને અંગ્રેજોની ઉદારતામાં ને તેમની ન્યાયબુદ્ધિમાં પૂરેપૂરી શ્રદ્ધા હતી.

1885 થી 1905 સુધી મહાસભાની કામગીરી માત્ર બંધારણીય હતી.તે મહદઅંશે અરજી,ઠરાવો,વિનંતીઓ ને પ્રતિનિધિત્વની માંગણીઓ પર આધારિત હતી.મહાસભાએ આ ગાળામાં 21 અધિવેશનો દરમિયાન સરકાર સમક્ષ રાજકીય અધિકારી,વહીવટી સુધારણા,આર્થિકવિકાસ ,સામાજિક સંસ્કૃતિક પ્રગતિ ,લશ્કરીતંત્રની પુનઃરચના વગેરે માટે માંગણીઓ કરી હતી. સરકારે આ માંગણીઓ નો તાત્કાલિક સ્વીકાર પણ કર્યો હતો, તો પણ મહાસભાના પાછલાં વર્ષોમાં એવા લાભ મળ્યા હતા.

તમારી પ્રગતિ ચકાસો

1. ભારતમાં અંગ્રેજી શિક્ષણે સ્વાતંત્રની ઝંખના કઈ રીતે પેદા કરી?

_____
_____
_____
_____
_____

2. ઇસ 1885 માં રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના શા માટે કરવામાં આવી?

3. અખિલ રાષ્ટ્રીય મહાસભા ક્યારે અને કોના પ્રયત્ન થઈ ?

4. હિન્દી રાષ્ટ્રીય મહાસભાનું પ્રથમ અધિવેશન ક્યાં અને કોના પ્રમુખપદે ભરાયું?

5. અખિલ રાષ્ટ્રીય મહાસભાનું બીજુ અધિવેશન ક્યાં ભરાયું ? કોના પ્રમુખપદ હેઠળ ?

6. બદરુદ્દીન તૈયબજીના પ્રમુખપદે કયું અધિવેશન ભરાયું ?

7. હિન્દી રાષ્ટ્રીય મહાસભાની પ્રથમ તબક્કાની કામગીરીમાં કઈ વિચારધારાનું પ્રભુત્વ રહ્યું. ?

8. અખિલ રાષ્ટ્રીય મહાસભાના પ્રથમ તબક્કાની કામગીરી સાથે જોડાયેલ નેતાઓના નામ જણાઓ

9. હિન્દી રાષ્ટ્રીય મહાસભાના પ્રથમ મહિલા પ્રમુખ કોણ હતા ? અને કયા અધિવેશનમાં ?

_____
_____
_____
_____

10.5 *મહાસભાની કામગીરી –સિદ્ધિઓ :*

રાજકીય અધિકારોઃ

મહાસભાએ કેન્દ્રીય તથા પ્રાંતીય ધારાસભાનો વિસ્તાર કરીને તેમાં પચાસ ટકા સભ્યો ચૂંટાયેલા રાખવા તથા ધારાસભાને જવાબદાર બનાવવા કરેલા ઠરાવથી ભારતને 1892નો ધારો આપવામાં આવ્યો. જેના પરિણામ 1909માં માર્લેમિન્ટો સુધારા તથા અન્ય સુધારા આપવામા આવ્યા.આનાથી હિંદમાં જવાબદાર રાજતંત્ર તથા પ્રતિનિધિત્વવાળી સરકારના પાયા નંખાયા. મહાસભાની રજૂઆતથી હિન્દી સનદી નોકરીની પરીક્ષા માટેની વયમર્યાદા 23ની થતાં તેમાં હિન્દીઓને બેસવાની તક મળી.

મહાસભાની ભલામણને આધારે જ સરકારે હથિયારબંધીનો કાયદો દૂર કરી,વર્તમાનપત્રો પરનો અંકુશ હટાવી લઈ વ્યક્તિસ્વાતંત્ર્યને લગતા કાયદા કર્યા.
ઉપરોક્ત હકીકતો દર્શાવે છે કે, પ્રથમ તબક્કા દરમિયાન મહાસભાનું સ્વરૂપ એકંદરે ભલે વિનમ્ર હોય છતાંયે વિવિધ ક્ષેત્રે લોકહિતને માટે પ્રસંશા પાત્ર પ્રયાસો કરેલાં છે. તેથી મહાસભાના પ્રથમ તબક્કાની કામગીરી નિરર્થક ન ગણાય.''આ સમયમાં મહાસાભાએ રાષ્ટ્રીય જાગૃતિ માટે પાયાની કામગીરી બજાવી.તેને લોકોમાં એક જ રાષ્ટ્રની અને એક જ સરકાર રચાવી શકી ,પરંતુ તેને આપખુદ સરકારના પાયા હચમચાવી નાખ્યા અને લોકોની હકીકત સંભાળવાની ફરજ પડી.ભારતના વહીવટની તપાસ માટે બ્રિટિશ સંસદે નીમેલી સમિતિ તથા તેને પસાર કરેલો ઈ.સ.1892 નો ધારો મહાસભાની પ્રવૃત્તિને આભારી છે .

(1) ***હિન્દી રાષ્ટ્રીય મહાસભાના પહેલા તબક્કાની કામગીરી (ઈ.સ.***1885-1905)

1. ઈ.સ.1885 થી 1905 સુધીના પહેલાં તબક્કા દરમિયાન હિન્દી રાષ્ટ્રીય મહાસભાએ 21 અધિવેશનનો ભર્યા હતા. પ્રારંભમાં કોંગ્રેસે નરમ વલણ અપનાવ્યું.તેના પ્રતીક ઠરાવ બ્રિટિશ 'તાજ' પ્રત્યેની વફાદારી રજૂ કરવામાં આવતી અને ઠરાવોની ભાષા સૌમ્ય ,નમ્ર,અને વિવેકી રાખવામાં આવતી. તેમાં ધારાસભાઓમાં ચૂંટાયેલા સભ્યોની બહુમતી રાખવા પ્રાંતો અને કેન્દ્રમાં જવાબદાર સરકારો રચવા,હિન્દીઓને લાયકાતના ધોરણે સરકારી નોકરીઓ આપવા,કારોબારી અને ન્યાયતંત્રને અલગ કરવા,ભારતના લશ્કરનું શક્ય ત્યાં સુધી ભારતીયકરણ કરવા,ખેડૂતોને અને મજૂરોની સ્થિતિ સુધારવા ,ભારતની ગરીબી ઓછી કરવા વગેરેને લગતા ઠરાવો કરવામાં આવ્યા હતા.કોગ્રેસે ઠરાવો પસાર કર્યા .પરંતુ સરકાર પર તેની

કાંઈ ઝાઝી અસર થઈ નહિ.સર એલનહ્યુમે પણ કોંગ્રેસના ત્રીજા અધિવેશનમાં જણાવ્યું કે ''કોંગ્રેસના પ્રતિનિધિઓએ આજ સુધી સરકારને જગાડવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ સરકારે જાગવાનો ઈન્કાર કર્યો છે.''

1885 પછી કોંગ્રેસે પોતાની કાર્ય પદ્ધતિ ને વળાંક આપીને બંધારણીય માર્ગે જવાનો નિર્ણય કર્યો અને કડક શબ્દોમાં પોતાની માંગણીઓની રજૂઆત કરી.પરિણામે સરકારે,1992 નોન હિન્દી ધારાસભાનો કાયદો કર્યો.કોંગ્રેસની આ પ્રથમ સિદ્ધિ હતી .

તેનાથી ભારતના લોકોને ધારાસમિતિમાં સ્થાન મળ્યું. સભ્યોની સત્તામાં થોડો વધારો થયો.તેમાં આડકતરી ચૂંટણી કરવાની હતી.ધારાસમિતિમાં સરકારી સભ્યોનું પ્રમાણ ઘણું મોટું હતું. ચૂંટાયેલા સભ્યોનું અધિકારક્ષેત્ર ખુબ જ માર્યાદિત હતું.

5. આથી મહાસભાના યુવાન વર્ગમાં આ ધારા પ્રત્યે અસંતોષ થયો અને તિલકની આગેવાની નીચે મહાસભામાં ઉદ્દામ જૂથોનો જન્મ થયો.તિલકે 'કેસરી' નામના તેમના મુખપત્રમાં સરકારની યોગ્ય નીતિની તથા મહાસભાની નરમ આવડત નેતાગીરીની કડક ટીકા કરી.
6. કોંગ્રેસના આ પ્રથમ તબક્કામાં તેનું વલણ નરમ અને વિવેક હોવા છતાં, તેને બ્રિટિશ સરકારના સમક્ષ લોકોની માંગણીઓ રજૂ કરી અને શિક્ષિત વર્ગને રાજકીય તાલીમ આપી,જેથી હવે પછીની રાષ્ટ્રીય લડતોમાં વધારે સંગીન નેતાગીરી મળી રહી. કોંગ્રેસે ભારતના અલગ અલગ શહેરોમાં અધિવેશનો ભરીને રાષ્ટ્રીય જાગૃતિનો વ્યાપ વધ્યો.

(2) હિન્દી રાષ્ટ્રીય મહાસભાના બહાને તથા બંગાળની રાષ્ટ્રીય જાગૃતિને તોડી પાડવા તથા હિંદુ-મુસ્લિમ દુશ્મનાવટ ઊભી કરી. 'ભાગલા પડીને રાજય કરવાની' મેલી મુરાદથી લોર્ડ કર્ઝને ઈ.સ.1905 માં બંગાળના ભાગલા પડ્યા. જેના થકી પ્રજામાં રાષ્ટ્રવાદની ભાવના વાધારે તીવ્ર બની અને બંગાળના ભાગલા રદ કરવાના આંદોલનો શરુ થયા, 1905 પછી જહાલવાદી વિચારધારા પનો પ્રભાવ થવા લાગ્યો.

પરિશિષ્ટ :1
હિન્દી રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનો **1885-1946**

ક્રમ	તારીખ	સ્થળ	મંત્રીઆ	પ્રમુખ	થયેલ કાર્યવાહી/ઠરાવો
1.	28-12-1885	મુંબઇ		વ્યોમેશચંદ્ર બેનરજી	
2.	18-12-1886	કલકતા	એ.ઓ.હ્યુમ	દાદભાઇ નવરોજી	
3.	28-12-1887	મદ્રાસ	એ.ઓ.હ્યુમ	બદરુદિન તૈયબજી	
4.	26-12-1888	અલ્હાબાદ	એ.ઓ.હ્યુમ	જી.હ્યલ	
5.	26-12-1889	મુંબઇ	એ.ઓ.હ્યુમ	સર વિલિયમ વેડરબર્ન	ધારાસભામાં સુધારા
6.	26-12-1890	કલકતા	એ.ઓ.હ્યુમ	ફિરોજશાહ મહેતા	
7.	28-12-1891	નાગપુર	એ.ઓ.હ્યુમ પં.અયોધ્યાનાથ	પી.આનંદ ચાર્લુ	
8.	28-12-1892	અલ્હાબાદ	પં.અયોધ્યાનાથ	વ્યોમેશચંદ્ર બેનરજી	
9.	27-12-1893	લાહોર	એ.ઓ.હ્યુમ પી.આનંદ ચાર્લુ	દાદાભાઇ નવરોજી	
10.	26-12-1994	મદ્રાસ	એ.ઓ.હ્યુમ	આલ્ફ્રેડ વેબ	- કાપડ પરની જકાતનો વિરોધ કાયમી જમાબંધી, મહેસૂલ માફી
11.	27-12-1895	પુના	એ.ઓ.હ્યુમ	-કાયમી જમાબંધી, મહેસુલ માફી	સુરેન્દ્રનાથ બેનરજી સનદી પરીક્ષા ઇંગ્લેન્ડ –ભારતમાં એક સાથે લેવામાં આવી.
12.	28-12-1896	કલકતા	એ.ઓ.હ્યુમ દિનશા વાચ્છા	મહંમદ રહીમતુલ્લા	

				સયાની	
13.	27-12-1897	અમરાવતી	એ.ઓ.હ્યુમ	સી.શંકરન નાયર	
14.	29-12-1898	મદ્રાસ	એ.ઓ.હ્યુમ	આનંદમોહન બોઝ	
15.	27-12-1899	લખનૌ	એ.ઓ.હ્યુમ	રમેશચંદ્ર દત્ત	
16.	27-12-1900	લાહોર	એ.ઓ.હ્યુમ	નારાયણ ચંદાવરકર	
17.	23-12-1901	કલકતા	એ.ઓ.હ્યુમ	દિનશા વાચ્છા	
18.	23-12-1902	અમદાવાદ	એ.ઓ.હ્યુમ	સુરેશચંદ્ર બેનરજી	દક્ષિણ આફ્રિકાના ભારતીયોની હાડમારીઓ દૂર કરવામાં આવી.
19.	26-12-1903	મદ્રાસ	એ.ઓ.હ્યુમ	લાલમોહન ઘોષ	
20.	26-12-1904	મુંબઇ	એ.ઓ.હ્યુમ દિનશા વાચ્છા ગોપાલકુષ્ણ ગોખલે	સર હેનરી કોટન	
21.	27-12-1905	બનારસ	એ.ઓ.હ્યુમ	ગોપાલકૃષ્ણ ગોખલે	બંગભંગનો વિરોધ
22.	26-12-1906	કલકતા	એ.ઓ.હ્યુમ	દાદાભાઇ નવરોજી	બંગભંગનો વિરોધ, બહિષ્કાર પ્રવૃતિ, સ્વદેશી, સ્વરાજની માંગ
23.	26-12-1907	સુરત (અધૂરી)	એ.ઓ.હ્યુમ	ડા.રાસબિહારી ઘોષ	વૈચારિક મતભેદ
24.	28-12-1908	મદ્રાસ	એ.ઓ.હ્યુમ	ડા.રાસબિહારી ઘોષ	
25.	27-12-1909	લાહોર	દિનશા વાચ્છા ડી.એ.ખેર	મદનમોહન માલવીયા	
26.	26-12-1910	અલ્હાબાદ	દિનશા વાચ્છા	સર વિલિયમ વેડરબર્ન	
27.	26-12-1911	કલકતા	દિનશા વાચ્છા	પં.બિશનનારાયણ ધાર	બંગાળ ભાગલા રદ થતાં

					મહારાણી, લોર્ડ હાર્ડિઝનો આભાર
28.	26-12-1912	બાંકીપુર	દિનશા વાચ્છા	આર.એન.મુધોલકર	
29.	28-12-1913	કરાંચી	દિનશા વાચ્છા	નવાબ સૈયદ મહંમ્મદ	મુસ્લીમ લિગની સ્વરાજ માંગણીનો આદર
30.	28-12-1914	મદ્રાસ	સૈયદ મુહમ્મદ	ભુપેન્દ્રનાથ બસુ	દક્ષિણ આફ્રિકાની ગાંધીજીની પ્રવૃત્તિઓ, કલેનબ્રેકની પ્રવૃતિઓનો આભાર
31.	27-12-1915	મુંબઇ	નવાબ સૈયદ મહંમ્મદ બહાદુર સુબ્બારાવ પન્તુલ	સર સત્યેન્દ્રનાથ સિંહા	
32.	26-12-1916	લખનૌ	સુબ્બારાવ પન્તુલ	બાબુ અંબિકાચરણ મઝમુદાર	પ્રથમ વિશ્વ યુધ્ધમાં ઇંગ્લેન્ડની જીત માટે કામના હિન્દના લશ્કરને ઊભું કરવાની માંગ, ચંપારણમાં ખેડૂતો માટે સમિતિની માંગ
33.	26-12-1917	કલકતા	સી.પી.રામસ્વામી આયર, શ્રી ભુરગ્રી, શ્રી કેશવ પિલ્લઇ	એની બેસન્ટ	પ્રથમ વિશ્વ યુદ્ધમાં સફળતાની મંગલ કામનાઓ

34.	26-08-1918	મુંબઈ (ખાસ બેઠક)	શ્રી કેશવ પિલ્લઈ	હસન ઈમામ	પ્રથમ વિશ્વ યુદ્ધમાં વિજયની શુભકામનાઓ. રોલેટ એકટ, જનરલ ડાયર છુટા કરવાની માંગ, જલીયાવાલ બાગ હત્યાકાંડનો વિરોધ, અસહકાર આંદોલન, ખિતાબનો ત્યાગ
35.	26-12-1918	દિલ્હી	વિઠ્ઠલભાઈ પટેલ ફઝલુલ હક પં.ગોકર્ણનાથ મિશ્ર	પ.મદનમોહન માલવીયા	
36.	26-12-1919	અમૃતસર	વિઠ્ઠલભાઈ પટેલ પં.ગોકર્ણનાથ મિશ્ર ડૉ.અનસારી	પ.મોતીલાલ નહેરૂ	
37.	04-09-1920	કલકતા (ખાસ બેઠક)	ડૉ.અનસારી	લાલા લજપતરાય	
38.	26-12-1920	નાગપુર	પ.મોતીલાલ નહેરૂ ડૉ.અનસારી સી.રાજગોપાલા ચારી	સી.વિજય રાઘવાચાર્ય	
39.	27-12-1921	અમદાવાદ	પ.મોતીલાલ નહેરૂ સી.રાજગોપાલા ચારી	હકીમ અજમલખાન પછી ચિતરંજનદાસ	

			વલ્લભભાઇ પટેલ રંગાસ્વામી આયંગર	(જેલમાં)	
40.	26-12-1922	ગયા	મૌ.મોઆઝમ અલી વલ્લભભાઇ પટેલ બાબુ રાજેન્દ્રપ્રસાદ	ચિતરંજન દાસ	
41.	19-09-1923	દિલ્હી	બાબુ રાજેન્દ્રપ્રસાદ	મૌ.અબુલ કલામ આઝાદ	
42.	28-12-1923	કોકોનાડા	પં.જવાહરલાલ નહેરૂ સંકુદિન કીચલુ ગંગાધરરાવ દેશપાંડે ડી.ગોપાલ કૃષ્ણૈયા	મૌ.મહંમદઅલી	સત્યાગ્રહ, કોમી એકતા, નાગપુર ઝંડા સત્યાગ્રહ આંદોલન
43.	26-12-1924	બેલગામ	પં.જવાહરલાલ નહેરૂ શ્વેબ કુરેશી બી.એફ.ભરુચા	મહાત્મા ગાંધી	સ્વરાજપક્ષ અસ્પૃશ્યતા નિવારણ
44.	26-12-1925	કાનપુર	ડૉ.અનસારી રંગાસ્વામી આયંગર પં.સંતાનમ	સરોજીની નાયડુ	
45.	26-12-1926	ગોહાટી	ડૉ.અનસારી એ.રંગાસ્વામી આયંગર વી.જે.પટેલ	એસ.શ્રીનિવાસ	ખાદીનું મહત્ત્વ
46.	26-12-1927	મદ્રાસ	પં.જવાહરલાલ નહેરૂ શ્વેબ કુરેશી સુભાષચંદ્ર બોઝ	ડૉ.અનસારી	સાયમન કમિશનનો બહિષ્કાર

47.	29-21-1928	કલકતા	પં.જવાહરલાલ નહેરુ ડૉ.અનસારી	પં.મોતીલાલ નહેરૂ	*f*khzku÷e ,íÞk,,ún yr¼™tË™
48.	25-12-1929	લાહોર	ડૉ.સૈયદ અહેમદ શ્રી પ્રકાશ જયરામદાસ દોલતરામ	પં.જવાહરલાલ નહેરુ	ભગતસિંહ તથા 3 યુવાનોને અંજલિ, કોમી હુલ્લડો, દારૂ નિષેધ
49.	29-03-1931	કરાંચી	ડૉ.સૈયદ મુહમ્મદ પં.જવાહરલાલ નહેર	સરદાર વલ્લભભાઇ પટેલ	પિકેટિંગ, સત્યાગ્રહના અભિનંદન
50.	24-04-1932	દિલ્હી	-	શેઠ રણછોડલાલ અમૃતલાલ	અહિંસામાં વિશ્વાસ
51.	01-04-1933	કલકતા	-	શ્રીમતી નલિનીસેન ગુપ્તા	સત્યાગ્રહ, વિદેશી કાપડનો બહિષ્કાર, ગાંધીજીના ઉપવાસ
52.	24-10-1934	મુંબઇ	જીવતરામ કૃપલાણી ડૉ.સૈયદ મહંમદ જયરામ દોલતરામ	ડૉ.રાજેન્દ્રપ્રસાદ	રચનાત્મક કાર્યક્રમ, સ્વદેશી ઝાંઝીબારના હિંદીઓના હકકની માંગણી
53.	12-04-1936	લખનૌ	જીવતરામ કૃપલાણી	પં.જવાહરલાલ નહેરૂ	સુભાષચંદ્ર બોઝની હાજરી, આવકાર, નાગરિક સ્વાતંત્ર્ય, યુદ્ધ ભય, આમ સંપર્ક સમિતિ
54.	27-12-1936	ફૈજપુર	જીવતરામ કૃપલાણી	પં.જવાહરલાલ નહેરૂ	નાગરિક હકક, સ્પેન બર્મા,

					કુદરતી આફતો, યુદ્ધ ભય, કિસાન કાર્યક્રમ, સમવાયતંત્ર
55.	19-02-1938	હરિપુરા	જીવતરામ કૃપલાણી	સુભાષચંદ્ર બોઝ	ઈજિપ્ત, ચીન, પલેસ્ટાઈન, બલુચિસ્તાનને લગતા ઠરાવો, દેશી રાજયો, પરદેશી હિન્દીઓ
56.	10-03-1939	ત્રિપુરા	જીવતરામ કૃપલાણી	સુભાષચંદ્ર બોઝ	યુધ્ધની કટોકટી
57.	19-03-1940	રામગઢ	જીવતરામ કૃપલાણી	મૌ.અબ્દુલકલામ આઝાદ	યુદ્ધની સ્થિતિ, સંપૂર્ણ સ્વરાજય, કોમી એકતા
58.	22-11-1946	મેરઠ	શંકરરાવ દેવ જુગલકિશોર અગ્રવાલ	આચાર્ય કૃપલાણી (નવે-47 થી ડા.રાજેન્દ્રપ્રસાદ)	કોમી તોફાનો, દેશી રાજયો

પરિશિષ્ટ : 2
અખિલ રાષ્ટ્રીય મહાસભાની કાર્યવાહક સમિતિના અગત્યના ઠરાવો

માર્ચ- 1940 :
રામગઢના 53મા અધિવેશનમાં પછી પુના ખાતે 27-28 જુલાઇ-1940 અહિંસાની સ્વીકારેલ મર્યાદા
વર્ધા -21-06-1940
‘‘ બીજા વિશ્વ યુધ્ધ દરમ્યાન આઝાદી સાથે સંભવિત પરદેશી આક્રમણનો ભય, આંતરિક વ્યવસ્થા સામે દેશનું રક્ષણનો પ્રશ્ન, મહાત્મા ગાંધીએ યુદ્ધના બોજા નીચે કચડાતી પ્રજાના હિત અર્થે અહિંસાને એક શસ્ત્ર બનાવ્યું. યુદ્ધમાં મદદરૂપ થવા માટે રચાતી યુદ્ધ સમિતિઓને યુદ્ધ ફંડ નહી આપવાનો અને શાંતિદળ ઉભા કરવા તથા આત્મરક્ષણ માટે તૈયાર કરવાના ઠરાવો.’’
દિલ્હી 07-07-1940

કાર્વાહક સમિતિને પ્રતીતિ થઇ કે હિંદ અને બ્રિટન સમક્ષ આવી પડેલ પ્રશ્નો માટે હીંદના સંપૂર્ણ સ્વાતંત્ર્યનો સ્વીકાર એજ એકમાત્ર ઉપાય, બ્રિટને તેની સ્પષ્ટ જાહેરાત કરવી જોઇએ.

મુંબઇ 15-16 સપ્ટેમ્બર : 1940

‘‘ સત્યાગ્રહ 7- જુલાઇ 1940 ની દિલ્હી સભામાં બ્રિટિશ સરકારને કરેલ દરખાસ્તનો બ્રિટિશ સરકારે અસ્વીકાર કરેલ. જે દર્શાવે છે કે તેઓને હિંદની આઝાદી મંજુર નથી. હિંદને બ્રિટિશ કાયમી ધોરણે ગુલામીમાં જકડી રાખે છે. તેમનો આ નિર્ણય હિંદના લોકોની ઇચ્છા વિરૂધ્ધ જર્મની સાથેના યુધ્ધમાં જોતરીને માનવ શક્તિ તથા સાધન સામગ્રીને ઘસડી જાય છે. જે સાંખવા તેઓ તૈયાર નથી. ‘‘

વર્ધા 15-16 જાન્યુઆરી 1942

‘‘ યુદ્ધ હિંદની સરહદની નજીક આવતું જાય છે. એ વિકટ પરિસ્થિતિમાં મહાસભા રાષ્ટ્રને દોરવણી આપે છે. સમગ્ર વિશ્વ યુદ્ધે ચડયું છે. ત્યાર કેવળ હિંદની ખાતર જ નહી પણ સમગ્ર જગતને ખાતર પણ હિંદી પ્રજાને સંપુર્ણ સ્વતંત્રતા અતિ આવશ્યક છે. સરકારની નિતિ કોમી એકતા વિરોધી છે. ‘‘

અલ્હાબાદ 29 એપ્રિલ, 2 મે -1942

‘‘ પરદેશી આક્રમણ અને અસહકાર હિંદ શાહીવાદ, નાઝીવાદ અને ફાસીવાદનો વિરોધ કરે છે. જો હિંદ સ્વતંત્ર હોય તો તેણે પોતાની નિતિ પોતાની મેળે નકકી કરી હોત અને કદાચ લડાઇમાંથી બહાર રહયું હોત, કદાચ જોડાયું હોત તો પણ સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે જેનેં પોતાનું રાષ્ટ્રીય નેતૃત્વ હોત, રાષ્ટ્રીય લશ્કર વડે કોઇ વિદેશી આક્રમણકારી સામે દેશનું રક્ષણ કઇ રીતે કરવું તે સ્વતંત્ર હિંદને ખબર હોત. હાલનું હિંદનું લશ્કર બ્રિટિશ લશ્કરનો ફણગો છે. હિંદની પ્રજાથી તેને તદન વિખૂટું પાડવામાં આવ્યું છે. પ્રજા તેને પોતાનું લશ્કર માની શકે નહી.

મુંબઇ 7-8 ઓગષ્ટ 1942

હિંદ છોડો

‘‘ સમિતિએ ગાંધીજીના નેતૃત્વ હેઠળ આગેવાની હેઠળ એકસંપથી કાર્ય કરે છે. હિંદની આઝાદી અર્થે શિસ્તબંધ રીતે વર્તવાની તમામ ભારતીયો સુચના આપે છે. જે હિંદી મુક્તિને માટે ઝંખે છે અને તેને માટે મથે છે. તેણે પોતાના જ માર્ગદર્શક બનવાનું જે કઠણ રસ્તા ઉપર આશ્ચર્યનું નથી. જેનો અંત માત્ર હિંદની મુક્તિની પ્રાપ્તિ વિના આવવાનો નથી. તે રસ્તે તેણે આ બુધ્ધિથી ચાલવાનું છે. ‘‘ કરો યા મરો‘‘ નો નારો આ આંદોલનમાં ગાંધીજી દ્વારા આપવામાં આવ્યો. ‘‘

મુંબઇ 21-22 સપ્ટેમ્બર 1945

વેવેલ યોજનાઓ અસ્વીકાર

દિલ્હી 23-24 સપ્ટેમ્બર 1946

વચગાળાની સરકાર રચવા માટે આપેલ આમંત્રણો અસ્વીકાર કરવા સંબંધમાં કારોબારી સમિતિ પ્રમુખશ્રીને આપેલ સુચનાઓ સ્વીકાર. મહાસમિતિ તેને મંજુર રાખે છે.

દિલ્હી 5-6 જાન્યુઆરી 1947

સરકારના તા.06-12-1946 ના બ્રિટિશ સરકારના નિવેદન બાદ " મહા સમિતિઓ એવો મકકમ અભિપ્રાય છે. મુકત અને આઝાદ હિંદનું બંધારણ શકય એવી વ્યાપક સંમતિના પાયા ઉપર હિંદના લોકો એજ ઘડી કાઢવું જોઈએ. બહારની સત્તાની દરમ્યાનગીરી હોવી ન જોઈએ."

નવી દિલ્હી તા.06-08 માર્ચ 1947

બ્રિટિશ સરકારની તા.20 ફેબ્રુઆરી 1947 ની જાહેરાત ઉપર મહાસભાની કાર્યવાહક સમિતિનો ઠરાવ મુજબ " બ્રિટિશ મંત્રી મિશન યોજનાનો સ્વીકાર કરે છે. જે સંખ્યાબંધ રાજયોએ હિંદી સંઘ સાથે જોડવાનો નિર્ણય કર્યો છે. તેમને આવકારે છે. મુસ્લીમ લીગને પણ જોડવા માટે આમંત્રણ આપે છે. "

અખિલ હિંદ મહાસભા સમિતિ

દિલ્હી તા.14-15 જુન 1947, જુન-3 ની બ્રિટિશ યોજનાનો સ્વીકાર

" 16 મે 1946 મંત્રી મિશન યોજનાનો સ્વકાર કરી બંધારણ ઘડવામાં પ્રગતિ કરેલ હોવા છતાં કોઈપણ પ્રાદેશિક એકમની પ્રજાને તેમની ઈચ્છા વિરૂધ્ધ હિંદી સંઘમાં ફરજિયાત રાખવાની દ્રષ્ટીએ મહાસભા વિચાર કરી શકત નહી. એવી નિતિના કારણે મહાસમિતિ ૩જી જુનની જાહેરાતમાં કરવામાં આવેલ લોકોની ઈચ્છા કમત જાણવા માટેની પધ્ધતિ રજુ કરવામાં આવી છે. તેનો સ્વીકાર કરે છે. " 1947 ની 3જી જુનની દરખાસ્તોથી હિંદમાંથી દેશના અમુક ભાગો અલગ થવાનો સંભવ છે. આ પ્રત્યે ગમે તેટલો ખેદ વ્યકત કરવામાં આવે છતાં મહાસમિતિ હાલના સંજોગોમાં આ શકયતાને સ્વીકારી લે છે.

10.6 *ચાવીરૂપ શબ્દો :*

હિન્દી રાષ્ટ્રીય મહાસભા	સ્વતંત્ર ચળવળમાં ખુબ અગત્યની ભૂમિકા ભજવનાર પક્ષ
અધિવેશન	રાષ્ટ્રીય મહાસભાના ઉદયેશને પૂર્ણ કરવા માટે ભરાતી વાર્ષિક સભા
અધિવેશન પ્રમુખ	એવા વ્યક્તિ જેના નેતૃત્વ હેઠળ વાર્ષિક સભા ભરતી અને સરકાર સામેની માંગણીઓના ઠરાવો પસાર થતા.
મવાળવાદી વિચારધારા	જેઓ બ્રિટીશતાજ પરત્વે વફાદારીમાં માનતા. સરકાર સમક્ષની માંગણીઓ વિનંતી રૂપે કરતા.

10.7 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો :*

1. અંગ્રેજી સાહિત્ય તેમજ રાજકીય સંસ્થાઓ માટેની ચાહના પેદા કરી અને વિદેશમાં જર્મની કે ઇટાલી પર રાજયની ધૂંસરી ફગાવી શકે તો ભારતના કેમ નહિ ?
2. ભારતની રાષ્ટ્રીય ભાવનાને સંગઠિત કરવા તેમજ ભારતના પ્રશ્નોને બંધારણીય માર્ગે ઉકેલવા માટે સ્થાપના કરવામાં આવે.
3. અખિલ રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના 1855 માં સર એલન ઓક્ટોપિયન હ્યુમ
4. મુંબઈમાં ગોકુલદાસ તેજપાલ સંસ્કૃત કોલેજમાં યુવાન બેરિસ્ટર વ્યોમેસ્ચંદ્ર બેનર્જીના પ્રમુખપદે.
5. 1886 માં કલકતા ખાતે દાદાભાઈ નવરોજીના પ્રમુખ પદે
6. 1887 માં ત્રીજું અધિવેશન
7. મવાલવાદી વિચારધારા
8. સુરેન્દ્રનાથ બેનર્જી, ગોપાલકિશ્નન ગોખલે, ફિરોજશાહ મેહતા અને દાદાભાઈ નવરોજજી

10.8 *સંદર્ભ ગ્રંથો :*

- આર. કે. ધરિયા : આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો
- જવાહરલાલ નેહરુ : મારું હિન્દનું દર્શન
- ડો. ઈ.આર.દેસાઈ : ભારતમાં રાષ્ટ્રવાદનો ઉદભવ અને વિકાસ.
- ડો. સીતારામૈયા પી.બી.શરણ : રાષ્ટ્રીય મહાસભાનો ઈતિહાસ ભાગ-1
  -પંડિત સુંદરલાલ : ભારતમાં અંગરેજી રાજ્યનો ઈતિહાસ
  Bipinchandra Pal : India`s Struggle for Independence 1857-1947

એકમ : 11 લોર્ડ કર્ઝનની આંતરિક નિતિ

:: રૂપરેખા::

11.0 *ઉદ્દેશ્યો*

11.1 *પ્રસ્તાવના*

11.2 *કર્ઝનના વિવિધ સુધારા*

11.2.1 *વહીવટી સુધારા*

11.2.2 *નાણાકીય સુધારા*

11.2.3 *મહેસૂલી ખતી વિષયક સુધારા*

11.2.4 *લશ્કરીસુધારા*

11.2.5 *કેળવણી વિષયક સુધારા*

11.2.6 *અન્ય સુધારા*

11.3 *લોર્ડ કર્ઝનની અપ્રિયતાના કારણો*

11.3.1 *હિંદીઓપરત્વે તિરસ્કારની નિતિ*

11.3.2 *કલકત્તામાં મ્યુનિસિપલ કોર્પોરેશનનો કાયદો*

11.3.3 *હિંદી યુનિવર્સિટીને લગતો કાયદો*

11.4 *બંગાળના ભાગલા*

11.5 *હિંદના વાઈસરોય તરીકેની કર્ઝનની કામગીરીનું મુલ્યાંકન*

11.6 *ચાવીરૂપ શબ્દો*

11.7 *તમારી પ્રગતિ ચકાસો*

11.8 *સંદર્ભ ગ્રંથો*

11.0 *ઉદ્દેશ્યો :*

- આ એકમ થકી આપ લોર્ડ કર્ઝનની વહીવટી સૂઝબુઝની પરિચિત બનશો.
- બંગાળના ભાગલા થકી પરોક્ષ રીતે ભારતમાં રાષ્ટ્રીય ચેતનાનો ઉદ્દભવ.
- અંગ્રેજોની ભાગલા પાડો અને રાજ કરોની નીતિનું દર્શન

11.1 *પ્રસ્તાવના :*

લોર્ડ કર્ઝન વિદેશનીતિ ની જેમ આંતરિક નીતિમાં પણ એટલો જ ઉગ્ર અને આક્રમક રહ્યો હતો તેમ કહી શકાય. તે સાથે તેણે કેટલાક મહત્ત્વના સુધારા પણ કર્યા હતા. તેમ છતાં તેની

નીતિને કારણે તે હિંદની જનતામાં સારી રીતે અળખામણો થઈ પડયો. તેથી તેની અપ્રિયતાના પ્રવાહમાં તે કરેલું સારુ કાર્ય છેલ્લા દશ વર્ષમાં ધોવાઈ ગયેલ હતું.

11.2 *કર્ઝનના વિવિધ સુધારા :*

11.2.1 *વહીવટી સુધારા :-*

લોર્ડ કર્ઝન કાર્યક્ષમતાનો ચાહક હતો. જયારે સરકારી તંત્રમાં તો તુમારશાહી એટલી બધી પ્રવર્તતી હતી કે અગત્યના ઘણા પ્રશ્નો કાગળોમાં રિપોર્ટ અને આંકડાઓમાં જ વર્ષો સુધી અટવાયા કરતા. લોર્ડ કર્ઝને આ નિવારણ માટે બધા ખાતાઓના મુખ્યમંત્રીઓ (સેક્રેટરી)ની એક સમિતિ નીમી. આ સમિતિની ભલામણો મુજબ તેણે કાર્યક્ષમ વહીવટ માટેના કેટલાક નિયમો કર્યા.જેમ કે ખાતાના વડાએ અગત્યના પ્રશ્નોની ચર્ચા રૂબરૂમાં કરી તેનો ઉકેલ શોધવો. બને ત્યાંસુધી કોઈપણ પ્રશ્નને વિવાદાસ્પદ બનાવવો નહીં. નોંધ લખવાના લાંબા કાર્યને બદલે રૂબરૂ ચર્ચા કરવાની તેણે સલાહ આપી હતી. આ ઉપરાંત વહીવટી સુદ્રઢતા માટે તેણે તપાસ સમિતિઓ નીમી હતી. તે ખાતા માટે કેટલાય કાયદાઓ કર્યા. એક ઉદાહરણ પોલીસ ખાતામાં થયેલ સુધારો છે. હિંદમાં છેક 1861 થી પોલીસ ખાતાની શરૂઆત કરવામાં આવી હતી. પરંતુ તેનો વહીવટ ઘણો અસંતોષકારક હતો. જેના માટે 1902 માં ફેઝર કમિશનની નિમણૂંક કરી.તેના અહેવાલોમાં ગ્રામ, પ્રદેશોમાં સારી પોલીસ વ્યવસ્થા માટે, પોલીસ કોન્સ્ટેબલોના પગાર વધારા માટે, તેમની તાલીમ માટેની સંસ્થાઓ સ્થાપવા માટે, અને તેમની કામગીરીના નિરીક્ષણ માટેની ભલામણો પરથી તાત્કાલિક પગલાં ભરવામાં આવ્યા હતા. ખાસ કરીને આ અહેવાલમાં ગુના શોધક ખાતું (CID) શરૂ કરવાની ભલામણ હતી. જે પાછળથી સરકારને ઘણાં ઉપયોગી થઈ પડયા. આ બધા સુધારાને કારણે પોલીસ ખાતાનું ખર્ચ 1901 માં 26,91,744 પાઉન્ડ હતું. તે વધીને 10 વર્ષમાં 46,02,977 પાઉન્ડ થયું હતું.

11.2.2 *નાણાકિય સુધારા*

લોર્ડ કર્ઝનના સમયમાં હિંદ સરકાર માટે શરૂ થયેલી નાણાકિય કટોકટીનો અંત આવ્યો હતો અને દેશનું આર્થિક ચિત્ર સુધરવા લાગ્યું હતું. પરિણામે લોર્ડ કર્ઝન નીચેના પગલાં લઈ શકયો.

(1) દેશના ચલણ તરીકે રૂપિયો રાખવામાં આવ્યો. પરંતુ તેની પાછળ રિઝર્વમાં સોનું રાખવાનું નકકી કરવામાં આવ્યું. રૂપિયાનો દર 1 રૂપિયો = 16 પેન્સ નકકી કરવામાં આવ્યો.

(2) 1899-1905 માં પડેલા દુષ્કાળથી પીડાયેલા પ્રદેશોને સારી રીતે રાહત આપવામાં આવી. તે ઉપરાંત સર મેકડોનાલ્ડના પ્રમુખપણા નીચે એક દુષ્કાળ સમિતિની નિમણૂક કરવામાં આવી. 1901 માં આ સમિતિની ભલામણો અનુસાર દુષ્કાળ-રાહતકાર્યોમાં તથા તેના નિયમોમાં સુધારા કરવામાં આવ્યા.

(3) મીઠા પરનો કર ઓછો કરવામાં આવ્યો. મીઠાના દર બંગાળી મણે 1 રૂપિયો ઠરાવવામાં આવ્યો. જે 1857 પછી ઓછામાં ઓછો હતો.

(4) પ્રાંતોને નાણાકિય ગ્રાન્ટ આપવાની શરૂઆત લોર્ડ મેયોના સમયથી થઈ હતી. 1882માં લોર્ડ રિપને દર પાંચ વર્ષ માટે ગ્રાન્ટ આપવાનું ઠરાવ્યુ હતું. તે દૂર કરીને લોર્ડ કર્ઝને આ ગ્રાન્ટ લગભગ કાયમ કરી આપી. નાણાકિય વિકેન્દ્રિકરણને સંપુર્ણ બનાવ્યુ;.

11.2.3 *મહેસૂલી સુધારા :-*

અન્ય ખાતાઓની જેમ મહેસૂલી ખાતાનો વહીવટ પણ સડેલો હતો. ઘણી જગ્યાએ યોગ્ય નિયંત્રણના અભાવે સરકારી અમલદારો રૈયત પર ઝુલમ ગુજારતા હતા. કાં તો તેઓ વધારે ને વધારે મહેસુલ માંગતા હતા. અથવા તો વસૂલાત વખતે ઘણી કડકાઈ કરતા હતા. ઈ.સ.1900 માં 11 જેટલા ભુતપુર્વ સનદી અધિકારીઓએ (જેમાં રોમેશચંદ્ર દત્ત પણ એક હતા) વાઈસરોય લોર્ડ કર્ઝનને એક નિવેદનપત્ર મોકલી ચાલુ મહેસૂલી પધ્ધતિમાં કેટલાક સુધારા સૂચવ્યા હતા. જેમાં મહેસૂલી અધિકારીઓના ત્રાસથી રૈયતને રક્ષણ આપવું. રૈયતને જયાં સિચાઈનો લાભ મળે ત્યાં અથવા તો જમીનની કિંમતમાં વધારો થાય ત્યાં જ મહેસુલ વધારવું વગેરે. જો કે લોર્ડ કર્ઝન આવેદનપત્રોમાંની બધી માંગણીઓ સાથે સંમત ન થઈ શકયો. છતાં આ દિશામાં ઘણા સુધારા કર્યા.

(1) 1900માં Punjab Land Alienation Act પસાર કરવામાં આવ્યો. તેનાથી ઠરાવવામાં આવ્યું કે જે ખેડૂતો કાયમી તરીકે માન્ય થયા હોય તેમના પર જમીનદારો કે શાહુકારો ડિકી (હુકમનામું)લાવી શકશે નહીં. અથવા તો તેની જમીન દેવા પેટે વેચી શકશે નહી. આ કાયદાથી ખેડૂતો શાહુકારો અને જમીનદારોના ત્રાસમાંથી ઘણે અંશે મુકત થયા.

(2) એક બીજા ઠરાવ દ્વારા એમ નકકી કરવામાં આવ્યું કે જયાં જયાં નકકી કરાયેલ મહેસુલ કરતાંવધારે મહેસુલ લેવાતું હોય ત્યાં ઓછું કરવું અને હવેથી મહેસુલ માંગણી ઋતુ પ્રમાણે બદલાતી રહેશે.એટલે કે સારો વરસાદ હોય તો માંગણી વધારી શકાશે તે રીતે ખરાબ વરસાદમાં તે ઓછી કરી શકાશે.

(3) આ ઉપરાંત ખેડૂતોને બિયારણ માટે તથા કૂવાઓ ગળાવવા કે પશુઓ ખરીદવા માટે ઓછા ટકાના વ્યાજે નાણાં ધીરી શકાય તે માટે ખેતીવાડી બેંક તથા સહકારી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી. (1904 ના કાયદા દ્વારા) જેનું મુખ્ય ધ્યેય ખેડૂતોને જમીનદારો તથા શાહુકારોના સકંજામાંથી દૂર કરવાનું હતું.

(4) વળી 1901માં ખેતીવાડી માટે અલગ ખાતુ સ્થાપી તેના ઈન્સ્પેકટર જનરલની નિમણૂક કરવામાં આવી. આ ખાતાના હાથ નીચે બાંગાળમાં પુસા ખાતે એક ખેતીવાડી સંશોધન સંસ્થાની સ્થાપના કરવામાં આવી અને તે માટે દર વર્ષે 1 લાખ 30 હજાર પાઉન્ડની રકમ મંજૂર કરવામાં આવી.

(5) તે જ રીતે સિંચાઈની સગવડતા વધારવાની શકયતા તપાસવા 1901 માં એક સમિતિની નિમણૂક કરવામાં આવી. જેણે 1903 માં પોતાનો અહેવાલ આપ્યો. આ અહેવાલમાં સમિતિએ આવતા 20 વર્ષોમાં સિચાઇ માટે 44 કરોડ રૂપિયા ખર્ચવાની તથા 65 લાખ એકર જમીનને સિંચાઇ નીચે લાવવાની ભલામણ કરી હતી. તથા અપર ચીનાબ નહેર, અપર જેલમ નહેર અને લોઅર બડી દેઆબ નહેરોનું બાંધકામ કરવામાં આવ્યું.

11.2.4 *લશ્કરી સુધારા :-*

બીજા બધા ખાતાઓની જેમ લશ્કરી ખાતામાં પણ કાર્યક્ષમતા વધારવા માટે લોર્ડ કર્ઝને સુધારા કર્યા. તેના આ સુધારાઓમાં સર સેનાપતિ લોર્ડ કિચનરનો ઘણો સાથ અને સહકાર હતો. આ સુધારાઓમાં નીચેના મુખ્ય હતા.

(1) દેશી લશ્કરી ટુકડીઓ (રેજીમેન્ટ)ને તોપો તથા બંધૂકો દ્વારા સજજ કરવામાં આવી. તેમના અફસરો દેશી હતા. છતાં તાલીમ તથા યુધ્ધ સમયે તેમને બ્રીટીશ અફસરોના હાથ નીચે મુકવામાં આવ્યા હતા. હવે હિંદ લશ્કરનો ઉપયોગ માત્ર હિંદ પુરતો નહી રહેતાં હિંદ બહારની કામગીરીમાં પણ થવા લાગ્યો અને તે બધી જ જગ્યાએ હિંદ લશ્કરે પ્રશંસાપાત્ર કામગીરી બજાવી હતી.

(2) લશ્કરની વાહનવ્યવહારપ્રથા ધરમૂળથી ફેરફાર કરી તેમને વધારે કાર્યક્ષમ બનાવવામાં આવ્યા.

(3) 1901માં Imperial Cadet Corps (શાહી ટુકડીઓ) શરૂ કરવામાં આવી. જેમાં હિંદના રાજવીઓના કુમારો તથા ઉમરાવ કુટુંબોના નબીરાઓને દાખલ કરવામાં આવ્યા.

11.2.5 *કેળવણી વિષયક સુધારા.*

લોર્ડ કર્ઝને 1902 માં સર થોમસ રેલેના પ્રમુખપણા નીચે એક કમિશન નિમ્યું અને નીચે મુજબના પગલાં લીધા.

(1) પ્રાથમિક શિક્ષણમાંથી પરીક્ષા પધ્ધતિ નાબૂદ કરવામાં આવી અને તેમની ગુણવત્તા પરીક્ષાના પરિણામોને ધોરણે નહી પણ કાર્યક્ષમતાના ધોરણે આંકવાનું ઠરાવ્યું.

(2) કેળવણીમાં કુદરતના અભ્યાસને તથા આંખ-હાથને તાલીમ મળે એવી વ્યવસ્થા દાખલ કરવામાં આવી.

(3) તેણે 1904 માં યુનિવર્સિટી ધારો પસાર કરાવ્યો. આ ધારાનો હેતુ ઉચ્ચ કેળવણીનું ધોરણ ઊંચું લાવવાનું અને યુનિવર્સિટીઓની કાર્યદક્ષતા વધારવાનું હતું.

આ કાયદા મુજબ નકકી કરવામાં આવ્યું કે યુનિવર્સિટીએ પરીક્ષાઓ લેવા ઉપરાંત પ્રાધ્યાપકો નીમીને શિક્ષણ અને સંશોધન કાર્યને ઉત્તેજન આપવું. યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજો સમગ્ર રીતે સુસજજ હોવી જોઈએ. પ્રાંતની દરેક પ્રાથમિક શાળામાં બોધભાષા તરીકે દેશ ભાષા રાખવી. પરંતુ ઉચ્ચ શિક્ષણ તો અંગ્રેજીમાં આપવું. શિક્ષકોને તાલીમ આપવા માટે જુદા જુદા પ્રાંતોમાં તાલીમ કોલેજો શરૂ કરવી. યુનિવર્સિટીનું સંચાલન કરનારી સેનેટ સિન્ડિકેટ અને અન્ય શિક્ષણ શાખાઓમાં લોક પ્રતિનિધિત્વ વધારવું.

આમાંની કેટલીક ભલામણો લોર્ડ કર્ઝનના રૂઢિચુસ્ત વિચારને અનુકૂળ આવે તેમ ન હતી. દા.ત. સેનેટ અને સિન્ડિકેટમાં લોક પ્રતિનિધિ વધારવાની ભલામણ. તેથી તેને બદલે પોતાના વિચારો અને નીતિને અનકૂળ આવે તે રીતે યુનિવર્સિટીની પુનઃ રચના કરતો કાયદો ઘડયો અને પસાર કરાવ્યો.

11.2.6 *અન્ય સુધારા*

ઉપરના સુધારાઓ ઉપરાંત કેટલાક નાના સુધારાઓ પણ લોર્ડ કર્ઝનના સમયમાં થયાં. જે હિંદને ઘણા ઉપકારક થઈ પડયા તેમાં-

(1) તેના હાથે પુરાતત્ત્વ ખાતાની શરૂઆત થઈ. તે ઘણું મહત્વનું પગલું કહી શકાય. અત્યાર સુધી હિંદના આ પ્રાચીન વારસા અને ગૌરવ પ્રત્ય બ્રિટિશ સાશકોનું ધ્યાન ગયું ન હતું. જયારે લોર્ડ કર્ઝન જેવા હિંદ વિરોધીના હાથે જ હિંદના ભૂતકાલીન ગૌરવનું પુનરૂત્થાન થવા સર્જાયુ હતું. પુરાતત્ત્વ ખાતાના વડા તરીકે જહોન માર્શલની નિમણૂક કરવામાં આવી. ત્યાર પછી આ ઉત્સાહી અમલદાર તથા તેના સાથીદારોએ મોહેં-જો-ડેરો, હડપ્પા,

નાલંદા, તક્ષશીલા, પાટલીપુત્ર, નાગાર્જુન, કોંડા વગેરે સ્થળોએ ખોદકામ કરી હિંદના પ્રાચિન ગૌરવને જગજાહેર કર્યુ. આ ઉપરાંત 1904માં પ્રાચીન સ્મારકો તથા ઐતિહાસિક કલા કારીગરીની વસ્તુઓની જાળવણી કરતો કાયદો પસાર કરવામાં આવ્યો.

(2) બીજું રેલવેના સંચાલનમાં મૂળભૂત ફેરફાર કરવામાં આવ્યા.અત્યાર સુધી રેલ્વેનો વહીવટ જાહેર બાંધકામ ખાતા દ્વારા થતો હતો. તે 1905 માં રોબર્ટસન કમિટીની ભલામણ અનુસાર ત્રણ સભ્યોના રેલવે બોર્ડને સોંપવામાં આવ્યો.તે ઉપરાંત લોર્ડ કર્ઝનના સમય દરમ્યાન 28150 માઈલની વધારાની લાઈન નાખવામાં આવી. અને જયારે તેણે ચાર્જ છોડયો ત્યારે બીજી 3167 માઈલની લાઈનનું બાંધકામ ચાલુ હતું.

(3) મજુરોના કલ્યાણ માટે ખાણોનો કાયદો તથા આસામ મજૂર કાયદો પસાર કરવામાં આવ્યો. અને ખાણોના ઈન્સ્પેકટરની અને ત્યાં જાહેર આરોગ્ય તથા સ્વચ્છતા માટે ઈન્સ્પેકટરોની નિમણૂક કરવામાં આવી.

લોર્ડ કર્ઝનના ઉપરના સુધારાઓથી હિંદને નિઃશંક ફાયદો થયો છે. તેમ છતાં તેની તુમાખી,હિંદની જનતા પ્રત્યેના તથા હિંદની રાષ્ટ્રીય ચળવળ અને કોંગ્રેસ પ્રત્યેના તેના તિરસ્કાર તથા તે તિરસ્કારને પરિણામે તેણે લીધેલા પગલાંઓને પરિણામે તેણે કરેલું સારૂ કાર્ય ભુંસાઈ ગયું. અને હંમેશ માટે હિંદના ઈતિહાસમાં તેનું નામ કલંકિત થઈ ગયું. તેના આ કાર્યો નીચે પ્રમાણે હતા.

11.3 *લોર્ડ કર્ઝનની અપ્રિયતાના કારણો :*

11.3.1 *હિંદીઓ પરત્વે તિરસ્કારની નિતિ.*

લોર્ડ કર્ઝનને હિંદીઓ પ્રત્ય તિરસ્કાર હતો. તે હિંદીઓને નમાલા અને રાજય ચલાવવા માટેની આવડત વગરના ગણતો હતો. તેણે આવા વિચારો જાહેર પ્રસંગોએ ભાષણ દ્વારા વ્યકત કર્યા હતા. આથી હિંદીઓના સ્વમાન અને રાષ્ટ્ર ભાવના પર ઊંચો આઘાત થતો. કર્ઝન માનતો કે હિંદીઓની તુલનામાં અંગ્રેજોમાં કંઈક વારસામાં, કંઈક ઉછેરમાં અને કંઈક કેળવણીને લીધે રાજકારણ અને સરકાર ચલાવવાની વધારે સમજણ છે. હિંદીઓમાં રાજતંત્ર ચલાવવાની બિલકુલ આવડત નથી. તેથી તેણે ઉચ્ચ જવાબદારીભર્યા હોદ્દાઓ અંગ્રેજો માટે જ અનામત રાખ્યા હતા.

તેવી જ રીતે હિંદી રાષ્ટ્રીય ચળવળ અને કોંગ્રેસ પ્રત્યે પણ તેને ભારે તિરસ્કાર હતો. તેણે હિંદી વઝીરને લખેલા એક પત્રમાં જણાવ્યુ હતું કે કોંગ્રેસ પતનના પંથે છે અને જયાં સુધી હું હિંદમાં છું ત્યા સુધી તેનો શાંતિમય દફન કરાવવામાં હું મદદગાર બનું એવી મારી મહેચ્છા છે. પોતાની આવી માન્યતાઓને લીધે કર્ઝન હિંદી પ્રજામાં અપ્રિય બન્યો.

11.3.2 *કલકત્તા મ્યુનિસિપલ કોર્પોરેશનનો કાયદો (***1900):-**

લોર્ડ કર્ઝનને હિંદના લોકો પ્રત્યે તિરસ્કાર હતો. અને તેમ શકિતઓમાં વિશ્વાસ ન હતો. તે જ રીતે તેને લોકશાહી પધ્ધતિઓ પ્રત્યે પણ છુપો અણગમો હતો. અને તેથી લોર્ડ રીપને ઉદાર દ્રષ્ટીથી હિંદમાં સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓનો વિકાસ કર્યો હતો. તેને તે રૂંધી નાખવા માંગતો હતો. તેથી જયારે કલકતા મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટ અંગે તેના જેવા જ વિચારો ધરાવતા એંગ્લો ઈન્ડિયન પત્રોએ ટીકા કરવા માંડી. ત્યારે તેણે તક ઝડપી લીધી. તેણે બંગાળની

ધારા સભામાં કલકતા મ્યુનિસિપલ કોર્પોરેશનની પુનઃ રચના કરતો ખરડો દાખલ કરાવ્યો. ધારાસભામાં સરકારી બહુમતીને કારણે તે ખરડો પસાર પણ થયો. આ કાયદાથી કલકત્તા મ્યુનિસિપલ કોર્પોરેશનના સભ્યોની સંખ્યા 75 માંથી 50 કરી નાંખવામાં આવી. અને જે 25 સભ્યો ઓછા કરવામાં આવ્યા તે શહેરના કર ભરનારાઓના ચુંટાયેલા પ્રતિનિધિઓ જ હતા. તે ઉપરાંત કોર્પોરેશનની સત્તામાં કાપ મુકવામાં આવ્યો અને તેના પર સરકારી અંકુશ મુકવામાં આવ્યો. તેને પરિણામે કલકત્તા કે બંગાળ જ નહીં સમસ્ત હિંદમાં રાષ્ટ્રવાદી નેતાઓએ તેની આકરી ટીકા કરી અને તે હિંદની જનતામાં અળખામણો થઈ પડયો.

11.3.3 *યુનિવર્સિટીને લગતો કાયદો :-*

લોર્ડ રિપનના સમયથી હિંદની ઉચ્ચ કેળવણી ક્ષેત્રે ઠીક ઠીક પ્રમાણમાં પ્રગતિ થવા લાગી હતી. તેમ છતાં યુનિવર્સિટીકક્ષાએ કેળવણીની પરિસ્થિતિ ઘણી અસંતોષકારક હતી. તેથી 1902 માં લોર્ડ કર્ઝને સર થોમસ રેલેના પ્રમુખપણ નીચે એક કમિશનની નિમણૂક કરી. આ રેલે કમિશનમાં ફકત એક સિવાય બધા જ સરકારી સભ્યો હતા. આ કમિશને ચાલુ કેળવણીપ્રથાની આકરી ટીકા કરી. યુનિવર્સિટીઓ જ્ઞાનની આરાધનાને બદલે માત્ર પરીક્ષા લેનારી સંસ્થા બની ગઈ હતી. પ્રાથમિક તથા માધ્યમિક કેળવણી માટે બેદરકારી પ્રવર્તતી હતી. તેની પણ ટીકા કરી. તેમણે કરેલા રચનાત્મક સુચનોમાં (1) યુનિવર્સિટીઓને શૈક્ષણિક સંસ્થા તરીકે માન્ય કરવા, (2) સેનેટ,સિન્ડીકેટ અને અન્ય શૈક્ષણિક શાખાઓમાં લોક પ્રતિનિધિત્વ વધારવા (3) યુનિવર્સિટી સાથે જોડાનાર કોલેજો તથા શાળાઓમાં જોડાણ નિયમો કડક બનાવવા તથા (4) અભ્યાસક્રમ અને પરિક્ષાના ધોરણોમાં ફેરફાર કરવાની ભલામણો હતી.

આમાંની કેટલીક ભલામણો લોર્ડ કર્ઝનના રૂઢીચુસ્ત અને પ્રત્યાઘાતી વિચારોને અનુકુળ આવે તેમ ન હતી. તેથી તેને બદલે પોતાના વિચારો અને નિતિને અનુકુળ આવે તે રીતે તેણે યુનિવર્સિટીઓની પુનઃ રચના કરતો કાયદો ઘડયો. અને તે પસાર કરાવ્યો. (1904) આ કાયદાથી યુનિવર્સિટીઓનું સંચાલન કરનારી સભા (સેનેટ)ની સભ્ય સંખ્યા મર્યાદિત કરવામાં આવી. (ઓછામાં ઓછા 50 વધારે માં વધારે 100) અને તેમાં ચૂંટાયેલા સભ્યો 15 થી 20 જ રાખવામાં આવ્યા. તેને બદલે સેનેટમાં સરકાર નિયુકત સભ્યોની બહુમતી અને સરકારી અંકુશ રાખવામાં આવ્યા. તે સાથે સેનેટના નિયમો કાયદાઓમાં સરકાર ફેરફાર કરી શકે તેવી જોગવાઇ રાખીને યુનિવર્સિટીને સરકારી સંસ્થા બનાવી દેવામાં આવી.

હિંદના રાષ્ટ્રીય નેતાઓ તથા બુધ્ધિશાળી વર્ગમાં આને કારણે જ લોર્ડ કર્ઝન સામે રોષ ભભૂકી ઉઠયો હતો. લોર્ડ કર્ઝનના બચાવકારો એમ કહેતા હતા કે આ કાયદાથી તે યુનિવર્સિટીઓના વહીવટમાં કાર્યક્ષમતા લાવવા માંગતો હતો. હિંદની યુનિવર્સિટીઓને વિશ્વની સૌથી વધારે પ્રમાણમાં સરકારી યુનિવર્સિટી બનાવવા માંગતો હતો. વળી યુનિવર્સિટી સાથેના જોડાણના નિયમો કડક બનાવીને તે હિંદમાં કેળવણીના ક્ષેત્રે બિન સરકારી પ્રયત્ને રૂંધી નાંખવા માંગતો હતો. તેવો તેમને વ્યાજબી ડર લાગ્યો હતો. તેથી તેમણે લોર્ડ કર્ઝનના આ કાયદાને સખત શબ્દોમાં વખોડી કાઢયો. ટૂંકમાં કલકત્તા કોર્પોરેશનનો કાયદો તથા યુનિવર્સિટી કાયદો, આ બંને પગલાંએ લોર્ડ કર્ઝનને હિંદના બુધ્ધિશાળી રાષ્ટ્રપ્રેમી વર્ગમાં ઘણો અપ્રિય બનાવ્યો.

11.4 *બંગાળના ભાગલા* (1905):

બંગાળના ભાગલાએ લોર્ડ કર્ઝનને સમસ્ત હિન્દની જનતામાં અપ્રિય બનાવ્યો. અંગ્રેજ ઇતિહાસકાર રોબર્ટસના મતે લોર્ડ કર્ઝનને નીચેના કારણોસર બંગાળના ભાગલા પાડયા હતા.

(1) એક તો, બંગાળ પ્રાંત ઘણો વિશાળ હતો. તેની વસતિ 7 કરોડ, 80 લાખ હતી. તે ઇંગ્લેન્ડના કરતાં બમણી હતી. આથી બંગાળના લેફ્ટેનન્ટ ગવર્નરનું કાર્ય તથા જવાબદારી ઘણી વધી જતી હતી.

(2) ગંગાની પૂર્વે આવેલા પુર્ણ બંગાળ અને આસામના જિલ્લાઓમાં વહીવટ પર પૂરતું ધ્યાન આપી શકાંતુ ન હતું. ત્યાં જમીનદારોના ત્રાસ નીચે ખેડૂતો રિબાતા હતા. અને ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ કામગીર અપુરતી હતી. ઉપરાંત નદીઓના પ્રવાહો અને વારંવાર આવતા પૂરને કારણે આ પ્રદેશોનો વાહન વ્યવહાર ખોરવાઇ જતો અને લોકોના જાનમાલની સલામતી જોખમાતી હતી. એટલે આ પ્રદેશોને આવરી લેતો જો જુદો પ્રાંત કરવામાં આતે તો આ બધી ખામીઓ દૂર કરી શકાય.

(3) વળી વહીવટી સરળતા તથા કાર્યક્ષમતા માટે આ પહેલાં પણ પ્રાંતોના ભાગલા પાડવામાં આવતા. દા.ત. 1865માં બંગાળને યુપીથી છુટો પાડવામાં આવ્યો હતો. 1884માં આસામમાં અલગ હાઇ કમિશનર મુકવામાં આવ્યો હતો.

ઠૂંકમાં આ બધી ગણતરીઓને ધ્યાનમાં લઈને લોર્ડ કર્ઝને 1905માં બંગાળને બે પ્રાંતોમાં વહેંચી દેતો કાયદો પસાર કર્યો. મૂળ બંગાળ પ્રાંતનું પાટનગર કલકત્તા રાખવામાં આવ્યું. જયારે નવા પ્રાંતમાં પૂર્વ બંગાળ, આસામ, ચિતગોંગ અને બંગાળ પ્રાંતના 15 જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો. જેનો વિસ્તાર 1,06,000 કિ.મી. થયો. અને વસતિ 3 કરોડ 10 લાખની થઇ.

બંગાળના આ ભાગલાના કારણે લોર્ડ કર્ઝન પ્રજામાં અપ્રિય બન્યો. કદાચ વહીવટી સરળતા અને કાર્યક્ષમતા માટે તેણે આ પગલું ભર્યું હશે છતાં રાષ્ટ્રવાદીઓએ તેના પર બંગાળની એકતામાં ખંજર ભોંકવાની તેની મેલી મુરાદનો આક્ષેપ કર્યો હતો. તેમાંથી તે સદંતર મુકત થઇ શકે તેમ નથી. આસામ અને પૂર્વ બંગાળમાં વસતિનો ઘણો મોટો ભાગ બિન હિંદુઓનો હતો. તેમને અલગ પ્રાંત આપી તથા બીજા કેટલાક લાભો આપી સરકાર પક્ષે તેમનો ટેકો પ્રાપ્ત કરવાનો તથા તેમ કરીને બંગાળની રાષ્ટ્રીય હિલચાલને રૂધી દેવાની તેની આ ચાલબાજી હતી. બંગાળમાં તો ત્રાસવાદી યુવાન ક્રાંતિકારીઓએ સરકારી ઓફિસર્સ, પોલીસ કમિશરનો કે મેજીસ્ટ્રેટો પર બોંમ્બ ફેંકવાની પ્રવૃતિ જોરશોરથી હાથ ધરી. સામે પક્ષે સરકારે દમનનો દોર છુટો મુકયો. લોર્ડ કર્ઝને આને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યો હતો. અને રાષ્ટ્રવાદી આંદોલનો સામે તે જરા પણ નમતુ મુકવા માંગતો ન હતો. તેનું શાહીવાદી, રૂઢીચુસ્ત, પ્રગતિ વિરોધી અને તુમાખીમાનસ ખુલ્લુ પડી ગયુ હતું. જેમ જેમ તેની વિરૂદ્ધમાં હિંદની જનતાનો મત ઉગ્ર થતો ગયો તેમ તેમ તેનું વલણ વધારે જકડી થતુ ગયું. આખરે 1911 માં વાઇસરોય લોર્ડ હાર્ડીજે બંગાળના ભાગલા રદ કરવાની જાહેરાત કરી. હિંદી રાષ્ટ્રવાદ સામે નમતુ મુકયું. પરંતુ ત્યારે ઘણું જ મોડું થઇ ગયુ હતું. હિંદની જનતામાં અભૂતપુર્વ રાષ્ટ્રીય જાગૃતિ આવી હતી. અને આ જાગૃતિએ લોર્ડ કર્ઝનની નીતિ સામેના વિરોધમાંથી બળ મેળવ્યુ હતું. તે દૃષ્ટિએ લોર્ડ કર્ઝનના શાસનનો સમય હિંદની જનતા માટે શાપના રૂપમાં આશીર્વાદ સમાન ગણી શકાય.

11.5 *હિંદના વાઈસરોય તરીકેની કર્ઝનની કામગીરીનું મૂલ્યાંકન :*

આ છ વર્ષ દરમ્યાન એક શાસનકર્તા તરીકેની તેની સિદ્ધિ કેટલી આ પ્રશ્ન પરત્વે વિવેચકોમાં મતભેદ છે. અંગ્રેજ ઈતિહાસકાર રોબર્ટસ લોર્ડ કર્ઝનની કારકિર્દીના અવલોકનના અંતે તેની ભૂલો કે નિષ્ફળતાઓ પ્રત્યે દુર્લક્ષ સેવી તેના આદર્શોની મહાનતા પ્રત્યે ધ્યાન કેન્દ્રીત કરવા કહે છે. તેના મતે લોર્ડ કર્ઝન તેના ઉચ્ચ આદર્શોને કારણે તથા પોતાના કામ પ્રત્યેની તેની નિષ્ઠા અને વફાદારીની ભાવનાને કારણે મહાન કહેવડાવાને લાયક હતો. તેણે હિંદની જનતાના કલ્યાણ માટે ન્યાય માટે પ્રગતિ તેમજ તેમના બૌદ્ધિક વિકાસ માટે ખરા હૃદયથી પ્રયત્નો કર્યા હતા. એ પોતે આનેજ પોતાની-અને હિંદમાં શાસન કરવા માટે આવતા દરેક અંગ્રેજની – પ્રવિત્ર ફરજ માનતો હતો. અને પોતે જેને પોતાની ફરજ માનતો હતો તે બજાવવામાં પ્રસંશા કે નિંદાની પરવા કર્યા સિવાય તેણે પોતાના કાર્યને વફાદાર રહેવાનો પ્રયત્ન કર્યો હતો. તેથી રોબર્ટસના મતે આજે આટલા સમય પછી તટસ્થ વિવેચક તેના હિંદના યાદગાર ગવર્નર જનરલની હરોળમાં મુકવાને પ્રેરાશે.

ઈતિહાસકાર રોબર્ટસે લોર્ડ કર્ઝનનુ કરેલું આ મુલ્યાંકન અમુક અંશે જરૂર સાચું છે. કારણ કે લોર્ડ ડેલહાઉસી પછીનો કોઈપણ ગવર્નર જનરલ હિંદના વહીવટ પર આટલી બધી છાપ-વ્યકિતગત છાપ-મુકી નથી ગયો. અથવા તો ઈંગ્લેન્ડમાં હિંદી વહીવટ પરત્વે આટલો બધો રસ અન્ય કોઈએ ઊભો કર્યો નથી. અત્યંત મજબુત મનોબળ આત્મશ્રદ્ધા અને ઉચ્ચ વહીવટી આદર્શ એ લોર્ડ કર્ઝનના ચારિત્ર્યના ઉજજવળ પાસાઓ હતા. તેના રાજકીય વિરોધી લોર્ડ મોલેને પણ એ બાબતમાં સંમત થવું પડયું કે ઉચ્ચ આદર્શ તથા કલ્યાણકારી હેતુઓ માટે લોર્ડ કર્ઝને સતત પરિશ્રમ તથા ઉચ્ચ પ્રતિભા દાખવ્યા છે.

એક રાજપુરુષ તરીકે નિષ્ફળતા :-

બધા જ બળવાન વ્યકિત્વવાળા લોકો પાછળ ઘણાં વિરોધીઓ ઊભા હોય જ છે. કઈંક અંશે તેની લોકપ્રિય થવાની એક પ્રકારની બેદરકારી અને સ્પષ્ટ વકતૃત્વની નીતિ પણ આને માટે જવાબદાર હતી.પોતે સતત કાર્યરતતામાં માનતો તેથી પોતાના હાથ નીચેના અધિકારીઓ પાસે સખત કામ લેવામાં માનતો. જેથી લોકો તેનાથી ડરતા, શેહ પામતા. વળી હાથ નીચેના માણસોની સલાહ લેવા માટે તે બહુ આતુર ન રહેતો. અને તેમની મૌલિકતા ને સાંખી શકતો નહોતો. ઉલટુ તેમની સામે પોતાના વ્યકિત્વની છાપ ઊભી કરવા તે મથતો. તેના ચારિત્ર્ય લેખક રોનાલ્ડેશે એ યોગ્ય જ કહયું છે કે તે નેપોલીયનની શકિતઓની જેમ નેપોલિયન જેવાં ઘણા દોષો ધરાવતો હતો.

11.6 *ચાવીરૂપ શબ્દો :*

વહીવટી સુધારા	પ્રવર્તમાન વહીવટમાં બદલાવ
સી.આઈ.ડી	ગુન્હા શોધક ખાતું
ખેતીવાડી બેંક	ખેતી સાથે જોડાયેલ બાબતો માટે ધિરાણ કરતું આર્થિક નિગમ
રેજિમેન્ટ	લશ્કરી ટુકડીઓ

શાહી ટુકડીઓ	દેશી રાજાઓ, ઉમરાવ કુટુંબને લશ્કરી તાલીમ આપેલ ટુકડી
એન્ગ્લો ઈન્ડિયન ગૃહ	અંગ્રેજો- હિંદીઓથી બનેલ ગૃહ
બંગભંગ	બંગાળના બે ભાગલા (પૂર્વ બંગાળ – પશ્ચિમ બંગાળ)

11.7 *તમારી પ્રગતિ ચકાસો :*

(1) કર્ઝને બંગાળના ભાગલા શા માટે પાડ્યા ?

(2) 7 કરોડ 80 લાખની વસ્તીનું બહાનું દર્શાવી પુર્વ બંગાળના બિનહિન્દુઓને પશ્ચિમ બંગાળથી અલગ કરી કોમવાદને ઉત્તેજન આપવાનું હતું. વિસ્તારપૂર્વક જવાબ લખો.
(1)લોર્ડ કર્ઝનના વિવિધ સુધારા

(2) લોર્ડ કર્ઝનની અપ્રિયતાના કારણો.

11.8 *संदर्भ :*

1. પં.સુંદરલાલજી : ભારતમાં અંગ્રેજી રાજય, ભાગ-૨
2. K.A.N.Shastri : History of India –III
3. ડા.ઈશ્વરીપ્રસાદ આધુનિક ભારતનો ઈતિહાસ
4. P.E.Roberts : History of British India.
5. ભારતનો ઇતિહાસ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
6. ----------મૃત લેખક અનુવાદ દેશપાંડે, પાંડુરંગ ગણેશ, આધુનિક ભારત, અમદાવાદ, ૧૯૪૬
7. બિપિનચંદ્ર : આધુનિક ભાતનો ઈતિહાસ, ઓરિએન્ટ બ્લેકસ્વખ્ન નવી દિલ્હી, ૨૦૧૯
8. એલ. ગોવરા, આધુનિક ભારતનો ઈતિહાસ, ૧૭૦૭ થી આધુનિક કાળ સુધી ૩૬મું રેસ્કરણ એસ. ------એન્ડ કંપની લિમિટેડ નવી દિલ્હી.

એકમ : 12 ભારતની રાષ્ટ્રીય ચળવળો

:: રૂપરેખા::

12.0 ઉદેશ્યો
12.0 પ્રસ્તાવના
12.2 સ્વદેશી ચળવળ
123 હોમરૂલ ચળવળ
12.4 ચંપારણ સત્યાગ્રહ
12.5 મિલમજૂર આંદોલન-1918
12.6 ખેડા સત્યાગ્રહ-1917-18
12.7 રોલેટ એક વિરોધી સત્યાગ્રહ-1919
12.8 ખિલાફત ચળવળ
તમારી જાતે તપાસો
12.9 સારાંશ
12.10 શબ્દાવલી
12.11 બહુવિકલ્પીય પ્રશ્નો
સ્વાધ્યાય
સંદર્ભ સૂચિ

12.0 ઉદેશ્યો

આ એકમના ઉદેશ્યમાં ભારતની રાષ્ટ્રીય ચળવળો - 1905 થી 1920નો અભ્યાસ કરવાનો છે. જે એકમના અધ્યાપનથી આટલી સમજ કેળવાશે.

- સ્વદેશી ચળવળ વિશે માહિતી પ્રાપ્ત કરશે.
- હોમરૂલ ચળવળ વિશે જાણકારી પ્રાપ્ત કરશે.
- ચંપારણ સત્યાગ્રહની વાસ્તવિકતા તપાસશે.
- ખેડા સત્યાગ્રહ વિશે સમજ કેળવશે.
- ભારતીય રાષ્ટ્રીય ચળવળો (1905-1920)ની જાણકારી પ્રાપ્ત કરશે.

12.1 પ્રસ્તાવના

ભારતમાં 1905 થી 1920 દરમ્યાન ઘણી બધી રાષ્ટ્રીય ચળવળો થઈ. ભારતમાં અંગ્રેજોના વિવિધ પ્રકારે આર્થિક શોષણ તથા અત્યાચારો વધી ગયા હતા. અંગ્રેજો આર્થિક રીતે ભારતને પાયમાલ કરી તેની સાંસ્કૃતિક અને સામાજિક ધરોહરને તોડી નાંખી હતી.

ભારતમાં અંગ્રેજી રાજ્યના વિરોધમાં આદોલનો અંગ્રેજી શાસનના પ્રારંભથી થઈ ચૂક્યા હતા. ભારતમાં લોકો વિદેશી રાજ્ય વિરુદ્ધ સંઘર્ષ કરતા અને અલગ અલગ વિરોધ કરવાની પદ્ધતિઓ પણ હતી. ભારતમાં 1905 થી 1920 દરમ્યાન રાષ્ટ્રીય ચળવળો થઈ. તેમાં ખાસ કરીને લોર્ડ કર્ઝનના શાસન સમયમાં જે બંગાળના ભાગલા પાડવામાં આવ્યા તેના કારણે સ્વદેશી આંદોલનનો જન્મ થયો. સ્વદેશી આંદોલન દેશના વિવિધ ભાગોમાં તેની અસર થઈ અને તેના કારણે લોકો સ્વદેશી તરફ વળ્યા હોમરૂલ ચળવળ એટલે હિન્દીઓ પોતાનું રાજ પોતે કરે તેવું સ્વરાજ પ્રાપ્ત કરવાની ચળવળ હતી. ચંપારણ સત્યાગ્રહએ ખેડૂતો માટે ન્યાય મળે તેના માટેનો ગાંધીજીના નેતૃત્વ હેઠળ થયો. ખેડા સત્યાગ્રહ, મિલમજૂર આંદોલન, રોલેટ એક્ટ વિરોધમાં આંદોલન, ખિલાફત ચળવળ વગેરે ચળવળોએ ભારતીય રાષ્ટ્રીય ચળવળોમાં ખૂબ જ મહત્ત્વની ચળવળો હતી જેના વિશે વિગતે ચર્ચા આ પ્રમાણે છે.

12.2 સ્વદેશી આંદોલન :

ભારતમાં સ્વતંત્રતા માટે વિવિધ ચળવળો થઈ. તેમાં 1905માં સ્વદેશી આંદોલન એ મહત્ત્વનું આંદોલન હતુ. ભારતમાં ગાંધીના આગમન પહેલાનું મોટું આંદોલન હતુ. આ આંદોલનના મૂળ તરફ જઈએ તો સૌ પ્રથમ તો 1898ના અંત સુધીમાં ભારતના વાઈસરોપના પદ પર લોર્ડ કર્સનની નિયુક્તિ ની ઘોષણા કરી અને 1899માં તેણે પદ સંભાળી કર્ઝને ભારતમાં શાસનનો ભાર સંભાળતા જ પોતાનું ચરિત્ર ને ઉજાગર કરવાનું શરૂ કરી દીધું પ્રથમ ઘટના કલકત્તા નગર મહાપાલિકા પર હતો. તેણે 1899માં એક કાયદો પસાર ક્યો. અને નગરપાલિકાના કરદાતાઓ દ્વારા પસંદગીમાં પ્રતિનિધિઓની સંખ્યા અડધી કરવામાં આવી આ બાબતને લઈ જનતાએ કર્ઝનનો વિરોધ કરવાનું શરૂ કર્યું.

બંગાળના ભાગલા પાડ્યા તેના પહેલા કેટલીક ઘટનાઓ બની હતી. તેમાં પ્રાંતોની સીમાની રેખાઓનું પુનઃ નિરધાર સરકારી સેવામાં લાગેલા ભારતીયોનો અસંતોષ, નિલહે સાહેબની સામે આંદોલન, વર્નાકયુલર પ્રેસ એકટ, લિટનની નીતિ, સ્વાયત શાસન, ઈલબર્ટ બિલ વગેરે ઘટનાઓ બની હતી. આ ઘટનાઓની અસર પણ સ્વદેશી આંદોલનના પ્રારંભે થયેલી.

બંગભંગનો વિરોધ 1903માં શરૂ થઈ ગયો હતો. કોગ્રેસે 1905 થી 1906 સુધી બધા જ અધિવેશનોમાં પ્રસ્તાવ પાસ કરી એજે રદ કરવાની વાત કરી બંગભંગની યોજનાનો વિરોધ થયો બંગાળમાં પ્રત્યેક શહેર અને ગામોમાં વિરોધ - સભાઓ થઈ પૂર્વ બંગાળમાં બે મહિનામાં 500 જેટલી વિરોધ સભાઓ થઈ 1905માં સંશોધિત યોજનાના પ્રકાશન પછી બંગાળમાં અસંતોષ વધતો ગયો 7 જુલાઈ 1905માં સુરેન્દ્રનાથ બેનર્જી દ્વારા સંપાદિત બંગાળીમાં 'બડી ભારી રાષ્ટ્રીય વિપત્તિ' શિર્ષક સંપાદકીયમાં સરકારને ચેતવણી આપવામાં આવી કે દેશ આવા પ્રકારના અન્યાય ચૂપચાપથી નહી બેસી રહે તેના વિરુધ્ધ જબરજસ્ત આંદોલન થશે. વિવિધ સભાઓ ભરવામાં આવી તેમાં હિન્દુઓ, મુસ્લિમો,

રાજાઓ, નવાબો, જાગીરદારો, ડૉક્ટર્સ, વકીલો, સ્ત્રીઓ, નવાબો, જાગીરદારો ડોક્ટરો, વકીલો, સ્ત્રીઓ, યુવકો, વિદ્યાર્થીઓ વગેરે જોડાયા હતા વર્તમાન પત્રોમાં પણ બંગાળના ભાગલાનો વિરોધ નોધાવ્યો હતો. બંગાળના ભાગલાની યોજના કર્ઝને 19મી જુલાઈ, 1905માં બંગાળ ધારાસભામાં સરકારી બહુમતીના જોરે બંગાળના ભાગલાને લગતો કાયદો પસાર કર્યા સમગ્ર ભારતીય જનતા માટે અભૂતપૂર્વ વિરોધ હોવા છતા 13 ઓક્ટોબર 1905ના રોજ બંગાળના ભાગલાની યોજના લાગુ કરવામાં આવી.

16 ઓક્ટોબર 1905માં બંગાળના બે ભાગોમાં વહેચવામાં આવ્યો અસમ અને બંગાળના લગભગ 15 જિલ્લાઓની ભેગા કરી એક નવો પ્રાંત પૂર્વ બંગાળ અને અસમ એવું નામ આપવામાં આવ્યું ઢાકાને રાજધાની બનાવવામાં આવી બીજા ભાગને પશ્ચિમી બંગાળનું નામ આપવામાં આવ્યું આ વિભાજનના કારણે ઉદ્યોગ અને વેપારમાં જે ધનવાન લોકો નો વર્ગ હતો તેમણે પણ ડર હતો કે એવું ન થાય કે આર્થિક વ્યવસ્થા છિન્નભિન્ન થઈ જાય એના હિતને પ્રતિનિધિત્વ કરવાની મુખ્ય સંસ્થા વેપાર અને ઉદ્યોગ મંડળને વેરવિખેર કરી નાખી.

બંગાળના ભાગલાનો અમલ કરવાથી 16 ઓક્ટોબર 1905ના દિવસને 'રાષ્ટ્રીય શોક દિવસ' મનાવવામાં આવ્યો. અનેક લોકોએ ઉપવાસો પણ કર્યા વિરોધ માટે વિવિધ કાર્યક્રમો થયા તેમાં રક્ષાબંધન, હડતાલ અને ઉપવાસ, વણાટ ઉદ્યોગની મદદ માટે રાષ્ટ્રીય કોષની સ્થાપના કરવી. આ વિભાજનના કારણે ક્રાંતિકારી નેતાઓ એ વિવિધ જાહેર સ્થળોએ સભાઓ કરી લોકોને વિનંતી કરી કે વિદેશી સામાનનો બહિષ્કાર અને સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવો. વંદેમાતરમ ગીત ગાવું વગેરે કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. મૂળ આર્થિક બાબતોને સ્પર્શતું સ્વદેશી આંદોલન તેના માટે કાપડ, મીઠુ, ખાંડ નો બહિષ્કાર કરવો. વિદેશી વસ્તુઓમાં ખાસ કરીને ઈંગ્લેન્ડથી ભારતમાં આવતી વસ્તુઓ મોજશોખના સાધનો, સિગારેટ વગેરેનો ત્યાગ કરવો આ બધાની સામે દેશમાં સ્વદેશી વસ્તુઓ બનાવવી તેમાં મોટા પ્રમાણમાં કાપડ ઉત્પન કરવામાં આવે દેશમાં વિવિધ ચીજ વસ્તુઓનું ઉત્પાદન કરીને તેનો ઉપયોગ કરવામાં આવે તે માટે લોકોને વિનંતિઓ કરવામાં આવી આવી પ્રવૃત્તિઓ થકી લોકો સ્વાવલંબન તરફ વળે લોકોએ આર્થિક બહિષ્કારની અને સ્વદેશીની સાથે સાથે રાજકીય બહિષ્કારનો પણ કાર્યક્રમ કરવામાં આવ્યો.

સ્વદેશી આંદોલનના મુખ્યત્વે જોઈએ તો ત્રણ લક્ષણો ગણી શકાય બહિષ્કાર, સ્વદેશી અને રાષ્ટ્રીય શિક્ષણ આ ત્રણ ધ્યેયોને પુરા કરવા માટે બંગાળના લોકોએ આંદોલન ચલાવ્યું. આ આંદોલનમાં ભારતીય રાષ્ટ્રીય કોગ્રેસની પણ મહત્ત્વની ભૂમિકા હતી. ડિસેમ્બર 1906માં કલકતામાં કોગ્રેસના અધિવેશનમાં દાદાભાઈ નવરોજીના નેતૃત્વમાં 'સ્વરાજ પ્રાપ્તિ' આપણું લક્ષ્ય છે તે ઘોષિત કરવામાં આવ્યું.

રાજકીય ઉગ્રવાદની રીતે જોઈએ તો વધુ આકર્ષિત કરવામાં આવ્યું 1906 પછી બિપિનપાલની ન્યૂ ઈન્ડિયા, અરવિંદ ઘોષની વંદેમાતરમ, બ્રહ્મબાંધવ ઉપાધ્યાયની સંધ્યા અને યુગાતર જેવી પત્રિકાઓને સ્વરાજ માટે સંઘર્ષ કરવાનુ આહવાન કરવા લાગ્યા

અરવિંદ ઘોષે એપ્રિલ 1907માં વંદેમાતરમ માં છાપવાવાળા લેખોની શૃંખલામાં જે તેના પછી ડોકિટન ઓફ પૈસિવ રેસિસ્ટેસ શીર્ષકની પુનઃમુદ્રિત કરવામાં આવી જેમાં શાંતિપૂર્ણ આશ્રમો અને સ્વદેશીવાદ તેમજ સ્વાવલંબનના આદર્શને અપર્યાપ્ત બતાવવામાં આવ્યા.

સ્વદેશી આંદોલન દરમ્યાન વિવિધ ઘટનાઓ બની તેમાં રંગપુરમાં અંગ્રેજ ન્યાયાધીશ એમર્સનના સૂચનથી રંગપુર જિલ્લાની શાળાના આચાર્ય ઘોષે વિદ્યાર્થીઓને સ્વદેશી આંદોલનમાં ભાગ લેવાની મનાઈ કરતો આદેશ કરવામાં આવ્યો વિદ્યાર્થીઓએ તેના પ્રતિકાર રૂપે સભા, સરઘસ વગેરે કાર્યક્રમો કર્યા.

સ્વદેશી આંદોલનની ગુજરાતમાં પણ પ્રભાવિત થતું તેમાં નડિયાદ, અમદાવાદ, સુરત અને ભાવનગર જેવા શહેરોમાં વિશેષ હતું. 1906માં અમદાવાદમાં રીચી રોડ પર એક મકાનમાં સ્વદેસી ચળવળ અંગે વિદ્યાર્થીઓની સભા મળી હતી તેમાં વંદેમાતરમ્નું રૂપાંતર ગાવામાં આવ્યુ તેમાં જીવનલાલ દેસાઈ તેમાં ભાષણ કરેલું અને ચળવળ અંગે જરૂરી તમામ મદદ કરવા જણાવેલું આ સમયમાં વિરમગામ તાલુકાના દેકાવાડા ગામમાં એક સભા ભરાઈ હતી, એજ રીતે માંડલ ગામમાં પણ સભા ભરાઈ આ સભામાં કેટલીક બાબતો પર ભાર મૂકવામાં આવ્યો. તેમાં સ્વદેશી ખાંડ વાપરવાનો નિર્ણય કરવામાં આવ્યો સ્વદેશી ચળવળ બંગાળમાં શરૂ થઈ અને પછી દેશભરમાં વ્યાપી.

બંગાળ વિભાજનનું પરિણામ એ આવ્યું કે હિન્દુઓ અને મુસલમાનોમાં ભાગલા પડ્યા અનેક જગ્યાએ હિન્દુઓ અને મુસલમાનો ઝઘડાઓ થયા, તો એના કારણે રાષ્ટ્રીયતાની બે વિચારધારાઓનો ઉદય થયો. એક વિચાર એ વૈધાનિક હતો જેનું નેતૃત્વ અરવિંદ ઘોષ અને વિપિન ચંદ્રપાલ કરી રહ્યા હતા બીજી ક્રાંતિકારી વિચારધારા હતી જેનું નેતૃત્વ વારિન્દ્રકુમાર ઘોષ અને ભૂપેન્દ્રનાથ દત્તે કર્યું હતું બંગાળ વિભાજનની કારણે હિન્દુ - મુસ્લિમના ઝઘડાઓ શરૂ થયા દેશમાં સાંપ્રદાયિકતા ફેલાઈ અને ચારે બાજુ અરાજકતાનું સામ્રાજ્ય થયું. અંગ્રેજોની ભાગલા પાડો અને રાજ કરોની નીતિ સફળ થવા લાગી સ્વદેશી આંદોલનથી કેટલીક અસરો થઈ તેમાં કર્ઝને બંગાળના પાડેલા ભાગલાને પરિણામે બાબતે સરકારનો બહિષ્કાર કરવામાં આવ્યો. બંગાળમાં એકતા ઊભી થઈ. જેમાંથી સ્વદેશી આંદોલન ઊંભુ થયું સરકારી શાળાઓના બહિષ્કારને પરિણામે રાષ્ટ્રીય શિક્ષણનો પ્રચાર થયો અને રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થઈ, સાથે સાથે રાષ્ટ્રીય સાહિત્ય પણ લખવામાં આવ્યું. તેમાં બંકિમચંદ્ર ચટોપાધ્યાય, રવીન્દ્રનાથ ટાગોર વગેરે લોકોના લખાણોએ બંગાળને એકતાને તથા રાષ્ટ્રીય ભાવનાને નવું જોમ મળ્યું બંગાળની આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક એકતા દઢ બની બંગાળનો રાષ્ટ્રીય લડતોમાં પણ મહત્ત્વનો ફાળો રહ્યો.

સ્વદેશી આંદોલનનો જે પ્રભાવ પડ્યો. તેમાં ખાસ કરીને સ્વદેશી વસ્તુઓ પ્રયોગોમાં વૃધ્ધિ થઈ ભારતીય બજારો અને ઘરોમાં, દેશમા નિર્મિત વસ્તુઓ દેખાવા લાગી. જ્યાં આગળ પહેલા વિદેસી વસ્તુઓ વધુ જોવા મળતી હતી બ્રિટિશ શાસનથી આર્થિક નુકશાનમાં ભારતીય બજારો અને દુકાનો પર બ્રિટિશ વસ્તુઓની માંગ ઓછી થઈ ગઈ સ્વદેશી સ્ટોર અને ઉદ્યોગોનો વિકાસ સ્વદેશી વસ્તુઓનું ઉત્પાદન પણ વધવા લાગ્યું

તેમાં ખાસ કરીને હસ્ત શિલ્પ, સાબુ, કપડાં વગેરે ઉદ્યોગોમાં વધારો થયો. દેશભક્તિ અને રાષ્ટ્રીયતાનો પ્રચાર પ્રસાર થયો બેરોજગારીઓમાં ઘટાડો થયો. સ્વદેશી આંદોલનના કારણે ભારતીયોને રોજગારી પ્રાપ્ત થઈ રાષ્ટ્રીય આંદોલનમાં વિદ્યાર્થીઓનો પ્રવેશ વિદ્યાર્થીઓએ પણ બંગભંગ આંદોલનમાં ભાગ લીધો હતો તેમણે સ્વદેશી શિક્ષણ અને સ્વદેશી વસ્તુઓનો પ્રયોગ શરૂ કર્યો વિદેશી વસ્તુઓની દુકાનો સામે ઘરણા કરવામાં પણ ભાગ લીધો, મહિલાઓનું યોગદાન, ઉગ્રવાદનો ઉદય, ભારતીય સંસ્કૃતિનો વિકાસ સ્વદેશી અને બહિષ્કાર આંદોલનના કારણે રાષ્ટ્રીય અને દેશભક્તિજેમાં વધારો થયો, સાથે સાથે ભારતીય લેખકો જેવા કે રવીન્દ્રનાથ ઠાકુર, રજનીકાન્ત સેન અને મુકુન્દદાસ દ્વારા ગદ્ય અને પદ્ય બંનેમાં ઘણાં લેખન કાર્ય થયાં.

સ્વદેશી અંદોલનના કારણે રાષ્ટ્રીય લડતોને પ્રેરણા મળી સ્વદેશી આંદોલનનો ખ્યાલ સારી રીતે પ્રચલિત કર્યો. જેના લીધે ગાંધીજીના નેતૃત્વ પછીના રાષ્ટ્રીય આંદોલનો એ સરકાર સામે બંને શસ્ત્રનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરી લોક જાગૃતિ તથા રાષ્ટ્રીય ભાવનાને વ્યાપક બનાવી.

આમ, સ્વદેશી આંદોલનની વિવિધ ઘટનાઓ લોકોને જાગૃત કરવામાં મહત્ત્વનું પરિબળ રહ્યું ભારતમાં વિવિધ પ્રકારની સ્વદેશી વસ્તુઓના ઉત્પાદનના કારણે, જે નાના ઉદ્યોગ ધંધા, રોજગારોને પ્રોત્સાહન મળી અને સ્વરાજ પ્રાપ્તિ કરવા માટે લોકોને જાગૃત કરવાનું કાર્ય હતું કર્ઝને બંગાળના ભાગલા પાડ્યા, તેના કારણે બંગાળ અને સમગ્ર ભારતમાં તેની અસર થઈ.

12.3 હોમરૂલ ચળવળ :

હોમરૂલ ચળવળ એટલે હિન્દીઓ પોતાનું રાજ પોતે કરે તેવું સ્વરાજય પ્રાપ્ત કરવાની ચળવળ એવો થાય. આ ચળવળ એ હિન્દ સ્વરાજની ચળવળ હતી. એની બેસન્ટે 25મી સપ્ટેમ્બર 1915માં મુંબઈમાં મળેલ રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનમાં હોમરૂલ લીગની સ્થાપના માટેનો ઠરાવ મૂક્યો, પરંતુ અધિવેશનમાં પ્રમુખ સર સત્યેન્દ્રસિંહાએ મહાસભાના ચાલુ બંધારણ મુજબ તેનું ધ્યેય સુધારા દ્વારા માત્ર જવાબદાર રાજય તંત્ર મેળવવાનું હોઈને ડૉ. બેસન્ટના આ ઠરાવને કાનૂન બહાર ઠરાવ્યો ડૉ એની બેસન્ટે મહાસભાથી અલગ એવી સ્વતંત્રલીગની રચના કરવાનો નિર્ણય લીધો. ડૉ. બેસન્ટે સપ્ટેમ્બર 1916માં વિધિસર રીતે હોમરૂલ લીગની સ્થાપના કરી બીજી તરફ તિલક મહારાજે 28 એપ્રિલ 1916ના રોજ હોમરૂલ લીગની સ્થાપના કરી તેના પ્રમુખ તરીકે જોસેફ બેરિસ્ટર, મંત્રી તરીકે જી.એસ. ખાપડે બી.એસ.મુંજે અને આર.પી. કડીકરણની વરણી થઈ.

હોમરૂલ ચળવળના ઉદેશ્યમાં જોઈએ તો હોમરૂલ આંદોલન લોકમાન્ય તિલક અને એની બેસન્ટ દ્વારા શરૂ કરવામાં આવ્યું તેના ઉદેશ્યોમાં જોઈએ તો શાંતિમય ઉપાયો દ્વારા સ્વરાજય તથા સ્વશાસન પ્રાપ્ત કરવાનો હતો. પ્રથમ વિશ્વયુધ્ધમાં બ્રિટિશ સરકારના કાર્યોમાં કોઈ મુશ્કેલી ઊભી કરવી નહિ, પ્રથમ વિશ્વયુધ્ધમાં અંગ્રેજોને મદદ કરવી,

એમનો વિચાર હતો કે ક્રંતિકારી સ્વરાજ પ્રાપ્તિ માટે સંવિધાનિક ઉપાયોનો પ્રયોગ કરવો. રાજકીય સુધારા કરવા માંગતા હતા એની બેસન્ટ અનુસાર આ સુધારાઓનો અભિપ્રાય ગ્રામપંચાયતોથી લઈ જિલ્લા અને નગરપાલિકા તથા પ્રાંતિક ધારા સભાઓ સુધી રાષ્ટ્રીય સંસદના રૂપમાં સ્વશાસન કરવાનો હતો. હોમરૂલ લીગના ઉદેશ્યમાં રાષ્ટ્રીય આંદોલનોને પુનઃ જાગૃત કરવાનો હતો. યુદ્ધ સમય દરમ્યાનમાં રાષ્ટ્રીય આંદોલન નરમ પડી ગયા હતા એટલા માટે ભારતમાં રાજકીય રીતે સક્રિય બનાવવાની જરૂરિયાત હતી. શ્રીમતી એની બેસન્ટની યોજના ઉગ્ર રાષ્ટ્રવાદીઓને ક્રાંતિકારી વ્યક્તિઓને મળીને રોકવાની હતી. પરંતુ આ બાબતમાં ગોખલે તથા ફિરોજશાહને મળ્યા પરંતુ તેમણે એમના વિચારો સાથે સહમતિ આપી નહિ, તિલકને મળ્યા તેઓ તૈયાર થયા. પરંતુ જૂન 1916માં મહારાષ્ટ્રમાં 'હોમરૂલ'ની સ્થાપનાકરી 6 મહિના પછી ડિસેમ્બર 1916માં એની બેસન્ટે મહાસભામાં અખિલ ભારતીય હોમરૂલ લીગની સ્થાપના કરી.

હોમરૂલ - આંદોલનની કેટલીક પાયાની બાબતોમાં જોઈએ તો 1914માં શ્રીમતી એની બેસન્ટે કોંગ્રેસમાં સામેલ થયા. તેમણે ઉદારવાદીઓ અને ઉગ્રવાદી નેતાઓને નજીક લાવવામાં સફળતા પ્રાપ્ત કરી. અખિલ ભારતીય હોમરૂલ લીગની સ્થાપના પછી લોકમાન્ય તિલક પણ અખિલ ભારતીય હોમરૂલ લીગમાં સામેલ થઈ ગયા. તિલકે ડિસેમ્બર 1916ના મહાસભાના લખનૌ અધિવેશનમાં હાજરી આપી હતી. લખનૌ અધિવેશન પૂર્ણ થયા બાદ તિલક અને એની બેસેન્ટે હિન્દના ઘણા વિસ્તારોમાં પ્રવાસ કર્યો. ગૃહ સ્વરાજના આંદોલનનો જોરદાર પ્રચાર કર્યો.

લોકમાન્ય તિલકના સમાચાર પત્ર મરાઠા તથા કેસરીનો આંદોલનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી. આ આંદોલનને વધુ વેગવતુ બનાવવા માટે એની બેસન્ટે 'ન્યૂ ઈન્ડિયા' તથા સાપ્તાહિક પત્રમાં 'કોમનબિલ' શરૂ કર્યુ. એની બેસન્ટે અને તિલકે કેટલીક જગ્યાએ સમિતિઓની સ્થાપના કરી સમગ્ર આંદોલન શાંતિમય હતું નવી જાગૃતિ અને હલચલ ઊભી કરી.

અંગ્રેજ સરકાર દ્વારા હોમરૂલ ચળવળને અટકાવવા માટે તથા નિષ્ફળ કરવા માટેના વિવિધ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. સરકારે હોમરૂલ આંદોલનને પ્રચાર રોકવા માટે 'દમન મૂલક પ્રેસ એકટનો પ્રયોગ કર્યો. એની બેસન્ટ પાસે દૈનિકપત્ર તથા સાપ્તાહિક પત્ર માટે 20 હજાર રૂપિયાની જામીનગીરી માંગવામાં આવી અને જપ્ત કરવામાં આવી.

હોમરૂલ આંદોલનો વિસ્તાર વધુ વ્યાપક બન્યો. હોમરૂલ લીગનું કાર્ય મુંબઈના ગુજરાતી નેતાઓ જેવાં કે ઉમર સોબાની, જમનાદાસ દ્વારકાદાસ, મનસુખભાઈ માસ્તર, મહમદ અલી ઝીણા, કનૈયાલાલ મુનશી વગેરે ઉપાડી લીધું. આ ચળવળ માટે ગુજરાતમાં અનેકવાર મુલાકાતો લીધી ગુજરાતમાં હોમરૂલ ચળવળમાં ખાસ કરીને ગુર્જર સભાના ચંદ્રશંકર પંડ્યા, બેરિસ્ટર નૃસિંહ વિભાકર, કનૈયાલાલ મુનશી, મનસુખભાઈ માસ્તર વગેરે ગુજરાતમાં આંદોલનોને આગળ ધપાવ્યું આ આંદોલન અંગે સુરત, કછોલી, જંબુસર, ભરૂચ, આમોદ, નડિયાદ, આણંદ, ઉમરેઠ, ચિખોદરા, ચકલાસી, ગોધરા,

દાહોદ વગેરે સ્થળોએ અનેક સભાઓ થઈ હતી. અમદાવાદમાં દશ હજાર માણસોની ગાંધીજીના પ્રમુખપણા નીચે એકત્ર થયા હતા. એની બેસેન્ટની ધરપકડના વિરોધમાં ભરાયેલી સભામાં ડૉ. હરિપ્રસાદ દેસાઈ, મગનભાઈ પટેલ, વલ્લભભાઈ પટેલ, અનસૂયા બહેન વગેરે જોષીલા ભાષણો કર્યા હતા. 1917માં એની બેસન્ટ કોગ્રેસના પ્રમુખ બન્યા. લોકમાન્ય તિલક હોમરૂલ આંદોલનની સફળતા માટે સત્યાગ્રહનો માર્ગ અપનાવવાની સફળતા માટે સત્યાગ્રહનો માર્ગ અપનાવવાની કરેલી રજૂઆત પછી ગાંધીજી એ રાષ્ટ્રીય લડતોનો પાયો નાખ્યો હોવાનું કહી શકાય આમ 1916 થી 1918-19ના વર્ષોમાં હોમરૂલ ચળવળને દેશમાં જાગૃતિ લાવવાનું અને સ્વરાજની લડત માટે લોકોને તૈયાર કરવાનું મહત્ત્વનું કાર્ય હતું.

હોમરૂલ આંદોલનનું મહત્ત્વ જોવા જઈએ તો આંદોલન દ્વારા ભારતમાં સ્વતંત્રતા પ્રત્યે જાગૃતિ ઊભી થાય અને ભારતીયોમાં શસક્ત આંદોલનો શરૂ થયાની સાથે સાથે સ્વશાસનની એક રૂપરેખા પ્રસ્તુત કરવામાં આવી જેનું અનુકરણ આગળના સમયમાં નેતાઓએ કર્યું. આ આંદોલનની અસર ઈંગ્લેન્ડ અને અમેરીકામાં પણ પડી 1919માં સુધાર અધિનિયમ ઘોષિત કરવામાં આવ્યો. તેમાં માન્ટેગ્યુએ હાઉસ ઓફ કોમન્સમાં પ્રસિધ્ધ ઘોષણા પછી તાત્કાલિક ભારત આવ્યા લોર્ડ ચેમ્સ ફોર્ડની સાથે દેશના વિવિધ ભાગોમાં તપાસ કરી ઉદારવાદી નેતાઓ એ ભેટ આપી અને પ્રસ્તાવનું સમર્થન કર્યુ આ આંદોલનના કારણે સ્વતંત્રતા સંઘર્ષમાં રાષ્ટ્રના સાધનાનો પ્રયોગમાં લાવવા માટેની પ્રેરણા પ્રાપ્તિ થઈ.

12.4 ચંપારણ સત્યાગ્રહ :

ગાંધીનું આગમન ભારતમાં થયું અને મહાત્માં ગાંધીએ ભારતનું ભ્રમણ કર્યું. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં રાજકીય રીતે પ્રથમ કાર્ય ચંપારણ સત્યાગ્રહથી થયું. ઈ.સ. 1917માં ઉતરભારતના ચંપારણ જિલ્લામાં ગાંધીજીએ સત્યાગ્રહનો પહેલો પ્રયોગ કર્યો હતો. ચંપારણ એ ઉતર બિહારનો જિલ્લો હતો. તેમાં 19મી સદીના શરૂઆતથી વિવિધ યુરોપિય મૂડીપતિઓ દ્વારા ખેડૂતો, મજૂરોનું શોષણ કરવાનું શરૂ કયું હતું. 1916માં ડિસેમ્બરમાં લખનૌમાં કોગ્રેસનું અધિવેશન ભરાયું હતું. તે સમયે ચંપારણ જિલ્લાના ખેડૂત, રાજકુમાર શુકલ તીન કઠિયાના પ્રશ્ન લઈને અધિવેશનમાં ઠરાવ કરાવવા માટે ગયા. તે સમયે રાજકુમાર શુકલની ગાંધીજી સાથે મુલાકાત થઈ. ગાંધીજીએ સમગ્ર ચર્ચા સાંભળી પછી ગાંધીજીએ કહ્યું કે હું ત્યાં આવીશ. તે વખતે ચંપારણ જરૂર આવીશ 1917ના એપ્રિલ મહિનામાં કોગ્રેસ મહાસભાની બેઠક માટે ગાંધીજીને કલકત્તા જવાનું થયું રાજકુમાર શુકલને કલકત્તા બોલાવ્યા અને ચંપારણ જવા માટે નીકળતા પહેલા ગાંધીજીએ ત્યાના ખેડૂતોના કાયદાકીય સ્થિતિ વિશે જાણી લીધું. તે વખતે તીન કઠિયાનો રિવાજ હતો 20 કઠિયામાંથી ત્રણમાં તો ખેડૂતને ગળીની ખેતી કરવી પડતી, ગાંધીજી 1917 ની 10 મી એપ્રિલે પટણા પહોચ્યા ખેત-મજૂરોની તપાસ કરવા તેઓ ગયા. રાજેન્દ્ર બાબુને ઘેર પહોચ્યા. આ સત્યાગ્રહ દરમિયાન ડૉ રાજેન્દ્ર પ્રસાદ અને આચાર્ય કૃપલાણીજી બે સાથી

બાપુને મળ્યા. ગાંધી બાપુએ મુઝફ્ફરપુરમાં ગળીના ખેતરોના માલિક મંડળના મંત્રી વિલ્સનને ગાંધીજી મળ્યા બીજા દિવસે જિલ્લાના કમિશનરને પત્ર લખી પોતાનો આવવાનો હેતુ જણાવ્યો અને કમીશનરને મળ્યા. 15મી એપ્રિલના રોજ મોતીહારી પહોંચ્યા. 16મી એપ્રિલને ત્યાંથી ગામડે જવા માટે નીકળ્યા ગાંધીજીને કલેક્ટર બોલાવે છે. તેઓ મોતીહારીથી પાછા આવ્યા અને નોટીસ મળી ચંપારણમાં દાખલ થવું નહિ. ગાંધીજીએ આ હુકમનો અનાદર કર્યો એટલે કે 16 એપ્રિલથી ચંપારણ સત્યાગ્રહનો આરંભ થયો. ગાંધીજીએ સરકારી અધિકારીઓને જણાવ્યું કે કેટલાક ગામડાની મુલાકાત કરવાના છે. જેના કારણે બીજા દિવસે સબ ડિવિઝનલ ઓફિસર સમક્ષ હાજર થવાની નોટીસ મળી. તેવા સમયમાં ગાંધીજીને જે દક્ષિણ આફ્રિકામાં સેવાઓ બદલ અંગ્રેજ સરકાર તરફથી મળેલ 'કેસરે હિન્દ'નો ચાંદ સરકારને પરત મોકલી દીધો. તેવું 17મીએ મોતીહારીથી પત્ર લખી અમદાવાદમાં આશ્રમમાં જણાવ્યું. ગાંધીજીએ 18 એપ્રિલના રોજ અદાલતમાં હાજર થયા અને કેસ ચાલ્યો બે દિવસ પછી સમાચાર આવ્યા કે સરકારે કેસ પાછો ખેંચી લીધો જે ચંપારણ સત્યાગ્રહનો વિજય હતો. આ સત્યાગ્રહ દરમ્યાન ઘણા બધા સાક્ષીઓ મળ્યા. ખેડૂતોના નિવેદનો લીધા આ સત્યાગ્રહના મુખ્ય બે કેન્દ્રોમાં બેલિયા અને મોતીહારી હતા છેવટે સરકારે જૂનની 10મી તારીખે પંચ નીમ્યું તેમાં ગાંધીજી પણ સભ્ય હતા ઓક્ટોબરની 4 તારીખે સર્વાનુમતે થયેલ તપાસપંચના અહેવાલ પર ગાંધીજીએ સહી કરી અને સત્યાગ્રહનો અંત આવ્યો. 4 માર્ચ 1918ના રોજ સત્યાગ્રહ નો અંત આવ્યો ખેડૂતોમાંથી તીન કઠીયા પધ્ધતિનો અંત આવ્યો. આ આંદોલને ખેડૂતોની સમસ્યાઓ સંબંધિત હતું પરંતુ ગાંધીજીએ સૌથી વધુ મદદ શિક્ષિત અને મધ્યમ વર્ગે કરી હતી. સ્થાનિક ધનિકો ગામના મુખીઓએ પણ ગાંધીને સહયોગ આપ્યો હતો. આમ, ગાંધીજીના ભારત આગમનનાં શરૂઆતનો પ્રથમ સફળ સત્યાગ્રહ ચંપારણ સત્યાગ્રહ હતો.

12.5 મિલ-મજૂર આંદોલન - 1918 :

સ્વતંત્રતા સંગ્રામના વિવિધ આંદોલનો થયા. તેમાં ગુજરાતમાં મિલ - મજૂર આંદોલન અમદાવાદમાં થયું હતું. ગાંધીજીએ સત્યાગ્રહનો સફળ પ્રયોગ એટલે અમદાવાદ મિલ મજૂરોની પચ્ચીસ દિવસ ચાલેલી હડતાલ. ગાંધીજી ભારતમાં આવ્યા ત્યારે, હિન્દને વિવિધ રીતે અને વિવિધ ક્ષેત્રમાં સત્યાગ્રહનો પ્રત્યક્ષ પરિચય કરાવવાની મહેચ્છા લઈને હિન્દના કિનારે ઉતર્યા હતા. અમદાવાદમાં મિલ મજૂરોના પ્રશ્ન માટે જે લડત થઈ તે સત્યાગ્રહની ભાવનાથી લડાઈ હતી તેને ગાંધીજીના મંત્રી મહાદેવભાઈ દેસાઈએ 'ધર્મયુધ્ધ' તરીકે વર્ણવી છે. પ્રથમ વિશ્વયુદ્ધમાં હિન્દને સામેલ કરવામાં આવ્યું હતું તથા મોંઘવારી ઘણી વધી હતી મજૂરોને ઓછા પગારે કામ કરવું પડતુ હતું 1917 ના ચોમાસામાં અમદાવાદમાં પ્લેગ (મરકિ)નો રોગ વધ્યો હતો. તેથી ઘણા મજૂરો શહેર છોડીને જતાં રહેલાં. તે સમયે મજૂરો શહેર છોડી ન જાય તે માટે મિલ માલિકોએ 70 થી 80 ટકા જેટલું પ્લેગ બોનસ આપવામાં આવ્યું. પ્લેગનો ઉપદ્રવ ઓછો થયા પછી તે બંધ કરવાનું વિચાર્યું. આ બંધ કરવાના કારણે મજૂરોમાં પ્રશ્ન ઊભો થયો તેના કારણે મજૂરોના પગાર વધારાની માંગણી લાંબા સમયથી થતી હતી. આ પ્રશ્નએ મિલમાલિક અંબાલાલ

સારાભાઈના મોટા બહેન અનસૂયા બહેનને ગરીબોની સેવા કરવાની ધગશના કારણે પ્રશ્નો સમજ્યા. અનસૂયાબેને પોતાના સગા ભાઈની જોડે લડવાનું હતું મજૂરો અને માલિકો વચ્ચેના આ પ્રશ્નમાં શ્રી અંબાલાલ સારાભાઈએ મુખ્ય ભાગ લીધો અનસૂયા બહેને ગાંધીજીને તાર કરતા તેઓ અમદાવાદ આવ્યા અને મજૂરોની લડતનું સુકાન સંભાળી લીધુ. ગાંધીજીએ મિલ માલિકો પર યોગ્ય દબાણ લાવવાને બદલે શાંતિ સમાધાનનો માર્ગ શોધવા માંડ્યો સત્યના પ્રયોગો માં ગાંધીજીએ ઉલ્લેખ કર્યો તે મુજબ ગાંધીજીએ મજૂરોને હડતાલ પાડવાની સલાહ આપી. આ સલાહ આપતા પહેલા મજૂરોના અને મજૂર આગેવાનોના પ્રસંગમાં સારી રીતે આવ્યો તેમને હડતાલની શરતો સમજાવી તેમાં શાંતિનો ભંગ ન જ કરવો, જે કામે ચડવા માંગે તેના ઉપર બળજબરી ન કરવી, હડતાલ ગમે તેટલી લંબાય તો તેમનો દઢ રહેવું ને પોતાનો પૈસો ખૂટે તો બીજી મજુરી મેળવી ખાવા જોગ કમાવું. આ શરતો આગેવાનો સમજ્યા અને તેમણે કબૂલ રાખી મજૂરોની જાહેર સભા થઈ તેમણે ઠરાવ કર્યો કે પોતાની માંગણીઓનો સ્વીકાર ન થાય તથા યોગ્યતા અયોગ્યતાની તપાસ કરવા પંચ ન નિમાય ત્યાં સુધી તેમણે કામ પર ન જવું ગાંધીજીએ જાહેર કહ્યું કે હડતાલનું સુખદ પરિણામ ન આવે ત્યાં સુધી તે ઓ ઉપવાસ કરશે ગાંધીજીની આ પ્રતિજ્ઞાની જાહેરાત થી મજૂરો પર તત્કાલ જ ભારે અસર થવા પામી તેઓ સાવધ થઈ ગયા ફરી મજબૂત બનવાના શપથ લેવા લાગ્યા. પરિણામે શેઠીયાઓએ ગાંધીજી સાથે તેમના ઉપવાસ દરમ્યાન મસલત ચલાવી છેવટે તેમણે પંચ નીમવાની વાત સ્વીકારી અને આચાર્ય આનંદશંકર ધ્રુવને પંચ નીમવામાં આવ્યા. તપાસપંચ નીમવામાં આવ્યું. તેમાં ગાંધીજી, વલ્લભભાઈ પટેલ, શંકરલાલ બેન્કર, શેઠ અંબાલાલ સારાભાઈ, શેઠ જગાભાઈ, શેઠ ચંદુલાલ અને પ્રમુખ તરીકે કલેક્ટર હતા. ગાંધીજીએ 35ટકા મોંઘવારી ભથ્થું સૂચવ્યું તો કેટલાક મજૂરો અને આગેવાનો એ 50 ટકાની માંગણી કરી. મિલમાલિકો 20 ટકાથી વધુ આપવા સહમત ન હતા કટોકટી સર્જાતા મિલ માલિકોએ મજૂરોની માંગણી ન સ્વીકારી કામબંધી જાહેર કરી આથી ગાંધીજીએ મજૂરોને હડતાલ પર જવાની સલાહ આપી. હડતાલના એકવીસમાં દિવસે અને ઉપવાસના ચોથા દિવસે એટલે કે 19મી માર્ચ 1918ના રોજ પ્રશ્નનો ઉકેલ આનંદ શંકર ધ્રુવના એક વ્યક્તિના બનેલા પંચ દ્વારા લાવવા સમજૂતી થઈ. પંચે 35 ટકા વધારો વાજબી જાહેર કર્યો મજૂરોની માંગણી અને મિલ માલિકોનું વલણ બંને સચવાય એવી રીતે નક્કી કરી આપી માલિકો મજૂરોને મીઠાઈ વહેચી એકવીસ દિવસે સમાધાન થયું સમાધાન થઈ સમાધાનીનો મેળાવડો થયો તેમાં માલિકો અને ઉત્તર વિભાગના કમિશનર હાજર હતા. ડૉ. શાંતિલાલ મ. દેસાઈ લિખિત રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત પુસ્તકમાં ઉલ્લેખિત મજૂર ચળવળના સિધ્યાંતોમાં જોઈએ તો ઝઘડો ઊભો થાય એટલે બંને પક્ષનો વાટાઘાટ કરી, ઝઘડા દરમ્યાન બંને એ વાજબી માંગણી નક્કી કરવા પ્રથમ પૂરી તપાસ કરીને જ નક્કી કરવી, વાટાઘાટ સફળ ન થાય તો પંચ નીમવા, હડતાલ દરમ્યાન પૂરી શાંતિ જાળવવી યોગ્ય સમાધાન માટેના પ્રયાસ ચાલુ રાખવા વગેરે પાયાના સિધાંતોનો અમલ થયો. મહાદેવ દેસાઈ એ તેને ‘ધર્મયુદ્ધ’ તરીકે આ ચળવળને વર્ણવી છે. આ ચળવળ પૂર્ણ થઈ અને

પ્રશ્નનું સમાધાન થયું તેનું મહત્ત્વનું પરિણામ એ આવ્યું કે અમદાવાદના મિલમાલિકો અને મજૂરો વચ્ચે જ્યારે જ્યારે વિવાદ સર્જાય ત્યારે લવાદ નિમવાની પરંપરા શરૂ થઈ.

આમ, ગુજરાતના ઈતિહાસમાં અમદાવાદના મિલ મજૂરોના પ્રશ્નનો અંત સત્યાગ્રહ દ્વારા થયો. લોકોમાં નવી ચેતના જાગી મહાત્મા ગાંધીજીએ ચળવળનું સુકાન સંભાળી માલિકો અને મજૂરો વચ્ચેના લાંબા સમયના પ્રશ્નનો ઉકેલ લાવ્યો. અંતે ગાંધીજીની જીત થઈ. જે સફળ સત્યાગ્રહ રહ્યો.

12.6 ખેડા સત્યાગ્રહ - 1917-18 :

ગુજરાતમાં સ્વાતંત્ર્ય સંગ્રામ માટે થયેલા રાષ્ટ્રીય આંદોલનમાં ખેડાની લડત એ મહત્ત્વની લડત હતી. ગાંધીજીનું ભારતમાં આગમન થયું. તેમાં વિવિધ ઘટનાઓ બની જેવી કે ચંપારણ સત્યાગ્રહ, વિરમગામની જકાત બારા, અમદાવાદના મિલમાલિકો મજૂરોનો પ્રશ્ન અને ખેડા સત્યાગ્રહ થયા. તેમાં ખેડા સત્યાગ્રહએ ખેડા જિલ્લાના ખેડૂતોનો સત્યાગ્રહ હતો. આઝાદીની લડતમાં ખેડા જિલ્લાનું અનેરું મહત્ત્વ રહેલું છે. 'સત્યના પ્રયોગોમાં' ગાંધીજીએ નોધ્યું છે કે, ખેડા જિલ્લાના દુષ્કાળ જેવી સ્થિતિ હોવાથી મહેસૂલ માફ કરાવવાને સારૂ ખેડાના પાટીદાર માંથી રહ્યા હતા. આ બાબતમાં શ્રી અમૃતલાલ ઠક્કરે તપાસ કરી રિપોર્ટ તૈયાર કર્યો હતો. ખેડા સત્યાગ્રહની શરૂઆત થવા પાછળ ઈ.સ. 1917માં, ખેડા જિલ્લામાં વરસાદ વધુ પડ્યો એટલે કે અતિવૃષ્ટિ થઈ. સામાન્ય રીતે જોઈએ તો ખેડા જિલ્લામાં 30 ઈંચ વરસાદને બદલે 70 ઈંચ વરસાદ થયો એના કારણે ચોમાસુ પાક અને ઢોર માટે એ ઘાસચારો નિષ્ફલ ગયો. એટલે લીલો દુકાળ પડ્યો સરકારી નીતિ અને મહેસૂલી કાયદા મુજબ 25 ટકાથી ઓછો પાક થાય તો સરકારે તે વર્ષ પુરતો મહેસૂલ ઉઘરાવવાનું મોકુફ રાખવું. આમ છતાં સરકારી અમલદારોએ મોકૂફ રાખ્યું નહિ. ખેડાના ખેડૂતોના આ પ્રશ્ન બાબતે ખેડા જિલ્લાના કઠલાલ ગામના મોહનલાલ પંડ્યા, શંકરલાલ પરીખ વગેરે ગાંધીજી અને વલ્લભભાઈનું આ બાબતે ધ્યાન ખેચ્યું. શંકરલાલ દ્વારકાદાસ પરીખે ખેડાની લડત પુસ્તકમાં ઉલ્લેખ કર્યા મુજબ ખેડા જિલ્લામાં સાધારણ રીતે 25 થી 30 ઈંચ વરસાદ પડે છે, પણ 1917માં ચોમાસામાં 70 ઈંચ વરસાદ પડ્યો. જેના કારણે ચોમાસુ પાક નિષ્ફળ નીવડ્યો આગોતરા વાવેતર વાળાને ડુંડામાં અનાજના કણ ભરાયા પણ વરસાદના સતત વરસવાની ડુંડા કોહવાઈ ગયા. તેના પછી વરસાદ શરૂ થયો તો કેટલાક ખેડૂતોએ ફરીથી વાવેતર કર્યા. પરંતુ વરસાદ લાંબા સમય સુધી શરૂ રહેવાના કારણે બીજી વખત વાવેતર પણ નિષ્ફળ ગયુ. જ્યારે હોમરૂલ લીગની નડિયાદમાં શાખા હતી. તેની મારફત મોટી સંખ્યામાં ખેડૂતોની સહીઓવાળું નિવેદન મુંબઈ સરકારને આપવામાં આવ્યું. 22 નવેમ્બર 1917ના રોજ નડિયાદના સંતરામ મંદિરમાં દરબાર ગોપાલદાસના પ્રમુખપદે મોટી હાજરીવાળું ખેડૂત સંમેલન મળ્યું. આ સંમેલનમાં મહેસૂલ ઓછુ કરી ખેડૂતોને રાહત મળે તે માટે સરકારને રજૂઆત કરી. આ માટે વિઠ્ઠલભાઈ તથા ગોકળભાઈ પારેખ 12 ડિસેમ્બર 1917ના રોજ કલેક્ટરને મળીને ચાલુ વર્ષે મહેસૂલ માફ કરવામાં આવે તેવી વાત કરી ગાંધીજી જ્યારે અમદાવાદ

આવેલા હતા ત્યારે ખેડા જિલ્લાના કાર્યકરોએ વાત કરી તેવા સમયમાં 15મી જાન્યુઆરી 1918ના રોજ શ્રી કૃષ્ણલાલ દેસાઈ અને દાદા સાહેબ માવળર કમિશનરને મળ્યા વિવાદ થયો તેમ છતા અધિકારીઓની મહેસૂલ ઉઘરાવવાનો જુલમો ચાલુ રહ્યો. ગાંધીજી ખેડા આવી વલ્લભભાઈ મારફતે તપાસ કરાવી અને પૂરી ખાતરી વિના તેમણે સરકાર અને પ્રજાકીય ગૃહસ્થ મંડળના બનેલા પંચની માંગણી કરી અનેક પત્ર લખ્યા અને પછી પૂરતી ચર્ચા વિચારણા કર્યા બાદ સત્યાગ્રહ કરવાનો નિર્ણય લીધો. ગાંધીજીએ સત્યાગ્રહ કરવા ખેડૂતોને કહેવામાં આવ્યું આ સત્યાગ્રહ માટે ગાંધીજીએ ગુજરાત સભાના સભાસદો મંત્રીઓ, ખેડા જિલ્લાના કાર્યકર્તાઓની ટુકડીઓ પાડી આ ટુકડીઓને જુદા જુદા તાલુકાઓના પાકની ચોક્કસ માહિતી ભેગી કરવા મોકલી. આ રીતે ખેડા સત્યાગ્રહની લડતનું પ્રથમ મંડાણ શરૂ થયું. ખેડા જિલ્લાના 600 ગામો પૈકી લગભગ 400 જેટલા ગામોમાં પાક તપાસના આંકડા મેળવવામાં આવ્યા આ આધારભૂત વિગતો મળ્યા પછી ગાંધીજીને ખાતરી થઈ કે, પાક ઓછો ઉતર્યો છે. ખેડૂતોની લડત સાચી છે. તેમણે ગવર્નરના ખાનગી મંત્રીને પત્ર દ્વારા જાણ કરી. આમ છતાં તેનો અસ્વીકાર કરવામાં આવ્યો. ગાંધીજીના સમજાવટના બધા પ્રયત્નો નિષ્ફળ જતા છેવટે સત્યાગ્રહનો આરંભ કરવામાં આવ્યો.

ખેડા સત્યાગ્રહની શરૂઆત 22 મી માર્ચ 1918ના રોજ ખેડા જિલ્લાના તમામ ખેડૂતોની એક સભા નડિયાદમાં ભરવામાં આવી. બધાને ખાલી રીતે સલાહ આપી કે પોતાનું સ્વમાન મેળવવાની ખાતર તેમજ રૂપત જુઠુ બોલતી નથી તે સાબિત કરવાની ખાતર લોકોએ પોતાની ખુશીથી પૈસા ભરવા નહિ એ જરૂરનું છે ગુજરાત સભાના કેટલાક અમદાવાદ, મુંબઈ વગેરે સ્થળેથી આવેલા લોકો તથા સભાના દરેકને સલાહ આપવી તે મારી ફરજ છે તેમ જણાવેલ ભાષણનો સત્યાગ્રહની અનિવાર્યતા તે અંગે લેવાની પ્રતિજ્ઞા, જાનમાલનું જોખમ, જેલ જવાની તૈયારી વગેરે બાબતો સમજાવી તે દિવસે 200 જેટલા લોકોએ પ્રતિજ્ઞા પર સહી કરી અને પ્રતિજ્ઞા લેનારની સંખ્યા પણ વધતી ગઈ આ લડતમાં દેશભરમાંથી નેતાઓ ખેડા આવી પહોચ્યા 30 માર્ચ 1918ના રોજ વલ્લભભાઈએ નડિયાદની મોટી સભામાં કહ્યું કે, લડતથી આખો દેશ સળગી ઊઠેશે, દુઃખ સહન કર્યા વિના સુખ મળતું નથી. પ્રજા સ્વમાની અને નીડર બને ગાંધીજીના આ ઉદેશથી લડત શરૂ થઈ છે. તેમણે લીધેલ પ્રતિજ્ઞા છે વટ સુધી પાળશો તો જિલ્લા કે દેશ ઉપર નહિ સારા વિશ્વ પર મહાન ઉપકાર થશે.

ખેડાના સત્યાગ્રહ સમય દરમ્યાન એક કિસ્સો બન્યો. તે હતો ડુંગળીચોરનો. આ કિસ્સામાં ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે અને ખાસ કરીને ડરી ગયેલાઓને પ્રોત્સાહ દેવા માટે એક અયોગ્ય રીતે જપ્ત થયેલા ખેતરના તૈયાર થયેલો ડુંગળીનો પાક હતો તે મોહનલાલ પંડ્યાની આગેવાની નીચે ઉતારવાની ગાંધીજીએ સલાહ આપી. ગાંધીજીની દષ્ટિએ તે કાયદાનો ભંગ થતો નહોતો. પણ જો થતો હોય તો જરા જેટલી મહેસૂલને સારૂ આખા ઊભા પાકની જપ્તી એ કાયદેસર હોવા છતા નીતિ વિરૂધ્ધ છે. અને ચોખ્ખી લૂંટ છે. તેવી રીતે થયેલી જપ્તીનો અનાદર કરવાનો ધર્મ છે મોહનલાલ પંડ્યાએ ખેતરની

ડુંગળી ઉતારવાનું બીડું ઝડપ્યું તેમની ધરપકડ પણ થઈ તેઓ જેલ જઈ આવ્યા પછી લોકોએ તેમનું સ્વાગત કર્યુ અને તેમને ડુંગળી ચોર ઉપમાં આપી. અન્ય ડુગળીચોર મોહનલાલ પંડયાનો જેલમાંથી છૂટકારો થયો. આ પ્રસંગે દાદા સાહેબ માવળંકર, વલ્લભભાઈ પટેલ અને લડતના અનેક આગેવાનોએ હાજરી આપી.

ખેડાની લડતનો અંત એ રીતે આવ્યો કે નડિયાદ તાલુકાના મામલતદારે જણાવું કે જો સારી સ્થિતિવાળા પાટીદારો મહેસૂલ ભરી આપે તોગરીબ મહેસૂલ મુલત્વી રહે. આ બાબત ગાંધીજીએ લેખિતમાં કબૂલાત માંગી અને મળી મામલતદારે પોતાના તાલુકાને સારૂં જ જવાબદારી લીધી. આખા જિલ્લાની જવાબદારી કલેક્ટર જ લઈ શકે ગાંધીજીએ કલેક્ટરને પૂછ્યુ તેમનો જવાબ પણ મળ્યો કલેક્ટરે એવો હુકમ કર્યો તેથી ગાંધીજીએ પ્રતિજ્ઞામાં એ જ વસ્તુ હતી તેથી હુકમથી સંતોષ માન્યો ખેડાની લડત પરિણામની દૃષ્ટિએ નહિ પણ સિદ્ધાંતની દૃષ્ટિએ મહત્ત્વની બની રહી.

12.7 રોલટ સત્યાગ્રહ - 1919 :

અંગ્રેજ સરકાર વિરુદ્ધ વધતી ક્રાંતિકારી પ્રવૃતિઓ ગતિવિધિઓ અને પ્રથમ વિશ્વયુદ્ધની લડાઈ ને ધ્યાનમાં રાખીને ગવર્નર જનરલ લોર્ડ ચેમ્સફોર્ડ લંડનમાં કિંગ ન્યાયપીઠના ન્યાયધીશ સિડની રોલેટની અધ્યક્ષતામાં એક સમિતિ નિમણૂંક કરી. આ સમિતિએ ભારતમાં ક્રાંતિકારી પ્રવૃતિઓના સ્વરૂપ અને એના વિસ્તારની તપાસ કરવાની અને જરૂર પડે તો તેમને પ્રભાવશાળી રૂપથી રોકવા માટે એક વિશેષ કાયદો લાવવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

રોલેટ સમિતિના પ્રસ્તાવ પર કેન્દ્રીય વિધાન પરિષદની સામે બે વિધયક (કાયદા) રજૂ કરવામાં આવ્યા. તેમાંથી એક વિધેયકને પાસું લઈ લેવામાં આવ્યું, પરંતુ બીજા ક્રાંતિકારી અને અરાજકતા વાદી અધિનિયમને માર્ચ 1919માં પસાર કરવામાં આવ્યો. આ કાયદા દ્વારા અપરાધીઓ માટે ન્યાયની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે ઉચ્ચ ન્યાયાલયના ત્રણ ન્યાયાધીશોની એક સંયુક્ત વિશેષ ન્યાયાલય બનાવવાનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો. આ ન્યાયાલયના નિર્ણય વિરુદ્ધ અપિલ કરી શકાતી ન હતી. તેમજ તેમાં ભારતીય સાક્ષી નિયમો અંતગર્ત સામાન્ય સાબિતીને પણ સાક્ષી રૂપે સ્વીકાર કરી શકાતો હતો. તેના સિવાય પ્રાંતિય સરકારોને કોઈપણ સ્થાનથી તપાસ માટે અને વોરંટ વગર પણ કોઈપણ શકમંદ વ્યક્તિને ધરપકડ કરવાની બાબતમાં વિશેષ અધિકાર આપવામાં આવ્યો હતો.

સરકારે આ બંને કાયદા ને રજૂ કર્યા. 6 ફેબ્રુઆરી 1919ના રોજ રજૂ કર્યા. ગાંધીજીએ સત્યાગ્રહ અભિયાન, સત્યાગ્રહ આંદોલન શરૂ કરવાનું નિશ્ચિત કાર્ય તેમણે કહેવાતા રોલેટ કાયદાની એમ કહીને આલોચના કરી કે તે અનુસૂચિત સ્વતંત્રતાના સિદ્ધાંતો વિરોધી તથા વ્યક્તિના મૂળ અધિકારોની હત્યા કરવાવાળો છે. અને એના વિરોધ અભિયાન ચલાવવા માટે એક સત્યાગ્રહ સભાની સ્થાપના કરવામાં આવી, જેના અધ્યક્ષ ગાંધીજી હતા.

આ રોલેટ કાયદા વિરોધી સત્યાગ્રહના પ્રથમ ચરણમાં સ્વયંસેવકોએ આ કાયદાનો ઔપચારિક વિરોધ કરતા ધરપકડો વહોરી બીજા ચરણમાં 6 એપ્રિલ 1919માં દેશ વ્યાપી હડતાલનું આયોજન કરવામાં આવ્યું તેના પછી મુંબઈ, અમદાવાદ અને અન્ય કેટલાક નગરોમાં જાહેર વિરોધ અને હિંસા ફાટી નીકળ્યા.

રોલેટ એક્ટ વિરોધી આંદોલન પંજાબમાં વિશેષ રૂપ થી ખૂબજ ઉગ્ર રૂપ ધારણ કર્યુ હતું. આ દિવસોમાં પંજાબ યુદ્ધ સંબંધી મંદીના દુષ્પ્રભાવે લશ્કરમાં બળજબરીથી ભરતી અને ક્રાંતિકારીઓના પ્રભાવથી પીડાઈ રહ્યા હતા. આ આંદોલનના કારણે પંજાબના અલગ અલગ ભાગોમાં હડતાલો પાડી અને હિંસાની ઘટનાઓ બની. 6 એપ્રિલના હડતાલના એક અઠવાડિયામાં પંજાબની મુખ્યત્વે બધાજ ભાગોમાં હિંસા ફેલાઈ હતી. અધિકારીઓ એ આ વિરોધને દબાવવા માટે એવો ઉપાય કર્યો કે, એ કોઈ સભ્ય સરકાર ન કરે. લેફ્ન્ટ ગવર્નર જનરલ માઈકલ અને ડાયર પહેલાથી જ અત્યાચારી વહીવટ કર્તાના રૂપમાં બદનામ હતા. 8 એપ્રિલ 1919ના દિવસે તેઓ બે સ્થાનિક કોગ્રેસી નેતાઓ ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલુની ધરપકડનો આદેશ આપ્યો. તેમની ધરપકડ અને બિટિશ દમનના વિરોધ કરવા માટે 13 એપ્રિલ 1919માં અમૃતસરમાં જલિયાવાલા બાગમાં જાહેર સભા બોલાવવામાં આવી હતી જ્યા જનરલ ઓ ડાયર સૈનિક ટૂકડીઓ સાથે પહોંચી, કોઈપણ જાણકારી આપ્યા વિના નિઃશસ્ત્ર અને શાંતિપૂર્ણ લોકો ઉપર ગોળીબાર કર્યો. લગભગ એક હજાર લોકો મૃત્યુ પામ્યા અને અન્ય કેટલાક લોકો ઘાયલ થયા.

જલિયાવાલા બાગના નરસંહારથી રોલેટ ઍક્ટ વિરોધી સત્યાગ્રહનું જોર સમાપ્ત થઈ ગયું તેમજ ભારતીય રાજનીતિક પરિપ્રેક્ષ્ય આકસ્મિક પરિવર્તન આવ્યું.

12.8 ખિલાફત ચળવળ :

જલિયાવાલા બાગના નરસંહારને કારણે ભારતીય રાજનીતિ પરિપ્રેક્ષમાં આકસ્મિક પરિવર્તન આવ્યું જેના કારણે ખિલાફત ચળવળે શરૂઆતથી જ ખૂબ જ વધારે તણાવપૂર્વ સ્વરૂપ ધારણ કરી લીધું. જલિયાવાલા બાગનો હત્યાકાંડ એવા સમયે થયો, જ્યારે ભારતીય મુસલમાનો ખિલાફતના મુદાને લઈને ખૂબ જ ઉતેજિત હતા. આ પ્રશ્ન પ્રથમ વિશ્વયુધ્ધ વખતે બ્રિટનના વિરુદ્ધ જર્મનીના મિત્રરૂપે તુર્કીના પ્રવેશના કારણે ઉદભવ્યો હતો. વિશાળ ઓટોમન સમ્રાજ્યના શાસક તુર્કીનો સુલતાન સમગ્ર મુસ્લિમ સમાજના ઈસ્લામધર્મનો ખલિફા હતો. પ્રથમ વિશ્વયુધ્ધમાં તુર્કીનો પરાજય થયો. ઓટોમન સામ્રાજ્યનું વિઘટન થયું અને તુર્કીના સુલતાનને પોતાના હસ્તકના બચેલા પ્રદેશોમાં પણ પોતાની સતાનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ લગાવી દીધો અને તેને મિત્ર રાષ્ટ્રો દ્વારા ગઠન કરેલ એક ઉચ્ચકક્ષાના પ્રતિનિધિ મંડળ દ્વારા ઓટોમન સામ્રાજ્યનું સંચાલન કરવા માટે નિમણૂક કરવામાં આવેલ.

ભારતના મુસલમાનો તુર્કી સામે કરવામાં આવેલ આ વ્યવહારને બ્રિટન તથા મિત્ર રાષ્ટ્રો દ્વારા કરવામાં આવેલ અને વિશ્વાસઘાતના સ્વરૂપમાં આ ઘટનાને જોતા હતા.

1920ના શરૂઆતમાં ભારતીય મુસલમાનોએ બ્રિટન ઉપર તુર્કી પ્રત્યેની પોતાની નીતિમાં પરિવર્તન કરવા માટે દબાણ લાવવા માટે એક જોરદાર આંદોલનનો પ્રારંભ કર્યો. મહાત્માંગાંધીજી સહાનુભૂતિ અને સમર્થનના કારણે આ ખિલાફની આંદોલન ખૂબ જ શક્તિશાળી બનતું ગયું. નવેમ્બર 1919માં મહાત્મા ગાંધીને અખિલ ભારતીય ખિલાફત સંમેલનના અધ્યક્ષ બનાવવામાં આવ્યા. ડિસેમ્બર 1919માં થયેલ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના અમૃતસર અધિવેશનથી ખિલાફત આંદોલનને ખૂબ વેગ મળ્યો.

આ સમય દરમ્યાન ખિલાફત ચળવળકારોમાં એક ત્રિસ્તરીય કાર્યક્રમ તૈયાર કર્યા (1) ઓટોમન ખલીફા (તુર્કીના સુલતાન) ને યોગ્ય અધિકારો આપીને પોતાના સામ્રાજ્યમાં રહેવા દેવામાં આવે. જેથી તે ઈસ્લામની રક્ષા કરી શકે (2) અરબ પ્રદેશોને મુસ્લિમ શાસકોને આધીન રાખવા જોઈએ (3) તુર્કીના સુલતાનો મુસલમાનોને પવિત્રસ્થળોને સંરક્ષક બનાવવામાં આવે 17 ઓક્ટોબર 1919ને અખિલ ભારતીય સ્તરપર તથા ખૂબજ પ્રભાવશાળી પદ્ધતિથી ખિલાફત દિવસ મનાવવામાં આવ્યો. 1920ના કલકત્તા અધિવેશનમાં ખિલાફત મુદ્દે બ્રિટીશ સરકારની નીતિ અને પંજાબના નિદોર્ષે લોકોની રક્ષા ન કરીને તથા તેમની પ્રત્યે અયોગ્ય વ્યવહાર કરવાવાળા અપરાધી અધિકારીઓને દંડ કરવામાં આવે. ડિસેમ્બર 1920 નાગપુર અધિવેશનની પુષ્ટિ કરવામાં આવી. 1920માં અસહકાર આંદોલન શરૂ કરવામાં આવ્યુ તેની સાથે સાથે કેટલીક ઘટનાઓ બની તેમાં ઉતરપ્રદેશના ગોરખપુર જિલ્લાના ચોરીચૌરા મુકામે જે ઘટના બની એના કારણે 12મી ફેબ્રુઆરી 1922મા બારડોલીમાં થયેલ કોગ્રેસની બેઠકમાં આ આંદોલન સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. અસહકાર આંદોલન આકસ્મિક રીતે સ્થગિત થવાના કારણે ખિલાફત મુદાનો પણ અંત આવ્યો.

1924માં મુસ્થફા કમાલ પાસા દ્વારા તુર્કીમાં ખલીફાનું પદ અથવા ખિલાફતને સમાપ્ત કરી દેવામાં આવે તેની અસર અખિલ ભારતીય ખિલાફત સમિતિ પર પડી આ સમિતિએ પણ પોતાનું કાર્ય બંધ કરી દીધુ. આમ, ખિલાફત આંદોલનનો અને તેના ફળ સ્વરૂપે 1924માં અખિલ ભારતીય મુસ્લિમ લીગનો પુનુરુત્થાન થયો.

- **તમારી જાતે તપાસો :**

1. સ્વદેશી ચળવળ વિશે ચર્ચા કરો.

_____
_____
_____
_____
_____

2. હોમરૂલ ચળવળ વિશે વિસ્તૃત નોંધ તૈયાર કરો.

_____
_____
_____
_____
_____

3. ચંપારણ સત્યાગ્રહ વિશે માહિતી તૈયાર કરો.

4. મિલ-મજૂર આંદોલન વિશે માહિતી તૈયાર કરો.

5. ખેડા સત્યાગ્રહ વિશે ચર્ચા કરો.

6. રોલેટ સત્યાગ્રહ વિશે ચર્ચા કરો.

7. ખિલાફત ચળવળ વિશે ચર્ચા કરો.

સારાંશ :

આમ, ભારતીય રાષ્ટ્રીય ચળવળોમાં 1905 થી 1920 દરમ્યાન ઘણી બધી થતી સ્વદેશી આંદોલન હોમરૂલ ચળવળ, ચંપારણ સત્યાગ્રહ, મિલ મજૂર આંદોલન, ખેડા સત્યાગ્રહ, રોલેટ સત્યાગ્રહ, ખિલાફત ચળવળ વગેરે ચળવળોના લીધે ભારતીય સ્વતંત્રતાના ઈતિહાસમાં અગત્યનું સ્થાન ધરાવે છે આ ચળવળોના ઉદભવ પાછળના જુદા જુદા કારણો જવાબદાર હતા જેની થકી ભારતમાં સ્વરાજ પ્રાપ્તિ માટે લોકોમાં જાગૃતિ આવી અન્યાયની સામે લોકો અવાજ ઊઠાવતા થયા મહાત્માં ગાંધીના આગમન પહેલા અને પછી આમ, બંને પ્રકારે આંદોલનો થયા.

શબ્દાવલી :

સ્વદેશી	પોતાના દેશનું, સ્વદેશમાં થયેલું
બહિષ્કાર	બહાર કાઢી મુકવું તે, વાપરવા સામે મનાઈ કરવી તે
હોમરૂલ	પ્રજાનું લોકશાહી શાસન, સ્વરાજ્ય

બહુવિકલ્પીય પ્રશ્નો :

1. બંગાળની ધારાસભામાં સરકારી બહુમતીની જોરે બંગાળના ભાગલાને લગતો કાયદો ક્યારે પસાર કરવામાં આવ્યો હતો.
   (1) 15 જૂન, 1905
   (2) 19 જુલાઈ, 1905
   (3) 15 ઓગષ્ટ, 1905
   (4) 19 સપ્ટેમ્બર, 1905
2. બંગાળને બે ભાગમાં ક્યારે વહેચવામાં આવ્યું હતું?
   (1) 16 ઓક્ટોબર, 1905
   (2) 18 ઓક્ટોબર, 1905
   (3) 20 ઓક્ટોબર, 1905
   (4) 22 ઓક્ટોબર, 1905
3. બંગાળના ભાગલાનો અમલ કરવાથી 16 ઓક્ટોબર 1905ના દિવસને ક્યા દિવસ તરીકે મનાવવામાં આવ્યો?
   (1) બંગભંગ દિવસ
   (2) સ્વદેશી દિવસ
   (3) રાષ્ટ્રીય શોક દિવસ
   (4) એક પણ નહિ
4. બંગાળના ભાગલા ક્યા ગવર્નર જનરલના સમયમાં પાડ્યા હતા?
   (1) લિટન (2) કર્ઝન
   (3) રિમન (4) બેન્ટિક
5. એની બેસેન્ટે રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનમાં હોમરૂલ લીગની સ્થાપના માટેનો ઠરાવ ક્યારે મુક્યો હતો ?
   (1) ઈ.સ. 1915 (2) ઈ.સ. 1916
   (3) ઈ.સ. 1917 (4) ઈ.સ. 1918
6. ઈ.સ. 1915નું રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન ક્યાં આગળ ભરાયું હતુ?
   (1) અમદાવાદ (2) સુરત
   (3) કલકતા (4) મુંબઈ

7. તિલક મહારાજે મુંબઈમાં રાષ્ટ્રવાદી નેતાઓની પરિષદ ક્યારે ભરી હતી?
   (1) 1914 (2) 1915
   (3) 1916 (4) 1917
8. એની બેસેન્ટે વિધિસર રીતે હોમરૂલ લીગની સ્થાપના ક્યારે કરી હતી?
   (1) સપ્ટેમ્બર 1916 (2) ઓક્ટોબર 1916
   (3) નવેમ્બર 1916 (4) ડિસેમ્બર 1916
9. એની બેસન્ટ કોંગ્રેસના પ્રમુખ ક્યારે બન્યા ?
   (1) ઈ.સ. 1915 (2) ઈ.સ. 1916
   (3) ઈ.સ. 1917 (4) ઈ.સ. 1918
10. મિલ-મજૂર આંદોલન ક્યારે થયું હતું.
   (1) ઈ.સ. 1915 (2) ઈ.સ. 1916
   (3) ઈ.સ. 1917 (4) ઈ.સ. 1918
11. મિલ મજૂર આંદોલનને 'ધર્મયુદ્ધ' તરીકે કોણે ગણાવ્યું ?
   (1) ગાંધીજી (2) મહાદેવ દેસાઈ
   (3) કલ્યાણજી મહેતા (4) વલ્લભભાઈ પટેલ
12. ચંપારણ એ ક્યા રાજ્યનો જિલ્લો હતો ?
   (1) ઉત્તર બિહાર (2) ઉત્તર પ્રદેશ
   (3) ઉતરાખંડ (4) આ સામ
13. ચંપારણ સત્યાગ્રહનો આરંભ ક્યારે થયો.
   (1) 16 એપ્રિલ, 1917 (2) 18 એપ્રિલ, 1917
   (3) 20 એપ્રિલ, 1917 (4) 22 એપ્રિલ, 1917
14. ખેડા સત્યાગ્રહ વખતે ડુંગળી ચોરનું બિરુદ્ધ કોને મળ્યુ હતુ ?
   (1) મોહનલાલ પંડ્યા (2) વિઠ્ઠલભાઈ પટેલ
   (3) કલ્યાણજી મહેતા (4) મહાદેવ દેસાઈ
15. 30 માર્ચ, 1918ની નડીયાદની સભા કોણે સંબોધી હતી ?
   (1) વિઠ્ઠલભાઈ પટેલ (2) વલ્લભભાઈ પટેલ
   (3) મહાદેવ દેસાઈ (4) મોહનલાલ પંડ્યા
16. રોલેટ સત્યાગ્રહ ક્યારે થયો હતો ?
   (1) 1919 (2) 1920
   (3) 1921 (4) 1922
17. જલિયાવાલા બાગ હત્યાકાંડ ક્યારે થયા ?
   (1) 13 માર્ચ, 1919 (2) 13 એપ્રિલ, 1919
   (3) 13 મે 1919 (4) 13 જૂન 1919

18. મહાત્માં ગાંધીને અખિલ ભારતીય ખિલાફત સંમેલનના અધ્યક્ષ ક્યારે બનાવવામાં આવ્યા હતા?

(1) નવેમ્બર - 1919 (2) ડિસેમ્બર - 1919

(3) જાન્યુઆરી - 1020 (4) ફેબ્રુઆરી – 1920

ઉત્તરો : (1) 2. 19 જુલાઈ, 1905 (2) 1. 16 ઓક્ટોબર 1905 (3) 3. રાષ્ટ્રીય શોક દિવસ (4) 2. કર્ઝન (5) 1. U સ 1915 (6) 4. મુંબઈ (7) 2. 1915 (8) 1. સપ્ટેમ્બર 1916 (9) 3. ઈ.સ. 1917 (10) 4. ઈ.સ. 1918 (11) 2. મહાદેવ દેસાઈ (12) ઉતર બિહાર (13) 1. 16 એપ્રિલ 1917 (14) 1. મોહનલાલ પંડ્યા (15) 2. વલ્લભભાઈ પટેલ (16) 1. 1919 (17) 2. 13 એપ્રિલ 1919 (18) 1. નવેમ્બર 1919

– સ્વાધ્યાય :

(1) સ્વદેશી ચળવળ વખતે કઈ કઈ ઘટનાઓ બની તેની યાદી તૈયાર કરો.

(2) હોમરૂલ ચળવળ દરમ્યાન થયેલ પ્રવૃતિઓ વિશ વિગતો તૈયાર કરો.

(3) મિલ મજૂર આંદોલનના પ્રશ્નો વિશે નોંધ લખો.

(4) ખેડા સત્યાગ્રહમાં ભૂમિકા ભજવનાર વ્યક્તિઓની યાદી તૈયાર કરો.

(5) રોલેટ સત્યાગ્રહની પ્રક્રિયા વિશે નોંધ લખો.

(6) ખિલાફત ચળવળ ની માહિતી પ્રાપ્ત કરો.

સંદર્ભ સૂચિ :

(1) શુકલ, રામલખન, આધુનિક ભારતનો ઈતિહાસ, હિન્દી માધ્યમ કાર્યોન્વય નિદેશાલય, દિલ્હી વિશ્વવિદ્યાલય, દિલ્હી, પ્રથમ આવૃત્તિ 1987, પુનઃમુદરણ 2014.

(2) સરકાર સુમિત, આધુનિક ભારત, રાજ કમલ પ્રકાશન, દિલ્હી, પ્રથમ આવૃત્તિ, 1992 બારમી આવૃત્તિ, 2012.

(3) ગુપ્તા, શિવાની, ભારતીય સ્વતંત્રતા કા ઈતિહાસ, વંદના પબ્લિકેશન્સ, નઈ દિલ્હી, 2012.

(4) ધારૈયા રમણલાલ કે, આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો ભાગ 1 (1885-1919) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 1973, સાતમી આવૃત્તિ, 2014.

(5) ગાંધી મોહનદાસ કરમચંદ, સત્યના પ્રયોગો અથવા આત્મકથા, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પુનઃમુદ્રણ 2012.

(6) પારેખ સ્વ. હીરાલાલ ત્રિભોવન દાસ (મૂળ લેખક), સંપાદક - પારેખ મધુસુદન, અર્વાચીન ગુજરાતનું રેખા દર્શન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ 1976.

(7) રાજગોર શિવપ્રસાદ અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ, પ્રથમ આવૃત્તિ 1974, બીજી આવૃત્તિ 1998.

(8) દેસાઈ શાંતિલાલ મ., રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ, પ્રથમ આવૃત્તિ 1972, બીજી આવૃત્તિ 1994.

(9) પરીખ શંકરલાલ દ્વારકાદાસ, ખેડાની લડત, રાષ્ટ્રીય સાહિત્ય કાર્યાલય, અમદાવાદ, 1922.

એકમ : 13

ગાંધીયુગ દરમિયાન ભારતીય રાષ્ટ્રિય અને ક્રાંતિકારી ચળવળો (ઈ.સ.1920-1947)

:: રૂપરેખા::

13.0 ઉદેશો

13.1 પ્રસ્તાવના

13.2 ચંપારણ સત્યાગ્રહ

13.3 ખેડા સત્યાગ્રહ

13.4 અમદાવાદના મિલ માલીકો-મજૂરો નો સંઘર્ષ

13.5 ગાંધીજી- વિચારધારા

13.6 અસહકાર ચળવળ

13.7 સ્વરાજપક્ષની સ્થાપના

13.8 સાયમન કમિશનનો વિરોધ

13.9 નહેરૂ અહેવાલ

13.10 બારડોલી સત્યાગ્રહ

13.11 ક્રાંતિકારી પ્રવૃત્તિ

13.12 સંપૂર્ણ સ્વરાજ

13.13 સવિનય કાનૂનભંગની ચળવળ (ઈ.સ.-1930)

13.14 ગાંધી-ઈર્વિન સમજુતી

13.15 બીજી ગોળમેજી પરિષદ

13.16 કોમી ચુકાદા

13.17 પુના કરાર

13.18 સવિનય કાનૂનભંગનાં આંદોલનનું મહત્ત્વ અને અસરો

13.19 1935 નો હિન્દ ધારો

13.20 પ્રાંતિક સ્વરાજય-1935

13.21 બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ભારતમાં રાષ્ટ્રવાદ

13.22 *વ્યક્તિગત સત્યાગ્રહ*

13.23 *ક્રિપ્સ દરખાસ્ત*

13.24 *હિંદ છોડો આંદોલન*-1942

13.0 *ઉદ્દેશો :*

---

1. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રવાદની ભાવના પોષવા તથા આધુનિક ભારતના સ્વતંત્ર સગ્રામની વિવિધ વિચારધારાઓ થકી આવેલા આઝાદીનુ મહત્ત્વ દર્શાવવું.
2. આઝાદીના સંઘર્ષમાં પોતાનું સર્વસ્વ ત્યાગનાર રાષ્ટ્રીય તથા સ્થાનિક નેતાઓના જીવન ચરિત્ર થકી વિદ્યાર્થીઓનું જીવન ઘડતર કરવું.
3. વિશ્વમાં ક્યાંયના થયેલ સત્ય અને અહિંસા થકી ગાંધીજી દ્વારા કરવામાં આવેલ ચળવળો થકી માનવીય મૂલ્યોનું સંવર્ધન કરવા અર્થે આ મુદ્દાનું અધ્યયન વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બની રહેશે.

13.1 *પ્રસ્તાવના :*

---

1. ભારતીય રાષ્ટ્રીય આંદોલનની દિશા તેમજ સ્વરૂપને પલટાવવામાં ગાંધીજીએ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો.ભારતમાં તેમના આગમન બાદ ભારતીય રાજકારણમાં સંઘર્ષનો એક નવો તબક્કો શરૂ થયો.અંગ્રેજોના વિરોધમાં હવે જનતાને સંગઠિત કરવી એ હવે સંઘર્ષ આધાર બન્યો.આ સમયથી શરૂ કરીને સ્વતંત્રતા –પ્રાપ્તિ સુધી રાષ્ટ્રીય આંદોલનો પર ગાંધીજીની અસર પડી.તેથી તેને ભારતના ઈતિહાસમાં ‘ગાંધીયુગ ‘ તરીકે ઓળખવામાં આવે છે.
2. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાંઈ.સ.1893થી 1914 દરમિયાન કાળાગોરાના રંગભેદને પરિણામે હિન્દીઓના થતા અપમાન અને તેમને પ્રતિ ગોરાઓના અન્યાયી,શરમજનક અને ભેદભાવ ભર્યા વર્તન સામે ગાંધીજીએ સત્યાગ્રહ કરી લડત આપી.ગાંધીજી જાન્યુઆરી,1915માં ભારત આવ્યા

1. ભારત પાછા ફરતા પહેલા ગાંધીજી ઈંગ્લેન્ડ ગયા.તે સમયે વિશ્વયુધ ફાટી નીકળ્યું.આવી પરિસ્થિતિમાં ઈંગ્લેન્ડની સરકારને મદદ કરવી તે ગાંધીજીએ પોતાનું કર્તવ્ય માન્યું. તેમને ભારતીઓનું એક એમ્બ્યુલન્સદળ સંગઠિત કરવાનો નિર્ણય લીધો,પણ અંગ્રેજ અધિકારીઓ સાથે મતભેદ થવાથી એ વિચાર ટાળ્યો.૧૯૧૫ના નવા વર્ષમાં અંગ્રેજ સરકાર તેમને ‘‘કેસર –એ-હિન્દ’’ નો ખિતાબ આપ્યો.

   2.9 જાન્યુઆરી, 1915ના દિવસે ગાંધીજી ભારત પાછા ફર્યા.તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.ભારતમાં ગોપાલકૃષ્ણ ગોખલે ગાંધીજીના રાજનૈતિક ગુરુ હતા.ગોખલે એ ગાંધીજી પાસે વચન લીધું ક, ભારતની રાજનૈતિક બાબતો પર તેઓ એક વર્ષ સુધી પોતાનો કોઈ મત જાહેર નહિ કરે, વચનપાલન માટે ગાંધીજીએ 1915 થી 1916નો સમય જુદા જુદા સ્થળોના પ્રવાસમાં ગાળ્યો. આથી ગાંધીજીએ ભારતીયો

તેમજ તેમની સ્થિતિને લગતી કેટલીક બાબતોની ઊંડી જાણકારી પ્રાપ્ત થઇ.ઈ.સ.1915માં જ ગાંધીજીએ અમદાવાદ માં સાબરમતી નદીને કિનારે આશ્રમની સ્થાપના કરી. અહીં તેઓ પોતાના નિકટતમ સાથીઓની સાથે રહેતા હતા અને તેઓને સાચા સત્યાગ્રહી થવાનું નૈતિક ચુસ્ત શિક્ષણ આપવામાં આવતું હતું.

3. ભારતીય રાજકારણમાં ગાંધીજીનો સક્રિય પ્રવેશ ઈ.સ.1917-18 ના ગાળામાં થયો. ગાંધીજીના આગમનથી જનતાના આંદોલનો યુગ શરૂ થયો. શરુઆતમાં ગાંધીજીએ માત્ર સ્થાનિક સમસ્યાઓ વિષે પ્રવૃત્તિ કરી અને તેને માધ્યમથી રાષ્ટ્રીય નેતૃત્વ હાંસલ કર્યું. ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર અને તેઓની આંદોલનની પદ્ધતિ તિલકની હતી.

તે સમયની સ્થાનિક સમસ્યાઓ :ચંપારણમાં ગળી પકવતા ખેડૂતોના પ્રશ્નો, ખેડામાં ખેડૂતોનો સંઘર્ષ અને અમદાવાદમાં મિલમાલિકો અને મજૂરો વચ્ચેનો સંઘર્ષ.

13.2 *ચંપારણનો સત્યાગ્રહ (1916):*

1. ઉત્તર બિહારના તિરહુત જીલ્લામાં ચંપારણ આવેલું છે.અહીના ખેડૂતોમાં ઘણા સમયથી અસંતોષ ફેલાયો હતો.૧૯મી સદીની શરૂઆતથી જ અહીં યુરોપિએ ગળી ના બગીચા અને કારખાના સ્થાપ્યાં હતા.તેમને એટલી જમીન મળી હતી કે,1916-17 ચંપારણનો મોટો હિસ્સો માત્ર ત્રણ જમીનદારોના હાથમાં હતો.તેઓ હતા બેતિયા ,રામનગર અને મધુબન જાગીરોના માલિકો .બેતિયાની જાગીર સૌથી મોટી અને તેમાં લગભગ 1500 ગામડાઓનો સમાવેશ થતો હતો. જમીનદારો ખુદ જાગીરની દેખભાળ ન હોતા કરતા પરંતુ તેને ઈજારા પર આપી દેતા. ઈજાદારોનો સૌથી વધુ શક્તિશાળી વર્ગ હતો. યુરોપીયાનો બગીચાના માલિકો હતા. ચંપારણમાં અસંતોષનું મુખ્ય કારણ એ હતું કે ખેડૂતોને જમીન પર કોઈ સ્થાયીલાભ મળતો ન હતો.તેમને ખેતી માટે બગીચાઓના માલિકો પાસે જમીનનો પટો લેવો પડતો, તે વખતે એવી શરત ,મુકાતી કે તેમને અમુક ભાગમાં માત્ર ગળીનો જ પાક લેવો આને માટે તેઓ ગાળીના બગીચાના માલિકો ખેડૂતોને નાણાંનું અગાઉથી ધિરાણ પણ કરતા હતા.
2. આ વ્યવસ્થામાં ગળીની જ ખેતી કરવામાં આવતી તેને તીન –કઠીયા કહેતા હતા .આમ ખડૂતે 3/20 ભાગ પર માત્ર ગળીની ખેતી કરવાની રહેતી. મોટે ભાગે માલિકો જે સૌથી વધુ ફળદ્રુપ જમીનનો ટુકડો ગળીની ખેતી માટે અલગ મુકતા.1908માં તીન –કઠીયાના નિયમોમાં થોડો સુધારો કરવાનો પ્રયત્ન થતો હતો.પરંતુ તેમાંથી ખેડૂતોને ખરાબ દશામાં કઈ જ સુધારો થઈ શક્યો નહિ. બગીચાના માલિકો અમુક જ પૈસા ખેડૂતોને પોતાની ખેતી કરવા માટે રોકવા દેતા હતા અને તે પણ ઘણા ઓછા હતા.
3. આ વખતે જર્મનીના વૈજ્ઞાનિકોએ કુત્રિમ ગળીનો રંગ શોધી કાઢ્યો.અને તેનું ઉત્પાદન શરૂ કરી દીધું .પરિણામે દુનિયાના બજારમાં ભારતની ગળીની ખપત ઓછી થઈ ગઈ ચંપારણ ના ઘણાખરા બગીચાના માલિકોએ અનુભવ્યું કે ગળીના વેપારમાં

કોઈ ખાસ નફો તેમને નહિ થાય. પરંતુ નફો ચાલુ રાખવા પોતાની ખોટ તેમને ખેડૂતોપર લાદવી શરૂ કરી.આ માટે એક રસ્તો અપનાવ્યો હતો.ખેડૂતોને હુકમ કરવાનો કે જો તેઓ મોટું વળતર અથવા ભરપાઈ ની કરે તો તેમને ગળી ઉગાડવા માટે શરત મુકવામાં નહિ આવે. આની સાથે તેમને મહેસૂલમાં પણ અનહદ વધારો કરરી દીધો અને અનેક જાતના ગેરકાયદેસર વેરાઓ ખેડૂતોપર નાખ્યાં.

4. 1916માં લખનૌ અધિવેશન દરમિયાન ચંપારણના ખેડૂતોના પ્રશ્નો વિષે ઉલ્લેખ થયો ત્યારે ગાંધીજીએ કઈ ધ્યાન નહોતું આપ્યું.પરંતુ છેવટે જયારે ચંપારણના એક ખેડુતે રાજકુમાર શુક્લે તેમને આવવવા માટે ખૂબ કહ્યું ત્યારે તે ત્યાં મોતીહારા ગયા. તેઓ પહોચ્યા ત્યારે તેમની હાજરી જનશાંતિ માટે ખતરા રૂપ ગણાઈ. બ્રિટિશ સરકારે તેમને પોતાની જવાબદારી હોઈને આદેશ પાળવા ઈન્કાર કર્યો તત્કાળ ચંપારણ છોડી જવાનો આદેશ અપાયો. પરંતુ ગાંધીજીએ જનતા પ્રત્યે તેમની તત્કાળ ધરપકડ કરીને જિલ્લા ન્યાયાલયને પણ આદેશ આપ્યો કે આ મુકદ્દમો પાછો ખેચી લેવાય અને ગાંધીજીને જે જાણકારી જોઈતી હોય તે મેળવવામાં પણ મદદ કરવામાં આવે.એની સાથે જ ગાંધીજીને પણ ચેતવણી આપી કે કોઈ અશાંત પરિસ્થિતિ ન જ થાય. આ ખેડૂતના પ્રશ્નો સમજવાના પ્રયત્નો કરવાની તેમને પરવાનગી છેવટે મળી ગઈ.
5. સરકારે 'ચંપારણ એગ્રેરિયન કમિટી' ની રચના કરી અને તેમાં ગાંધીજી પણએક સભ્ય હતા આ કમિટીએ ભલામન કરી કે 'તીનકઠીયા' વ્યવસ્થાનો અંત લાવવામાં આવે અને બીજા વેરાઓ પણ સમાપ્ત થાય જે ખેડૂતોએ આપવા પડતા હતા વધુ પડતો મહેસૂલી દર પણ ઓછો કરવામાં આવે અને જે ગેરકાયદે વસૂલાત ખેડૂતો પાસે કરવવામાં આવી હતી તેનો 25 ટકા ભાગ ખેડૂતોને પાછો આપવામાં આવે કમિટીની આ બધી ભલામણો ધ્યાનમાં રાખીને 'ચંપારણ એગ્રેરિયન એક્ટ ' નામે કાયદો પસાર થયો.

   આ આંદોલન ખેડૂતોની સમસ્યાઓ સાથે સંબંધિત તો ખરો પરંતુ ગાંધીજીના સાથી પણ જોડાયા જેવા કે રાજેન્દ્રપ્રસાદ, ગોરખપ્રસાદ, આચાર્ય કૂપલાની વગેરે સ્થાનીય મહાજનો તેમજ ગામડાના મુખીઓએ પણ ગાંધીજીને સહયોગ આપ્યો પરંતુ સૌથી વધારે સહયોગ મળ્યો ખેડૂતોનો તેમજ સ્થાનિક નેતાઓનો ગાંધીજી પોતે અહીપણ ખૂબ જ સાદગીથી પગપાળા અથવા બળદ ગાડામાં ફરતા અને ખેડૂતો સાથે તેમની જ ભાષામાં વાત કરતાં.

13.3 *ખેડા સત્યાગ્રહ (ઈ.સ.*1918*) :*

ખેડૂતોનો પક્ષ લઈને ગાંધીજી એ ખેડા જીલ્લામાં દરમિયાનગીરી કરી ખેડા ખૂબ જ ફળદ્રુપ જમીન ધરાવે છે ત્યાંના પાકો તમાકુ અને કપાસનું મોટું બજાર તેને અમદાવાદમાં મળી રહેતું હતું. અહીના ઘણા શ્રીમંત ખેડૂતો પટ્ટીદાર –પાટીદાર કહેવાતા હતા. આ સિવાય બીજા નાના ખેડૂતો અને ભુમિહીન ખેડૂતો પણ રહેતા હતા.

1917માં અતિવૃષ્ટિને કારણે ખરીફ ઘણું નુકસાન થયું.આ જ અરસામાં ઘાસતેલ,લોખંડ,કપડાં અને મીઠા વગરેમાં ખૂબ જ ભાવવધારો થયો,તેની ખેડૂતોના જીવનધોરણ પર માઠી અસર પહોંચી.ખેડૂતોએ માંગણી કરી કે આ વખતે પાક થયો નથી માટે મહેસૂલ માફ થવું જોઈએ. તે વિશેના કાયદામાં પણ એક શરત મુકાઈ જ હતી કે જો કુલ ઊપજ જ સામાન્ય ઊપજના માત્ર 25 (કે તેથી ઓછા) ટકા જ હોય તો બધું જ મહેસૂલ માફ કરી દેવામાં આવશે. મુંબઈના બે વકીલો-શ્રી વી.જે.પટેલ તથા શ્રી જી.કે.પારેખએ આ બાબતની ઝીણવટભરી તપાસ કરી અને એ પરિણામ પર આવ્યા કે આ વર્ષે ઊપજનો મોટો ભાગ નાશ પામ્યો હતો.પરંતુ સરકારે તેમનો અહેવાલ સ્વીકાર્યો નહિ. ખેડાના કલેકટરે એમ નિર્ણય લીધો કે આ વખતે મહેસૂલ માફ કરવા જેવી પરિસ્થિતિનથી.સરકારનું માનવું હતું કે, આ માગણી ખેડૂતોએ નહીં પરંતુ બહારના લોકોની ઉશ્કેરણી થઈ હતી જેઓ હોમ રૂલ લીગ તેમજ ગુજરાત સભા સાથે સબંધિત હતા ખુદ ગાંધીજી ગુજરાત સભાના અધ્યક્ષ હતા. ખરેખર હકીકત તો એ હતી. આંદોલનની શરૂઆત ન તો ગાંધીજીએ કરી હતી, ન તો અમદાવાદના કોઈ રાજકારણીઓએ, બલકે તેની શરૂઆત ખેડા જીલ્લાના મોહનલાલ જેવા સ્થાનિક નેતાઓએ કરી હતી. પુરતી તપાસ કર્યા પછી ગાંધીજીએ અનુમાન પર આવ્યા કે સરકારી ઓફિસર્સે થયેલી ઊપજની કિંમત વધારી-વધારીને મૂકી હતી. ખેડૂતોનો એ કાયદેસરનો હક્ક હતો કે, તેઓ (આ વર્ષ) મહેસૂલ ચુકવે નહિ. આથી કોઈ સગવડ તો મળી નહિ અને સરકારે પણ ખાસ ધ્યાન ન આપ્યું. થોડા ખચકાટ પછી ગાંધીજીએ નિર્ણય લીધો કે તા. 22મી માર્ચ 1918થી નડિયાદની એક સભામાંથી સત્યાગ્રહની શરૂઆત કરવામાં આવે ગાંધીજીએ આ સભામાં ખેડૂતોને સલાહ આપી કે તેમણે મહેસૂલ ચૂકવવું જ નહિ. ખેડૂતોનો ઉત્સાહ વધારવા તેમજ સરકારનો ભય તેમના હૃદયમાંથી કાઢવા ગાંધીજીએ અનેક ગામડાંઓનો પ્રવાસ કર્યો.

આ સત્યાગ્રહમાં ગાંધીજીની મદદમાં ઈંદુલાલ યાજ્ઞિક, વલ્લભભાઈ પટેલ તથા અનસૂયાબહેન સારાભાઈ હતાં.૨૧મીએપ્રિલ સત્યાગ્રહની ચરમસીમા આવી,2,337 ખેડુતઓ પ્રતિજ્ઞા લીધી કે તેઓ મહેસૂલ ભરશે નહિ. આમ તો ઘણા પાટીદારોએ ભાગ લીધો હતો અને સરકારે દમન નીતિ અપનાવી. કેટલાક ગરીબ ખેડૂતોને મહેસૂલ ભરવા માટે ત્રાસ ગુજાર્યો. આ વખતે રવિપાક સારો ઊતર્યો અને મહેસૂલ ન ભરવાનો મુદો ઢીલો પડવા લાગ્યો. ગાંધીજી સમજી ગયા કે ખેડૂતોસત્યાગ્રહથી થાકવા લાગ્યા છે જયારે સરકારે એવો હુકમ બહાર પાડ્યો કે, વસુલાત એવા જ ખેડૂતો પાસેથી કરવામાં આવે ત્યારે ગાંધીજીએ સત્યાગ્રહની સમાપ્તિની જાહેરાત કરી આમ જુઓ તો સત્યાગ્રહની સમાપ્તિની જાહેરાત કરી.આમ જુઓ તો સત્યાગ્રહની અસર બધાં જ ગામોમાં થઈ ન હતી.ખેડા જીલ્લાનાં ૫૫૯ ગામડાંઓમાથી મત 70 ગામોમાં જ તે સફળ થયો હતો.આને જ કારણે જેવી થોડી રાહત મળવાનું સરકાર તરફથી નક્કી થયું કે તરત ગાંધીજીએ સત્યાગ્રહ પાછો ખેંચી લીધો.પરંતુ એ વાત નિઃશંક છે કે આ સત્યાગ્રહને લીધે ગુજરાતના ગ્રામીણ ક્ષેત્રમાં ગાંધીજીનો સામાજિક પાયો મજબુત બન્યો. ખેડા સત્યાગ્રહમાં ગાંધીજીએ

સભાઓમાં અનુભવેલ કે સમાજના તમામ વર્ગો સાથે રહેશે તો જ સામુદાયિક ચળવળ બનશે. ત્યાંથી સામુદાયિક ચળવળની શરૂઆત થઈ.

13.4 *અમદાવાદમાં મિલમાલિકો અને મજૂરો વચ્ચે સંઘર્ષ :*

ગાંધીજીની ત્રીજી ચળવળ અમદાવાદમાં શરૂ થઈ જ્યારે તેમણે મિલમાલિકો તેમજ મજૂરો વચ્ચેનાં સંઘર્ષમાં દરમિયાનગીરી કરી ગુજરાતના એક મહત્ત્વપૂર્ણ ઔધોગિક નગરના રૂપમાં અમદાવાદનો વિકાસ થઈ રહ્યો હતો. તેમ છતાં ઘણી વખત મિલમાલિકોને મજૂરોની અછત જણાતી હતી અને તેમને આકર્ષવા માટે તેઓ મજૂરીનો દર ઊંચો રાખતા હતા.1917માં અમદાવાદમાં પ્લેગની બીમારી ફેલાઈ. ઘણાખરા મજૂરો શહેર છોડી પોતાના ગામડે જવા લાગ્યા તેઓને શહેરમાં રોકી રાખવા માલિકોએ 'પ્લેગ બોનસ ' આપવાનો વિચાર કર્યો જોકે ક્યારેક તો તેનો દર સામાન્ય મજૂરીના દરના 7.5%જેટલો હતો જ્યારે આ રોગચાળો સમાપ્ત થઈ ગયો ત્યારે આ ભથ્થું મિલમાલિકોએ આપવાનું બંધ કર્યું કામદારોએ આનો વિરોધ કર્યો તેમની ધારણા હતી કે વિશ્વયુદ્ધ દરમિયાન જે મોંઘવારી વધી ગઈ હતી તે માટે પણ આ ભથ્થું પૂરક હતું મિલમાલિકો ભથ્થામાં 20% જેટલો વધારો કરવા તેયાર હતા. પરંતુ કામદારો મોંઘવારીને જોતા 50% વધારાની માંગણી કરતા હતા.

ગુજરાત સભાના એક સચિવ ગાંધીજીને મિલમજૂરોની કામ કરવાની પરિસ્થિતિ વિશે જણાવતા હતા એક મિલમાલિક અંબાલાલ સારાભાઈ સાથે તેમનો પરિચય હતો, કારણ કે ગાંધીજીનાં આશ્રમ માટે તેમણે મોટું દાન આપ્યું હતું. આ ઉપરાંત તેમનાં બહેન અનસુયાબહેન સારાભાઈ પણ ગાંધીજી માટે ખૂબ જ આદર ધરાવતાં હતાં. ગાંધીજીએ અંબાલાલ સારાભાઈ સાથે ચર્ચા કર્યા પછી આ લડતમાં દરમિયાનગીરી કરવાનો નિર્ણય લીધો. મજૂરો અને માલિકો એટલા તો સંમત થયા કે, આ મામલો એક મધ્યસ્થી કરનાર બોર્ડને સોંપી દેવામાં આવે. તેમાં ત્રણ પ્રતિનિધિઓ મજૂરો ના હોય અને ત્રણ મિલ માલિકોના અંગ્રેજ કલેકટર તેના અધ્યક્ષ રહેવાના હતા મજૂરોના પ્રતિનિધિ તરીકે ગાંધીજી હાજર હતા. પરંતુ અચાનક મિલમાલિકો બોર્ડથી પાછા ખસી ગયા તેનું કારણ એમણે એમ જણાવ્યું કે ગાંધીજીને કામદારોએ કોઈ અધિકાર આપ્યો નહોતો અને એ વાતની પણ કોઈ બાંયધરી ન હતી કે, મજૂરો આ બોર્ડના નિર્ણયને સ્વીકારશે. તા.22મી ફેબ્રુઆરીએ મિલમાલિકો એ તાળાબંધી જાહેર કરી.

આ પરિસ્થિતિને ગાંધીજીએ ઝીણવટથી તપાસી મિલોની આર્થિક સ્થિતિ વિશે પણ તેમણે માહિતી મેળવી અને તેમના દ્વારા અપાતી મજૂરીના દરોને મુંબઈમાં અપાતા દરો સાથે સરખાવ્યા. આ બધા અભ્યાસ કર્યા પછી ગાંધીજીએ નિર્ણય કયો કે મજૂરો એ 50 ટકાને બદલે ૩૫ ટકાનો વધારો માંગવો જોઈએ હવે ગાંધીજીએ મિલમાલિકો સામે સત્યાગ્રહ શરૂ કર્યો મજૂરીમાં ણ થાય ત્યાં સુધી તેઓ કામ પર ચઢશે નહિ અને શાંતિપૂર્વક સત્યાગ્રહ કરતા રહેશે. અનેક સ્થળોએ સભાઓ ભરાઈ અને ગાંધીજીએ તેમાં ભાષણો કર્યા. આ સ્થિતિ ઉપર તેમણે કેટલા લેખો પણ લખ્યા હતા.

12 માર્ચ મિલમાલિકએ ઘોષણા કરી કે તેઓ તાળાબંધી હટાવી લે છે. તેઓ એવા જ મજૂરો ને કામમાં લેશે જેઓ ૨૦ ટકા વધારાને સ્વીકારે તેની વિરુદ્ધ ૧૫ માર્ચ ગાંધીજીએ જાહેરાત કરી કે, જ્યાં સુધી કોઈ સમજૂતી ન થાય, ત્યાં સુધી તેઓ ભૂખહડતાલ પર ઊતરશે. પોતે પ્રતિજ્ઞા લીધી હોવા છતાં મજૂરો મિલોમાં ફરી કામ કરવા જવાનો વિચાર કરતા હોય તો તેમ કરતાં રોકવા ગાંધીજીએ આ પગલું લીધું છેવટે 18 માર્ચ એક સમજૂતી થઇ જે અનુસાર પહેલે દિવસે મજૂરીનો દર ૩૫ ટકા વધારા સાથે બીજે દિવસે 20 ટકાનો વધારો (જે મિલમાલિકએ સૂચવેલ દર હતો) મળવાનો હતો. ત્રીજે દિવસે અને પછી જ્યાં સુધી મધ્યસ્થી (લવાદી) દ્વારા કોઈ એક નિર્ણય ન લેવાય ત્યાં સુધી 27.5% વધારાની મજૂરી મળે તેવો નિર્ણય થયો. છેવટે મધ્યસ્થ સમિતિએ ગાંધીજીના 35% નાં વધારાના ઠરાવનો મજૂરો ના પક્ષમાં સ્વીકાર કર્યો અને મિલોનું કામકાજ થાળે પાડ્યું.

ભારતની સ્વતંત્રતાના મુખ્ય સુત્રધાર, ભારતના રાષ્ટ્રપિતા, હિંદુ-મુસ્લિમ એકતાના હિમાયતી, મિલ મજૂરો નો અસ્પૃશ્યતા નિવારણ અને તેને માટે શહીદ થનાર મોહનદાસ કરમચંદ ગાંધીએ પોતાનાં કાર્યો અને લખાણો દ્વારા ભારતના ઈતિહાસમાં જ નહીં પણ દુનિયાના ઈતિહાસમાં વિશિષ્ટ સ્થાન મેળવ્યું છે. ભારતને સ્વતંત્ર કરવા ગાંધીજીની આગેવાની નીચે ત્રણ મોટી ચળવળો—આંદોલનો થયાં અસહાકારની ચળવળ સવિનય કાનૂનભંગની ચળવળ અને હિંદ-છોડો ચળવળ.

ગાંધીયુગની ચળવળો તેના કેટલાક વિશિષ્ટ લક્ષણોને કારણે નોંધપાત્ર બનેલી છે.

1. ગાંધીજીએ ભારતની સ્વતંત્ર ચળવળને મુઠ્ઠીભર શિક્ષિતો અને મધ્યમવર્ગની લડતમાંથી તેનો વ્યાપ વધારીને તેને છેવાડાના માણસ સુધી વિસ્તારી.
2. ગાંધીજીએ સમગ્ર લડતને અહિંસક સત્યાગ્રહને માર્ગે વાળીને,દુનિયાની સ્વતંત્ર ચળવળને દોરવણી આપી.
3. ચંપારણ અને ખેડા સત્યાગ્રહો દરમિયાન રાષ્ટ્રીય લડતમાં ગાંધીજીએ ખેડૂતોને સામેલ કરીને,ભારતની રાષ્ટ્રીય લડતને આમજનતા સુધી પહોંચાડી.લોકોએ તેમના માટેના માન અને આદરને લીધે, તેઓ મહાત્મા ગાંધી તરીકે જાણીતા થયા અને ભારતના રાષ્ટ્રપિતા ગણાયા.1920 થી ભારતના રાજકીય પંચ પર ગાંધીજીનો પ્રભાવ છવાઈ ગયો હતો.આથી ભારતના સ્વતંત્ર સંગ્રામના ઈ.સ.1920થી 1947ના ગાળાને ‘ગાંધીયુગ ‘કે ગાંધીયુગની ચળવળ ગણવામાં આવે છે.

13.5 *ગાંધીજીની વિચારધારા :*

શરૂઆતમાં ગાંધીજીની વિચારધારા પર ‘‘વૈષ્ણવ‘‘ તથા જૈન ધર્મની પરંપરાઓની વિશેષ અસર હતી. તેઓ શ્રીમદ્ ભગવદગીતાથી પણ ખૂબ પ્રભાવિત હતા.તે ઉપરાંત ઈશુ ખ્રિસ્તના ગિરીપ્રવચન ,ટૉલ્સટોય, થોરો તેમજ રશ્કિન જેવા ચિંતકોના લેખોથી પણ પ્રભાવિત હતા.છતાં તેમની વિચારધારાનો વિકાસ તેમના પોતાના વ્યક્તિત્વના અનુભવોનો હતો.

(1) સત્યાગ્રહ : ગાંધીજીની વિચારધારાનો મુખ્ય ભાગ ''સત્યાગ્રહ હતો.આ રીત ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં અપનાવી અને વિકસાવી હતી. પરંતુ ૧૯૧૯ પછીના ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રમમાં પણ તેનું ખૂબ જ મહત્ત્વ હતું. ગાંધીજીના મત પ્રમાણે હિંસા આચારવાને બદલે સત્યાગ્રહના પ્રયોગમાં પોતે કષ્ટ સહીને એ રીતે કરવો જોઈએ કે શત્રુને આપણી વાત સ્પષ્ટ કરતા લખ્યું છે કે :'' શાંત વિરોધ એક નબળી વ્યક્તિનું શસ્ત્ર છે, જેમાં હિંસા અને શારીરિક શક્તિનો પ્રયોગ પોતાના ઉદ્દેશ્યની પૂર્તિ માટે કરવામાં આવે છે, જયારે સત્યાગ્રહ તો શક્તિશાળી વ્યક્તિ નું શસ્ત્ર છે અને છતાં તેમાં કોઈ પણ પ્રકારની હિંસાનો પ્રયોગ થતો નથી.''

હકીકતમાં ગાંધીજી માટે સત્યાગ્રહ માત્ર એક રાજનૈતિક શસ્ત્ર નહોતું પરંતુ, તેમના જીવનદર્શન અને સિદ્ધાંતોના વ્યવહારનું એક જ અંગ હતું.ગાંધીજીએ શ્રદ્ધા હતી કે , માનવજીવનનું અંતિમ લક્ષ સત્યની ખોજ છે, કોઈ પ્રકારે સિધ્ધકરવું જોઈએ.

(2) અહિંસા સત્યાગ્રહનો આધાર અહિંસા હતો ગાંધીજીના મતે ''જયારે કોઈ વ્યક્તિત્વ અહિંસાત્મક હોવાનો દાવો કરે છે,ત્યારે તેની પાસેથી એવી અપેક્ષા રખાય છે કે,જયારે કોઈ તેને હાની પણ પહોચાડે તો તેને ગુસ્સો પણ ન આવે,તેને બુરું પણ ઈચ્છતો ન હોય ઉલટાનું ભલું જ ઈચ્છતો હશે અને તેને કોઈ પણ પ્રકારે શારીરિક કષ્ટ પણ પહોચાડશે નહિ. તેનું ખરાબ કરવાવાળા તેને કોઈ પણ પ્રકારની હાની પહોચાડશે તો, તે સહન કરી લેશે.આમ અહિંસા એટલે તદ્દન ભોળપણ અને કોઈની પણ પ્રત્યે બુરી ભાવના રાખવાનો સંપૂર્ણ અભાવ એમ અર્થ કરી શકાય.''(સત્યના પ્રયોગો).

ગાંધીજીએ એ બાબત પર ભાર દીધો કે, સાધારણ વ્યક્તિએ પોતાના રાજનૈતિક ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવા માટે અહિંસાત્મક સત્યાગ્રહનો ઉપયોગ કરવો જોઈએ,પરંતુ ગાંધીજીના કેટલાક નિર્ણયો એવા પણ હતા કે જેમાં પૂર્ણ અહિંસાનો અભાવ હતો.તેમણે વારંવાર એ વાત પર ભાર મુક્યો કે,અન્યાયની સામે કાયરતા બતાવવાને કારણે હિંસા બતાવવી બહેતર છે આનો એક દાખલો ઈ.સ.૧૯૧૮માં યુદ્ધમાં ગાંધીજીએ ભારતીયોને ભરતી કરવાના સરકારી પ્રયત્નોમાં આપેલા સહકારને ગણાવી શકાય.આમ જુઓ તો યુદ્ધમાં ભાગ લેવાનો વિચાર અહિંસાના સિદ્ધાંતથી વિપરીત જ હતોપરંતુ ગાંધીજીએ એવી આશાથી અંગ્રેજ સરકારને અસહકાર આપવા કહ્યું કે,યુદ્ધ પુરતું થયું તે ભારતના લોકોને કેટલીક સવલતો આપશે.

વ્યક્તિગત સ્તરે સત્યાગ્રહ અનેક સ્વરૂપ ધારણ કરી શકતો હતો.જેમ કે ઉપવાસ ,અહિંસક ,ધરણા ,વિભિન્ન પ્રકારનો અસહયોગ,સવિનય અવજ્ઞા વગેરે અને સવિનય કાનૂન ભંગ. ગાંધીજીને સંપૂર્ણ શ્રદ્ધા હતી કે તે સાચા ઉદ્દેશ્યો માટેની સાચી રીત હતી.

(3) ધર્મ : ગાંધીજીની વિચારધારાની ચર્ચા કરતી વખતે તેમનો ધર્મ પ્રત્યેનો દ્રષ્ટિકોણ જાણવો ઘણો જરૂરી છે.તેમણે માટે ધર્મ કોઈ એક વિશિષ્ટ ધાર્મિક સમુદાયની સૈધાંતિક વ્યાખ્યાપણ હતી, પરંતુ સમસ્ત ધર્મોમાં મૂળભૂત તત્વ સત્ય જ હતું.ગાંધીજીએ ધર્મની વ્યાખ્યા 'સત્ય માટેની લડત 'એવી કરી.તેમના મતે ધર્મને કોઈ એક વ્યક્તિઓની બધી જ

પ્રક્રિયાઓ તેમના કાર્યો પ્રભાવિત કરે છે ગાંધીજીએ 'ખિલાફત ' ના પ્રશ્ન ને લડતનો મુદ્દો બનાવ્યો અને તેથી મુસલમાનોને અંગ્રેજ શાસનની, વિરૂધ્ધની લડતમાં જોડી શકાય.પરંતુ ગાંધીજીએ 'રામરાજ્ય'વગેરે જે ધાર્મિક વિચારોનો પ્રયોગ રાષ્ટ્રીય આંદોલનમાં કર્યો તેનાથી કોઈ કોમવાદનો પ્રશ્ન ઉકલી શક્યો નહિ.

20મી સદીના પરિપ્રેક્ષ્યમાં આ પ્રકારનો વિચાર સ્વપ્નદર્શી અને પ્રગતિવિરોધી લાગે છે,પરંતુ હકીકતમાં ગાંધીજીના વિચાર ગરીબ ખેડૂતોપર અને મજૂરો પર મોટા પાયાના આધુનિકરણના નબળી અસર વિશેના હતા.આગળ ઉપર તેમણે પોતાના સામાજિક તેમજ આર્થીક વિચારોને નિશ્ચિતરૂપ અને દિશા આપી.તેમાં ગાંધીજીએ ખાદી,ગામડાનું પુનર્ગઠન તથા હરીજન કલ્યાણના કાર્યક્રમો પણ સામેલ કર્યા. એ નિઃશંક છે કે, આવા 'રચનાત્મક ' કાર્યક્રમોથી અમુક હદ સુધી તેમની સ્થિતિ સુધારવામાં ગાંધીજી સફળ રહ્યા. સૌથી વધુ મહત્ત્વ નું એ હતું કે આ કાર્યક્રમોના માંડ્યામથી ગાંધીજીએ દેશના સામાજિક તેમજ આર્થિક સુધારાઓ અંગે ચેતના જાગ્રત કરી.

(5) સ્વદેશી :ગાંધીજીએ સ્વદેશીનો ખૂબ પ્રચાર કર્યો.તેનો અર્થ હતો પોતાના જ દેશમાં બનેલી ચીજોનો ઉપયોગ દા.ત.ઈગ્લેન્ડ માંથી મશીનમાં બનેલા કપડાને બદલે ખાદીની વપરાશ કરવી.તેમના મતે સ્વદેશની ભાવના વિસ્તૃત થાય તો ખેડૂતોપોતાની ગરીબી દુર કરી શકે કારણકે, કાન્તન કરીને પોતાની કામનીમાં વધારો કરી શકે.આમ પણ વિદેશી કાપડની વપરાશમાં ઘટાડીને ઈંગ્લેન્ડ તરફ ઢસડાઈ જતા ભારતીય ધનમાં ઘટાડો કરી શકાય.

ગાંધીજી પાશ્ચાત્ય ઔધોગિક વિરોધી હતા પરંતુ ભારતમાં વધતા રાષ્ટ્રીય ઉદ્યોગોના જરા પણ વિરોધી ન હતા. ગાંધીજીએ અંબાલાલ સારાભાઈ ,જી.ડી.બિરલા જેવા ઉદ્યોગપતિઓની સાથે નિકટતા બાંધી તેઓ માનતા હતા કે, મુડીપતિઓએ મજૂરો ના ત્રષ્ટિ ના રુપમાં કામ કરવું જોઈએ. ગાંધીજીએ વર્ગ ના આધારે મજૂરોમાં રાજનૈતિક જાગૃતિ પેદા કરવાનો પ્રયાસ કર્યો ન હતો.વર્ગ સંઘર્ષના તેઓ વિરોધી હતા.આમ,ગાંધીજીના આગમનથી ભારતીય રાજકારણમાં 'જનતાના આંદોલનો 'નો યુગ શરૂ થયો.શરૂઆતમાં ગાંધીજીએ માત્ર સ્થાનિક સમસ્યાઓ વિષે પ્રવૃત્તિ કરી અને તેના માધ્યમથી રાષ્ટ્રીય નેતૃત્વ હાંસલ કર્યું.

13.6 *અસહકારની ચળવળ :*

પ્રથમ વિશ્વયુદ્ધમાં ભારતે ઈંગ્લેન્ડને સૈનિકો,સાધનો ,શસ્ત્રો, નાણાં વગેરે ઘણી મદદ કરી હતી. મિત્રરાજ્યોના વિજયમાં ભારતનો નોંધપાત્ર ફાળો હતો.તેથી યુદ્ધ બાદ ભારતને 'સાંસ્થાનિક સ્વરાજ્ય'મળશે એવી ઘણા નેતાઓને આશા હતી ,પરંતુ એ આશા ફળીભૂત થઈ નહિ. આથી ભારતના લોકો અને નેતાઓ નિરાશ થયા.

પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન સરકારે યુદ્ધ પ્રયાસોને નુકસાન કરે કે ખૂનામરકી તરફ લઈ જાય તેવી પ્રવૃત્તિઓ સામે 'હિંદ સંરક્ષણ ધારો ' ઘડ્યો હતો. ભારતના લોકોએ તેનો વિરોધ કર્યો ન હતો.વિશ્વયુદ્ધ પૂરું થયા બાદ છ મહિને 'હિંદ સંરક્ષણ ધારાની'મુદ્દત પૂરી થતી હોવાથી,ક્રાંતિકારી ચળવળને કચડી નાખવા માટે સરકારે રોલેટ ધારો ઘડ્યો.

(1) રોલેટ કાયદો (ઈ.સ.1917):

અંગ્રેજ સરકારે રોલેટ ઍક્ટ પસાર કરવાનો નિર્ણય કર્યો ત્યારે ગાંધીજીએ રાષ્ટ્રીય રાજનીતિમાં સક્રિય રીતે ભાગ લેવાનો નિર્ણય લીધો.

ઈ.સ.1917માં ભારતની અંગ્રેજ સરકારે જસ્ટિસ સિડની રોલેટના પ્રમુખપણા હેઠળ, એક સમિતિ બનાવી તેનો ઉદ્દેશ્ય ક્રાંતિકારીઓના કાર્યોની તપાસ કરીને અને તેમના દમન માટેનો કાયદો બનાવવાનો હતો.રોલેટ સમિતિના સૂચનોને ધ્યાનમાં લીધા પછી,ભારતીય સરકાર સમક્ષ ૬ ફેબ્રુઅરીએ,૧૯૧૯ના દિવસે બે પ્રસ્તાવ રજૂ કર્યા.એમાં અપરાધીઓ પર મુકદ્દમો ચલાવવા માટે એક વિશેષઅદાલતની રચના થવાની હતી,તેમાં ત્રણ હાઈકોર્ટના ન્યાયાધીશો બેસવાના હતા.આ ન્યાયાલયના નિર્ણયની વિરુદ્ધ અપીલની ક્યાય જોગવાઈ ન હતી.વળી તેને કાર્યવાહી પણ બંધારણે ચલાવવાની હતી.જાહેર સુનવણી નહોતી થવાની કોઈપણ વ્યક્તિને આ કાનૂન હેઠળ ગમે ત્યારે વોરંટ વગર જ પકડી શકાય કે, તેની તપાસ કરી શકાય તેવી સત્તા હતી.કેસ ચલાવ્યા વગર જ કોઈ વ્યક્તિને બે વર્ષ સુધી જેલમાં રાખી શકાતી.

રોલેટ એક્ટનો વિરોધ :-

1. આ ખરડાની સમગ્ર દેશમાં ખૂબ ટીકા થઇ.ગાંધીજી એ તેની વિરુદ્ધ ચળવળ શરૂ કરી.તેમણે કહ્યું કે આ એવો દમનકારી ખરડો છે, જે બધા જ ખરડાઓનો છેદ ઉડાડી દે છે. 24મી જાન્યુઆરી 1919ને દિવસે મુંબઈ માં આ ખરડાના વિરોધમાં ગાંધીજીએ એક સત્યાગ્રહ સભાનું આયોજન કર્યું.એ સભાના સભ્યોએ શપથ લીધા કે નિર્ણયને સભાજનો વળગી રહેશે અને સભ્ય રીતે આ ખરડાનો વિરોધ કરશે અને સત્યના માર્ગે ચાલીને કોઈ પણ પ્રકારની હિંસાથી દૂર રહેશે.સત્યાગ્રહ આંદોલનો આરંભ કરતા ગાંધીજીએ કહ્યું 'મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આપણે દુ:ખો સહન કરીને જ મુક્તિ પ્રાપ્ત કરવાની છે અને નહિ કે અંગ્રેજો દ્વારા આપેલાં સુધારાઓથી.તેઓ ક્રૂરશક્તિ અજમાવે છે,જયારે આપને આત્માની શક્તિ ."
2. સમગ્ર દેશમાં વિરોધી વાતાવરણ હોવા છતાં, સરકારે પોતાના નિશ્ચયમાં મક્કમ રહી, બધા બિનસરકારી સભ્યોએ તેની વિરુદ્ધમાં મત આપ્યો હોવા છતાં સમિતિએ ખરડો તો પસાર કરી જ દીધો.21મી માર્ચ,1919ના દિવસે વાઈસરોય તેને પોતાની સંમતિ આપી દીધી.આ સમયે કોગ્રેસના કેટલાક મવાળ નેતાઓએ ગાંધીજીને શરૂ કરેલા સત્યાગ્રહનો વિરોધ કર્યો.એની બેસન્ટે પણ સત્યાગ્રહનો વિરોધ કર્યો. તેમણે એમ લાગ્યું કે, હમણાં દાખલ કરાયેલા સુધારાઓના સત્યાગ્રહનું સમર્થન કર્યું.વાસ્તવમાં દેશના વિવિધ ભાગોમાંથી લીગના યુવાન વર્ગ જ આગળ આવ્યો.કેટલાક મુસ્લિમોએ ગાંધીજીને ટેકો આપ્યો.મહમદઅલી ઝીણાએ પણ રોલેટ એક્ટનો વિરોધ કર્યો અને સરકારને ચેતવણી આપી કે જો તે ભારતની જનતા ઉપર 'કાયદા-વિહીન કાયદો'ઠોકી બેસાડશે તો તેનું પરિણામ ભયંકર આવશે.
3. સત્યાગ્રહનો આરંભ કરવા ગાંધીજીએ દેશવાસીઓને હડતાલ એલાન આપ્યું.જનતાએ ઉપવાસ કરવો, પ્રાર્થના કરવી અને શાંતિથી ખરડાનો વિરોધ કરવો.

પહેલા હડતાલની તારીખ 30 માર્ચ રાખી હતી.પછીથી તેને બદલી 6 એપ્રિલ કરવામાં આવી જુદા જુદા વિસ્તારોમાં અને નગરોમાં હડતાલને સફળતા મળી.દિલ્હીમાં તો 30મી માર્ચે જ હડતાલ પડી ગઈ અને પોલીસની ગોળીથી 10 વ્યક્તિ મૃત્યુ પામી.બીજા મોટા નગરોમાં 6 એપ્રીલે હડતાલ પડી અને જનતાએ વ્યાપક સંપૂર્ણ સહકાર આપ્યો.ગાંધીજીએ હડતાલને સંપૂર્ણ સફળ થયેલી ગણાવી.

4. 8મી તારીખે ગાંધીજી મુંબઈથી દિલ્હી અને પછી પંજાબના પ્રવાસે નીકળ્યા.સરકારને લાગ્યું કે, ગાંધીજીનું પંજાબમાં આગમન ખતરનાક પુરવાર થઈ શકે છે. તેથી દિલ્હી નજીક ગાંધીજીને ગાડીમાંથી ઉતારી ફરી મુંબઈ મોકલી આપ્યા.તરત જ ગાંધીજીની ધરપકડના સમાચાર આખાયે દેશમાં ફેલાઈ ગયા.મુંબઈમાં પણ સ્થિતિ તંગ થઈ ગઈ અને અમદાવાદમાં અને વિરમગામમાં તો તોફાનો પણ થયાં.અમદાવાદમાં સરકારને માર્શલ લો જાહેર કરવો પડ્યો.

   સહુથી વધારે હિંસક તોફાનો પંજાબમાં અને ખાસ કરીને અમૃતસરમાં થયા.જયારે ગાંધીજીની ધરપકડના સમાચાર ત્યાં પહોંચ્યા કે તરત સ્થાનિક નેતાઓ ડૉ.કીચલું તથા ડૉ. સત્યપાલને પણ પકડવામાં આવ્યા (10 એપ્રિલ)હવે જનતા હિંસા તરફ વળી કયાંક અધિકારી કચેરીઓને આગ ચાંપવામાં આવી. પાંચ અંગ્રેજોની હત્યા થઈ અને અંગ્રેજ મહિલા સાથે અસભ્ય વર્તાવ પણ થયો.

(2) જલિયાવાલા બાગનો હત્યાકાંડ (13 એપ્રિલ 1919)

1. સરકારના દમનનો વિરોધ કરવા તથા મૃત્યુ પામેલાઓને અંજલિ આપવા 13 એપ્રિલ 1919ના રોજ અમૃતસરમાં આવેલા જલિયાવાલા બાગમાં એક જાહેરસભા ભરવામાં આવી.તેમાં આશરે દસ હાજાર ઉપરાંતની મેદની મળી હતી. એકાએક જનરલ ડાયર તેના 90 સૈનિકો અને મશીનગન સાથે ત્યાં આવી પહોંચ્યા .જલિયાવાલા બાગની ચારે બાજુ દીવાલ હતી.માત્ર સાંકડી શેરીમાં જ દરવાજો હતો. દરવાજાના ભાગમાં જનરલ ડાયર સિપાહીઓને મશીનગન સાથે ગોઠવી દીધા. સભાનું કામએકદમ શાંતિથી ચાલતું હતું,ત્યાં વિખેરવાની ચેતવણી આપ્યા વગર સૈનિકોને ગોળીબાર કરવાનો તેને હુકમ આપ્યો. બધી કારતૂસો ખલાસ થઈ જતા ડાયર પાછો ફર્યો. દસ મિનિટમાં 1650 જેટલા રાઉન્ડ છોડાયા તેમાં આશરે એક હજાર માણસો માર્યા ગયા અને લગભગ 2000 જેટલા ઘવાયા. આ સમાચાર જાણીને આખા દેશના લોકો ખળભળી ઉઠયા.આ હત્યાકાંડ પછી પણ સરકારનો જુલમ ચાલુ જ રહ્યો. લોકોને જાહેરમાં ફટકા મારવામાં આવ્યા,પેટે ચલાવવામાં આવ્યા તથા પોલીસથાને હાજરી પુરાવવા 16 માઈલ પગપાળા જવાની ફરજ પાડી. વળી,હુલ્લડ કરવાના આરોપસર ફાંસીની સજા અને 36ને દેશનિકાલની સજા કરવામાં આવી.

2. કત્લેઆમના સમાચાર દેશભરમાં ફેલાતા હાહાકાર મચી ગયો.કવિવર રવીન્દ્રનાથ ટાગોરે આ હત્યાકાંડના વિરોધમાં પોતાને સરકાર તરફથી મળેલો 'નાઈટ' નો ઈલ્કાબ પાછો મોકલ્યો.સર શંકરન નાયરે વાઈસરોયની કારોબારીમાંથી રાજીનામું આપ્યું.આખરે સરકારે 7 મહિના પછી આ બનાવની તપાસ કરવા 'હંટર કમિટી' ની

નિમણૂક કરી.હંટર કમિટીએ આ હત્યાકાંડને છાવરી લેવાનો પ્રયત્ન કર્યો.જનરલ ડાયરને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યો,પરંતુ તેના આ હિચકારી કૃત્યને 'પરિસ્થિતિને' સમજવામાં થયેલી પ્રમાણિક ભૂલ ગણાવીને સમગ્ર હત્યાકાંડને છાવરી લેવામાં આવ્યો. હન્ટર કમિટીની સામે કોગ્રેસે ગાંધીજીના પ્રમુખપદે પણ પોતાની તપાસ સમિતિ નીમી. આ સમિતિએ આ સમગ્ર બનાવને નિર્દોષ, શાંત, બિનહથિયારધારી લોકો-બાળકો અને સ્ત્રીઓ સુદ્ધાની ગણતરીપૂર્વકની હત્યા ગણીને વખોડી કાઢ્યો ,પરંતુ સરકારે તે તરફ કશું ધ્યાન આપ્યું નહિ.

3. આ બનાવ માટે જનરલ ડાયરની ઉલટ તપાસ કરવામાં આવી. ત્યારે તેને નફફટ રીતે કહ્યું કે 'મારી પાસે વધારે કારતૂસ હોત તો હજુ વધારે ગોળીબાર કરાવત.સરકારનો હેતુ પંજાબમાં ભય અને અરેરાટી ફેલાવવાનો હતો.''એનો સખત વિરોધ થયો તેથી જનરલ ડાયરને રાજીનામું આપવું પડ્યું.

ઉધમસિંહ નામના એક શીખ ક્રાંતિકારીએ ઈંગ્લેન્ડ માં જઈ ડાયરની હત્યા કરી.

(3) ખિલાફતનો પ્રશ્ન (ઈ.સ.1919):

પ્રથમ વિશ્વયુદ્ધમાં તુર્કિસ્તાન બ્રિટન વિરુદ્ધ જર્મની અને ઓસ્ટ્રિયાના પક્ષે જોડાયું હતું.ભારતના મુસ્લિમો તુર્કિસ્તાન સુલતાનને પોતાના ધર્મિક નેતા ખલીફા માનતા હતા.એટલે સ્વાભાવિક રીતે તેમની સહાનુભૂતિ તુર્કિસ્તાન પ્રત્યે હતી યુદ્ધની સમાપ્તિ બાદ બ્રિટન ખલીફાને સત્તાએથી પદભ્રષ્ટ કર્યો. આથી ખલીફાને ફરી તેના સ્થાન પર સ્થાપિત કરવા માટે હિંદના મુસ્લિમોએ 'ખિલાફત ચળવળ 'શરૂ કરી.અલીભાઈઓના નામથી જાણીતા મૌલાના અહમદઅલી અને મૌલાના શોકતઅલી તથા અબ્દુલ કલામ આઝાદ આ ચળવળના નેતાઓ હતા.

અલ્હાબાદ મુકામે કેન્દ્રીય ખિલાફત સમિતિની બેઠક મળી.તેમાં ખિલાફત તેમજ કોંગ્રેસના ઘણા નેતાઓએ હાજરી આપી.આ બેઠકમાં સરકાર સામે નીચે પ્રમાણેના અસહકારનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો.

1.સરકારે આપેલા ખિતાબોનો બહિષ્કાર.

2.સરકારની દીવાની,પોલીસ અને લશ્કરી સેવાઓનો બહિષ્કાર.

3. સરકારને કરવેરા આપવાનો ઈકાર.

લડત શરૂ કરવા માટે 1લી ઓગસ્ટ 1920 નક્કી કરવામાં આવી ,ગાંધીજીએ આગ્રહ રાખ્યો કે ,પંજાબ અને ખિલાફતના અન્યાયને નાબુદ ન થાય ત્યાં સુધી સરકાર સામે અસહકાર ચાલુ રાખવો.આમ છતાં ખિલાફત ચળવળની સફળતા માટે કોંગ્રેસનો ટેકો અનિવાર્ય હતો.આથી ગાંધીજીએ કોંગ્રેસ અસહકારનો કાર્યક્રમ અપનાવે તેવા પ્રયાસો શરૂ કર્યા.(ડો.ધારૈયા)

(4) અસહકાર આંદોલન સ્વતંત્રતા માટેની લડત ઈતિહાસમાં એક ખરેખર સીમાચિન્હ રહ્યું. રોલેટ કાયદાના તથા મોન્ટેગ્યું –ચેમ્સફર્ડ સુધારાનાં અમલે,જલિયાવાલા બાગની કતલે અને ખિલાફાતના પ્રશ્ને અસહકારનાં આંદોલનની ભૂમિકા બાંધી.

ગાંધીજી ખિલાફિતના પ્રશ્નનો ઉપયોગ કરીને બ્રિટિશ સરકાર સામે હિંદુ-મુસ્લિમની સંયુક્ત લડત ચલાવવા માંગતા હતા. રાષ્ટ્રીય લડત સાથે ખિલાફતના પ્રશ્ને જોસવા સામે શરૂઆતમાં કેટલાક કોંગ્રેસ નેતાઓએ વાંધો લીધો, પરંતુ ગાંધીજીએ તેમને સંયુક્ત રીતે સરકાર સામે લડત ચલાવવા માટે સમજાવી લીધા.

ઈ.સ.1920માં કલકત્તામાં મળેલા કોગ્રેસના ખાસ અધિવેશનમાં અહિંસક ચળવળ શરૂ કરવાનો ઠરાવ ગાંધીજીએ રજૂ કર્યો.તે ઠરાવ 9મી સપ્ટેમ્બરે જંગી બહુમતીથી પસાર કરવામાં આવ્યો.ડિસેમ્બર 1920માં નાગપુર ખાતે મળેલા કોગ્રેસના અધિવેશનમાં આ ઠરાવને પ્રચંડ બહુમતીથી મંજૂર કરવામાં આવ્યો.ગાંધીજીની નેતાગીરી નીચે અસહકારની ચળવળ શરુ કરવામાં આવી.અહીંથી રાષ્ટ્રીય કોંગ્રેસ પર ગાંધીજીનું વર્ચસ્વ સ્થાપ્યું.

(અ) અસહકાર ચળવળનો કાર્યક્રમ:

ધારાસમિતિમાંથી રાજીનામાં ,સરકારી વકીલાતનો ત્યાગ ,શિક્ષણનું રાષ્ટ્રીયકરણ, આર્થિક બહિષ્કાર ,રાષ્ટ્રીય સેવા માટે કાર્યકરોનું સંગઠન ,રાષ્ટ્રીય ભંડોળની સ્થાપના ,હિંદુ-મુસ્લિમ એકતા વગેરેના કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યા. કોંગ્રેસ સંગઠનમાં પણ ક્રાંતિકારી પરિવર્તન કરવામાં આવ્યું.કોંગ્રેસને આમજનતાની પ્રતિનિધિ સંસ્થા બનાવવામાં આવી.ગાંધીજી સત્યાગ્રહના નવીન શસ્ત્ર સાથે કોંગ્રેસના લોકનેતા તરીકે પ્રકાશમાં આવ્યા.

અસહકારની લડતના મુખ્ય બે પાસા હતા :(અ) રચનાત્મક અને (બ) નકારાત્મક

રચનાત્મક પાસાઓમાં નીચેની બાબતોનો સમાવેશ થતો હતો.

1. શિક્ષણનું રાષ્ટ્રીયકરણ
2.સ્વદેશી વસ્તુઓને ઉત્તેજન
3. ચરખા અને ખાદીને લોકપ્રિય બનાવવા
4. સ્વયંસેવકદળની ભરતી

1. સરકારી અદાલતોનો બહિષ્કાર
2. સરકારી શિક્ષણ સંસ્થાઓનો બહિષ્કાર
3.ધારાસભાની ચૂંટણીઓનો બહિષ્કાર
4. સરકારી સમારંભોનો બહિષ્કાર
5. બ્રિટિશ ચીજ વસ્તુઓ તથા બ્રિટિશ સરકાર તરફથી અપાયેલા ખિતાબો-માનચાંદોનો બહિષ્કાર

(બ) અસહકારના આંદોલનના મુખ્ય તબક્કાઓ :

1921 ની શરૂઆતમાં ભારે ઉત્સાહ વચ્ચે અસહકાર અને બહિષ્કારની લડત શરુ થઈ.

1 જાન્યુઆરીથી માર્ચ 1921 સુધીના તબક્કામાં શાળા, કૉલેજો, અદાલતો, વગેરેના ત્યાગ તથા ચરખાના ઉપયોગ પર ભાર મુકાયો. વિદ્યાર્થીઓમાં પ્રબળ અસંતોષ ફેલાયો અને પ્રથમ પંક્તિના વકીલો ચિતરંજદાસ તથા મોતીલાલ નેહરુએ પોતાની વકીલાત છોડી દીધી.

2 આ પછી એપ્રિલ,1921થી લડતનો બીજો તબક્કો શરુ થયો. તેમાં તિલક સ્વરાજ્ય ભંડોળમાં ઓગસ્ટ 1921 સુધીમાં રૂપિયા એક કરોડ એકત્રિત કરવાનું, કોંગ્રેસનાં એક કરોડ સામાન્ય સભ્ય બનાવવાનું તથા 30,જૂન સુધીમાં 20 લાખ ચરખા ચાલુ કરવાનું ધ્યેય રાખવામાં આવ્યું.

3 જુલાઈ 1921થી શરુ થતા ત્રીજા તબક્કામાં વિદેશી કાપડ તથા નવેમ્બેર 1921મા ઈંગ્લેન્ડના પાટવી કુંવરની ભારતની મુલાકાતનો બહિષ્કાર કરવાનો અને ચરખા તેમજ ખાદીની લોકપ્રિય બનાવવાનો તથા કોંગ્રેસ સ્વયંસેવકો મારફતે જેલ ભરો આંદોલનો કાર્યક્રમ આપવાનો નિર્ણય લેવાયો.

4 નવેમ્બર 1921ના છેલ્લા તબક્કામાં ઉદ્દામવાદ તરફનો જોક વધ્યો. કોંગ્રેસ સ્વયંસેવકોએ લોકોને લડતમાં જોડ્યા. અને દેશમાં બળવો થવાની શક્યતા વધી. ગાંધીજીએ બારડોલીમાં નાકર લડત શરુ કરવાનો તથા વાણીસ્વાતંત્ર્ય, અખબારી સ્વતંત્ર અને સભા યોજવાના સ્વાતંત્ર્ય માટે સામૂહિક લડત ચલાવવાનો નિર્ણય કર્યો પરંતુ ઉત્તર પ્રદેશના ગોરખપુર જીલ્લાના ચૌરીચૌરા ગામે જયારે ગુસ્સે ભરાયેલા લોકોએ 5, ફેબ્રુઆરી 1922ના રોજ પોલીસ સ્ટેશન હિંસક હુમલો કરી ત્યાર પછી આખી પરિસ્થિતિ પલટાઈ ગઈ. ગાંધીજીને આ હિંસક બનાવથી આઘાત લાગ્યો અને તેમની લડત પાછી ખેંચી લેવાનો નિર્ણય જાહેર કર્યો.

(ક) લડત અંગે લોકોનો પ્રતિભાવ :

અસહકારની લડતના પ્રાથમિક તબક્કામાં નેતાગીરી મધ્યમવર્ગના હાથમાં હતી, પરંતુ ગાંધીજીના કાર્યક્રમ વિષે મધ્યમવર્ગમાં ઘણી દ્વિધા હતી. કલકત્તા, મુંબઈ, મદ્રાસ વગેરે જેવા બુદ્ધિજીવી રાજકારનીઓના કેન્દ્રોમાં ગાંધીજીની લડતને મર્યાદિત સાથ મળ્યો હતો. સરકારી નોકરીમાંથી ત્યાગપત્ર, ખિતાબનો ત્યાગ વગેરેને લગાતો આ કેન્દ્રોનો પ્રતિભાવ ઉત્સાહજનક ન હતો. આમ છતાં આર્થિક બહિષ્કારના મુદ્દાને ભારતના વેપારીવર્ગ તરફથી સારો સાથ મળ્યો. કારણ કે, રાષ્ટ્રવાદીઓએ સ્વદેશી પર મુકેલા ભારથી ભારતના કાપડ ઉદ્યોગને સારો એવો લાભ થયેલો હતો. તો પણ મોટા ઉદ્યોગોનો એક વિભાગ અસહકારને લડતનો ટીકાકાર પણ રહ્યો, કારણ કે અસહકારને લડતથી મિલો કારખાનાઓમાં મજૂરોનું અંદોલન ફેલાશે તેવો તેમને ભય લાગ્યો. બુદ્ધિજીવી રાજકારણીઓ ઉપરાંત ભારતીય રાજકારણમાં પ્રવેશેલાં નવા નેતાઓને ગાંધીજીની લડતમાં પોતાની અપેક્ષાઓની અભિવ્યક્તિ લાગી. બિહારમાં રાજેન્દ્રપ્રસાદ તથા ગુજરાતમાં સરદાર વલ્લભભાઈ પટેલે ગાંધીજીની લડતને સંપૂર્ણ સાથ આપ્યો. અસહકારના આંદોલનને વિદ્યાર્થીઓ તથા સ્ત્રીઓનો અસરકારક પ્રતિભાવ મળ્યો. હજારો વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓ અને કોલેજો છોડી દઈને રાષ્ટ્રીય શાળાઓ તથા કોલેજોમાં જોડાયા. નવી સ્થપાયેલી રાષ્ટ્રીય વિદ્યાપીઠો – કાશી વિદ્યાપીઠ, ગૂજરાત વિદ્યાપીઠ તથા દિલ્હીની જામિયા મીલીયા ઈસ્લામિયાએ ઘણા વિદ્યાર્થીઓને સમાવી લીધા. વિધાર્થીઓ લડતના સક્રિય કાર્યકરો બન્યા. સ્ત્રીઓએ પણ લડતમાં આગળ પડતો ભાગ લીધો. તેઓએ પડદાનો ત્યાગ કર્યો અને પોતાના દાગીના પણ તિલક ભંડોળમાં

આપ્યા. સ્ત્રીઓ મોટી સંખ્યામાં લડતમાં જોડાઈ અને તેઓએ પરદેશી કાપડ વેચાતી દુકાનો તેમજ દારુના પીઠા પરના પિકેટિંગમાં ખૂબ જ સક્રિય ભાગ લીધો.

ખેડૂતોઅને મજૂરોએ પણ આ લડતમાં મોટી સંખ્યામાં ભાગ લીધો, એ આ લડતનું સૌથી અગત્યનું સીમાચિહ્ન કહેવાય. સખત કામ કરતા ખેડૂતોતથા મજૂરો ને બ્રિટિશ સરકાર તેમજ પોતાના ભારતીય માલિકો વિરુદ્ધ પોતાની લાંબા વખત ની ફરિયાદો અને લાગણીઓ રજૂ કરવાની તક આ લડત મારફતે મળી. ગ્રામ્ય વિસ્તારો અને અન્ય કેટલાક સ્થળોએ ખેડૂતોએ જમીનદારો અને વ્યાપારીઓ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો.

(૬) લડતનો ફેલાવો – લડતનું સ્વરૂપ :

અસહકાર અને બહિષ્કારની લડત ને હિન્દુના જુદા જુદા પ્રદેશો માંથી ઘણો સારો પ્રતિભાવ મળ્યો. 1921 અને 1922ના વર્ષોમાં ભારતમાં બ્રિટિશ શાસન સામે લોકોએ આ લડત મારફતે પ્રચંડ સામુદાયિક વિરોધ વ્યક્ત કર્યો. આમ છતાં સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે લડતનું સ્વરૂપ ભિન્ન ભિન્ન હતું. આ લડત મારફતે લોકોએ પોતાની સ્થાનિક મુશ્કેલીઓ પણ વ્યક્ત કરી હતી.

(1) બંગાળ: બંગાળમાં ગાંધીવાદી પધ્ધતિ મુજબનું લડતના લોકોમાં ઝાઝો ઉત્સાહ ન હતો. આમ છતાં અસહકારની લડતથી શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં અજોડ જાગૃતિ આવી તથા કોમી એકતા સ્થપાઈ. હડતાલો અને સામુદાયિક ધરપકડોએ બ્રિટિશ સરકારને હિંદુ પ્રત્યે પોતાનું વલણ બદલવા ફરજ પાડી. સરકારી અહેવાલ પ્રમાણે ગ્રામ્ય વિસ્તારોમાં લડતનો વ્યાપક ફેલાવો થયો હતો. ગાંધીજીના નામે થતી લોક પ્રવૃત્તિથી સરકાર ધ્રુજી ઊઠી હતી. મિદનાપુર જીલ્લાના ગ્રામ્ય લોકોએ નવા સ્થપાયેલ સરકારી મંડળનું તથા તેમને નાખેલ કરોનું સખત વિરોધ કર્યો. ઉત્તર બંગાળના અમુક વિસ્તારોમાં લોકોએ સરકાર તથા જમીદારોને સામાન્ય કરવેરા તથા ખેતી પરના કર આપવાનો ઈંકાર કર્યો.

(2) ઉત્તર પ્રદેશ : ઉત્તર પ્રદેશ ગાંધીજીની અસહકારની લડતનું મજબૂત કેન્દ્ર હતું. શહેરી વિસ્તારોમાં અસહકારનું સંગઠિત આંદોલન કરવામાં આવ્યું. જયારે ગ્રામ્ય વિસ્તારોમાં તેનું સ્વરૂપ જુદું હતું. આ વિસ્તારોમાં કિસાન ચળવળમાં અસહકારની લડત ગૂંચવાઈ ગઈ.

(3) પંજાબ : પંજાબમાં શહેરી વિસ્તારોમાં લડતને પ્રતિભાવ ખાસ ઉત્સાહ પ્રેરક ન હતો. પરંતુ અત્રે ગુરુદ્વારાના અંકુશ તથા સુધારણા માટેની શક્તિશાળી અકાલી ચળવળ અસહકારના આંદોલન સાથે ઘનિષ્ઠ રીતે જોડાઈ ગઈ. આનાથી શીખો, હિંદુઓ તથા મુસ્લિમો વચ્ચે નોધપાત્ર કોમી એકતા સ્થાપાઈ.

(4) મહારાષ્ટ્ર : મહારાષ્ટ્રમાં અસહકારના પ્રમાણમાં ધીમો પ્રતિભાવ મળ્યો કારણ કે, લોકમાન્ય તિલકના અનુયાયીઓને ગાંધીજીને લડતના પધ્ધતિ પ્રત્યે ઉત્સાહ ન હતો આમ છતાં ક્યાંક ક્યાંક છૂટાછવાયા આંદોલનો થયા. નાસિક જીલ્લામાં માલેગાંવમાં અમુક સ્થાનિક નેતાઓની ધરપકડને પરિણામે થોડાક પોલીસોને જીવતા જલાવી દેવામાં આવ્યા.

પૂણે વિભાગમાં કેટલાક ખેડૂતોએ જમીનના પોતાના હક્કો સત્યાગ્રહ કરીને જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો. (5) આસામ : આસામના દૂરના પ્રાંતમાં અસહકારની લડતને ઘણો સારો પ્રતિભાવ સાંપડ્યો. આસામના ચાના બગીચાઓના મજૂરો એ વધારે મહેનતાણા તથા કામ માટેની સારી શાતોને માંગણી સાથે ''ગાંધી મહારાજની જય'' ના નારા સાથે બળવો પોકાર્યો. ખેડૂતોમાં ના-કરની લડત માટેની ભાવના જાગી.

(6) રાજસ્થાન : બિહાર અને ઉત્તર પ્રદેશના ખેડૂતોની લડતોની માફક રાજસ્થાનનાં રાજવી રાજ્યોમાં પણ ખેડૂતોની લડતોએ અસહકારના આંદોલનને અસરકારક બનાવ્યું. ખેડૂતોએ વેઠ અને વેઠ કરવા સામે વિરોધ કર્યો.

(7) આંધ્ર : આંધ્રમાં જંગલના કાયદા વિરુદ્ધની પહાડી પ્રદેશના તથા અન્ય સ્થળોના કિસાનોની લડત અસહકારના આંદોલન સામે જોડાઈ ગઈ. પોતાનો હક્ક સિદ્ધ કરવા ખેડૂતોએ ચરાવ વેરો આપ્યા વગર જબરદસ્તીથી પોતાના ઢોર જંગલમાં ચરવ માટે મૂક્યા. પાલંદ વિસ્તારના જંગલમાં સ્વરાજની ઘોષણા કરવામાં આવી અને પોલીસ પર હુમલા કરવામાં આવ્યા. આંધ્રમાં જમીન-મહેસૂલ નહિ આપવા માટેની વ્યાપક ચળવળ શરુ થઈ.

(8) કર્ણાટક : કર્ણાટક પ્રદેશમાં અસહકારની લડતની ખાસ અસર થઈ નહિ. મદ્રાસ પ્રાંતના અમુક પ્રદેશોના મધ્યમ, ઉપલા અને વેપારી વર્ગના લોકોનો લડત પ્રત્યેનો પ્રતિભાવ પણ મર્યાદિત હતો.

બીજા ઘણા પ્રદેશોમાં લડતને આ પ્રકારનો પ્રતિભાવ મળ્યો. જયારે ગુજરાતમાં અસહકારની લડત ચુસ્તપણે ગાંધીજીની જ પદ્ધતિ પ્રમાણે થઈ.

(ઈ) અસહકાર લડતનો અંતિમ તબક્કો.:

સરકારનું દમન અને ચૌરીચૌરાનો બનાવ:

1. જયારે લડત ખરેખર શરુ થઈ ત્યારે સરકારે દમનનો માર્ગ અપનાવ્યો. કોંગ્રેસ તથા ખિલાફત-ના સેવાદળના સંગઠનોને ગેર-કાયદેસર જાહેર કરવામાં આવ્યા. જાહેર સભાઓ અને જાહેર સરઘસો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. ઘણા સ્થળોએ પોલીસ સત્યાગ્રહીઓ પર ગોળીબાર કર્યા. ધરપકડો અને લાઠીચાર્જ બન્યા. 1921ના અંતે ગાંધીજી સિવાયના મુખ્ય નેતાઓની ધરપકડ કરવામાં આવી. હિંદુ-મુસ્લિમ એક્તાથી ચિંતિત બનીને સરકારે કોંગ્રેસ તેમજ ખિલાફત નેતાઓ વચ્ચે ફાટફૂટ પડાવવાના પ્રયાસો કર્યા. આમ લડતને દાબી દેવા માટે સરકારી તંત્રને એલર્ટ કરવામાં આવ્યું.

2. આ દરમિયાન ઇંગ્લેન્ડના પાટવીકુંવર પ્રિન્સ ઓફ વેલ્સનું ભારતમાં આગમન થયું. તેના બધા કાર્યક્રમોનો બહિષ્કાર કરવામાં આવ્યો. તેના આગમનના દિવસે (17 નવેમ્બર, 1921) સમગ્ર ભારતમાં હડતાલ પાડવામાં આવી. મુંબઈમાં ગાંધીજીએ એક જાહેર સભામાં વિદેશી કાપડની હોળી કરી.

3. સરકારી દમને રાષ્ટ્રીય લડતને વધારે તાકાતથી આગળ ધપાવવાના હિન્દીઓના નિર્ણયને મક્કમ બનાવ્યો. દરમિયાનમાં વાઈસરોય મદનમોહન માલવિયા મારફત કોંગ્રેસ નેતાઓ સાથે વાટાઘાટો કરવાના પ્રયાસો કર્યા અને રાષ્ટીય સ્વયંસેવક દળને માન્યતા આપવાની તથા રાજકીય કેદીઓને છોડી મુકવાની ઈચ્છા દર્શાવી. જાન્યુઆરી, 1922ના

મધ્યમાં ગાંધીજીએ સર્વપક્ષીય પરિષદ સમક્ષ અસહકારના આંદોલનની પરિસ્થિતિ સમજાવી. તેમના તારણો પરત્વે સભ્યોમાં લગભગ સર્વસંમતી હતી. ગાંધીજીએ 1લી ફેબ્રુઆરી, 1922નારોજ વાઈસરોયને આખરીનામું મોકલ્યું કે જો રાજકીય કેદીઓને છોડવામાં નહિ આવે અને દમનકારી પગલા પાછા ખેચી લેવામાં નહિ આવે તો તે સામૂહિક કાનૂનભંગની લડત શરુ કરશે. આખો દેશ આવી લડત માટે સુસજ્જ ન હોવાને કારણે ગાંધીજીએ તેને 5મી ફેબ્રુઆરીએ માત્ર બારડોલી તાલુકામાં શરુ કરવાનો નિર્ણય લીધો. દરમિયાનમાં ઉત્તર પ્રદેશના ગોરખપુર જીલ્લાના ચૌરીચૌરા ગામે પોલીસે કોંગ્રેસ સ્વયંસેવકો પર ગોળીબાર કર્યો. ગુસ્સે ભરાયેલા લોકોએ પ્રતિશોધ તરીકે 21 પોલીસોને મારી નાખ્યા. આ હિંસક બનાવથી ગાંધીજીને આઘાત લાગ્યો અને તેમણે અસહકારનું આંદોલન મોકૂફ રાખ્યું. તેમજ બારડોલીમાં શરુ કરવામાં આવનારી કાનૂનભંગની લડત તેમણે મોકૂફ રાખી. આ નિમિત્તે ઘણા કોંગ્રેસ નેતાઓને આઘાત લાગ્યો અને તેમણે ગાંધીજીના આવા નિર્ણયો અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું. તેઓએ તેનો સખત વિરોધ કર્યો. સુભાષચંદ્ર બોઝના મતે આ નિર્ણય ''રાષ્ટ્રીય આફત'' જેવો હતો. જવાહરલાલ નહેરુએ ગાંધીજીના નિર્ણય પરત્વે આશ્ચર્ય અને આઘાત વ્યક્ત કર્યા. પોતાની પરિસ્થિતિ સ્પષ્ટ કરતા ગાંધીજીએ જવાહરલાલને ઉત્તર આપ્યો કે, ''આંદોલન અજાણતા જ સાચા માર્ગેથી અન્ય માર્ગે વળી ગયું હતું. આપણે આપણા અસલ માર્ગે પાછા વળ્યા છીએ અને હવે ફરીથી આપણે સીધા માર્ગે જઈ શકીશું.''

4. 12મી ફેબ્રુઆરી, 1922ના રોજ બારડોલીમાં મળેલી કોંગ્રેસ કારોબારી સમિતિએ ચૌરીચૌરામાં ટોળાએ આચરેલી અમાનવીય વર્તણૂકને વખોડી કાઢી, તેણે અસહકારના આંદોલનની મોકૂફીને બહાલી આપી. તે જ દિવસે ગાંધીજીએ પશ્ચાતાપરૂપે પાંચ દિવસના ઉપવાસ શરુ કર્યા. આમ અસહકારને પ્રથમ લડતનો વાસ્તવિક અંત આવ્યો. ગાંધીજીની 10મી માર્ચ, 1922ના રોજ ધરપકડ કરવામાં આવી અને તેમને છ વર્ષની જેલની સજા કરવામાં આવી.

5. તુર્કીસ્તાનમાં કમાલ પાશા સત્તા પર આવતા ખિલાફતનો પ્રશ્ન નિરર્થક બન્યો. ખલીફાનું પદ નાબૂદ કરવામાં આવ્યું. આથી સ્વાભાવિક રીતે ખિલાફત ચળવળનો અંત આવ્યો.

(ફ) અસહકારની લડતની અસરો:

1. જો કે અસહકારનું આંદોલન તેનું ધ્યેય સિદ્ધ કરવામાં નિષ્ફળ ગયું તો પણ ભારતીય ઈતિહાસમાં તેની રાજકીય તેમજ સામાજિક અસર ગણનાપાત્ર હતી. સરઘસો, સભાઓ અને જેલમાં બધી જ જ્ઞાતિઓ અને કોમોના લોકો સાથે કાર્ય કરતા અને સાથે જમતા. આનાથી જ્ઞાતિ-બંધનો ઢીલા પડ્યા અને સામાજિક સુધારાની ગતિ ઝડપી બની. આ લડતમાં હિંદુ-મુસ્લિમો વચ્ચે અજોડ એકતા સ્થપાઈ.

2. 1920-22ની અસહકારની લડતમાં આર્થિક બહિષ્કાર વધારે અસરકારક હતો. પરદેશી કાપડ અને માલના બહિષ્કારથી ભારતના કાપડ ઉદ્યોગને ઘણો મોટો ફાયદો થયો. ભારતીય મિલમાલિકોનો પ્રભાવ નોધપાત્ર રીતે વધ્યો. બીજી બાજુ 1921માં મીલમજૂરો

ની અવારનવાર પડેલી હડતાલોએ મિલમાલિકોમાં ગભરાટની લાગણી ફેલાવી. ચરખાની લોકપ્રિયતાથી હાથવણાટના ઉદ્યોગનું ઉત્પાદન વધ્યું.

3. રાજકીય દૃષ્ટીએ જોતા અસહકાર તથા ખિલાફતની ચળવળમાં બધી જ જાતિઓ અને વર્ગોએ ભાગ લેતા રાષ્ટ્રીય લડતમાં નવું પરિણામ ઉમેરાયું. એક કરતા વધારે રીતે રાષ્ટ્રીય લડત મજબૂત બની. નવી રાષ્ટ્રીય જાગૃતિ ઉદ્ભવી અને આથી રાષ્ટ્રીય લડત દેશના દૂર દૂરના પ્રદેશો સુધી ફેલાઈ.

''અસહકારના આંદોલનને પરિણામે રાષ્ટ્રીય કોંગ્રેસનું કાર્યક્ષેત્ર તથા સેવાક્ષેત્ર ગામડાં સુધી વિસ્તર્યું. તેણે રચનાત્મક ''વૃત્તિઓ દ્વારા ગ્રામોદ્ધારનો કાર્યક્રમ અપનાવ્યો. જેને લીધે પછીની રાષ્ટ્રીય લડતો વાસ્તવિક અર્થમાં લોકલડતો બની.''

13.7 *સ્વરાજપક્ષની સ્થાપના (ઈ.સ.* 1922):

(અ) સ્થાપના : ગાંધીજી કારાવાસમાં હતા અને દેશ પાસે હવે કોઈ નિશ્ચિત રાજકીય કાર્યક્રમ ન હતો. કૃત્રિમ રીતે સ્થપાયેલી હિંદુ-મુસ્લિમ એકતા પણ તૂટી હતી. ફાટી નીકળેલા કોમી રમખાણોએ રાષ્ટ્રની શક્તિને વેરવિખેર કરી હતી. આ તબક્કે ચિત્તરંજનદાસ અને મોતીલાલ નહેરુએ નવી નેતાગીરી પૂરી પાડી. આ બંને નેતાઓએ ધારાસભાઓનો બહિષ્કાર કરવાને બદલે, ધારાસભાઓમાં પ્રવેશીને સરકાર સામે, અસહકારની લડત લડવાની દરખાસ્ત કરી. મોન્ટફોર્ડ સુધારાનો અમલ અટકાવવા તેઓએ ધારાસભા પ્રવેશનો ખ્યાલ રજૂ કર્યો. ચિતરંજનદાસે 31મી ડિસેમ્બર, 1922ના રોજ સ્વરાજપક્ષની રચનાની જાહેરાત કરી. ચિતરંજનદાસ તેના પ્રમુખપદે તથા મોતીલાલ નહેરુ તેના મંત્રીપદે નિમાયા.

(બ) ગાંધીજી અને સ્વરાજપક્ષ : નવી યોજાયેલી ચુંટણીઓમાં સ્વરાજ પક્ષના સભ્યોએ ભાગ લોધો અને તેઓએ અમુક પ્રાંતોમાં સારી બહુમતી મેળવી. આથી કોંગ્રેસમાં તેમની પ્રતિષ્ઠા અને તાકાત વધી.

ગાંધીજીની તબિયતના કારણસર, ફેબ્રુઆરી 1924માં જેલમાંથી છોડી મુકવામાં આવ્યા. તેમની મુક્તિથી પહેલાનો સંઘર્ષ ફરી ચાલુ થયો અને કોંગ્રેસમાં ભાગલા પડવાની શક્યતા ફરી વધી. થોડા સમય પછી ગાંધીજીએ સ્વરાજપક્ષના નેતાઓને પોતાનો ટેકો આપ્યો. ગાંધીજીએ અસહકારની લડત પૂરી થયેલી જાહેર કરી. ગાંધીજીએ રેંટિયો, હિંદુ-મુસ્લિમ એકતા, દારુબંધી અને અસ્પૃશ્યતા નિવારણ સાથેનો રચનાત્મક કાર્યક્રમ સ્વરાજ પ્રાપ્તિના મુખ્ય સાધનો તરીકે અમલમાં મુકવાનો પ્રત્યેક કોંગ્રેસી સભ્યને અનુરોધ કર્યો.

(ક) સ્વરાજપક્ષની સિદ્ધિઓ – સફળાતાઓ

1 સ્વરાજપક્ષનો 1923ની ચૂંટણીમાં વિજય થતા તેમની સ્થિતિ મજબુતબની તેથી ગાંધીજીની પોતાની ઇચ્છા વિરુદ્ધ કોંગ્રેસની સંસદીય પાંખ તરીકે તેનો સ્વીકાર કરવો પડયો બદલામાં સ્વરાજ પક્ષના નેતાઓએ ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાં શ્રદ્ધા વ્યક્ત કરી.

2 સરકાર સાથે સમાધાન સાધવાની ઉદ્દભવેલી વૃતિથી સ્વરાજ પક્ષમાં ટૂંક સમાયમાં જ તિરાડ પડી. કેટલાકે સરકારી હોદાઓ પણ સ્વીકાર્યા. આમ પક્ષમાં નિષ્ક્રિયતા અને પડતી શરુ થઈ. 1926 ની ધારા સમિતિઓની થયેલી ચૂંટણીઓમા પક્ષે કેટલીક બેઠકો ગુમાવી. આથી તેની સ્થિતિ નિર્બળ બની.

13.8 ***સાયમન કમિશનની ભલામણો (ઈ.સ.***1927) :

ઈ.સ 1919ના મોન્ટફરડ સુધારાની મૂળભૂત ખામીઓ તેનો અમલ થતા જ બહાર આવી. સુધારાનો અમલ થતા જ અનેક મડાગંઠો ઊભી થઈ. આ રાજકીય મડાગાંઠ નો ઉકેલ શોધવા સરકારે ઈ.સ 1929મા સાયમન કમિશનની નિમણૂક કરી.

સાયમન કમિશનનાં સાતેય સભ્યો ગોરાઓ હોવાથી, હિન્દના બધાજ રાજકીય પક્ષોએ તેનો વિરોધ કર્યો. કમિશનનાં સભ્યો મુંબઈ ઉતર્યા. તે દિવસે તેનો વિરોધ દેશવ્યાપી હડતાલ પાડવામાં આવી. તેઓ જ્યાં જ્યાં ફર્યા ત્યાં ત્યાં 'કાળા વાવટા ' અને ' સાયમન ગો બેક '' જેવા સૂત્રો લોકોએ ઉચ્ચાર્યા. સાયમન કમિશનની વિરૂદ્ધમાં રાષ્ટ્રભરમાં દેખાવો અને સરઘસોયોજવામાં આવ્યા. પંડિત મોતીલાલ નેહારુએ સાયમન કમિશનની નિમણુંકને બ્રિટિશ સરકારની ' ભારત પ્રત્યેની એક મહાન છેતરપિંડી'' તથા '' આંખમાં ધૂળ નાખવાના તરીકા '' તરીકે વર્ણવી. સર તેજબહાદુર સપ્રુએ સાયમન કમિશનમાં એકપણ હિન્દી નહિ હોવાના લીધે તેણે સહકાર આપવાનો ઈકાર કર્યો. એની બેસન્ટે કહ્યું કે, ''આ કમિશન મીઠું ભભરાવવા સિવાય બીજું શું છે,?'' મુસ્લિમ આગેવાન મિ. ઝીણાએ કહ્યું,'' જલિયાવાલા બાગ અમારી શારીરિક કતલ હતી, જયારે સાયમન કમિશન અમારા આત્માની કતલ છે''. કમિશનના સભ્યો જે શહેરમાં તપાસ માટે ગયા ત્યાં લોકોએ તેમની સામે દેખાવો યોજાયા. સરકારે દેખાવકારો પર બેફામપણે લાઠી-ગોળી વિન્જવા માંડી.પંજાબમાં દેખાવકારોની નેતાગીરી વયોવૃદ્ધ નેતા લાલા લજપતરાય લીધી હતી. પોલીસના લાઠી ચાર્જ ને લીધે તેઓ ઘવાયા.તેમણે સિંહની જેમ ગર્જના કરીકે ''મારા પર ઝીકાયેલ લાઠીઓથી જ એક દિવસ બ્રિટિશ સામ્રાજ્યના કફનમાં ખીલ્લાઓ તરીકે સાબિત થશે.'' પાછળથી તેમનો અવશાન થયું.આવા ઉગ્ર વાવારણમાં અડાખામનું બનેલું સાયમન કમિશન હિંદમાં ફર્યું.2 વર્ષ પછી 1930ના મેં માસમાં એને પોતાનો અહેવાલ રજૂ કર્યો.

સાયમન કમિશનની ભલામણો :

1 કેન્દ્રમાં શક્તિશાળી અને સ્થિર સરકારની જરૂર હોઈ ત્યાં જવાબદાર રાજયતંત્ર આપવું નહિ.

2 બ્રિટિશ પ્રાંતો તથા દેશી રાજ્યોનો સમાવેશ કરતો અખિલહિન્દ વ્યાપી સમાવાય તંત્ર સ્થાપવું.

3. પ્રાંતોમાં દ્વિમુખી રાજપદ્ધત્તિ ને નાબુદ કરીને પ્રાંતોમાં સંપૂર્ણ 'જવાબદાર તંત્ર'આપવું .

4. પ્રાંતોમાં શાંતિ,સલામતી અને લઘુમતીઓના હક્કોના રક્ષણ માટે ગવર્નરોને ખાસ વધારાની સત્તાઓ આપવી.

મૂલ્યાંકન :

1. સાયમન કમિશનની ભલામણોનો હિંદના બધા જ રાજકીય પક્ષોએ વિરોધ કર્યો.સર શિવસ્વામી આયરે તો કમિશનના અહેવાલને 'કાગળની કચરાપેટી 'માં ફેકીન દેવાની ઉગ્ર ભલામણ કરી,કારણ કે આ અહેવાલમાં જવાબદાર રાજતંત્રની રાષ્ટ્રીય માંગણી સંતોષવામાં આવી ન હતી ,તેમજ સાંસ્થાનિક સ્વરાજ્યનો ઉલ્લેખ પણ ન હતો.

2. બ્રિટિશ ઇતિહાસકાર પી.ઈ .રોબર્ટસ લખે છે કે ''હિંદીઓએ આ ભલામણો સ્વીકારી લેવા જેવી હતી,કારણ કે સાયમન કમિશનનો હેવાલ હિંદની સમસ્યાઓનો એક સંપૂર્ણ એ છે કે,કમિશનની ભલામણો પર સ્વસ્થ ચિત્તે વિચાર કરી શકાય તેવું તે વખતનું પરિણામ સરકારે પણ તેનો અમલ કર્યો નહિ.

13.9 *નહેરુ અહેવાલ-નહેરુ રિપોટ (ઈ.સ.*1928) :

સાયમન કમિશનની નિમણૂક કરતી વખતે હિન્દી વજીર લોર્ડ બર્કનહેડે ટકોર કરી હતી કે હિંદમાં બધા પક્ષો સંમત થાય તેવું બંધારણ રચી શકાય તેમ છે જ નહિ.કોંગ્રેસે આ પડકાર ઝીલી લીધો.ઈ.સ.1928ના ફેબ્રુઆરીમાં દિલ્હીમાં એક સર્પક્ષીય સંમેલન બોલાવવામાં આવ્યું.29 સંસ્થાઓના પ્રતિનિધિઓએ હાજરી આપી.આ સંમેલને ભારતના ભાવિ બંધારણની રૂપરેખા તૈયાર કરવા પંડિત મોતીલાલ નહેરુના પ્રમુખપદે સાત સભ્યોની એક સમિતિ રચી.આ સમિતિએ 1928ના અંત ભાગમાં પોતાનો અહેવાલ રજૂ કર્યો.એ અહેવાલ ''નહેરુ અહેવાલ-નહેરુ રિપોટ ''તરીકે ઓળખાય છે.

નહેરુ અહેવાલની જોગવાઈઓ અત્યારના ભારતના બંધારણની પ્રતિકૂળ હોય તેમ લાગે.તેથી પ્રો.અગ્રવાલ 'નહેરુ અગ્રવાલ'ને વર્તમાન ભારતના બંધારણીય 'બ્લુ –પ્રિન્ટ એવા 'સ્પષ્ટ ખ્યાલ હતો તેનું અહીં દર્શન થાય છે.

પરંતુ કમનસીબે નહેરુ અહેવાલને બધા પક્ષો તરફથી ઉમળકાભર્યા આવકાર મળ્યો નહિ. શીખો અને હરિજનોને પોતાને માટે આમાં કોઈ ખાસ જોગવાઈ નહિ લગતા તેમણે તેનો અસ્વીકાર કર્યો,મુસ્લિમો કોમી મતાધિકાર જતો કરવા સહમતન થયા હતા. પરંતુ સરકારમાં કોમી સમાધાન થઈ શક્યું નહિ અને ઠેર ઠેર હુલ્લડો થયા. મહમદ અલી જીનાએ તો માંગણીઓ રજૂ કરી.મુસ્લિમ લીગ હિંદમાં મુસ્લિમો માટે અલગ મુસ્લિમ રાજ્યની માંગણી કરી.કોંગ્રેસે 1928ના કલકત્તા અધિવેશનના નહેરુ અહેવાલને બહાલી આપી,પરંતુ તેમાં હિંદને 'સ્થાનિક દરજ્જાનું સ્વરાજ્ય' આપવાની ભલામણોમા કોંગ્રેસના યુવાનોએ વિરોધ કર્યો.તેમને સંપૂર્ણ સ્વરાજ્યનો જ આગ્રહ રાખ્યો.

13.10 *બારડોલી સત્યાગ્રહ (ઈ.સ.*1928) :

બારડોલી સત્યાગ્રહ ભારતના સ્વતંત્રસંગ્રામના ઇતિહાસમાં એક સીમાચિન્હ ગણાય છે.તેનાથી નાના પાયા પર સવિનય કાનૂનભંગનો પ્રયોગ થતો હતો. સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં જયકર નામના એક મહેસૂલ અધિકારીએ આછી તપાસ કરીને સરકારની સૂચનાથી બારડોલી અને ચોર્યાસી તાલુકાના જમીનમહેસૂલમાં 22 ટકાનો

વધારો કર્યો .તેની સામે લોકોએ વિરોધ કર્યો. ખેડૂતોએ ગાંધીજીને વિનંતી કરીને તેમને ,વલ્લભભાઈ પટેલને એ જવાબદારી સોપી.વલ્લભભાઈ પટેલે બધી તપાસ કરીને ગવર્નરને વિગતે પત્ર લખ્યો, પરંતુ 'સરકારે યોગ્ય કર્યું છે અને લોકો મહેસૂલ નહિ ભરેતો કડક પગલાં ભરવામાં આવશે.' એવી ધમકી ગવર્નરે આપી. સરકારે દમનનીતિ શરુ કરી.તેની સામે વલ્લભભાઈ પટેલે જુસ્સાદાર ભાષણો કરીને સફળ નેતૃત્વ પૂરું પાડ્યું અને લોકોનો જુસ્સો ટકાવી રાખ્યો.બારડોલીના 63 પટેલો અને 19 તલાટીઓએ રાજીનામાં આપ્યા. એટલું જ અહી ,મુંબઈની ધારાસભાના સભ્યોએ પણ રાજીનામાં આપ્યા.બારડોલી સત્યાગ્રહની સહાનુભૂતિમાં, સમગ્ર ભારતે 'બારડોલી દિન' ઉજવ્યો.લડતનો વ્યાપ જોઈને સરકાર નરમ પડી.આ લડતમાં સરદાર પટેલ અને બારડોલીના સત્યાગ્રહીઓનો સંપૂર્ણ વિજય થયો,સરકારે જમીન મહેસૂલ માટે કમિશનની નિમણૂક કરી.જેને 6 1/4 ટકાનો વધારો વાજબી ગણ્યો.

13.11 *ક્રાંતિકારી પ્રવૃત્તિઓ :આત્યંતિક રાષ્ટ્રવાદની પ્રવૃત્તિઓ* (1920-34) :

સાયમન કમિશનના બહિષ્કાર વખતે લાલ લજપતરાય પર લાઠીચાર્જ કરનાર પોલીસ અધિકારી સોન્ડર્સની ભગતસિંહે હત્યા કરી.ભગતસિંહ અને તેમના સાથીદાર બટુકેશ્વર દત્તે દિલ્હીની મધ્યસ્થ ધારાસભામાં બોમ્બ ફેંક્યો.આવી ક્રાંતિકારી પ્રવૃત્તિઓ પંજાબ,મહારાષ્ટ્ર ,બંગાળ,ગુજરાત ઉપરાંત ભારતના અન્ય ભાગોમાં ચાલી હતી.તેના મુખ્ય ચાલકો ભગતસિંહ ,સુખદેવ,બટુકેશ્વર દત્ત,ચંદ્રશેખર આઝાદ,જતીનદાસ વગેરે હતા. વાઈસરોયની ટ્રેન ઉપર પણ દિલ્હી પાસે બોમ્બ ફેકવામાં આવ્યો.ભારતના યુવાન વર્ગ પર તેની અસર થઈ હતી.ભારતમાં ગમેતે સમયે વ્યાપક અને સામુદાયિક હિંસક પ્રવૃત્તિઓ જોર પકડે એવો ભય પેદા થયો હતો.આથી ગાંધીજીએ યુવાન વર્ગની શક્તિને અહિંસક માર્ગે વાળીને તેમને રાષ્ટ્રીય સંગ્રામમાં જોડવાનો પ્રયત્ન કર્યો.આમ રાષ્ટ્રીય સંગ્રામમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓએ નોધપાત્ર ભાગ ભજવ્યો.

13.12 *સંપૂર્ણ સ્વરાજનો ઠરાવ :*

આ દરમિયાન કોંગ્રેસમાં યુવાન નેતાઓનું જૂથ ઉદય પામ્યું.તેમના આગેવાનો જવાહરલાલ નહેરુ અને સુભાષચન્દ્ર બોઝ હતા.તેઓ સંપૂર્ણ સ્વરાજયના હિમાયતી હતા.મોતીલાલ નહેરુ તત્કાળ સ્થાનિક સ્વરાજય મળે તેનેથી સંતોષ માનનારા હતા.આથી બંને વચ્ચે સમાધાન સ્વરૂપે કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં એવું ઠરાવવામાં આવ્યું કે ,1929ની આખર સુધીમાં સાંસ્થાનિક સ્વરાજય આપવામાં ન આવે તો યુવાનો કહેછે કે તે પ્રમાણે 'સંપૂર્ણ સ્વરાજય 'માંગવામાં આવશે.

ડિસેમ્બર,1929માં લાહોરમાં પંડિત જવાહરલાલ નહેરુના પ્રમુખપદ હેઠળ ભરાયેલા કૉંગ્રેસ અધિવેશનને 'સંપૂર્ણ સ્વરાજય' નો ઐતિહાસિક ઠરાવ કર્યો.ઠરાવ મુજબ 26મી જાન્યુઆરી 1930નો દિવસ દેશભરમાં સભાઓ યોજી,આ પ્રમાણે શપથ લેવામાં આવ્યા.

"અમે માનીએ છીએ કે આઝાદી મેળવવાનો હિંદના લોકોનો પવિત્ર હક્ક છે અને સરકાર આ હક્ક છીનવી લેવા માંગતી હશે તો તેનો નાશ કરવાનો કે તેને બદલવાનો પણ તેમનો હક્ક છે જ ..... બ્રિટિશ સરકારે હિંદના લોકોની આઝાદી જ છીનવનથી પણ તેનું આર્થિક,રાજકીય અને સંસ્કૃતિક સત્યાનાશ પણ વાળ્યું છે ....આ સરકારને સાથ આપવો તે માનવી અને ઈશ્વર સામે ગુનો છે.....એટલે અમે પ્રતિજ્ઞા કરીએ છીએ કે સંપૂર્ણ અહિંસક રસ્તે પૂર્ણ સ્વરાજ્ય મેળવવાના કાર્યક્રમમાં અમે સહકાર આપીશું."

લોકોમાં અહિંસક લડત માટેનો અનેરો ઉત્સાહ પ્રગટ્યો.સમાધાનના ઉપાય તરીકે ગાંધીજીએ 11 મુદ્દાનો કાર્યક્રમ સરકાર સમક્ષ રજૂ કર્યો.ગાંધીજીને વાઇસરોય તરફથી સંતોષકારક જવાબ મળ્યો નહિ. દરમિયાન માં સરકારે સુભાષચન્દ્ર બોઝ અને 11 નેતાઓની ધરપકડ કરીને તેમને સખત મજૂરી સાથેની એક વર્ષની જેલની સજા ફરમાવી. ક્રાંતિકારીઓની ધરપકડો તો ચાલુ જ હતી.આ બનાવોથી દેશમાં ભારે ઉત્તેજના ફેલાઈ.પરિણામે અમદાવાદમાં મળેલી કોંગ્રેસ કારોબારીએ સરકાર સામે સવિનય કાનૂનભંગની લડત શરુ કરવાનો ઠરાવ કર્યો. ગાંધીજીએ પોતાની યોજના વાઇસરોયનો પત્ર દ્વારા જણાવી.

13.13 ***સવિનય કાનૂનભંગની ચળવળ (ઈ.સ.***1930) :

અમદાવાદમાં મળેલી કોગ્રેસની કારોબારી સમિતિએ પૂર્ણ સ્વરાજની પ્રાપ્તિ માટે સવિનય કાનૂનભંગની ચળવળ શરુ કરવાનો અધિકાર ગાંધીજીએ આપ્યો.ગાંધીજીએ સુરત જીલ્લાના ભાગવા દાંડી ગામના દરિયાકિનારે જી મીઠાના અન્યાયી કાયદાનો ભંગ કરવાનું નક્કી કર્યું. 12મી માર્ચ દાંડીકૂચ થવાની હતી તે દ્રશ્ય નજરે જોવા માટે દેશવિદેશના હજારો લોકો અને પત્રકારો અમદાવાદમાં આવ્યા.દરરોજ સાંજે થતી એક પ્રાથનાસભામાં ગાંધીજીએ કહ્યું "મારો જન્મ બ્રિટિશ સામ્રાજ્યનો નાશ કરવામાટે જ થયો છે ....હું કાગડા –કૂતરાના મોતે મારીશ,પણ સ્વરાજ્ય લીધા વિના આશ્રમમાં પગ મુકવાનો નથી."(હરીજન)

દાંડીકૂચ: 12મી માર્ચ 1930ના દિવસે રવિવારે 'હરીનો માર્ગ છે સુરાનો ' ભજન ગવાયા બાદ ગાંધીજીએ પોતાના 81 સાથીઓ સહીત દાંડીકૂચ શરૂ કરી. 61 વર્ષના ગાંધીજી નવયુવાનને શરમાવે એવી અદાથી ઉતાવળા પગલે ચાલતા હતા.25 માં દિવસે 370 કિ.મી.જેટલી પદયાત્રા પૂર્ણ કરીને ગાંધીજી 5મી એપ્રિલે દાંડી ગામે પહોંચ્યા,જ્યાં સરકારના મીઠાના અગરો હતા.દાંડીકૂચથી ગુજરાત તથા ભારતના લોકોમાં અપૂર્વ જાગૃતિ આવી.ગાંધીજી અને તેમના સાથીદારોએ 6 એપ્રિલની વહેલી સવારે દાંડીના અગરોમાંથી ચપટી મીઠું ઉપાડીને મીઠાના કાયદાનો ભંગ કર્યો અને સવિનય કાનૂન ભંગની શરૂઆત કરી.તે સાથે હજારો લોકોનો ગગનભેદી નાદ ગાજી ઉઠ્યો 'નમક કાયદા તોડ દિયા '.

મીઠાની ચપટી ભરતા એ યજ્ઞપુરુષ બોલ્યા કે ,'બ્રિટિશ સામ્રાજ્યની ઈમારતના પાયામાં હું આ લૂણોલગાડું છું .તે સાથે આખા દેશમાં સવિનય કાનૂન ભંગની ચળવળ શરુ થઈ.

(અ) લડતનો કાર્યક્રમ :

1. મીઠાના કાયદાનો પ્રત્યેક જગ્યાએ ભંગ કરવો.
2. વિદ્યાર્થીઓએ કોલેજો છોડી દેવી અને સરકારી કર્મચારીએ રાજીનામાં આપવા.
3. પરદેશી કાપડની હોળી કરવી.
4. સરકારને કર આપવા નહિ.
5. સ્ત્રીઓએ દારૂની દુકાનો પર ધારણા કરવા.

લડતના મુખ્ય મુદ્દા તરીકે મીઠાની પસંદગી શરૂઆતમાં મૂંઝવણ ભરી લાગી,પરંતુ તે પછીના ઝડપી બનાવોએ મીઠાની પસંદગીને યથાર્થ ઠેરવી.મીઠાવેરો એ ગામડાના ગરીબ લોકો માટે નક્કર અને સાર્વત્રિક ફરિયાદનો મુદ્દો હતો.ગામડાઓએ મીઠાના સત્યાગ્રહ માટે સારી સંખ્યામાં સ્વયંસેવકો પુરા પડ્યા.....

(બ) સવિનય કાનૂનભંગ પ્રચાર :

પોલીસ અને નીચલા ઠારના વહીવટી અધિકારીઓના થયેલ સામાજિક બહિષ્કારથી કેટલાકે ત્યાગપત્ર આપી દીધા.અમેરિકન પત્રકાર વેલ મિલરે જાતે જોયા પછી અમેરિકાના વર્તમાનપત્રમાં અહેવાલ પ્રસિદ્ધ કર્યો કે 'બ્રિટિશ સરકાર બિલકુલ શાંત સત્યાગ્રહીઓ પર તેઓએ લોહી નીતરે ત્યાં સુધી સખત માર મારીને પાશવી દમનનીતિનું પ્રદર્શન કરી રહી હતી.'આ અહેવાલથી સરકારને પરિસ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવ્યો.પરંતુ મક્કમતાથી અસહ્ય ત્રાસ સહન કરતા નિઃશસ્ત્ર તથા શાંત-સત્યાગ્રહીઓનું દ્રશ્ય જોઈને સ્થાનિક લોકોમાં તેમના પ્રત્યે સહાનુભૂતિ અને માનની લાગણી જન્મી.

તેઓએ લડતમાં ઉત્સાહથી ભાગ લીધો.જેથી લડતનો વ્યાપ છેક ગામડા સુધી પહોંચ્યો,જેમાં ગામડાના લોકોએ પોલીસો પર હુમલા કરવાના હિંસક બનાવો પણ બન્યા.કોંગ્રેસના ઘણાખરા નેતાઓની સરકારે શરૂઆતમાં ધરપકડ કરી હોવાથી ગાંધીવાદી વિચારસરણી તથા પદ્ધતિનો લડત પરનો પ્રભાવ ઓછો થયો (ડો.ધારૈયા)

ના-કરની લડત : વર્ષાઋતુના આગમનથી ગેરકાયદેસર મીઠાનું ઉત્પાદન મુશ્કેલ બન્યું.આથી કોંગ્રેસે સામુદાયિક લડતના અન્ય પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. મેં 1930માં મળેલી કોંગ્રેસની કારોબારી સમિતિએ રૈયતવારી વિસ્તારોમાં કર નહિ આપવા,જમીનદારી પ્રદેશોમાં ચોકીદારી વેરો નહિ ભરવા, તેમજ જંગલ સત્યાગ્રહ મારફત આદિવાસી ગરીબ ખેડૂતોના ઘાસ ,લાકડું અને જંગલની અન્ય પેદાશો મફત લેવાનો હક્ક સિદ્ધ કરવા માટે અનુરોધ કર્યો.ના-કરની લડત સામે સરકારે મોટા પ્રમાણમાં સત્યાગ્રહીઓની મિલકત જપ્ત કરી.આમ ચાત હજારો ખેડૂતોએ આનો મક્કમતાપૂર્વક સામનો કરીને નજીકના રાજશાહી રાજ્યમાં સામૂહિક હિજરત કરી.

(ક) લડતનો પ્રતિભાવ :

સવિનય કાનૂન ભંગને શરૂઆતના મહિનાઓમાં ખેડૂતો તથા ધંધાદારી જૂથો તરફથી સારા પ્રમાણમાં ટેકો મળ્યો.મોટા પ્રમાણમાં કાયદાનો ભંગ ,મોટી સંખ્યામાં સત્યાગ્રહીઓની ધરપકડ અને મારઝૂડ વગેરે સવિનય કાનૂન ભંગના મુખ્ય લક્ષણો હતા 1930-31 માં જેલ જનાર સત્યાગ્રહીઓની સંખ્યા 92,214 જેટલી હતી ! અમદાવાદ મિલમાલિક મંડળ,મુંબઈના નાના-મોટા વેપારીઓ તથા જી.ડી બિરલાના નેતૃત્વ તળોના કલકત્તાના મારવાડીઓનો ઘણા શહેરોના વેપારીઓએ અમુક મહિનાઓ સુધી વિદેશી કાપડ તથા વિદેશી વસ્તુઓ આયાત નહિ કરવાના સામુદાયિક શપથ લીધા હતા.1929-30માં ભારતમાં બ્રિટિશ કાપડની આયાત 1248 મીલીયન વાર હતી તે મંદી તેમજ પેકેટીગને લીધે ઘટીને 1930-31માં ફક્ત 523 મીલીયન વારની થઇ હતી!

સ્ત્રીઓનું મોટા પાયા પર લડતમાં જોડાણ એ સવિનય કાનૂન ભંગનું નવું અને નોધપાત્ર લક્ષણ હતું.સમાજના રૂઢીચુસ્ત ધંધાદારી,વેપારી તથા ખેડુત વર્ગમાંથી આવેલી હજારો સ્ત્રીઓ લડતમાં ભાગ લઈ દુકાનો પર પેકેટીગ કરીને લાઠીઓ જીલીને જેલમાં ગઈ.

ચળવળના મહત્ત્વના બનાવોઃ મીઠાના કાયદાના ભંગ સાથે ખાદીપ્રચાર ,વિદેશી કાપડનો બહિષ્કાર દારૂબંધી તથા અસ્પૃશ્યતાનિવારણ નો કાર્યક્રમ દેશભરમાં શરુ થયો .આખા દેશમાં કોગ્રેસના નેતાઓની ધરપકડ ,લાઠીમાર અને ગોળીબારના બનાવો બન્યા.સરહદના ગાંધી ખાન અબ્દુલગફાર ખાનની આગેવાની હેઠળ 'લાલ ખામીસધારી પઠાનોને અહિંસક લડત માટે વાયવ્ય સરહદ પ્રાંતમાં સંગઠન સાધ્યું.પુના,પટના,પેશાવર,કરાંચી,કલકત્તા,મદ્રાસ અને સોલાપુર માં મોટી સભાઓ ભરવામાં આવી.મુંબઈ ઈલાકો અને માંડય પ્રાંતમાં ઈમારતી લાકડા કાપીને કાનૂનભંગ કરવામાં આવ્યો.

ના-કારની લડત :ગુજરાત,ઉત્તરપ્રદેશ અને બંગાળના મિદનાપુર જિલ્લામાં મહેસૂલ ન ભરવાનો પ્રચાર કરવામાં આવ્યો.ગુજરાતના બારડોલી અને બોરસદ તાલુકાઓમાં ચાર હજાર ખેડુત કુટુંબોએ હિજરત કરી તેઓએ સરકારી અમલદારોનો બહિષ્કાર કર્યો અને ગામમાંથી હિજરત કરીને ના-કારની લડતને સફળ બનાવી.

અગત્યના સત્યાગ્રહોઃ ગાંધીજીની અપીલને માંન આપીને હજારો સ્ત્રીઓ તથા પુરુષોએ વિદેશી કાપડ તથા દારૂની દુકાનો પર શાંત પિકટિંગ કર્યું.પોલીસના જુલ્મની પરવા કર્યા વિના તેઓએ મક્કમ રહીને સત્યાગ્રહ ચાલુ રાખ્યો.દિલ્હીમાં 1600 સ્ત્રીઓએ પિકટિંગ કરીને ધરપકડ વહોરી લીધી.સુરતમાં મીઠુંબહેન પિટીટ અને કસ્તુરબાની આગેવાની નીચેના પેકેટીગ માં સ્ત્રીઓ ઘણી મોટી સંખ્યામાં જોડાઈ હતી.

સુરત જીલ્લાના ધારસણાના મીઠાના અગરો પર હલ્લો લઈ જવાનો ઈરાદો ગાંધીજીએ જાહેર કર્યો.તેમની ધરપકડ કરવામાં આવી તેમના પછી આગેવાની સાંભળનાર અબ્બાસ તૌયબજીની પણ ધરપકડ થઈ. તેથી સરોજિની નાયડુની તે આગેવાની હેઠડ 50-60 સૈનિકોની ત્રણ ટુકડીઓધરાસણાજવા નિકળી. તેમને પોલીસે પકડીને છોડી મૂક્યા. 21મે

ના દિવસે પોલીસે સ્વયંસેવકો પર ઘસી જય એમને માથે લોખંડી અણીવાળી લાઠીઓ વરસાવવા માંડી. જમીન ઘાયલ દેહોથી છવાઈ ગઈ. ત્રણસો વીસજણાને ગંભીર ઈજા થઈ. બે જણ મૃત્યુ પામ્યા.

મુંબઈ નજીક વડાલાના મીઠાના અગરો ઉપર 1500માણસોએ હલ્લો કર્યો. પોલીસની કોર્ડન તોડી મીઠાની લૂંટ કરી. તેમણે નિર્દયતાથી ફટકારવામાં આવ્યા અનેક માણસોની ધરપકડ કરવામાં આવી. એવી રીતે ધોલેરા અને વિરમગામ પણ મીઠાના કાનૂનભંગનાં કેન્દ્રો બન્યા.

(ઈ) સરકારની દમનનીતિ:

કોંગ્રેસ સંસ્થા ગેરકાયદેસર જાહેર કરવામાં આવી. તેની મિલકતો જપ્ત કરવામાં આવી અખબારો ઉપર કડક નિયંત્રણો લાદવામાં આવ્યાં . તેમની પાસેથી જમીન લેવામાં આવી. એક અંદાજ અનુસાર 90,000 માણસોને જેલમાં પુરવામાં આવ્યા .

ચળવળ કચડી નાખવા માટે દેશના વિવિધ ભાગોમાં પોલીસે અને લશ્કરે સ્વયંસેવકો ઉપર અસહ્ય ત્રાસ ગુજાર્યો તોપણ લડાઈ ચાલુ રહી.

13.14 *ગાંધી – ઈર્વિન સમજૂતી* (5 *માર્ચ*, 1931) :

સરકારે આંદોલનને ડાબી દેવા ભારે દમણ કર્યું છતાં નિષ્ફળતા માડી ત્યારે તેણે વાટાઘાટોનો માર્ગ શરૂ કર્યો. ભારતને કેવા પ્રકારનું બંધારણ આપવું તથા સુધારા આપવા તેની ચર્ચા કરવા માટે બ્રિટિશ સરકારે ગોળમેજી પરિષદો બોલાવી. પહેલી પરિષદ નવેમ્બર, 1930માં લંડનમાં મળી હતી. તેમાં કોંગ્રેસની ગેરહાજરીને લીધે તે નિષ્ફળ ગઈ. બીજી ગોળમેજી પરિષદની શરૂઆત પહેલા કોંગ્રેસને મનાવી લેવાની જરૂર પડી કારણ કે, સરકારી દમનનીતિ કશું વાળ્યું ન હતું. અંતે લાંબી વાટાઘાટો પછી 5 માર્ચ 1931 ને દિવસે 'ગાંધી-ઈર્વિન' સમજૂતી થઈ. સરકારે બધા જ સત્યાગ્રહીઓને જેલમાથી છોડી મૂક્યા. મીઠું પકવતા પ્રદેશોમાં લોકોને મીઠું પકાવાવવાની સ્વતંત્રતા મળી અને શાંત પિકેટિંગ કરવાની છૂટ મળી. સામે પક્ષે કોંગ્રેસ અને ગાંધીજીએ સવિનય કાનૂનભંગનું આંદોલન માકૂફ રાખ્યું અને બીજી ગોડમેજી પરિષદમાં ભાગ લેવાની સંમતિ આપી.

13.15 બીજી ગોળમેજી પરિષદ અને નિષ્ફળતા (1931 સપ્ટેમ્બર)

ઈ.સ. 1931માં લંડનમાં બીજી ગોળમેજી પરિષદ ભરવામાં આવી તેમાં કોંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ તરીકે 'મહાત્મા ગાંધી'એ હાજરી આપી.તેમાં જુદી જુદી કોમના પ્રતિનિધિ ઓએ બંધારણના ઘડતરની ચર્ચા વખતે પોતાની કોમ માટે અલગ મતદારમંડળની માગણી કરી. ગાંધીજીએ બધાને દેશને ખાતર એક થવા દર્દભરી અપીલ કરી પણ વ્યર્થ ગઈ. તેઓ હતાશ અને નિરાશ થયા કારણ કે, તેનાથી તો ભારત અનેક ટુકડાઓમાં વહેંચાઈ જતું હતું. જુદી જુદી કોમોના પ્રતિનિધિઓ વચ્ચે સમાધાન થઈ શક્યું નહીં અને પરિષદ નિષ્ફળ ગઈ.

(14) *લડતનો બીજો તબક્કો* (1932):

ગાંધીજી ઈંગ્લેંડથી પાછા ફર્યા તે પહેલાં ઈર્વિનને બદલે વિલિંગ્ડન વાઈસરૉય તરીકે નિયુકત થયા હતા. તે કડક નીતિનો હિમાયતી હતો. આથી ઉત્તરપ્રદેશમાં જવાહરલાલા નહેરુ, પુરૂત્તમદાસ ટંડન વગેરે તથા વાયવ્ય સરહદ પ્રાંતમાં અબ્દુલગફારખાન, તેમના પ્રાંતોમાં ફરીને પ્રતિનિધિઓ પાસેથી સરકારી જુલમોના હેવાલ મેળવ્યા અને વાઈસરોયને ફરિયાદ કરી. સરકારે તે તરફ ધ્યાન ન આપતાં, સવિનય કાનૂન ભંગની લડત ફરીથી શરૂ કરવા કોંગ્રેસે ઠરાવ કર્યો. આગેવાનો પોતપોતાના પ્રાંતમાં તૈયારી માટે ગયા. એટલામાં ગાંધીજી, કોંગ્રેસ પ્રમુખ વલ્લભભાઈ પટેલ તથા બીજા આગેવાનોની ધરપકડ કરવામાં આવી. દેશમાં કેટલા નવા વટહૂકમોનો અમલ શરૂ કરવામાં આવ્યો કોંગ્રેસની બધી સમિતિઓ પર પ્રતિબંધ જાહેર થયો અને કોંગ્રેસ કાર્યકરોની ધરપકડ થઈ.

(અ) લડતનાં મુખ્ય લક્ષણોઃ લોકોએ બમણા વેગથી જોરદાર લડત શરૂ કરી. સરકારના હુકમોનો ભંગ કરીને સભાઓ સરઘસો પિકેટિંગ, બહિષ્કાર, ગુપ્ત પત્રિકાઓનું પ્રકાશન ના-કરની લડત મીઠાનું ઉત્પાદન વગેરે કાર્યક્રમો ચાલુ રાખવામા આવ્યાં. પ્રતિબંધ હોવા છતાં દિલ્હીમાં કોંગ્રેસનું વાર્ષિક અધિવેશન ભરીને ધરપકડો વહોરી લેવામાં આવી આ લડતમાં કેટલાક પ્રદેશોમાં પરદેશી કાપડના બહિષ્કાર માટે ખાસ સપ્તાહો ઉજવવામાં આવ્યાં. બ્રિટિશ બેંકો,વીમા કંપનીઓ બ્રિટિશ દવાઓ પરદેસી ખાંડ કેરોસીન તથા તમામ બ્રિટિશ માલના બહિષ્કાર માટે પણ સપ્તાહો ઉજવવામાં આવ્યાં.

(બ) વિશિષ્ટ ‘‘પ્રવૃત્તિઓઃ ગુજરાત ઉત્તરપ્રદેશ અને બંગાળમાં ના-કરની ચળવળ કરવામાં આવી. બિહાર અને બંગાળના કેટલાંક સ્થળોએ કર ન ભરવાની ચળવળ ચાલી. મધ્યપ્રદેશ, વરાડ, કર્ણાટક, ઉત્તર પ્રદેશના કેટલાક ભાગો તથા મદ્રાસ અને બિહારમાં જંગલના કાયદાનો ભંગ કરવાની લડાક ચલાવવામાં આવ્યાં. દિલ્હીમાં કોંગ્રેસના વાર્ષિક અધિવેશનની જેમ પ્રાંતોમાં અને જિલ્લાઓમાં પ્રતિબંધને અવગણીને પરિષદ ભરવામાં આવી.

આ લડત દરમિયાન એક અંદાજ મુજબ 1,00,000 માણસોને જેલમાં પુરવામાં આવ્યા. તેમાં હજારો સ્ત્રીઓ અને મોટી સંખ્યામાં બાળકોનો પણ સામાવેશ થતો હતો.

13.16 *કોમી ચુકાદો (ઈ.સ.*1932):

ગોળમેજી પરિષદોમાં કોમી સમાધાન ન થતાં, બ્રિટિશ સરકારે સામે ચાલીને કોમી ચુકાદો જાહેર કર્યો. તેમાં શકય તેટલા ધોરણે અલગ મતદાર મંડળો આપવામાં આવ્યાં. હરિજનોને હિન્દુઓથી અલગ પાડીને તેમને પણ અલગ મતદારમંડળ આપવામાં આવ્યું. આ ચુકાદો બ્રિટિશ સરકારે હિંદની પ્રજા પર લોદેલો નિર્ણય જ હતો. જવાબદાર રાજતંત્ર આપવાની વાતો કરતાં કરતાં કોમી ઝેર ફેલાવી રાષ્ટ્રવાદનો અને રાષ્ટ્રીય એકતાનો નાશ કરવાનો આ એક વધુ વિષપ્રયોગ હતો વળી આ ચુકાદામાં મુસ્લિમો,

શીખો, હરિજનો વગેરે લઘુમતી કોમોને તેમની વસ્તીના પ્રમાણ કરતાં વધુ બેઠકો આપીને હિંદુઓને ભારોભાર અન્યાય કરવામાં આવ્યો હતો. હિંદુઓને હરિજનોથી છૂટા પાડીને હિંદુ-બહુમતીને તોડી પાડવામાં આવી હતી ખરેખર 'ભાગલા પાડો અને રાજય કરો' ની બ્રિટિશનીતિ આ ચુકાદામાં સોળે કળાએ ખીલી હતી! ''બધી કોમોમાં વિખવાદ સતતપણે સળગતો રાખવા માટે આનાથી વધુ અસરકાર માર્ગ બીજો કોઈ ન હોઈ શકે ? પંડિત મદનમોહન માલવિયાજીએ આ યોજના વિરુદ્ધ લડાઈ ચાલુ રાખવા માટે કોંગ્રેસમાં રાષ્ટ્રીય દળનું નિર્માણ કર્યું.

13.17 ***પૂના કરાર :***

મુસલમાનોએ હોંશભરીને ''કોમી ચુકાદો '' સ્વીકારી લીધો. બીજો વિકલ્પ ના હોવાથી કોંગ્રેસને પણ કચવાતા મને તે સ્વીકરવો પડ્યો. પરંતુ ચુકાદામાં હરિજનોને અલગ મતદારમંડળ આપવામાં આવ્યું તે ગાંધીજીથી સહન થયું નહીં. તેમણે સખત વિરોધ કર્યો. તેમના એ વિરોધની સરકાર પર કોઈ અસરથઈ નહીં. પરિણામે ગાંધીજીએ પૂનાની યરવડા જેલમાં જ આમરણાંત ઉપવાસ શરૂ કર્યા. આથી રાષ્ટ્રભરમાં ચિંતાની લાગણી પ્રસરી ગઈ.આનાથી લોકોનું ધ્યાન ગાંધીજી તરફ દોરાઈ ગયું. અને સવિનય કાનૂનભંગનું આંદોલન મંદ પડી ગયું. કોંગ્રેસી નેતાઓનાં પ્રયાસથી પુનામાં ગાંધીજી અને હરિજન નેતા ર્ડા. આંબેડકર વચ્ચે સમાધાન થયું. અસ્પૃશ્યોને સામાન્ય મતદાર મંડળમાં કોંગ્રેસે 71 ને બદલે 148 બેઠકો આપી આથી તેઓએ અલગ મતદાર મંડળો જતાં કર્યા. આમ હરિજનો હિન્દુઓથી અલગ થતાં બચી ગયા ત્યારબાદ ગાંધીજી અછૂતો દ્વારા પ્રવૃત્તિ પર ભાર દીધો. ગાંધીજીની વિનંતીને માન આપીને દેશભરના મંદિરો અને જાહેર કૂવા અછૂતોના ઉપયોગ માટે ખુલા મૂકવામાં આવ્યા. 'હરિજનસેવક સંઘ' ની સ્થાપના કરવામાં આવી. જેને અસ્પૃશ્યો ના ઉધ્ધારની નોંધપાત્ર કામગીરીબજાવી સરકારે ગાંધીજીને જેલ માથી છોડી મૂક્યા. ગાંધીજીની વિનંતીથી કોંગ્રેસે ત્રણ માસ માટે લડત મુલવતી રાખી.

વ્યક્તિગત સત્યાગ્રહઃ

સામુદાયિક સત્યાગ્રહ શકય ના હોવાથી ગાંધીજી વ્યક્તિગત સત્યાગ્રહ નું એલાન આપ્યું.1લી ઓગસ્ટ 1933 નાં રોજ ગુજરાતનાં રાસ ગામે કૂચ કરીને વ્યક્તિગત સત્યાગ્રહનો પ્રારંભ કરવાનો ગાંધીજીએ નિર્ણય લીધો. પરંતુ તે કૂચ શરૂ કરે તે પહેલાં જ સરકારે તેમની અને તેમના સાથીદારોની ધરપકડ કરી, તેમણે એક વર્ષની સજા કરવામાં આવી. જેલમાં રહીને પણ અસ્પૃશ્યતા નિવારણનો કાર્યક્રમ ચાલુ રાખવાની પરવાનગી ન મળતા ગાંધીજી ઉપવાસ પર ઉતર્યા. તબિયત લથડતાં સરકારે તેમણે અઠવાડીયામાંજ છોડી મુકયા. દરમિયાનવ્યક્તિગત સત્યાગ્રહમાં આશરે 80000 જેટલા સત્યાગ્રહીઓને જેલમાં પુરવામાં આવ્યાં હતા.1933નાં અંત સુધીમાં આ સત્યાગ્રહ પણ મંદ પડીગયો. 1934માં બિહારમાં ધરતીકંપ થતાં સત્યાગ્રહ વ્યવહારમાં બંધ પડી ગયો.

13.18 *સવિનય કાનૂન ભંગના આંદોલનનું મહત્ત્વ અને અસરો – સમીક્ષા :*

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનાં આંદોલનોમાં , સવિનય કાનૂન ભંગના આંદોલનોનું આગવું મહત્ત્વ છે. તે પણ અસહકારના આંદોલનની જેમ તેને તેના સ્વરાજ્ય પ્રાપ્તિના ધ્યેયમાં સફળ થયું નહિ. આમ છતાં તેને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં વ્યાપક અસરો ઉપજાવી હતી.

સરકારે લોકોને સંતોષવા 1935ના સુધારા આપ્યા.

1. આ આંદોલનને ભારતની સ્ત્રી શક્તિને રાજકીય તેમજ સમાજીક તેમજ રાજકીય ક્ષેત્રે જાગ્રત બનાવી.સ્ત્રીઓએ આઝાદીની લડતમાં ભાગ લીધો.
2. આ આંદોલનો ભારતની યુવાશક્તિમાં પણ અપૂર્વ જાગૃતિનો સંચાર કર્યો.અનેક વિદ્યાર્થી સંગઠનો અસ્તિત્વમાં આવ્યા.
3. આ આંદોલનથી કોંગ્રેસ ખરા અર્થમાં લોકોની બની અને મહાત્મા ગાંધી લોકોના સર્વોચ્ચ નેતા બન્યા.
4. ગાંધી વ્યાખ્યાન શ્રેણીમાં બ્રિટનના પ્રસિધ્ધ ઇતિહાસકાર માર્ટીન શેરીદને જણાવ્યું હતું કે 'સવિનય કાનૂનભંગની લડતના એક ભાગરૂપે મહાત્મા ગાંધીએ કરેલી દાંડીકૂચ માનવ-સંસ્કૃતિના ઇતિહાસમાં સૌથી અનોખો અને સૌથી બુધ્ધિશાળીઅને તેજસ્વી રાજકીય બનાવ હતો.ગરીબોના હક્ક માટે એટલો માનભર્યો,ગૌરવભર્યો અને માનવતાભર્યો કાર્યક્રમ કોઈપણ યુગના, કોઈપણ દેશમાં યોજાયેલો જોવામાં આવ્યો નથી.'

13.19 1935*નો હિન્દ સરકારનો કાયદો :*

પ્રજાના આંદોલનો,બલિદાનો અને ગોળમેજી પરિષદોના અહેવાલને આધારે બ્રિટિશ સરકારે નવા સુધારાઓ બહાર પાડયા જે '1935ના કાયદા' તરીકે જાણીતા છે.આ કાયદાએ ભારતમાં સમવાયતંત્રની સ્થાપનાની જોગવાઈ કરી અને પ્રાંતિક સ્વરાજ્ય આપ્યું.પરંતુ તેમાં રહેલી અનેક ખામીઓને લીધે કોંગ્રેસ તથા હિંદની જનતાને સંતોષ થયો નહિ.ડો રાજેન્દ્રપ્રસાદ જણાવ્યું કે ''ઈ.સ.1931ના કહેવાતા સમવાયતંત્રના સુધારામાં સાચું પ્રતિક સ્વરાજ્ય પ્રજાને કે પ્રધાનોને નહિ પરંતુ ગવર્નરોને મળ્યું હતું.''આ સુધારા મજબૂત નિયંત્રણ હતા. પણ એન્જીનનો અભાવ હતો.

13.20 *પ્રાંતિક સ્વરાજ્યનો અમલ અને કોંગ્રેસી પ્રધાનમંડળના રાજીનામા :*

1935ના કાયદાનો પહેલો વિભાગ-અખિલ હિન્દ સમવાયતંત્રની સ્થાપનાનો અમલન થયો ન હતો. પરંતુ તેના બીજા વિભાગનેપ્રાંતિક સ્વરાજ્યનો અમલ થયો હતો. તે મુજબ 1936-37માં નવી ચૂંટણીઓ થઇ.ભારતના છ પ્રાંતો-મુંબઈ ,મદ્રાસ,ઉત્તરપ્રદેશ,બિહાર,ઓરિસ્સ અને મધ્યપ્રદેશમાં કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળશે.ત્યાં ગવર્નરો બંધારણીય વડા તરીકે જ કાર્ય કરશે એવી સરકારે મૌખિક બાહેધરી

આપી.તે પછી કોંગ્રેસે પ્રધાનમંડળો રચ્યા અને કાર્યની શરુઆત કરી.પછીથી અન્ય બે પ્રાંતો અસમ અને સરહદ પ્રાંતમાં પણ કોંગ્રેસના પ્રધાનમંડળો રચાયા. કોંગ્રેસી પ્રધાનમંડળએ સુંદર કામ કરી બતાવ્યું.કોંગ્રેસી પ્રધાનમંડળોએ પ્રજાના કલ્યાણ માટે ઘણા કાયદાઓ કર્યા. ખાસ કરીને ખેડૂતોની સ્થિતિની સુધારણા, નાના ઉધોગોને ઉત્તેજન,પ્રાથમિક શિક્ષણનો વિકાસ અને વર્ધ્યા યોજનાઓ અમલ,દારૂબંધી અસ્પૃશ્યતા નિવારણ તથા મજૂરો ના કામના કલાકો નિયંત્રણ કરવા માટે કરાયેલ કાયદા ખરેખર વખાણવા લાયક હતા.હિંદીઓ રચનાત્મક કાર્ય પણ સુંદર રીતે કરી શકે છે,તે સાબિત કરી બતાવ્યું.આ રીતે આશરે બે વરસ આ પ્રયોગ ચાલ્યો.પરંતુ 1939ના સપ્ટેમ્બરમાં બીજું વિશ્વયુદ્ધ શરુ થયું.ત્યારે ભારતની સંમતિવિના જ બ્રિટિશ સરકારે તેને યુદ્ધમાં જોડી દીધું.તેના વિરોધમાં કોંગ્રેસી પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યા.મુસ્લિમ લીગ તેમ કર્યું નહિ અને મુસ્લિમો માટે પાકિસ્તાનની માંગણી કરી.

13.21 *બીજા વિશ્વયુદ્ધ દરમિયાનનો ભારતનો રાષ્ટ્રવાદ- વલણ :*

(1) કોંગ્રેસ અને હિંદના રાજકીય પક્ષોએ 'હિંદને યુદ્ધમા જોડાયેલું રાષ્ટ્ર' જાહેર કરવાના વાઈરસરોય લિનલિથગોના પગલાનો વિરોધ કર્યા. કોંગ્રેસની કારોબારી સમિતિ વર્ધા મુકામે મળી.તેમાં સુભાષચંદ્ર બોઝને ખાસ આમંત્રણથી બોલાવવામાં આવ્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યુ કે ,''કોંગ્રેસે સ્વાતંત્ર્ય સંગ્રામ શરુ કરીને દઈને બ્રિટન યુરોપીય યુદ્ધમા રોકાયેલું છે તે પરિસ્થિતિનો પુરતો લાભ ઉઠાવવો જોઈએ.'' તેમણે કોંગ્રેસ નેતાઓને ચેતવણી આપી કે, ''જો તેઓ આ તકનો પૂરેપૂરો લાભ નહિ ઉઠાવે તો, તેઓએ સ્થાપેલો 'ફોરવર્ડ બ્લોક' તેમ કરશે .

(2) 14 સપ્ટેમ્બર 1939 ના રોજ કોંગ્રેસ કરોબારીએ ઠરાવ પસાર કર્યા કે, જો બ્રિટન લોકશાહી જાળવવા અને વિસ્તાર માટે યુદ્ધ લડતું હોય તો તેણે પહેલા તો પોતના તાબા નીચેના પ્રદેશમાંથી સામ્રાજયવાદનો અંત લાવવો જોઈએ અને ભારતમાં સંપુર્ણ લોકશાહી સ્થાપવી જોઈએ. સ્વતત્ર ભારત જ અન્ય સ્વતંત્ર દેશોની સાથે યુદ્ધમાં ભાગ લઈ શકે. આમ છતા જો બ્રિટિશ સરકાર –

1. યુદ્ધ પુરુ થયા પછી હિંદ ને પોતાના બંધારણ ઘડવાણી સ્વતંત્રા આપવાની બાંયધરી આપે તથા
2. હિંદમાં કામચાલાઉ રાષ્ટ્રીય સરકાર સ્થાપે, તો યુદ્ધમા મિત્રરાજ્યોને સંપૂર્ણ સહકાર આપવાનુ ઠરાવ્યુ.
3. લિબરલ તથા અન્ય પક્ષોએ કોંગ્રેસના ઠરાવોને પોતાનો ટેકો જાહેર કર્યો. મુસ્લિમ લીગે આ બન્ને બાબતોમાં મુસ્લિમોની સંમતિ વગર સરકાર કોઈ પગલું ન ભરે તે શરતે કોંગ્રેસના આ ઠરાવનો વિરોધ ન કર્યો .

(બ) વાઈસરૉય લિનલિથગોની જાહેરાત અને કોંગ્રેસ પ્રધાનમંડળના રજીનામા (નવેમ્બર,1939)

કોંગ્રેસના આ પ્રત્યાઘાત સામે વાઇરસરૉય લિનલિથગોએ હિંદના જુદા જુદા વર્ગો, કોમો અને સંસ્થાનુ પ્રતિનિધિત્વ ધરાવતા બાવન જેટલો પ્રતિનિધિઓની સાથે ચર્ચાવિચારણા કર્યા બાદ 17 ઓકટોબર 1939ના રોજ જાહેર કર્યું કે,

1. ભારત માટેની બ્રિટિશ નીતિ 'સાંસ્થાનિક સ્વરાજ્ય' આપવાની છે તે માટે યુદ્ધ પૂરુ થયા બાદ ભારતના નેતાઓના વિચારો જાણીને અને લઘુમતી હિતોને ધ્યાનમાં લઈને 1935ના કાયદામાં જરુરી સુધારા કરવામા આવશે .
2. હાલમાં હિન્દીઓના હાથમાં વધુ સોંપવાનુ સરકાર માટે શકય નથી. પરંતુ સરકાર હિંદના જુદાજુદા વર્ગો અને કોમનુ પ્રતિનિધિત્વ ધરાવતાં સભ્યોની એક સલાહકાર સમિતિ નીમશે, જે યુદ્ધની બાબતમાં હિંદ સરકારને સલાહ સુચનો આપશે.

કોંગ્રેસના પ્રત્યાઘાત અને રાજીનમા :

આ જાહેરાતથી સરકારે હિંદને યુદ્ધ પૂરુ થયા બાદ 'પૂર્ણ સ્વરાજ્ય' આપવાની અને રાષ્ટ્રીય સરકાર રચવાની કોંગ્રેસની માગણીની સદંતર ઉપેક્ષા કરી.વળી લઘુમતીઓના હિતો પર ભાર મૂકીને સરકાર કોમો અને વર્ગો વચ્ચેની કડવાશ વધારવા માંગતી હતી. વાઇસરોયના આ નિવેદનથી કોંગ્રેસના વર્તુળમાં ભારે નિરાશા છવાઇ ગઇ. ઇંગ્લેન્ડ દુનિયા સમક્ષ સ્વાતંત્ર્ય અને લોકશાહીની સુફિયાણી વાતો કરતુ હતું પરંતુ ઘરઆંગણે વ્યક્તિગત સ્વાતંત્ર્ય, જાહેર સભાઓના દેખાવો પર અંકુશ લાદવામા આવ્યા હતા અને અદાલતમાં કેસ ચલાવ્યા વગર અનેક લોકોને જેલમાં પુરવામા આવતા હતા. વળી, પ્રાંતિક સરકારોને યુદ્ધ નીતિનો અમલ કરવાનું જણાવીને તેને સત્તા વગરની બનાવી દેવામા આવી હતી, તે બાબતનું પણ કોંગ્રેસને ભારે દુ:ખ હતુ. આથી કોંગ્રેસ કારોબારીએ બધા કોંગ્રેસી પ્રધાનમંડળોને રાજીનામુ આપી દેવાના આદેશ આપ્યા. તે મુજબ નવેમ્બર, 1939માં આઠ પ્રાંતોમાંથી કોંગ્રેસી પ્રધાનમંડળોએ રાજીનામા આપ્યા. આ બધા પ્રાંતોમા ગવર્નરે બંધારણ નિષ્ફળ ગયાની જાહેરાત કરી ધારાસભાઓને વિખેરી નાખી. પ્રાંતિય સ્વાયત્તતા'નુ નાટક પૂરું થયું અને ફરી વાર પ્રાંતોમા ગવર્નર આપખુદ અને બિનજવાબદાર શરૂ થયું.

***(ક) મિત્રદેશો માટે યુદ્ધની ગંભીર સ્થિતિ અને મુસ્લિમલીગની પાકિસ્તાન માટે માંગણી (ઈ.સ.*1940):**

દરમિયાનમાં મિત્રદેશોને માટે યુદ્ધની પરિસ્થિતિ વિકટ બની. જર્મનીએ ફ્રાંસ, બેલ્જિયમ, નોર્વે, ડેન્માર્ક સહિતના યુરોપના ગણાખરા દેશો કબજે કર્યા. ઇટાલીએ આફ્રિકાના એબિસિનિયા સહિતના ઘણા પ્રદેશો જીતી લીધા જાપાને અગ્નિ એશિયાના ઘણા ખરા પ્રદેશો જીતી લીધા. જર્મનીએ ઇંગ્લેન્ડ પર સતત બોમ્બ વર્ષા ચલાવીને તેને ભારે મુસીબતમાં મુકી દીધુ.

મુસ્લિમલીગે આ સંજોગોનો બરોબર લાભ લેવાનુ નક્કી કર્યું. કોંગ્રેસ સત્તા પરથી હટી ગઇ હતી. બ્રિટિશ સરકાર ભારે સંકટમાં મુકાઇ ગઇ હતી. ત્યારે મુસ્લિમ લીગને

લાગ્યું કે, મુસ્લિમોની માંગણીઓ ભારપૂર્વક રજૂ કરવાની આ સુંદર તક છે. માર્ચ 1940માં લાહોરમાં મળેલા મુસ્લિમ લીગના વાર્ષિક અધિવેશનમાં એક લાખ મુસ્લિમોની હાજરીમાં મુસ્લિમ બહુમતી ધરાવતા વાયવ્ય સરહદ પ્રાંત, સિંધ , બલૂચિસ્તાન,પંજાબ, દિલ્હી, ઉત્તરપ્રદેશના અમુક જિલ્લા કમિશનર, બંગાળા, આસામ તથા દખ્ખણમાં હૈદરાબાદ અને મદ્રાસના અમુક જિલ્લાઓના સમાવેશ કરતા મુસ્લિમોના સ્વતંત્ર રાજ્યની માગણીનો ઠરાવ પસાર કરાવામાં આવ્યો. લીગના પ્રમુખ મિ. ઝીણાએ જણાવ્યું કે, ભારતની સમસ્યાનો ઉકેલ બે રાજ્યોની રચનામાં રહેલો છે. આ પછી મુસ્લિમ લીગે પકિસ્તાનની રચનાને તેનુ મુખ્ય ધ્યેય અને 'જીવન અને મરણનો પ્રશ્ન બનાવ્યો. મુસ્લિમ લીગના આ લાહોર ઠરાવ લીગને'' એક મહત્ત્વકાંક્ષા આપી, એક કાર્યક્રમ આપ્યો. '' આ સાથે આ ઠરાવ ''મિ.ઝિણાના વ્યક્તિગત વિજયનો ધોતક હતો અને તેની સાથે લીગમાં તેમની સરમુખત્યા ભરી નેતાગીરી કાયમ માટે સ્થાપિત થઈ ગઈ.''

(૩) કોંગ્રેસ કારોબારીની સમિતિને લાગ્યુ કે બ્રિટિશ સરકાર દેશોના પ્રત્યાઘાતી તત્વોનો સાથ લઈને પોતાની સત્તા ટકાવી રાખવા માંગે છે. તેથી તેણે જાહેર કર્યુ કે,''જનતા પ્રતિનિધઓને ખરેખર સત્તા આપવામા નહિ આવે તો કોંગ્રેસ વચગાળાના સમયમા પણ જવાબદાર સરકારનો કોઈ પણ સંજોગમાં સ્વીકાર કરશે નહીં. આવી પરીસ્થિતિમા પણ સરકારની દમનનીતિ ચાલુ હતી ત્યારે ચક્રવર્તી રાજગોપાલાચારીના સુચન અનુસાર જુલાઇ, 1940માં કોંગ્રેસે દરખાસ્ત મુકી કે સ્વતંત્રતાની માગણીઓ સ્વીકારવામા આવે અને કેન્દ્રમાં ધારાસભામાં જવાબદાર હોય તેવી રાષ્ટ્રીય સરકારની રચના કરવામાં આવે તો કોંગ્રેસ સરકારને યુદ્ધમાં સપૂર્ણ સહકાર આપશે. આ પછી પૂનામા 27-28 જુલાઇ ,1940ના રોજ કોંગ્રેસ મહા સમિતિની બેઠક મળી. તેમા ભારે વાદ વિવાદના અંતે મોટી બહુમતીથી એવો ઠરાવ કરવામા આવ્યો કે કોંગ્રેસની માગણીઓ સરકાર સ્વીકારે તો તેને યુદ્ધમા મદદ કરવી. સરદાર વલ્લભભાઇ, ચક્રવતી રાજગોપાલાચારી અને જવાહરલાલ નેહરુ માનતા હતા કે ઇંગ્લેંડ પર ભય છે તેવે સમયે બ્રિટિશ રાજપુરુષો કોંગ્રેસનો સાથ લેવા તત્પર બનશે .પરંતુ અંગ્રેજોને કોંગ્રેસની સંમતિવગર ભારતમાથી સૈનીકો અને નાણાની પુષ્કળ સહાય મળતી હતી. રાજાઓ અને કોંગ્રેસ વિરોધી પક્ષોનો તેને સપુર્ણ ટેકો હતો. આમ છતા યુદ્ધની વિકટ પરિસ્થિતિ જોતા ચર્ચિલ ની સરકારને હિંદના સર્વ પક્ષોએ ખાસ કરીને કોંગ્રેસનો ટેકો મેળવવાનુ અનિવાર્ય લાગ્યુ. એટ્લે તેણે વાઇસરોયને અમુક મર્યાદાઓ સાથેની ચોક્કસ છુટછાટો હિંદને આપવાની જાહેરાત કરવાની સત્તા આપી. આ અનુસાર વાઇસરોયે 8 ઓગષ્ટ 1940 ના રોજ હિંદ સમક્ષ દરખાસ્ત રજૂ કરી, જે ઓગષ્ટ ઓફર તરીકે જાણીતી છે.

(ઇ) ઓગસ્ટ ઓફરમાં વાઇરસરોય લોર્ડ લિનલિથગોએ કેંદ્રમા 'રાષ્ટીય સરકાર રચવાની કોંગ્રેસની માગણીની ચોખ્ખી ના પાડી. આમ છતા તેમણે નીચેની બાબતો સ્વીકારી.

1. હિંદને સસ્થાનિક સ્વરાજ્ય આપવાનુ બ્રિટન સરકારનુ ધ્યેય છે.

2.યુદ્ધ પુરું થયા બાદ હિંદનુ બંધારણ ઘડવા માટે હિંદના જુદા જુદા વર્ગો અને કોમોનુ પ્રતિનિધિત્વ ધરાવતા આગેવાનોની એક સમિતિ નિમાશે .

3.આવુ બંધારણ હિંદીની લઘુમતીઓના હક્કોની જાળવણી પ્રત્યે પૂરતું ધ્યાન આપશે તથા તેમના યોગ્ય અધિકાર જળવાશે.

4.તે દરમિયાન ગવર્નર જનરલની કારોબારીમાં વધારે હિંદી સભ્યોની નિમણૂંક કરવામાં આવશે.

બ્રિટિશ પ્રાંતો તથા દેશી રાજયોના પ્રતિનિધિઓની બનેલી, એક યુદ્ધ સલાહકાર સમિતિની રચના કરવામાં આવી.

ઓગષ્ટ ઓફર હિંદને સ્પષ્ટ રીતે સાંસ્થાનિક સ્વરાજયનું વચન આપતી હતી. વળી તેણે યુદ્ધ પુરું થાય કે તરત જ હિન્દીઓને પોતાનું બંધારણ ઘડવાનો અધિકાર આપ્યો હતો. આમ છતાં કોંગ્રેસે કરેલી પુર્ણ સ્વરાજય અને રાષ્ટ્રીય સરકારની રચના માટેની માંગણીને તે સંતોષતી ન હતી. આ રીતે ઘડાયેલા બંધારણને સરકાર માન્ય રાખશે કે કેમ તેનો પણ ઓફરમાં ઉલ્લેખ ન હતો. ઓગષ્ટ ઓફરમાં લઘુમતીઓને (મુસ્લિમોને) કોરો ચેક આપી દેવામાં આવતો હતો. તેમને આનાથી જાણે સ્પષ્ટ બાંહેધરી આપવામાં આવી કે તેમની સંમતિ વગર ભવિષ્યમાં કોઇપણ જાતની બંધારણીય યોજના ઘડવામાં આવશે નહીં. આનાથી કોંગ્રેસ અને લીગ વચ્ચેનું સમાધાન અશકય બની ગયું.

(ક)કોંગ્રેસ દ્વારા દરખાસ્તનો અસ્વીકાર :

ભારતના રાજદ્વારી વર્તુળમાં આ ઓફરના મિશ્ર પ્રત્યઘાતો પડયા. મુસ્લિમલીગે તેને પ્રગતિરીલ પગલું માનીને સંતોષ વ્યક્ત કર્યો , હિંદ મહસભાએ પણ તેને સમાધાનભર્યુ વલણ માન્યું અને તેનો સ્વિકાર કર્યો. ઉદારમતવાદી નેતા તેજબહાદુ સુપ્રએ તેનો સ્વીકાર કરવા લોકોને વિનંતી કરી. કોંગ્રેસ પ્રમુખ મૌલાને આઝાદે તો આ દરખાસ્તની ચર્ચા કરવા આવવાનુ વાઇરસ રોયનુ આમંત્રણ પણ ન સ્વીકાર્યું કારણ કે તેમના મતે ''તેમાંથી કશુ ફળદાયી પરિણામ નિપજે તેમ ન હતુ. ''કોંગ્રેસ હિંદને 'પૂર્ણ સ્વરાજય' મળે તે માટે આગ્રહી હતી. જયારે ઓગષ્ટ ઓફર મર્યાદિત પ્રમાણમાં હિંદને સાંસ્થાનિક દરજજો મળે તેનાથી આગળ જતી ન હતી. પંડિત નેહરુ એ જણાવ્યું કે હતું કે હિંદને માટે સંસ્થાનિક દરજજાનો ખ્યાલ મૃતઃપ્રાય થઇ ચુકેલો છે. તેને સજીવન કરવાનો કોઇ અર્થ નથી 18 થી 22 ઓગષ્ટ સુધી વર્ધામાં કોંગ્રેસ કારોબારીની બેઠકે ઠરાવ કરીને જણાવ્યું કે હિન્દીઓ દ્વારા ચુંટાયેલા પ્રતિનિધિઓના હાથમાં સત્તા મુકવાનો બ્રિટિશ સરકારે ઇનકાર કરીને, તેણે હિન્દીઓને સત્યાગ્રહ કરવાની ફરજ પાડી છે. લઘુમતીઓના પ્રશ્નને નામે ઓગષ્ટ

ઓફર દરખાસ્ત અને ભારતની પ્રગતિ રૂધવાનો પ્રયાસ કર્યો છે. કટોકટીના સમયે બ્રિટિશ સરકારને મુંઝવણમાં નહીં મુકવાના કોંગ્રેસના વલણનો ઊંધો અર્થ કરવામાં આવ્યો છે. આ માટે મકકમ પગલાં લેવા માટે કારોબારીએ અખિલ હિંદ કોંગ્રેસ સમિતિને અનુરોધ કર્યો. આમ ઓગષ્ટ ઓફર કોંગ્રેસે તથા મોટા ભાગના રાજકીય પક્ષોને અને હિન્દીઓને સંતોષવામાં નિષ્ફળ ગઈ. બ્રિટિશ સરકારે કોંગ્રેસને અને હિન્દીઓને યુદ્ધમાં જોડવાની તક ગુમાવી દીધી.

13.22 ***વ્યકિતગત સત્યાગ્રહ :***

(1) આથી કોંગ્રેસ કારોબારીએ 11મી ઓકટોબર 1940ના રોજ બ્રિટિશ સરકાર સામે વ્યક્તિગત સત્યાગ્રહ શરુ કરવાનો ઠરાવ કર્યો અને તેને લગતી તમામ સત્તા તેણે ગાંધીજીને સોંપી દિધી. ગાંધીજીએ સ્પષ્ટ કર્યુ કે આ સત્યાગ્રહ સ્વાતંત્ર્ય મેળવા માટે ન હતો પરંતુ બ્રિટિશ સરકારે હિંદને પુછયા વગર તેણે ફરજીયાત રીતે યુદ્ધમાં સમેલ કર્યુ હતુ, તેની સામે વિરોધ વ્યક્ત કરવા માટે હતો. એટલે સત્યાગ્રહમા જોડાનારે લોકોને યુદ્ધમા સરકારને કોઇ પણ પ્રકારની મદદ નહિ કરવા માટેનો પ્રચાર કરવાનો હતો. વળી સરકારની બિનલોકશાહી નીતિરીતિ સામે પણ આ સત્યાગ્રહ મારફત વિરોધ વ્યકત કરવાનો હતો.

વ્યક્તિગત સત્યાગ્રહ ચાર તબકકામાં વહેંચવામાં આવ્યો હતો. પ્રથમ તબકકામાં ગાંધીજીએ પસંદ કરેલા પ્રથમ હરોળના નેતાઓએ સત્યાગ્રહ કરવાનો હતો. બીજા તબકકામાં કોંગ્રેસ મહાસમિતિના સભ્યો, માજીપ્રધાનો, ધારાસભ્યો વગેરેએ સત્યાગ્રહ કરવાનો હતો. ત્રીજાતબકકામાં કોંગ્રેસના પ્રાદેશિક, જિલ્લા તથા તાલુકા સમિતિના સભ્યોએ સત્યાગ્રહનો આશરો લેવાનો હતો જયારે ચોથા તબકકામાં કોંગ્રેસના સામાન્ય સભ્યોએ સત્યાગ્રહમાં જોડાવાનું હતું.

પ્રથમ સત્યાગ્રહી તરીકે ગાંધીજીએ વિનોબા ભાવેની પસંદગી કરી. 1940 ઓકટોબરની 17 મી તારીખે વર્ધાથી પાંચેક માઈલ દૂર આવેલા પૌનાર ગામે વિનોબાએ યુદ્ધ વિરોધી વ્યાખ્યાન આપીને વ્યક્તિગત સત્યાગ્રહનો આરંભ કર્યો. સરકારે 21 ઓકટોબરે તેમની ધરપકડ કરી અને તેમને ત્રણ માસની સજા ફટકારી. બીજા સત્યાગ્રહી તરીકે પસંદ થયેલા બ્રહ્મદત્તે વર્ધા અને તેની આસપાસના ગામોમાં યુદ્ધ વિરોધી સૂત્રોચ્ચાર કરીને અને સભાઓ યોજીને સત્યાગ્રહ કર્યો. સરકારે તેમની પણ ધરપકડ કરી. જવાહરલાલ નહેરુએ ઉત્તરપ્રદેશમાં સત્યાગ્રહ માટે થયેલી તૈયારીઓ નિહાળવા માટે પ્રવાસ ખેડયો અને ત્યાં સભાઓને સંબોધીને લોકોને લડત વિશે ખ્યાલ આપ્યો. પરંતુ તેઓ સત્યાગ્રહ શરૂ કરે તે પહેલાં 31 ઓકટોબર 1940 ના રોજ તેમની ધરપકડ કરી. ચાર વર્ષની સખત કેદની સજા ફરમાવી. 17 નવેમ્બર 1940 ના રોજ અમદાવાદમાં સરદાર પટેલની હિંદસંરક્ષણ ધારા નીચે ધરપકડ કરીને તેમને અનિશ્ચિત મુદત સુધી અટકાયતમાં રાખવામાં આવ્યા. 17 નવેમ્બર 1940 ના રોજ સત્યાગ્રહના બીજા તબક્કાનો આરંભ થયો. તેમા ઘણાખરા માજી પ્રધાનો, મોટા ભાગના ધારાસભ્યો, મહાસમિતિના સભ્યો વગેરેએ ભાગ લીધો. તેઓએ જાહેરમાર્ગ

પર યુદ્ધ વિરોધી સુત્રોચ્ચાર કરીને તથા સભાઓ યોજીને સત્યાગ્રહ કર્યો. તેમને સરકારે 3 થી 12 માસની સાદી જેલની સજાઓ કરી. રાજાજી તથા મૌલાના આઝાદે પણ ધરપકડ વહોરી લિધી. લગભગ 600 સત્યાગ્રહીઓને પકડવામાં આવ્યા.

5 જાન્યુઆરી, 1941ના રોજ સત્યાગ્રહનો ત્રીજો તબક્કો શરુ થયો. તેમા કોંગ્રેસના પ્રાદેશિક, જિલ્લા, તાલુકા તથા ગ્રામ સમિતિઓના મોટા ભાગના સભ્યો જોડાયા. આથી સત્યાગ્રહનું સ્વરૂપ વિસ્તર્યુ. શહેરોની સાથે ગામડાઓમાં પણ તની અસર પડી. ધરપકડનો આંકડો 2500 ઉપર પહોચ્યા. સરકાર સત્યાગ્રહીઓને જેલમાં મોકલવાને બદલે દંડ ભરીને છોડી દેવાની નીતિઅપનાવી. તેમણે દંડ ભરવાની ના પાડતાં તમામને જેલમા મોકલવાની સરકારે ફરજ પડી.

એપ્રિલ 1941માં શરુ થયેલો સત્યાગ્રહોનો ચોથો તબક્કો વ્યાપક બન્યો. આમાં કોંગ્રેસનાં સામાન્ય સભ્યને પણ જોડાવાની છૂટ હતી. સત્યાગ્રહીઓની સંખ્યા 25000 જેટલી થયી તેમાંથી સરકારે 200000 જેટલા સત્યાગ્રહીઓની ધરપકડ કરી જેમાં 7000ને મુક્ત કર્યા. કોંગ્રેસની યુદ્ધવિરોધી નીતિનો પ્રચાર લોક સમુદાયમાં થઇ શકે તે માટે હજારો સત્યાગ્રહીઓ જુદાજુદા ઠેકાણેથી દિલ્હી તરફ કુચ કરવા લાગ્યા તથા અસ્પૃશ્યતા નિવારણનો બોધ આપતા. આ કાર્યક્રમમાં સ્ત્રીઓએ પણ ભાગ લીધો હતો.

(છ)વાઇરસરોયની કારોબારી સમિતિમાં પાંચ હિંદીઓને નિમણુંક અને સત્યાગ્રહીઓની મુકિત.

આથી સરકારે કોંગ્રેસને સંતોષવાના બે હળવા પ્રયાસો કર્યા. વાઇરસરૉયની કારોબારી કાઉન્સિલમાં પાંચ હિન્દીઓની નિમણૂક કરી અને યુદ્ધ સલાહકાર સમિતિની રચના કરી. ત્યાર બાદ સરકારે ડિસેમ્બર 1941માં લોકોનો વિશ્વાસ સંપાદન કરવા માટે બધા સત્યાગ્રહીઓને મુક્ત કર્યા. પરંતુ સરકારના આ પગલાંની ગાંધીજી પર કોઇ અસર થઇ નહીં.

(જ)જાપાનનો યુદ્ધમાં પ્રવેશ અને સત્યાગ્રહની મોકુફીઃ

7 ડિસેમ્બર, 1941ના રોજ જાપાન યુદ્ધ પ્રવેશતાં યુદ્ધની પરિસ્થિતિમાં મોટો પલટો આવ્યો. જાપાને અમેરિકાના પલહાર્બર પર હુમલો કરીને તેના મોટા ભાગના નૌકા કાફલાનો નાશ કર્યો તથા ચીન અને અગ્નિ એશિયાના દેશો પર વિજળીક વેગે હુમલો કરીને તેમને કબજે કરવા માંડયા. આથી હિંદ પર જાપાનના આક્રમણનો ભય વધ્યો. આ સંજોગમા સત્યાગ્રહ વધારે વખત ચાલુ રાખવો તે ગાંધીજી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓને યોગ્ય લાગ્યુ કે નહીં.

13.23 *ક્રિપ્સ દરખાસ્તો (ઈ:સ* 1942) :

પરિબળો:

હિંસા કોમી પ્રશ્ને વધારે ને વધારે કડવાશ જામતી હતી, ત્યારે મહાયુદ્ધમાં બ્રિટિન માર ખાતું જતું હતું. અને તેમાંય ઈ.સ.1941મા જાપાન પણ જર્મની સાથે યુદ્ધમાં ભળ્યું ત્યારે યુદ્ધનો ખાસ કરીને પૂર્વીય મોરચાનો રંગ પલટાઈ ગયો. જાપાને અમેરિકા વિરુદ્ધ યુદ્ધ જાહેર કર્યુ તે પછી જાપાનના લશ્કરો સમગ્ર અગ્નિ એશિયાના દેશોમા નદીના ધસમાદતા પુરની જેમ ફરી વળી. જાપાને ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા, હિન્દી, ચીન અને મલાયા કબજે કર્યુ. ફેબ્રુઆરી 1942માં સિંગાપુરનું પતન થયુ અને 7મી માર્ચ રંગુનનું પતન થયું. યુદ્ધ હિંદના બારણે આવી પહોંચ્યું. ભારતની સલામતી માટે ભય પેદા થયો. ખુદ ચર્ચિલે કબુલ કર્યુ કે, ઈંગ્લેન્ડ પાસે ભારતનું રક્ષણ કરવા પુરતા સાધનો નથી. આવી ગંભીર પરિસ્થિતિમાં પણ ભારતના નેતાઓ મક્કમ રહ્યા.

ઉપરોકત સંજોગોમાં ઈંગ્લેન્ડની સરકારે ભારતને મનાવી લેવા આમસભાના નેતા સર સ્ટેફર્ડ ક્રિપ્સને માર્ચ 1942 માં બ્રિટિશ સરકાર વતી કેટલીક દરખાસ્તો લઈને ભારત મોકલ્યા.

(2) સર સ્ટેફર્ડ ક્રિપ્સ 23 માર્ચ 1942 ના રોજ દિલ્હી આવ્યા. તેમણે તરત જ કોંગ્રેસ, મુસ્લિમ લીગ, હિંદુ મહાસભા, રાષ્ટ્રવાદી મુસ્લિમો અને દેશી રાજાઓના પ્રતિનિધિઓ સાથે વાટાઘાટો શરૂ કરી કોંગ્રેસ વતી જવાહરલાલ નહેરૂ અને મૌલાના આઝાદ, મુસ્લિમ લીગ વતી મિ.ઝીણા, અસ્પૃશ્યો વતી ડા.આંબેડકર અને એમ.સી. રાજા, હિન્દુમહાસભા વતી સાવરકર અને લીબરલ પક્ષ તરફથી તેજબહાદુર સુપ્ર અને જયકરે ચર્ચા વિચારણામાં ભાગ લીધો. અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટે પોતાના અંગત પ્રતિનિધિને વાટાઘાટોમાં મદદરૂપ થવા માટે મોકલ્યો. વાટાઘાટો પુરી થતાં ક્રિપ્સે બ્રિટિશ સરકાર વતી નીચેની દરખાસ્તો જાહેર કરી.

1. ભારતમા શકય એટલી વહેલી તકે 'સાંસ્થાનિક દરજ્જો' ધરાવતા ભારતીય સંઘની રચના કરવામાં આવશે.
2. યુદ્ધ પૂરું થયા પછી તરત જ બંધારણ ઘડવા માટે બંધારણ સભાની રચના કરવામાં આવશે.
3. આ રીતે ઘડવામાં આવેલ બંધારણનો બ્રિટિશ સરકાર બે શરતોએ સ્વીકાર અને અમલ કરશે.

(અ) કોઇ પ્રાંત કે પ્રાંતોનું નવું પડેલું બંધારણ સ્વીકારવા તૈયાર ના હોય તો તેઓ પોતના અલગ બંધારણ ઘડી શકશે. તે પ્રાંતોને ભારતીય સંઘનો સમાન દરજ્જો આપવામાં આવશે. એવી જ રીતે દેશી રાજયોને પણ નવું બંધારણ સ્વીકારવું કે નહીં તે બાબતની છૂટ આપવામાં આવશે.

(બ) બ્રિટિશ સરકાર અને બંધારણસભા વચ્ચે એક સંધિ કરવામાં આવશે અને તેમાં બ્રિટિશ સરકાર પાસેથી સર્વ સત્તા ભારતના લોકોને સોપી દેવા અંગેની તમામ બાબતોને સમાવી લેવામા આવશે. આ સંધીમાં ભારતની ધાર્મિક અને જાતિ વિષયક લઘુમતીઓના રક્ષણ વિશેની જોગવાઇ પણ રાખવામાં આવશે.
નવું બંધારણ ઘડવામાં આવે ત્યાં સુધી વારઇસરોયની કારોબારી સમિતિમાં હિન્દી પ્રતિનિધિઓના હાથમાં સંરક્ષણ સિવાયના બધા જ ખાતાઓ સોંપી દેવામાં આવશે. ભારતના સંરક્ષણની જવાબદારી બ્રિટિશ સરકાર ચાલુ રાખશે.

દરખાસ્તોનું વિવેચન :

ક્રિપ્સ દરખાસ્તોમાં હિંદને યુદ્ધ પુરુ થાય કે તરત જ સ્વાયત્ત સાંસ્થાનિક દરજ્જો તથા પોતાનું બંધારણ ઘડવાનો હકક પ્રાપ્ત થતો હતો. જયારે પ્રાંત કે પ્રાંતોને અને દેશી રાજયોને ભારતીય સંઘથી અલગ થવાનો અધિકાર એ દરખાસ્તોની મુખ્ય નબળાઇઓ (ખામીઓ) હતી.
આમ છતાં ક્રિપ્સ દરખાસ્ત 'ઓગષ્ટ ઓફર' કરતા વધારે સ્પષ્ટ, નક્કર અને પ્રગતિશીલ હતી. કારણ કે હિંદીઓને અને હિંદના રાજકીય પક્ષોની મોટા ભાગની માગણીઓંને સતોષતી હતી. ક્રિપ્સ દરખાસ્તો હિંદને પોતે ઇચ્છે તો બ્રિટિશ કોમનવેલ્થમાં અલગ થવાના અધિકાર સાથેનો સાંસ્થાનિક દરજ્જો આપતી હતી. આ ખાતરીનું પાલન કરવામા આવે તો હિંદને માટે થોડી મર્યાદાઓ સાથે લગભગ પૂર્ણ સ્વરાજ્યની પ્રાપ્તિ જ કહેવાય. આમ છતાં આ દરખાસ્ત સામે કેટલાક ગંભીર વાંધાઓ પણ હતા .

1. સ્વાયત્ત સાંસ્થાનિક દરજ્જો ખરેખર કયારે આપવામાં આવશે તેનો આમાં ચોક્કસ ઉલ્લેખ ન હતો .
2. આ યોજના ધ્વારા જે બંધારણસભા રચવામાં આવે તેમાં પ્રાંતોના ચુંટાયેલા પ્રતિનિધિઓ સાથે દેશી રજાઓના નિમાયેલા પ્રધિનિધિઓ બેસવાના હતા. આમ બંધારણ સભામાં પ્રત્યાઘાતી મોરચો ઉભો કરવામા આવનાર હતો
3. સૌથી ખરાબ વાત એ હતી કે, પ્રાંતોને તથા દેશી રાજ્યોને બંધારણ સભામાંથી નીકળી જઇ પોતનું અલગ બંધારણ ઘડવાની સત્તા આપવામાં આવી હતી. આમા મુસ્લિમ લીગની પાકિસ્તાનની લાગણી સંતોષવાનો આડકતરો પ્રયાસ હતો અને ભારતની રાષ્ટ્રીય એકતાની ભાવાના પર કઠોર આઘાત સમાન હતો . ભારતના ભાવી બંધારણની રચના પર આની ગંભીર અસર પડે તેમ હતી.

(4) નિષ્ફળતા :

ક્રિપ્સે ભારતના સર્વે જૂથોને સંતોષવાનો પ્રાયાસ કર્યો હોવા છતા ખરેખર તે કોઇને સંતોષી શકયા નહીં. દરેક પક્ષે આ દરખસ્તની ટીકા કરી. પ્રાંતોને સંઘામાં ન જોડાવાની છુટ આપવી એ પરોક્ષ રીતે મુસ્લીમ લીગની પાકિસ્તાનની માગણીનો સ્વીકાર કરવા જેવુ જ હતુ. તેથી કોંગ્રેસે આ દરખાસ્તને ફગાવી દીધી ગાંધીજીએ

યોજનાને ''બેંકનો ભવિષ્યની તારીખનો ચેક '' કહ્યો અને અયોગ્ય બતાવ્યો. હિંદુ મહસભાએ પણ તેની ભારે નિંદા કરી કારણ કે, તેમાં રાજનૈતિક એકતા પર ઘા કરવામા આવ્યો હતો. ,ઉદારમતવાદીઓએ પણ તેનો વિરોધ કર્યો હતો. મુસ્લિમ લીગે પાછળથી વિરોધ કર્યો કારણ કે તેમની પાકિસ્તાનની માંગ સ્પષ્ટ રીતે સ્વીકારાઇ ન હતી. ટૂંકમાં આયોજનાએ બધાને સંતોષવાનો પ્રયાસ કર્યો પણ સંતોષ્યા નહીં.

(5) અસરોઃ

ક્રિપ્સ મિશન જે ઢંગથી નિષ્ફળ ગયું તેની ભારત રાજનીતિ પર ભારે અસર પડી,

(1) ક્રિપ્સ દરખાસ્તોએ હિંદને પોતાનું બંધારણ ઘડવાનો કોઇ પણ પ્રાંતને કેન્દ્રથી અલગ થવાનો તથા રાષ્ટ્રીય કારોબારી પ્રાપ્ત કરવાનો અધિકાર આપ્યો હતો. ભારતની રાષ્ટ્રીય જાગૃતિ તથા આંતરરાષ્ટ્રિય પરિસ્થિતિને અનુલક્ષીને સરકાર આ ત્રણ વચનોના પાલનને લાંબા સમય સુધી મુલતવી રાખી શકે તેમ હતી નહીં. તેથી યુદ્ધ પૂરુ થતા જ સરકારને હિંદને સ્વશાસન આપવા માટે વેવેલ યોજના અને કેબીનેટ મિશન યોજના રજૂ કરવી પડી.

(2) ક્રિપ્સ મિશનની નિષ્ફળતાના પરિણામે 'હિંદ છોડો 'ની લડત શરુ થઇ અને 'આઝાદ હિંદ ફોજ ની સ્થાપના થઇ. આ બંને લડતોએ હિંદની સ્વરાજ્યની પ્રક્રિયાને ખૂબ ઝડપી બનાવી.

13.24 *હિંદ છોડો આંદોલન* 1942 :

ક્રિપ્સ દરખાસ્તની નિષ્ફળતાના સીધા પ્રત્યાઘાત રુપે ગાંધીજીને હિંદને સ્વરાજ્ય અપાવા માટે ''હિંદ છોડો'' ની આખરી લડત શરુ કરવી પડી. ''1942ની લડત એ ભારતની સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માતેની આખરી લડત હતી. ''ફ્રાન્સ દેશના ઇતિહાસમાં જે મહત્ત્વ ફ્રેંચ રાજયક્રાંતિનું છે, તથા રશિયાના ઇતિહાસમાં જે મૂલ્ય રશિયન ક્રાંતિનું છે તે જે મહત્ત્વ ભારત દેશના ઇતિહાસમાં 42ની 'હિંદછોડો' ની લડતનુ છે. આ લડતથી હિંદને વહેલી તકે પૂર્ણ સ્વરાજ્ય મળે તે માટેનો આવાજ વધારે બળવાન બન્યો અને પરિણામે હિંદને પુર્ણ સ્વરાજ્ય આપતી કેબિનેટ મિશન યોજના અને માઉન્ટબેટન યોજના રજૂ કરી. 1942ની આ ક્રાંતિના અસલી નેતા મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને ડો.રાજેંદ્રપ્રસાદ હતા. અગાઉની કોઇ પણ લડતમાં ગાંધીજીએ આટલી સ્પષ્ટતા અને દ્રઢતાપૂર્વક આઝાદીની માગણી કરી ન હતી. આ લડતને તેમણે ખુલ્લો બળવો' કહીને પ્રજાને સામી છાતીએ ગોળીઓ જીલવાનો સંદેશ આપ્યો હતો. આમ 42ની લડત સમસ્ત ભારતની સંપૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટેની આગવી હતી . ઘણા પ્રસંગોએ ગોળીઓની ઝડીઓ વરસાવી હતી ત્યારે પણ એકઠા થયેલા લોકો વિખેરાયા ન હતા.હિંદ છોડો લડતે દુનિયાના દેશોનું ધ્યાન ખેંચ્યુ અને ભારતનો પ્રશ્ન આંતરરાષ્ટ્રીય મહત્ત્વપામ્યો. આ લડતને દમન દ્વારા દબાવી દેવામાં આવી. પરંતુ તેણે ભારતમાં બ્રિટિશ સામ્રાજયના પાયા હચમચાવી મુકયા.

(અ) 'હિંદછોડો' આંદોલનના સંજોગો–પરિબળો-કારણો-પૂર્વભુમિકાઃ

(1) ***ક્રિપ્સ દરખાસ્તોની નિષ્ફળતા માટે કોંગ્રેસ પર દોષારોપણઃ***

ક્રિપ્સે પોતાની દરખાસ્તોની નિષ્ફળતા માટે મુખ્યત્વે કોંગ્રેસ અને ગાંધીજીને જવાબદાર ઠેરવ્યા. તેમણે કોંગ્રેસ અને ગાંધીજીની વિરુદ્ધ એવો જૂઠો પ્રચાર કર્યા કે, કોંગ્રેસ રાષ્ટ્રિય સરકારની સ્થાપના કરવાના અને તેમાં સંરક્ષણખાતુ હિંદી સભ્યોને સોંપવાના કરેલા હઠાગ્રહને લીધે ક્રિપ્સની વાટાઘાટો પડી ભાંગી. આવો હઠાગ્રહ રાખવા પાછળનો કોંગ્રેસનો આશય હિંદમા લઘુમતી વર્ગ પર બહુમતી વર્ગનું શાસન સ્થાપવાનો હતો. એવો બ્રિટિશ સરકાર જુઠો પ્રચાર આરંભ્યો. ક્રિપ્સના આવા ઝેરી પ્રચારથી ગાંધીજી અને કોંગ્રેસને ખૂબ આઘાત લાગ્યો. હકીકતમાં તો બ્રિટિશ સરકાર હિંદને સ્વરાજ્ય આપવા ઈચ્છૂતી જ ન હતી અને કોંગ્રેસ સામે ખોટો પ્રચાર કરીને વિશ્વમતને અનુકુળ કરવા માગતી હતી. આથી કોંગ્રેસ નેતાઓ સમક્ષ ક્રિપ્સની પ્રતિભા ઝાંખી પડી. પંડિત જવાહરલાલ નહેરુએ જણાવ્યું કે ક્રિપ્સને બ્રિટિશ સામ્રાજયના એજન્ટ બનીને ભારત આવવાની જરુર ન હતી.

(2) ***ગાંધીજીના વિચારોમાં આવેલું પરિવર્તન :***

ક્રિપ્સ દરખાસ્તોની નિષ્ફળતા અને જુઠાણાના પ્રચાર બાદ ગાંધીજીને ખાતરી થઈ કે, બ્રિટિશ સરકાર હિંદને સ્વરાજ્ય આપવા માગતી નથી. માત્ર અમેરિકાના અને વિશ્વમતને પોતના પક્ષે વાળવા બ્રિટિશ સરકારે ક્રિપ્સ મિશન હિંદમાં મોક્લ્યુ હતુ. ગાંધીજીને લાગ્યું કે આવી કટોકટીભરી સ્થિતિમાં પણ બ્રિટિશ સરકાર હિંદને સ્વરાજ્ય આપવાની આનાકાની કરે તો યુદ્ધમા તેને વિજય મળ્યા પછી તેની પાસેથી સ્વાતંત્ર્યની આશા કઈ રીતે રાખી શકાય? આથી યુદ્ધ દરમિયાન બ્રિટિશ સરકાર સામે સામુદાયિક આંદોલન નહીં કરવાના તેમના વિચારોમાં પરિવર્તન આવ્યું. તેમને ખાતરી થઈ કે સ્વરાજય મેળવવા માટે આ પળે બ્રિટિશ સરકાર સામે સામુદાયિક આંદોલનો કર્યા સિવાય કોંગ્રેસ પાસે બીજો કોઈ માર્ગ નથી.

(3) ***સામુદાયિક લડત શરુ કરવા અંગે કોંગ્રેસના અગ્રણી નેતાઓમાં મતભેદઃ***

જવાહરલાલ નેહરુ અને મૌલાના આઝાદ જેવાનેતા ઓ એમ માનતા હતા કે, જ્યારે જાપાન હિંદ પર આક્રમણ કરવાની તૈયારી કરતું હોય ત્યારે બ્રિટિશ સરકાર સામે કોંગ્રેસ સામુદાયિક લડત શરૂ કરે તો તે જાપાનને પરોક્ષ રીતે ઉત્તેજન આપવા બરાબર ગણાય. આ સંજોગોમાં બ્રિટિશ સરકાર આવી લડત સામે અતિ દમનકારી પગલાં ભરી લડતને કચડી નાખશે. ગાંધીજીનો અભિપ્રાય એવો હતો કે, બ્રિટિશ સરકાર જો ભારતમાંથી વિદાય થઈ જાય તો જાપાનને હિંદ પર આક્રમણ કરવાનું કોઈ કારણ રહે નહીં. વળી જાપાનાના હિંદ પરના આક્રમણની ઘડીઓ ગણાતી હોય ત્યારે બ્રિટિશ સરકાર વિશ્વમતને ખ્યાલમાં રાખીને હિંદના લોકો પર જુલમ કરશે નહિ પણ સમાધાન સાધવા પ્રયાસ કરશે અને તેમાંથી સ્વરાજ્ય માટેનો માર્ગ મોકળો થશે.

(4) બર્માના શરણાર્થીઓની યાતનાઓ અને ગાંધીજીનો સામુદાયિક લડતનો નિર્ણયઃ

1942ના માર્ચમાં જાપાને બ્રહ્મદેશ, આંદામાન અને નિકોબાર પણ કબજે કરી લીધા અને એપ્રિલ,1942માં તેણે કલકત્તા તથા ભારતના પૂર્વ કિનારાના શહેરો પર બોમ્બ ફેંકવાનુ શરુ કર્યુ. આથી બ્રહ્મદેશ અને પૂર્વ કિનારાની આસપાસના પ્રદેશોમાં રહેતા લોકો નાસીને ભારતના અંદરના ભાગોમાં આવવા લાગ્યા. બ્રહ્મદેશ ખાલી કરાવતી વખતે અંગ્રેજોએ દર્શાવેલ રંગભેદ વિરુદ્ધ ગાંધીજીનુ મન બળવો પોકારતું હતું. બંગાળમાં લશ્કરના ઉપભોગ માટે ખેડૂતોના મકાનો નિર્દયતાપૂર્વક ખાલી કરાવવામાં આવ્યા. આ સમયે જાપાનના આક્રમણના ભયથી એકાએક ભાવો વધ્યા હતા. બ્રિટિશ સરકારની ચલણી નોટોમાંથી લોકોનો વિશ્વાસ ડગી ગયો અને મધ્મવર્ગ આર્થિક ભીસમાં આવી ગયો. ગાંધીજી આ બાબતથી સાવધ હતા. તેથી એક મુત્સદ્દીની જેમ તેમણે ક્રાંતિ માટેના ઉત્તમ સમય પારખ્યો અને સામુદાયિક લડતનો માર્ગ અપનાવ્યો.

(5) ગાંધિજીના લેખો અને વક્તવ્યો :

'હિંદછોડો' ની લડત અંગે પોતના વિચારો રજૂ કરતા લેખો ગાંધીજી એ હરિજન તથા અન્ય અખબારોમાં લખ્યા. તેમણે સાફ જણાવ્યું કે હિંદ અને બ્રિટિશ સરકારને માનભેર રીતે જુદા પાડવાનો આ ખૂબ યોગ્ય સમય છે. હિંદમાં બ્રિટિશ સરકારની હાજરી એ જાપાનને હિંદ પર ચડાઇ કરવાના નિમંત્રણ બરાબર છે. જ્યારે હિંદમાંથી તેમની વિદાયએ જાપાનના હિંદ પરના આક્રમણને અટકાવી દેવા જેવી છે. જાપાનને બ્રિટિશ સામ્રાજય સામે હરીફાઇ અને વેર છે. હિંદ પ્રત્યે તેને કોઇ વેરઝેર નથી, એટલે હિંદમાંથી બ્રિટિશ સરકારના શાસનનો અંત આવે તો જાપાન હિંદ પર ચડાઇ કરવાનો વિચાર ચોકકસ પડતો મુકે બ્રિટિશ સરકારના જવાથી કદાચ હિંદમા અવ્યવસ્થા ફેલાય તો તેની ચિંતા કરવાની જરૂર નથી. તે અવ્યવસ્થામાંથી નવા હિંદનો જન્મ થશે. કદાચ કોમી પ્રશ્ન પર પક્ષો લડે થતો પણ તેમાંથી એકતાનું નિર્માણ થશે. બ્રિટિશ સરકારની હાજરીથી જ કોમી પ્રશ્ન ગુંચવાય છે. તેથી હિંદમાંથી તેની વિદાયની સાથે જ તેનો નિકાલ થઇ જશે. ગાંધીજીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હિંદને ભગવાનના હાથમા સોપી દો અને આ શબ્દો વિચિત્ર લાગતા હોય તો કહુ છુ કે અરાજકતાના હાથમા સોંપો .''(હરિજનબંધુ) ગાંધીજીએ જાહેર કર્યુ કે, ''લોકો સંપૂર્ણ રીતે અહિંસક બને ત્યાં સુધી ભારતની સ્વતંત્રતા માટે રાહ જોઇ શકુ તેમ નથી. ભારતની ગુલામી નાબુદ કરવા આ જ ઘડીએ સામુદાયિક લડત શરૂ કરવી જોઇએ.'' કોંગ્રેસ તથા હિંદ પ્રત્યે સહાનુભુતિ ધરાવનાર દેશોમાં કોઇ ગેરસમજૂતી ન થાય તે માટે ગાંધીજીએ અમેરીકાના પ્રમુખ રૂઝવેલ્ટ અને ચીનના પ્રમુખ ચાંગ-કાઇ-શેકને જણાવ્યું કે મિત્ર રાષ્ટ્રોના યુદ્ધ પ્રયાસોમાં વિક્ષેપ નાંખવાનો બિલકુલ ઇરાદો નથી. મિત્ર રાષ્ટ્રો જાપાનના સંભવિત આક્રમણ સામે હિંદનો બચાવ પોતાના લશ્કરો જરૂર હિંદમાં રાખી શકશે. એટલું જ નહીં પરંતુ આમાં સ્વતંત્ર ભારત પોતાનો પૂરો સાથ આપશે અને સ્વતંત્ર ભારત મિત્ર દેશોના સાથીદાર તરીકે તેમની વિજય અપાવવામાં

અગત્યનો ભાગ ભજવશે. મોરેસ ફ્રેક સાચે જ લખે છે કે ગાંધીજીના હરિજન લેખોએ હિંદ છોડોના સૂત્રે દેશભરમાં હલચલ પેદા કરી દીધી હતી.

(6) *કોંગ્રેસ કારોબારીનો 'હિંદ છોડો' નો ઠરાવ :*

આવા તંગ કટોકટીભર્યા વાતાવરણમાં 6 જુલાઇ,1942ના રોજ કોગ્રેસ કરોબારીની બેઠક વર્ધા મુકામે મળી. એક અઠવાડિયાની ગંભીર ચર્ચા વિચારણા કર્યા બાદ 14 જુલાઇ, 1942ના રોજ કોંગ્રેસ કારોબારીએ હિંદ છોડોને લગતો ઐતિહાસિક ઠરાવ પસાર કર્યા, જેનો સાર નીચે પ્રમાણે છે.

" હિંદની હાલની દુઃખદ અને કટોકરી ભરી સ્થિતિ જોતા હિંદમાથી બ્રિટિશ શાસનનો તાત્કાલિક અંત આવે તે ખૂબ જરૂરી છે, વિદેશી શાસને ભારતને પારાવાર નુકસાન કર્યુ છે. તેની હિંદમાની હાજરીથી હિંદ યુદ્ધમાં પોતાનો યોગ્ય હિસ્સો આપી શકે નહિ તથા પોતાની સ્વાધીનતા માટે આક્રમણખોરને અસરકારક લડત આપી શકે નહીં. આથી ભારતનુ સ્વાતંત્ર્ય માત્ર ભારતના હિત માટે જ નહીં પરંતુ વિશ્વશાંતિ માટે જરૂરી છે.

ક્રિપ્સ દરખાસ્તોએ સિદ્ધ કર્યુ કે બ્રિટિશ સરકાર સત્તા છોડવા માગતી નથી તથા આ દેશને સ્વરાજય આપવાનો તેનો ઈરાદો નથી. આથી બ્રિટિશ સરકારને રાજીખુશીથી તાત્કાલિક હિંદ છોડી જવા તથા હિંદને પૂર્ણ સ્વરાજય આપી દેવાનો અનુરોધ કરે છે. આમ નહીં બને તો ના છુટકે કોંગ્રેસને અગાઉની માફક ગાંધીજીના નેતુત્વ નીચે પૂર્ણ સ્વરાજય મેળવવા માટે સરકાર સામે અહિંસક ઢબે સામુદાયિક લડત શરૂ કરવાની ફરજ પડશે."

(7) *સમાધાનનો છેલ્લો પ્રયાસ:*

ગાંધીજીએ સમાધાનના છેલ્લા પ્રયત્ન તરીકે કોંગ્રેસ કારોબારીનો ઉપરનો ઠરાવ તથા પોતાના પત્ર સાથે પોતાના અનુયાયી મીરાબહેનને વાઇસરોય પાસે મોકલ્યા. વારસરોય તેમને મુલાકાત આપવાની ચોખ્ખી ના પાડી દીધી અને ગાંધીજીને કહેવડાવ્યું કે," યુદ્ધની કપરી સ્થિતિમાં જ્યારે ભારત પર જાપાનના આક્રમણનો ભય છે ત્યારે કોંગ્રેસ હિંસક કે અહિંસક એવી કોઇ પણ પ્રકારની લડત શરૂ કરશે તો સરકાર તેને કડક હાથે દાબી દેશે."

(8) *અખિલ હિંદ કોંગ્રેસ મહાસમિતીએ 'હિંદછોડોલ્ઞ ઠરાવને આપેલી સંમતિ :*

(8 ઓગષ્ટ1942): મુંબઈમાં મળેલી મહાસમિતિની બેઠકમાં 8 ઓગષ્ટ 1942ની રાત્રે "હિંદ છોડો" નો ઐતિહાસિક ઠરાવ પસાર કરવામા આવ્યો. તેની મહત્ત્વની બાબતો આ પ્રમાણે છે.:

"દેશમાંથી બ્રિટિશ હુકુમતનો અંત આવે એ એક અત્યંત અગત્યનો અને તેટલી જ તાર્કિદનો મુદ્દો છે.મુક્તિ થકી સ્વતંત્રતા બીજાને સુપરત ના કરી શકાય તેવા પોતાના હક્કની સિધ્ધિ માટે, મોટામાં મોટા પાયા પર અહિંસાથી ચાલતી લડતને મંજૂરી આપવાનુ સમિતિ ઠરાવ છે. આ પ્રકારની લડતનું સુકાન ગાંધીજી લે એ અનિવાર્ય છે.

જે હિંદની મુકિતને માટે ઝંખે છે અને તેને માટે મથે છે. ઉપર્યુકત ઠરાવના સમર્થનમાં ગાંધીજીએ મહાસમિતિમાં મહત્ત્વપુર્ણ ભાષણ કર્યું. દરેક ભાઈ અને બહેન આઠે પહોરે એક જ સ્તવનકરે કે સવાર સાંજ ખાઉ છું તે આઝાદીને માટે, જીવુ છું તે આઝાદીને માટે અને મરીશ પણ હિંદની આઝાદી માટે આજે છુપાઈને કશું કરવું નથી. આ ખુલ્લો બળવો છે. આ લડતમાં ખુલ્લી છાતીએ ગોળીઓ ઝીલવાની છે. એમાં છુપી ''વૃત્તિ પાપ છે. બધા જ મિત્ર દેશોની પ્રજાઓ મારો વિરોધ કરશે, અરે આખું હિંદ મને પડતો મુકશે તો પણ હું કહેવાનો છું કે તમે બધા ખોટા છો. સ્વરાજય ન આપવા ઈચ્છતા હાથોમાંથી હિંદ પોતાની આઝાદી અહિંસા વડે ઝુંટવી લેશે. હિંદની આઝાદી માટે મારાથી વધુ સમય ખોટી થવાય તેમ નથી. મારા જીવનની આ છેલ્લી લડત છે. મેં મહાસભાને હોડમાં મુકી છે અને મહાસભા માટે તો એટલું જ રહે છે કરેંગે યા મરેંગે.

(અ) લડતનો કાર્યક્રમ :

ઠરાવ પસાર કર્યા બાદ ગાંધીજીએ લડતના મુખ્ય કાર્યક્રમ તરીકે હડતાલ, સૂચક ઉપવાસ સભા, સરઘસ , સરકારને કર કે મહેસૂલ આપવાનો ઈનકાર, મીઠાનું ગેરકાયદેસર ઉત્પાદન, શાળા, કૉલેજો તથા સરકારી નોકરીઓના ત્યાગ વગેરેનો અમલ કરવા લોકોને આદેશ આપ્યો. પૂર્ણ સ્વરાજય મેળવવા ગમે તે હદે જવું પડે તેમજ તે માટે ખતમ થઈ જવાની પણ તૈયારી રાખવી.

(બ) 1942નો 'હિંદ છોડો 'લડતનો પ્રાંરભ અને તેનું સ્વરૂપ—લડતના મુખ્ય લક્ષણો અને બનાવો- લડત ના તબક્કાઓ:

''ધી ઈન્ડિયન રિવોલ્ટ ઓફ 42'' માં ડૉ. અંબાપ્રસાદ લખે છે કે, ''હિંદ છોડો'' આંદોલન મુખ્યત્વે ચાર તબક્કાઓમાથી પસાર થયુ:

(1) હડતાલો અને સભાઓનો ગાળો (2) ભાંગફોડની ''વૃત્તિઓનો ગાળો (3) સશસ્ત્ર હુમલાઓનો ગાળો (4) ગાંધીજીની મુક્તિ

(1) પહેલો તબક્કો —હડતાલો અને સભાઓનો ગાળો:

8મી ઓગસ્ટની મોડી રાત્રે કોંગ્રેસ મહાસમિતિની બેઠક પુરી થઈ અને બીજા દિવસે 9મી ઓગષ્ટની વહેલી સવારે ગાંધીજી , મૌલાના આઝાદ, જવાહરલાલ નેહરુ, સરદાર પટેલ તથા અન્ય જાણીતા નેતાઓની ધરપકડ કરવામા આવી. સરકારે બધી જ કોંગ્રેસ સમિતિઓને ગેરકાયદેસર જાહેર કરી તેમજ પ્રાંતિય અને જિલ્લા કક્ષાના નેતાઓને જેલમા પુરી દીધા. આમ સરકારે લડતનો પ્રાંરભ થાય તે પહેલા જ તેને દાબી દેવા માટે ભારે કડક વલણ અપનાવ્યું. આ પ્રકારની સામુદાયિક ધરપકડોને કારણે ચળવળને દોરવણી આપનારુ કોઈ રહ્યું નહીં. મોટા ભાગના નેતાઓને જૂન 1945 સુધી જેલમા રાખવામાં આવ્યા.

ગાંધીજી અને અન્ય નેતાઓની એકસામટી ધરપકડ થતા જનતાનો રોષ જવાળામુખીની જેમ ભભુકી ઉઠ્યો. મુંબઈ, પુના, મદ્રાસ, દિલ્હી, અમૃતસર, કલકત્તા, અમદાવાદ, પટણા અને અન્ય શહેરો તથા ગામડાઓમાં લોકોએ ભારે ઉગ્ર

પ્રત્યાઘાતો દર્શાવ્યા. તેઓએ હડતાલો સરઘસો,સભાઓ વગેરેદ્વારા સરકારની અવી નીતિસામે મોટા પાયા પર વિરોધ વ્યક્ત કર્યા. ખેડૂતો, મજૂરો , યુવાનો, વિધાર્થીઓ શિક્ષકો,વેપારીઓ, સ્ત્રીઓ વગેરેએ આમા આગળ પડતો ભાગ ભજવ્યો. 9મી ઓગષ્ટને સવારે જ્યારે ગાંધીજી અને બીજા નેતાઓની ધરપકડ કરવામા આવી ત્યારે મુંબઈ, અમદાવાદ અને પુનામા તોફાનો થયા. મુંબઈમાં લોકોના ટોળાં પર થયેલા ગોળીબારમાં 8 વ્યકિતઓ મૃત્યુ પામી અને 169 વ્યક્તિઓ ઘવાઈ. તે પછી 10મી ઓગષ્ટે દિલ્હી અને ઉત્તરપ્રદેશના કેટલાક શહેરોમા તોફાનો થયા. અનેક કારખાનાઓમાં મજૂરો ની હડતાલ પડી. જમશેદ્પુરના કુશળ કારીગરો પંદર દિવસ સુધી કામે ન ગયા. અમદાવાદ,મુંબઈ અને મદ્રાસમાં કાપડ્ની અનેક મિલો બંધ રહી. અમદાવાદમા 75મા જેટલી કાપડની મિલોમાં એક લાખ સોળ હજારો કામદારોએ સાડા ત્રણ મહિના સુધી હડતાલ પાડી. અમદાવાદની શાળા-કૉલેજોના હજારો વિધાર્થીઓએ 250 દિવસ લાંબી અભૂતપૂર્વ હડતાલ પાડી હતી. લડતને દબાવવા સરકારે સભા-સરઘસ પર પ્રતિબંધ ફરમાવ્યો, તો તેની સામે લોકોએ સરકારી તંત્રને થંભાવી દેવાના પ્રયાસ આદર્યા. સરકારે પણ સામે દમન ગુજાર્યુ, સરકારે લડતને દબાવાવા લાઠીચાર્જ, અશ્રુવાયુ,ગોળીબારી ,સખત મારઝૂડ, અતકાયતીઓ પર અમાનુષી ત્રાસ, સ્ત્રીઓ પ્રત્યે અપમાનજનક વર્તાવ. સામુદાયિક દંડ વગેરેનો આશરો લીધો તો પણ લડત દબાઈ નહીં.

(2) બીજો તબક્કો : ભાંગફોડની વ્યાપક પ્રવૃત્તિઓનો ગાળો :

લડતને દબાવવા સરકારે ભારે દમનનીતિ આચરતા લોકોએ સરકારી મકાનો, પોસ્ટ ઓફિસ, તાર-ટેલિફોન તથા રેલવે લાઈનો, રેલવે સ્ટેશનો, પોલીસ સ્ટેશનો, સરકારી કચેરીઓ, સરકારી શાળા-કૉલેજો, મકાનો, પુલો, રસ્તાઓ વગેરેને તોડી નાખવાના કે તેમનો નાશ કરવાના પ્રયાસો કર્યા. સરકારી મિલકતને લૂંટવાના કે આગ લગાડવાના બનાવો ઠેર ઠેર બન્યા. બોમ્બ ફોડવાના બનાવો તો સામાન્ય હતા. બિહારના મોટા ભાગના જિલ્લાઓમા તથા ઉત્તરપ્રદેશના પૂર્વ ભાગમા ભાંગફોડને કારણે અતિ ગંભીર પરિસ્થિતિ પેદા થઈ. અહીં હજારો લોકોના ટોળાઓએ સંદેશાવ્યવહાર અને સરકારી મિલકતોનો નાશ કર્યા. રેલવેમાં ભંગાણ થવાને કારણે અમુક જિલ્લાઓ અલગ પડી ગયા અને લાંબા સમય સુધી બંગાળા ભારતથી તદ્દન અલગ પડી ગયું. આ લડતમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઉશ્કેરાયેલા આ યુવાનોએ પ્રત્યેક સ્થળે અહિંસાની અવગણના કરીને ભાંગફોડ દ્વારા સરકાર પ્રત્યે રોષ બતાવ્યો હતો. ''ખાસ કરીને વિદ્યાર્થીઓએ આ લડતને ટકાવી રાખવામા સૌથી વિશેષ ફાળો આપ્યો તથા સૌથી વધારે જાનહાનિ પણ તેમણે ભોગવી.''

લડતનો ફેલાવોઃ

ઉત્તરપ્રદેશમાં રેલવે, તાર અને ટપાલની મિલકતોની વિશાળ પાયા પર ભાંગફોડ કરવામાં આવી. ટ્રામ, બસ અને મોટરો ઉપરાંત સરકારી સુધરાઈઓની અને ખાનગી માલિકીની મિલકતોને નુક્સાન કરવામા આવ્યું અને લૂંટવામા આવી. ગુજરાતના ઘણાખરા જિલ્લાઓ અને શહેરોમાં લડત ઘણી ઉગ્ર બની હતી. અમદાવાદ તથા ગુજરાતના ઘણાખરા શહેરોમા આગ, લૂંટફાટ, બોમ્બ ધડાકા વગેરેના બનાવો સામાન્ય હતા. પંચમહાલ અને ખેડા જિલ્લામાં લડત વધારે ઉગ્ર હતી. આણંદ પાસે અડાસ ગામે વિદ્યાર્થીઓ પર પોલિસ ગોળીબાર કર્યા હતા. કર્ણાટકમા ઘણાખરા નેતાઓ ભુગર્ભમાં ચાલ્યા ગયા હોવાથી ત્યા લડતનુ સંચાલન વધારે સારી રીતે થયું હતું. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં લડત વધારે ઉગ્ર હતી. સરકારે આશરે સાત હજાર વ્યક્તિઓની ધરપકડ કરી હતી અને ત્રણ લાખ રુપિયાનો સામુદાયિક દંડ નાખ્યો હતો. મહારાષ્ટ્રમાં પૂના, સોલાપુર, સતારા, નાસિક, અમદનગર વગેરેમા લડત વિશેષ ફેલાઈ હતી. બોમ્બ ધડાકા તથા મોટા પાયા પર લૂંટફાટ અને આગના બનાવોને લીધે સરકારને પુના શહેર ચાર દિવસ સુધી લશ્કરને સોંપવુ પડ્યુ હતુ. મહારાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં સરકારી અધિકારો અને કર્મચારીઓનો સખત બહિષ્કાર કરવામા આવ્યો હતો. મધ્યપ્રદેશમા નાગપુર, વર્ધા, ચંદા, અમરાવતી વગેરે મથકોએ વધારે ઝનૂની લડત આપી. નાગપુરના લગભગ તમામ પાલીસમથકોને, સરકારી કચેરીઓને આગ લગાડવામા આવી તથા અદાલતોના મકાનો પર રાષ્ટ્રધ્વજ ફરકાવામાં આવ્યો. ત્રણ દિવસ સુધી શહેરમાં આગ જલતી રહી હતી. આસામમા ગૌહત્તી અને તેની આસપાસના વિસ્તારોમા લડત વધારે ઉગ્ર હતી. લશ્કર લઈ જતી બે રેલગાડીઓને ઉથલાવી નાખવામાં આવી હત્તી. જેના પરીણામે 150 સૈનિકોનું મૃત્યુ થયા હતા. કનકલતા અને રત્ના નામની છોકરીઓએ રાષ્ટ્રધ્વજ સાથે સરઘસને મોખરે રહીને શહીદી વહોરી હતી. ઓરીસ્સામાં કોંગ્રેસનાં બધા નેતાઓની ધરપકડ થતા, લડતનો દોર મુખ્યત્વે વિદ્યાર્થીઓના હાથમાં રહ્યો હતો .ગામડાઓમાં વિદ્યાર્થી નેતાઓની સહાયથી લોકોએ સ્વરાજ્ય પંચાયત અને મજદૂર રાજ્યની સ્થાપના કરી. કટક, બાલાસોર અને કોરાપતમાં લડાઈ વધારે ઉગ્ર હતી. લગભગ બધા જ પ્રકારના શસ્ત્રોથી સજ્જ એવી એક રાષ્ટ્રીય ફોજ પણ ઓરીસ્સામાં ઉભી કરવામાં આવી. જેમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ હતા. દક્ષિણ ભારતમાં લડાઈ ઓછી ઉગ્ર હતી તથા છૂટીછવાઈ હતી. મદ્રાસ અને કોઈમ્બતુર લડાઈના મુખ્ય કેન્દ્રો હતા. દક્ષિણ ભારતમાં ભાંગફોડની પ્રવુત્તિ ખૂબ વ્યવસ્થિત હતી અને તે વૈજ્ઞાનિક સાધનોની મદદથી કરવામાં આવતી હતી .કોઈમ્બતુરનાં વિમાનઘરનો, લશ્કરી બેરેકોના, ટેક્રોનો તથા શસ્ત્ર સરંજામનો નાશ કરવવામાં આવ્યો હતો. રાજસ્થાનમાં જયપુર, જોધપુર, ઉદેપુર, કોટો, ભરતપુર વગેરેમાં શાંત તેમજ હિંસક પ્રવુત્તિઓના ઘણા બનાવો બન્યા હતા. સરહદ પ્રાંતમાં ખાન

અબ્દુલગફારખાનની આગેવાની નીચે પઠાણોનાં બનેલા ખુદાઈ ખિદમતગાર નામના દળે સરકારને ભારે લડત આપી હતી. પંજાબમાં લાહોર અને સિંધમાં કરાંચી લડતના આગળ પડતા કેન્દ્રો હતા.

આં લડત દરમિયાન આખા દેશમાં ભાંગફોડના કુલ નીચે મુજબ બનાવો બન્યા.:

1. 250 જેટલા રેલવે સ્ટેશનો તોડી નાખવામાં આવ્યા કે તેમને નુકશાન કરવામાં આવ્યું .

2.550 પોસ્ટ ઓફીસો પર હુમલા કરવામાં આવ્યા. 50 પોસ્ટ ઓફિસો બાળી નાખવામાં આવી. 200 પોસ્ટ ઓફિસોને નુકસાન પહોચાડવામાં આવ્યું.

3.લગભગ 3500 જેટલા સ્થળોએ તાર-ટેલિફોન દોરડાં કાપી નાખવામાં આવ્યા .

4.90 પોલીસમથકો અને 85 અન્ય સરકારી મકાનો બાળી મુકવામાં આવ્યા.

(3) ત્રીજો તબક્કો – સશસ્ત્ર હૂમલાઓ અને બોમ્બેના ઉપયોગ નો ગાળો :

ઈ.સ 1942ના સપ્ટેબર થી 1943ના ફેબ્રુઆરી સુધી ચાલેલા આ તબક્કા દરમિયાન લોકોના ટોળાઓએ સશસ્ત્ર હુમલાઓ કર્યા. આવી ઘટનાઓ ખાસ કરીને બંગાળ, બિહાર અને મદ્રાસમાં વધારે બની મુબઈ ,ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશના કેટલાક સ્થળોએ જનતાએ બોમ્બનો પણ આશરો લીધો. અમદાવાદમાં એકસાથ વીજળીના પાંચ સ્વીચ હાઉસમાં 15 બોમ્બ ફાટતા આખા શહેરમાં અંધકાર છવાઈ ગયો હતો. તેમાં ચાર યુવાનો મરણ પામ્યા હતા. બીજા કેટલાકને ભયંકર ઈજાઓ થઈ હતી. અવારનવાર બોમ્બ ધડાકા તથા મોટા પાયા પર લૂંટફાટ અને આગના બનાવોને લીધે સરકારે પુના શહેર ચાર દિવસ સુધી લશ્કરના નિયંત્રણ હેઠળ રાખવું પડ્યું હતું. બિહારમાં જયપ્રકાશ નારાયણ અને તેમના સાથીદારોએ તરાઈ જંગલમાં આશ્રય લઈને 'આઝાદ દળની સ્થાપના કરી. આ દાળ યુવાનોને ગેરીલા યુદ્ધની તાલીમ આપતું આ દળના યુવાનો પોલીસો અને સૈનિકોને ગેરીલા યુદ્ધ પદ્ધતિથી હેરાન પરેશાન કરી મુકતા. તેઓ સરકારી જેલો પર ઓચિંતા હુમલા કરીને રાજદ્વારી કેદીઓને છોડી મુકતા તથા પોલીસ મથકો અને લશ્કરી બેરેકો પર હુમલા કરી આગ લગાડતા. સીયારામ અને પરશુરામ નામના બે ક્રાંતિકારી નેતાઓના નેતૃત્વ તળે રચાયેલા દળોએ તો બિહારમાં પોલીસો સામે ગેરીલા યુદ્ધમાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો. ભાંગફોડ, પોલીસ અધિકારીઓની હત્યા તથા સ્વાયત્તતંત્રની સ્થાપના તેમની મુખ્ય ''પ્રવૃત્તિઓ હતી. ઓરિસ્સામાં બધા જ પ્રકારના શ²ોથી સજજ એવી એક રાષ્ટ્રીય ફોજ ઊભી કરવામાં આવી હતી. આ ફોજ સરકારને ભારે લડાઈ આપી હતી.

આ તબકકા દરમિયાન ઠેરઠેર રાષ્ટ્રીય સરકારોની રચના થઈ હતી. દા.ત.,બંગાળના તામલુક પરગણામાં રાષ્ટ્રીય સરકાર, મહારાષ્ટ્રના સતારામાં નાના સાહેબ પાટીલનાં નેતુત્ત્વ હેઠળ ''પતરી સરકાર '', અમદાવાદ શહેર સુબા તરીકે જયંતીલાલ ઠાકોરની નેતાગીરી નીચે રાષ્ટ્રીય સરકાર, ઉતરપ્રદેશમાં બલિયામાં કોંગ્રેસ નેતા ચિત્તુપાંડેની

રાષ્ટ્રીય નેતાગીરી હેઠળ રાષ્ટ્રીય સરકાર વગેરે. આ પ્રકારનું અંદોલન 1943ની ફેબ્રુઆરી સુધી ચાલ્યું.

(4) ચોથો અને છેલ્લો તબક્કો – ગાંધીજીની મુક્તિ :

' હિંદ છોડો ' લડતનો આ ચોથો અને છેલ્લો તબક્કો 1943નાં માર્ચથી 1944ની 9મી મે સુધી ચાલ્યો. 9મી મે ના રોજ બ્રિટિશ સરકારે ગાંધીજીને પુનાની જેલમાંથી મુક્ત કર્યા. 'આ તબક્કા દરમિયાન આંદોલનકારોએ 26મી જાન્યુઆરીનો સ્વાતંત્ર્ય દિન, પહેલી ઓગસ્ટનો તિલકદિન તથા 9મી ઓગસ્ટનો ક્રાંતિ દિન ઉજવ્યા' આ છેલ્લા તબક્કામાં જયપ્રકાશ નારાયણ તથા અરુણા અસફલી જેવા નેતાઓ એ ભૂગર્ભમાં રહીને આંદોલનને માર્ગદર્શન પૂરું પાડ્યું. પરંતુ તે ગાંધીજીએ ચીધેલો માર્ગ ન હતો. તેમનો કાર્યક્રમ હિંસક માર્ગ અપનાવવાનો હતો. જે ગાંધીજીના કાર્યક્રમથી તદ્દન ભિન્ન હતો.

(ક) લડતને કચડી નાખવા સરકારે કરેલાં ઉપાયો-સરકારની દમન નીતિ :

1 બ્રિટિશ સરકારે આ લડતને કડક હાથે દબાવી દેવા માટે લાઠીચાર્જ, ગોળીબાર,અશ્રુવાયુ, ચાબુકમાર, ધરપકડો, લૂંટફાટ વગેરેનો આશ્રય લીધો. કલકત્તા, ચિત્તાગોંગ અને ફેની વિસ્તારોમાં વિમાનથી ગોળીબાર કરવામાં આવ્યા. જેને પરિણામે 348 વ્યક્તિઓ મૃત્યુ પામી અને 459 વ્યક્તિઓ ગવાઈ હતી. સરકારી અહેવાલ મુજબ આ ચળવળ દરમિયાન દેશમાં 538 પ્રસંગોએ ગોળીબાર કરવામાં આવ્યા અને તેને લીધે 1028 વ્યક્તિઓના મોત થયા હતા અને 3200ને ઈજાઓ થઈ હતી. જોકે આ આંકડો ઘણો ઓછો હોવાનો સંભવ છે. કારણકે પોલીસ તેમજ લશ્કરના સૈનિકોએ ચાલતી મોટરલોરીઓમાંથી ઘણીવાર લોકો પર ગોળીબાર કર્યો હતો. પંડિત નહેરુ માર્યા ગયેલાઓનો કુલ આંકડો દસ હજારનો ગણાય છે. આ ઉપરાંત આખા ગામોનાં ગામોને ફટકા મારવાથી માંડીને મારી નાખવા સુધીની સજા કર્યાના દાખલાઓ મળે છે.

2 ગુજરાતમાં ખેડા જીલ્લાનાં આણંદ પાસેનાં અડાસ સ્ટેશને સત્યાગ્રહનો પ્રચાર કરીને પાછા ફરતા વિદ્યાર્થીઓ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેને પરિણામે ત્રણ વિદ્યાર્થીઓ સ્થળ પર જ મોતને શરણ થયા હતા. અમદાવાદમાં વિદ્યાર્થીઓનાં સરઘસ પર સખત લાઠીચાર્જ અને ગોળીબાર કરવામાં આવ્યો હતો. તેમાંના ત્રિરંગી ઝંડા સાથે કુચ કરતા વિદ્યાર્થી વિનોદ કિનારીવાળા પર ગુજરાત કોલેજમાં ગોળીબાર કરી તેમને મારી નાખાવામાં આવ્યા. વિવિધ સમયે થયેલા ગોળીબારને કારણે 6 વિદ્યાર્થીઓ શહીદ થયા હતા. પટણામાં સરકારી કચેરી પર કોંગ્રેસનો ત્રિરંગી ધ્વજ ફરકાવવા જતાં અગિયાર વિદ્યાર્થી પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. તેમાંથી 7 જણ મરણ પામ્યા હતા.

3 સરકારી હેવાલ પ્રમાણે આ ચળવળને દબાવી દેવા માટે આશરે 60229 વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. 26000 ને ગુનેગાર ઠેરવીને સજા કરવામાં આવી હતી તથા 18000 ને અટકાયત હેઠળ રાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત અનેક વિસ્તારો પર ભારે રકમનો શિક્ષાત્મક સામુદાયિક દંડ નાખવામાં આવ્યો હતો.વળી સત્યાગ્રહીઓ પર જેલોમાં પણ ભારે જુલમ આચરવામાં આવ્યો હતો.

*1942ની આ લડત હિસંક બની હતી . આ હકીકતનો સ્વીકાર ખુદ ગાંધીજી, નેહરુ. મૌલાના આઝાદ, સરદાર પટેલ અને કોંગ્રેસના ઈતિહાસ લેખક ડો.પટ્ટાભી સીતારામ મૈયાએ પણ કર્યો છે. આ બાબત માં એક દલીલ એમ કરવામાં આવે છે કે ,ચળવળનાં આવા હિસંક સ્વરૂપ માટે કોંગ્રેસી નેતાઓને જવાબદાર લેખી શકાય નહિ. કારણ કે ચળવળ શરુ થતા પહેલાં જ સરકારે અગ્રગણ્ય નેતાઓને ધરપકડ કરી તેમને જેલમાં પૂરી દીધા હતા. આથી લડતને દોરવણી આપનાર કોઈ નેતા રહ્યો નહીં પરિણામે લડત હિસંક બની. આમ છતાં કોંગ્રેસ કારોબારી સમિતિએ 14 જુલાઈ, 1942ના રોજ ઠરાવ કાર્ય બાદ મુંબઈમાં 8મી ઓગષ્ટની મહાસમિતિની સભા સુધી ગાંધીજી, નહેરુ, સરદાર પટેલ વગેરે પોતાના જાહેર વ્યાખ્યાનોમાં લડતના સ્વરૂપનો ખ્યાલ આપી ભારપૂર્વક જણાવ્યું હતું કે, ''આ આખરી સંગ્રામ છે. ગાંધીજીએ તેને માટે 'ખુલ્લો બળવો' શબ્દ વાપર્યો હતો અને ''કરેંગે યા મરેંગે'' નો મંત્ર આપ્યો હતો. ''આ ચળવળનું વ્યવસ્થિત આયોજન ભલે ન થઈ શક્યું હોય, પરંતુ લોકોને ગમે તે કાર્યક્રમ અપનાવીને અંગ્રેજોને દેશમાંથી દૂર કરવા માટે પ્રોત્સાહન જરૂર આપવામાં આવ્યું હતું અને તેમની ગેરહાજરીમાં લોકોએ તેમના નિવેદનોના શબ્દાર્થને વળગી રહીને હિંસા આચરી હતી. બીજું જયારે કોંગ્રેસના અને દેશના રાજકારણમાં ગાંધીજી અહિંસાની ભાવનાનો પ્રભાવ હતો ત્યારે પણ દેશમાં ઉગ્રક્રાન્તિકારીઓ અગત્યનો ભાગ ભજવી રહ્યા હતા. તેમની ભૂગર્ભ પ્રવૃત્તિઓ અને સંગઠનો કામ કરતા રહ્યા હતા. ગાંધીજીની ધરપકડ પછી આ પરિબળો જોરમાં આવ્યા હતા. તેમને ચળવળનું નેતૃત્ત્વ લઈને તેને ઉગ્ર હિંસક વળાંક આપ્યો હતો.

1942ની લડત પ્રત્યે અન્ય પક્ષોનું વલણ જુદા જુદા પક્ષોનું લડત પ્રત્યે ના પ્રત્યાઘાત :

મુસ્લિમ લીગ, હિંદુ મહાસભા, સામ્યવાદી પક્ષ વગેરેએ જુદા જુદા કારણોસર લડતનો વિરોધ કર્યા. મુસ્લિમ લીગે કરેલા ઠરાવમાં જાણવવામાં આવ્યું કે ,કોંગ્રેસે યુદ્ધની પરિસ્થિતિનો લાભ લઈને હિંદુઓને હિંદની સત્તા સોપી દેવાની બ્રિટિશ સરકારને ફરજ પાડવા માટે આ લડત શરુ કરી હતી. જો મુસ્લિમ આ ચળવળનો વિરોધ કરે તો પણ દેશમાં વ્યાપક પ્રમાણમાં કોમી રમખાણો થવાનો અને અને હિંસા ફાટી નીકળવાનો ભય હતો. તેથી મુસ્લિમ લીગે આ ચળવળ દરમિયાન મુસ્લિમોને સંપૂર્ણપણે શાંત રહેવા અને કોંગ્રેસ વિરુદ્ધની પ્રવુત્તિઓમાં ન જોડાવાનો આદેશ આપ્યો હતો .

હિંદુ મહાસભાને એમ લાગ્યુ કે આ લડતથી હિન્દુઓના હિતોને નુકસાન થશે. માટે તેણે તટસ્થ રહીને લડતને સાથ નહિ આપવાનું નક્કી કર્યું. લિબરલ પક્ષે યુદ્ધની મહાન કટોકટીના સમયે કોંગ્રેસના આવા પગલાના ડહાપણમાં શંકા વ્યક્ત કરી.

આ લડતથી રશિયા અને મિત્ર દેશોના યુદ્ધ પ્રયાસોને નુકસાન થશે એમ માનીને સામ્યવાદી પક્ષ તેનાથી અલગ રહ્યો. એટલુ જ નહિ તેની વિરુદ્ધ પ્રચાર પણ કર્યો. પરિણામે ચળવળ દરમિયાન ભારતના સામ્યવાદીઓ બાતમીદારો અને જાસુસો તરીકે વર્ત્યા. પોતાના દેશના મુક્તિસંગ્રામની વિરુદ્ધમાં તેમને અંગ્રેજોને મદદ કરી અને ભૂગર્ભમાં ગયેલા નેતાઓને તેમણે પાંચમી કટારીયા તરીકે ઓળખાવ્યા. સામ્યવાદીઓએ પાકિસ્તાનની માંગણીને પણ ટેકો આપ્યો હતો. સમાજવાદી પક્ષે ધરપકડ વહોર્યા વગર ભૂગર્ભમાં રહીને લડતને સક્રિય સાથ અને સહકાર આપ્યો હતો.

ડો. અંબાપ્રસાદના મતે "1942 નો વિદ્રોહ તેના તાત્કાલિક ધ્યેયમાં નિષ્ફળ રહ્યો. તેનું ધ્યેય બ્રિટિશ શાસકોને હિંદ છોડી જવાને માટે લાચાર બનાવીને સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો હતો. પરંતુ સરકારે વિદ્રોહને ક્રુરતાથી કચડી નાખ્યો આમ છતાં આ ચળવળે 1947મા સ્વતંત્રતા પ્રાપ્ત માટે પૂર્વભૂમિકા પુરી પાડી. 1942ની ચળવળ નિષ્ફળ જવા છતાં તેણે બ્રિટિશ શાસકોને સત્ય સમજાવી દીધું કે ભારતના લોકો લાંબા સમય સુધી પરદેશી શાસન કરી રહેશે નહિ.

(1) 1942ની હિંદ છોડો લડત અન્ય લડતોથી જુદા પ્રકારની હતી. આ લડત જનતા નિર્મિત ક્રાંતિ હતી. કારણ કે આ વખત્તે જનતાએ કોઈ કાર્યક્રમ પ્રમાણે ચાલવાનું ન હતું. કોઈ નેતાઓ પણ નહાતા પોતાના સાહસ અને બુદ્ધિથી ચાલવાનું હત્તું. તેમને જ ઈતિહાસનો નિર્માણ કરવાનું હતું. અત્યાર સુધી ક્રાંતિનું દોર ગાંધીજીના હાથમાં હતો પણ હવે તે જનતાના હાથમાં ગયો. સરદાર પટેલ જણાવ્યું હતું કે " ગાંધીજી ક્રાંતિની વિરુદ્ધ એક જાડી દીવાલ સમાન હતા. આ દીવાલને સરકારે ગિરફતાર કરી, ગાંધીજીને કાર્યક્ષેત્ર માંથી ઉઠાવી લીધા આમ ક્રાંતિને વેગ મળ્યો. જો કે સરકાર ક્રાંતિ ઈચ્છતી ના હતી પણ પરિસ્થિતિએ તેનો સર્જન કર્યું " આ રીતે ઈતિહાસની શક્તિ " ગાંધીજી અને સરકારની ઈચ્છા વિરુદ્ધ કામ કરી ગઈ. ગાંધીજી આવી ક્રાંતિ ઈચ્છતા ન હતા. 1942ની આ ક્રાંતિમાં ભારત ગાંધીવાદી રાજનીતિના યુગમાંથી નીકળી ગયું અને તેણે પોતાની શક્તિ દ્વારા આ કાર્યક્ષેત્રમાં પદાર્પણ કર્યું. નેતાઓએ 1942માં જનતાને કોઈએ કાર્યક્રમ આપ્યા વગર છોડી મૂકી હતી. ગાંધી યુગના આંદોલનો સાથે સબંધ હોવા છતાં 42નુ આંદોલન આરીતે ભિન્ન હતું.

(2) 1942ની લડતને તાત્કાલિક કચડી નાખવામાં બ્રિટિશ સરકાર નિષ્ફળ નીવડી :

42ની લડતની ઉગ્રતા તથા તેના વ્યાપ પરથી સ્પષ્ટ થાય છે કે સામૂહિક ધરપકડો અને ભારે દમનનીતિથી તેણે ગણતરીના દિવસોમાં કચડી નાખવાની બ્રિટિશ સરકારની ધારણા પર પડી ન હતી. આટલા મોટા પ્રમાણમાં લડતનો ફેલાવો થશે તથા ભાંગફોડના બનાવો બનશે તેવી સરકારે કલ્પના કરી ન હતી. અલબત સરકારે તેણે

પહોંચી વળવા માટે કેન્દ્રથી તાલુકાકક્ષા સુધીની પૂરી તૈયારી કરી હતી પરંતુ લડતે બહુધા હિંસક અને ઉગ્ર સ્વરૂપ લેતા સરકાર તેણે પહોચવામાં નિષ્ફળ ગઈ.

(3) હિંદને વધુ સમય ગુલામ રાખવાની બ્રિટિશ સરકારની અશક્તિ :

''આ લડત દેખીતી રીતે હિંદને તાત્કાલિક સ્વરાજ્ય આપાવવામાં નિષ્ફળ ગઈ, પરંતુ આ લડતે સિદ્ધ કર્યું કે બ્રિટિશ સરકાર હવે વધુ સમય માટે ભારતને ગુલામ રાખી શકશે નહિ '' આ લડતમાં લોકોએ જે વ્યક્તિગત તથા સામૂહિક વિરતા બનાવી તેથી વિશ્વની સાથે બ્રિટિશ સરકાર પર એવી છાપ પડી કે હવે વધુ સમય ભારતમાં તે પોતાનું શાસન ટકાવી શકશે નહિ. જ્યોર્જ છઠ્ઠાના વૃત્તાંત લેખક વિરલ બેનેટ લખે છેકે ''ક્રિપ્સ દરખાસ્તોએ ભારતમાંથી બ્રિટિશ સરકારની વિદાય માટેની પૂર્વ ભૂમિકા બાંધી, જયારે 42ના આ બળવાએ ભારે તોફાનો દ્વારા કાયદેસરની સરકારને દેશના ઘણા ભાગોમાં અસ્તવ્યસ્ત કરી નાખીને પૂર્વ ભૂમિકાને પાકી કરી

(4) હિંદના ભાગલા અનિવાર્ય હોવાનું વાતાવરણ ઉભું થયું.

મુસ્લિમ લીગના આદેશ મુજબ સરહદ પ્રાંત સિવાયના મોટા ભાગના મુસલમાનો 42ની આ લડતથી અલિપ્ત રહ્યા.બીજું વિશ્વયુદ્ધ શરૂ થતા કોંગ્રેસ પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યા. આથી મુસ્લિમ લીગને પોતાની સત્તા સ્થાપવાની તક મળી. બ્રિટિશ સરકારે પણ લોકશાહી માનસ ધરાવતા પ્રધાનમંડળો દુર કરીને પંજાબ, બંગાળ અને સિંધમાં મુસ્લિમ લીગના ટેકાવાળા અથવા મુસ્લિમ લીગના પ્રધાનમંડળો રચ્યા. અન્ય પ્રાંતોના ગવર્નરોએ પણ પોતાની કાઉન્સિલમાં લીગના સભ્યોને સાથ આપ્યો. વળી બ્રિટિશ સરકારે લડતમાં વિઘ્ન નાખવા મુસ્લીમોની પાકિસ્તાન માટેની માંગણીને ખુલ્લો ટેકો જાહેર કર્યો. આથી મુસ્લીમ લીગને પાકિસ્તાન માટેની માંગણીને બળ મળ્યું 42ની લડત દરમિયાન થયેલા કોમી તોફાનો એ પણ આ બાબત સાબિત કરી. આથી હિંદના વ્યવહારુ રાજપુરુષોને લાગ્યું કે, સ્વરાજય મેળવવું હશે તો મુસ્લીમોનો સહકાર મેળવવો પડશે આમ, સ્વરાજ્યની પ્રાપ્તિ માટે હિંદના ભાગલા અનિવાર્ય હોવાનું વાતાવરણ ઊભું થયું.

(5) 1942ની લડત સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેની આખરી લડત હતી. ત્યારથી સ્વરાજ્ય માટેની અંતિમ પ્રક્રિયાની શરૂઆત થઈ. ડો.અંબાપ્રસાદ લખે છે કે ''જોકે 1942નો વિદ્રોહ નિષ્ફળ ગયો .પરંતુ તેને 1947માં સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેની ભૂમિકા તૈયાર કરી. જયારે લોકો રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય કાજે પોતાના જાન કુરબાન કરવા જેટલી ઉચ્ચ કક્ષાએ પહોંચે છે ત્યારે તેમના ઉપર પરદેશી સત્તા વધુ લાંબા સમય સુધી લડવાનું અશક્ય બની જાય છે. ડો.ધારૈયા પણ જણાવે છે કે ''એ નિર્વિવાદ હકીકત છે કે 42 ની લડત એ ભારતની સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટે ભારતમાં લડાયેલી આખરી લડત હતી. માટે જ જયપ્રકાશ નારાયણે કહયું છે કે ફ્રાંસ દેશના ઈતિહાસમાં જે મહત્ત્વ ફ્રેંચ રાજયક્રાંતિનું છે તથા રશિયાના ઈતિહાસમાં જે મુલ્ય રશિયન ક્રાંતિનું છે તે જ મહત્ત્વ ભારત દેશના ઈતિહાસમાં 1942 ની 'હિંદ છોડો' ની લડતનું છે. ડો ઈશ્વરીપ્રસાદ પણ યોગ્ય લખ્યું છે કે 'ઓગષ્ટ ક્રાંતિએ સરકારની આપખુદશાહી શાસન અને અત્યાચારો સામે

પ્રજાનો વિદ્રોહ હતો અને તેની તુલના ફ્રાન્સના ઈતિહાસમાં બેસ્ટાઈલના પતન સાથે અથવા રશિયાની ઓક્ટોબર ક્રાંતિ સાથે કરી શકાય. ''હિન્દ છોડો '' ઘોષણા દ્વારા તેને અપનાવેલ હતો. આ સૂત્રથી હિંદને માટે ''સાંસ્થાનિક દરજ્જા''નો ખ્યાલ તદ્દન અદ્રશ્ય થઈ ગયો અને હિંદને વહેલી તકે પૂર્ણ સ્વરાજ્ય મળે તે માટેનો અવાજ વિશેષ બળવાન બન્યો. આને પરિણામે હિંદને પૂર્ણ સ્વરાજ્ય આપતી 'કેબિનેટ મિશન યોજના ' અને માઉન્ટબેટન યોજના રજૂ થઈ. માટે 42ની લડતને સ્વરાજ્ય માટેની અંતિમ પ્રક્રિયાનું ચરમબિંદુ કહી શકાય.

(6) 1942ની લડત લોકજાગૃતિ લાવવામાં સફળ થઈ : ડો.અંબાપ્રસાદના મતે ,''1942ના આંદોલનોનો ઉદ્દેશ્ય લોકોને જાગ્રત કરવાનો હતો, લોકોને પોતાની પરાધિનતાનું ભાન કરાવવાનો હતો. તેમાં તેને સફળતા પ્રાપ્ત થઈ હતી. વિદ્રોહ અસફળ રહ્યો પણ ક્રાંતિ સફળ રહી. આ આંદોલન સ્વયંભૂ અને સ્વયં સંચાલિત હતું. આ આંદોલને જનતામાં આઝાદીની ભાવના જાગ્રત કરી તથા અત્યાચારોનો સામનો કરવાની તાકાત અને હિંમત આપી. ડો.રાજેન્દ્રપ્રસાદ લખે છે કે ,''1942ના આંદોલને લોકોમાં સરકારને મુકાબલો કરવાની હિંમત અને ઉત્સાહ વધાર્યો અને જનતાના અવાજે બુલંદી પ્રાપ્ત કરી. વાસ્તવમાં 1942ની લડત એક ગૌરવપૂર્ણ ક્રાંતિ હતી જેના પાંચ વર્ષ પછી હિંદને સ્વતંત્રતા પ્રાપ્ત થઈ. ''અગસ્ત ક્રાંતિ પર પ્રકાશ પડતા પંડિત જવાહરલાલ નહેરુ લખે છે "1857ના વિદ્રોહ બાદ આવો વિદ્રોહ ભારતમાં ક્યારેય થયો ન હતો. નિઃસંદેહ આંદોલનમાં ભલાઈઓ અને બુરાઈઓ હતી પણ એ વાત ચોક્કસ છે કે જનતાએ અસીમ આંદોલન કર્યું અને અમે તેની હ્રદયથી પ્રશંસા કરીએ છીએ. કદાચ જો જનતા કાયરતાથી આત્મસમર્પણ કરી દેત તો ભારતને જે સન્માન પ્રાપ્ત થયું તે કદાચ ન મળત.'' ''આ ક્રાંતિના અસલી નેતા મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને ડો.રાજેન્દ્રપ્રસાદ હતા.''

(7) આ લડતે બ્રિટિશ સામ્રાજ્યને આઘાત પહોચાડ્યો. 1942ની લડતે હિંદમાં બ્રિટિશ સામ્રાજ્યવાદને ભારે ધક્કો પહોંચાડ્યો. આ લડતે અંગ્રેજોને સમજાવી દીધું કે હિંદના લોકો લાંબા સમય સુધી પરદેશી શાસન સહન કરી લેશે અહીં. આ લડત પછી બ્રિટિશ શાસકોના મનમાં કોઈ શંકા ન રહી કે હિંદમાં બ્રિટિશ સામ્રાજ્યના દિવસો ભરાઈ ચુક્યા છે માત્ર સમયનો જ સવાલ હતો. ડો.ઈશ્વરીપ્રસાદે લખ્યું છે કે ''આ વિદ્રોહની આગમાં સાંસ્થાનિક સ્વરાજયની સર્વ બાબતો ભસ્મિભૂત થઈ ગઈ. હિંદને સંપૂર્ણ સ્વતંત્રતાથી સહેજે પણ ઓછું કશું જ ખપતું નથી અને તેને જોઈએ પણ નહીં. અંગ્રેજો માટે હિંદ છોડવું નિશ્ચિત થઈ ગયું. આ બાબત બ્રિટિશ સામ્રાજ્યવાદ માટે અસહ્ય આઘાત હતો.

(8) ડો.જયકુમાર શુકલ લખે છે કે ''1942ની ''હિંદ છોડો ''એ ભારતનો આખરી સ્વાતંત્ર્ય સંગ્રામ હતો. તેમાં કોઈ પણ એક શહેર કરતા અમદાવાદે વધુ લાંબી અને નોધપાત્ર લડત આપી હતી. આ લડતમાં યુવાન પેઢીએ સૌથી વધુ ભાગ લીધો હતો. 'તેઓ હડતાલો, સરઘસો, પથ્થરમારો, તાર ટેલિફોનના દોરડા કાપવા જેવી

ભાંગફોડની ''પ્રવૃત્તિઓમાં જોડાયા હતા. તેઓએ વહીવટી તંત્ર અને પોલોસોનો સૌથી વધુ સામનો કર્યો હતો. તેથી વિદ્યાર્થી વર્ગ વિષેશ નીડર, હિમત વાળો અને પોતાના પ્રશ્નો વિશે જાગ્રત બન્યો.

(9) 'આઝાદ હિંદ ફોજ' ની રચના એ આ આંદોલનની દૂરગામી અસર હતી.

(10) આ લડતને અનુલક્ષીને દેશભરમાં નવલકથાઓ તથા કાવ્યો લખાયા. આ સમયમાં ગુજરાતી સાહિત્યમાં 'લીલુડા લેજો' 'ઘૂવડ બોલ્યું', 'પાદરના તીરથ', 'ઝંઝાવાત', 'પાવક જવાળા', 'કાલચક્ર' વગેરે સાહિત્ય કૃતિઓ લખાઈ .

(11) 1942 થી 45ના ગાળા દરમિયાન કોંગ્રેસના નેતાઓએ જેલમાં પૂરી દઈને તેની પ્રવૃત્તિઓ બંધ કરી દેવામાં આવી ત્યારે મુસ્લિમ લીગ ને પોતાના પ્રચાર માટે ખુલ્લું મેદાન મળી ગયું.''અંગ્રેજ સરકારનો ટેકો પ્રોત્સાહન અને સક્રિય મદદ દ્વારા તે મુસ્લિમ જનતા મોટા ભાગ પર પોતાની સત્તા સુદ્રઢ કરવામાં અને પોતાનો કાબુ જમાવવામાં સફળ થઈ.

આમ 1942ની આ લડતથી સ્વરાજ્યની આવશ્કતાનો પ્રચાર લોકોમાં થયો તથા અંગ્રેજો જવા જોઈએ એ ભાવના પ્રત્યેક હિન્દીના હૃદયમાં પ્રગટી. આ લડત વાસ્તવમાં આખરી લડત નીવડી અને પાંચ જ વર્ષ બાદ 1947 ની 15 મી ઓગષ્ટે અંગ્રેજોએ કાયમી વિદાય લીધી.

13.25 ચાવીરૂપ શબ્દો :

સત્યાગ્રહ : સત્યના આગ્રહ થકી કરવામાં આવેલ આંદોલન

ખિલાફત ચળવળ : તુર્કીના ખલીફાના બચાવ અર્થે ભારતના મુસ્લીમો ધ્વારા કરવામાં આવેલ આંદોલન

રચનાત્મક ''વૃત્તિઓ : અંગ્રેજ સરકારના વિરોધમાં કરવામાં આવેલ સર્જનાત્મક ગતિવિધિઓ જેવી કે ખાદીવણાટ, સ્વદેશી વસ્તુનો આગ્રહ, સ્વદેશી શિક્ષણ

ખંડનાત્મક ''વૃત્તિ : અંગ્રેજ સરકારના વિરોધ અર્થે કરવામાં આવેલ બહિષ્કાર જેમ કે વિદેશી વસ્તુઓનો બહિષ્કાર, વિદેશી શિક્ષણ વ્યવસ્થાનો બહિષ્કાર, હોમરૂલ, સ્થાનિક સ્વશાસન.

13.26 *તમારી પ્રગતિ ચકાસો :*

1. અસહકારની ચળવળનો ઈતિહાસ લખો.

_____
_____
_____
_____
_____

2. સવિનય કાનૂનભંગ માટે જવાબદાર પરિબળો અને પરિણામો જણાવો.

_____
_____
_____

3. 1942 ની હિન્દ છોડો ચળવળનો ઈતિહાસ આલેખો.

4. રચનાત્મક કાર્યક્રમ એટલે શું ?

5. ખંડનાત્મક કાર્યક્રમ એટલે શું ?

13.27 Reference Book :

1 Majumdar R.C. : History of the Freedoom Movement in India Vols. I, II,III Calcutta,1962-63

2 Majumdar R.C. (Chif Editor) History and Culture of the India People Vols. IX, X and XI Bombay, The Advanced History of India.

3 Nehru Jawaharlal : The Discovery of India, New Delhi.

4 SumitSarkar : Modern India

5 આચાર્ય જાવડેકર(મૂળ લેખક)અનુવાદક : દેશપાંડે પાંડુરંગ ગણેશ, આધુનિક ભારત,અમદાવાદ-1946

6 પંડીત સુંદરલાલ :ભારતમાં અંગ્રેજ રાજય : ભાગ 1-2

7 કોઠારી વિઠ્ઠલદાસ મ. (સંપાદક) મહાસભાના ઠરાવો (1885-1947), અમદાવાદ-1948

8 મહાદેવભાઈની ડાયરી

9 નવજીવન

10 હરિજન બંધુ

સંદર્ભગ્રંથો :

1. અક્ષયકુમાર રમણલાલ દેસાઈ : ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક ભુમિકા. યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. આવૃત્તિ : ૧૯૯૭
2. આચાર્ય જાવડેકર મુળ લેખક અનુવાદક : દેશપાંડે, પાંડુરંગ ગણેશ. આધુનિક ભારત, અમદાવાદ- ૧૯૪૬
3. પંડીત સુંદરલાલ : ભારતમાં અંગ્રેજી રાજય ભાગ- ૧અને ૨,
4. વિપિનચંદ્ર : આધુનિક ભારતનો ઈતિહાસ ઓરીએન્ટ બ્લેકસ્વાન, લેટેસ્ટ ઓફ પ્રાઈવેટ લિમિટેડ નવી દિલ્હી : ૨૦૧૯
5. એલ.ગ્રોવર : આધુનિક ભારતનો ઈતિહાસ-૧૭૦૭ થી આધુનિક કાળ સુધી – ૩૬ મું સંસ્કરણ, એસ.ચન્દ એન્ડ કંપની લિમિટેડ નવી દિલ્હી : ૧૧૦૦૫૫
6. મો.ક.ગાંધી : સત્યના પ્રયોગો અથવા આત્મકથા નવજીવન પ્રકાશ મંદિર, અમદાવાદ-(((૨૦૦૭
7. મ.જો.પટેલ : ગાંધીજીનું ધર્મ દર્શન, યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.-૬

એકમ : 14 આઝાદ હિંદ ફોજ અને સુભાષચંદ્ર બોઝ

:: રૂપરેખા::

14.0 પ્રસ્તાવના

14.1 સુભાષચંદ્ર બોઝનું પ્રારંભિક જીવન અને રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રવેશ

14.2 સુભાષચંદ્ર બોઝ અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ

14.3 આઝાદહિંદ ફોજની સ્થાપના અને તેના ઉદ્દેશો

14.4 સુભાષચંદ્ર બોઝ અને આઝાદહિંદ ફોજ

14.5 આઝાદહિંદ ફોજનું ભારત તરફ પ્રયાણ

14.6 આઝાદહિંદ ફોજનો પરાજય અને સુભાષચંદ્ર બોઝના મૃત્યુ અંગેનું રહસ્ય

14.7 આઝાદ હિંદ ફોજના અધિકારીઓ તેમજ સૈનિકો સામેનો ઐતિહાસિક મુકદમો.

14.8 સારાંશ

14.9 ચાવીરૂપ શબ્દો

14.0 પ્રસ્તાવના :

આ એકમમાં તમે સુભાષચંદ્ર બોઝના ભારતીય રાષ્ટ્રીય સ્વતંત્ર્ય સંગ્રામમાં પ્રદાન તેમજ તેમના નેતૃત્વમાં આઝાદહિંદ ફોજે ભારતની આઝાદી માટે કરેલી કામગીરીનું વર્ણન કરવામાં આવેલ છે. આપ જાણો છો કે આઝાદહિંદ ફોજ એ ભારતીય સ્વતંત્રતા સંગ્રામનો એક સ્વર્ણિમ પૃષ્ઠ છે આઝાદહિંદ ફોજની પ્રારંભિક રચના રાસન બિહારી બોઝ અને કેપ્ટન મોહનસિંહ દ્વારા કરવામાં આવી હતી. તેનો મૂળભૂત ઉદ્દેશ્ય જાપાનની સેના સાથે રહીને ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવાનો હતો. આ બાદ સુભાષચંદ્ર બોઝના નેતૃત્વમાં આઝાદહિંદ ફોજની પુનઃ રચના કરવામાં આવી હતી અને દિલ્હી ચલોના નારા સાથે તેમણે ભારત તરફ પ્રયાણ કર્યું હતું. પ્રારંભમાં વર્મા અને આંદામાન નિકોબાર દ્વિપો પર ભવ્ય વિજય મેળવી ભારતની પૂર્વાય સરહદ પર આવી પહોંચ્યા હતા. પરંતુ બાદમાં બીજા વિશ્વયુધ્ધમાં જર્મનીના સમર્પણ પછી પરિસ્થિતિમાં બદલાવ આવ્યો હતો અને આઝાદ ફોજની હાર થઈ હતી. સશસ્ત્ર વિદ્રોહ દ્વારા ભારત આઝાદ

કરવાનું આ બહુ મહત્ત્વપૂર્ણ પ્રયાસ રહ્યો હતો, તેમાં સુભાષચંદ્ર બોઝે અદ્વિતિય નેતૃત્વ પૂરું પાડ્યું હતું.

14.1 સુભાષચંદ્ર બોઝનું પ્રારંભિક જીવન :

સુભાષચંદ્ર બોઝનો જન્મ 23 જાન્યુઆરી ઈ.સ. 1897ના રોજ ઓરિસ્સા રાજ્યના કટક ખાતે, પિતા જાનકીનાથ તેમજ માતા પ્રભાવતીના ઘરે થયો હતો. તેમના પિતા જાનકીનાથે શિક્ષા કલકત્તા અને કટકમાં લીધી હતી અને કટકના એક પ્રસિધ્ધ ધારાશાસ્ત્રી તરીકે ખ્યાતિ મેળવી હતી. તેઓ ઈ.સ. 1912માં બંગાળ વિધાનસભાના સદસ્ય બન્યા હતા અને 'રાયબહાદુર'ની ઉપાધિ પ્રાપ્ત કરી હતી જાનકીનાથ કટકની શિક્ષણ સંસ્થાઓ તેમજ સામાજિક સંસ્થાઓને દાન આપતા હતા અને તેમના વિકાસમાં સક્રિય રહેતા હતા. ઈસ.1920માં તેઓ ગાંધીજીના નેતૃત્વમા ચાલી રહેલ અસહયોગ આંદોલનમાં જોડાયા હતા અને રાષ્ટ્રીય શિક્ષા અને ખાદીના પ્રચાર કાર્યક્રમોમાં રચનાત્મક સહયોગ આપતા હતા.

આવા મોટા પરિવારમાં પાલનપોષણને કારણે સુભાષનું મન વિશાળ બન્યું હતું. તેમણે પોતાનું પ્રારંભિક શિક્ષણ પ્રથમ અંગ્રેજી સ્કૂલમાં અને બાદમાં રાષ્ટ્રીય વિદ્યાપીઠમાં લીધું હતું. સોળ વર્ષની ઉંમરમાં ઈ.સ. 1913માં મેટ્રિક પરીક્ષા પાસ કરી કલકત્તા વિશ્વવિદ્યાલયમાં બી.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરવા માટે જોડાયા હતા. યુવા અવસ્થાથીજ રામકૃષ્ણ પરમહંસના વિચારોની તેમના જીવન પર અસરને લીધે તેઓ ધાર્મિકતા તરફ વળ્યા હતા. એક સમયે તો તેઓ ઘર છોડી અને સંન્યાસી બનવા માટે નીકળી પડ્યા હતા. પરંતુ બાદમાં ભારતમાં ચાલી રહેલા સશસ્ત્રક્રાંતિકારી આંદોલન તરફ તેમનું મન વળ્યું હતું ઈ.સ. 1919માં દર્શનશાસ્ત્ર સાથે બી.એની ડિગ્રી પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ કરી એમ.એ મનોવૈઓજ્ઞાનિક વિષયમાં પ્રવેશ મેળવ્યો હતો પરંતુ પિતાના આગ્રહને લીધે ICS પરીક્ષાની તૈયારી માટે ઈંગ્લેન્ડ તરફ પ્રયાણ કર્યું હતું. કેબ્રિજ વિદ્યાલયમાં ICSની પરીક્ષાની તૈયારી માટેની બધા વિષયો અંગ્રેજી નિબંધ સંસ્કૃત, દર્શનશાસ્ત્ર, આધુનિક યુરોપ ઈતિહાસ, અંગ્રેજી કાનૂન, ભૂગોળ તેમજ અર્થશાસ્ત્ર વિષયનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો અને ICS પરીક્ષામાં સમગ્ર વિદ્યાર્થીઓમાં ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું. આ સમય દરમિયાન તેમનું મન રાષ્ટ્રીય સ્વતંત્ર્ય સંગ્રામ તરફ ઢળ્યું હતું. તેઓને બંગાળમાં ચિતરંજનદાસના નેતૃત્વમાં ચાલી રહેલા રાષ્ટ્રીય આંદોલનમાં જોડાવવાની તીવ્ર ઈચ્છા થઈ હતી જેનો ઉલ્લેખ તેમના મોટાભાઈ શ્રી શરત ચંદ્ર બોઝ સાથે થયેલા પત્રવ્યવહારમાં દષ્ટિગોચર થાય છે સાત મહિનાની ટૂંકી સરકારી નોકરી કર્યા બાદ રાજીનામું આપી ભારતીય રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયા હતા.



14.2 સુભાષચંદ્ર બોઝ અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ :

16 જુલાઈ ઈ.સ.1921ના રોજ સુભાષચંદ્ર બોઝ મુંબઈ આવીને મહાત્મા ગાંધી સાથે મુલાકાત કરી હતી. પરિણામ સ્વરૂપ એમના મનમાં રહેલી રાષ્ટ્રીય સ્વતંત્ર્ય સંગ્રામ પ્રત્યેની મૂંઝવણોનું નિરાકરણ થયું હતું. મહાત્મા ગાંધીજીએ તેમને કલકત્તા જઈ ચિતરંજનદાસ સાથે મળીને સમયે ચાલી રહેલા અસહયોગ આંદોલનને વેગ આપવા વિનંતી કરી હતી. કલકત્તા પહોંચીને સુભાષચંદ્ર બોઝે ગાંધીજી ત્રણ સૂત્રીય કાર્યક્રમ કે જેમાં વિદેશી વસ્ત્રોનો ત્યાગ. વિધાનસભા, અદાલતો તેમજ શિક્ષણ સંસ્થાઓનો બહિષ્કાર જેવા કાર્યક્રમોને ચિતરંજ દાસ સાથે મળીને બંગાળના ખૂણે ખૂણા સુધી વિસ્તર્યા હતા. ચિતરંજનદાસના આકર્ષક વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ તેઓ તેમના રાજનૈતિક શિક્ષ્ય બની ગયા હતા. અસહયોગ આંદોલનના કાર્યક્રમ મુજબ બંગાળ કોંગ્રેસે 'પ્રિન્સ ઑફ વેલ્સ'ના કલકત્તા પ્રવાસનો વિરોધ શરૂ કર્યો હતો. 10 ડિસેમ્બર ઈ.સ. 1921ના રોજ ચિતરંજનદાસ અને સુભાષચંદ્ર બોઝની ધરપકડ કરવામાં આવી. આ તેની પહેલી જેલયાત્રા હતી. અસહકાર આંદોલન સ્થગિત કરવા ગાંધીજીના નિર્ણયથી સુભાષચંદ્રબોઝનારાજ થયા હતા. અને બાદમાં ચિતરંજનદાસ દ્વારા સ્થાપિત સ્વરાજ પાર્ટીમાં જોડાયા હતા. સ્વરાજપાર્ટીની કલકત્તા મહાનગરપાલિકાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મોટી જીત મેળવી હતી. ચિતરંજનદાસ મેયર બન્યા હતા. અને સત્યાવીસ વર્ષના સુભાષચંદ્ર બોઝ કલકત્તા મહાનગરપાલિકાના મુખ્ય કાર્યકારી અધિકારી બન્યા હતા. સુભાષચંદ્રબોઝે મહાનગરપાલિકાની કાર્યપધ્ધતિમાં આમોલ પરિવર્તન લાવ્યા હતા. અને કલકત્તાના નાગરિકોને એક નવીન નાગરિક જીવનનો અનુભવ કરાવ્યો હતો. તેમની આ કામગીરીથી અંગ્રેજી સરકાર નારાજ થઈ હતી અને તેમને ક્રાંતિકારી ષડયંત્રમાં જોડાવાનો આરોપ લગાવી સુભાષચંદ્ર બોઝને બર્માની માંડલ્ય જેલમાં કેદ કર્યા હતા. પરંતુ બે વર્ષ પછી સુભાષચંદ્ર બોઝના ખરાબ સ્વાસ્થ્યના કારણે ઈ.સ.1927ના મે મહિનામાં જેલમાંથી મુક્ત કરવામા આવ્યા હતા ઈ.સ. 1927માં સાયમન કમિશનના વિરોધમાં

આંદોલન થયું તેમાં પણ તેમણે નેતૃત્વ સંભાળીને બંગાળના ખૂણેખૂણા સુધી તે આંદોલનને ફેલાવ્યું હતું તેમની આ કાર્યક્ષમતાને લીધે ઈ.સ. 1928માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા તેમને રાષ્ટ્રીય મહામંત્રી તરીકે નિમણૂક આપવામાં આવી હતી. સુભાષચંદ્રબોઝના નેતૃત્વમાં યુવા નેતાઓએ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે લાહોર ખાતેના ઐતિહાસિક અધિવેશનમાં ભારતનો પૂર્ણ સ્વતંત્રતાનો પ્રસ્તાવ પાસ કરાવ્યો હતો. આ ઉપરાંત સુભાષચંદ્ર બોઝ અખિલ ભારતીય ટ્રેડ યુનિયન કોંગ્રેસના અધ્યક્ષ બન્યા હતા. અને મજદૂર આંદોલનને સ્વાતંત્ર્ય સંગ્રામની લડાઈમાં જોડ્યું હતું. ઈ.સ. 1931 માં શરૂ થયેલા સવિનય કાનૂન ભંગની લડાઈમાં પણ તેમણે મોટો ભાગ ભજવ્યો હતો. પરંતુ આ આંદોલન દરમિયાન તેમના અને ગાંધીજી વચ્ચેના સંબંધોમાં ખટરાગ શરૂ થયો હતો અને કોંગ્રેસમાં તેઓએ એક સમાજવાદી જૂથનું નિર્માણ કરવાનું શરૂ કર્યું હતું અને ગાંધીજીની નેતૃત્વને પડકાર ફેંક્યો હતો. સવિનય કાનૂન ભંગ આંદોલનને નિષ્પળતા પછી સુભાષચંદ્ર બોઝના નેતૃત્વમાં ઊભું થયેલું સમાજવાદી ગૃપ ધીરે ધીરે સંગઠન પર પ્રભાવી બની ગયું હતું. સમાજવાદી વિચારધારાના સમર્થનમાં અનેક પ્રસ્તાવો પાસ કરવામાં આવ્યા હતા. ઈ.સ. 1938ના જાન્યુઆરી મહિનામાં સુભાષચંદ્રબોઝ ગાંધીજી સમર્પિત ઉમેદવારને હરાવી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ બન્યા હતા. આ સમયે સુભાષચંદ્રબોઝની ઉંમર 41 વર્ષની હતી. જે આજ સુધીના કોંગ્રેસના અધ્યક્ષોમાં સૌથી ઓછી ઉંમરના હતા. જે આજ સુધીના કોંગ્રેસના અધ્યક્ષોમાં સૌથી ઓછી ઉંમરના હતા. સુભાષચંદ્રબોઝની કોંગ્રેસની અધ્યક્ષતાનું પ્રથમ વર્ષ એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કે આ વર્ષમાં જવાહરલાલ નહેરુના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય યોજના સમિતિનું નિર્માણ કરવામાં આવ્યું હતું અને આઝાદી પછી રાષ્ટ્રીય કોંગ્રેસના સમાજવાદી આર્થિક નીતિઓનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો. ઈ.સ. 1939માં ફરીથી ગાંધીજી દ્વારા સમર્થિત ડૉ. પટ્ટાભી સીતારમૈયાને હાર આપી કોંગ્રેસના અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. પરંતુ આ બાદ બીજા વિશ્વયુદ્ધમાં ભારતની ભૂમિકા અંગ્રે ગાંધીજી સાથે તીવ્ર મતભેદ ઊભા થયા હતા. અંતે તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ તરીકે રાજીનામું આપી એક નવા પક્ષની ફોરવર્ડ બ્લોકની સ્થાપના કરી હતી. ઈ.સ.1939માં સુભાષચંદ્રબોઝની ભવિષ્યવાણી સાચી સાબિત થઈ હતી. અને સપ્ટેમ્બર મહિનામાં બીજા વિશ્વયુદ્ધની શરૂઆત થઈ હતી. સુભાષચંદ્રબોઝને પૂર્ણ વિશ્વાસ હતો કે ભારતદેશે આ વિશ્વ યુદ્ધનો પૂર્ણ લાભ ઉઠાવી પોતાની માતૃભૂમિને સ્વતંત્ર કરાવવા માટે અંગ્રેજોના શત્રુઓનો સહયોગ લેવો જોઈએ તેમની આવી યોજનાની માહિતી હોવાથી ઈ.સ. 1940માં તેમની ધરપકડ કરી તેમને નજરકેદમાં રાખવામાં આવ્યા હતા. પરંતુ પોતાની કુશાગ્ર બુદ્ધિનો ઉપયોગ કરી ઈ.સ.1941ના જાન્યુઆરી મહિનામાં તેઓ અંગ્રેજોની નજર કેદમાંથી છટકી અફઘાનિસ્તાન તરફ પ્રયાણ કર્યું હતું. તેમનો અફઘાનિસ્તાનનો આ પ્રવાસ ભય તેમજ રોમાંચકતાથી ભરપૂર હતો. અફઘાનિસ્તાનથી બહાર નિકળી તેઓ રશિયનયન નેતૃત્વનો ભારતીય સ્વતંત્ર્યસંગ્રામની લડાઈમાં સમર્થન લેવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તેમાં નિષ્ફળતા મળતા તેઓએ જર્મની તરફ પ્રયાણ કર્યું હતું. જર્મનીમાં રહીને તેમણે તત્કાલીન

જર્મની સરકારને ભારતીય સ્વતંત્ર્યસંગ્રામમાં સહાયતા મેળવવા માટે પ્રયત્નો કર્યા હતા. બીજી નવેમ્બર ઈ.સ.1941માં જર્મનીમાં તેમણે ભારતીય સ્વતંત્ર્યભારત કેન્દ્રની સ્થાપના કરી હતી. તેમજ આઝાદહિંદ રેડિયોનું પ્રસારણ શરૂ કર્યું હતું. આ સમય દરમિયાન તેમણે ભવિષ્યમાં ઊભી થનારી આઝાદહિંદ ફોજના નિર્માણનો પાયો નાખ્યો હતો. આ ઉપરાંત જર્મનીના મિત્ર દેશો જેવા કે ઈટલી અને જાપાન સાથે યુદ્ધ પછી ભારતમાં સ્વતંત્રતા આપવાની વચનબદ્ધતા આપવાનો પ્રયત્ન કર્યો હતો. હિટલર સાથેની તેમની મુલાકાતમાં પણ તેમણે ભારતના સ્વતંત્ર્યતાની માંગ મૂકી હતી. ફેબ્રુઆરી 1942માં સિંગાપોર ખાતે જ્યારે અંગ્રેજી સેનાએ જાપાનીઓ સામે હથિયાર મૂક્યા ત્યારે તેમણે એશિયામાં આવવા માટેની યોજના બનાવવાનો પ્રારંભ કર્યો હતો તેઓએ પૂર્વ એશિયામાં રહેલા ત્રીસ લાખ ભારતવાસીઓને એકસૂત્રમાં સંગઠિત કરીને ભારતની પૂર્વ સીમા તરફ યુદ્ધ કરવાની પૂર્વ યોજના બનાવી હતી. જે બાદમાં આઝાદહિંદ ફોજ દ્વારા કાર્યાન્વિત થઈ હતી.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

1. સુભાષચદ્ર બોઝના પ્રારંભિક જીવન વિશે માહિતી આપો.

_____
_____
_____
_____
_____
_____

2. સુભાષચંદ્ર બોઝ દ્વારા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં કરેલી કામગીરીનું મૂલ્યાંકન કરો.

_____
_____
_____
_____
_____
_____

❖ **નીચેના વિશે ટૂંકમાં જવાબ લખો :**

1. સુભાષચંદ્ર બોઝના શિક્ષણ વિશે માહિતી આપો.

_____
_____
_____

2. અસહયોગ આંદોલનમાં સુભાષચંદ્ર બોઝે કરેલી કામગીરીનું વર્ણન કરો.

_____
_____
_____

3. બીજા વિશ્વયુદ્ધના સમયે ક્યા કારણોને લીધે સુભાષચંદ્ર બોઝને ભારત છોડવું પડ્યું હતું?

_____
_____
_____

4. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જર્મનીમાં રહી સુભાષચંદ્ર બોઝે ભારતની આઝાદી માટે ક્યા પ્રયત્ન કર્યો હતો?

_____

_____

14.3 આઝાદહિંદ ફોજની સ્થાપના અને તેના ઉદ્દેશો :

14.3.1 ભારતમાં સશસ્ત્ર ક્રાંતિઓની ભૂમિકા :

સશસ્ત્ર ક્રાંતિઓનો ઈતિહાસ એ ભારતના સ્વતંત્ર સંગ્રામનું સ્વર્ણિમ પૃષ્ઠ રહ્યું છે. ઈ.સ.1770માં બંગાળમાં થયેલ દુષ્કાળ પછી સંન્યાસીઓ દ્વારા તત્કાલીન ઈસ્ટ ઈન્ડિયાકંપનીની સરકાર સામે સશસ્ત્ર આંદોલનથી આ ક્રાંતિકારી ઈતિહાસની શરૂઆત થાય છે. બંગાળી સાહિત્યના રાષ્ટ્રાવાદી લેખક શ્રી બંકિમચંદ્ર ચટોપાધ્યાયે આ સન્યાસી વિદ્રોહનું વિષદ, વિવરણ પોતાની પુસ્તક 'આનંદમઠ'માં કર્યું છે. આ વિદ્રોહ બાદ ઈ.સ.1857 સુધી ભારતના અનેક વિસ્તારોમાં ઈસ્ટ ઈન્ડિયા કંપની સામે સશસ્ત્ર આંદોલનો કે જેમાં મુખ્ય જનજાતિ વિદ્રોહો તેમજ સૈનિકોના બળવાઓ અને પ્રાદેશિક રાજાઓની સ્વતંત્રતા માટેના પ્રયાસો સામેલ હતા. મોટાભાગે આ સશસ્ત્ર આંદોલનોને ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ હિંસા અને સૈન્યની મદદથી દબાવવામાં સફળ રહી હતી. પરંતુ તેની નિરંતરતાને રોકી શકી ન હતી. ઈ.સ.1857નો સશસ્ત્ર સંગ્રામ એ સમગ્ર સશસ્ત્ર આંદોલનના ઈતિહાસનું સૌથી મોટું આંદોલન છે આ આંદોલનમાં સમગ્ર ભારતીય સમાજ, કૃષિક, જનજાતીય, શોષિત સમાજ જોડાયો હતો અને સમગ્ર ભારત પર ઊંડી અસર પહોંચાડી હતી. આ ક્રાંતિના મુખ્ય કેન્દ્રો નો થોડા સમય સુધી કંપનીના શાસનથી સ્વતંત્ર થઈ ગટયા હતા. આ સશસ્ત્ર આંદોલન એકથી દોઢ વર્ષ સુધી ચાલ્યું હતું. જેમાં અનેક લોકો તથા ક્રાંતિકારીઓ શહીદ થયા હતા. ઈ.સ. 1857ની ક્રાંતિ પછી પણ અનેક સ્થળો પર અંગ્રેજી સરકાર સામે સશસ્ત્ર આંદોલનો ચાલુ રહ્યા હતા. 20મી સદીની શરૂઆતમાં અનેક ગુપ્ત ક્રાંતિકારી દળ જેવા કે અભિનવ ભારત, અનુશિલન સમિતિ, ઈન્ડિયન હોમ રુલ સોસાયટી, સ્વદેશ બંધન સમિતિ વગેરે સંસ્થાઓએ અંગ્રેજોની ઊંઘ ઉડાવી દીધી હતી. મહારાષ્ટ્ર, પંજાબ, બંગાળ આ સશસ્ત્ર ક્રાંતિકારી આંદોલનના મુખ્ય કેન્દ્રો બની ગયા હતા. અનેક અંગ્રેજી અધિકારીઓ સશસ્ત્ર હુમલાઓનો ભોગ બન્યા હતા ઈ.સ.1911માં ભારતના મહાન ક્રાંતિકારી રાસબિહારી બોઝે તત્કાલિન ભારતના વાઈસરોય બોમ્બ દ્વારા મારી નખાવવાનો પ્રયત્ન કર્યો હતો. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે પણ ક્રાંતિકારી સંગઠનો 'ગદર' જેવા આંદોલનોથી બ્રિટિશ શાસનને હટાવવાનો પ્રયત્ન કર્યો હતો. ઈ.સ.1921-22માં અસહકાર આંદોલનની નિષ્ફળતા બાદ ફરીથી ક્રાંતિકારી આંદોલનો સક્રિય થયા હતા. ભારતીય ક્રાંતિકારીઓના પિતામહ શહીદ ભગતસિંહ અને ચંદ્રશેખર આઝાદે અનેક ઘટનાઓને અંજામ આપ્યો હતો. આમ, સમગ્ર ગુલામીકાળ દરમિયાન સશસ્ત્ર આંદોલન નિરંતર દેશના કોઈને કોઈ ભાગમાં ચાલુ રહ્યું હતું.

14.3.2 આઝાદહિંદ ફોજની રચના :

બોર્ડ હાર્ડિંગ્સ પરના હુમલા પછી રાસબિહારી બોઝ ભારતદેશને છોડી પૂર્વ એશિયામાં સ્થાયી થયા હતા. આ પૂર્વે એશિયામાં મોટાભાગે ત્રીસેક લાખ જેટલા ભારતીયોની વસ્તી વસેલી હતી. રાસબિહારી બોઝે આ સમગ્ર ભારતીય વસ્તીને સંગઠિત કરી ક્રાંતિકારી યોજનાઓમાં સક્રિય ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરી હતી. રાસબિહારી બોઝ સાથે બાબા અમરસિંહ, જ્ઞાનિ પ્રિતમસિંહ, બાબા ઉસ્માનખાન, સ્વામી સત્યાનંદપુરી જેવા અનેક ચહેરાઓ જોડાયા હતા. થાઈલેન્ડમાં આવેલ સ્વામી સત્યાનંદપુરી દ્વારા સ્થાપિત સ્થાઈ-ભારત સાંસ્કૃતિક કેન્દ્રનું મુખ્યાલય આ ક્રાંતિકારીઓનું કેન્દ્ર હતું. આ બધાજ ક્રાંતિકારીઓ કોઈ મોકાની રાહ જોઈ રહ્યા હતા. આ મોકો તેમને બીજા વિશ્વયુદ્ધની શરૂઆત દરમિયાન મળ્યો હતો. તા.8 ડિસેમ્બર ઈ.સ. 1941ના રોજ જાપાને ઈંગ્લેન્ડ અને અમેરીકા વિરૂધ્ધ યુદ્ધ જાહેર કર્યું હતું. તેના 24 કલાકની અંદર જ બાબા અમરસિંહે બેંગકોકની અંદર ભારતીય સ્વતંત્રતા લીગની સ્થાપના કરી હતી. સ્વામી સત્યાનંદપુરીએ થાઈ-ભારત સાસંસ્કૃતિક નિવાસાલયને ભારતીય રાષ્ટ્રીય પરિષદમાં પરિવર્તિત કરીને ભારતીય સ્વતંત્રતાલીગને સહયોગ કરવાનું શરૂ કર્યું હતું. આ સમયે જાપાની સેનાએ અંગ્રેજો તરફથી લડી રહેલી આડત્રીસ પંજાબી રેઝીમેન્ટને પરાજય આપી ચોપ્પન સનિકો સાથે કેપ્ટન મોહનસિંહને કેદ કર્યા હતા. બાબા જ્ઞાનિસિંહે મેજર ફ્યુઝીવારા સાથે મળી કેપ્ટન મહોનસિંહ અને તેમના સૈનિકોને ભારતની સ્વતંત્રતા માટે લડવા સમજાવ્યા હતા. અને આ રીતે આઝાદહિંદ ફોજની પ્રારંભિક રચના બની હતી. કેપ્ટન મોહનસિંહ આ આઝાદહિંદ ફોજના જનરલ ઓફિસર કમાંડિંગ (જે.ઓ.સી.) બન્યા હતા. આ બાદ જાપાનીઓ સામે હારેલા અને અંગ્રેજી સેનામાં રહેલા અધિકારીઓ અને સૈનિકો આઝાદહિંદ ફોજમાં જોડાયા હતા. ઈ.સ.1942ની 16 જાન્યુઆરીના ભારતીય સ્વતંત્રતા લીગ અને આઝાદહિંદ ફોજની શાખા કોલલમ્પુર (મલેશિયાની રાજધાની) ખાતે શરૂ કરવામાં આવી હતી. આ બાદ અહીં જ કેપ્ટન મોહનસિંહે લગભગ પાંચ હજાર જેટલા ભારતીય યુદ્ધ કેદીઓ સમક્ષ આઝાદ હિંદફોજના મુખ્ય ઉદ્દેશ્યો જેવા કે ભારતમાંથી અંગ્રેજોને હાંકી કાઢવા માટે સહયોગ આપવાની અપીલ કરી હતી. 15 ફેબ્રુઆરી ઈ.સ.1942ના જાપાની સૈન્યએ સિંગાપોર પર કબજો કર્યો હતો અે; અનેક ભારતીય સૈનિકોને કેદ કર્યા હતા. અહીં પણ મેજર ફ્યુઝીવારા, કેપ્ટન મોહનસિંહ, ભારતીય સ્વતંત્ર લીગના એક સદસ્ય આવી પહોંચ્યા હતા. અને તેમને આઝાદહિંદફોજમાં જોડ્યા હતા. ધીરે ધીરે સમગ્ર પૂર્વ એશિયામાં ભારતીય સ્વતંત્રતા લીગ અને આઝાદહિંદ ફોજના કાર્યાલયો શરૂ થઈ ગયા હતા. અને તેમને ભારતીયો તરફથી આર્થિક સહયોગ મળવાો પણ શરૂ થઈ ગયો હતો. 2 ફેબ્રુઆરી, ઈ.સ.1942ના સ્વામી સત્યાનંદ પૂરીએ પહેલી વખત સુભાષચંદ્રબોઝને તાર મૂક્યો હતો. અને પૂર્વ એશિયામાં થયેલા સશસ્ત્ર આંદોલનનું

નેતૃત્વ સ્વીકારવામાં નિમંત્રણ આપ્યું હતું. 9 માર્ચ, ઈ.સ. 1942ના રોજ એક બૃહદ સંમેલન સિંગાપોર ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં શાંઘાઈ, મલાયા, હોંગકોંગ, થાઈલેન્ડ જેવા દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ સંમેલનમાં કેપ્ટન મોહનસિંહ, બાબા અમરસિંહ જ્ઞાનિ પ્રિતમસિંહ, કે.પી.કે. મેનન, લેફ્ટનન કર્નલ ગીલ, મેજર એન. ઝેડ. ફિયાની એ ભાગ લીધો હતો. આ સંમેલનમાં જાપાનીઝ સરકાર અને અધિકારીઓ સાથે ભારતીય સ્વતંત્ર સંગ્રામમાં સહયોગની રાહતોનો વિચાર કરવા માટે ચર્ચા થઈ હતી. તેમજ સુભાષચંદ્ર બોઝને ટોક્યો આવવા માટે નિમંત્રણ આપવામાં આવ્યું હતું. ફરીથી ભારતીય સ્વતંત્રતા લીગનું સંમેલન ટોકિયો ખાતે 28 માર્ચ ઈ.સ. 1942ના દિવસે યોજવામાં આવ્યું હતું. પરંતુ તેમાં એક દુર્ઘટના ઘટી હતી જેમાં ચાર પ્રમુખ પ્રતિનિધિ સ્વામી સત્યાનંદપુરી, જ્ઞાનિ પ્રિતમસિંહ, કપ્તાન મહમંદ અકમ અને નીલકાન્ત ઐયરનું અવસાન થયું હતું. આ ટોક્યો સંમેલનની અધ્યક્ષતા રાસબિહારી બોઝે સંભાળી હતી. આ સંમેલનમાં જાપાનના પ્રધાન મંત્રી જનરલ તેજો એ સંદેશો મોકલાવ્યો હતો કે જાપાનની સરકાર ભારતની સ્વતંત્રતા માટે લીગને સંપૂર્ણ સહયોગ આપશે અને તેમને કર્નલ ઈવાકુરોને જાપાનના સરકારના પ્રતિનિધિ તરીકે મૂક્યા હતા. જેઓ બાદમાં જાપાન સરકાર અને ભારતીય આંદોલનકારીઓ વચ્ચે બનેલા સમન્વય સંગઠનના પ્રમુખ બન્યા હતા. આ સંમેલનમાં નિશ્ચય કરવામાં આવ્યો હતો કે જાપાન ભારતની પૂર્ણ સ્વતંત્રતા માટે કટિબધ્ધ રહેશે તેમજ ભારતનું ભાવિ સંવિધાન ભારતના લોકોના પ્રતિનિધિ દ્વારા બનશે. આ સંમેલનમાં એક નિર્વાચિન પરિષદ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. અને રાસબિહારી બોઝને તેમના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા.

ભારતીય સ્વતંત્રતા લીગનું ત્રીજું સંમેલન 15 જૂન, 1942ના રોજ બેંગકોક ખાતે બોલાવવામાં આવ્યું હતું જેમાં જાપાનમાં ચુકો, હોંગકોંગ, બર્મા, બોર્નિયો, જાવા, મલાયા, થાઈલેન્ડ, શાંઘાઈ, મનીબા અને હિંદી ચીનના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો આ સંમેલનમાં ટોકિયો પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી અને જાપાની સરકારને અંગ્રેજોના ભારતમાંથી ચાલ્યા ગયા બાદ ભારતને પૂર્ણ સ્વતંત્રતા આપવાની ઘોષણા કરવા માટેની વિનંતી કરવામાં આવી હતી. આ સંમેલનમાં એક કાર્યકારણી પણ બનાવવામાં આવી હતી. જેમાં રાસબિહારી બોઝ અધ્યક્ષ તેમજ રાઘવન જનરલ મહોનસિંહ, કે.કે. મેનન અને કર્નલ જી ક્યુ ગિલાનીની નિમણૂક કરવામાં આવી હતી. આ સંમેલન બાદ ભારતીય સ્વતંત્રતા લીગ અને આઝાદ હિંદ ફોજ એકદમ ક્રિયાશીલ થઈ ગઈ હતી. આઝાદહિંદ ફોજના સૈનિકોને ગાંધી બ્રિગેડ, નહેરુ બ્રિગેડ, આઝાદ બ્રિગેડ, એસ.એસ.ગૃપ, ગુપ્તચર વિભાગ, સૈનિક ઔષધાલય, સહાયતા કોર, એન્જિનિયરિંગ કંપની, સૈનિક પ્રચાર અંગે વેગેરેમાં વિભાજીત કરવામાં આવી હતી. બેંગકોક કોન્ફરન્સ બાદ જાપાન સરકારની વિશ્વસનીયતાને લઈને રાસબિહારી બોઝ તેમજ કેપ્ટન

મોહનસિંહ વચ્ચે મતભેદ શરૂ થયા હતા. જાપાની સરકાર દ્વારા બર્માના કબજાલ પછી અનેક ભારતીયોની સંપત્તિને કબજે કરવામાં આવી હતી. જેથી આઝાદહિંદ ફોજના સૈનકો નારાજ થયા હતા. રાસબિહારી બોઝનું સ્વાસ્થ્ય પણ અતિશય કથળી ગયું હતું. 29 ડિસેમ્બર 1942ના રોજ કેપ્ટન મોહનસિંહની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને સુમાત્રા મોકલી આપવામાં આવ્યા હતા. જેથી આઝાદહિંદ ફોજના વિઘટનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. આ સમયે રાસબિહારી બોઝે પોતાનો છેલ્લો પત્ર સુભાષચંદ્ર બોઝને લખી તેમને તત્કાલ પૂર્વ એશિયામાં આવી આઝાદહિંદ ફોજનું નેતૃત્વ સ્વીકારવા વિનંતી કરવામાં આવી હતી.

1. ભારતમાં થયેલ સશસ્ત્ર આંદોલનની માહિતી આપો.

2. આઝાદહિંદ ફોજની રચના અને તેના ઉદ્દેશો વિશે નોંધ લખો.

3. ભારત સ્વતંત્રતા લીગ દ્વારા યોજાયેલા ત્રણ સંમેલનો સિંગાપુર ટોકિયો તેમજ બેંગકોક વિશે માહિતી આપો.

❖ **ટૂંકમાં જવાબ આપો :**

1. ભારતમાં સશસ્ત્ર આંદોલનના ઈતિહાસમાં પહેલું આંદોલન ક્યાં થયું હતું ?

2. વીસમી સદીની શરૂઆતમાં ભારતમાં બનેલ મુખ્ય ક્રાંતિકારી સંગટનો તેમજ મુખ્ય ક્રાંતિકારીઓની માહિતી આપો.

3. આઝાદ હિંદ ફોજની રચનામાં સામેલ થનાર પ્રમુખ ક્રાંતિકારીઓના નામ આપો.

4. ભારતની સ્વતંત્રતા આંદોલનમાં રાસબિહારી બોઝની ભૂમિકા વિશે ટૂંકમાં જણાવો.

_____

_____

_____

5. આઝાદહિંદ ફોજની રચનામાં જાપાને આપેલા સહયોગ વિશે માહિતી આપો.

_____

_____

_____

14.4 સુભાષચંદ્રબોઝ અને આઝાદહિંદ ફોજ :

14.4.1 સુભાષચંદ્રબોઝનું પૂર્વ એશિયામાં આગમન :

8 ફેબ્રુઆરી ઈ.સ.1943ના રોજ સુભાષચંદ્રબોઝ તેમના સાથી આબિદ હસન સાથે પૂર્વ એશિયામાં આવવા માટે સબમરીનમાં પ્રવાસ શરૂ કર્યો હતો. આ સબમરીન 90 દિવસમાં અનેક મુશ્કેલીઓ પાર કરી 400 માઈલનું અંતર કાપી 16 મે, 1943ના રોજ ટોકિયો ખાતે પહોંચ્યા હતા. ટોકિયો પહોંચીને (નેતાજી) સુભાષચંદ્ર, બોઝ જાપાનના પ્રધાનમંત્રી ટોજો ને મળી જાપાની સરકાર સાથે વાટાઘાટો શરૂ કરી હતી. સુભાષચંદ્ર બોઝના પૂર્વ એશયામાં આગમન પછી સમગ્ર ભારતીયોમાં ઉત્સાહનો સંચાર થયો હતો. ટોકિયો રેડિયો દ્વારા સુભાષચંદ્ર બોઝે પૂર્વ એશિયામાં રહેલા સમગ્ર ભારતીય સમાજને સંગઠિત સશસ્ત્ર ક્રાંતિ કરવા માટે આહ્વાન આપ્યું હતું અને કહ્યું હતુ કે જ્યારે સ્વતંત્રતા પ્રેમી ભારતીયોનું લોહી રેડાશે ત્યારે જ ભારત સ્વતંત્ર થશે. 2 જુલાઈ, 1943ના રોજ સુભાષચંદ્ર બોઝ રાસબિહારી બોઝ સાથે સિંગાપોર પહોંચ્યા હતા. જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ બાદ જ જુલાઈ 1943ના રોજ કેથે સિનેમાહોલમાં પૂર્વ એશિયાના પાંચ હજાર જેટલા ભારતીય લોકોની હાજરીમાં ભારતીય સ્વતંત્રતા લીગ તેમજ આઝાદહિંદ ફોજનું 'નેતૃત્વ સુભાષચંદ્ર બોઝને સોંપ્યું હતુ. આ નેતૃત્વને ગ્રહણ કરતા નેતાજીએ કહ્યું હતું કે' ''આપણી ફોજોની કુશળતા પૂર્વક સંચાલન કરવા માટે હું સ્વતંત્ર ભારતની અસ્થાઈ સરકાર બનાવવાનો વિચાર આપ સમક્ષ રાખું છું. આ અસ્થાઈ સરકારનું કર્તવ્ય હશે કે તે ભારતની સ્વતંત્રતાની લડાઈને સફળતા સુધી લડતી રહે.'' 21 ઓક્ટોબર, ઈ.સ. 1943ના દિવસે સુભાષચંદ્ર બોઝે સ્વતંત્ર ભારતની પ્રથમ અસ્થાયી સરકાર ની સ્થાપના કરવાની ઉદ્‌ઘોષણા કરી હતી. આ અસ્થાયી સરકારમાં સુભાષચંદ્ર બોઝ પ્રધાનમંત્રી, યુદ્ધ અને વિદેશમંત્રી બન્યા હતા. કેપ્ટન શ્રીમતી લક્ષ્મીને સદ્‌ગતિ મહિલા સંગઠનની જવાબદારી, એસ.એ. ઐયર પ્રચાર અને પ્રસાર વિભાગ, લે કર્નલ એસ.સી. ચેટર્જીને નાણાં મંત્રાલય, રાસબિહારી બોઝ ઉચ્ચતમ પરામર્શ દાતા તેમજ કર્નલ શાહ નવાઝની સશસ્ત્ર સેનાના પ્રતિનિધિ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. આ સંમેલનમાં સુભાષચંદ્રબોઝે પ્રતિજ્ઞા કરી હતી કે,

''જીવનના અંતિમ શ્વાસ સુધી સ્વતંત્રતાની લડાઈ ચાલુ રાખીશ અને આડત્રીસ કરોડ ભાઈ બહેનોના કલ્યાણ ને સર્વોચ્ચ કર્તવ્ય માની લોહીની અંતિમ બુંદ સુધી સ્વતંત્રતા મેળવવા તૈયાર રહીશ.'' આ બાદ આઝાદહિંદ ફોજ ઝિંદાબાદના નારા સાથે વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું.

14.4.2 આઝાદહિંદ ફોજનું પુનઃગઠન :

અસ્થાયી સરકારના નિર્માણ કર્યા પછી સુભાષચંદ્ર બોઝે આઝાદહિંદ ફોજનું પુનઃગઠન કરવાનું શરૂ કર્યું હતું. મહિલાઓનું એક નવું દળ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના નામે ઊભું કર્યું હતું. જેની જવાબદારી કેપ્ટન લક્ષ્મી સહેગલને સોંપવામાં આવી હતી. આ દળની દરેક મહિલા માટે સૈનિકી પ્રશિક્ષણની વ્યવસ્થા ઊભી કરી હતી. ઓક્ટોબર 23-24 થી 1943ના રોજ સુભાષચંદ્ર બોઝની અધ્યક્ષતા અંગ્રેજો અને તેના મિત્રો અમેરિકા વિરૂધ્ધ યુદ્ધની ઘોષણા કરી હતી. પૂર્વે એશિયાના અલગ અલગ શહેરોમાં આઝાદ હિંદ રેડિયો કેન્દ્રની સ્થાપના કરવામાં આવી અને તેમાં ભારતના અલગ-અલગ ભાષાઓમાં કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા. આઝાદહિંદ સરકારે પોતાનું દૈનિક તેમજ સાપ્તાહિક સમાચારપત્ર શરૂ કર્યું હતું. સુભાષચંદ્ર બોઝ સમગ્ર પૂર્વે એશિયા પહોંચ્યા હતા. આ દરમિયા બૃહદ પૂર્વ એશિયાનું સંમેલન બોલાવવામાં આવ્યું હતું. જેમાં જાપાનના પ્રધાનમંત્રી જનરલ ટોજો હાજર રહ્યા હતા. આ સંમેલનમાં પ્રધાનમંત્રી જનરલ ટોજોએ જાપાની સેના દ્વારા જીતેલા આંદામાન નિકોબાર દ્વિપોનો વહીવટ ભારતની અસ્થાયી સરકારને સોંપ્યો હતો આઝાદહિંદ સેનાએ આ બંને દ્વિપોને શહીદ અને સ્વરાજ નામ આપ્યા હતા. લે. કર્નલ એ.ડી. લોગાદાનને પ્રથમ ભારતીય પ્રશાસક તરીકે નિમણૂક આપી હતી. ચીન તથા ફિલિપાઈન્સની યાત્રા બાદ નેતાજી સિંગાપુર પહોંચ્યા હતા. ત્યાંથી 31 ડિસેમ્બર, 1943ના રોજ આંદામાન ધરતી પર પગ મૂક્યો હતો. આંદામાન જતાં પહેલા સુભાષચંદ્ર બોઝે એક મંત્રી મંડલીય સમિતિની રચના કરી હતી. જેમનું કાર્ય પૂર્વ એશિયામાં રહેતા ભારતીય લોકોની ભાષા વેશભૂષા, ભોજન, અભિવાદન ચિહ્ન તેમજ રીતરિવાજોમાં એકતા લાવી ને રાષ્ટ્રીય સ્તર પર સંગઠિત કરવાનો પ્રયાસ કર્યો હતો. આ મંત્રી મંડલીય ઉપસમિતિએ ભાવિ રાષ્ટ્રીય એકતા લાવવા માટે ભારતની સામાન્ય ભાષા (હિંદી) હિંદુસ્તાનીને નિર્ધારિત કરી હતી. અભિવાદન તરીકે જયહિંદ, રાષ્ટ્રીય ચિહ્ન તરીકે સિંહ, ચલો દિલ્હીઅને આઝાદહિંદ ઝિંદાબાદને રાષ્ટ્રીય નારા તરીકે નિર્ધારિત કરવામાં આવ્યા હતા.

14.4.3 આઝાદહિંદ ફોજનું રંગૂન તરફ પ્રસ્થાન :

જાન્યુઆરી, ઈ.સ.1944ના ભારતીય સ્વતંત્રતા લીગ અને આઝાદહિંદ ફોજનું કાર્યાલય રંગૂન ખાતે સ્થાપિત કરવામાં આવ્યું. આ એક મહત્ત્વપૂર્ણ ઘટના હતી. કારણકે સુભાષચંદ્ર બોઝ ભારતની સરહદ નજીક પહોંચ્યા હતા. સમગ્ર બર્મા અને ભારતમાં ઉત્સાહનો સંચાર શરૂ થયો હતો. સુભાષચંદ્ર બોઝ રંગૂન પહોંચી બર્મા વાસીઓને યુદ્ધ માટે આર્થિક સહાયતા આપવા માટે અપીલ કરી હતી. જેનો

મોટો પ્રતિસાદ લોકો તરફથી મળ્યો હતો શ્રી હબીબ નામના એક નાગરિકે પોતાની બધી જ સંપત્તિ વહેંચીને એક કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું. શ્રીમતિ હેમરાજ બટાઈએ પોતાની તમામ સંપત્તિ નેતાજીને દાનમાં આપી દીધી હતી. નેતાજીના બર્મા પહોંચ્યા પછી સમગ્ર આઝાદહિંદ ફોજ મલાયા અને થાઈલેન્ડ પ્રસાર કરીને રંગૂન ખાતે પહોંચી ગઈ હતી.

14.5 આઝાદહિંદ ફોજનું ભારત તરફ પ્રયાણ :

ફેબ્રુઆરી ઈ.સ.1944 થી આઝાદહિંદ ફોજે ભારત તરફ આગેકૂંચ શરૂ કરી હતી. અને બર્માના આરકાન ક્ષેત્ર પાર કરીને ભારતની ભૂમિ પર પગ મૂક્યો હતો. 14 એપ્રિલ 1944ના રોજ કર્નલ એસ.એ. મલિકના નેતૃત્વ મણિપૂર રાજયના મોરાંગ સ્થાન પર કબજો કર્યો હતો અને ભારતમાં સૌ પ્રથમ વખત તિરંગો લહેરાવ્યો હતો. જીતાયેલા તમામ વિસ્તારોમાં નેતાજીએ નાગરિક સેવાઓ ઊભી કરવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. દરેક વિસ્તારોમાં લોકલ શાસન માટે અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી. આ વિસ્તારોમાં પોસ્ટ, વાયરલેસ, રોડ રસ્તાના નિર્માણ કામ શરૂ કરી નાગરિક જીવનને પુનઃ સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો હતો. 5 એપ્રિલ, 1944ના રોજ રંગૂન ખાતે બેંકની પણ શરૂઆત કરવામાં આવી હતી. મણિપુરના પ્રવેશ બાદ આઝાદહિંદ ફોજે 8 એપ્રિલ 1944ના રોજ કોહિમાના કિલ્લા પર કબજો કર્યો હતો. અને સાથે દીમાપુર કોહિમા રોડ પણ પોતાના કબજામાં લીધો હતો. 13 એપ્રિલ, 1944 ના રોજ ઈમ્ફાલ શહેરને આઝાદહિંદ ફોજ દ્વારા ચારેબાજુથી ઘેરી લેવામાં આવ્યું હતું. 18 અને 22 એપ્રિલના ઈમ્ફાલ પર કબજો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. 22 એપ્રિલે શરૂ થયેલુ યુદ્ધ દોઢ માસ જેટલું લાંબુ ખેંચાયું આઝાદહિંદ ફોજથી ઈમ્ફાલને બચાવવા માટે અંગ્રેજી સરકારે પૂરી તાકાત લગાવી હતી. અંગ્રેજી સેનાને કોઈપણ હિસાબે ઈમ્ફાલને બચાવવા માટેના આદેશો આપવામાં આવ્યા હતા. જૂન મહિનામાં અતિશય વરસાદે આઝાદહિંદ ફોજની સ્થિતિને ખરાબ કરી હતી. ભારે વરસાદને કારણે આઝાદહિંદ ફોજની સપ્લાઈન લાઈન તૂટી ગઈ હતી. આથી 27 જૂને ઈમ્ફાલનો ઘેરો ઊઠાવી લેવામાં આવ્યો હતો. 14 ઑગસ્ટ, 1944ના સુભાષચંદ્ર બોઝે દૈનિક વર્તમાન લખ્યું કે વરસાદને કારણે ઈમ્ફાલ પર આક્રમણ શક્ય નથી. પરંતુ પુનઃ તૈયારી કરીને ઈમ્ફાલ પર આક્રમણ કરવામાં આવશે. આ સાથે ગાંધીજીને આઝાદહિંદ ફોજને સહયોગ આપવા માટે અપીલ કરી હતી. સુભાષચંદ્ર બોઝે કહ્યું કે "રાષ્ટ્રપિતા ! અમે ભારતના આ પવિત્ર મુક્તિ યુદ્ધમાં આપના આશીર્વાદ અને શુભકામનાઓ ઈચ્છીએ છીએ, જયહિંદ !"

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

1. આઝાદ હિંદ ફોજની પુનઃ રચનામાં સુભાષચંદ્ર બોઝે આપેલા પ્રદાનની માહિતી આપો.

_____

_____

_____

2. આઝાદ હિંદ ફોજની પ્રારંભિક વિજયી માહિતી આપો.

❖ **ટૂંકમાં જવાબ આપો. :**

1. સુભાષચંદ્ર બોઝનું પૂર્વ એશિયામાં કઈ રીતે આગમન થયું હતું ?

2. આઝાદ હિંદ ફોજની રાટા બનાવવામાં આવેલી અસ્થાયી સરકારમાં કોને અને ક્યા પદ આપવામાં આવ્યા હતા?

3. આંદામાન નિકોબાર દ્વિપને આઝાદ હિંદ ફોજ રાટા ક્યા નામ આપવામાં આવ્યા હતા? અને કોને તેના પ્રશાસક તરીકે નિમણૂક આપવામાં આવી હતી.

4. આઝાદ હિંદ ફોજને બર્માના ક્યા નાગરિકે પોતાની અપૂર્ણ સંપત્તિ આપી હતી?

5. આઝાદ હિંદ ફોજને ક્યા કારણોને ઈમ્ફાલમાંથી ઘેરો ઉઠાવી લેવામાં આવ્યો હતો ?

6. સુભાષચંદ્ર બોઝનું પૂર્વ એશિયામાં કઈ રીતે આગમન થયું હતું ?

14.6 આઝાદહિંદ ફોજનો પરાજય અને સુભાષચંદ્ર બોઝના મૃત્યુ અંગેનું રહસ્ય :

14.6.1 આઝાદહિંદ ફોજનો પરાજય :

ઈ.સ.1944માં બીજા વિશ્વયુદ્ધની પરિસ્થિતિમાં પરિવર્તન આવવાનું શરૂ થઈ ગયું હતું. અમેરિકા અને અંગ્રેજોની સેનાએ પૂર્વ એશિયામાં જાપાનને હરાવવા માટે મોરચો માંડ્યો હતો.

મિત્ર રાષ્ટ્રની સેનાઓની એરફોર્સ દ્વારા પૂર્વ એશિયામાં આવેલા જાપાની તેમજ આઝાદ હિંદ ફોજના કેન્દ્રો પર બોમ્બ વર્ષા થઈ રહી હતી. ઈમ્ફાલના ઘેરા વખતે ભારે વરસાદને કારણે આઝાદહિંદ ફોજને બહુ મોટું નુકસાન થયું હતું અનેક સૈનિકો બીમારી અને ભૂખને લીધે મૃત્યુ પામ્યા હતા. જાપાની સેનાનું બર્મા તરફનું નિયંત્રણ ઓછું થ રહ્યું હતું. અંગ્રેજી સેનાની બર્માની અંદર પ્રવેશ કરવાની શરૂ આત થઈ ગઈ હતી. થોડા જ સમયમાં રંગૂન પહોંચશે એવી ભીતિ હોવાથી નેતાજી પાસે બર્મા છોડવા સિવાય કોઈ વિકલ્પ બાકી રહ્યો ન હતો આઝાદહિંદ ફોજની અસ્થાઈ સરકારે પણ નેતાજીને બર્મા છોડવા માટે સમજાવ્યા હતા. અંતે 24 એપ્રિલ 1945ના રોજ ચાર કાર અને બાર ગાડીઓના કાફલા સાથે કે જેમાં અસ્થાઈ સરકારના નેતૃત્વ તેમજ રાણી ઝાંસી રેઝિમેન્ટની બહેનો સાથે બેંકકોક તરફ પ્રયાણ કર્યું આ 21 દિવસનો પ્રવાસ નેતાજી માટે અતિ દુઃખદાયક રહ્યો. આ કાફલા પર અંગ્રેજી સેના સતત બોમ્બવર્ષા કરી રહી હતી. જંગલોમાં છુપાઈ છુપાઈને જવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો ન હતો. ભોજન પણ ખૂટી પડ્યું હતું થોડા સાથીઓ પણ આ હુમલાઓમાં માર્યા ગયા હતા. ત્રણ દિવસ સતત પગે ચાલવું પડતું હતું. અંતે 14 મે ઈ.સ.1945ના રોજ નેતાજી બેંગકોક પહોંચ્યા હતા. 10મી ઑગસ્ટે રશિયાએ પણ જાપાન વિરૂધ્ધ યુદ્ધ ઘોષિત કરતા આઝાદહિંદ ફોજ પાસે કોઈ વિકલ્પ રહ્યો નહોતો. આઝાદ હિંદ ફોજની અસ્થાઈ સરકાર દ્વારા સિંગાપોર ખાતે આત્મસમર્પણ કરવાનો વિચાર કરવામાં આવ્યો. 12 ઑગસ્ટ, 1945ના રોજ નેતાજીએ સિંગાપોર તરફ પ્રસ્થાન કર્યું. ત્યાં પણ ભારતદેશના લોકો સાથે તેમણે પરામર્શ શરૂ કર્યું. 13 ઑગસ્ટના રોજ તેઓ ફરીથી બેંગકોક આવ્યા. અહીં તેમને જાપાની સરકાર તરફથી 14 ઑગસ્ટના રોજ સંદેશ આપવામાં આવ્યો કે તેમને રશિયા અધિકૃત મંચુરિયામાં પહોંચાડવાની વ્યવસ્થા જાપાની એરફોર્સ કરશે. આ પછીની જવાબદારી આઝાદહિંદ ફોજની રહેશે.

નેતાજીને લાગ્યું હતું કે મંચુરિયાથી મોસ્કો પહોંચી શકાશે અને રશિયન સરકાર સાથે આત્મસમર્પણ અંગે નીતિ પણ બનાવી શકાશે. 17 ઑગસ્ટે નેતાજી બેંગકોકથી સેંગોન આવ્યા. અહીં નેતાજીના જીવનની અતિ મહત્ત્વપૂર્ણ ક્ષણ આવી પહોંચી હતી. કારણકે જાપાની સરકારે એમને મોકલવા માટે નાના વિમાન (બોમ્બર)ની વ્યવસ્થા કરી હતી. જેમાં તેમના માટે એક જ સીટ રાખવામાં આવી હતી. આવી પરિસ્થિતિમાં જો આ નિમંત્રણ તેઓ સ્વીકારે તો તેમની સાથે કોઈપણ ભારતીય જઈ ન શકે. રસ્તામાં કાંઈપણ થાય તો તેનો કોઈ ભારતીય સાક્ષી ન રહે. અને તેઓ સૈગોન રોકાઈ જાય તો અમેરિકા અને અંગ્રેજી સેના તેમને બંદી બનાવી દે. છેવટે સાથીઓ સાથેના વિચાર વિમર્શના અંતે તેમણે ટોકિયો જવાનું નક્કી કર્યું. જવાના અંતિમ સમયે જાપાનીઓએ તેમને એક સીટ વધારાની આપી જેમાં કર્નલ હબીબુરરહેમાન તેમની સાથે અંતિમ યાત્રાએ નીકળ્યા હતા. 19 ઑગસ્ટના રોજ જાપાની સરકારે સુભાષચંદ્ર બોઝના વિમાન દુર્ઘટના અને તેમના મૃત્યુ અંગેની માહિતી આઝાદ હિંદ ફોજના નેતાઓને આપી. તેમના મૃત્યુ બાદ વીસ હજારથી વધારે આઝાદહિંદ ફોજના સૈનિકો અને અધિકારીઓને બદી (કેદી) બનાવવામાં આવ્યા હતા. સમગ્ર પૂર્વ એશિયા પર અમેરિકન અને અંગ્રેજી સેનાનો કબજો થઈ ગયો હતો. આઝાદ હિંદફોજના અધિકારીઓ અને સૈનિકોને દિલ્હીના લાલ કિલ્લા પર બંદી બનાવવામાં આવ્યા હતા અને તેમના પર દેશદ્રોહનો મુકદમો ચલાવવામાં આવ્યો હતો. ઘણા સૈનિકોને અંગ્રેજી સરકાર દ્વારા મારી નાખવામાં આવ્યા હતા.

14.6.2સુભાષચંદ્ર બોઝના મૃત્યુ અંગેનું રહસ્ય :

પૂર્વ એશિયામાં 19 ઑગસ્ટ ઈ.સ. 1945માં નેતાજીના મૃત્યુ અંગે જે સમાચાર જાપાન સરકાર દ્વારા ફેલાવવામાં આવ્યા તે આજે પણ ભારતના વિવાદનો પ્રશ્ન બનેલ છે. આઝાદહિંદ ફોજના અધિકારીઓ તેમજ તેના સૈનિકો આ વાત સ્વીકારવા તૈયાર જ નહોતા. તેમના મૃત્યુ અંગેનું રહસ્ય ઘૂંટાતું જઈ રહ્યું હતું. તેમના જીવન અંગેની ઘણી બધી વાતો સમાજમાં પ્રસરી હતી. ઈ.સ. 1956માં તત્કાલીન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુ એ ત્રણ વ્યક્તિઓની સરકારી સમિતિ બનાવી હતી જેમાં શાહનવાઝ ખાન, સુભાષચંદ્ર બોઝના નાના ભાઈ સુરેશચંદ્ર બોઝ તેમજ એસ. એન. મયૈત્રાને સમાવવામાં આવ્યા હતા. આ સમિતિએ નેતાજીના વિમાન દુર્ઘટના અંગેના વાતનો સ્વીકાર કર્યો હતો અને સાથે ટોકિયોમાં આવેલ 'રેનકોજી મંદિર'માં તેમના અસ્થિ છે તે વાતનો પણ

સ્વીકાર કર્યો હતો. પરંતુ આ સમિતિના સભ્ય સુરેશચંદ્ર બોઝે આ રિપોર્ટ પર સહી કરવાનો અસ્વીકાર કર્યો હતો. આ બાદ 21 જુલાઈ 1970માં પણ શ્રી જી.ડી. ખોસલા અધ્યક્ષતામાં એક કમીટી બનાવવામાં આવી હતી. ખોસલા કમિટી એ પણ નેતાજીના વિમાન દુર્ઘટનામાં મૃત્યુ અંગનો રિપોર્ટ આપ્યો હતો. ઈ.સ. 1978માં મોરારજી દેસાઈ જયારે ભારતના પ્રધાનમંત્રી બન્યા ત્યારે તેમણે આ બંને રીપોર્ટ નામંજૂર કરી હતી. આટલ બિહારી વાજપેયીની સરકારે ઈ.સ.1999માં

મુર્ખજી આયોજની રચના કરી હતી. 7 વર્ષની શોધ કર્યા બાદ 06મે, 2007માં આ આયોગે પોતાના રિપોર્ટમાં દર્શાવ્યું હતું. કેરિ નેતાજીનું મૃત્યુ વિમાન દુર્ઘટનામાં થયું ન હતું. પરંતુ તત્કાલીન કોંગ્રેસ સરકારે આ રિપોર્ટના મંજૂરી આપી હતી.

14.7 આઝાદહિંદ ફોજના અધિકારીઓ તેમજ સૈનિકો સામેનો ઐતિહાસિક મુકદમો :

બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિ ઑગસ્ટ ઈ.સ.1945 થઈ ગઈ હતી. આ દરમિયાન ઈંગ્લેન્ડ અને અમેરિકા આઝાદહિંદ ફોજના અધિકારીઓ અને સૈનિકોને પૂર્વ એશિયામાંથી પકડી અને બંધી બનાવ્યા હતા. આ બધા ભારત મોકલી આપવામાં આવ્યા હતા જ્યાં તેમને દિલ્હીખાતે લાલ કિલ્લામાં કેદ કરવામાં આવ્યા હતા. દેશની રાષ્ટ્રીય રાષ્ટ્રવાદી નેતાઓએ અંગ્રેજી સરકારને આ બધા જ અધિકારી અને સૈનિકોને છોડી મૂકવા માટે વિનંતી કરી હતી અને સાથે જ જો એમના પર કોઈ મુકદમો ચલાવવામાં આવે તો તેમના રક્ષણ માટે એક કાર્યસમિતિની રચના કરવામાં આવી હતી. આ કાર્ય સમિતિમાં તેજ બહાદુર સપ્રુ, જવાહરલાલ નરેરું, ભુલાભાઈ દેસાઈ, કૈલાસનાથ કાર્તજુ, આસિફ અલી અને રઘુનંદન સરણની નિમણૂક કરવામાં આવી હતી. 5 નવેમ્બર ઈ.સ. 1945ના રોજ આઝાદહિંદ ફોજના ત્રણ અધિકારી શાહનવાજ ખાન, સહેગલ અને ધિલોન સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જે 31 ડિસેમ્બર, 1945 સુધી ચાલી હતી. આ સમગ્ર કાર્યવાહી દરમિયાન આઝાદહિંદ ફોજ વતી. શ્રી ભુલાભાઈ દેસાઈએ બચાવપક્ષે દલીલો આપી હતી. ભુલાભાઈ દેસાઈ પોતાના બચાવનામામાં જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય કાનૂન અનુસાર વિદેશીશસ્ત્ર થી આઝાદી માટે યુદ્ધ કરવું એ પૂર્ણતઃ ઉચિત છે. ભુલાભાઈ દેસાઈએ આઝાદહિંદ ફોજ દ્વારા સ્થાપિત કરવા આવેલી સરકારને સંપૂર્ણ રીતે કાનૂની માની હતી તેથી અંગ્રેજી સરકાર અને આઝાદહિંદ ફોજ વચ્ચેની લડાઈ એ બે રાજ્યોના યુદ્ધ જેવી હતી તેથી આ યુદ્ધમાં ગોળી ચલાવીને શત્રુને મારવાની ઘટનાને હત્યાની સંજ્ઞા આપી શકાય નહિં. આઝાદહિંદ ફોજ અને નેતાજીની લડાઈ એ ભારતને સ્વતંત્ર કરવા માટેની લડાઈ હતી. જે તેમનો કાનૂન હક હતો. 3 જાન્યુઆરી ઈ.સ. 1946ના સૈનિક ન્યાયાલયે આઝાદહિંદ ફોજના ત્રણેય અધિકારીઓને બ્રિટિશ રાજય સામે યુદ્ધ કરવા માટે દોષિત માન્યા હતા તેમજ તેમના આજીવન દેશ નિકાલ અને બરતરફ કરવાનો હુકમ કર્યો હતો પરંતુ પાછળથી આજીવન દેશનિકાલનો દંડ હટાવી દેવામાં આવ્યો હતો. આઝાદહિંદ ફોજના સૈનિકો સામે થયેલી આ કાર્યવાહી સામે દેશમાં રોષ ભભૂકી ઊઠ્યો હતો. બ્રિટિશ તાબામાં રહેલી ભારતીય નેવી અને એરફોર્સના સૈનિકોએ સરકાર સામે વિદ્રોહ કર્યો હતો. 18 મી ફેબ્રુઆરી 1946ના રોજ સર્વિસની શરતો અને રંગભેદની નીતિ સામે રોયલ ઈન્ડિયન નેવીના સૈનિકોએ વિદ્રોહ શરૂ કર્યો હતો. આ સૈનિકોએ તાત્કાલિક જનરલ શાહનવાઝ ખાન, કર્નલ પ્રેમ સહેગલ અને કર્નલ ગુરૂબક્ષસિંઘ ધિલોનને છોડી મૂકવાની માંગણી કરી હતી. આ બાદ એરફોર્સના સૈનિકો પણ તેમાં જોડાયા હતા. આ વિદ્રોહે અંગ્રેજી સરકારના પાયા હચમચાવી નાખ્યા હતા. અંગ્રેજી સરકારને ગુપ્તચરો દ્વારા માહિતી મળી હતી કે ગમે ત્યારે ભારતની સંપૂર્ણ આર્મી અંગ્રેજો સામે વિદ્રોહ કરી દેશે તેથી અંગ્રેજી સરકાર સ્તબ્ધ થઈ ગઈ હતી અને ઈંગ્લેન્ડથી કેબિનેટ મિશનની નિમણૂક

કરવામાં આવી હતી જેનું મુખ્ય કામ ભારતમાં સત્તાનું હસ્તરણ કરવા માટેની યોજના બનાવવાનું હતું બોર્ડે માઉન્ટબેટર્ને બોર્ડ વેવેલની જગ્યાએ વાઈસરોય તરીકે નિમણૂક આપી સત્તાના હસ્તરણની પ્રક્રિયા ઝડપી કરવાનો આદેશ આપ્યો હતો. આમ, આઝાદહિંદ ફોજ આજે પણ કરોડો ભારતીયોના હૃદયમાં અમર થઈ ગઈ છે. આઝાદહિંદ ફોજની લડાઈએ દેશના રાજકારણમાં એક નવો પલટો લાવ્યો હતો. હિંસા અને અહિંસા વિશેની ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની નીતિ અને વિચારણાની એણે ચાળણી કરી હતી. હિન્દની રાજકીય જાગૃતિમાં જલિયાવાલા બાગ જેટલો જ આઝાદહિંદ ફોજનો હિસ્સો રહ્યો હતો જે પંડિત જવાહરલાલ નહેરુ એ પોતાના જાહેર ભાષણમાં કહ્યું હતું કે, 'જો આઝાદહિંદ ફોજ હિન્દમાં આવે તો સૌથી પહેલો હું જ બંદુક લઈને એની સામે લડવા નીકળીશ' એ જ જવાહરલાલ નહેરુને લોક જુવાળ સામે પોતાના વિચારો બદલવા પડ્યા હતા.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

1. આઝાદ હિંદ ફોજના પરાજયના મુખ્ય કારણો જણાવો.

2. ભારતીય સ્વતંત્ર સંગ્રામમાં આઝાદહિંદ ફોજે આપેલા પ્રદાનનું વર્ણન કરો.

3. આઝાદહિંદ ફોજના અધિકારીઓ તેમજ સૈનિકો સામે થયેલા રાષ્ટ્રદ્રોહના કેસની સંપૂર્ણ વિગત આપો.

4. સુભાષચંદ્ર બોઝના મૃત્યુના રહસ્ય અંગે ટૂંકી નોંધ લખો.

5. અંગ્રેજો સામે થયેલા ભારતીય નૌ સેના વિદ્રોહનું વર્ણન કરો.

14.8 સારાંશ :

આ એકમમાં તમે આઝાદહિંદ ફોજ દ્વારા ભારતની સ્વતંત્રતા માટે જે સંઘર્ષ થયો તેનું નિરૂપણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આ સમગ્ર આંદોલનમાં સુભાષચંદ્ર બોઝે ભજવેલી ભૂમિકાનું પણ વિષદ વર્ણન કરવામાં આવેલ હતું. આઝાદ હિંદ ફોજે જવાનોની સેનાના સહકારથી પ્રારંભિક વિજયો મેળવ્યા હતા અને (અસ્થાયી) સરકારની રચના કરી હતી.

પરંતુ બીજા વિશ્વયુદ્ધના અંતિમ ભાગમાં યુદ્ધના પરીણામો બદલાયા હતા અને જર્મની અને જાપાનની હાર થઈ હતી અને આઝાદ હિંદ ફોજ પાસે સમર્પણ કરવા સિવાય કોઈ રસ્તો બચ્યો ન હતો. આ બાદ બંદી બનાવવામાં આવેલા આઝાદહિંદ ફૌજના સૈનિક અધિકારી સામે કેસ ચલાવવામાં આવ્યો હતો. આ કેસના નિર્ણયો ભારત સ્વતંત્ર સંગ્રામની દિશા બદલી નાખી હતી, ભારતીય નૌસેના અંગ્રેજો સામે બંડ પોકાર્યું હતું અને ભારતીય સ્વતંત્રતાનો રસ્તો જલ્દીથી ખુલ્લો કર્યો હતો. વિશ્વયુદ્ધના અંતિમ પડાવમાં નેતાજીનું એક વિમાન દુર્ઘટનામાં માર્યા ગયાની જાપાન સરકારની ઘોષણા બાદ અનેક વાદ-વિવાદ થયા હતા. આમ આજે પણ નેતાજીના મૃત્યુ અંગેનો પ્રશ્ન વણ ઉકેલાયો છે.

14.9 ચાવી રૂપ શબ્દો :

1. ભારતીય સનદી સેવા
2. માંડલે વર્માનું એક શહેર
3. ફોરવર્ડ બ્લોક સુભાષચંદ્ર બોઝ સાટા સ્થાપના કરવામાં આવેલી એક રાજનૈતિક પક્ષ
4. સબમરિન પાણીની સપાટી પર તેમજ ઊંડા પાણીના તળિયે જઈને રસ્તો કાઢી શકે તેવું વાહન.
5. મેસર્ગ - મણિપુર રાજ્યનું એક ગામ
6. બોમ્બર - એક પ્રકારનું યુદ્ધ વિમાન જે સ્થળ અને જળ પર સ્થિત લક્ષ્યો પર બોમ્બ ફેંકી શકે

.

એકમ : 15 દેશી રાજ્યોનું વિલીનીકરણ અને સરદાર

:: રૂપરેખા::

15.0 ઉદ્દેશ્યો

15.1 પ્રસ્તાવના

15.2 સ્વતંત્રતા સમયે ભારતની રાજકીય સ્થિતિ

15.3 દેશી રાજ્યોનું ખાતું

15.4 દેશી રાજ્યોનું જોડાણ

- **15.4.1** ત્રાવણકોર, જોધપુર, ભોપાલ, ઈન્દોર
- **15.4.2** સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં રાજ્યો
- **15.4.3** મધ્યભારત સંઘ
- **15.4.4** પૂર્વ પંજાબનાં રાજ્યોનો સંઘ
- **15.4.5** રાજસ્થાનનાં રાજ્યોનો સંઘ
- **15.4.6** ત્રાવણકોર અને કોચીન સંઘ
- **15.4.7** મૈસુર તથા અન્ય રાજ્યો
- **15.4.8** જૂનાગઢ
  - **15.4.8.1** રાજ્ય પરિચય
  - **15.4.8.2** ભારતીય સંઘ સાથે જોડાણનું નાટક
  - **15.4.8.3** પાકિસ્તાન સાથે જોડાણ
  - **15.4.8.4** જૂનાગઢના પાકિસ્તાન જોડાણના પ્રત્યાઘાતો
  - **15.4.8.5** આરઝી હકૂમતની સ્થાપના
  - **15.4.8.6** આરઝી હકૂમતની કામગીરી
  - **15.4.8.7** ભારત સરકારને રાજ્યની સત્તાસોપણી
- **15.4.9** હૈદરાબાદ
  - **15.4.9.1** રાજ્ય પરિચય
  - **15.4.9.2** સ્વતંત્ર થવાની હિલચાલ

15.4.9.3 *માઉન્ટબેટન સમક્ષ કારોબારીની રજૂઆત*

15.4.9.4 *જોડાણ માટે પુનઃ પ્રયત્નો*

15.4.9.5 *સ્ટેન્ડસ્ટિલ એગ્રીમેન્ટ*

15.4.9.6 *ભારત વિરોધી પ્રવૃત્તિઓ*

15.4.9.7 *લશ્કરી પગલું*

15.4.9.8 *હૈદરાબાદની શરણાગતિ*

15.4.9.9 *જમ્મુ કાશ્મીર*

15.4.9.1 *રાજ્ય પરિચય*

15.4.9.2 *મહારાજા હરિસિંહની મુશ્કેલીઓ*

15.4.9.3 *પાકિસ્તાનનો જમ્મુ કાશ્મીર પર હુમલો*

15.4.9.4 *ભારત સંઘ સાથે જોડાણ*

15.4.9.5 *ભારતીય સૈન્યની કામગીરી*

15.4.9.6 *સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ફરિયાદ*

15.5 *સારાંશ*

15.6 *ચાવીરૂપ શબ્દો*

15.7 *બહુ વૈકલ્પિક પ્રશ્નો*

15.8 *સ્વાધ્યાય*

15.9 *સંદર્ભો*

15.0 *ઉદ્દેશ્યો :*

આ એકમના અભ્યાસ પછી તમે....

1.સ્વતંત્રતા સમયે ભારતની રાજકીય પરિસ્થિતિથી માહિતગાર બનશો.

2.ભારત અને પાકિસ્તાનના વિભાજન સમયે દેશી રાજ્યોની સ્થિતિ જાણશો.

3.સરદાર વલ્લભભાઈએ ભારતના એકીકરણ માટે કરેલ કાર્ય વિશે માહિતી મેળવી શકશો.

4. અખંડ ભારતની રચના પાછળના ઘટનાક્રમથી માહિતીગાર થશો.

15.1 *પ્રસ્તાવના :*

ભારતમાં સ્વતંત્રતા માટેની ઝૂંબેશ પૂરજોશમાં ચાલી રહી હતી ત્યારે સ્વતંત્રતા ખૂબ નજીકમાં હોય તેવું લાગી રહ્યું હતું. બરાબર આ જ સમયે 3 જૂનના રોજ માઉન્ટબેટન યોજનાથી ભારતને સ્વતંત્રતા આપવાનું નક્કી થયું ત્યારે ભારતમાં જવાલાલ નેહરૂનાં નેતૃત્વ નીચે વચગાળાની સરકાર કામ કરી રહી હતી અને આ સરકાર સમક્ષ સૌથી મોટા પડકાર તરીકે જો કોઈ બાબત હોય તો એ દેશી રાજ્યોના જોડાણની હતી. 1947ના હિંદ સ્વાતંત્ર્યધારાની જોગવાઈ મુજબ ભારત અને પાકિસ્તાન એવા બે સ્વતંત્ર રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં અને દેશી રાજ્યોને માટે પણ ભારત અથવા પાકિસ્તાન સાથે જોડાઈ શકે તેવી જોગવાઈ કરવામાં આવી હતી, અથવા દેશી રાજ્ય ઈચ્છે તો પોતાની રીતે સ્વતંત્ર રાજ્ય તરીકેનું અસ્તિત્વ ધરાવી શકે આ જોગવાઈના કારણે ભારતની રાજકીય પરિસ્થિતિ ડામાડોળ થવાની શક્યતાઓ દેખાઈ રહી હતી.

આ પરિસ્થિતિમાં ભારતને ખૂબ કુનેહ અને દીઘર્દ્રષ્ટિથી કામ કરવાની જરૂર હતી. આ દેશી રાજ્યો ભારત સંઘ સાથે જોડાય તે માટે યોગ્ય પગલાં લેવાનાં હતાં. પરંતુ ભારતના કેટલાય મોટા દેશી રાજ્યો પોતાના સ્વતંત્ર અસ્તિત્વના સ્વપ્નાઓ સેવી રહ્યાં હતાં. જો આવું બને તો ભારત નાના ટુકડાઓમાં વહેંચાય જાય અને દેશની અખંડિતતા જળવાય નહીં. આ ગંભીર પડકારનો સામનો કરવાની જવાબદારી આ સમયે સરદાર વલ્લભભાઈ પટેલે ઉપાડી લીધી અને ભારતના 562 દેશી રજવાડાઓનું એકીકરણ કર્યું હતુ. સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્ય થયું હતુ. દેશી રાજ્યોના વિલીનીકરણની આ ઘટનાને આપણે સવિસ્તાર સમજીએ.

15.2 *સ્વતંત્રતા સમયે ભારતની રાજકીય સ્થિતિ :*

સ્વતંત્રતા પૂર્વે ભારતમાં બ્રિટિશ સત્તા સર્વોપરી સત્તા તરીકે કાર્યરત હતી, પરંતુ સત્તાના સ્વરૂપ વિષે જો વાત કરીએ તો તે સમયે સત્તાના સ્વરૂપને મુખ્ય બે વિભાગમાં વહેંચી શકાય તેમ હતું: (1) બ્રિટિશ ભારત, અને (2) દેશી રાજ્યો. આ બંનેની વચ્ચે તફાવતની જો વાત કરીએ તો બ્રિટિશ ભારતના પ્રદેશોમાં સંપૂર્ણ સત્તા બ્રિટિશરો પાસે હતી. જ્યારે દેશી રાજ્યોની બાબતમાં વાત કરીએ તો તેનાં પર બ્રિટિશ સત્તાનું અધિપત્ય તો હતું પરંતુ, તે રાજ્ય પોતાની આંતરિક બાબતોની અંદર સ્વતંત્ર વહીવટ ભોગવતાં હતાં. તેમની સમગ્ર વ્યવસ્થા રાજ્યના રાજા દ્વારા કરવામાં આવતી હતી. આ રીતે દેશી રજવાડાઓ બ્રિટિશ પ્રાંત કરતાં જુદા પડતાં હતાં.

15મી ઓગસ્ટ, 1947ના રોજ 'હિન્દ સ્વાતંત્ર ધારા' અનુસાર બ્રિટિશ સત્તા ભારતમાંથી વિદાય લઈ રહી હતી. ત્યારે બ્રિટિશ ભારતનાં રાજ્યો ભારત અને પાકિસ્તાનને સોંપવાનો નિર્ણય તેમણે કર્યો હતો. પરંતુ દેશી રાજ્યોની કોઈ વ્યવસ્થા વિચાર્યા વગર બ્રિટિશ સત્તાએ ભારત છોડવાનો નિર્ણય કર્યો, તેથી દેશી રાજ્યોની પ્રજામાં

ગભરાહટ વ્યાપી ગયો હતો. રાજકીય અંધાધૂંધી જેવું વાતાવરણ દેશી રાજ્યોની બાબતમાં જોવાં મળ્યું હતું. સ્વતંત્રતા વખતે ભારતમાં દેશી રાજ્યોની સંખ્યા 562 હતી અને તેમની વસ્તી આઠ કરોડ (દેશની વસ્તીનો ચોથો ભાગ) અને તેમનો વિસ્તાર **14.50** લાખ ચો. કિ.મી (દેશના કુલ વિસ્તારનો ત્રીજો ભાગ) હતો. આ સમયે 'હિન્દુ સ્વાતંત્ર્ય ધારા'ને ધ્યાનમાં રાખીને ભારતે આ દેશી રાજ્યોનાં વિલીનીકરણના પ્રશ્નને અગ્રતા આપવાની ખાસ જરૂરિયાત ઊભી થઈ હતી.

15.3 *દેશી રાજ્યોનું ખાતું :*

લોર્ડ માઉન્ટબેટને કોંગ્રેસ અને મુસ્લિમ લીગના નેતાઓને સાથે રાખી દેશી રાજ્યોનું એક ખાતુ શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો. જૂન, 1947ની વચગાળાની ભારત સરકારે પણ તેમાં સહમતી આપી હતી. દેશી રાજ્યોનાં ખાતામાં બંને દેશોના એક એક પ્રતિનિધિ મંત્રી બને તેવી જોગવાઈ કરવામાં આવી હતી. ભારત તરફથી સરદાર વલ્લભભાઈ પટેલને આ ખાતાનો હવાલો સોંપવામાં આવ્યો અને તેને મદદરૂપ થવા માટે સચિવ તરીકે વી.પી.મેનનની નિમણૂક કરવામાં આવી હતી. વી.પી.મેનન ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થતાં નિવૃત્ત થવાની ઈચ્છા રાખતા હતા. પરંતુ સરદાર વલ્લભભાઈના વિશેષ આગ્રહનાં કારણે તેમણે આ નવી જવાબદારી સ્વીકારી હતી.

દેશી રાજ્યોને પહેલા સંરક્ષણ અને વિદેશી બાબતો માટે જ ભારત સાથે જોડવાનું નક્કી કરવામાં આવ્યું હતું જેથી દેશી રાજ્યોના રાજાઓને પોતે કંઈ ગુમાવ્યું નથી એવું લાગે, પરંતુ પાછળથી કેબિનેટે તેમાં વાહન અને સંદેશાવ્યવહારને પણ ઉમેરી દેશને એક બનાવવા માટેના પ્રયત્નો શરૂ કર્યા હતા. સરદાર પટેલ અને નેહરુ પણ આ યોજના સાથે સહમત થયા હતા. 15 ઓગસ્ટ પહેલા દેશી રાજ્યો સાથે જોડાણનાં આ કાર્યને પૂર્ણ કરવા માટે મંત્રીમંડળે સહમતી આપી અને સરદાર વલ્લભભાઈ પટેલે આ કાર્યનું બીડું ઝડપ્યું હતું.

સરદાર વલ્લભભાઈ પટેલે વી.પી.મેનનની મદદથી દેશી રાજ્યો પ્રત્યેની ભારત સરકારની નીતિ અને વલણ દર્શાવતું નિવેદન તૈયાર કરાવ્યું અને દેશી રાજ્યોના રાજાઓને એ ખાતરી આપી કે તમારાં રાજ્યમાં વસતી પ્રજા અને તેનાં હિત માટે ભારત સંઘ સાથે જોડાણ કરવું તેના માટે હિતાવહ છે. માત્ર ત્રણ વિષયો સંરક્ષણ, વિદેશી બાબતો અને વાહન વ્યવહાર અને સંદેશાવ્યવહારથી વધુ કોઈ પણ સત્તા અમે માગતા નથી. રાજાઓ પ્રત્યે કોંગ્રેસને કોઈ દુશ્મનાવટ નથી, પરંતુ પ્રજાની સર્વ પ્રકારની સમૃધ્ધિ, સંતોષ અને સુખ માટે હું મારા મિત્ર સમાન રાજાઓ અને રાજ્યની પ્રજાના નેતાઓને ભારત સંઘ સાથે જોડાવા માટે આમંત્રણ પાઠવું છું. સરદાર પટેલના આ નિવેદનની સમગ્ર દેશના વર્તમાનપત્રોએ નોંધ લીધી અને રાજાઓના મનમાં રહેલો ભય પણ દૂર થયો હતો.

15.4 *દેશી રાજ્યોનું જોડાણ :*

ગૃહમંત્રી અને રાજ્યખાતાના મંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની સૂચના અનુસાર ખાસ સચિવ વી.પી.મેનન અને તેના મદદનીશ સી.સી.દેસાઈએ ખૂબ

કૂશળતાપૂર્વક મુસદ્દો ઘડી અને તૈયાર કર્યો હતો. દેશી રાજયોના રાજાઓને આ પણ આ મુસદ્દાથી સંતોષ થયો હતો. જેના પરિણામે નાની-મોટી મુશ્કેલીઓ સાથે મોટા ભાગનાં દેશી રાજ્યોએ 15મી ઓગસ્ટ, 1947 પહેલાં જોડાણખત ઉપર સહી કરી ભારતસંઘ સાથે જોડાવાની સંમતિ આપી હતી.

15.4.1 *ત્રાવણકોર, જોધપુર, ભોપાલ, ઈન્દોર*

ત્રાવણકોર, જોધપુર, ભોપાલ અને ઈન્દોર જેવાં રાજ્યો કોઈને કોઈ ગડમથલને કારણે ભારત સાથે જોડાવા કરતાં પોતાના રાજ્યને સ્વતંત્ર રાખવાની ઈચ્છા ધરાવતાં હતાં. આવા મોટા રાજ્યો સ્વતંત્ર રહે તો ભારતસંઘનું એકીકરણ કરવાનું કાર્ય અધૂરું રહે. તે માટે આ દિશામાં સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવ્યા. ત્રાવણકોરના દીવાન સર પી.પી રામાસ્વામીને સરદારે સમજાવ્યા અને મહારાજાએ સ્ટેન્ડસ્ટીલ એગ્રીમેન્ટ પર સહી કરવાની સ્વીકૃતિ આપી. સરદાર પટેલે પણ ત્રાવણકોરમાં ચાલતા કોંગ્રેસના સીધા પગલાંની ચળવળને બંધ રખાવી હતી. આમ ત્રાવણકોરનો પ્રશ્ન હલ થયો હતો.

જોધપુરના રાજા હનવંતસિંહને મોહમ્મદ અલી ઝીણાએ કરાચી બોલાવી પાકિસ્તાનમાં જોડાવવા માટેની લાલચ આપી હતી. તેની તમામ શરતોને માન્ય રાખવાની કાગળ ઉપર બાંહેધરી પણ આપી હતી. પરંતુ જોધપુરના નરેશે વી.પી.મેનન સાથે વાટાઘાટો કરીને જોડાણ કરાર પર સહી કરી હતી. ભોપાલના નવાબ પહેલેથી જ સ્વતંત્ર રહેવા માગતા હતા. પરંતુ તેમણે પણ માઉન્ટબેટનની સાથે ચર્ચા કરી અને ભારત સંઘ સાથેના જોડાણખત પર સહી કરી હતી.

ઈન્દોરના રાજવી ભોપાલની જેમ ભારત સાથેના જોડાણના વિરોધી હતા. તેમને મરાઠા કુળનું એક પ્રતિનિધિ મંડળ ભારત સાથે જોડાવાના આગ્રહ સાથે મળવા ગયું હતું, તેને પણ મળવાનો સ્પષ્ટ ઈનકાર રાજાએ કર્યો હતો. પરંતુ પાછળથી તેમને ટપાલ દ્વારા જોડાણખત તથા સ્ટેનસ્ટીલ એગ્રીમેન્ટના કાગળો મોકલી આપ્યા હતા.

15.4.2 *સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં રાજ્યો*

સૌરાષ્ટ્ર 22000 ચો.મી.ના વિસ્તારમાં આશરે 40 લાખની વસતી ધરાવતો પ્રદેશ, જેમાં નાના-મોટા મળી કુલ 222 જેટલાં રજવાડાંઓ હતા. સ્વતંત્રતા બાદ પોલિટિકલ ખાતું બંધ થવાથી તેમના સ્થાને જવાબદારી સંભાળવા ભારત સરકારના દેશી રાજ્યોના મંત્રાલયે સૌરાષ્ટ્ર પ્રદેશના કમિશનર એન.એમ. બુચની નિમણૂક કરી હતી. સમગ્ર સૌરાષ્ટ્રમાં ભારત સંઘની જવાબદાર સરકાર સાથે જોડાવાની ઝુંબેશ ચાલતી હતી. જવાબદાર સરકારની માગણી સૌપ્રથમ ભાવનગરના મહારાજાએ સ્વીકારી અને 15મી જાન્યુઆરી, 1948ના રોજ સરદાર વલ્લભભાઈએ ભાવનગરની જવાબદાર સરકારની શરૂઆત કરી હતી.

સૌરાષ્ટ્રનું એકમ બનાવવા માટે રાજ્યોના મંત્રાલયે સૌરાષ્ટ્રના નાના-મોટા રાજ્યોનું મળી એક સંયુક્ત સૌરાષ્ટ્ર રચવાનું નક્કી કર્યું. સૌરાષ્ટ્રના બધા રાજાઓ

રાજવીઓ 22મી જાન્યુઆરી, 1948ના રોજ રાજકોટ મુકામે ભેગા થયા અને કરાર પર સહી કરી એન.એમ. બુચને સોંપવામાં આવ્યાં. ત્યારબાદ સરદાર પટેલે 15 ફેબ્રુઆરી, 1948નાં રોજ જામનગર મુકામે સંયુક્ત સૌરાષ્ટ્રની ઉદઘાટનવિધિ કરી હતી. રાજપ્રમુખ તરીકે જામસાહેબને અને ઉરછરંગરાય ઢેબરની મુખ્યપ્રધાન તરીકેની સોગંદવિધિ કરવામાં આવી જૂનાગઢને બાદ કરતાં સમગ્ર સૌરાષ્ટ્રમાં એકીકરણ થયું હતું.

સૌરાષ્ટ્ર સિવાયના ગુજરાતના અન્ય દેશી રાજ્યો જેમાં રાજપીપળા, દેવગઢબારીયા, લુણાવાડા, બાલાસિનોર, ખંભાત, રાધનપુર, દાતા વગેરે રાજ્યના રાજાઓએ પણ ભારત સાથે મંત્રણા કરી અને પોતાના રાજ્યના વિલીનીકરણની સહમતી આપી અને આ પ્રદેશોને મુંબઈપ્રાંતમાં જોડવામાં આવ્યા હતા.

15.4.3 *મધ્ય ભારત સંઘ*

મધ્ય ભારતમાં નાનાં-મોટા મળીને કુલ 25 રાજ્ય સમાવવામાં આવ્યાં હતાં. આ રાજ્યોમાં ગ્વાલિયર અને ઈન્દોર બંને રાજ્યો પોતાનો સંઘ બનાવવાની તરફેણમાં હતા. ત્યારે ભારત સરકાર દ્વારા મેનને તેમને ભારત સંઘમાં આવવા માટે સમજાવ્યા. પરંતુ બંને રાજ્યો પોતાની માંગ પર અડગ રહ્યા. ત્યારબાદ સરદાર સાથે મુલાકાત બાદ બંને રાજ્યોએ એક સંઘનો સિધ્ધાંત સ્વીકાર્યો અને પાછળથી થોડી વહિવટી સ્પષ્ટતાઓ કરી, 22 એપ્રિલ, 1948ના રોજ મધ્ય ભારત સંઘ રચાયો હતો.

15.4.4 *પૂર્વ પંજાબનાં રાજ્યોનો સંઘ*

પૂર્વ પંજાબમાં છ પ્રાંતો આવેલા હતા - પટિયાલા, નાભા, જિંદ, અને ફરીદકોટ. આ ચાર રાજ્યો શીખ રાજ્યો હતા. બાકીના બે કપૂરથલા અને મહેરકોટલા હતા. પંજાબનું વિભાજન થવાનું શિખોને ભારે દુઃખ હતું. ગિયાની કરતારસિંગ અને બીજા અકાલી નેતાઓ પૂર્વ પંજાબમાં બધા રાજ્યોને જોડવા માંગતા હતા. જ્યારે કેટલાક રાષ્ટ્રવાદી શિખો અલગ સંઘની તરફેણમાં હતા. કેટલાક પતિયાલા સિવાયના રાજ્યની તરફેણમાં હતા. આ પ્રદેશમાં પટિયાળા સૌથી મહત્વનું હતું. કેટલાક રાજ્યો સાથે મળી ત્રીજો મોરચો બનાવવા માગતા હતા, ત્યારે પતિયાલા રાજ્યે મહત્વનું કાર્ય કર્યું. સરદાર પટેલે પટિયાલાના રાજાને મધ્યભારતનું અનુકરણ કરવાની સલાહ આપી અને મહારાણાએ આ સલાહ સ્વીકારી લીધી, અને પતિયાલા અને પૂર્વ પંજાબના રાજ્યોનો સંઘ અસ્તિત્વમાં આવ્યો. 15 જુલાઈ, 1947ના રોજ સરદાર દ્વારા તેમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

15.4.5 *રાજસ્થાનનાં રાજ્યોનો સંઘ*

રાજપૂતાના રાજ્યોમાં 19 સલામી વાળા અને 3 સલામી વાળા રાજ્યોનો સમાવેશ થતો હતો. આ રાજ્યોનું વિલીનીકરણ પાંચ તબક્કે કરવામાં આવ્યું હતું. સૌપ્રથમ ભરતપુર, ધોલપુર, કરોલી અને અલવર આ ચાર રાજ્યોનો સંઘ રચવાની સરદારની ભલામણ મુજબ સંઘ રચવામાં આવ્યો. આ સંઘનું નામ 'મત્સ' રાખવામાં

આવ્યું હતું. મત્સસંઘની રચના વખતે રાજસ્થાનનાં વાંસવાડા, બુંદી, ડુંગરપુર, ઝાલાવાડ, કિશનગઢ, કોટા, પ્રતાપગઢ, શાહપુર જેવાં રાજ્યો સાથે પણ અનૌપચારિક વાતચીત શરૂ હતી. આ રાજ્યોના સંઘની રચના કરવાનું સૂચન કોટા, ડુંગરપુર અને ઝાલાવાડના રાજ્યોએ કર્યું હતું. આ સૂચન અનુસાર રાજસ્થાન સંઘની રચના કરવામાં આવી હતી. તેના ઉદ્‌ઘાટનના ત્રણ દિવસ બાદ ઉદયપુરને પણ તેમાં જોડવામાં આવ્યું હતું. આમ, રાજસ્થાનસંઘની રચનામાં હજી જયપુર, જોધપુર, બિકાનેર અને જેસલમેર રાજ્યો બાકી રહ્યા હતા. સરદાર પટેલે 14 જાન્યુઆરીના રોજ ઉદયપુરમાં આ રાજ્યો રાજસ્થાન સંઘ સાથે જોડાવા તૈયાર છે તેવી જાહેરાત કરી. ત્યારબાદ થોડા જ સમય બાદ મત્સ અને રાજસ્થાનસંઘનું એક નવું કરારપત્ર કરી બંને સંઘનું જોડાણ કરવામાં આવ્યું હતું. આમ, આ તમામ સંઘોમાં રાજસ્થાનસંઘ સૌથી મોટો સંઘ બન્યો હતો.

15.4.6 *ત્રાવણકોર અને કોચીન સંઘ*

ત્રાવણકોર અને કોચીના રાજ્યોનો વહિવટ પ્રગતિશીલ હતો. ન્યાયતંત્ર અને કારોબારીથી અલગ કરનાર કોચીન પ્રથમ રાજ્ય હતું. આ બંને રાજ્યોના સંઘની રચના માટે સરદારે વી.પી. મેનનને ત્રિવેન્દ્રમ મોકલ્યા હતા. પરંતુ ત્રાવણકોરના રાજ્યે ચાલુ સ્થિતિ જાળવી રાખવાનું તથા કોચીનના રાજ્યએ કેરળપ્રાંતની રચના કરવાનું સૂચન કર્યું. પરંતુ બંને રાજ્યો સાથે ચર્ચાઓ કરી ત્રાવણકોર અને કોચીના સંઘનું **1** જુલાઈ, 1949ના રોજ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

15.4.7 *મૈસુર તથા અન્ય રાજ્યો*

મૈસુરના રાજ્યમાં મહારાજા જય ચામરાજેન્દ્ર વાડિયાર રાજ્ય કરતા હતા. એક સારા વહિવટ કરનાર રાજ્ય તરીકે તે પ્રતિષ્ઠિત હતું. ઓગસ્ટ, 1947માં મહારાજાએ જોડાણખત તથા સ્ટેન્ડસ્ટિલ એગ્રીમેન્ટનો સ્વીકાર કર્યો. ત્યારબાદ વહિવટી જોડાણ માટે મેનન મૈસુર ગયા અને રાજ્યપ્રમુખ તરીકે તેમને ભથ્થા અને બીજી વિગતો નક્કી કરી હતી. મૈસુર બાદ વિલાસપુર કચ્છ, ત્રિપુરા, મણિપુર જેવાં અન્ય રાજ્યોને પણ ભારત સાથે જોડવામાં આવ્યાં હતાં. આમ, સમગ્ર ભારતસંઘમાં બાકી રહેલાં અન્ય રાજ્યોને પણ જુદા જુદા પ્રાંતો જેવા કે મદ્રાસ, પૂર્વ પંજાબ, સંયુક્ત પ્રાંત, પશ્ચિમ બંગાળ સાથે બીજા રાજ્યોને જોડવામાં આવ્યા હતા.

સરદાર વલ્લભભાઈની કૂશળતાપૂર્વકની સમજાવટના કારણે મેનન અને માઉન્ટબેટનના પ્રયત્નોના કારણે તેમણે પણ સંરક્ષણ, વિદેશી બાબતો, વાહન અને સંદેશાવ્યવહારની બાબતોમાં ભારત સાથે જોડાઈ જવાનું સ્વીકારી લીધું હતું. 15મી ઓગસ્ટ સુધી ચાલુ સ્થિતિ નિભાવી રાખવાના કરાર (સ્ટેન્ડસ્ટીલ કરાર) તેમણે ભારત સાથે કર્યા હતા. પરંતુ સરદારનું સમગ્ર ધ્યાન તો બાકી રહેલ ત્રણ રાજ્યો કાશ્મીર, હૈદ્રાબાદ અને જૂનાગઢ પર હતું. તે કોઈપણ ભોગે આ રાજ્યો ગુમાવવાં માંગતા ન હતા.

બલુચિસ્તાનના કલાતના ખાન તથા સિંધની સરહદ પરના ભાવલપુરના નવાબ ભારત સાથે જોડાવાં માગતા હતા, પરંતુ તેમની ભૌગોલિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખી સરદાર વલ્લભભાઈએ તેમણે પાકિસ્તાન સાથે જોડાવવાની સલાહ આપી અને તે

રાજ્યો પાકિસ્તાન સાથે જોડાયાં હતાં. જૂનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીર આ ત્રણ દેશી રાજ્યોનાં જોડાણ માટે સરદાર વલ્લભભાઈ પટેલે દર્શાવેલ કૂનેહ અને ધીરજ ખુબ અગત્યની હતી. તેનો વિસ્તૃત પરિચય આપણે મેળવીએ.

15.4.8 *જૂનાગઢ*

15.4.8.1 *રાજ્ય પરિચય*

જૂનાગઢ સૌરાષ્ટ્રમાં આવેલ 222 રજવાડાઓમાં સૌથી મોટું પ્રથમ કક્ષાનું સલામી રાજ્ય હતું. તેની 82 ટકા વસ્તી હિન્દુ હતી. ભારતની સ્વતંત્રતા વખતે ત્યા રાજવી તરીકે બાબીવંશના નવાબ મહોબતખાન ત્રીજા હતા. જૂનાગઢની આજુબાજુ આવેલાં રાજ્યોએ ભારત સાથે જોડાણ કર્યું હતું. જૂનાગઢની દક્ષિણ તરફ અરબ સાગર આવેલ છે. ભૌગોલિક દ્રષ્ટિએ જોતા તેનો પાકિસ્તાન સાથે કોઇ સંપર્ક ન હતો. દરિયાઈ માર્ગે પણ તેનું વેરાવળ બંદર કરાચીથી 480 કિ.મી. દૂર હતું. તે રાજ્ય વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની દ્રષ્ટિએ પણ ભારત માટે ખૂબ અગત્યનું સ્થાન ધરાવતું હતું. જૂનાગઢમાં મોટા ભાગમાં હિન્દુ ધાર્મિક સ્થળો પણ આવેલા છે. જેથી કોઈપણ રીતે પાકિસ્તાન સાથે જોડાણ કરવાનું વિચારી શકાય તેમ ન હતું. પરંતુ આમ છતા જૂનાગઢે પાકિસ્તાન સાથે જોડાણ કર્યું હતું.

15.4.8.2 *ભારતીય સંઘ સાથે જોડાણનું નાટક*

જૂનાગઢ રાજ્યના પાકિસ્તાન સાથેનાં જોડાણના સમાચાર વાયુવેગે લોકોમાં ફેલાવા લાગ્યા હતા. ગુજરાતી વર્તમાનપત્રોએ પણ નવાબના આ પગલાને વખોડવાનું કામ કર્યું હતું. ત્યારે જૂનાગઢના દીવાન અબ્દુલ કાદરે 11 એપ્રિલ, 1947ના રોજ ગેજેટમાં જાહેરાત કરી કે વર્તમાનપત્રોના અનુમાનો જેવી કોઈ વાત નથી, તે પોતે કાઠીયાવાડનું સંગઠન થાય તેમ ઈચ્છે છે. રાજકોટ ખાતે સરદારબાગમાં થયેલી કાઠીયાવાડી રાજ્યોની બેઠકમાં પણ જૂનાગઢ રાજ્યએ કાઠીયાવાડ સંઘનું સૂચન કર્યું હતું. જૂનાગઢના દીવાન અને બંધારણીય સલાહકારો ભારતસંઘ સાથે જોડાવવાં માંગતા હતા. પણ મુસ્લિમ સંસ્થાઓ અને સિંધી અમલદારોની ટોળીએ જૂનાગઢના પાકિસ્તાન સાથેની જોડાણની યોજના ઘડી કાઢી હતી.

15.4.8.3 *પાકિસ્તાન સાથે જોડાણ*

જૂનાગઢના દીવાન સારવાર અર્થે વિદેશમાં ગયા અને તેમની જગ્યાએ કરાચી મુસ્લિમ લીગના નેતા શાહનવાઝ ભુટ્ટો જૂનાગઢના દીવાન બન્યા. આ સમયે નવાબ મુસ્લિમ લીગના પ્રભાવમાં આવ્યા હતા. જૂનાગઢના જોડાણ માટે દીવાને લોકમત લેવા નાગરિકોની એક સભા બોલાવી હતી. આ સભામાં હિન્દુઓ વતી એક આવેદન આપી પાકિસ્તાન સાથે જોડાણ ન કરવાની માંગણી કરવામાં આવી હતી. પરંતુ ભુટ્ટોએ આ માગણી ફગાવી દીધી હતી. 15 ઓગસ્ટ, 1947ના રોજ જૂનાગઢને પાકિસ્તાન સાથે જોડવાનો નિર્ણય કર્યો. આ નિર્ણયની જાણ ભારત સરકારને પણ કરવામાં આવી નહીં, પરંતુ વર્તમાનપત્રો દ્વારા ભારત સરકાર સુધી આ સમાચાર પહોંચ્યા હતા. ત્યારે વી.પી.

મેનને દીવાનને તાર કરીને પૂછ્યું ત્યારે દિવાન તરફથી જવાબ મળ્યો કે, પાકિસ્તાન સાથે જોડાણ કર્યું છે. ભારત સરકારના વિરોધ વચ્ચે પાકિસ્તાને જૂનાગઢના જોડાણનો સ્વીકાર કર્યો અને જોડાણ કરાર પર સહી કરવામાં આવી હતી. આમ, ભારત સરકારની જાણ બહાર જૂનાગઢે પાકિસ્તાન સાથે જોડાણ કર્યું હતું.

15.4.8.4 *જૂનાગઢના પાકિસ્તાન જોડાણના પ્રત્યાઘાતો*

સૌરાષ્ટ્રના નવાનગર, ભાવનગર, મોરબી, ગોંડલ, પોરબંદર, વાંકાનેર વગેરે રાજ્યના રાજાઓએ જૂનાગઢના આ પાકિસ્તાન સાથે જોડાણનો નિર્ણયનો વિરોધ કર્યો હતો. નવાનગરના જામસાહેબે તો દિલ્હી સુધી દેશી રાજ્યોના મંત્રાલયને રજૂઆત કરી કે જુનાગઢના આ પ્રયાસથી સૌરાષ્ટ્રના રાજાઓ અને લોકો ઉશ્કેરાયા છે. ભારતના પ્રધાનમંડળે 17 સપ્ટેમ્બરે દેશી રાજ્યોની સલામતી માટે તથા કાયદો અને વ્યવસ્થા જાણવા માટે વી.પી.મેનનને જૂનાગઢ મોકલવામાં આવ્યા, પરંતુ દિવાન શાહનવાઝ ભુટ્ટોએ તેમને જણાવ્યું કે નવાબ માંદગી સબબ મળી શકે તેમ નથી. જૂનાગઢની જનતાનો સ્પષ્ટ બહુમત ભારત સાથે જોડવાનો હતો. વી.પી.મેનન માણાવદરના ખાન અને માંગરોળના શેખને મળ્યા. તેનાથી માંગરોળના રાજયએ ભારતસંઘ સાથેના જોડાણના ખતપત્ર અને સ્ટેન્ડસ્ટીલ કરાર પર સહી કરી હતી.

15.4.8.5 *આરઝી હકૂમતની સ્થાપના*

જામનગરના જામસાહેબની વિનંતીના પગલે મુંબઈમાં જૂનાગઢ પ્રધાનમંડળની બેઠક મળી અને તેમાં આરઝી હકૂમત (સમાંતર સરકાર) રચવાનો વિચાર આવ્યો હતો. સરદાર વલ્લભભાઈનું પણ માનવું હતું કે આ મામલે જૂનાગઢની પ્રજા પહેલ કરે અને પરિસ્થિતિનું નિર્માણ કરે. બાહ્ય રીતે તેઓ જૂનાગઢમાં કઈ કરી શકે તેમ ન હતા. 23 સપ્ટેમ્બર, 1947ના રોજ મળેલી સભામાં જૂનાગઢની આરઝી હકુમત સ્થાપવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો અને 25મી સપ્ટેમ્બરે મુંબઈના માધવબાગમાં મહાન કાયદાશાસ્ત્રી કનૈયાલાલ મુનશી દ્વારા આરઝી હકૂમતની વિધિસરની જાહેરાત કરી અને તેમનું જાહેરનામું બહાર પાડ્યું હતું. આ જાહેરનામા મુજબ જૂનાગઢની જનતા દ્વારા જે હક્કો નવાબને ભોગવવાના હતા તે તમામ હક્કો હવે આરઝી હકૂમતને આપવામાં આવ્યા હતા.

આરઝી હકૂમતના પ્રધાનમંડળમાં માત્ર જૂનાગઢના લોકો જ હતા. ગાંધીજીના ભત્રીજા તેવા શામળદાસ ગાંધીને આ લડતનું નેતૃત્વ આપવામાં આવ્યુ હતું. તેનાં પ્રધાનમંડળમાં દુર્લભ કેશવજી ખેતાણી, મણિલાલ સુંદરલાલ દોશી, ભવાનીશંકર આત્મારામ ઓઝા, શ્રીમતી પુષ્પાબેન મહેતા વગેરે હતા. જૂનાગઢના વિલીનીકરણમાં એક સમાંતર સરકારનો અનોખો પ્રયોગ હતો અને ભારત અને પાકિસ્તાન બંને દેશો આ સમાંતર સરકારની રચનાના પ્રયોગને નિહાળી રહ્યા હતા.

15.4.8.6 *આરઝી હકૂમતની કામગીરી*

આરઝી હકૂમતે રાજકોટમાં વડુ મથક સ્થાયી બનાવી પોતાની કામગીરી શરૂ કરી હતી. કોટડા, ભાડવા અને વાઘાણિયા રાજવીઓએ આરઝી હકૂમતની સરકારને માન્યતા આપી હતી. આરઝી હકૂમતનું કાર્ય પૂરજોશમાં શરૂ થયું. પ્રધાનમંડળને મદદ કરવા માટે સહકાર સમિતિ, સંગ્રામ સમિતિ, જેવી જુદીજુદી સમિતિઓ કાર્યરત થઈ હતી. આરઝી હકૂમતે બે મોરચા પર એક સાથે કામ શરૂ કર્યું, આર્થિક અને પ્રચારના કાર્યોથી તેમણે જૂનાગઢ રાજયની પ્રથમ તો આર્થિક નાકાબંધી કરી હતી. ત્યારબાદ પ્રચારના કાર્યો દ્વારા લોકોને નવાબના જૂઠાણાથી માહિતગાર કર્યા, અને સત્ય લોકો સામે રાખ્યું હતું. વર્તમાનપત્રો પણ પોતાના લેખો દ્વારા લોકો સુધી સત્ય પહોંચાડવામાં મદદરૂપ બન્યા હતા. આરઝી હકૂમતના લોકોએ પ્રચાર માટે 'જૂનાગઢ રેડીયો' નામનું રેડીયો સ્ટેશન પણ શરૂ કર્યું હતું. તેમનું સંચાલન ગુપ્ત સ્થળોથી કર્યું હતુ. 'ચલો જૂનાગઢ એક સાથ' અને 'આરઝી હુકુમત ઝિંદાબાદના' નારાઓ આ રેડિયો સ્ટેશન ઉપર વગાડવામાં આવતા હતા.

આરઝી હકૂમતમાં શસ્ત્રમોરચો બનાવવો કે નહીં તે માટે કેટલાક નેતાઓ મુંજુવણ અનુભવતા હતા. પરંતુ શસ્ત્ર વગર આ લડત પૂરી થઈ શકે તેમ ન હતી. માટે આરઝી હકૂમતે તેની સેના 'આઝાદ જૂનાગઢ ફોજ'ના નામે કાર્યરત કરી હતી. પાછળથી આ સેના 'લોકસેના' અને 'મુક્તિ ફોજ' ના નામે તરીકે પ્રખ્યાત બની હતી. તેના સેનાપતિપદે રતુભાઈ અદાણી રાખવામાં આવ્યા હતા. ભારત સરકારે આરઝી હકૂમતને માન્યતા આપી ન હતી. એટલે કાઠિયાવાડના અન્ય રાજ્યોના રક્ષણ માટે ભારત સરકારે કાઠિયાવાડ સંરક્ષણદળની નિમણૂક કરી હતી

લોકસેના દ્વારા સૌ પ્રથમ રાજકોટ ખાતે જૂનાગઢ હાઉસ અને ત્યારબાદ જૂનાગઢના 10 જેટલા ગામો કબજે કરી લીધા હતા. આ સમાચાર સાંભળી નવાબ હવાફેર કરવાના બહાના હેઠળ કેશોદથી વિમાન માર્ગે કરાચી ભાગી ગયા, અને સાથે પોતાનો પરિવાર કેટલાક કુતરાં અને ઝવેરાત સહિત લેતા ગયા હતા. નવાબના ભાગવાથી આરઝી હકૂમતના સ્વયંસેવકો ઉત્સાહમાં આવ્યા અને નવાગઢ, કુતિયાણાના વિસ્તાર પણ કબજે કરી લીધા હતા.

15.4.8.7 *ભારત સરકારને રાજ્યની સત્તાસોપણી*

શાહનવાઝ ભુટ્ટો અને જૂનાગઢ કાઉન્સિલના સિનિયર સભ્ય કેપ્ટન હાર્વ જોન્સ મારફતે આરઝી હકૂમતના શામળદાસ ગાંધી સાથે મંત્રણા શરૂ કરી અને કાયદો-વ્યવસ્થા સ્થાપવા સરકારનાં સૂત્રો સંભાળી લેવા વિનંતી કરી, પરંતુ જૂનાગઢની મુસ્લિમ જમિયતે સીધો વહીવટ ભારત સરકારને સોંપવા માટે દબાણ કર્યું. તે મુજબ ભારત અને ગુજરાત રાજયના પ્રાદેશિક કમિશનર બુચને પત્ર લખી ભારતસંઘને જૂનાગઢનો વહીવટ સોંપી દેવાના નિર્ણયની જાણ કરી હતી. આ પત્ર મળતાં વી.પી.મેનનને તરત જ સરદાર પટેલને જાણ કરી અને સરદારશ્રી બુચ અને પાકિસ્તાનના વડાપ્રધાનને તાર મોકલ્યા અને જૂનાગઢનું જોડાણ લોકમત દ્વારા ભારત સાથે જોડવાનો નિર્ણય કર્યો. સરદાર પટેલે 13મી

નવેમ્બરના રોજ બહાઉદ્દિન કોલેજના મેદાનમાં વિશાળ જનમેદનીને સંબોધન કરી હાથ ઊંચા કરાવી જૂનાગઢના જોડાણની લોકો પાસેથી સંમતિ લીધી હતી. 28મી ફેબ્રુઆરી, 1948ના રોજ જૂનાગઢની પ્રજા પાસેથી લોકમત મેળવી બહુમતીથી ભારતસંઘ સાથેનું જોડાણ માન્ય ગણવામાં આવ્યું. આમ, જૂનાગઢના દેશી રાજ્યોનું વિલિનીકરણ કરી અને સરદાર વલ્લભભાઈ પટેલ ખૂબ મહત્વનું કામ પાર પાડ્યું હતું.

15.4.9 *હૈદરાબાદ*

15.4.9.1 *રાજ્ય પરિચય*

દેશમાં ચાલી રહેલા કોમવાદી વાતાવરણમાં પણ સરદાર વલ્લભભાઈ પટેલ હજી બીજા બે મહત્ત્વનાં રાજ્યો હૈદરાબાદ અને જમ્મુ-કાશ્મીરને ભૂલ્યા ન હતા. હૈદરાબાદ 82 હજાર ચો.મા.નો વિસ્તાર ધરાવતું ભારતનું સૌથી મોટું રજવાડું હતું. તેની વસ્તી 1 કરોડ 60 લાખની હતી. તેમાં 85% હિન્દુઓ વસતા હતા. તેના રાજવી મુસલમાન હતા. છેલ્લો રાજા નિઝામ મીર ઉસ્માન અલીખાન બહાદુર હતા. હૈદરાબાદના રાજવીએ બ્રિટન પાસે આઝાદી વખતે સંસ્થાનિક દરજ્જાની માંગણી કરી હતી. પરંતુ બ્રિટને તે માંગણી સ્વીકારી ન હતી. સરદાર પણ સમજતા હતા કે હૈદરાબાદ સૌથી છેલ્લે મળશે, માટે ગાંધીજીને લખેલા એક પત્રમાં તેણે લખ્યું છે કે હૈદરાબાદ માટે પ્રયત્ન કરું છું પણ તેમાં સમય લાગશે.

15.4.9.2 *સ્વતંત્ર થવાની હિલચાલ*

બ્રિટિશ સરકારે 3 જૂન 1947ની યોજનાની જાહેરાત કરી કે તરત જ હૈદરાબાદના નિઝામે જાહેરાત કરી કે ભારત અથવા પાકિસ્તાન બંનેની બંધારણ સભામાં પોતાના પ્રતિનિધિ મોકલશે નહી. 15મી ઓગસ્ટથી પોતે સ્વતંત્ર રાજ્યનો દરજ્જો પ્રાપ્ત કરશે. હૈદરાબાદના નવાબની ઈચ્છા મુજબ તે બ્રિટિશ સરકારમાં સાંસ્થાનિક દરજ્જો મેળવવા માગતા હતા. પરંતુ ભારતીય સ્વતંત્રતા ધારાની કલમ પ્રમાણે કોઈપણ દેશી રાજ્યને બ્રિટિશ સરકાર આવો દરજ્જો આપી શકે નહી, તેથી તેમની આ ઈચ્છા પૂર્ણ થઈ નહી. ભૌગોલિક દ્રષ્ટિએ તે ભારત સાથે જોડાણ કર્યા વગર ચાલે તેમ હતું જ નહીં, અને પાકિસ્તાન સાથે જોડાણ કરે તો વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર દરેક બાબતોમાં મુશ્કેલીનો સામનો થાય તેમ હતું. નિઝામ અને તેના મુસ્લિમ જૂથની ઈચ્છા પાકિસ્તાન સાથે જોડાવાની હતી, પણ તે થઈ શકે તેમ નહોતું. કેટલાક કોમીતત્વો નિઝામને પાકિસ્તાન સાથે જોડાવા માટે ઉશ્કેરતા હતા.

15.4.9.3 *માઉન્ટબેટન સમક્ષ કારોબારીની રજૂઆત*

હૈદરાબાદની કારોબારી સમિતિના પ્રમુખ છતરીના નવાબની આગેવાની હેઠળ માઉન્ટબેટન સાથે વાટાઘાટો કરવા 11 જુલાઈ, 1947ના રોજ એક પ્રતિનિધિમંડળ હૈદરાબાદથી દિલ્હી ગયું હતું. તેને મુખ્ય ત્રણ મુદ્દાઓ બેટન સામે મૂક્યા હતા. પ્રથમ વરાડના પ્રદેશનો, બીજો સાંસ્થાનિક દરજ્જાનો અને ત્રીજો હૈદરાબાદનું ભારતસંઘ સાથે જોડાણની ચર્ચા. પહેલા બંને મુદ્દાઓનો અસ્વીકાર થયા બાદ માઉન્ટબેટન અને વી.પી.મેનને ભારત સાથે જોડાવાથી હૈદરાબાદને થતા લાભ અને પાકિસ્તાન સાથે

જોડાવાથી હૈદરાબાદને પડતી મુશ્કેલીઓ વિશે વાટાઘાટો કરી, પરંતુ નિઝામની સ્વતંત્ર રહેવાની મહેચ્છાએ ભારત સાથેના જોડાણનો સ્વીકાર્યો નહીં.

માઉન્ટબેટનની સલાહથી તેમને 15 ઓગસ્ટ બાદ બે મહિનાનો સમય આપવામાં આવ્યો હતો. હૈદરાબાદના પ્રતિનિધિમંડળે જોડાણ ખતને બદલે મૈત્રીસંધિની વાત કરી ત્યારે સરદારે દઢતાપૂર્વક વિરોધ કરતાં કહ્યું કે, ભારત સાથે જોડાયેલા રાજ્યો સાથે એ રીતે વિશ્વાસઘાત કરી શકાય નહીં, નિઝામે પણ પ્રજામત જાણી વર્તવું જોઈએ. પરંતુ હૈદરાબાદના નિઝામે લોકમત લેવાનો વિરોધ કર્યો. ભારતમાં 15મી ઓગસ્ટની ઊજવણી પ્રસંગે હૈદરાબાદમાં ત્યાંની પોલીસ અને ઇતિહાદ ઉલ મુસ્લિમના સ્વયંસેવકોએ કાસિમ રિઝવીની આગેવાની હેઠળ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરતાં હિન્દુ પ્રજા ઉપર જૂલમ કર્યો. તેઓને લાકડીઓ વડે માર મારી જેલમાં પૂર્યા, અને સિકંદરાબાદના હિન્દુઓ મોટા પ્રમાણમાં હિજરત કરવી અને ભારતના રાષ્ટ્રધ્વજનું પણ અપમાન કરવામાં આવ્યું હતું.

15.4.9.4 *જોડાણ માટે પુનઃ પ્રયત્નો*

હૈદરાબાદના પ્રતિનિધિમંડળ, માઉન્ટબેટન અને વી.પી.મેનન વચ્ચે અવારનવાર ચર્ચાઓ થતી જેમાં ટ્રીટી ઓફ એસોસિએશનની વાત વારંવાર કરવામાં આવતી હતી. નિઝામે મોકલેલ સ્ટેન્ડસ્ટિલ ડીલનો સરદારે સ્પષ્ટ ઈનકાર કર્યો. મંત્રણા પડી ભાંગે તેવી સ્થિતિ નિર્માણ પામી ત્યારે માઉન્ટબેટને અને મેનને નવો મુસદ્દો તૈયાર કરી સરકારને આપ્યો હતો. સરદાર તેમાં સંમત થયા અને પ્રતિનિધિમંડળને પણ નિઝામની માન્યતા માટે હૈદરાબાદ લઈ જવાની પરવાનગી આપી. નિઝામની કારોબારી સમિતિએ ત્રણ દિવસ સુધી ચર્ચા કરી મુસદ્દાને બહુમતીથી માન્ય રાખ્યો. પરંતુ નિઝામે તેમાં સહી ન કરી. 27 ઓક્ટોબરે સમિતિને દિલ્હી જવાનું હતું ત્યારે વહેલી સવારે ઇતિહાદ ઉલ મુસલમાનના લોકોનાં ટોળાઓએ પ્રતિનિધિમંડળના સભ્યોના ઘરોને ઘેરી લીધા અને પ્રતિનિધિમંડળ દિલ્હી જઈ શક્યુ નહીં. બીજે દિવસે નિઝામે રઝવીને બોલાવી આ કરાર હૈદરાબાદનો વિનાશ સર્જશે તેવુ કહ્યું. નિઝામે નવું પ્રતિનિધિમંડળ મોકલી ફરી જૂનો કરાર સ્વીકારવા ભારત સરકારને આગ્રહ કરેલ હતો. તેના મત મુજબ ભારત સરકાર અનેક મુશ્કેલીઓમાં ઘેરાયેલી હોવાથી તેમની માગણીનો ઈનકાર કરી શકશે નહીં તેવુ નિઝામ માનતો હતો.

15.4.9.5 *સ્ટેન્ડસ્ટિલ એગ્રીમેન્ટ*

હૈદરાબાદના જૂના પ્રતિનિધિમંડળના સભ્યોએ નિઝામને સમજાવવા પ્રયત્ન કર્યા પરંતુ નિઝામ રજવી તરફ ઢળેલો હોવાથી જૂના પ્રતિનિધિમંડળે પોતાના રાજીનામાં ધરી દીધા અને નવા પ્રતિનિધિમંડળના નવાબ મોઈન નવાબ જંગ, અબ્દુલ રહીમ અને પિંગલ વેંકટરામા રેડ્ડીની નિમણૂક કરી હતી. તેમાં પ્રથમ બે સભ્યો નિઝામના કારોબારી મંડળના હતા, એટલે તેમને સ્ટેન્ડસ્ટિલ એગ્રીમેન્ટનો વિરોધ કર્યો અને દિલ્હી જઈને નવા એગ્રીમેન્ટની વાત કરી હતી. પરંતુ સરદાર વલ્લભભાઈએ હવે તેમાં કોઈપણ વધુ છૂટછાટ

આપવાનું શક્ય નથી તેવું કહ્યું. આખરે 29 નવેમ્બર, 1947ના રોજ નિઝામે એગ્રીમેંટ પર સહી કરી અને એગ્રીમેન્ટ મુજબ ભારત સરકારે કનૈયાલાલ મુનશીને એજન્ટ જનરલ તરીકે હૈદરાબાદ નિમણૂક કરી હતી.

15.4.9.6 *ભારત વિરોધી પ્રવૃત્તિઓ*

આ સમયે હૈદરાબાદમાં રઝવીના સમર્થકોએ કોમી લાગણી ઉશ્કેરવાના પ્રયત્નો શરૂ કર્યા હતા. હૈદરાબાદના હિન્દુઓને શસ્ત્રો પૂરા પાડવાનો આક્ષેપ એક ભાષણમાં કરવામાં આવ્યો. કનૈયાલાલ મુનશીએ લિયાકત અલી સાથે મળી આ પ્રવૃત્તિઓ બંધ કરાવવા વિશે ચર્ચા કરી, પરંતુ હૈદરાબાદની સરકારે મુનશીને નજરકેદ કર્યા. ભારત સાથે થયેલા સ્ટેન્ડસ્ટિલ કરારનો ભંગ કર્યો હતો. અને ભારત સાથેના તમામ વ્યવહારો તોડી નાખ્યા, માલની નિકાસ બંધ કરી, ભારતીય ચલણ પણ બંધ કર્યું. કોંગ્રેસી નેતાઓ અને કાર્યકર્તાઓને જેલમાં પૂરવામાં આવ્યા, પાકિસ્તાનમાં પોતાનો દૂતની નિમણુક કરવાનું કામ પણ હૈદરાબાદની સરકારે કર્યું હતું. પોતાના શસ્ત્ર અને લશ્કરમાં વધારો કરવાનું શરૂ કરી દીધું. હૈદરાબાદમાં રઝવીના સમર્થકો લોકોને હેરાન કરતા હતા છતાં પણ ભારત સરકારે તેમને સમજાવી અને જવાબદાર સરકારમાં સમાવેશ કરવાના પ્રયત્નો કરતી હતી.

હૈદરાબાદમાં હિન્દુઓ પર ત્રાસ ગુજારવામાં આવતો હતો. જલના, ઔરંગાબાદ, પરભણી, નાંદેડ જેવા જિલ્લાઓમાં તો ખૂબ મોટી સંખ્યામાં અરાજકતા ફેલાઈ ગઈ હતી. રઝાકારો અને સામ્યવાદીઓએ સાથે મળી અરાજકતા ફેલાવવામાં કોઈ કસર બાકી રાખી ન હતી. ભારતના લોકોમાં વિશ્વાસ જગાડવા માટે ભારત સરકારે હૈદરાબાદની સરહદ ઉપર લશ્કર ગોઠવવાનો નિર્ણય કર્યો. વર્તમાનપત્રો અને લોકોનો મત ખુલ્લેઆમ સરકારની નિષ્ક્રિયતાની નિંદા કરતા હતા. રેલવે પરના હુમલાના કારણે લોકો વધારે ભયભીત બની ગયા હતા. આ પરિસ્થિતિમાં ભારત સરકારે હૈદરાબાદમાં શાંતિ-વ્યવસ્થા સ્થાપવા માટે લશ્કરી પગલું ભરવું પડે તે અતિ આવશ્યક બન્યું હતું.

15.4.9.7 *લશ્કરી પગલું*

9 સપ્ટેમ્બર 1948ના રોજ ભારત સરકારે હૈદરાબાદમાં લશ્કર મોકલવાનો નિર્ણય કર્યો અને દક્ષિણ વિભાગના મહારાજ શ્રી રાજેન્દ્રસિંહની સૂચનાથી મેજર જનરલ ચૌધરીની આગેવાની હેઠળ 15 સપ્ટેમ્બરે હૈદરાબાદ તરફ કૂચ કરી. એક ટૂકડી સોલાપુરથી હૈદરાબાદ 186 માઈલ અને બીજી ટુકડીએ બેઝવાડાથી હૈદરાબાદના માર્ગે 160 માઈલના અંતરે કૂચ કરવાનું શરૂ કર્યું. પ્રથમ બે દિવસ હૈદરાબાદે તે ટુકડીઓનો સામનો કર્યો, પરંતુ ત્યારબાદ રજાકારોની ગેરશિસ્તના કારણે તેમના પક્ષે જાનહાની વધુ થઈ હતી. ભારત સરકારના પક્ષે જાનહાની ઘણી ઓછી થઈ હતી. આ લશ્કરી પગલામાં કુલ 800 જેટલા લોકો મૃત્યુ પામ્યા હતા. પરંતુ હૈદરાબાદની કાયમી શાંતિ માટે આ નુકસાની ખૂબ નજીવી ગણી શકાય.

15.4.9.8 *હૈદરાબાદની શરણાગતિ*

17મી સપ્ટેમ્બરના રોજ હૈદરાબાદ રાજયે શરણાગતિ સ્વીકારી લીધી હતી. 18મી સપ્ટેમ્બરે હૈદરાબાદના શહેરોમાં ભારતના લશ્કરનો પ્રવેશ થયો હતો. સમગ્ર ઘટનાક્રમ 108 કલાકમાં પૂરો થયો હતો. લિયાકત અલી અને તેના પ્રધાનમંડળે રાજીનામાં આપ્યા. ભારત સરકારના હુકમ અનુસાર મેજર જનરલ ચૌધરીએ ગવર્નર તરીકેનો હોદ્દો સંભાળ્યો હતો. લેફ્ટનન્ટ જનરલ રાજેન્દ્રસિંહજી લોકોને શાંત રહેવા માટેની અપીલ કરી, ત્યારબાદ થોડાં દિવસોમાં રઝવી પણ કેદ પકડાયો અને નિઝામને હૈદરાબાદના રાજવી તરીકે ચાલુ રાખવામાં આવ્યા હતા. આ પરાજય બાદ નિઝામે સયુક્ત રાષ્ટ્રસંઘમાં કરેલી ફરિયાદ પરત ખેંચી લીધી અને બંધારણીય વડા તરીકેનું સ્થાન સ્વીકાર્યું હતું. આમ, વલ્લભભાઈની ધીરજથી હૈદરાબાદ જેવું મોટું દેશી રાજ્ય, જે સ્વતંત્ર રહેવા માટે અથવા પાકિસ્તાન સાથે જોડાણ કરવા માટે પ્રયત્નો કરતું હતું, તેમનું પણ ભારત સાથે જોડાણ કરી સરદાર વલ્લભભાઈ પટેલ ખૂબ મહત્વનું કાર્ય કર્યું હતું.

15.4.10 *જમ્મુ કાશ્મીર*

15.4.10.1 *રાજ્ય પરિચય*

ભૌગોલિક રીતે ભારતના ઉત્તર તરફ આવેલું રાજય જમ્મુ અને કાશ્મીર રાજયનો વિસ્તાર આશરે 84471 ચો.મી. અને 1947 પ્રમાણે તેમની વસ્તી 44 લાખની હતી. રાજયની મોટાભાગની વસ્તી મુસ્લિમ હતી અને બાકીના હિંદુ, શીખ, અને બૌધ્ધ લોકો હતા. બ્રિટિશ સરકાર દ્વારા સત્તાની ફેરબદલી વખતે ત્યાંના રાજવી લેફ્ટનન્ટ જનરલ મહારાજા હરીસિંહ હતા. જમ્મુ અને કાશ્મીર રાજયમાં મોટી સંખ્યામાં મુસ્લિમોની વસતી હતી. પરંતુ વિભાજન બાદ મોટી સંખ્યામાં પાકિસ્તાનથી હિન્દુ હિજરત કરી અહીંયા આવતા હિન્દુઓની પણ બહુમતી થઈ હતી. મહારાજા હરીસિંહને માઉન્ટબેટને સલાહ આપી હતી કે ભારત કે પાકિસ્તાન સાથે જોડાઈ જાય. પરંતુ 15મી ઓગસ્ટ સુધી મહારાજા કોઈ પણ દેશ સાથે જોડાવવાનો નિર્ણય કરી શક્યા નહીં.

15.4.10.2 *મહારાજા હરીસિંહ મુશ્કેલીઓ*

મહારાજા હરીસિંહને ભારત અથવા પાકિસ્તાન સાથે જોડાવવાનો નિર્ણય કરવો ખૂબ અઘરો હતો. કારણ કે જો તે પાકિસ્તાન સાથે જોડાણ કરે તો જમ્મુ અને લદાખના બિન મુસ્લિમ લોકો અને નેશનલ કોન્ફરન્સ તેનો વિરોધ કરે અને જો ભારત સાથે જોડાણ કરે તો ગિલગીટ અને પાકિસ્તાનની નજીકના પ્રદેશો વિરોધ કરે તેવું તેમને લાગતું હતું. પરંતુ મહારાજા તો જમ્મુ અને કાશ્મીરના સ્વતંત્ર રાજયના સ્વપ્ન સેવતા હતા. તેમને પાકિસ્તાન સાથે સ્ટેન્ડસ્ટીલ કરાર કર્યા, પરંતુ તેની સાથે સંબંધો સારાં ન હતાં. પાકિસ્તાને તેમને મળતો તમામ પૂરવઠો બંધ કર્યો હતો. આ અંગે મહારાજા હરીસિંહજીએ પણ બ્રિટિશ વડાપ્રધાનને ફરિયાદ કરી પરંતુ તેનાથી પરિસ્થિતિમાં કશો ફરક પડ્યો નહીં.

15.4.10.3 *પાકિસ્તાનનો જમ્મુ કાશ્મીર પર હુમલો*

22 ઓકટોબર, 1947ના રોજ કાશ્મીર ઉપર પાકિસ્તાનના આક્રમણની શરૂઆત થઈ હતી. જેમાં આશરે 5000 જેટલા હુમલાખોર હતા. આ હૂમાલાખોરોમાં પાકિસ્તાનના રજા પર ગયેલાં સૈનિકો, આફ્રિદી, મસૂદ, સ્વાત અને સરહદ પરના આદિવાસીઓ હતા. આ હુમલાખોરોએ ગઢી અને દોમલ પ્રદેશો કબજે કર્યા, અને મુઝફ્ફરાબાદ આવ્યા. ત્યાં કાશ્મીરના મુસ્લિમ સૈનિકો તેનો પ્રતિકાર કરવાની બદલે તેમની સાથે ભળી ગયા. અને તેમના ઓફીસર કર્નલ નારાયણસિંહને મારી નાખ્યો હતો. આ હુમલાખોરો શ્રીનગર તરફ જતા બારામુલ્લાના રસ્તે આગળ વધ્યા હતા. કાશ્મીરના લશ્કરના બધા જ મુસલમાનો પોતાની ફરજ છોડી જતા રહ્યા અને હુમલાખોરો સાથે જોડાયા હતા. લશ્કરીવડા બ્રિગેડિયર રાજેન્દ્રસિંહ 150 માણસો સાથે જઈ બે દિવસ સુધી ઉરી મુકામે લડ્યા અને બધા મૃત્યુ પામ્યા ત્યાં સુધી લડત આપી. હુમલાખોરોના મત મુજબ 26 ઓક્ટોબરની ઈદ તેમને શ્રીનગરમાં ઉજવવી હતી.

15.4.10.4 *ભારતસંઘ સાથે જોડાણ*

24મી ઓક્ટોબરની સાંજે મહારાજા હરીસિંહની મદદ માટેની વિનંતી દિલ્હીને મળી, અને તેના બીજા દિવસે પ્રધાનમંડળની સંરક્ષણ સમિતિના સભ્યોની બેઠક મળી, જેમા સરદારે પોતાનો સ્પષ્ટ મત રજૂ કર્યો કે, આપણે મહારાજાને મદદ કરવી જોઈએ. આ સમિતિએ સાથે મળી નિર્ણય કર્યો કે, વી.પી.મેનનને શ્રીનગર મોકલવા જોઈએ અને ત્યાં જઈ અને વાસ્તવિક પરિસ્થિતિનો અભ્યાસ કરે, ત્યારબાદ મદદનો નિર્ણય કરવો. વી.પી. મેનને શ્રીનગર પહોંચી મહારાજને કુટુંબ સાથે જમ્મુ જવાની સલાહ આપી. મહારાજા હરીસિંહ તેની સલાહ મુજબ કુટુંબ અને કીમતી વસ્તુઓ લઈ જમ્મુ આવી ગયા.

26મી ઓકટોબરની સવારે વી.પી.મેનન દિલ્હી પરત આવ્યા અને સંરક્ષણ સમિતિનો અહેવાલ આપ્યો કે, કાશ્મીરને બચાવવાની સર્વોચ્ચ આવશ્યકતા છે, પરંતુ સમિતિ મુજબ તે ભારત સાથે જોડાણ કરે ત્યારબાદ જ લશ્કર મોકલી શકાય. વી.પી.મેનન અને મહેરચંદ જમ્મુ ગયા અને મહારાજા હરીસિંહ પાસે જોડાણખત પર સહી લીધી અને તાત્કાલિક સહાય કરવા માટેનો પત્ર ગવર્નર-જનરલને મોકલ્યો હતો. આ પત્ર અને જોડાણખત લઈ મેનન દિલ્હી આવ્યા, ત્યારે સરદાર વલ્લભભાઈ એરપોર્ટ પર જ તેમની રાહ જોતા હતા. તેમને સીધા સંરક્ષણ સમિતિ પાસે લઈ ગયા અને ચર્ચા કરી રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા સુધરે, ત્યારબાદ લોકમત લેવો તેવી વાત નક્કી કરવામાં આવી, અને ત્યારબાદ લશ્કરની એક ટુકડી વિમાનમાર્ગે શ્રીનગર રવાના કરવામાં આવી હતી

15.4.10.5 *ભારતીય સૈન્યની કામગીરી*

27મી ઓક્ટોબરે સવારે 100 જેટલા સિવિલિયન એરક્રાફ્ટ અને બીજા વિમાનો દ્વારા સૈનિકો, શસ્ત્રો અને પુરવઠો શ્રીનગર પહોંચાડવામાં આવ્યો, પ્રથમ લશ્કરી ટુકડીઓ શ્રીનગર પહોંચી તે ટુકડીના લેફ્ટનન્ટ કર્નલ રણજીતરાય શ્રીનગર પહોંચી હુમલો

રોકવાના પ્રયત્નો કર્યા હતા. પરંતુ મોટી સંખ્યામાં હુમલાખોરો સાથેની આ લડાઈમાં રણજીતરાય શહીદ થયા અને હુમલાખોરોને ભારતીય લશ્કર આવ્યાની જાણ થઈ હતી. આ લડાઈથી હુમલાખોરો શ્રીનગર તરફ જતાં અટકી ગયા. શ્રીનગર અને કાશ્મીર હુમલાખોરોના હાથમાં જતા બચી ગયું.

આ દરમિયાન મહારાજાના આમંત્રણનો સ્વીકાર કરી શેખ અબ્દુલ્લાએ વચગાળાની સરકારની રચના કરી અને ભારતની વધુ ત્રણ પલટનો શ્રીનગર પહોંચી ગઈ હતી. લાહોરથી મહમદ અલી ઝીણા પણ આ હુમલાનો પડદા પાછળથી દોરીસંચાર કરતા હતા. તેનો ઉદ્દેશ્ય પાકિસ્તાની લશ્કરને કાશ્મીરમાં મોકલવાનો હતો પરંતુ જનરલ ગ્રેસીની સમજાવટના કારણે તે નિર્ણય મોકૂફ રાખ્યો હતો. ભારતના લશ્કરે 8મી નવેમ્બરે બારામુલ્લાને મુક્ત કરાવ્યું અને 11 નવેમ્બરે સૈનિકો ઉરી સુધી પહોંચી ગયા. આ દરમિયાન ભારત અને પાકિસ્તાનના વડાપ્રધાનો વચ્ચે સમાધાનના પ્રયત્નો માઉન્ટબેટનને શરૂ કર્યા, પરંતુ આ પ્રયત્નો નિષ્ફળ ગયા હતા.

15.4.10.6 *સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ફરિયાદ*

ભારતના વડાપ્રધાન દ્વારા સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ફરિયાદ કરતા પહેલા પાકિસ્તાનના વડાપ્રધાન લિયાકત અલીને પત્ર લખીને જણાવ્યું કે આ સરહદી હુમલાખોરોને તમામ પ્રકારના શસ્ત્રો અને તેમની તાલીમ પાકિસ્તાન તરફથી મળે છે. અને આ લોકોને ખોરાક અને પૂરવઠો પણ પાકિસ્તાનમાંથી મળે છે, જેના આધારપુરાવા અમારી પાસે છે. આવી મદદ હુમલાખોરોને ન પૂરી પાડવા ભારત સરકારે પાકિસ્તાનને જણાવ્યું હતું. પરંતુ તેનો કોઈ પણ પ્રત્યુત્તર ન આવતા ભારત સરકારે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ફરિયાદ કરી હતી. મેજર જનરલ થીમૈયાની આગેવાની હેઠળ લેહ અને લદ્દાખ, મેજર જનરલ આત્મા સિંહની આગેવાની હેઠળ પુંછમાંથી પણ હુમલાખોરોને દૂર કરવામાં આવ્યા હતા.

કાશ્મીરનો પ્રશ્ન ઉકેલવા માટે સરદાર વલ્લભભાઈ પટેલે ખૂબ કુશળ કામગીરી કરી. સંરક્ષણ સમિતિએ કાશ્મીર બચાવવા માટે યોગ્ય સમયે સેના મોકલવાના કારણે કાશ્મીરનું ભારત સાથે જોડાણ શક્ય બન્યુ હતુ. પરંતુ આજે પણ કાશ્મીરના પ્રશ્નનો સૈધ્ધાંતિક રીતે ઉકેલ આવ્યો નથી. આજે પણ વારંવાર કાશ્મીરના મુદ્દાને પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ઉઠાવે છે.

15.5 *સારાંશ :*

ભારતની આઝાદી વખતે દેશી રાજ્યોની પરિસ્થિતિ જોતા એવું લાગતું હતું કે, ભારત અનેક ટુકડાઓમાં વિભાજિત થઈ જશે. પરંતુ આ સમયે સરદાર વલ્લભભાઈએ પોતાની સૂઝબૂઝથી ભારતના 562 રજવાડાઓનું એકીકરણ કર્યું હતુ. જૂનાગઢ હૈદરાબાદ અને કાશ્મીર જેવાં રાજ્યોની સ્વતંત્ર રહેવાની માંગણીઓને સામે પણ યોગ્ય પરિસ્થિતિ અનુસાર નિર્ણય કરી ભારત સાથે જોડ્યા હતા. વિલીનીકરણનું કાર્ય ખૂબ જ કપરું હતું

પરંતુ વલ્લભભાઈ જે રીતે કાર્ય કર્યું એ ભારતીય ઈતિહાસમાં એક અભૂતપૂર્વ ઘટના કહી શકાય. જેવી રીતે જર્મનીનું એકીકરણ બિસ્માર્ક દ્વારા કરવામાં આવ્યું હતું તેવી જ રીતે ભારતનું એકીકરણ સરદાર વલ્લભભાઈ પટેલના કારણે શક્ય બન્યું હતુ. એટલે જ સરદાર વલ્લભભાઈ પટેલને ભારતના બિસ્માર્ક તરીકેનું બિરુદ આપવામા આવ્યું છે અને સરદારને 'અખંડ ભારતના શિલ્પી' તરીકે ઓળખવામાં આવે છે

15.6 *ચાવીરૂપ શબ્દો :*

વિલીનીકરણ	અંદર સમાવી લેવાની ક્રિયા, એકાત્મ કરી લેવું.
મુસદ્દો	પહેલુ કાચું લખાણ
સાંસ્થાનિક	સંસ્થાનને લગતુ, વિદેશમાં સ્થપાયેલા વસવાટવાળો પ્રદેશ
સ્ટેન્ડસ્ટીલ કરાર	ચાલુ સ્થિતિ નિભાવી રાખવાના કરાર
આરઝી હકૂમત	સમાંતર સરકાર, સમાંતર રાજકીય તંત્ર
રઝાકારો	નિઝામને વફાદાર મુસ્લિમ લોકોની બનેલી ફોજ

15.7 *બહુવૈકલ્પિક પ્રશ્નો :*

1. ભારતને સ્વતંત્રતા આપતો કાયદો ક્યો છે ?
   (અ) ભારતીય મુક્તિ ધારો - 1947 (બ) હિંદ સ્વાતંત્ર ધારો - 1947
   (ક) સ્વતંત્રતાનો કાયદો – 1947 (ડ) બ્રિટીશ ધારો – 1947
2. દેશી રાજ્યોના ખાતામાં ભારત તરફથી મંત્રી કોણ હતું ?
   (અ) વી.પી.મેનન (બ) માઉન્ટ બેટન
   (ક) વલ્લભભાઇ પટેલ (ડ) જવાહરલાલ નહેરુ
3. નીચેનામાંથી ક્યા રાજ્યએ 15 ઓગસ્ટ, 1947 પહેલા ભારતસંઘ સાથે જોડાણ કર્યુ હતું ?
   (અ) જૂનાગઢ (બ) હૈદરાબાદ
   (ક) જમ્મુ અને કાશ્મીર (ડ) ભાવનગર
4. જૂનાગઢના પાકિસ્તાન જોડાણ વખતે તેના રાજવી કોણ હતા ?
   (અ) અબ્દુલ કાદીર (બ) રઝવી
   (ક) મહોબતખાન ત્રીજા (ડ) શાહનવાઝ ભુટ્ટો
5. આરઝી હકૂમતનું નેતૃત્વ કોને સોપવામાં આવ્યુ હતું ?
   (અ) શામળદાસ ગાંધી (બ) કનૈયાલાલ મુનશી
   (ક) દુર્લભ કેશવજી ખેતાણી (ડ) પુષ્પાબેન મહેતા

6.સરદાર વલ્લભભાઈએ જૂનાગઢના ક્યા મેદાનમાં પ્રજાને સંબોધન કર્યુ હતું ?

(અ) સરદારબાગ (બ) નિલમબાગ

(ક) બહાઉદ્દિન કોલેજ (ડ) ભવનાથ તળેટી

7. સ્ટેન્ડસ્ટિલ એગ્રીમેન્ટ મુજબ ભારત સરકારે હૈદરાબાદમાં એજન્ટ જનરલ તરીકે કોની નિમણૂક કરી હતી ?

(અ) શામળદાસ ગાંધી (બ) વી.પી. મેનન

(ક) કનૈયાલાલ મુનશી (ડ) અબ્દુલ રહીમ

8.હૈદારાબાદમાં ભારતીય લશ્કરે કેટલા કલાકમાં કબ્જો મેળવી લીધો હતો ?

(અ) 100 ક્લાક (બ) 108 કલાક

(ક) 120 કલાક (ડ) 160 કલાક

9.જમ્મુ કાશ્મીરના ક્યા રાજવીએ ભારતસંઘ સાથે જોડાણ કર્યુ હતું ?

(અ) નવાબ જંગ (બ) મહારાજા હરીસિંહ

(ક) મહેરચંદ (ડ) રાજેન્દ્રસિંહ

10.ભારતના બિસ્માર્ક તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(અ) વલ્લભભાઈ પટેલ (બ) જવાહરલાલ નહેરુ

(ક) વી.પી.મેનન (ડ) માઉન્ટ બેટન

જવાબો :- (1 - બ), (2 - ક), (3 - ડ), (4 - ક), (5 - અ), (6 - ક), (7 - ક), (8 - બ), (9 - બ), (10 - અ)

15.8 ***સ્વાધ્યાય :***

1. આઝાદી પહેલાની ભારતની રાજકીય સ્થિતિ વિશે નોધ લખો.

_____
_____
_____
_____
_____

2. જૂનાગઢના ભારત સાથે જોડાણ માટેની પ્રકિયા વિશે વિસ્તૃત અહેવાલ આપો.

_____
_____
_____
_____
_____

3. હૈદારાબાદના વિલીનીકરણમાં આવેલી મુશ્કેલીઓ જણાવો.

_____
_____
_____
_____
_____

4. જમ્મુ અને કાશ્મીરના રાજ્યનું ભારત સાથે જોડાણ સમજાવો.

_____
_____
_____
_____
_____

5. 'અખંડ ભારતના શિલ્પી' તરીકે સરદારની ભુમિકા સ્પષ્ટ કરો.

_____
_____
_____
_____
_____

15.9 *संदर्भो:*

1. શુક્લ જયકુમાર ર., 'દેશી રાજ્યોનું વિલીનીકરણ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ,બીજી આવૃત્તિ –
   2011.
2. ધારૈયા રમણલાલ કે., 'આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામો' ભાગ – 2 (1920-
   1964), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ,પાંચમી આવૃત્તિ – 2011.
3. દેસાઇ મહેબૂબ, 'સરદાર પટેલ અને ભારતીય મુસ્લિમો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ – 2001.
4. વાઘેલા ધારિણી, 'જમ્મુ – કાશ્મીર (અનુચ્છેદ 370) અને સરદાર પટેલ', પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.,રાજકોટ, પ્રથમ આવૃત્તિ- 2012.
5. ગાંધી રાજમોહન, 'સરદાર પટેલ - એક સમર્પિત જીવન', નવજીવન મુદ્રણાલય, અમદાવાદ, નવમી આવૃત્તિ- 2007.
6. શેષાદ્રિના એચ.વી., 'ધ સ્ટોરી ઓફ પાર્ટીશન', અનુવાદ- 'વિભાજનની કરુણાંતિકા', સાધના પુસ્તક પ્રકાશન, કર્ણાવતી, બીજી આવૃત્તિ – 2003.
7. જાની એસ.વી., 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ' (1807 – 1948), દર્શક ઈતિહાસનિધિ, અમદાવાદ, ચોથી આવૃત્તિ – 2014.

8. જાની એસ.વી., 'જૂનાગઢના નવાબી શાસનનો અંત', પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.,રાજકોટ પ્રથમ આવૃત્તિ – 2012.
9. પોળ પ્રશાંત, 'તે પંદર દિવસ' (1 ઓગસ્ટ 1947 થી 15 ઓગસ્ટ 1947ના નિર્ણાયક દિવસોની કથા), ભારતીય વિચારમંચ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ – 2019.

એકમ : 16

ઈ.સ. 1947 થી 1964 સુધીના ભારતની આર્થિક પ્રગતિઃ આયોજન પંચ અને પંચવર્ષીય યોજનાઓ

:: રૂપરેખા::

16.0 ઉદ્દેશો

16.1 પ્રસ્તાવના

16.2 આર્થિક આયોજન

16.3 સ્વતંત્રતા પહેલાંનું ભારતનું ઔદ્યોગિક માળખું

16.4 સ્વતંત્રતા પહેલાંના ભારતમાં આર્થિક આયોજન

16.5 આયોજન પંચની સ્થાપના

16.6 પ્રથમ પંચવર્ષીય યોજના

16.6.1 ઉદ્દેશો

16.6.2 ફાયદા

16.7 બીજી પંચવર્ષીય યોજના

16.7.1 હેતુઓ

16.7.2 ફાયદા

16.8 ત્રીજી પંચવર્ષીય યોજના

તમારી પ્રગતિ ચકાસો. (ખ)

16.9 સારાંશ

16.10 ચાવીરૂપ શબ્દો.

16.11 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત).

16.12 સ્વાધ્યાય (સૈદ્ધાંતિક અને પ્રાયોગિક).

16.13 સંદર્ભ

16.0 *ઉદ્દેશો :*

આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતોથી અવગત થશો.

- ભારતના આઝાદી પહેલાંના આર્થિક વિકાસ વિશે જાણશો.
- આર્થિક આયોજન વિષે જાણશો.
- ભારતમાં આયોજન પંચની સ્થાપના વિશે જાણશો.
- પંચવર્ષીય યોજના વિશે જાણશો.
- પ્રથમ,બીજી અને ત્રીજી પંચવર્ષીય યોજનાઓના હેતુઓ અને એ યોજનાઓથી થયેલ ફાયદો વિશે વિગતે સમજશો.
- ભારતની આર્થિક પ્રગતિ અને પંચવર્ષીય યોજનાઓને મુલવી શકશો.

16.1 *પ્રસ્તાવના :*

બ્રિટિશ શાસન દરમિયાન ભારતની અર્થવ્યવસ્થા અલ્પવિકસિત હતી. બ્રિટિશ શાસનની દરમિયાનગીરી 1947માં દેશ આઝાદ થતાં સમાપ્ત થઈ. હવે પ્રશ્ન એ આવ્યો કે ભારતની અલ્પવિકસિત અર્થવ્યવસ્થાની સમસ્યાઓ કેવી રીતે ઉકેલી શકાય. પરંતુ સદભાગ્યે પ્રગતિશીલ રાષ્ટ્રવાદીઓ અને ભારતીય ઉદ્યોગપતિઓ વચ્ચે આ પ્રશ્ને વિચારોની સમાનતા જોવા મળી. બંને એક વાત પર સહમત થયા કે આયોજનબદ્ધ આર્થિક વિકાસ દ્વારા દેશનો વિકાસ ઝડપી સાધવો. 1950ની 26મી જાન્યુઆરીએ સંવિધાન અમલમાં આવ્યું. તેમાં રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પ્રમાણે ભારતમાં કલ્યાણ રાજ્ય અને સમાજવાદી ઢબની સમાજવ્યવસ્થા રચવાનું ધ્યેય જાહેર કરાયું. ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુને બંધારણના આ આદર્શોની સિદ્ધિ માટે અને ભારતના ઝડપી આર્થિક વિકાસ અને તેની સમસ્યાઓના નિવારણ માટે આર્થિક આયોજનની આવશ્યકતા જણાઈ. આમ માર્ચ, 1950માં ભારત સરકારે આયોજન પંચની સ્થાપના કરી. આ એકમમાં આપણે ભારતના 1947 થી 1964 સુધીના આર્થિક આયોજન અને પંચવર્ષીય યોજનાઓ વિશે વિગતે અભ્યાસ કરીશું.

16.2 *આર્થિક આયોજન :*

આર્થિક આયોજન એટલે ઉપલબ્ધ સંપત્તિના ઉપયોગ દ્વારા ચોક્કસ સામાજિક હેતુઓ સિદ્ધ કરવાના કેન્દ્રિત પ્રયાસો. આયોજિત અર્થ રચનામાં ચોક્કસ હેતુઓ માટે ઉત્પાદનનાં સાધનોના ઉપયોગ અને વ્યવસ્થાને નિયંત્રિત કરવામાં આવે છે. આર્થિક આયોજનની રચનામાં એક અંગ આયોજન પંચ હોય છે. આર્થિક આયોજનના ત્રણ પાસાં છે. 1. સમયનો નિશ્ચિત ગાળો. 2. પૂર્વનિર્ધારિત ઉદ્દેશો. અને 3. ઉદ્દેશ પૂર્તિ માટે સમાજમાં ઉપલબ્ધ સાધનોનો ઉત્તમ ઉપયોગ. ટૂંકમાં સમય, ઉદ્દેશ અને સાધનો એ ત્રણના ઉપયોગ દ્વારા આર્થિક પ્રગતિ સાધવી. આયોજનપંચની સભ્ય સંખ્યા સામાન્ય 6 થી 12 નક્કી કરવામાં આવી. આયોજન પંચના અધ્યક્ષ વડાપ્રધાન અને ઉપાધ્યક્ષ આયોજન ખાતાના

પ્રધાન રહે તેમ નક્કી કરવામાં આવ્યું હતું. ઉપરાંત અન્ય સભ્યોમાં નાણાંપ્રધાન, નિષ્ણાત અર્થશાસ્ત્રીઓ અને હોદ્દાની રૂએ આયોજન તેમજ નાણાખાતાના સચિવોનો પણ સમાવેશ કરવામાં આવ્યો. આયોજન પંચમાં રાજ્ય સરકારોનું પ્રતિનિધિત્વ નથી. તે સંપૂર્ણ રીતે કેન્દ્રીય પંચ છે. આર્થિક આયોજન દ્વારા દેશની આર્થિક અને સામાજિક પ્રગતિ સાધવાનો વિશ્વસ્તરે પહેલ વહેલો પ્રયાસ રશિયામાં કરવામાં આવ્યો હતો. જોસફ સ્ટાલિને ઈ.સ. 1928માં સોવિયેટ સંઘમાં પ્રથમ પંચવર્ષીય યોજના લાગુ કરી હતી. આમ આર્થિક આયોજનનો ઉદ્ભવ રશિયામાં થયો તેમ કહી શકાય. ભારતના સંદર્ભમાં બ્રિટિશ શાસન દરમિયાન આર્થિક આયોજનનો ખ્યાલ ઉદ્ભવ્યો હતો. આમ કોઈપણ દેશને પોતાના સર્વાંગી વિકાસ માટે આયોજન એ પ્રથમ જરૂરીયાત છે. 1950ની 15મી માર્ચે ભારતમાં આયોજન પંચની શરૂઆત થઈ. તેના પ્રથમ અધ્યક્ષ શ્રી નિયોગી બન્યા હતા.

16.3 *સ્વતંત્રતા પહેલાંનું ભારતનું ઔદ્યોગિક માળખું :*

ભારતીય અર્થવ્યવસ્થા પર બ્રિટિશશાસનની વિઘાતક અસરો રહી. મહદંશે 19મી સદીમાં ભારતના કાપડ ઉદ્યોગને, ખાસ કરીને હાથસાળ ઉદ્યોગને સસ્તા અંગ્રેજી કાપડની આયાતથી ભારે નુકસાન પહોંચ્યું. પરંતુ 18મી સદીના પ્રારંભે જયારે યુરોપના વેપારીઓએ વસ્તુતઃ ભારતના કાપડની નિકાસ કરી રહ્યા હતા ત્યારે સ્થિતિ જુદા પ્રકારની હતી. અંગ્રેજી નીતિઓથી પશ્ચિમ ભારતની તુલનામાં પૂર્વ ભારતની અર્થવ્યવસ્થાને વધુ નુકસાન થયું. આથી ગુજરાત અને મહારાષ્ટ્ર, બિહાર,આસામ, ઓરિસ્સા અને બંગાળ કરતાં વધુ વિકસિત છે. ટૂંકમાં વસાહતી શાસન દરમિયાન પશ્ચિમ ભારતમાં કેટલેક અંશે ઉદ્યોગીકરણ થયું હતું.

અંગ્રેજી શાસનમાં આર્થિક નીતિના ત્રણ તબક્કા આપણે જોઈ શકીએ છીએ. પહેલા તબક્કામાં ઈસ્ટ ઈન્ડિયા કંપની વ્યાપારી કંપની હતી. જે કાચા માલ સાથે તૈયાર માલ પણ યુરોપનાં બજારોમાં લઈ જતી. તેથી ભારતમાં ઉત્પાદકો કરતાં વેપારીઓને વધુ ફાયદો થતો. આવું છેક 19મી સદીના પ્રારંભ સુધી ચાલ્યું.

બીજો તબક્કો 19મી સદીનો મોટો ભાગ આવરી લે છે. જેમાં ભારતની વસ્તુઓનું સ્થાન અંગ્રેજી વસ્તુઓએ લીધું હતું. આને કારણે જ ભારતના ઘણા હસ્તઉદ્યોગોના ઉત્પાદકો અને કારીગરો બેકાર થયા હતા. ઉદ્યોગો પરનું અવલંબન ઘટતું ગયું તો સામે કૃષિ પરનું ભારણ વધતું ગયું. ઉદ્યોગોનું પતન થયું ને ભારત બ્રિટિશ મૂડી માટે સસ્તા અને કાચા માલ અને સસ્તી મજૂરીનો સ્ત્રોત બની ગયું.

ત્રીજા તબક્કામાં 20મી સદીમાં સામ્રાજ્યવાદી આર્થિક નીતિમાં પરિવર્તન આવ્યું. જેને માટે ભારતમાં રાષ્ટ્રીય આંદોલનો ઉપરાંત સોવિયેટ ક્રાંતિ અને અમેરિકા, જર્મનીની ઔદ્યોગિક વિકાસ જેવા બહારી દબાણો પણ જવાબદાર હતા. આમ, બ્રિટિશ સામ્રાજયવાદ નબળો પડ્યો. આ તબક્કો છેક સ્વતંત્રતા પ્રાપ્તિ સુધી ચાલ્યો. તેમ છતાં આ

સમયગાળામાં અંગ્રેજ સરકારે કેટલીક આર્થિક છૂટછાટો આપવી પડી હતી. જેમાં લોખંડ, ખાંડ, કાપડ, કાગળ અને સિમેન્ટ જેવા વિવિધ ભારતીય ઉદ્યોગોને જકાત સંરક્ષણ આપવામાં આવ્યું હતું.

સ્વતંત્રતા પહેલાંના ભારતમાં અનેક આધુનિક ઉદ્યોગો વિદેશીઓ દ્વારા નિયંત્રણમાં હતા. એટલે કે મોટા ભાગની નિકાસપ્રધાન ઉત્પાદનની પ્રવૃત્તિઓ મહદંશે યુરોપના કે બ્રિટિશ વેપારીઓના હાથમાં હતી. સ્વતંત્રતા સમયે ઉત્પાદન ઉદ્યોગમાં વિદેશી મૂડીનું પ્રભુત્વ આ રીતે હતું. આમ, વસાહતી સરકારને માત્ર અંગ્રેજી વ્યાપાર સમૂહોને સંરક્ષણ આપવામાં રસ હતો. ભારતના ઔદ્યોગિક વિકાસમાં પ્રોત્સાહન આપવામાં તેને કોઈ રસ નહોતો. આવી સાનુકૂળ પરિસ્થિતિમાં પણ આ તબક્કે ભારતના ઉદ્યોગોનો થોડો વિકાસ થયો. કેમ કે અંગ્રેજ સરકારે 1930-40ના દસકામાં ભારતના ઉદ્યોગોને ટેકો આપવાની નીતિ અપનાવી. પરંતુ યુદ્ધ દરમિયાન ઉદ્યોગક્ષેત્રમાં કરવામાં આવેલી મોટા ભાગની નિકાસ કૃષિ પેદાશો ઉપર આધારિત અને વપરાશી વસ્તુઓવાળા ઉદ્યોગ દ્વારા જ કરવામાં આવી હતી. આમ, ભારતમાં મૂડીમાલના ક્ષેત્રની ઉણપ હતી. જયારે ઇંગ્લેન્ડ માટે ભારત મૂડીથી નિકાસ કરવાનો એક મુખ્ય દેશ હતો. વળી આ ઉપરાંત ઉદ્યોગોકરણને અવરોધક બીજા કારણોમાં ટેકનિકલ કુશળતાની ઉણપ, અપર્યાપ્ત વિકાસપોષણ માળખું જેવાં કે વીજળી, પરિવહન અને સંદેશાવ્યવહારની સગવડોનો અભાવ વગેરે મુખ્ય હતા. આ બધી સમસ્યાઓ સ્વતંત્રતા પહેલાં હતી. સ્વતંત્રતા પછી સરકારે આયોજન અને રાજયના હસ્તક્ષેપથી આ મુશ્કેલીઓ નિવારવા પ્રયાસ કર્યો.

16.4 *સ્વતંત્રતા પહેલાંના ભારતમાં આર્થિક આયોજન :*

સોવિયેટ સંઘમાં પંચવર્ષીય યોજનાઓની સફળતા પછી વિશ્વમાં આર્થિક આયોજનના મહત્ત્વનો ઝડપી પ્રસાર થયો. કોંગ્રેસે 1938માં એક આયોજન સમિતિ નીમી હતી. જવાહરલાલ નેહરુને આ રાષ્ટ્રીય આયોજન સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. આ સમિતિએ પેટા સમિતિઓ નીમી દેશનાં અર્થકારણનાં જુદાજુદા પાસાંઓ અંગે તલસ્પર્શી માહિતી આપતા 25 ગ્રંથો પ્રસિદ્ધ કર્યા હતા. કોંગ્રેસમાંથી વામપંથી જૂથ સોવિયેટ સંઘના ઉદ્યોગીકરણની નીતિથી પ્રભાવિત હતું. જેઓ આઝાદી પછી ભારતમાં ઉદ્યોગીકરણમાં સરકારનું નિયંત્રણવાળું આયોજન અપનાવવાનો મત ધરાવતા હતા અને બધા સંમત હતા. ઈ.સ. 1939 વિખ્યાત ઈજનેરશ્રી વિશ્વેશ્વરૈયાએ સૌ પ્રથમ વાર ભારતમાં આર્થિક વિકાસ માટેની દસવર્ષીય યોજનાની રૂપરેખા નામે પુસ્તક લખી તેમાં આપી હતી. ઈ.સ. 1943માં 'મુંબઈ યોજના' નામે યોજના ભારતના આઠ પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓએ પ્રસિદ્ધ કરી હતી. મુંબઈ યોજનાના આગેવાનોમાં જે.આર.ડી. તાતા, જી.ડી. બિરલા, લાલા શ્રીરામ વગેરે મુખ્ય હતા. આ યોજના પંદર વર્ષ માટેની હતી તથા તે પાંચ વર્ષના ત્રણ તબક્કાઓમાં વહેંચાયેલી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ પંદર વર્ષમાં માથાદીઠ વાર્ષિક આવક બમણી કરવાનો રાખવામાં આવ્યો હતો. પરંતુ તેમાં

દેશના મુખ્ય વ્યવસાય ખેતીને ગૌણ સ્થાન હોવાથી તે વ્યવહારુ ન ગણાઈ. આમ આ વેપારીઓએ તૈયાર કરેલી યોજનામાં વેપારીઓનો એવો મત હતો કે ઉદ્યોગોમાં સરકારી હસ્તક્ષેપ કે નિયંત્રણ હોવું જોઈએ નહિ. તેની વિરુદ્ધમાં શ્રી એમ.એન. રોયે 'જનતાની યોજના' રજૂ કરી હતી. ઈ.સ. 1950માં સર્વોદય કાર્યકરોના નેતા શ્રીમન્નારાયણએ 'ગાંધીયન યોજના' રજૂ કરી હતી. જેમાં સામાજિક ન્યાય અને ગરીબોને રાહત આપતી, ખેતીમાં નવીન સંશોધનો સાથે ખેતીનો ઉત્કર્ષ મુખ્ય ઉદ્દેશો હતા. સ્વતંત્રતા પછી ભારતની એવી સ્થિતિ હતી કે તેને નિવારવા કૃષિ ઉત્પાદકતા વધારવી, લોકો પાસે રોજગારી થકી નાણું આવે અને ગૃહબજારનો વિસ્તાર થાય તે જરૂરી હતું. તેથી સ્વતંત્રતા પછી રાજકીય નેતાઓ, વેપારીઓ અને અર્થશાત્રીઓએ કૃષિ ઉત્પાદન અને આવક વધારવા ઉપર ભાર મૂક્યો. અંતે બીજા વિશ્વયુદ્ધ પછી 1950માં આયોજન પંચની રચના કરવામાં આવી હતી.

16.5 *આયોજન પંચની સ્થાપના :*

ભારતના બંધારણમાં આયોજન પંચ સંબંધે કોઈ જોગવાઈ નથી. 15મી માર્ચ, 1950માં કેન્દ્રીય મંત્રીમંડળે એક પ્રસ્તાવ દ્વારા આયોજન પંચની સ્થાપના કરી હતી. તે ભારત સરકારની એક સ્વાયત્ત સંસ્થા છે જેનું કાર્ય પંચવર્ષીય યોજનાઓ બનાવવાનું હતું. તેનું વડી કચેરી નવી દિલ્લીમાં આવેલ છે. ભારતમાં પંચવર્ષીય યોજનાઓ દ્વારા કૃષિ, ઉદ્યોગ, પરિવહન સાથે સામાજિક સેવાઓ, આરોગ્ય, શિક્ષણ, ન્યાય વગેરે જેવી અનેક બાબતોમાં પ્રગતિ થઈ છે. આપણા દેશનું આયોજન પંચ નિષ્ણાત અર્થશાસ્ત્રીઓ, વહીવટી નિષ્ણાતો, આંકડાશાસ્ત્રીઓ વગેરેનું બનેલું હોય છે. તેના અધ્યક્ષ હોદ્દાની રૂએ વડાપ્રધાન અને ઉપાધ્યક્ષ સરકાર અને પંચના સભ્યો વચ્ચે કડીરૂપ કામ કરે છે. આયોજન પંચે આઝાદી બાદ 1951થી અત્યાર સુધીમાં 13(2017-2022) પંચવર્ષીય યોજનાઓનો અમલ દેશના વિકાસાર્થે કર્યો છે. વર્ષ 2014માં આ સંસ્થાનું નામ બદલી નીતિ આયોગ (નેશનલ ઈન્સ્ટીટયુશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઈંડિયા)કરવામાં આવ્યું હતું.

અત્યાર સુધીની પંચવર્ષીય યોજનાઓ અને તેનો સમયગાળો નીચે પ્રમાણે છે.

(1) પ્રથમ પંચવર્ષીય યોજના. (1951-1956)
(2) બીજી પંચવર્ષીય યોજના. (1956-1961)
(3) ત્રીજી પંચવર્ષીય યોજના. (1961-1966)
(4) એક વર્ષિય યોજના. (1966-1967)
(5) એક વર્ષિય યોજના. (1967-1968)
(6) એક વર્ષિય યોજના. (1968-1969)
(7) ચોથી પંચવર્ષીય યોજના. (1969-1974)
(8) પાંચમી પંચવર્ષીય યોજના. (1974-1978)
(9) છઠ્ઠી પંચવર્ષીય યોજના. (1978-1983)
(10) સાતમી પંચવર્ષીય યોજના. (1985-1990)
(11) આઠમી પંચવર્ષીય યોજના. (1992-1997)
(12) નવમી પંચવર્ષીય યોજના. (1997-2002)

(13) દસમી પંચવર્ષીય યોજના. (2002-2007)
(14) અગિયારમી પંચવર્ષીય યોજના. (2007-2012)
(15) બારમી પંચવર્ષીય યોજના. (2012-2017)
(16) તેરમી પંચવર્ષીય યોજના. (2017-2022)

તમારી જાતે ચકાસો. (ક)

પ્રશ્ન.1. આર્થિક આયોજન એટલે શું?

_____
_____
_____
_____
_____

પ્રશ્ન.2. સ્વતંત્રતા પહેલાંના ભારતના ઔદ્યોગિક માળખા વિશે પાંચ વાક્યો લખો.

_____
_____
_____
_____
_____

પ્રશ્ન.3. સ્વતંત્રતા પહેલાંના ભારતમાં આર્થિક આયોજન વિશે સંક્ષિપ્તમાં જણાવો.

_____
_____
_____
_____
_____

પ્રશ્ન.4. આયોજન પંચની સ્થાપના વિષે ચાર વાક્યો લખો.

_____
_____
_____
_____
_____

પ્રશ્ન.5. ખરાં-ખોટાં લખો.

(1) આર્થિક આયોજનનો પ્રથમ પ્રયાસ વિશ્વમાં પહેલીવાર રશિયામાં થયો હતો. ( )
(2) આયોજન પંચના અધ્યક્ષ ગૃહમંત્રી હોય છે. ( )
(3) વિકાસપોષણ માળખું ઉદ્યોગો માટે જરૂરી નથી. ( )
(4) યોજના આયોગનું નામ નીતિ આયોગ કરવામાં આવ્યું છે. ( )

હવે આપણે પહેલી, બીજી અને ત્રીજી પંચવર્ષીય યોજનાઓ વિશે વિગતે ચર્ચા કરીશું.

16.6 *પ્રથમ પંચવર્ષીય યોજના. (ઈ.સ.* 1951-1956) :

પ્રથમ પંચવર્ષીય યોજના 8 ડીસેમ્બર, 1951માં ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ સંસદમાં રજૂ કરી હતી. આ યોજના હેરાલ્ડ-ડોમરના મોડલ પર આધારિત હતી. અને તે યોજના 1956માં પૂર્ણ થઈ હતી. તેના મુખ્ય બે ધ્યેયો રાખવામાં આવ્યા હતા. 1. આનજની બાબતે સ્વાવલંબી બનવું. અને 2. રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ કરી લોકોનું જીવનધોરણ ઉચું લાવવું. આ યોજના પાછળ કુલ રૂ. 2068 કરોડ ખર્ચવામાં આવ્યા હતા. જોકે આ યોજના પાછળ વાસ્તવિક કુલ રૂ.2378 કરોડ ખર્ચ થયું હતું. તે પૈકી 44 % જેટલી રકમ કૃષિક્ષેત્ર અને બાકીની રકમ ખેતી, સિંચાઈ, વિદ્યુત અને પરિવહન ક્ષેત્રે ફાળવવામાં આવી હતી. યોજનાને અંતે દેશની રાષ્ટ્રીય આવકમાં 18% વૃદ્ધિ નોધાઈ હતી. ભારતમાં ઈ.સ. 1951 થી 1956 સુધીમાં પ્રથમ પંચવર્ષીય યોજનામાં કુલ રૂ.1960 કરોડ માંથી 15% ખેતી તેમજ સામુદાયિક વિકાસ યોજનાઓ, 16% સિંચાઈ તેમજ બહુહેતુક સિંચાઈ યોજનાઓ અને વિદ્યુત શક્તિ, 13% વીજળી, 2% ગ્રામોદ્યોગ અને નાના ઉદ્યોગો, 4% મોટા ઉદ્યોગો અને ખનીજો, 27% વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર,23% સામાજિક સેવાઓ અને અન્ય એમ વિવિધ ક્ષેત્રો પાછળ ફાળવવામાં આવ્યા હતા.

16.6.1 *ઉદ્દેશો :*

આઝાદી બાદ અમલમાં આવેલ આ પ્રથમ પંચવર્ષીય યોજના મોટાભાગે કૃષિવિકાસ અને ગ્રામસુધારણા માટેની યોજના હતી. અલ્પવિકસિત અર્થતંત્રમાં માંગની આવકસાપેક્ષતા સામાન્યતઃ ઊંચી હોવાથી જો તેના ઉત્પાદન અને પુરવઠામાં ઊંચા દરે વધારો થાય તો જ અન્નમાં સ્વાવલંબન પ્રાપ્ત થઈ શકે. તેથી આ યોજનાના ઉદ્દેશો નીચે મુજબના રાખવામાં આવ્યા હતા.

(1) બીજા વિશ્વયુદ્ધ અને ભાગલાથી ઉદ્ભવેલ આર્થિક અસમતુલાને દૂર કરી લાંબા સમયના આર્થિક વિકાસને અનુરૂપ આર્થિક માળખું ઊભું કરી અર્થતંત્રનું પુનઃનિર્માણ કરવું.

(2) રાષ્ટ્રીય આવકમાં ઊંચા દરે વધારો કરવો તથા આવકની સપ્રમાણ વહેંચણી થાય તેવી અર્થવ્યવસ્થાનું નિર્માણ કરવું.

(3) રોજગારીની તકોમાં વધારો કરી બેકારી નિવારણ પર ભાર મુકવો.

(4) દેશની કુદરતી સાધન સંપત્તિનું સર્વેક્ષણ કરવું અને સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરવો.

(5) અન્નની અછત નિવારવી. શણ અને કપાસની કાચા માલની તંગીની પરિસ્થિતિ સુધારવી.

(6) આગામી આયોજનનો સુદ્રઢ પાયો નાખવો. રસ્તા, સિંચાઈ વગેરેનો વિકાસ કરવો અને પ્રજાનું જીવનધોરણ ઊંચું આવે તે માટે ઉત્પાદન અને રોજગારીમાં વધારો કરીને રાષ્ટ્રીય આવકમાં વધારો કરવો.

(7) સ્થગિત થયેલ અર્થતંત્રને પુનર્જીવિત કરી વિકાસપ્રેરક પરિબળોને પ્રોત્સાહન મળે તેવા પ્રયાસો કરવા.

(8) ફૂગાવા ઉપર નિયંત્રણ લાવવું.

આમ ઉપરોક્ત ઉદ્દેશો કે ધ્યેયો પ્રથમ પંચવર્ષીય યોજનામાં રાખવામાં આવ્યાં હતાં. આ ઉદ્દેશો પરસ્પર એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલ હતાં. આ યોજનાની વિશિષ્ટતા એ હતી કે તેમાં વિવિધ ઉદ્દેશો સિદ્ધ કરવા માત્ર મૂડીરોકાણનો કાર્યક્રમ ઉપરાંત કેવા પ્રકારનાં સામાજિક મૂલ્યો અને સંસ્થાકીય પરિબળો દ્વારા આર્થિક વિકાસ સાધવાથી સામાજિક કલ્યાણમાં નોંધપાત્ર વધારો થઈ શકાશે તે અંગેની સ્પષ્ટતા પણ હતી. ઉપરાંત આર્થિક વિકાસને સફળ બનાવવા લોકોના આર્થિક વહેવારોને અને સમાજજીવનને સ્પર્શતા વ્યવસ્થાતંત્રમાં જરૂરી પરિવર્તનોની આવશ્યકતા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

16.6.2 *ફાયદા*

પ્રથમ પંચવર્ષીય યોજનાને અંતે આ યોજનાના નીચે પ્રમાણેના ફાયદો થયા હતા.

(1) આ યોજના તેના ઉદ્દેશોમાં સફળતા પ્રાપ્ત કરવામાં મહદઅંશે સફળ રહી. રાષ્ટ્રીય આવકમાં 17.5 %, અને માથાદીઠ આવકમાં 10.5 % નો વધારો થયો.

(2) અનાજનું ઉત્પાદન યોજનાને અંતે 5 કરોડ ટન થી વધીને 6.5 કરોડ ટન થયું હતું. આમ ઉત્પાદનમાં 30 ટકાનો વધારો થયો હતો. કપાસ, શણ, તેલીબિયાં અને શેરડી જેવા કૃષિ પાકોના ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વધારો થયો હતો.

(3) સિંચાઈના વિસ્તારમાં પણ 160 લાખ એકરનો વધારો જોવા મળ્યો.

(4) વીજળીની ઉત્પાદન શક્તિ અને વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સગવડો વધારી શકાઈ હતી.

(5) આ યોજના મોટાભાગે કૃષિ, સિંચાઈ અને સામાજિક સેવાઓના ક્ષેત્રે ખૂબ સફળ રહી હતી. આમ, પ્રથમ પંચવર્ષીય યોજનામાં અર્થપૂર્ણ, વ્યવહારુ અને સ્થિતિસ્થાપક વ્યૂહરચના અપનાવવામાં આવી હતી.

(6) આયોજનની દિશામાં આ યોજના પ્રથમ પ્રયાસ હોઈ તેણે આયોજકો અને પ્રજામાં આત્મવિશ્વાસ જગાવ્યો અને બીજી પંચવર્ષીય યોજના માટે અનુકૂળ ભૂમિકા રચી આપી હતી.

(7) આયોજન ગતિશીલ પ્રક્રિયા છે. તેથી ઊંચા બચત દર અને મૂડીરોકાણ દરને મહત્ત્વ આપવામાં આવ્યું હતું. દેશની શરૂઆતની સ્થિતિ જોતાં આ કાર્ય જાહેર ક્ષેત્રને બદલે ખાનગી ક્ષેત્ર વધુ સારી રીતે પાર પાડી શકાશે તેમ માની તે પ્રમાણેનો વ્યૂહ ગોઠવવામાં આવ્યો હતો.

(8) ઔદ્યોગિક ઉત્પાદનમાં 40%ની વૃદ્ધિ નોધાઈ હતી. કાગળ, સાઈકલ, સિવવાના સંચા, રસાયણિક ખાતરો, ખાંડ, સિમેન્ટ, સુતરાઉ કાપડ વગેરેના ઉત્પાદનના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવામાં આવ્યા હતા.

(9) વર્ષ 1950-51 માં મૂડીરોકાણ દર રાષ્ટ્રીય આવકના 5 ટકા હતો તે વધીને આ યોજનાના અંતે 7.3 ટકા થયો. પરિણામે ભાવ સપાટી 18 ટકા ઘટી હતી.

(10) આ યોજનામાં સામુહિક વિકાસ પ્રોજેક્ટો દેશભરમાં શરુ થયા અને તેનો મુખ્ય ઉદ્દેશ કૃષિ ઉત્પાદકતા વધારી લોકોનું જીવનધોરણ ઊંચું લાવવાનો હતો.

(11) સહકારી પ્રવૃત્તિ એક લાખ વીસ હજાર ગામડાંમાં ફેલાઈ અને ગ્રામીણ વસ્તીના 20 ટકાનો તેમાં સમાવેશ થઈ જતો હતો. જમીનદારી પ્રથાની નાબૂદી માટે પણ પગલાં લેવામાં આવ્યાં હતાં.

(12) આ યોજનાનો સૌથી મહત્ત્વનો ફાયદો એ રહ્યો કે પ્રગતિશીલ તથા વૈવિધ્યપૂર્ણ અર્થતંત્રનો તેણે પાયો નાંખ્યો. લોકોની ભાગીદારી કેળવી અને વિશ્વાસનું વાતાવરણ ઊભું કર્યું.

(13) દેશમાં આ યોજના અંતર્ગત 14000 નવી શાળાઓ બંધાઈ, 5154 જેટલી પ્રાથમિક શાળાઓને બુનિયાદી શાળાઓમાં ફેરવવામાં આવી. 35000 પ્રૌઢશિક્ષણ કેન્દ્રોની શરૂઆત કરાઈ. ઉપરાંત 4069 માઈલ પાકા રસ્તા તથા 28000 માઈલ બીજા રસ્તાઓ અને ગામડાંમાં એંશી હજાર જાજરૂઓ બાંધવામાં આવ્યા હતા. આમ પ્રથમ યોજનામાં કુલ 46.19 કરોડનું ખર્ચ આ કાર્યક્રમો પાછળ કરાયું હતું.

(14) આ યોજનાનો જયારે સમયગાળો પૂર્ણ થવા આવ્યો ત્યારે 70 લાખ રોજગારીની તકો ઊભી થઈ હતી. ઉપરાંત ભાવ સપાટીમાં 13 ટકાનો ઘટાડો નોધાયો હતો.

(15) ભાખરા નાંગલ અને હીરાકુંડ બંધ વગેરે સિંચાઈ યોજનાઓ આ યોજના અંતર્ગત શરુ કરાઈ હતી.

16.6.3 *પ્રથમ પંચવર્ષીય યોજનાનું મૂલ્યાંકન*

આમ પ્રથમ પંચવર્ષીય યોજના સૌથી મહત્ત્વપૂર્ણ હતી કારણ કે આઝાદી પછી ભારતીય વિકાસના પ્રારંભમાં આ યોજના પાયા સમાન હતી. આ રીતે આ યોજનાએ કૃષિ ઉત્પાદન પર ભાર મૂક્યો. કારણ કે ભાગલા અને સ્વતંત્ર પ્રાપ્તિ દરમિયાન ભારતીય કૃષિ ઉત્પાદન પૂર્ણ રીતે પ્રભાવિત થયું હતું. સાથે ભારતમાં ઔદ્યોગિકીકરણની પણ શરૂઆત કરી. પરંતુ પ્રથમ પંચવર્ષીય યોજનામાં ઉદ્યોગીકરણનો કોઈ ધ્યેય સ્પષ્ટ નહોતો. જેને આગળ ચાલીને બીજી પંચવર્ષીય યોજનામાં ભારે ઉદ્યોગો પર આયોજનકારોએ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

પ્રથમ પંચવર્ષીય યોજનામાં ભારતને બીજા દેશો તરફથી સારી આર્થિક સહાય મળી હતી. કુલ મૂડીરોકાણના કદની રીતે પ્રથમ યોજના મધ્યમ કદની હતી. આ યોજનાની શરૂઆતથી જ ભારતમાં મિશ્ર અર્થતંત્રનો વિચાર સ્વીકારવામાં આવ્યો. જાહેર ક્ષેત્રોને ભાવિ વિકાસ વાસ્તે જરૂરી માનવામાં આવ્યું. વળી જાહેર અને ખાનગી ક્ષેત્રો પરસ્પર હરીફ નહિ પરંતુ પૂરક ક્ષેત્રો તરીકે આર્થિક વિકાસને ગતિમાન બનાવે તેવું પણ

સ્વીકારવામાં આવ્યું. આ યોજનાએ કૃષિ વિકાસને પ્રાધાન્ય આપ્યું. જેનું એક કારણ દેશને અન્ન ઉત્પાદન ક્ષેત્રે સ્વાવલંબી બનાવવાનો હતો. તેથી ખેતીના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સાથે ઉદ્યોગોનો વિકાસ પણ નોંધપાત્ર થયો. દેશમાં સિંચાઈ અને વીજળીની સગવડો વધારવા માટે તથા ખેતીની પૂરક બાબતો પાછળ પણ રકમ ખર્ચવામાં આવી.

અનાજ અને કાચા માલની અછત, ખેડૂતોની આર્થિક સ્થિતિ, મૂડી અને ઉત્પાદનનું ઓછું પ્રમાણ રાખવામાં આવ્યું હતું. મોટા અને નાના ઉદ્યોગો માટે સર્વસામાન્ય ઉત્પાદન કાર્યક્રમ અપનાવવામાં આવ્યો. હાથસાળ ઉદ્યોગ, દીવાસળીનો ઉદ્યોગ, ગૃહઉદ્યોગ, ચામડાં કમાવવાનો ઉદ્યોગ, ચામડાંનાં પગરખાં બનાવવાનો ઉદ્યોગ વગેરે વિવિધ ઉદ્યોગ તથા નાના પાયાના ઉદ્યોગોને ઉત્તેજન આપવામાં આવ્યું હતું. આમ આ યોજનાને અંતે સિંચાઈ, વીજળી અને પરિવહન ક્ષેત્રે સારો વિકાસ થયો હતો. આ યોજનામાં ભારત કૃષિ પ્રધાન દેશ હોય કૃષિના વિકાસને મહત્ત્વ આપવામાં આવ્યું જ્યારે ઉદ્યોગોને મહત્ત્વ અપાયું નહોતું, તેમ છતાં ઔદ્યોગિક ક્ષેત્રે પણ સારો વિકાસ નોંધાયો હતો. આઝાદી પછીની આ પ્રથમ પંચવર્ષીય યોજનાનાં પાંચ વર્ષોમાં ઔદ્યોગિક ઉત્પાદન 39 ટકા જેટલું વધ્યું હતું. રેલવે વેગનો, એરક્રાફ્ટ, પેટ્રોલિયમ શુદ્ધિકરણ, વહાણ બાંધકામ, સાયકલ, કાગળ, યંત્રો, પેનિસિલીન અને દવાઓ બનાવતા નવા ઉદ્યોગો પણ સ્થપાયા હતા. જાહેરક્ષેત્રે ચિત્તરંજન લોકોમોટિવ વર્કસ, ઇન્ડિયન ટેલિફોન ઇન્ડસ્ટ્રીઝ, સિંદરી ફર્ટિલાઇઝર ફેક્ટરી, કોચ ફેક્ટરી વગેરે મોટાં સાહસોની સ્થાપના થઈ હતી.

16.7 *બીજી પંચવર્ષીય યોજના. (ઈ.સ.* 1956-1961) :

ડૉ. રમણલાલ ક. ધારૈયા નોધે છે તેમ, ''સ્વરાજ્ય બાદ ભારતમાં પંચવર્ષીય યોજનાઓ દ્વારા ભારતનો ખૂબ નોંધપાત્ર ઔદ્યોગિક તથા કૃષિ ક્ષેત્રે વિકાસ થયો હતો. સાથે સાથે રાષ્ટ્રીય આવકમાં વધારો અને આર્થિક અસમાનતામાં મોટો ઘટાડો જોવા મળે છે.'' આઝાદી પછી આઠમા વર્ષે બીજી પંચવર્ષીય યોજનાની શરૂઆત થઈ. ગરીબી એક પડકાર તરીકે હતી. તેથી આ યોજનામાં વપરાશી ચીજોના ઉદ્યોગોનો વિકાસ કરવાને સ્થાને ભારે અને મૂડીસર્જક ઉદ્યોગોનો વિકાસ કરી ભવિષ્યમાં ઊંચા દરે આર્થિક વિકાસ પ્રાપ્ત કરવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું હતું. વળી તે ઉદ્યોગો ખાનગીક્ષેત્રને બદલે જાહેરક્ષેત્રમાં હોય તેને પ્રાધાન્ય આપવામાં આવ્યું. આમ આ યોજના અંતર્ગત ખાનગીક્ષેત્રના ઉદ્યોગો પાછળ રૂ. 675 કરોડ તથા ગ્રામ્ય અને નાના ઉદ્યોગો પાછળ રૂ.265 કરોડ ખર્ચવામાં આવ્યા.

આ યોજનાએ ઔદ્યોગિક વિકાસને ગતિ આપી અને ઔદ્યોગિક ઉત્પાદનમાં વૈવિધ્ય આવ્યું. મશીનટુલ્સ, યંત્રસામગ્રી, લોખંડ, પોલાદ, રંગ, કોલસો, ભારે રસાયણો, રબરની ચીજો વગેરેનું ઉત્પાદન નોંધપાત્ર રીતે વધ્યું. બીજા સમકાલીન પ્રગતિશીલ દેશો કરતાં ભારતનો ઔદ્યોગિક વિકાસ દર ઊંચો રહ્યો હતો.

પ્રથમ પંચવર્ષીય યોજના ઝડપથી બનાવાઈ હતી. તે સમયે ઉદ્યોગ વિકાસ માટેનો કોઈ ચોક્કસ ઉદ્દેશ સ્પષ્ટ નહોતો. પરંતુ બીજી પંચવર્ષીય યોજનામાં ઉદ્યોગો માટે વિચારપૂર્વક આયોજનને સ્થાન આપવામાં આવ્યું હતું. ઘણી ઉણપોને સુધારી ઉદ્યોગમાં ઝડપી વિકાસ, રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ અને આર્થિક અસમાનતામાં ઘટાડો કરવાના ઉદ્દેશથી બીજી પંચવર્ષીય યોજના અમલમાં મૂકવામાં આવી હતી. તેથી જ આ યોજનામાં ઉદ્યોગો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. અને આમ આ યોજનામાં વધુ નાણા ઉદ્યોગો અને ખનીજ ખોદકામ, વીજળી અને પરિવહન-સંદેશાવ્યવહાર પાછળ ખર્ચવાનું નિર્ણય કરવામાં આવ્યો હતો. આમ તો આ બીજી પંચવર્ષીય યોજના પાછળનો અંદાજીત ખર્ચ રૂ.4672 કરોડ હતો તેમ છતાં તેના અંત સમયે ખર્ચ રૂ. 4771 કરોડ થયો હતો. રૂ.4672 માંથી જેમાં ખેતી અને સામુદાયિક વિકાસ યોજના પાછળ રકમના 12 ટકા(549 કરોડ), સિંચાઈ, બહુહેતુક યોજનાઓ પાછળ 9 ટકા (430 કરોડ), વીજળી માટે 10 ટકા(452 કરોડ), વાહનવ્યવહાર સેવાઓ અને સંદેશાવ્યવહાર પાછળ 27 ટકા(1261 કરોડ), ગ્રામોદ્યોગ અને નાના ઉદ્યોગો પાછળ 4 ટકા (187 કરોડ), મોટા ઉદ્યોગો અને ખનીજો પાછળ 20 ટકા(938 કરોડ) અને સામાજિક સેવાઓ અને અન્ય માટે કુલ રકમના 18 ટકા(855 કરોડ) ફાળવવામાં આવ્યા હતા.

16.7.1. *હેતુઓ*

પ્રથમ યોજનાની સફળતાથી પ્રોત્સાહિત થઈ બીજી પંચવર્ષીય યોજના ઘડવામાં આવી. જેના હેતુઓ નીચે મુજબના હતા.

(1) લોકોનું જીવનધોરણ ઊંચું લાવવા માટે રાષ્ટ્રીય આવકમાં 25 ટકાનો વધારો કરવો.

(2) રોજગારીની તકોનો સારો એવો વિસ્તાર કરીને બેકારીનો પ્રશ્ન હલ કરવાનું કે નિવારવાનું લક્ષ્ય હતું.

(3) પાયાના અને ભારે ચાવીરૂપ ઉદ્યોગોના વિકાસને પ્રાધાન્ય આપીને ઝડપી ઉદ્યોગીકરણ કરવું.

(4) આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડો કરવો અને આર્થિક સત્તાની વધુ સમાન વહેંચણી કરવી.

આમ બીજી પંચવર્ષીય યોજનામાં ઝડપી ઉદ્યોગીકરણ માટે મશીનરી બનાવવાના યંત્રો તૈયાર કરવા કરતાં પાયાના અને ભારે ઉદ્યોગોને મહત્ત્વ આપવામાં આવ્યું. તેથી લોખંડ, પોલાદ, બિન યંત્રો તૈયાર કરતાં પાયાના અને ભારે ઉદ્યોગોને મહત્ત્વ આપવામાં આવ્યું હતું. આમ, લોખંડ-પોલાદ, બિનલોહ ધાતુઓ, કોલસો, સિમેન્ટ, ભારે રસાયણો અને અન્ય પાયાની દૃષ્ટિએ મહત્ત્વના ઉદ્યોગોના વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

આ યોજનામાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે, "પાયાના ઉદ્યોગોમાં કરવામાં આવતા મૂડીરોકાણથી વપરાશી વસ્તુઓની માંગ વધે છે. પરંતુ તે ટૂંકા ગાળામાં વપરાશી વસ્તુઓનો પુરવઠો વધારતા નથી તેમજ બહોળા પ્રમાણમાં શ્રમને પ્રત્યક્ષ રીતે આ ઉદ્યોગો

રોજગારી આપતા નથી. તેથી ઉદ્યોગીકરણની તરાહ સમતોલિત બને તે માટે મૂડીની એવી રીતે કરકસર કરવાની જરૂર છે કે, જેથી શ્રમનો ખૂબ જ જરૂરી વપરાશી વસ્તુઓ પેદા કરવા માટે ઉપયોગી થઈ શકે.''

રોજગારીની વિશાળ તકો સર્જવા માટે શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ વાળા નાના પાયાના અને ગૃહઉદ્યોગોના વિકાસને મહત્ત્વ આપવામાં આવ્યું. રશિયાનો અતિ ઝડપી વિકાસ ભારે ઉદ્યોગોમાં કરવામાં આવેલ મોટા પ્રમાણમાં મૂડીરોકાણ હતું. આવા ખ્યાલથી પ્રેરાઈને બીજી પંચવર્ષીય યોજનાનાં હેતુઓમાં ઝડપી ઔદ્યોગિક વિકાસ પર ભાર મુકવામાં આવ્યો. આ બીજી યોજનાનું કદ મોટું રાખવામાં આવ્યું હતું. તેમ છતાં બીજી યોજનામાં ખેતી અને સામુહિક વિકાસના ક્ષેત્રો માટે રૂ. 530 કરોડ(કુલ ખર્ચના 11.5 ટકા) જેટલી મોટી રકમ ખર્ચવામાં આવી હતી. આમ, ટકામાં ઘટાડો હોવા છતાં કુલ ખર્ચાયેલી રકમ બહુ મોટી હતી.

પ્રથમ પંચવર્ષીય યોજનાની સફળતા પછી આયોજકોને લાગ્યું કે ભારતમાં આપણે અનાજ ક્ષેત્રે સ્વાવલંબન મેળવ્યું, તેથી સ્વાભાવિકપણે તેમણે બીજી યોજનામાં ઉદ્યોગોના વિકાસને પ્રાધાન્ય આપ્યું. કેમ કે ખેતીમાં વધુ મૂડીરોકાણ કરવામાં આવે ત્યારે ઉત્પાદનમાં વધારો થાય છે પરંતુ રોજગારીની તકોમાં નવો વધારો નથી થતો. ગામડાંઓમાંથી અર્ધબેકારી અને ઋતુગત બેકારી ઓછી થાય છે. બીજી યોજના ઘડવામાં આવી ત્યારે અનાજના ઉત્પાદનનું લક્ષ્ય 750 લાખ ટનનો અંદાજ લગાવવામાં આવેલો. પરંતુ પછીથી તે લક્ષ્યાંક વધારીને 805 લાખ ટન રાખવામાં આવ્યું હતું. રૂના ઉત્પાદનમાં સારી જાતના અને લાંબા તાંતણાવાળા રૂના ઉત્પાદન વધરવા પર ભાર મૂકવામાં આવ્યું હતું. બીજી પંચવર્ષીય યોજના સમયે આપણું કૃષિ ઉત્પાદન 1956-57 માં તે 687.4 લાખ ટન થયું હતું. પણ 1957-58માં તેમાં ઘટાડો નોંધાયો હતો. તે રીતે પુનઃ 1959-60 પણ ઘટાડો નોંધાયો હતો. પરંતુ 1960-61માં અનાજનું ઉત્પાદન 785 લાખ ટન થયું હતું. 1959-60માં શેરડીનું ઉત્પાદન 75 લાખ ટન થયું હતું. રૂ અને તેલિબીયાના ઉત્પાદનમાં આપણે નિર્ધારિત લક્ષ્યાંકો મેળવી શક્ય નથી. શણ ઉત્પાદનમાં સારી પ્રગતી કરી હતી. ચા અને કોફી, રબ્બરના ઉત્પાદનમાં પણ બીજી પંચવર્ષીય યોજનામાં સારો વધારો મેળવી શકાયો હતો.

1960-61માં દેશમાં 700 લાખ એકર જમીનનો વિસ્તાર સિંચાઈ હેઠળ લાવી શકાયો હતો. એટલે કે સિંચાઈની સગવડોમાં 143 લાખ એકરનો વધારો થયો હતો. 1960-61ના વર્ષમાં દેશમાં નાઈટ્રોજન ખાતરોમાં 3 લાખ 30 હજાર ટનનો ઉપયોગ થયો હતો. બીજી યોજનામાં નવી 12 લાખ એકર જમીન ખેડાણ હેઠળ લાવવામાં આવી હતી. આમ બીજી યોજનાની અવધિમાં 20 લાખ એકર જમીન સંરક્ષણની યોજના હેઠળ લવાઈ હતી. દેશમાં ફોસ્ફરસયુક્ત ખાતરોનો ઉપયોગ યોજનાને અંતે 67 હજાર ટન સુધી પહોંચ્યો હતો. યોજનાને અંતે દેશમાં સામૂહિક વિકાસ ઘટકોની સંખ્યા વધીને 3112 થઈ હતી. જેનાથી દેશના ચાર લાખ ગામડાંઓની વીસ કરોડ પ્રજાને લાભ થયો હતો.

આમ ખેતી વિષયક યોજનાઓની સફળતાનો આધાર ખેડૂતોના સહકાર ઉપર રહેલો છે. નીતિવિષયક યોજનાઓના ઉદ્દેશો આખરે ખેડૂતો એ જ પૂરા કરવાના હોય છે. જેમાં ખેડૂતોનો ઉત્સાહ અને સરકારની પ્રોત્સાહક નીતિ પર તેનો આધાર છે.

16.7.2 *ફાયદા*

ઈ.સ. 1954માં સંસદે આર્થિક નીતિનાં ધ્યેયોમાં સમાજવાદી સમાજરચનાનો આદર્શ રાખ્યો હતો અને તે મુજબ આર્થિક વિકાસના કાર્યક્રમો એવી રીતે ગોઠવવાના હતા કે જેને પરિણામે પ્રજા કે તેના છેવાડે રહેલો માણસ પણ તેનો લાભ લઈ શકે. બીજી પંચવર્ષીય યોજનામાં રાષ્ટ્રીય આવકમાં 20% વધારો નોંધાયો હતો. સાથે લોખંડ, પોલાદ, સિમેન્ટ, રસાયણો, ભારે યંત્ર સામગ્રી અને વીજળીને લગતા સાધનનો ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો હતો. પ્રો. આર.પી.શાસ્ત્રીના મંતવ્ય મુજબ ''બીજી પંચવર્ષીય યોજના ખરેખર હિંદની ઔદ્યોગિક કાયાપલટ કરનારી અને આર્થિક પ્રગતિને સંજીવની પૂરી પાડે તેવી હતી.''

આ યોજનામાં ઉદ્યોગોના વિકાસને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. અને આમ આ યોજનામાં દેશમાં ભારે અને પાયાના ઉદ્યોગોના વિકાસ ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. બીજી યોજનામાં જાહેરક્ષેત્રના ઉદ્યોગોમાં રૂ.559 કરોડ અને ખાનગી ક્ષેત્રના ઉદ્યોગોમાં રૂ. 535 કરોડનું મૂડીરોકાણનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. બીજી યોજનામાં ઔદ્યોગિક વિકાસ માટે નીચે મુજબની બાબતો પર ભાર મુકવામાં આવ્યો હતો.

(1) દેશમાં લોખંડ અને પોલાદનું ઉત્પાદન વધારવું તેમજ ભારે રાસાયણિક ઉદ્યોગો અને ભારે યાંત્રિક ઉદ્યોગો તેમજ યાંત્રિક સાધનો બનાવવાનાં કારખાનાંઓ સ્થાપવા.

(2) એલ્યુમિનિયમ, સિમેન્ટ, રસાયણિક ઉદ્યોગ, દવાઓ તેમજ રાસાયણિક કારખાનાંઓની ઉત્પાદનક્ષમતા વધારવી.

(3) જે ઉદ્યોગોની ઉત્પાદન ક્ષમતા કરતાં ખરેખર ઉત્પાદન ઓછુ હોય ત્યાં ઉત્પાદન વધારવું.

(4) શણ, સુતરાઉ કાપડ અને ખાંડ જેવા મહત્ત્વના રાષ્ટ્રીય ઉદ્યોગોનું આધુનિકરણ કરવું અને તેમને સાધનસામગ્રી પૂરી પાડવી.

(5) વપરાશી ચીજવસ્તુઓના ઉદ્યોગોની ઉત્પાદનશક્તિ વધારવી, પરંતુ સાથે સામાન્ય ઉત્પાદન કાર્યક્રમ તેમજ નાના ઉદ્યોગોના વિકાસ ઉપર પૂરતું ધ્યાન આપવું.

ઉપરોક્ત હેતુઓને લક્ષ્યમાં લઈ જાહેર અને ખાનગી ઉદ્યોગોમાં રૂ. 1094 કરોડનું મૂડીરોકાણ કરવામાં આવ્યું હતું. જાહેર ક્ષેત્રના ઉદ્યોગોમાં લોખંડ-પોલાદના ઉદ્યોગો ઉપર સૌથી વધારે ભાર મૂકવામાં આવ્યો હતો. બીજી યોજના દરમિયાન ઓરિસ્સામાં રૂરકેલા, મધ્યપ્રદેશમાં ભિલાઈ તથા પશ્ચિમ બંગાળમાં દૂર્ગાપૂર ખાતે રૂ.439 કરોડના ખર્ચે લોખંડ અને પોલાદના ત્રણ કારખાનાં શરુ કરવામાં આવ્યાં હતાં.આ ઉપરાંત કર્ણાટક રાજ્યમાં મૈસુર આર્યન એન્ડ સ્ટીલ વર્કસના કારખાનાંને વિકસાવવા માટે પણ રૂ. 6 કરોડનું મૂડીરોકાણ કરવામાં આવ્યું હતું. આ બધાં કારખાનાંઓ જયારે

ઉત્પાદન કરતાં થશે ત્યારે જાહેરક્ષેત્રે 20 લાખ ટન પોલાદનું ઉત્પાદન કરશે તેવું અંદાજવામાં આવ્યું હતું.

ભોપાલ ખાતે ભારે વિદ્યુત યંત્રસામગ્રી બનાવવાનું કારખાનું બીજી પંચવર્ષીય યોજના સમયે નાખવામાં આવ્યું હતું. આ કારખાનાંએ પોલાદનું ઉત્પાદન શરુ કર્યું હતું. વિશાખાપટ્ટનમ ખાતે આવેલું હિંદુસ્તાન શિપયાર્ડ આ યોજનાના સમય દરમિયાન દર વર્ષે વહાણો બનાવશે તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. ખાતરો બનાવવા માટે દક્ષિણ આર્કટ, નાંગલ અને રૂરકેલા ખાતે નવાં કારખાનાંઓ શરૂ કરવામાં આવ્યાં હતાં.

ચિતરંજન લોકોમોટિવ ખાતે રેલવે એન્જિન બનાવવાનું કારખાનું 1950માં શરુ કરાયું. બીજી યોજનાના ગાળામાં તેમાં કુલ 831 એન્જિનો અને 786 બોઈલરો બનાવાયા હતાં.

ઈ.સ. 1960ના વર્ષમાં દેશમાં રૂ.120 કરોડની યંત્રસામગ્રી તૈયાર કરવામાં આવી હતી. બીજી યોજનાના પાછળના વર્ષોમાં વિદેશી હૂંડિયામણ ઓછુ હોવા છતાં ઘણા ઉદ્યોગોએ પોતાના લક્ષ્યાંકોથી વધુ ઉત્પાદન કર્યું હતું. 1960-61ના વેપાર-ઉદ્યોગખાતાના અહેવાલમાં જણાવ્યા મુજબ ડિઝલ એન્જિન, યંત્રસામગ્રી, સિમેન્ટ, વીજળીના પંખા, સીવવાના સંચા, સાઈકલના ટાયર, ગંધકનો તેજાબ અને સોડાએશનું ઉત્પાદન વધ્યું હતું. બેંગ્લોર ખાતે હિંદુસ્તાન મશીન ટૂલ્સ કારખાનાંએ 1960-61ના વર્ષમાં 1000 મશીનો બનાવ્યા હતા. જે તેના લક્ષ્યાંક કરતાં વધારે હતું. આમ પોલાદના ઉત્પાદનમાં 100 ટકાનો વધારો, મશીન ટૂલ્સમાં 700 ટકા, એલ્યુમિનિયમ, સાઈકલો, ગંધકનો તેજાબ, સોડાએશ વગેરેમાં 100 ટકા, કોસ્ટિક સોડા, ડિઝલ એન્જિનો, ખાતરો, કેલ્શિયમ કાર્બાઈડ વગેરેના ઉત્પાદનમાં 200 થી 600 ટકાનો વધારો બીજી પંચવર્ષીય યોજના દરમિયાન થયો હતો.

બીજી પંચવર્ષીય યોજનામાં રેલવેના વિકાસ માટે રૂ. 1121.5 કરોડ ફાળવવામાં આવ્યા હતા. જયારે રેલવે પાછળ કુલ ખર્ચ રૂ. 1220 કરોડ થયો હતો. આ યોજના દરમિયાન 800 માઈલ રેલવે લાઈનો નંખાઈ હતી. રેલ્વે પાસે 10,600 એન્જિનો હતાં. વેગનોની સંખ્યા 1960-61માં વધીને 3,41.000 થઈ હતી. આમ આજ વર્ષમાં રેલવે અને વેગનોની સગવડને લઈને માલવહનની ક્ષમતા વધીને 1540 લાખ ટન થઈ હતી.

બીજી યોજનામાં રસ્તાઓના વિકાસ માટે 241.8 કરોડ ખર્ચવામાં આવ્યા. આ યોજનામાં 20,000 નવા પાકા રસ્તા તથા 52,000 કાચા રસ્તાઓનું નિર્માણ કરવામાં આવ્યું. 15,000 માઈલ રાષ્ટ્રીય ધોરીમાર્ગો બાંધવામાં આવ્યા. આમ આ યોજનામાં રસ્તાઓની સગવડો વધી હતી.

વિદ્યુતશક્તિના ઉત્પાદનના સાધનોનો વિકાસ એ ઉદ્યોગ વિકાસ માટેની પ્રથમ જરૂરિયાત છે. જળપ્રવાહ અને કોલસાની વિપુલતા હોવા છતાં ભારતમાં વિદ્યુતશક્તિ ઉત્પાદન ઓછુ હતું. તેથી બીજી યોજનાના અંતે વિદ્યુતશક્તિને 68 લાખ કિ.વો. સુધી લઈ જવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. જાહેર, ખાનગી અને વ્યક્તિગત રીતે વિદ્યુતશક્તિ ઉત્પાદન 1960-61માં 220 કરોડ કિ.વો. સુધી લઈ જવાનો અંદાજ હતો.

બીજી પંચવર્ષીય યોજનામાં પાંચ હજારથી વીસ હજારની વસ્તીવાળા અને આજુબાજુના ગ્રામ્ય પ્રદેશના વિકાસ માટે ગામોને વીજળી પહોચાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. આમ બીજી યોજનામાં આવાં 80 થી 90 ટકા ગામોને વીજળી પહોંચાડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું અને તે કામ શરુ કરવામાં આવ્યું હતું.

પ્રથમ યોજનામાં અનેક મહત્ત્વની બાબતો પ્રત્યે લક્ષ્ય આપી શકાયું નહોતું. પરંતુ બીજી યોજનામાં જમીનની ટોચમર્યાદા નક્કી કરતા કાયદા પ્રત્યેક રાજ્યમાં પસાર કરવામાં આવે તે બાબતે ભાર દેવામાં આવ્યો. તે મુજબ ટોચમર્યાદાને લગતા કાયદા દેશના બધાં રાજ્યોમાં પસાર કરવામાં આવ્યા. દરેક રાજ્યે પોતાની પરિસ્થિતિ ધ્યાને લઈ વ્યક્તિગત અથવા કૌટુંબિક જમીનસુધારણાની ટોચમર્યાદા નક્કી કરી છે. 1966 સુધીમાં મહદંશે વીસ લાખ એકર જમીન ટોચમર્યાદા કાયદાઓને લીધે સરકાર હસ્તક આવી.

પ્રથમ અને બીજી પંચવર્ષીય યોજનામાં કૃષિસુધારણા અને કૃષિક્રાંતિને સહાયરૂપ થવા માટે સહકારી ખેતી પર ભાર મૂકાયો. જેને લીધે ભારતમાં જૂન 1960 સુધીમાં કુલ 5631 સહકારી ખેતી માટેની મંડળીઓ રચવામાં આવી. આ મંડળીઓની કુલ સભ્યસંખ્યા પોણા ત્રણ લાખ, ત્રીજી યોજનાના અંત સુધીમાં પ્રાયોગિક વિસ્તારોમાં 2485 સહકારી મંડળીઓ રચવામાં આવી હતી. ઉપરાંત 2527 ખેત મંડળીઓ અને સંસ્થાઓ સ્થાપવામાં આવી હતી. મોટા ભાગની સહકારી ખેત પ્રવૃત્તિ સાથે જમીન વિકાસનાં કેટલાંક કાર્યો હાથ ધરવામાં આવ્યાં હતાં.

બીજી યોજનામાં નાના ઉદ્યોગો પાછળ રૂ. 191.19 કરોડ ખર્ચવામાં આવ્યા હતા. ઔદ્યોગિક વિસ્તરણ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો ને પ્રત્યેક રાજ્યમાં ‘લઘુ ઉદ્યોગ સેવા સંસ્થા’ સ્થાપવામાં આવી. આ યોજના દરમિયાન 60 જેટલી ઔદ્યોગિક વસાહતો ઊભી થઈ હતી. યંત્રસામગ્રી, ધિરાણ, કાચો માલ અને ટેકનિકલ મદદની વિશિષ્ટ સવલતો પણ ગૃહઉદ્યોગોને આપવામાં આવી હતી.

ગૃહઉદ્યોગો અને નાના ઉદ્યોગોની બાબતમાં રૂ.240.7 કરોડ ખર્ચ થયો હતો. આ ખર્ચ ઔદ્યોગિક વસાહતો, હાથશાળ, યંત્રશાળ, ખાદી અને ગ્રામોદ્યોગ, રેશમ ઉદ્યોગ, કાથી ઉદ્યોગ વગેરે માટે કરવામાં આવ્યો હતો. ત્રીજી યોજના વખતે આ ઉદ્યોગો કેટલાંક કારણોને લઈ મંદ પડ્યાં હતાં.

બીજી યોજનાના સમયમાં ખાદી અને ગ્રામોદ્યોગ પંચની રચના કરવામાં આવી હતી. રાજ્યોમાં પણ રાજ્ય ખાદી અને ગ્રામોદ્યોગ સમિતિઓની રચના કરવામાં આવી હતી. 1958માં ‘ભારતીય હસ્તકલા કારીગરી વિકાસ કોર્પોરેશન’ની સ્થાપના કરવામાં આવી. જેનું મુખ્ય કાર્ય હસ્તઉદ્યોગો, ખાદી અને ગ્રામોદ્યોગની નિકાસને ઉત્તેજન આપવાનું હતું. ઉપરાંત એક ‘રાષ્ટ્રીય લઘુઉદ્યોગ કોર્પોરેશન’ની પણ રચના કરવામાં આવી.

16.8 *ત્રીજી પંચવર્ષીય યોજના. (ઈ.સ.* 1961-1966*) :*

ત્રીજી પંચવર્ષીય યોજના સને 1961માં શરુ થઈ. જેમાં અન્ન બાબતે આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા અને ખેત ઉત્પાદન વધારવાનો હેતુ હતો. સાથે સાથે લોખંડ, પોલાદ, રંગ-રસાયણો, વિદ્યુત અને સંચાલન શક્તિ(ઊર્જા) પ્રાપ્ત થાય તેવો હેતુ પણ હતો. આ યોજનાનું કુલ કદ રૂ. 11,600 કરોડનું હતું. એ પૈકી જાહેરક્ષેત્રમાં રૂ.75,00 અને તેનો ઉપયોગલક્ષી યોજનામાં ઉદ્યોગો પાછળ રૂ.1520 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. બીજી યોજના ઉદ્યોગપ્રધાન યોજના હતી. ત્રીજી પંચવર્ષીય યોજનામાં નાણાની ફાળવણી નીચે મુજબ હતી.

1. કૃષિ - કુલ રકમના 23 ટકા.
2. ઉદ્યોગ – કુલ રકમના 24 ટકા.
3. વીજળી – કુલ રકમના 33 ટકા.
4. સામાજિક સેવાઓ – કુલ રકમના 20 ટકા.

ત્રીજી યોજનાને અંતે નાના ઔદ્યોગિક એકમોની સંખ્યા એક લાખ કરતાં પણ વધી ગઈ હતી. તેમાં અનેક નવીન ચીજોનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું હતું. અને કેટલીયે વસ્તુઓની નિકાસમાં વધારો થયો હતો. સાઈકલ, રેલવે, મોટર વગેરે જેવા અનેક મોટા ઉદ્યોગોને માટે જરૂરી એવા પૂરક ભાગોનું ઉત્પાદન ગૃહઉદ્યોગો દ્વારા ત્રીજી યોજનામાં શરુ થયું હતું. વળી, હાથશાળ તથા પાવરલૂમ્સ ઉદ્યોગમાં ઉત્પાદન દોઢું થયું અને આ ક્ષેત્રે 30 લાખ લોકોને રોજગારી મળી. ખાદી, રેશમ અને કાથીના ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વધારો થયો હતો. આ બધું હોવા છતાં ત્રીજી યોજનાના સમયગાળામાં સતત ત્રણ વર્ષ દુષ્કાળની પરિસ્થિત ઉપરાંત ઈ.સ. 1962માં ચીન સાથે અને ઈ.સ.1965માં ભારત-પાકિસ્તાન યુદ્ધને કારણે આ યોજનાના લક્ષ્યાંકો સિદ્ધ થઈ શક્યા નહિ.

- ***તમારી પ્રગતિ ચકાસો.(ખ)***

પ્રશ્ન.1. પ્રથમ પંચવર્ષીય યોજના વિશે પાંચ વાક્યો લખો.

_____
_____
_____
_____
_____
_____

પ્રશ્ન.2. પ્રથમ પંચવર્ષીય યોજનાના ઉદ્દેશો ટૂંકમાં જણાવો.

_____
_____
_____
_____
_____
_____

પ્રશ્ન.3. પ્રથમ પંચવર્ષીય યોજનાના ફાયદા ટૂંકમાં જણાવો.

પ્રશ્ન.4. બીજી પંચવર્ષીય યોજના વિશે સંક્ષિપ્તમાં જણાવો.

પ્રશ્ન.5. બીજી પંચવર્ષીય યોજનાના હેતુઓ વિશે ચાર વાક્યો લખો.

પ્રશ્ન.6. બીજી પંચવર્ષીય યોજનાના ફાયદો વિશે પાંચ વાક્યો લખો.

પ્રશ્ન.7. ત્રીજી પંચવર્ષીય યોજના વિશે ટૂંકમાં જણાવો.

પ્રશ્ન.8 ખાલી જગ્યા પૂરો.

1. પ્રથમ પંચવર્ષીય યોજના ..... મોડલ પર આધારિત હતી.
2. પ્રથમ પંચવર્ષીય યોજનાનો સમય ઈ.સ. .....થી ઈ.સ. ..... સુધીનો હતો.
3. બીજી પંચવર્ષીય યોજનામાં .....ને વધારે પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.

4. ભોપાલ ખાતે ભારે વિદ્યુત યંત્રસામગ્રીનું કારખાનું .....પંચવર્ષીય યોજના સમયે નાંખવામાં આવ્યું હતું.
5. ત્રીજી પંચવર્ષીય યોજનાની શરૂઆત ઈ.સ. .....થી થઈ હતી.

16.9 *સારાંશ :*

સ્વતંત્રતા પ્રાપ્તિ પછી ભારતીય અર્થવ્યવસ્થાનાં વિવિધ ક્ષેત્રોમાં અસમાન વિકાસ તથા વિકાસના ક્ષેત્રીય અસંતુલનને પરિણામે દેશનો મોટો ભાગ પછાત રહી ગયો હતો. તેથી ભારતે આયોજિત આર્થિક વિકાસ અંગે વિચારવાનું શરુ કર્યું અને આયોજન પંચ થકી ઈ.સ. 1951-56 દરમિયાન પ્રથમ પંચવર્ષીય યોજનાનો અમલ કરવામાં આવ્યો. આ યોજના કૃષિપ્રધાન હતી. તેમ છતાં સ્વતંત્રતા પ્રાપ્તિનાં પ્રારંભિક વર્ષોમાં આ યોજના નવો પ્રયોગ હતો. તેની સફળતાએ આયોજકોનું આત્મબળ વધાર્યું. જેથી બીજી પંચવર્ષીય યોજનામાં ભારતે ઉદ્યોગપ્રધાન નીતિ અને આર્થિક આયોજન અપનાવ્યું અને બીજી યોજનામાં પણ ઉદ્યોગ ક્ષેત્રે પ્રશંસનીય ઉપલબ્ધિઓ અને નિશ્ચિત લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં સફળતા મળી. જોકે ત્રીજી પંચવર્ષીય યોજનાના લક્ષ્યાંકો દુષ્કાળ, ચીનનું ભારત પર આક્રમણ અને ભારત-પાકિસ્તાન યુદ્ધ જેવા પરિબળોને કારણે સિદ્ધ કરી શકાયા નહિ. અને તેથી જ ૧૯૬૬ થી ૧૯૬૯ દરમિયાન ત્રણ એક વર્ષીય યોજના થકી ત્રીજી પંચવર્ષીય યોજનાના અધૂરાં કાર્યો અને તેની ઉણપો સુધારવા પ્રયાસ કરવામાં આવ્યો. અને આમ આર્થિક સંકટ વિખેરાતાં વિકાસલક્ષી યોજનાઓમાં ફરી લોકોનો વિશ્વાસ વધ્યો.

આમ ડૉ. આર.કે. ધારૈયાના નોંધ્યા પ્રમાણે "સ્વરાજ્ય પછીનો ભારતનો આર્થિક વિકાસ સમગ્ર રીતે તપાસતાં ઠીક ઠીક ફળદાયી તેમજ લોકોને માટે ઉન્નતિકારક નીવડેલ છે; તો પણ હજુએ આર્થિક અસમાનતા, ગરીબી અને બેરોજગારી નાબૂદ કરવાની દિશામાં તેને ઘણું સાધ્ય કરવાનું બાકી રહે છે. આ માટે ભારતે ગાંધીયન અર્થશાસ્ત્રના પાયાના સિદ્ધાંતોનો સ્વીકાર તથા અમલ કરવો પડશે અને તેના ગ્રામોદ્ધારના કાર્યક્રમને વધારે વેગવંતો બનાવવો જોઈશે."

16.10 *ચાવીરૂપ શબ્દો :*

ગૃહ બજાર	દેશમાં ઉત્પાદન પામેલ સામગ્રી માટે દેશની અંદર જ ઉપલબ્ધ બજાર
ઉત્પાદન	ઔદ્યોગિક અને કૃષિ ઉદ્યોગોમાં તૈયાર થયેલ અંતિમ ઉત્પાદન
વસાહતી શાસન	અહીં અંગ્રેજી શાસન
રાષ્ટ્રીય આવક	દેશની અર્થવ્યવસ્થા દ્વારા આખા વર્ષમાં ઉત્પાદિત વસ્તુઓ અને સેવાઓનો કુલ મૂલ્ય
વિકાસપોષણ માળખું	ઉદ્યોગો માટે જરૂરી વીજળી, પરિવહન અને સંદેશાવ્યવહારની સગવડો.

16.11 *બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત) :*

તમારી જાતે ચકાસો. (ક)ના જવાબો.

પ્રશ્ન.1. ના જવાબ માટે જુઓ મુદ્દા નં. 16.2.

પ્રશ્ન.2. ના જવાબ માટે જુઓ મુદ્દા નં. 16.3.

પ્રશ્ન.3. ના જવાબ માટે જુઓ મુદ્દા નં. 16.4.

પ્રશ્ન.4. ના જવાબ માટે જુઓ મુદ્દા નં. 16.5.

પ્રશ્ન.5. ખરાં-ખોટાં. (1) સાચું (2)ખોટું (3) ખોટું (4) સાચું (5) સાચું.

તમારી પ્રગતિ ચકાસો.(ખ)ના જવાબો.

પ્રશ્ન.1. ના જવાબ માટે જુઓ મુદ્દા નં. 16.6.

પ્રશ્ન.2. ના જવાબ માટે જુઓ મુદ્દા નં. 16.6.1.

પ્રશ્ન.3. ના જવાબ માટે જુઓ મુદ્દા નં. 16.6.2.

પ્રશ્ન.4. ના જવાબ માટે જુઓ મુદ્દા નં. 16.7.

પ્રશ્ન.5. ના જવાબ માટે જુઓ મુદ્દા નં. 16.7.1.

પ્રશ્ન.6. ના જવાબ માટે જુઓ મુદ્દા નં. 16.7.2.

પ્રશ્ન.7. ના જવાબ માટે જુઓ મુદ્દા નં. 16.8.

પ્રશ્ન.8. ખાલી જગ્યા. (1)હેરાલ્ડ-ડોમર (2) ઈ.સ. 1951 થી 1956 (૩) ઉદ્યોગો (4) બીજી પંચવર્ષીય યોજના (5) ઈ.સ. 1961.

16.12 *સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક) :*

1. આર્થિક આયોજન સમજાવી પંચવર્ષીય યોજનાના સંદર્ભમાં ૧૯૬૪ સુધીના ભારતની આર્થિક પ્રગતિ વિગતે સમજાવો.

2. ઈ.સ. 1947થી 1964 સુધીના ભારતના આર્થિક વિકાસને સમજાવો.

3. ઈ.સ. 1964 સુધીની પંચવર્ષીય યોજનાઓના ફાયદાઓની સવિસ્તાર ચર્ચા કરો.

_____
_____
_____
_____
_____

4. ભારતમાં આર્થિક આયોજનનો ઈતિહાસ આપી પ્રથમ ત્રણ પંચવર્ષીય યોજનાઓ વિશે વિસ્તૃત નોંધ તૈયાર કરો.

_____
_____
_____
_____
_____

5. ઈ.સ. 1947 થી 1964 સુધીનો ભારતનો આર્થિક વિકાસ સમજાવો.

_____
_____
_____
_____
_____

16.13 *संदर्भ :*

1. ડૉ. આર. કે. ધારૈયા, આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો, ભાગ-૨
2. આચાર્ય જાવડેકર, અનુવાદ પાંડુરંગ દેશપાંડે: આધુનિક ભારત.
3. Grish Mishra, Nehru and the Congress Economic Policies.
4. Yogendra Singh, Essays on Modernization in India, 1978. Manohar Publications.
5. Bipin Chandra, Communalism in Modern India, 1987. Vikas, Delhi.
6. Dr. B.R. Ambedakar 'The Problem of the Rupee; Its origin and Its Solution.'

એકમ : 17 સ્વતંત્ર ભારતની વિદેશનીતિ, તેની લાક્ષણિકતાઓ અને બિનજોડાણવાદની નીતિ

:: રૂપરેખા::

17.0 ઉદ્દેશો

17.1 પ્રસ્તાવના

17.2 ભારતની વિદેશનીતિના સિદ્ધાંતો

17.3 ભારતની વિદેશનીતિનો વિકાસ

17.4 ભારતની વિદેશનીતિની લાક્ષણિકતાઓ

17.5 બિનજોડાણવાદી આંદોલન

17.5.1 બિનજોડાણવાદનો અર્થ અને સ્વરૂપ

17.5.2 બાંડુંગ પરિષદઃ

- તમારી પ્રગતિ ચકાસો. (ક)

17.6 ભારતના અન્ય દેશો સાથેના સંબંધો

17.6.1 ચીન

17.6.2 પાકિસ્તાન

17.6.3 દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયા

17.6.4 પશ્ચિમ એશિયા

17.6.5 મહાસત્તાઓ સાથેના ભારતના સંબંધો

17.6.5.1 અમેરિકા.

17.6.5.2 રશિયા(સોવિયેત સંઘ)

17.6.5.3 બ્રિટન

17.6.5.4 ફ્રાંસ

17.6.6. જાપાન.

17.6.7. ઓસ્ટ્રેલિયા.

17.6.8. આફ્રિકન દેશો

- તમારી પ્રગતિ ચકાસો.(ખ)

17.8 ***સારાંશ***

17.9 ***ચાવીરૂપ શબ્દો***

17.10 ***બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)***

17.11 ***સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)***

17.12 ***સંદર્ભ***

17.0 *ઉદ્દેશો :*

આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતો વર્ણવી શકશો.

- ભારતની વિદેશનીતિમાં પાયાના સિદ્ધાંતો જાણી શકશો.
- ભારતની વિદેશનીતિનો વિકાસ જાણી શકશો.
- ભારતની વિદેશનીતિના લક્ષણોથી અવગત થશો.
- બિનજોડાણવાદી આંદોલનનું મહત્ત્વ જાણશો.
- નિઃશસ્ત્રીકરણની મહત્ત્વ વર્ણવી શકશો.
- ભારતની વિદેશનીતિના સંદર્ભમાં પાકિસ્તાન અને ચીન સાથેના સંબંધો વર્ણવી શકશો.
- ભારતના અન્ય દેશો સાથેના વિદેશનીતિના સંબંધમાં ભારતનું વલણ જાણી શકશો.

17.1 *પ્રસ્તાવના :*

સામાન્ય રીતે કોઈપણ દેશની વિદેશનીતિ ખાસ કારણોસર ઘડાય છે. વિભિન્ન પરિસ્થિતિઓ અને સંજોગોથી જ કોઈપણ દેશ બીજા દેશો સાથેના સંબંધો સંદર્ભે પોતાની વિદેશનીતિ ઘડતી હોય છે. તેમાં તે દેશની ભૌગોલિક સ્થિતિ, સાંસ્કૃતિક પરિબળો, તેના પ્રાચીન આદર્શો, ઐતિહાસિક તત્ત્વો અને ઘટનાઓ, રાષ્ટ્રીય આંદોલનો જેવા વિવિધ પરિબળો પણ ભાગ ભજવતા હોય છે. બીજું કે કોઈ પણ દેશ બીજા દેશો સાથે સંબંધો રાખ્યા વગર રહી શકે નહીં. કોઈપણ દેશને પોતાના વિકાસ માટે અને સાંસ્કૃતિક પ્રસાર માટે પણ અન્ય દેશો સાથે સંબંધો વિકસાવવા પડે છે. તેની માટે પોતાની ચોક્કસ વિદેશનીતિ ઘડવી પડે છે તથા આંતરાષ્ટ્રીય સંબંધો સ્થાપવા પડે છે.ભારતની વિદેશનીતિના સંદર્ભે પણ ઉપરોક્ત પરિબળોએ ભાગ ભજવ્યો છે. ભારતની વિદેશનીતીનો આરંભ સ્વતંત્રતા પછી થયો. જેમાં વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ અગત્યનો ફાળો આપ્યો છે. શાંતિ અને સહકારથી રહેવું તથા કોઈપણ સત્તાજૂથ(મૂડીવાદી અમેરિકા કે સામ્યવાદી રશિયા)માં જોડાવું નહીં એ ભારતની વિદેશનીતિનો પ્રમુખ પાયો છે. અંગ્રેજી શાસને ભારતનું ખૂબ આર્થિક શોષણ કર્યું હતું. જયારે દેશ આઝાદ થયો ત્યારે સ્વતંત્ર ભારત સામે અનેક મુશ્કેલીઓ હતી. તો બીજી બાજુ દેશનો વિકાસ કરવાનો હતો.

વળી આઝાદ ભારત પાસે લશ્કરી શક્તિ પણ નબળી હતી. આ બધાને કારણે ભારતની બધા દેશો સાથે સબંધો કેળવવાની તાતી જરૂરીયાત હતી અને તેના માટે કોઈ પણ સત્તાજૂથમાં નહી જોડાઈ તટસ્થતાની નીતિ અપનાવવાની જરૂરિયાત હતી. કેમ કે કોઈ એક સત્તાજૂથમાં ભારત જોડાય તો અકારણ બીજા સત્તાજૂથના દેશોનો અણગમો ભારતની વિદેશનીતિને અસરકર્તા બને તેવી ભીતિ હતી.

આ એકમમાં 1947 થી 1964 સુધીની ભારતની વિદેશનીતિનો વિકાસ, તેના સિદ્ધાંતો,લક્ષણો અને શાંતિ સ્થાપવાના પ્રયાસો રૂપે બિનજોડાણવાદી ચળવળ અને નિઃશસ્ત્રીકરણને આપેલ મહત્ત્વ વગેરે વિશે વિગતે અભ્યાસ કરીશું.

17.2 *ભારતની વિદેશનીતિના સિદ્ધાંતો :*

આપણા દેશની વિદેશનીતિનું ઘડતર કરવામાં તત્કાલીન વડાપ્રધાનશ્રી પંડિત જવાહરલાલ નેહરુએ અગત્યની ભૂમિકા ભજવી છે. ગાંધીજીએ કહ્યું હતું કે, ''પરદેશવિષયક સંબંધોમાં જવાહર મારો માપદંડ છે.'' તેમનું આ વિધાન યોગ્ય જ હતું. આપણા બંધારણની કલમ ૫૧માં વિદેશનીતિના ચાર મુખ્ય સિદ્ધાંતો આપ્યા છે. જે આ પ્રમાણે છે.

(1) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની જાળવણી કરવી.
(2) વિશ્વના દેશો સાથે ન્યાયપૂર્ણ અને સન્માનપૂર્ણ સંબંધો સ્થાપવા અને જાળવવા.
(3) આંતરરાષ્ટ્રીય કાયદાઓનું તથા કોલ-કરારોનું પાલન કરવું.
(4) આંતરરાષ્ટ્રીય ઝઘડાઓ કે વિવાદોનો લવાદ કે સમજૂતીથી ઉકેલ લાવવો.

આમ, ભારત ક્યારેય દ્વિપક્ષી કે બહુપક્ષી જોડાણનું પક્ષકાર રહ્યું નથી. ભારત લશ્કરી પગલાંથી વિશ્વની સમસ્યાઓનો નિકાલનું હંમેશાં વિરોધી રહ્યું છે. શસ્ત્રીકરણ, લશ્કરી સંધિઓ, સશસ્ત્ર સંઘર્ષ, જૂથબંધી પરસ્પર દેશો વચ્ચે તણાવ વધારશે તેવું ભારત વારંવાર માનતું આવ્યું છે અને જાહેર કરતુ આવ્યું છે. વિશ્વશાંતિ માટે ભારત કોઈપણ જોડાણવાદમાંથી અળગું રહ્યું છે. ભારતની વિદેશનીતિ સ્વતંત્ર વિદેશનીતિ હોવા છતાં તે તટસ્થ વિદેશનીતિ નથી. ખાસ કરીને આંતરરાષ્ટ્રીય પ્રશ્નો પર તે તટસ્થ રહ્યું નથી. પરંતુ તે અંગે પોતાનું સ્પષ્ટ મંતવ્ય રજૂ કરતુ આવ્યું છે. ભારતે બધા જ દેશો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો જાળવવા પ્રયાસ કર્યો છે. સમાજવાદી અને મૂડીવાદી બંને પ્રકારના દેશો સાથે ભારતે મિત્રતા જાળવી છે. સંસ્થાનવાદ અને સામ્રાજયવાદનો ઉગ્ર વિરોધ કરી આફ્રિકન દેશોની સ્વતંત્રતામાં પોતાનું યોગદાન આપ્યું છે. રંગભેદ વિરોધી આંદોલનમાં સક્રિય ભૂમિકા એ ભારતની વિદેશનીતિની અગત્યની બાબત રહી છે. વિશ્વશાંતિ અને સહઅસ્તિત્વ માટે નિઃશસ્ત્રીકરણને જ ભારત અગત્યઆપે છે. તેને વેગવાન બનાવવા માટે જ ભારત સંયુક્ત રાષ્ટ્રમાં જોડાયું છે. આમ જવાહરલાલ નેહરુના શબ્દોમાં કહીએ તો, ''કોઈપણ દેશની વિદેશનીતિનો આધાર તેના રાષ્ટ્રીય હિતની સુરક્ષા છે. એ જ રીતે ભારતની વિદેશનીતિનું ધ્યેય એનાં રાષ્ટ્રીય હિતની સુરક્ષામાં રહેલું છે.''

ટૂંકમાં સ્વતંત્ર મત, સંસ્થાનવાદ વિરોધીનીતિ, તટસ્થતા, લોકશાહી વિચારસરણી હોવા છતાં નિષ્પક્ષ અભિગમ, નિઃશસ્ત્રીકરણ, રંગભેદ વિરોધી નીતિ વગેરે ભારતની વિદેશનીતિના સિદ્ધાંતો છે. જે અનેક વિષમ પરિસ્થિતિઓમાં પણ ભારતે આ પાયાના સિદ્ધાંતોને છોડ્યા નથી.

17.3 *ભારતની વિદેશનીતિનો વિકાસ :*

બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વ અમેરિકા તરફી લોકશાહી દેશોના અને રશિયા તરફી સામ્યવાદી દેશોના બે પરસ્પર વિરોધી વિચારસરણી ધરાવતા સત્તાજૂથોમાં વહેંચાયું. ભારત સ્વતંત્રતા પછી આ બંનેમાંથી કોઈ સત્તાજૂથમાં જોડાયું નહોતું. તેથી આઝાદીના પ્રારંભિક વર્ષોમાં ભારતની વિદેશનીતિ તટસ્થ છે એવું કેટલાક લોકો માનતા હતા. પરંતુ ભારત ક્યારેય તટસ્થ રહ્યું નથી. તેણે આંતરરાષ્ટ્રીય બાબતો પર પોતાનું મંતવ્ય આપ્યું છે. અને માટે જ ભારતની વિદેશનીતિને તટસ્થ કહેવા કરતાં સ્વતંત્ર વિદેશનીતિ કહી શકાય. 1955ની બાંડુંગ પરિષદ પછી જ 'બિનજોડાણવાદ' શબ્દ આવ્યો. આમ અમેરિકા અને રશિયન જૂથો પછી કેટલાક સ્વતંત્ર થયેલા દેશોએ એ બંનેમાં ન જોડતાં પોતાના હિતોની સુરક્ષા માટે તટસ્થ રહેવાનો નિર્ણય કર્યો. આવા દેશોનું જૂથ તટસ્થતાવાદી કે બિન-જોડાણવાદી વિદેશનીતિ ધરાવતાં રાષ્ટ્રો કહેવાયા. અને આ 'બિન-જોડાણવાદી' રાષ્ટ્રોની પહેલી પરિષદ 1961માં બેલગ્રેડમાં ભરાઈ હતી. ભારતીય વિદેશનીતિનો સિદ્ધાંત પહેલી વખત સામે આવ્યો ત્યારે જગત બે જૂથો વચ્ચે જોડાણનો (જેનું નેતૃત્ત્વ અમેરિકા અને રશિયા કરતાં હતાં) પ્રભાવ વધારવાની હોડ જામી હતી. 50 અને 60ના દશકાઓમાં ઉપરોક્ત બે સત્તાઓથી નિરપેક્ષ અને તેમની નારાજગી વહોરીને પણ ભારતે કેટલાક વૈશ્વિક પ્રશ્નો અને મુદ્દાઓ પર પોતાના સ્વતંત્ર મંતવ્યો આપ્યા હતા. આમ ભારતે વિદેશનીતિની બાબતમાં અલગતાની નીતિનો નવો માનદંડ પ્રસ્થાપિત કર્યો. મૂળે તો ભારત ત્રીજું વિશ્વ ઈચ્છતું હતું. જેમાં શાંતિ, સહકાર અને સહઅસ્તિત્વથી વિશ્વના રાષ્ટ્રો પ્રગતિ કરી શકે. ધીમે ધીમે પરીસ્થિત બદલાયા પછી અને મહાસત્તાઓ વચ્ચેનો તનાવ ઘટ્યા પછી ભારતની વિદેશનીતિની પ્રશંસા થઈ અને તેનું મહત્ત્વ પણ વધ્યું. ચીન સોવિયેટ વિવાદ, વિયેટનામમાં અમેરિકાનો હસ્તક્ષેપ, ચીન દ્વારા અણુશસ્ત્રોનું ઉત્પાદન, ફ્રાન્સની અણુક્ષેત્રમાં સ્વતંત્ર ક્ષમતા સિદ્ધ કરવાનો નિર્ધાર વગેરે કારણોએ વિશ્વનું સત્તાનું સંતુલન બદલાયું. વિશ્વ હવે અમેરિકા અને રશિયા ઉપરાંત બહુ ધ્રુવોમાં વહેંચાઈ ગયું. દરેક દેશ પોતાના હિતો પ્રત્યે સભાન બન્યા અને ભારતે પણ પોતાની લશ્કરી ક્ષમતા વધારી. વિશ્વના ઝડપી પ્રવાહો સાથે ભારતે પણ પોતાની વિદેશ નીતિમાં પરિવર્તન કર્યું. તેમ છતાં એક બાબત ભારતની વિદેશનીતિ સંદર્ભે નોંધપાત્ર રહી કે, ભારતે પોતાના મૂળભૂત સિદ્ધાંતો છોડ્યા નહીં. ઉત્તર અને પશ્ચિમ સીમાઓ પર સુરક્ષાની માંગ, હિન્દી મહાસાગર ક્ષેત્રમાં થનાર પરિવર્તનથી ઉદ્ભવેલ પડકારો, વિદેશી સહાય અને મદદ પ્રાપ્ત કરવાની જરૂર અને બીજા દેશો સાથે વેપાર વિકાસ વગેરે ઉપર ભારતની વિદેશનીતિ આધારિત હતી.

17.4 *ભારતની વિદેશનીતિની લાક્ષણિકતાઓ :*

ઉપરોક્ત ભારતની વિદેશનીતિના સિદ્ધાંતો પરથી ભારતની વિદેશનીતિના મુખ્ય લક્ષણો નીચે મુજબ તારવી શકાય.

(1) રાષ્ટ્રીય હિતની સુરક્ષા કરવી.
(2) પાડોશી દેશો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપવા.
(3) સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદનો વિરોધ કરવો.
(4) એશિયા અને આફ્રિકાના સ્વતંત્ર રાજ્યોના સંગઠનને સુદ્રઢ કરવું.
(5) ભારતના ઔદ્યોગિક વિકાસ માટે બધા દેશો પાસેથી મદદ મેળવવી.
(6) રંગભેદ નીતિનો ઉગ્ર વિરોધ કરવો.
(7) બ્રિટિશ કોમનવેલ્થ સાથે સારા સંબંધો જાળવવા.
(8) આંતરરાષ્ટ્રીય રાજકારણમાં વિરોધી જૂથો વચ્ચે શાંતિમય સંબંધો સ્થાપવા. વિવાદોનો લવાદો દ્વારા અંત લાવવા તથા પરસ્પર વિરોધી જૂથોને નજીક લાવવા મધ્યસ્થી તરીકે કાર્ય કરવું.
(9) બીજા દેશોમાં નિવાસ કરતા ભારતીયોનાં હિતોની રક્ષા કરવી.
(10) નેપાળ સાથે મૈત્રીપૂર્ણ સંબંધો જાળવવા.
(11) બિન-જોડાણ નીતિ અપનાવી મહાસત્તાઓના કોઈપણ સત્તાજૂથમાં કે લશ્કરી જૂથમાં જોડાવું નહીં.
(12) પાકિસ્તાન સાથેના વિવાદનો શાંતિમય ઉકેલ લાવવો.
(13) ભારતના વિદેશવ્યાપાર માટે બધા જ સમુદ્ર માર્ગો ખુલ્લા રાખવા.
(14) ભારતે અણુબોમ્બ ન બનાવવો; પરંતુ શાંતિ અને વિકાસ હેતુથી અણુશક્તિનો ઉપયોગ કરવો.
(15) આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ અને ઝઘડાનો શાંતિમય ઉકેલ લાવવો.

17.5 *બિનજોડાણવાદી આંદોલન :*

1950ના દશકામાં જગતના રાજકારણમાં એક બાજુ બે સત્તા જૂથો વચ્ચેના 'ઠંડા યુદ્ધ'ની હરીફાઈ ઉગ્ર બનતી જઈ રહી હતી. ત્યારે બીજી બાજુ એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના અનેક રાષ્ટ્રો પાશ્ચાત્ય ધૂંસરીમાંથી મુક્ત થઈ સ્વતંત્રતાના નવા પ્રભાતમાં આઝાદીનો સ્વાદ માણી રહ્યા હતા. એ ટાણે બંને જૂથો તેમને પોતાના પક્ષે પોતાના પ્રભાવ નીચે લેવા હરીફાઈ કરી રહ્યા હતા. ત્યારે નવા સ્વતંત્ર બનેલા રાષ્ટ્રોને બંને જૂથોથી અલગ અથવા દૂર રાખવા માટેના અંદોલને જોર પકડ્યું. આ આંદોલનના પ્રમુખ પ્રણેતા ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી જવાહરલાલ નેહરુ હતા. તેઓ આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્વ ધરાવનાર એક આદર્શવાદી અને ઉદારમતવાદી રાજપુરુષ હતા. તેમણે પાશ્ચાત્ય સ્વતંત્રતા, લોકશાહી શાસનવ્યવસ્થા અને ઉદારમતવાદનાં મૂલ્યોને આત્મસાત કર્યા હતા. વાસ્તવમાં પંડિત નહેરુના આ વિચારો પર રાજ્યશાસ્ત્રી હેરોલ્ડ

લાસ્કીના વિચારોનો પ્રભાવ પડ્યો જણાઈ આવે છે. ઉપરાંત તેમના આ કાર્યમાં સરદાર પટેલ અને ગોવિંદ વલ્લભ પંતે સાથ આપ્યો હતો. તેમ છતાં તેઓ પાશ્ચાત્ય મૂડીવાદના વિરોધી હતા. સામે પક્ષે તેઓ પ્રારંભથી સમાજવાદના તથા તેણે પ્રબોધેલા સમાનતા, સામાજિક સલામતી, શોષણનો અંત વગેરે સિદ્ધાંતોના પ્રશંસક હતા. તેમણે સ્ટાલીનના આયોજિત અર્થતંત્રના પ્રયોગને રાષ્ટ્રની ગરીબી નિવારવાના એક મહત્ત્વના સાધન તરીકે ભારતમાં અપનાવ્યો હતો. પરંતુ તે સાથે તેઓ સ્ટાલીનની રશિયાની સામ્યવાદી પક્ષની સરમુખત્યારીના વિરોધી હતા. આથી તેમણે એશિયા આફ્રિકાના નવોદિત રાષ્ટ્રો આંતરરાષ્ટ્રીય રાજકારણમાં બેમાંથી એક પણ જૂથ સાથે જોડાવાને બદલે જૂથબંધીથી તદ્દન અલિપ્ત રહી પોતાનો વિકાસ પોતાની સ્વતંત્ર રીતે સાધે તેવો માર્ગ અપનાવ્યો.

જેમ વ્યક્તિ માટે સત્ય, અહિંસા, અસત્ય, બ્રહ્મચર્ય અને મદ્યપાન, જુગાર નિષેધ છે તેમ રાષ્ટ્રોના પરસ્પર આચરણ માટે જે પાંચ સિદ્ધાંત કે નિયમ નક્કી કરવામાં આવ્યા તે પંચશીલ કહેવાય છે. જેમાં (1) પરસ્પરની પ્રાદેશિક અખંડિતતા તથા સાર્વભૌમત્વને માન આપવું (2) એકબીજા પ્રત્યે સન્માનની ભાવના રાખવી (3) પરસ્પર પ્રાદેશિક આક્રમણથી દૂર રહેવું (4) એકબીજાની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવો નહીં (5) શાંતિમય સહઅસ્તિત્વ. આ પાંચ સિદ્ધાંતોથી વિશ્વમાં રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના અવિશ્વાસને દૂર કરી શકાય છે તેમ ભારત માને છે. આ પંચશીલનું પ્રતિપાદન સૌ પ્રથમ ચીનના વડાપ્રધાન ચાઉ-એન-લાઈ તથા ભારતના વડાપ્રધાન શ્રી નહેરુની વાતચીત બાદ જૂન 20, 1954માં ના દિવસે કરવામાં આવેલું. નહેરુએ તેને 'પંચશીલ' નામ આપ્યું હતું. તેમના આ વિચારને સને 1955ની બાંડુંગ પરિષદમાં ઈજિપ્તના પ્રમુખ ગમાલ અબ્દુલ નાસર, ઈન્ડોનેશિયાના પ્રમુખ અહમદ સુકર્ણો, યુગોસ્લાવિયાના પ્રમુખ માર્શલ ટીટો તથા ઘાનાના વડાપ્રધાન ક્વામે નક્રુમા દ્વારા પ્રેરણા પ્રાપ્ત થઈ.

આમ, 1955ની બાંડુંગ પરિષદથી બિનજોડાણવાદી આંદોલનની શરૂઆત થઈ. શ્રી નહેરુ, નાસર, સુકર્ણો, ટીટો અને નક્રુમા આ આંદોલનના સૂત્રધારો બન્યા. 1961માં યોગોસ્લાવિયાના પાટનગર બેલગ્રેડમાં મળેલી બિનજોડાણની નીતિમાં માનનારા 25 રાષ્ટ્રોની પરિષદે બિનજોડાણવાદી નીતિની વિધિસર જાહેરાત કરી. અને આ અંદોલન પ્રસરતું ગયું સને 2000ના વર્ષના અંતે તેની સભ્યસંખ્યા વધીને 113 થઈ હતી.

17.5.1 *બિનજોડાણવાદનો અર્થ અને સ્વરૂપ*

સઘર્ષ કે જૂથથી અલગ રહી પોતાના રાષ્ટ્રીય હિતોની જાળવણી કરી વિશ્વશાંતિની જાળવણી કરવી અને તે વાસ્તે કોઈપણ સત્તા, જૂથ કે લશ્કરી જોડાણથી અલિપ્ત રહેવું એટલે બિનજોડાણવાદ. રાજનીતિજ્ઞોએ બિનજોડાણવાદનો અર્થ કે વ્યાખ્યા આપવા માટે પ્રયાસ કર્યો છે. કેટલાક તેને 'અલગતાવાદ' કહે છે.(અર્થાત જૂથબંધીઓ તથા જૂથોના બંધનથી અલગ રહેવું) તો કેટલાક તેને તટસ્થતાવાદ (અર્થાત્ યુદ્ધ સમયે કોઈ પક્ષનો સાથ ન લેવો)ના નામે ઓળખે છે. અમુક લોકો તેને 'અસંલગ્નતા' (અર્થાત્ કોઈ પણ વિચારસરણી કે તેને અનુલક્ષીને લેવાયેલા નિર્ણયોથી અલિપ્ત રહેવું) તરીકે વર્ણવે છે. વાસ્તવમાં બિનજોડાણવાદમાં આ બધા અર્થોનો સમાવેશ થઈ જાય છે. તેનો સાદો અર્થ એ

કે મૂડીવાદી કે સામ્યવાદીએ ઊભી કરેલી વિચારસરણીથી મુક્ત રહીને પોતાના રાષ્ટ્રની સ્વતંત્રતા જાળવી રાખવી તથા પોતાના પક્ષમાં લેવા માટે તેણે કરેલી આર્થિક સહાયની રજૂઆતોનો અસ્વીકાર કરવો અને પોતાની રાજનીતિ તથા વિદેશનીતિનું સ્વતંત્ર રીતે ઘડતર કરવું. રાષ્ટ્રીય સન્માનની જાળવણી કરાવી અને રાષ્ટ્રનો શક્ય તેટલો વિકાસ કરવો.

આંતરરાષ્ટ્રીય રાજકારણ તથા વિદેશનીતિની દૃષ્ટિએ બિનજોડાણવાદનો અર્થ ઠંડા યુદ્ધનો વિરોધ, લશ્કરી તથા રાજકીય જૂથબંધી અને સત્તાજૂથના રાજકારણથી દૂર રહેવું તથા આંતરરાષ્ટ્રીય સંબંધોમાં સ્વતંત્ર રીતે રાષ્ટ્રીય હિતમાં સમગ્ર વિશ્વને અનુલક્ષીને નિર્ણય લેવા એમ કહી શકાય. આમ, એક રીતે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં બિનજોડાણવાદ એ સંપૂર્ણ અલગતાવાદ કે અલિપ્તતાવાદ નથી. તેમજ સંપૂર્ણ પ્રતિબદ્ધતા પણ નથી. પરંતુ એ પોતાના રાષ્ટ્રના હિતની રક્ષાને પ્રાધાન્ય આપવાની સાથે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની પણ જાળવણી માટે આવેગથી લેવાયેલો બોદો નિર્ણય નથી. પરંતુ સમજપૂર્વક અપનાવવામાં આવેલી નીતિ છે.

17.5.2 *બાંડુંગ પરિષદ*

9 એપ્રિલ,1955માં ઈન્ડોનેશિયાની રાજધાની બાંડુંગમાં પહેલી બિનજોડાણવાદી પરિષદ મળી હતી. પંડિત નહેરુ અને ચીનના વડાપ્રધાન ચાઉ-એન-લાઈની આગેવાની હેઠળ એશિયા-આફ્રિકાના દેશોની પરસ્પર સહકારનો માર્ગ અપનાવવાના આશયથી આ પરિષદ રાખવામાં આવી હતી. તેના ઉદ્‌ઘાટક ઈન્ડોનેશિયાના પ્રમુખ સુકર્ણો તથા અધ્યક્ષ તરીકે તેનાં વડાપ્રધાનને પસંદ કરવામાં આવ્યા હતા.જેમાં 29 રાષ્ટ્રોના 340 પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. બાંડુંગની પ્રારંભિક સમિતિએ નીચેના માપદંડ નક્કી કર્યા :

(1) આમંત્રિત રાષ્ટ્રે પોતાની વિદેશનીતિ શાંતિમય સહઅસ્તિત્વ અને બિનજૂથવાદના પાયા ઉપર ઘડેલી હોવી જોઈએ.
(2) આ રાષ્ટ્ર સંસ્થાનવાદ તથા સામ્રાજ્યવાદનો વિરોધ કરતું હોવું જોઈએ.
(3) તે ઠંડા યુદ્ધની સાથે સંકળાયેલા કોઈ પણ લશ્કરી કરાર કે સંગઠનનું સભ્ય હોવું જોઈએ નહીં.
(4) તેણે બેમાંથી કોઈ પણ મહાકાય સત્તા સાથે દ્વિપક્ષી સંધિકરાર કે લશ્કરી કરાર કર્યા હોવા ન જોઈએ.
(5) તેણે કોઈ પણ મહાસત્તાને ઠંડા યુદ્ધને અનુલક્ષીને પોતાની હદમાં કોઈ પણ સ્થળે લશ્કરી મથકે સ્થાપવાની પરવાનગી આપેલી ન હોવી જોઈએ.

આમ ઉપરોક્ત પાંચ મુદ્દાઓ બિનજોડાણવાદી આંદોલનના સભ્યપદની લાયકાતના મુદ્દા પણ બની ગયા અને આમ આ આંદોલન અમેરિકા પ્રેરિત પાશ્ચાત્ય વિશ્વ અને રશિયા પ્રેરિત સામ્યવાદી વિશ્વની સાથે એક ત્રીજું વિશ્વ બિનજોડાણવાદી જૂથ બન્યું.

એપ્રિલ, 1955માં બાંડુંગમાં પંચશીલને વિસ્તારી દશશીલ(10 સિદ્ધાંતો)નું સ્વરૂપ આપવામાં આવ્યું હતું. બિન-જોડાણવાદી રાષ્ટ્રોએ આ સિદ્ધાંતોનું પાલન કરવું પડે છે. તે દશસિદ્ધાંતો આ પ્રમાણે હતા.

(1) માનવના મૂળભૂત હક્કો પ્રત્યે આદર રાખવો.
(2) રાષ્ટ્રોના પ્રાદેશિક સાર્વભૌમત્વની અખંડિતતા જાળવવી.
(3) નાનાં-મોટાં રાષ્ટ્રો તથા બધી નીતિઓ વચ્ચે સમાનતા રાખવી.
(4) બીજાં રાષ્ટ્રોની આંતરિક બાબતમાં હસ્તક્ષેપ કરવો નહીં.
(5) સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના ચાર્ટરની મર્યાદામાં રહીને પ્રત્યેક રાષ્ટ્રના આત્મરક્ષણનો હક્ક માન્ય રાખવો.
(6) સામુહિક સુરક્ષા માટે થયેલા કરાર દ્વારા કોઈ એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્ર ઉપર દબાણ લાવે નહીં.
(7) કોઈ રાષ્ટ્ર ઉપર સૈનિક આક્રમણ કરવું નહિ કે આક્રમણની ધમકી પણ આપવી નહિ.
(8) પારસ્પરિક ઝઘડાઓનો નિકાલ વાતચીત, લવાદ, અદાલતી નિર્ણય કે શાંતિમય ઉપાય દ્વારા લાવવો.
(9) પારસ્પરિક હિત અને સહયોગમાં વૃદ્ધિ કરાવી.
(10) ન્યાય અને આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ પ્રત્યે આદર રાખવો.

આમ બાંડુંગ પરિષદ એશિયા અને આફ્રિકાનાં રાષ્ટ્રોમાં આવેલી જાગૃતિનું પ્રતીક બની હતી. એક રીતે પૂર્વના દેશોની શક્તિનો પરિચય હતી. જેણે ગોરી પ્રજાની સર્વોપરિતાને અને ડહાપણને પડકાર્યું હતું. એટલું જ નહિ પણ તે સાચા અર્થમાં રાષ્ટ્રીય હિતોને વધારનારી હતી. એક પ્રકારનું તે ત્રીજા વિશ્વનું નૈતિક બળ હતું. અને તેનો પરિચય સામ્રાજ્યવાદ, સંસ્થાનવાદ, રંગભેદ, યુદ્ધ અને આક્રમણના ભય સમયે મહાસત્તાઓને મળ્યો છે.

- ***તમારી પ્રગતિ ચકાસો. (ક)***

પ્રશ્ન.1. ભારતની વિદેશનીતિના સિદ્ધાંતો વિશે ટૂંકમાં લખો.

_____
_____
_____
_____
_____
_____
_____

પ્રશ્ન.2. ભારતની વિદેશનીતિની લાક્ષણિકતાઓ સંક્ષિપ્તમાં જણાવો.

_____
_____
_____
_____
_____

પ્રશ્ન.3. બિનજોડાણવાદ એટલે શું?

પ્રશ્ન.4. બિનજોડાણવાદી આંદોલન વિશે પાંચ વાક્યો લખો.

પ્રશ્ન.5. બાંડુંગ પરિષદ વિશે ટૂંકમાં જણાવો.

પ્રશ્ન.6. પંચશીલના સિદ્ધાંતો વિશે ટૂંકમાં લખો.

પ્રશ્ન.7. ખાલી જગ્યા પૂરો.

1. ભારતના બંધારણની કલમ.....માં વિદેશનીતિના ચાર સિદ્ધાંતો આપ્યા છે.
2. બિનજોડાણવાદ શબ્દ .....પછી અસ્તિત્વમાં આવ્યો.
3. બિનજોડાણવાદી આંદોલનની શરૂઆત ..... પરિષદથી થઈ.
4. બાંડુંગ પરિષદના ઉદ્ઘાટક ..... હતા.
5. પંચશીલના સિદ્ધાંતો ..... આપ્યા હતા.

17.6 *ભારતના અન્ય દેશો સાથેના સંબંધો :*

17.6.1 *ચીન*

જગતનો સૌથી વધારે વસ્તી વાળો દેશ ચીન આપણો પડોશી દેશ છે. 1949ની ક્રાંતિ પછી વિશ્વમાં ચીનની સરકારને માન્યતા આપનાર દેશોમાં ભારત પ્રથમ છે તેનું કારણ ભારતની વિદેશનીતિ છે. ભારત પોતાના પડોશી દેશ સાથે સુમેળભર્યા સંબંધો રાખવા પહેલેથી આતુર હોઈ ચીનના વડાપ્રધાન ચાઉ-એન-લાઈ અને જવાહરલાલ નહેરુ પરસ્પર મળ્યા અને પંચશીલના સિદ્ધાંતો પર સહમત થયા. આને કારણે ભારત-ચીન વચ્ચે થોડા સમયમાં ગાઢ સંબધો થયા તથા ''હિંદી ચીની ભાઈ-ભાઈ'' નારો ગુંજતો થયો. ચીને પણ સામે પક્ષે કાશ્મીર પ્રશ્ને ભારતને પક્ષે રહ્યું, અને આમ ભારત-ચીન સંબંધો પ્રારંભમાં મૈત્રીપૂર્ણ બન્યા. વળી ભારતે પાશ્ચાત્ય દેશોનો રોષ વહોરીને પણ ચીનને યુનોમાં સ્થાન મળે તે અર્થે પ્રયત્નો કર્યા. ઈ.સ. 1950માં કોરિયા યુદ્ધ વખતે ભારત ચીનને પક્ષે ઊભું રહ્યું. ભારતના આ વલણને કારણે પશ્ચિમના ભારતના મિત્ર દેશોને નુકશાન થતું હતું અને અમેરિકા ભારતની નીતિથી નાખુશ હતું. આવા સમયે ચીને તિબેટ પર પોતાનો અધિકાર જાહેર કરી, આક્રમણ કરી કબજો લીધો. ચીનની આ વિસ્તારવાદી નીતિનો વિશ્વના મોટાભાગના દેશોએ વિરોધ કર્યો. ભારતના સરહદી ક્ષેત્રને લગતા આ પ્રશ્ને પણ ભારતે ચીનને સાથ દીધો. તિબેટ ચીનના હાથમાં જતાં હવે ભારત-ચીન સરહદનો પ્રશ્ન ઊભો થયો અને ઉગ્ર બન્યો. કેમ કે ચીને મેકમોહન રેખા(ભારત-તિબેટ સરહદ) લાઘવાનો પ્રયાસ કર્યો.

ચીનના આ કૃત્યે ભારતની આંખો ખૂલી પરંતુ ચીને તેના નકશામાં હિમાચલના ભારતીય ભૂ-ભાગોનો 50 હજાર ચો.મી. વિસ્તાર પોતાના પ્રદેશ તરીકે દર્શાવી ત્યાં લશ્કરી થાણાં ઊભાં કરવાની શરૂઆત કરી. ભારતના ચીન પરના વધુ વિશ્વાસનું આ પરિણામ હતું. ભારતે 1959 સુધી શાંતિમય માર્ગે આ પ્રશ્નને પતાવવા પ્રયાસ કર્યો. બંને દેશોના તત્કાલીન વડાપ્રધાન ચાઉ-એન-લાઈ અને પંડિત નહેરુ વચ્ચે દિલ્હીમાં મંત્રણા થઈ. તેમાં ચીને ભારતના 50 હજાર ચો.મી. પ્રદેશ પર દાવો કરી કેટલાક પ્રદેશો પર હક્ક જમાવી દીધો. ભારતે પણ ખતરો પારખી લશ્કરી થાણાં નિર્માણ કરવી શરૂઆત કરતાં અને વિરોધ કર્યો અને આ સરહદી સંઘર્ષને ઉગ્ર બનાવ્યો. ક્યુબા પ્રશ્ને વિશ્વ મહાસત્તાઓ વ્યસ્ત હતી તે ટાણે ચીને 20, ઓક્ટોબર, 1962માં ઉત્તર-પૂર્વ સીમાંત એજન્સી (હાલનો અરુણાચલ પ્રદેશ) અને લદાખ પર આક્રમણ કરી સેલા, વાંગોગ તથા બોંમડીલા જીતી લડાખનો બહુલ ભાગ કબજે કર્યો. આમ આ યુદ્ધમાં ચીને ભારતનો 12,000 ચો.મી. જેટલો પ્રદેશ કબજે કરી લીધો. જે આજે પણ ચીન પાસે છે. વિશ્વ ભારત પક્ષે હતું તેથી ચીને એક તરફી યુદ્ધવિરામ કર્યો જેનો ભારતે વિરોધ કર્યો. ભારતે એ શરતે સમાધાન કરવા તૈયારી બતાવી કે 8મી સપ્ટેમ્બર, 1962ના રોજ ભારતનો જે વિસ્તાર પર કબજો હતો તે વિસ્તાર ચીન ખાલી કરી ભારતને આપે. આ વાસ્તે ડિસેમ્બર 1922માં સિલોનના વડાપ્રધાન શ્રીમતી સિરિમાવો બંડાનાયકે આ સંઘર્ષ નિવારવા બ્રહ્મદેશ, સિલોન,

ઈન્ડોનેશિયા, ઘાના, કમ્બોડિયા અને આરબ ગણરાજ્ય એમ છ તટસ્થ એશિયાઈ દેશોની પરિષદ બોલાવી શાંતિમય રસ્તે ઉકેલ લાવવા પ્રયાસ કર્યો. કોલંબો પરિષદે કેટલીક દરખાસ્તો બંને દેશોને મોકલી. જે મુજબ 1. લદાખ વિસ્તારમાં ચીને 20 કિલોમીટર પીછેહઠ કરી તે વિસ્તાર લશ્કર મુક્ત કરવો. 2. પૂર્વ વિભાગમાં બંને દેશો વડે માન્ય રેખા યુદ્ધવિરામ રેખા ગણવી. 3. મધ્યવિભાગમાં બળ વાપર્યા વિના સમજૂતી કરી પ્રશ્નોનો ઉકેલ લાવવો.

ભારતે કોલંબો પરિષદની દરખાસ્તોનો સ્વીકાર કર્યો પરંતુ ચીને સંપૂર્ણ અસ્વીકાર કર્યો. આંતરરાષ્ટ્રીય માનહાની માટે અને ભારતની વિદેશનીતિ પર શંકા-કુશંકાને લઈને તત્કાલીન સંરક્ષણ પ્રધાન કૃષ્ણમેનને રાજીનામું આપવું પડ્યું ને ત્યારથી ભારતે લશ્કરી શક્તિને મહત્ત્વ આપવાનું શરુ કર્યું. જો કે આ ઘટનામાં આપણે આપણો ચીને હડપી લીધેલા વિશાળ પ્રદેશમાંથી એક તસુ જેટલો પ્રદેશ પણ પાછો મેળવી શક્યા નથી. ભારત આર્થિક રીતે પાંગળું બને તો સામ્યવાદને ફેલાવી શકાય તેવી ચીનની માન્યતા છે અને તેથી તે નાગા અને મીઝો બળવાખોરોને શસ્ત્રો અને મદદ પૂરી પાડે છે. 1962 પછી ચીને દક્ષિણ અને દક્ષિણ પૂર્વ એશિયામાં પોતાની સ્થિતિ મજબૂત કરી, શક્ય હતું ત્યાં ભારતનો પ્રભાવ રોકવા પ્રયાસ કર્યો છે ને પાકિસ્તાન, બર્મા સાથે સારા સંબંધો સ્થાપિત કર્યા છે. ચીનના આ કૃત્યથી ભારત પોતાની સૈન્ય શક્તિ મજબૂત કરવા મજબૂર બન્યું. તાજેતરમાં ડોક્લામ અને અરુણાચલ પ્રદેશમાંની ચીનની અવળચંડાઈ પર સમગ્ર વિશ્વની નજર છે જ. પરંતુ ભારત હવે 1962નું ભારત નથી. ભારતે એકવીસમી સદીમાં પોતાના પડોશી દેશોની નાપાક હરકતોથી સાવધ થઈ કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળે તેવી સૈન્ય શક્તિમાં અધ્યતનતા લાવી પોતાની સ્થિતિ વિશ્વમાં મજબૂત કરી લીધી છે. તે ચીન સારી પેઠે જાણે છે. આમ ભારતની વિદેશનીતિ ચીન જેવી વિપરીત પરિસ્થિતિઓમાં પરિવર્તન પામી છે. ભારતના રાષ્ટ્રીય હિતોને નુકશાનકારક પરિસ્થિતિમાં તેની વિદેશનીતિ કેવી પરિવર્તન પામે છે તે ચીનના સંદર્ભે સારી રીતે સમજી શકાય તેમ છે.

17.6.2 *પાકિસ્તાન*

પાકિસ્તાન ભારતનો પાડોશી દેશ છે તેમ છતાં તે હંમેશથી ભારતનું વિરોધી રહ્યું છે. જેનું મુખ્ય કારણ તેના સર્જનની પ્રક્રિયામાં છૂપાયેલું છે. 1947માં વિભાજનથી ભારત અને પાકિસ્તાન એવા બે દેશોનું સર્જન તેની સમસ્યાઓ નિવારવા થયું. પરંતુ તેનો વધારે સમસ્યાઓ સર્જાઈ. અને તેનાથી ભારત-પાક યુદ્ધ થયું. જેણે બંને દેશોના વિકાસને અવરોધ્યો. બંને દેશોનાં નાણાંની યુદ્ધ પાછળ તારાજી થઈ. પાકિસ્તાન ભારતની પ્રત્યેક ક્ષેત્રે બરોબરી કરવા મથી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય ફલક પર પણ પાકિસ્તાન ભારત સાથે પ્રતિસ્પર્ધા કરી ભારત પર અધિકાર જમાવવા હર પ્રકારનાં સાધનો અજમાવવાની શરૂઆત કરી. તેના આ પ્રયાસો હોવા છતાં પશ્ચિમ એશિયાના મુસ્લિમ દેશો સાથે ભારતના મૈત્રીપૂર્ણ સંબંધો છે.

પાકિસ્તાને પોતાની લશ્કરી શક્તિમાં વધારો કર્યો. અનેક દેશો પાસેથી લશ્કરી સહાય માંગી અને પશ્ચિમ પક્ષમાં જોડાઈ ઠંડા યુદ્ધમાં સામેલ થયું. જયારે સામે પક્ષે ભારતે પણ પોતાની સુરક્ષા માટે લશ્કરી શક્તિ મજબૂત કરી. તેમ છતાં ભારતની નીતિ હંમેશની જેમ વિભિન્ન પ્રશ્નો હલ કરવા અર્થે મસલતો દ્વારા ઉકેલની તરફેણમાં રહ્યો.

ભારત-પાકિસ્તાન વચ્ચે કડવાશનું મોટું કારણ કાશ્મીરનો પ્રશ્ન રહ્યો છે. 26-10-1947ના દિવસે ભારતે કાશ્મીરને પોતાના ભૂ-ભાગ તરીકે જાહેર કર્યો હતો. પાકિસ્તાન એ વાતને ફગાવી કેટલીક જનજાતિઓની આડ લઈ આક્રમણ કર્યું. ભારતે ત્વરિત પગલાં લઈ હુમલાખોરોને પાછા હટાવ્યા. ભારત જાન્યુઆરી 1948માં સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા પરિષદમાં આ પ્રશ્ન લઈ ગયા. અને 1 જાન્યુઆરી, 1949ના રોજ યુદ્ધવિરામ થયો. જોકે કાશ્મીર પ્રશ્ને બંને દેશો સંયુક્ત રાષ્ટ્રસંઘ અને આંતરરાષ્ટ્રીય મંચ પર અવારનવાર મુત્સદ્દીપૂર્ણ વાક્યુદ્ધ ચાલ્યા કરે છે. આ પ્રશ્ને બંને દેશ પર ઘેરી અસર કરી છે. તેમ છતાં આ પ્રશ્નનું કોઈ જ સમાધાન થયું નથી. આ બધું હોવા છતાં 1964 સુધી બંને દેશ વચ્ચે યુદ્ધ થયું નહિ. તેમની વચ્ચેની અંકુશ રેખા જ બંને દેશની સીમા બની ગઈ હતી.

ભારત-પાકિસ્તાન વચ્ચેની એક સમસ્યા સિન્ધુ નદીના પાણીના વધુ ઉપયોગને લઈને હતી. બંને દેશ અન્ન ઉત્પાદકતામાં આત્મનિર્ભર બનવા માંગતા હતા. ભાગલા સમયે સિંધુ નદી દ્વારા 280 લાખ એકર જમીનને સિંચાઈ માટે પાણી મળતું હતું. તેમાંથી 50 લાખ એકર જમીન ભારત પાસે રહી હતી. પાકિસ્તાનની નહેરો પૂર્વની નદીઓ પર આશ્રિત હતી અને પાકિસ્તાનની નહેરોનો એ ભાગ ભારતની ભૂમિમાં આવતો હતો. જેમાં રાવી, બિયાસ અને સતલજ જેવી પૂર્વ પંજાબની નદીઓનો સમાવેશ થતો. ભારતનો કૃષિવિકાસ પણ આ પાણી પર આશ્રિત હતો. આ જ કારણ બંને દેશ માટે તનાવનું કારણ હતું. પાકિસ્તાન પૂર કે દુકાળ માટે ભારતને દોષી બતાવતું. ભારત આ પ્રશ્ને ઉકેલ લાવવા તૈયાર હોય વિશ્વ બેંકની દેખરેખમાં 17 એપ્રિલ, 1959ના દિવસે વોશિંગ્ટન ખાતે નહેરના પાણીના ભાગલા માટે અંતિમ સમજૂતી થઈ ત્યાર પછી પણ અનેક પ્રયાસો થયા. 19 સપ્ટેમ્બર,1969ના દિવસે નહેરના પાણીને માટે સંધિ કરવામાં આવી.

ભારતની વિદેશનીતિ અને તેની સુરક્ષા સામે સંકટ ત્યારે ઊભું થયું જયારે પાકિસ્તાને અમેરિકા સાથે સંરક્ષણ સહયોગ સમજૂતી 1954ના સપ્ટેમ્બરમાં 'દક્ષિણ-પૂર્વ-એશિયા-સંગઠણ' નું સભ્ય બન્યું. વળી 1959માં પાકિસ્તાને અમેરિકાનાં સંયુક્ત રાજ્યો સાથે દ્વિપક્ષીય મદદ માટે સમજૂતી કરી અને અમેરિકાએ પાકિસ્તાનની લશ્કરી શક્તિમાં વધારો કર્યો. આમ છતાં ભારતે કોઈ સત્તા જૂથમાં નહિ જોડાઈ બિનજોડાણની નીતિ ચાલુ રાખી છે. આમ, ભારત-પાકિસ્તાન વચ્ચેના સંબંધોની પ્રતિકૂળ અસર બંને દેશ પર પડી છે.

17.6.3 *દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયા*

દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયાના દેશો સાથે ભારતે ઓટના સંબંધો વિકસાવવા ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ઉપરાંત એ દેશોના વિકાસમાં ફાળો પણ આપ્યો. આ

દેશોમાં ભારત ઠંડા યુદ્ધને રોકી શક્યું નહિ તેમ છતાં એ દેશો સાથે મિત્રતા અને સહકારનો સંબંધ ભારતે વિકસાવ્યો છે. જિનીવા પરિષદમાં આ દેશોનું શાંતિદૂત ભારતને બનાવવામાં આવ્યું તથા આંતરરાષ્ટ્રીય અંકુશ આયોગનું અધ્યક્ષ ભારત બન્યું. હવે અન્ય આ ક્ષેત્રમાં આવતા દેશો સાથેના ભારતના સંબંધો ટૂંકમાં જોઈશું.

નેપાળ.

ભારતની ઉત્તર સીમાએ ભારતની સીમા સાથે અવિભાજ્ય રીતે જોડાયેલ તથા હિમાલયના દક્ષિણ ઢોળાવ પર આવેલું નેપાળ એ ભારતનો પાડોશી દેશ છે. જુલાઈ 1950માં ભારતે નેપાળ સાથે સંધિ કરી છે. ભારતે પણ તેનું મહત્ત્વ સમજી નેપાળની સત્તા, અખંડીતતા, સ્વતંત્રતાને માન્યતા આપી. અને દેશો કોઈ પણ પ્રશ્ન ઊભો થાય તો પરસ્પર જાણ કરવાની સમજૂતી કરી.

ભૂતાન.

હિમાલયની મધ્યમાં આવેલ તથા ચીન અને ભારત સાથે સીમા ધરાવનાર ભૂતાન ભારત માટે ખૂબ મહત્ત્વનો પાડોશી દેશ છે. તેથી જ તેના મહત્ત્વને ઓળખી બંને દેશે ઓગસ્ટ, 1949માં કાયમી શાંતિ અને મિત્રતા જાળવવાની સંધિ કરી. ભારતે તેની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ નહિ કરવું વચન આપ્યું તો સામે ભૂતાને વિદેશી સંબંધોની બાબતે ભારતની સલાહ પર ચાલવા તૈયારી બતાવી.

શ્રીલંકા.

હિંદ મહાસાગરમાં આવેલ શ્રીલંકા ભારતનો પડોશી મિત્ર દેશ છે. શ્રીલંકામાં સિંહાલી અને તમિળો બંને જાતિઓ મુખ્ય છે. 1958માં અને ત્યાર પછી આ બંને જાતિઓ વચ્ચે ભયંકર હુલ્લડો થયાં. ભારતે તમિળો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી ત્યારે શ્રીલંકા નારાજ થયું. જોકે ભારત શ્રીલંકાના આંતરિક પ્રશ્નોને તેના આંતરિક પ્રશ્નો માને છે. વળી આર્થિક અને વ્યાપારિક સંબંધો બંને દેશ ધરાવે છે. શ્રીલંકા બિનજોડાણવાદી સંગઠનનું સભ્ય છે અને તેનું સમર્થક પણ છે. આમ, ભારત-શ્રીલંકાના સંબંધો મૈત્રીપૂર્ણ છે.

બર્મા.

ભારત અને બર્માના સંબંધો યૂ-નૂની આગેવાનીમાં સારા હતા. બંને દેશોએ આફ્રિકા અને એશિયાના દેશોને નજીક લાવવા સારા પ્રયત્નો કર્યા. પરંતુ યુનૂના સત્તાપતન બાદ બર્મામાં સરમુખત્યારશાહી સ્થપાઈ તેથી 1962 પછી બર્માની વિદેશનીતિ સ્વયં પૂરતી સીમિત બની ગઈ. તેમ છતાં ભારતે પડોશી ધર્મ અપનાવી બર્મા સાથે મૈત્રીપૂર્ણ સંબંધો રાખ્યા છે.

થાઈલેન્ડ.

થાઈલેન્ડ 1954માં દક્ષિણ-પૂર્વ એશિયાઈ સંગઠનનું (SEATO) સભ્ય બની સોવિયેટ સંઘમાં પશ્ચિમી જૂથમાં જોડાયું. ભારત અને થાઈલેન્ડના સાંસ્કૃતિક અને આર્થિક હિતો સંદર્ભે સંબંધો સુધારવા દ્વિપક્ષીય સમજૂતીઓ ચાલુ છે.

કંબોડિયા.

કંબોડિયાના પ્રિન્સ નરોદામસિંહાનુંકના સમયમાં ભારતના સંબંધો સારી રીતે વિકાસ પામ્યા. બંને દેશોએ ઠંડા યુદ્ધના પ્રભાવથી અલિપ્ત રહ્યા. ભારત આગળ જોયું તેમ

આંતરરાષ્ટ્રીય અંકુશ આયોગનું અધ્યક્ષ હોય ચીન અને કંબોડિયા સાથે જોડાયેલી સરહદ અંગે સંતોષકારક નિર્ણયો કર્યા. નહેરુ અને સિંહાનુક મિત્રો હોઈ બંને દેશોના સંબંધો મિત્રતા ભર્યા રહ્યા. 1955ની બાંડુંગ પરિષદમાં બંને દેશોએ સક્રિય ભાગ લીધો હતો.

લાઓસ.

ભારતે લાઓસની તટસ્થતાનું સમર્થન કર્યું. તેવી જ રીતે લાઓસે પણ બિનજોડાણવાદી નીતિનું અનુસરણ કરી ભારતની મિત્રતા ઘનિષ્ટ કરી. વૈશ્વિક બાબતો પર આ બંને દેશોના મંતવ્યો અને વિચારો એકસમાન રહ્યા છે.

ઉત્તર અને દક્ષિણ વિએટનામ.

આ દેશના બે ભાગમાં વિભાજન અને આંતરિક સંઘર્ષને લઈને ભારત ચિંતિત હતું. વિએટનામ લોકતાંત્રિક ગણરાજ્ય અને વિએટનામ ગણરાજ્ય બંને સાથે ભારતનો એક સલાહકાર તરીકેનો સંબંધ રહ્યો. આ બંનેના વિકાસમાં ભારતને રસ હતો પરંતુ અમેરિકાના પ્રભાવ હેઠળના દક્ષિણ વિએટનામના ન્ગો-દિન્હ-દિએમના શાસનને કારણે ભારતને સહકાર મળ્યો નહિ. 1957માં ન્ગો-દિન્હ-દિએમ અને 1958માં હો-ચિ-મિન્હનું ભારત આગમન સમયે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. જોકે ભારત બંને વિએટનામની એકતા સંદર્ભે અલિપ્ત રહેવાનો મત ધરાવતું હતું. તેમ છતાં હો-ચિ-મિન્હ અને હિન્દીચીનના આઝાદીની લડતમાં ભારતના લોકોએ ટેકો આપ્યો હતો.

ફિલિપાઈન્સ.

ફિલિપાઈન્સ (દક્ષિણ-પૂર્વ એશિયાઈ સંગઠન)માં પશ્ચિના દેશો સાથે લશ્કરી જૂથમાં જોડાયું હતું. તેમ છતાં ભારત આ દેશ સાથે રાજનૈતિક સંબંધો ધરાવતું હતું. ભારત તેની સાથે આર્થિક સંબંધો સ્થાપવા આતુર હતું પણ તે સ્થાપી શક્યું નહિ. ભારત બિનજોડાણમાં મનાતું હોઈ એશિયા-આફ્રિકાના દેશો પશ્ચિમનાં લશ્કરી જોડાણમાં ન જોડાય તેવી ઈચ્છા ધરાવતું હતું. તેમ છતાં ફિલિપાઈન્સે જોડાણ કર્યું ઉપરાંત અમેરિકાને સેના છાવણી તથા દરિયાઈ છાવણી પણ આપી.

મલેશિયા.

આ દેશમાં મલય, ચીની અને ભારતની પ્રજા વસે છે. તેણે ભારતને સાથ આપી આફ્રો-એશિયાના દેશોમાં ભાઈચારો વધારવાનું કામ કર્યું છે. તે આંતરરાષ્ટ્રીય બાબતોમાં ભારતને પક્ષે રહ્યું છે. બંને દેશો વચ્ચે આર્થિક સંબંધ રહ્યા છે ને મલેશિયાએ ભારત સાથે સંયુક્ત ઉદ્યોગોને પણ આવકાર્યા છે. બંને દેશ વચ્ચેનાં સંબંધ વિશ્વાસ અને સહયોગ પર આધારિત હતો. મલેશિયા સાથેના સારા સંબંધોને લઈને ભારતે ઈન્ડોનેશિયાની 'મલેશિયાનો નાશ કરો' યોજનાનો વિરોધ કર્યો.

ઈન્ડોનેશિયા.

દક્ષિણપૂર્વ એશિયામાં આ દેશ સૌથી મોટો છે. તેના સ્વતંત્રતા આંદોલનના લોકપ્રિય નેતા સુકર્ણો પંડિત નહેરુના મિત્ર હતા. માર્ચ 1951માં બંને દેશો વચ્ચે કાયમી શાંતિ અને અપરિવર્તનશીલ મિત્રતાની સંધિ કરવામાં આવી. પ્રારંભમાં ઈન્ડોનેશિયાએ એશિયા-આફ્રોના દેશની એકતાને સમર્થન આપ્યું. બાંડુંગમાં એશિયા-આફ્રિકાના દેશોની પરિષદ

યોજી. પરંતુ સુકર્ણોના નેતૃત્વે નવી ઊગતી શક્તિઓનું(જાકાર્તા-પિંડી-પેકિંગ-પ્યાંગ-યાંગ જોડાણ) સમર્થન કર્યું. ભારત આવી ઊગતી શક્તિઓના સભ્ય બનાવાનો વિરોધ કરતુ હતું. આમ પરસ્પર વિરોધી નીતિને કારણે બંને દેશોના સંબંધો પર અસર થઈ. ચીનના ભારત પરના આક્રમણ ટાણે ઈન્ડોનેશિયાએ ચૂપકીદી સાધી. તો સપ્ટેમ્બર, 1964માં અયૂ-સુકર્ણોએ કાશ્મીરના પ્રશ્ને પાકિસ્તાનને ટેકો આપી નવી ઊગતી શક્તિઓને ભારત-પાકિસ્તાન યુદ્ધમાં પાકિસ્તાનને મદદ કરવા અનુરોધ કર્યો. આ બધું હોવા છતાં ભારતે ઈન્ડોનેશિયા સાથે સંબંધો ચાલુ રાખ્યા છે ને ઈન્ડોનેશિયાનો ક્યારેય વિરોધ કર્યો નથી.

17.6.4 *પશ્ચિમ એશિયા*

પશ્ચિમ એશિયાના દેશો જેવા કે ઈજિપ્ત, ઈરાન, સાઉદી અરેબિયા, ઈરાક, જોર્ડન, તુર્કસ્તાન, સુદાન, યમાન, કુવૈત વગેરે સાથે ભારત મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપવા હંમેશથી પ્રયત્નશીલ રહ્યું છે.આ ક્ષેત્રમાં વિશ્વના 60 ટકા તેલના ભંડારો આવેલા છે. વળી, સુએઝ નહેર, રાતા અને ભૂમધ્ય સમુદ્રને જોડે છે. તેનું વ્યહાત્મક મહત્ત્વ પણ વિશેષ છે. ભારતે આ દેશોમાં ફેલાયેલ મનઃદુખ હટાવવા યોગદાન આપ્યું. ભારતે આરબ દેશોમાં શાંતિ અને વિકાસ માટે હરહંમેશ તૈયાર રહ્યું છે.

(i) *પેલેસ્ટાઈનઃ*

યુ.એન.માં પશ્ચિમ એશિયાના અનેક વિવાદોમાં સૌથી જટિલ સમસ્યા પેલેસ્ટાઈનની રહી છે. બ્રિટને 1947માં સૌ પહેલાં યુ.એન.માં પેલેસ્ટાઈન સમસ્યા ઉપર મસલતો શરુ કરી. તેના અનુરોધથી સામાન્ય સભાએ આ બાબતે વિચાર કરવા એક ખાસ સમિતિ નીમી. જેણે અહેવાલમાં જણાવ્યું કે, 1. આરબ રાજય, 2. યહૂદી રાજય અને 3. જેરુસલેમ સાથેનો વિશેષ ભાગ આંતરરાષ્ટ્રીય અંકુશમાં મુકવો. આમ જેરુસલેમને વિશેષ ક્ષેત્રમાં સામેલ કરવાનું હતું. યુ.એન.ની જાહેર સભામાં બે-તૃતીયાંશથી તેને સ્વીકાર થયો. અને યુ.એન.ની સામાન્ય સભાએ તેની વ્યવસ્થા માટે એક આયોગ પણ રચ્યું. ઈઝરાયેલ પશ્ચિમના દેશોના સહકારથી વિકસતું રાજય બન્યું. પણ આરબ દેશોએ તેના અસ્તિત્વનો અસ્વીકાર કર્યો. પેલેસ્ટાઈનની પ્રજાએ સ્વદેશની માંગણી કરી અને તેને લોકોનો ટેકો પણ મળ્યો. આમ પેલેસ્ટાઈનની સમસ્યા વધુ ઘેરી બની. પશ્ચિમ એશિયાના દેશોની આ સમસ્યામાં ભારતે સંયુક્ત રાષ્ટ્રસંઘની અંદર અને બહાર પેલેસ્ટાઈનને સાથ આપ્યો.

(ii) *સુએઝ નહેર સમસ્યા.*

સુએઝ નહેરની સમસ્યાએ તો એક સમયે સમગ્ર વિશ્વને ભયમાં મૂક્યું હતું. 1956માં ઈજિપ્તે સુએઝ નહેરના રાષ્ટ્રીયકરણની ઘોષણા કરી અને સુએઝ નહેર કંપનીનું ફંડ બંધ કર્યું. ઈજિપ્તના રાષ્ટ્રપતિ નાસરના આ નિર્ણયથી બ્રિટન અને ફ્રાન્સ નારાજ થયા. કેમ કે ઈજિપ્તનો આ નિર્ણય 1888ની કોન્સ્ટન્ટીનોપાની સંધિનો ભંગ કરતુ હતું. તે સંધિ મુજબ સુએઝ નહેરને આંતરરાષ્ટ્રીય ચાર્ટરના અંકુશમાં રાખવામાં આવી હતી. બ્રિટન, ફ્રાન્સ અને ઈજિપ્ત એ પોતપોતાના દાવા કર્યા તે વચ્ચે આ વિવાદ વધુ ઘેરો બન્યો. ભારત અને અમેરિકાના રાજ્યોએ આ સમસ્યા દૂર કરવા કેટલાક પ્રસ્તાવો મૂક્યા. જેનો ઈજિપ્તે

અસ્વીકાર કર્યો. ભારતે સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા પરિષદમાં ઈજિપ્તને સાથ આપતાં એવો પ્રસ્તાવ મુક્યો કે સુએઝ નહેરને ઈજિપ્તનું અવિભાજ્ય અંગ ગણવું. આમ યુ.એન.માં ભારતે ઈજિપ્તને સમર્થન આપ્યું હતું. ઓક્ટોબર, 1956માં ઇઝરાયેલ, ફ્રાન્સ અને બ્રિટને ઈજિપ્તના સુએઝનાં કેન્દ્રો પર આક્રમણ કર્યું. ભારતે અને આફ્રિકા-એશિયાના બીજા દેશોએ ઈજિપ્ત પ્રત્યે સહાનુભૂતિ બતાવી તથા યુદ્ધવિરામની માંગણી કરી. નવેમ્બરમાં યુદ્ધવિરામ જાહેર કરવામાં આવ્યો અને સંયુક્ત રાષ્ટ્રસંઘે વિગ્રહનું નિરીક્ષણ કરવા પોતાની સેના મોકલવાની યોજના કરી. ઈજિપ્ત સંયુક્ત રાષ્ટ્રસંઘની સેના રાખવા તથા કોન્સ્ટન્ટીનોપાલની સંધિની શરતો માનવા તૈયાર થયું. આમ સુએઝ સમસ્યા નિવારવામાં ભારતે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

17.6.5 *મહાસત્તાઓ સાથેના ભારતના સંબંધો*

17.6.5.1 *અમેરિકાનાં સંયુક્ત રાજ્યો*

ભારતમાં જયારે સ્વતંત્રતા સંગ્રામ ચાલતો હતો ત્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ રૂઝવેલ્ટે તેને ટેકો આપ્યો હતો. જોકે ચીનમાં સામ્યવાદના ઉદય પહેલાં અમેરિકાએ આ બાબતે નીરસતા દાખવી હતી. ભારતની આઝાદીના પ્રારંભનાં વર્ષોમાં અમેરિકાએ કાશ્મીર પ્રશ્ને પાકિસ્તાનનું સુરક્ષા પરિષદમાં સમર્થન કર્યું હતું. આ પાછળ નો અમેરિકાનો આશય ભારત તેના લશ્કરી જોડાણમાં જોડાય તે હતો. બંને દેશોના દૃષ્ટિબિંદુનો મતભેદ ચાલતો રહ્યો. ભારતે વસાહતવાદનો વિરોધ કર્યો જયારે અમેરિકાએ વસાહતવાદનો વિરોધ પોતાના લાભને અનુરૂપ કરતુ રહ્યું. જ્યાં સામ્યવાદી સત્તાઓ વસાહતવાદનો વિરોધ કરતી હતી ત્યાં અમેરિકાએ તેનો વિરોધ ન કર્યો. આ બાબતમાં એણે વસાહતવાદી સત્તાઓનું સમાધાન કર્યું. ભારતે ચીનમાં લોકવાદી ગણરાજ્યોને મંજૂરી આપી. ચીનને સંયુક્ત રાષ્ટ્રસંઘમાં સામેલ કરવા ભારતે હંમેશા પ્રયાસો કર્યા. આથી ભારત-અમેરિકાના સંબંધો સારા રહ્યા નહિ. તેમ છતાં આર્થિક અને ટેકનિકલ ક્ષેત્રોમાં ભારતને અમેરિકાની મદદ મળતી રહી. અમેરિકાના પ્રમુખ અઈઝનહોવર અને કેનેડીએ ભારતની મુલાકાત લીધી. અમેરિકાએ ભારતને લશ્કરી મદદ આપવાનો પ્રસ્તાવ મૂક્યો. આ બધું હોવા છતાં ભારતે અમેરિકાના પ્રભાવમાં આવ્યા સિવાય પોતાની બિનજોડાણવાદી નીતિ ચાલુ રાખી.

17.6.5.2 *સોવિયેત સંઘ*

ભારતના સ્વતંત્રતા સંઘર્ષને સોવિયેટ સંઘે ટેકો આપ્યો હતો. 1947 વિશ્વ ફલક પર ભારત અને સોવિયેટ સંઘ પરસ્પર નજીક આવ્યા. સોવિયેટ સંઘના નેતા જે કારણોને લઈને ભારતથી પ્રભાવિત થયા તે આ પ્રમાણે છે.

- ભારતે ચીનના લોકવાદી ગણરાજ્યને મંજૂરી આપી.
- સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ભારતે વસાહતવાદ વિરોધી સંઘર્ષને ટેકો આપ્યો.
- કોરિયામાં યુદ્ધવિરામનો પ્રયત્ન અને ચીનને આક્રમણકારી માનવાનો ઈકાર કર્યો.
- ભારતે સોવિયેટ ગણરાજ્ય વિરુદ્ધ લશ્કરી જોડાણમાં જોડાવાનો ઈકાર કર્યો.

કાશ્મીર પ્રશ્ને સોવિયેટ સંઘે ભારતનું સમર્થન કર્યું. 1955માં સોવિયેટ નેતા બુલગાનીન અને ખ્રુશ્ચોવ ભારતની મુલાકાત લઈ નેપરની સમજૂતી થઈ. પાછળથી ગોવાના પ્રશ્ને સોવિયેટ સંઘે સમાન રીતે આક્રમણનો વિરોધ કર્યો.ત્રીજી પંચવર્ષીય યોજનામાં સોવિયેટ સંઘે ભારતને 5000 લાખ ડોલર આપ્યા. ઉપરાંત પશ્ચિમની કંપનીઓએ ભારતને તેલ આપવાનો ઈકાર કર્યો ત્યારે સોવિયેટ સંઘે ભારતને તેલ પણ આપ્યું. 1962ના ચીનના આક્રમણ સમયે ઠાલી સહાનુભૂતિ જ નહિ પરંતુ મિગ યુદ્ધ-વિમાનો બનાવવામાં સહાય કરી. વળી સોવિયેટ નેતાઓએ ભારતની બિનજોડાણવાદી અને શાંતિપૂર્ણ નીતિને પણ ટેકો આપ્યો છે.

17.6.5.3 *બ્રિટન*

ભારત બ્રિટનના આગેવાનીવાળા રાષ્ટ્રમંડળ (કોમનવેલ્થ)નું સભ્ય હતું. તેમ છતાં ભારત બ્રિટનથી સજાગ રહ્યું. બ્રિટને કાશ્મીર પ્રશ્ને પાકિસ્તાનનું સમર્થન કર્યું ને બંને દેશ દક્ષિણ-પૂર્વ-એશિયા સંધિ સંગઠનના સભ્ય હોઈ મિત્ર બન્યા. ભારત આથી બ્રિટનથી નારાજ થયું.વળી, ભારતે બ્રિટનની પશ્ચિમ એશિયાઈ નીતિનો વિરોધ કર્યો. ભારતે સુએઝ નહેર પર કબજો જમાવવા કરેલા આક્રમણ અને ઈજિપ્તની સ્વતંત્રતાને નુકશાન પહોચાડવા માટે બ્રિટનની કાર્યપદ્ધતિની ટીકા કરી હતી. સોવિયેટ સંઘ સાથે મળી ભારતે બ્રિટન-ફ્રાન્સના ઈજિપ્ત પરના આક્રમણ સામે વિરોધ નોધાવ્યો. તેથી બ્રિટન નારાજ થયું. છેવટે બ્રિટને પશ્ચિમ એશિયામાં પોતાની દખલગીરી બંધ કરાવી પડી અને સંકટના રાજનૈતિક ઉકેલ માટે તૈયાર થવું પડ્યું. આમ બ્રિટન-ભારત વચ્ચે અનેક બાબતોમાં વિરોધ હોવા છતાં કેટલીક જગ્યાએ બ્રિટને ભારત પ્રત્યે સહાનુભૂતિ બતાવી. 1962માં ચીનના ભારત પરના આક્રમણ ટાણે સૌથી પહેલી સહાનુભૂતિ બ્રિટને દાખવી ભારતનું સમર્થન કર્યું હતું.

17.6.5.4 *ફ્રાંસ*

ફ્રાન્સ સાથે ભારતે મિત્રતા સંબંધો વિકસાવવા પ્રયાસ કર્યા. આફ્રિકા-એશિયાના દેશો સાથે જોડાયેલ પ્રશ્નો પર વિચાર કરતી વેળાએ ફ્રાન્સે ભારતના દૃષ્ટિબિંદુને પ્રાધાન્ય આપ્યું છે. હિન્દી-ચીન ક્ષેત્રમાં વસાહતવાદ નાબૂદ કરવાના ભારતના પ્રયાસે ફ્રાન્સને ખૂબ પ્રભાવિત કર્યું. વિયેતનામ, લાઓસ અને કંબોડિયામાં સત્તાપરિવર્તન સમયે ભારતનાં મંતવ્યોને મહત્ત્વ આપવામાં આવ્યું. પરંતુ સુએઝ સંકટમાં ફ્રાન્સના આક્રમણનો ભારતે વિરોધ કર્યો ત્યારે ફ્રાન્સ નારાજ થયું. પાછળથી ફ્રાન્સે ભારત સાથેના સંબંધો સુધારવાના પ્રયાસો કર્યા. ચીનના ભારત પરના આક્રમણ સમયે ફ્રાન્સે ભારત પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી હતી. ભારતને શસ્ત્રોની મદદ કરવા પણ તત્પરતા દર્શાવી હતી.

17.6.6 *જાપાન*

બીજા વિશ્વયુદ્ધ દરમિયાનની જાપાનની મિત્ર દેશો પ્રત્યેની વિચારધારાનો ભારતે વિરોધ કર્યો. ભારતે બીજા વિશ્વયુદ્ધ વખતે જાપાન પાસેથી નુકસાની માંગવાનો ઈકાર કર્યો. જૂન, 1952માં જાપાન અને ભારત વચ્ચે શાંતિ સંધિ કરવામાં આવી અને ત્યારથી ભારત-

જાપાન વચ્ચે આર્થિક અને વ્યાપારિક સંબંધો સ્થપાયા. 1955માં નાગરિક ઉડ્ડયન સમજૂતી, 1956માં સાંસ્કૃતિક સમજૂતી, 1958માં પ્રથમ યેન-ઋણ સમજૂતી, 1958માં ભારત-જાપાન વ્યાપાર સમજૂતી વગેરેને કારણે ભારત-જાપાન સંબંધો વધુ મજબૂત બન્યા. લઘુ ઉદ્યોગમાં ભારત-જાપાન વચ્ચે કામ કર્યું. તકનિકી ક્ષેત્રોમાં જાપાને ભારતને સહાય કરી. આમ, ભારત-જાપાન બંને દેશો વચ્ચે સારા સંબંધો વિકસ્યા.

17.6.7 *ઓસ્ટ્રેલિયા*

ભારત ઓસ્ટ્રેલિયા સાથે નિકટતા પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહ્યું. ઓસ્ટ્રેલિયા પ્રશાંત મહાસાગર અને હિન્દી મહાસાગર સાથે જોડાયેલું છે તેથી દક્ષિણ-પૂર્વ એશિયા અને તેના ઉપખંડો માટે આ દેશનું યુદ્ધની દૃષ્ટિએ મહત્ત્વ છે. ઓસ્ટ્રેલિયા ચીન વિરુદ્ધ તટસ્થીકરણની ભૂમિકા નિભાવી શકે છે. અને એ ક્ષેત્રના અન્ય દેશોની સુરક્ષાનાં હિતોનો ખ્યાલ રાખી શકે છે. ભારત અને ઓસ્ટ્રેલિયા એક જ રાષ્ટ્રમંડળ (કોમનવેલ્થ)ના સભ્ય છે. જયારે ઓસ્ટ્રેલિયા દક્ષિણ-પૂર્વ એશિયાઈ સંગઠનમાં સામેલ થયું અને દક્ષિણ તથા દક્ષિણ-પૂર્વ એશિયાના દેશો સાથે સંબંધ સ્થાપિત કર્યો. ત્યારે ભારતે એના પ્રત્યે પોતાનો કોઈ ઉત્સાહ દર્શાવ્યો નહિ. ભારત ઓસ્ટ્રેલિયા સાથે ગાઢ આર્થિક અને સાંસ્કૃતિક સંબંધ સ્થાપવા માંગતું હતું ઓસ્ટ્રેલિયા ક્યારેય ભારતનાં હિતો વિરુદ્ધ ચીનની મિત્રતા કરી નહિ.

17.6.8 *આફ્રિકન દેશો*

ભારતે આફ્રિકામાં ચાલી રહેલા સ્વતંત્રતા આંદોલનનું સમર્થન કર્યું. એણે એશિયામાં વસાહતવાદ વિરુદ્ધ ચાલી રહેલ સંઘર્ષને આફ્રિકા સાથે જોડાવાનો પ્રયત્ન કર્યો અને વસાહતવાદ વિરુદ્ધ વિશ્વમત ઊભો કરવામાં સક્રિય ભૂમિકા ભજવી. 1949 પછી સંયુક્ત રાષ્ટ્રસંઘમાં આફ્રિકા-એશિયા જોડાણનો ઉદય, આફ્રિકા અને એશિયાના સામાન્ય લોકોની ઈચ્છાના પરિણામરૂપ હતો. ત્યારબાદ જયારે ભારત, ઈજિપ્ત અને અન્ય દેશોએ સાથે મળીને બિનજોડાણવાદી આંદોલનની શરૂઆત કરી ત્યારે કેટલાક આફ્રિકાના દેશોએ તેના સભ્ય બનીને આફ્રિકા એશિયાના બંધુત્વને મજબૂત કર્યું. ભારતે તેની સ્વતંત્રતા પહેલાં જ દક્ષિણ આફ્રિકાની જાતિભેદની નીતિનો વિરોધ કર્યો હતો. સ્વતંત્રતા પછી દક્ષિણ આફ્રિકાની જાતિવાદી ભેદભાવ અને રંગભેદની નીતિનો વિરોધ બધી જ આંતરરાષ્ટ્રીય ચર્ચાઓમાં કર્યો ભારતે દક્ષિણ આફ્રિકા સાથેના બધા સંબંધો તોડી નાખ્યા. ઝાંબિયા, તાન્ઝાનિયા, ફ્રેન્ચ અને સુદાન ભારતના સારા મિત્ર દેશો રહ્યા. પછીથી અલ્જીરીયા, લીબિયા, મોરક્કો, યુનિસીયા વગેરે દેશો સાથે પણ દોસ્તી અને સહયોગનો સંબંધ સ્થપાયો. ભારતે આ દેશોને સુતરાઉ કપડાં, શણ, ચા, તમાકુ, મસાલા, ખાંડ અને હલકા ઈજનેરી સામાનની નિકાસ કરી અને કાચું રૂ, તાંબું, ફોસ્ફેટ વગેરે ખનિજ પદાર્થોની આયાત કરી. ઘણા આફ્રિકાના દેશો સાથે ભારતનો સંબંધ દ્વિપક્ષીય મિત્રતાનો છે.

- તમારી પ્રગતિ ચકાસો.(ખ)

પ્રશ્ન.1. ભારતના ચીન સાથેના સંબંધ પર દસ લીટી લખો.

પ્રશ્ન.2. ભારત-પાકિસ્તાન વચ્ચેના સંબંધ પર ટૂંકમાં લખો.

પ્રશ્ન.3. ભારતના અમેરિકા સાથેના સંબંધ પર સંક્ષિપ્તમાં લખો.

પ્રશ્ન.4. ભારત-સોવિયેટ સંઘની મૈત્રી પર પાંચ લીટી લખો.

પ્રશ્ન.5. ભારતના આફ્રિકન દેશો સાથેના સંબંધ ટૂંકમાં વર્ણવો.

પ્રશ્ન.6. ખરા-ખોટા લખો.

1. ઈ.સ. 1962માં ચીને ભારત પર આક્રમણ કર્યું હતું.
2. કાશ્મીર પ્રશ્ને બ્રિટને ભારતનું સમર્થન કર્યું હતું.
3. ફ્રાન્સે ચીનના ભારત પરના આક્રમણ સમયે શસ્ત્રોની મદદ માટે તૈયારી બતાવી હતી.
4. ભારત કોમનવેલ્થનું સભ્ય નહોતું.

5. ભારતની વિદેશનીતિનો મુખ્ય આધાર પંચશીલના સિદ્ધાંતો છે.

17.7 *સારાંશ :*

ભારતે બંધારણમાં આ રીતે નવ જેટલા વિદેશનીતિના મૂળભૂત સિદ્ધાંતોને સ્થાન આપ્યું છે. જેમાં 1. બિનજોડાણવાદી નીતિ 2. સહઅસ્તિત્વ અને વિશ્વશાંતિ 3. સામ્રાજ્યવાદ તથા સંસ્થાનવાદ, સામ્રાજ્યવાદનો વિરોધ 4. રંગભેદ અને જાતિવાદની નીતિનો વિરોધ 5. પંચશીલના સિદ્ધાંતો 6. બૃહદ એશિયાવાદ 7. સંયુક્ત રાષ્ટ્રો(યુ.એન.)નું સમર્થન 8. બિનશરતી આર્થિક સહાયનો સ્વીકાર 9. એશિયા-આફ્રિકામાં ભાઈચારો અને એકતાને પ્રાધાન્ય મુખ્ય છે. ભારતની વિદેશનીતિનો મુખ્ય ઉદ્દેશ તમામ દેશો સાથે મિત્રતા ભર્યો સંબંધ સ્થાપિત કરવાનો છે. અને તે માટે ભારતે વિશ્વના દેશો સાથે મૈત્રી સ્થાપી પરસ્પર સહકાર પ્રાપ્ત કરી આર્થિક, સામાજિક અને રાજકીય વિકાસ સાધવાનો ભાવ પ્રદર્શિત કર્યો છે. ટૂંકમાં સમગ્ર ચર્ચાને અંતે ભારતની વિદેશનીતિ અંગે એટલું કહી શકાય કે વિશ્વશાંતિ, બિનજોડાણવાદી નીતિ, સહઅસ્તિત્વ, રાષ્ટ્રોની સ્વતંત્રતા તથા પંચશીલના સિદ્ધાંતો અપનાવી વિશ્વમાંથી સામ્રાજ્યવાદ, સંસ્થાનવાદ, રંગભેદ તથા જાતીય ભેદભાવોની નાબૂદીની હિમાયત કરી છે. વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ પંચશીલના સિદ્ધાંતો આપ્યા. સંયુક્ત રાષ્ટ્રસંઘના ખતપત્રમાં તે સિદ્ધાંતોનું પ્રતિબિંબ નજરે પડે છે. સને 1955ની બાંડુંગ પરિષદે એશિયા અને આફ્રિકાનાં બિનજોડાણવાદી રાષ્ટ્રોએ પંચશીલના સિદ્ધાંતો સ્વીકાર્યા. ઉપરાંત સને 1966માં સંયુક્ત રાષ્ટ્રસંઘના 82 સભ્યદેશોએ પણ આ સિદ્ધાંતોનો સ્વીકાર કર્યો છે. આમ પંચશીલના સિદ્ધાંતો પ્રત્યે આપણે ગૌરવ લઈ શકીએ છીએ.

17.8 ચાવીરૂપ શબ્દો.

શસ્ત્રીકરણ- હથિયાર બનાવવા માટે દેશો વચ્ચેની હરીફાઈ

બાંડુંગ પરિષદ – ઈન્ડોનેશિયામાં, 1955માં પરસ્પર હિતો મેળ ખાતાં હતાં તેવા આફ્રિકા અને એશિયાના દેશોની કોન્ફરન્સ.

નિઃશસ્ત્રીકરણ – ખાસ કરીને અણુ હથિયારોમાં કાપ મુકવો.

સ્વતંત્ર વિદેશનીતિ – કોઈ એક દેશ દ્વારા ઘડાયેલ વિદેશનીતિ જે અન્ય દેશ દ્વારા આરક્ષિત ન હોય અને અન્ય દેશના પૂર્વગ્રહરહિત હોય.

17.9 *બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)*

● તમારી પ્રગતિ ચકાસો. (ક)ના જવાબો.

પ્રશ્ન.1.ના ઉત્તર માટે જુઓ મુદ્દા નં. 17.2.

પ્રશ્ન.2.ના ઉત્તર માટે જુઓ મુદ્દા નં. 17.4.

પ્રશ્ન.3.ના ઉત્તર માટે જુઓ મુદ્દા નં. 17.5.

પ્રશ્ન.4.ના ઉત્તર માટે જુઓ મુદ્દા નં. 17.5.

પ્રશ્ન.5.ના ઉત્તર માટે જુઓ મુદ્દા નં. 17.5.2.

પ્રશ્ન.6. ખાલી જગ્યા પૂરો. (1) 51, (2) 1955ની બાંડુંગ પરિષદ (3) બાંડુંગ પરિષદ (4) સુકર્ણો
(5) જવાહરલાલ નેહરુ.

- ***તમારી પ્રગતિ ચકાસો. (ખ)ના જવાબો.***

પ્રશ્ન.1.ના ઉત્તર માટે જુઓ મુદ્દા નં. 17.6.1.

પ્રશ્ન.2.ના ઉત્તર માટે જુઓ મુદ્દા નં. 17.6.2.

પ્રશ્ન.3.ના ઉત્તર માટે જુઓ મુદ્દા નં. 17.6.5.

પ્રશ્ન.4.ના ઉત્તર માટે જુઓ મુદ્દા નં. 17.6.6.

પ્રશ્ન.5.ના ઉત્તર માટે જુઓ મુદ્દા નં. 17.6.11.

પ્રશ્ન.6. ખરાં-ખોટાં લખો. 1. સાચું. 2. ખોટું. 3. ખોટું. 4. ખોટું. 5. સાચું.

17.10 : *સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)*

1. ભારતની વિદેશનીતિના સિદ્ધાંતો જણાવી તેની લાક્ષણિકતાઓની ચર્ચા કરો.

2. બિનજોડાણવાદનો અર્થ આપી તેના સ્વરૂપને જણાવી બિનજોડાણવાદી આંદોલન વિગતે જણાવો.

3. ભારતની વિદેશનીતિનું વિસ્તૃત વર્ણન કરો.

4. ભારતની વિદેશનીતિના સંદર્ભમાં ભારતના અન્ય દેશો સાથેના સંબંધો પર નોંધ તૈયાર કરો.

_____
_____
_____

5. ભારતની ઈ.સ. 1964 સુધીની વિદેશનીતિનો ખ્યાલ આપો.

_____
_____
_____
_____
_____

6. ટૂંકનોંધ લખો.

1. બિનજોડાણવાદી આંદોલન
2. પંચશીલ સિદ્ધાંતો.
3. બાંડુંગ પરિષદ
4. ભારત-ચીન સંબંધ.
5. ભારત-પાકિસ્તાન સંબંધ
6. ભારત-આફ્રિકા સંબંધ
7. ભારત-પશ્ચિમ એશિયા સંબંધ
8. ભારત-સોવિયેટ સંઘ સાથેનો સંબંધ

17.11 *संदर्भ :*

1. Grish Mishra, Nehru and the Congress Economic Policies.
2. ડૉ. મંગુભાઈ પટેલ, આંતરરાષ્ટ્રીય સંબંધો, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.
3. ડૉ. આર.એલ. રાવળ, આંતરરાષ્ટ્રીય સંબંધો, પ્રથમ આવૃત્તિ-1973, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.
4. ડૉ. બી.સી.શાહ, ભારતની વિદેશનીતિ.
5. પ્રો. જયંતિ કે. પટેલ, આધુનિક રાજકીય વિચારધારાઓ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ.

BAOU
Education for All

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
Website : www.baou.edu.in

978-93-5598-482-1